કુંદન અને કુસુમ.

ભાગ ત્રીજો–ચોથો.

અજ્ઞાનતાનો માર કે દુર્ગુણનો માર.

અથવા

આધુનિક આર્ય ગૃહસંસારનું પ્રતિબિંબ.

[illegible]

રચનાર

[illegible] કવિ.

[illegible]

છાપી પ્રસિદ્ધ કર્યા.

હરીભાઈ દલપતરામ પંડ્યા. [illegible]

અમદાવાદ શાહપુર [illegible] પ્રકાશે

પોતાના "[illegible]" પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી

મુલ્ય દોઢ રૂપીઓ.

પ્રત ૨૦૦૦

શ્રી સરસ્વતી પ્રેમશૌર્ય મંદિર.

સ્નેહરશ્મિ.

યુગલ કાવ્ય.

દોહરા

રસિક હૃદયનો જાણુછે, આનંદ આઠે જામ;
ગુણવંતો ડાહ્યો સદા, ત્રિભુવન છે સુખધામ.
મંદ હાસ્યનું મૂખડું, લોચન પ્રેમ અભિરામ;
વિમળવૃત્તિ ઉરની સદા, ત્રિભુવન છે સુખધામ.
અંતર કેરી વેદના, ટાળી આપે હામ;
મિત્ર ધર્મને જાણતો, ત્રિભુવન છે સુખધામ.
વાત વિસામો વિશ્વમાં, અંતરનો આરામ;
ત્રિભુવનમાં એ જ જડે, ત્રિભુવન છે સુખધામ.
ગરવો ને ગમતી રૂડો, કરી બતાવે કામ;
રાજંતો રણછોડ ઉર, ત્રિભુવન છે સુખધામ.

દોહરો.

બ્હેન બન્ધુને પિતુ સુતા અંતર આણી પ્યાર.
વિકાર વિણ વાંચે સદા તે કવિતા સુખકાર.

કુળાગરો દીકરો

" किंजातैर्बहुभिः पुत्रैः शोकसंतापकारकैः ।
वरमेकः कुलालम्बी यत्र विश्राम्यते कुलम् ॥

શોક અને સંતાપ કરનારા ઘણા પુત્રો થવાથી શું થવાનુ છે? પણ જે કુલને ટેકો આપનાર એક પુત્ર થાય તે સારૂં છે, કારણ કે જેની ઉપર બધું કુળ વિશ્રામ પામે છે

ઔશનસસ્મૃતિ.

"कुम्भःपरिमितमम्भःपिबत्यसौकुम्भसंभवोऽम्भोधिम्
अतिरिच्यते सुजन्माकश्चिज्जनकं निजेन चरितेन ।"

ઘડો તેના માપ પ્રમાણેજ જળ પીવે છે, અને ઘડામાંથી થએલા અગસ્તઋષી આખા સમુદ્રનું પાન કરી ગયા; તેથી કોઈ ઉત્તમ જન્મવાળો પુત્ર પોતાના ચરિત્ર વડે પિતાથી પણ અધિક થાય છે.

શ્રીપ્રમાણ સહસ્ત્રી.

"विद्याविहीनाबहवोऽपिपुत्राकल्पायुषःसन्तुपितुःकिमेतैः
क्षयिष्णुनावापिकलावतावातस्यप्रमोदःशशिनेवसिन्धोः॥"

વિદ્યા વિનાના ઘણા મૂર્ખ પુત્રો કલ્પ સુધીની આયુષ્યવાળા હોય પણ તેથી પિતાને શું થવાનું છે? પણ ચંદ્રથી સમુદ્રને જેમ ક્ષયવાન છતાં પણ જો કળાવાન પુત્ર હોય તો તેનાથી તેના પિતાને ઘણો હર્ષ થાય છે.

શુક્રનીતિ.

ગજલ.

જગતમાં જન્માને જેણે પૂજ્યાં મા બાપ પ્રીતેથી;
પિતૃભક્તિ ગણી મુક્તિ જીવન તે સુતનું ધન્ય છે!
નીકળતા મુખથી વચનો ધર્યા છે શિરપર નિત્યે:
કર્યાં છે કાર્ય કલ્યાણી જીવન તે સુતનું ધન્ય છે!
સુધાર્યું વૃદ્ધપણું વ્હાલે કરીને ચાકરી રૂડી:
સુવાર્યા શાંત્તિમાં જેણે જીવન તે સુતનું ધન્ય છે!
જીવે આજ્ઞા સુખે પાળી, મુવે કીર્તી અજવાળી;
લીધી આશિષ સ્વર્ગેથી જીવન તે સુતનું ધન્ય છે!

ગુણવંતી નાર

" भर्तादेवोगुरुर्भर्ता धर्मतीर्थव्रतानिच ।
तस्मात्सर्वंपरित्यज्य पतिमेकंभजेत्सती ॥ "

સન્નારીને પતિજ દેવ, ગુરૂ, પોષણ કરનાર, ધર્મ, તીર્થ તથા વ્રતરૂપ છે, માટે સર્વને છોડી તેણે એક પતિનીજ સેવા કરવી. પ્રસંગ રત્નાવળી.

" नकामेषु नभोगेषु नैश्वर्ये नसुखे तथा ।
स्पृहायस्या यथापत्यौ सानारीधर्मभागिनी ॥ "

જે સન્નારીને જેવી સ્વામિમાં ઇચ્છા રહે છે તેવી કામ, ભોગ, ઐશ્વર્ય તથા સુખમાં પણ રહેતી નથી, તે સ્ત્રી સર્વદા ધર્માંધ જાણવી. ચાણાક્ય નીતિ.

" पित्राभर्त्रासुतैर्वापि नेच्छेद्विरहमात्मनः ।
एषांहिविरहेण स्त्रीगर्ह्ये कुर्यादुभेकुले ॥ "

સન્નારીએ માતા પિતા પતિ અથવા પુત્રોથી વિમુખ રહેવાની કદી ઇચ્છા કરવી નહીં, કેમકે એમના વિયોગથી એકલી હોવાને લીધે સારી સ્ત્રી પણ પોતાના પિતા તથા પતિના કુળને નિંદાવે છે. માનવધર્મ શાસ્ત્ર.

ગજલ.

મધુરી મોહની મંતર જીવનનું જાગતું જંતર,
સલુણા શામનું અંતર સલુણી સ્વર્ગની દેવી!
જગતની સાહ્યણી સારી ભૂવનની ભાગિયણ ભારી,
નસીબની ચાવી છે પ્યારી સલુણી સ્વર્ગની દેવી!
ભિતરના ભાવનું દર્પણ તપેલા તનનું તર્પણ,
વદનના વેણનું છે પણ, સલુણી સ્વર્ગની દેવી!
તૃષાને શાંત તે કરતી ક્ષુધાને પળમાં હરતી,
શરીરમાં સ્નેહને ભરતી સલુણી સ્વર્ગની દેવી!

પ્રસ્તાવના.

નવલ કથાના વાંચનની વધતી જતી અભીરૂચીના ઉદયમાર્ગમાં 'કુંદન અને કુસુમ' નામક નવલ કથાના બે ભાગની પ્રજાજન મંડળમાં સારી કદર થવાથી લેખક વધારે ઉત્સાહી અને સાહસિક થઇ પ્રસ્તુત નવલ કથાનો ત્રીજો ભાગ કદરદાન આલમ સમક્ષ મુકે છે. આર્ય ઘરસંસારની ઉન્નતિ અને અવનતિની ખુબીઓ અને ખામીઓનું પ્રતિબિંબ પહેલા અને બીજા ભાગમાં જેટલા વિસ્તારથી અને કાંક કલ્પનાના પ્રદેશમાં વધારે આગળ વધીને બહાર પાડવામાં આવ્યું હતું; તેનાથી હાલ આ ત્રીજા ભાગમાં ઉત્તરોત્તર અધિક વિસ્તારમાં અને વધારે કલ્પનાના પ્રદેશમાં આગળ વધીને બહાર પાડવામાં આવ્યું છે.

વસ્તુ સંકલનાની સાંકળ બે ભાગમાં કાંક વધારે વસ્તુગ્રાહી રાખવામાં આવી હતી, પણ ચાલુ ભાગમા તેને વધારે ખેંચીને તંગ કરીને રસગ્રાહી અને ભાવગ્રાહી બનાવવામાં આવી છે; કારણ કે જેમ જેમ તેના પર પાત્રનો બોજો વધારે લાદવામાં આવે તેમ તેમ તેને વસ્તુ, રસ અને ભાવથી વધારે મજબૂત કરવી જોઇએ, એ સુત્રાનુસાર તેને સ્થિતિ પ્રાયઃ કરવામાં આવી છે. વિદ્વાન વાંચક મિત્ર મંડળ તરફથી આ નવલ કથાના પહેલા ભાગ વિષે અધિક અને તાંધાભરી ચર્ચા ઉઠી હતી, અને તે સારૂ ઉપાલમ્ભ પણ મળી ચુકયો હતો કે "મી. કવિ તમે લીમીટની બહાર ઘણા જાઓ છો!" તેનો પ્રત્યુત્તર માત્ર એટલોજ પાઠવવામાં આવ્યો હતો કે "નવલ કથાના આઠ ભાગ ખત્તમ થાય ત્યાં સુધીનો જમાનો બારીકાઇથી અવલોકવો, પછી જે કાંઇ કહેવું હોય તે સુખેથી લેખકને કહેવું!" જ્યારે બીજો ભાગ મુદ્રાંકીત થઇને બહાર પડયો, ત્યારે પહેલા અને બીજા

ભાગના પ્રગટકાળ સુધીમાં જમાનાનો જે વિચિત્રતા ભર્યો સુધારામય અને ફેશનમય ફેરફાર થયો, તે જોઇ ઉક્ત મિત્ર મંડળ પ્રસન્ન થઇને કહેવા લાગ્યું કે "મી. કવિ તમે જે કાંઇ એ ભાગમાં લખ્યું છે તે વ્યાજબી આગાહી તરીકે લખ્યું છે!" હવે બીજાથી કે ત્રીજા ભાગના પ્રગટ કાળ સુધીમાં જે વિચિત્ર ફેરફાર જમાનાનો થયો છે, તે તમામ દૃષ્ટિમર્યાદામાં લઇ પ્રસ્તુત ભાગમાં પાણી પહેલાં પાળ બાન્ધી કલ્પનાના પ્રદેશમાં વસ્તુ સંકલનાને વધારે ખેંચીને રસમય અને ભેદમય બનાવી છે. લેખકની નમ્ર-વિનંતી વિબુધ વાંચક પ્રત્યે એટલીજ છે કે "પ્રસ્તુત નવલ કથાના તમામ ભાગ મુદ્રાંકીત થઇને બહાર પડે ત્યાંસુધી જમાનાનું સારી રીતે અવલોકન કરવું, અને ત્યાર બાદ વસ્તુ સંકલના વિષે બીજી આવૃત્તિ સારૂ વિવેકભર્યું વિવેચન કરવા કૃપા કરવી!!"

આ ત્રીજા ભાગમાં કુંદન, ભાનુશંકર. કાન્તા અને શાન્તાના હૃદય પ્રદેશ ઘણાજ રસમય અને ભાવમય આલેખવામાં આવેલ છે. પુરૂષોત્તમરાયજી, અમીધર, મધુકર અને હીરાલાલનાં અંતરને આછી આછી વસ્તુતાના રંગની છાંટ મારવામાં આવી છે. આર્ય ઘરસંસાર વ્યવહારની અવનતીની ખામીઓને ભાનુશંકર અને શાન્તાનો ભોગ આપી આર્યજનોની આંખ ઉઘાડવા સારૂ ત્રીજા ભાગમાં પુરૂષોત્તમરાયજીના હાથમાં ડંડો, કેસરના હાથમાં ચાબુક, મધુકરના હાથમાં સોટી, કુંદનના હાથમાં વીણા અને કાન્તાના હાથમાં મૃદંગ આપી છે. આર્ય પ્રજા પ્રસંગોપાત તેમના આચાર વિચાર અને સંસ્કારથી સારી રીતે વાકેફગાર થઇ હંસ ગ્રાહીબની સાર સાર પય ગૃહણ કરશે તો લેખક પોતાના શ્રમને સફળ થયો માનશે! એજ, તથાસ્તુ!

લી. ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.
રાયપુર પખાલીની પોળ, બગડાવાડ. } અમદાવાદ.

સુંદરી સ્વરૂપ.

ગરબી.

ધન્ય જેને ઘેર સુઘડ છે સતિ,
સંસાર વિષે ધન્ય જેને ઘેર સુઘડ છે સતિ;
સર્વથા સુખી છે સતિનો પતિ,
સંસાર વિષે ધન્ય જેને ઘેર સુઘડ છે સતિ-૦
ખળ્યો જળ્યો આવે કદી બ્હાર કે બજારથી,
પ્રેમથી મળીને પીડા ટાળતી-૦
ક્રોધ ને કંકાસ હરે સ્વામીના ઉલ્લાસથી,
મધુરી વાણીને મંદ હાસ્યથી-૦
સ્વામીને દે સુખ આપે સંતતિને
સુમતિ મંદિર સુધારે ખરી ખંતથી-૦
મહેલ તે મસાણ જેવા શુન્ય જેમાં સ્ત્રી નથી,
ધન્ય રૂડી ઝુંપડી જ્યાં છે સતિ-૦
લીંપી ગુંપી વાળી ઝાડી સ્વચ્છ રાખે,
આંગણું માંહેથી છે મંદીર સુંદર અતિ-૦
કસર કરીને ઘર સ્વામીનું નીભાવતી,
રાંધીને જમાડે ભલા ભાવથી-૦

સુબોધ ગરબાવળી.

ગુણવંતી ગુજરાત.

રાગ માઢ.

ગુણુવંતી ગુજરાત અમારી ગુણુવંતી ગુજરાત,
વીર નરોની માત અમારી ગુણુવંતી ગુજરાત. ૧
ધીમતી શ્રીમતી શોભતી સુંદર સોનાં હારે નેણુ,
સંતતિને સુખ સંપતિ કેરી દેવી દયાળી દેણુ. ૨
જયશિખરી જેવા જયકારી વનરાજ જેવા વીર,
સિદ્ધરાજ જેવા સુપુત્રની માતા નોતમ તારૂં નીર. ૩
મૂળરાજ જેવા મહારથી માતા રણુરાતા જગદેવ,
વિરમતી રાણુકીને ભટીઆણી ઉત્તમ જાયા એવ. ૪
કુમારપાળ ને કર્ણુના જેવા સુપુત્ર તારા શુર,
ભિમદેવ જેવા ભડભાથી નૌતમ જેનાં નૂર. ૫
વગળ રહિત વિસ્તારજ તારો સાક્ષર સામળદાસ,
પ્રેમાનંદ નૃસિંહ ને ધીરો પુત્ર એ તારા પ્રકાશ. ૬
એડવર્ડ જેવા શાહ શિરોમણી ભાગ્યવતા તુજ ભુપ,
એથી અધિક દીપાવડી દેવી રંજનકારી રૂપ. ૭

કવિ માહાસુખરામ નરભેરામ.

અનુક્રમણિકા.

⟶ સ્નેહાંજલી ⟵

સ્વર્ગસ્થ પિતાજીના કવિ મહાસુખરામ નરભેરામ ત્રિવેદી
અને
સ્વર્ગસ્થ માતાજીશ્રી પાર્વતીબા, બંનેના પવિત્ર ચરણે!!

ઉપજાતી છંદ.

સંસારમાં સાહ્યક સત્ય ત્રાતા,
દયાનિધિ બુદ્ધિ વિશુદ્ધ દાતા;
રાચુ રહે ચર્ણનું શર્ણ પામી,
મુક્તિ પ્રદા માતપિતા નમામી.
આ આપના માંસ રૂધિર અસ્તી,
આ આપની સંપત્તિ વેલ વસ્તી;
આભાર ભારી સદાએ સ્મરામી,
મુક્તિ પ્રદા માત પિતા નમામી.
માતા મહાશક્તિ સ્વરૂપ કા'વો,
પિતા પ્રભુ શાબરૂપે સુહાવો;
સાચા ગુરૂના ગુરૂ શ્રેષ્ઠ સ્વામી,
મુક્તિ પ્રદા માત પિતા નમામી.

હું છું તમારો દિન પુત્ર,
રણ[illegible] મહાસુખરામ ત્રિવેદી.

કુંદન

અને

કુસુમ.

અંતર વાસના!!!

મંગળાચરણ.

ધ્રુપદ.

વિશ્વાધાર વિશ્વસાર વિશ્વતાર વિશ્વમાર,
વન્દુ વિભુ વાર વાર વ્હાર કરો વિશ્વનાથ-૦
વિકટ વિશ્વની વાટ વિષે વિચર્યો હું વાટ ઉભે વગડે,
મોહ માયાના વાગે કંટક કામ ક્રોધ ઘેરી રગડે;
તગડે અવળે પંથ લાલચુ પ્રાણ લથાયો છે લગડે,
દયા કરી દીન પર દીનબન્ધુ પંથે પાડો પ્રેમવડે-૦

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

શ્રી નવલ

કુંદન

અને

કુસુમ.

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ

અથવા

સુધારાનો સાર કે ફેશનનો માર

ભાગ ૩ જો.

પ્રકરણ ૧ લું.

પ્રેમની લગન કે અંતરની અગન ?

દોહરો.

પાંપણના પલકારમાં, કરે પલકમાં વાત;
ખંજન ફેંકી ખલકમાં, મારે શિરપર લાત.

અંધારૂ તેમ અજવાળુ પણ નહીં, અંગે ખંડીત તેમ અખંડીત પણ નહીં, અમૃત તેમ વિષ પણ નહી, પાણી

તેમ અગ્નિ પણ નહીં, સુખ તેમ દુઃખ પણ નહી, ધીર તેમ અધીર પણ નહીં, મરેલ તેમ જીવિત પણ નહીં, નિંદ્રા તેમ જાગૃત પણ નહીં, શુદ્ધ તેમ બેશુદ્ધ પણ નહીં, હેઠે તેમ ઉપર પણ નહીં, પરોક્ષ તેમ પ્રત્યક્ષ પણ નહીં, અથાગ ઉંડું તેમ છીછરૂ પણ નહીં, એ પ્રકારે એવી વૃત્તિયોની જેને પ્રીતિ લાગે છે તેનેજ પ્રેમની સંપ્રાપ્તિ પ્રાપ્ત થાય છે.

પ્રેમ રાખ્યો ન રહે કનકના પાત્રમાં પ્રેમ બાંધ્યો ન રહે ઘેર દોરી,
પ્રેમ ઉતરે નહીં આમ્ર વડ પીંપળે પ્રેમ નવ સાંપડે થોર થોરી;
પ્રેમ આકાશ પાતાળમાં નવ જડે પ્રેમ નવ ચોરટા લેજ ચોરી,
પ્રેમનો વાસ પ્રેમી તણી રગરગે વિમળ રે વાસના શુદ્ધ ફોરી.

રાત્રીમાં જ્યોતિ. ઉદ્યોતમાંથી અંધારૂ, જ્વાળામાં શિતળતા, બરફમાં ઉષ્ણતા, નાગના મુખમાંથી અમૃત, કલ્પ વૃક્ષમાં વિષ, કુંદનમાંથી કથીર, કથીરમાંથી કુંદન, હંસોમાંથી કાગ, કાગમાંથી હંસ, મણીમાંથી પત્થર, પાષાણમાંથી મણી, દેવોમાંથી દાનવ અને અસુરોમાંથી સુર એ પ્રકારે જે ઓળખી શકે છે તેજ ખલકમાં પ્રેમના સત્ય સ્વરૂપને પિછાની શકે છે:-

* * * *

" વાદળી વેરાજે વેરાજે સાંજે,
જોબનીઆ તું જાજે જાજે;

જીવન રહ્યા છે દૂર,
અલેતી બાળાને કાજે કાજે,
છબીલા એવું નવ છાજે છાજે;
જીવન આવો જરૂર.

મન મોરચંગ લઈ કર વિષે શુ થાણી શાણી સ્નેહ સિતારમાં,
તૂટયાજ તનના તાર તદપિ તરૂણી ઉભી એક તારમાં.

સા સા સા સા શ્વાસ ધરો સાંસતા,
રી રી રી રી રિસાઈ શું નાસતા,
ગ ગ ગ ગ ગોરીને છો મનગમતા,
મ મ મ મ મુકો શું મમતા.
ધ ધ ધ ધ ધીંગા છો સર્વદા,
પ પ પ પ પરહરશો નવ પ્રમદા,
ની ની ની ની નિત્ય રહ્યા નમતા,
સા સા સા સા તોય ધરો નવ સમતા.
રસિયો કયા આજે રાજે રાજે,
જુવતિ મનાવે માને ઝાઝે ઝાઝે;
હઠીલા ઉભી હજુર-૦"

પારધીના પાસમાંથી નાઠેલી, કેશરીના પંજામાંથી છટકેલી અને વિધીના ધક્કાથી હડસાએલી પામર ગરીબડી અનાથ મા દીકરી મણિલક્ષ્મી અને કુંદન રાજનગર પરહરી ભાવનગરમાં આવી મામા અમિધરપ્રસાદને ત્યાં લપાએલાં છે. મામાએ મીઠો આશ્રય કુંદનને અત્યારે આપેલો છે. મણિલક્ષ્મીએ ભાઈ પાસે પોતાનું અંતર ઉઘાડી ઉની વરાળ કાઢી નાંખેલી છે. કુધર

વિલીયમ પુરૂષોત્તમરાયના વર્તનથી મામાના મિજાશ અને ક્રોધનો પાર રહ્યો નથી. બ્હેને પરાણે ભાઇને સમજાવી શાંત રાખેલા છે. મામાએ ભાણીનું લગ્ન ભાવનગરમાંજ હીરાલાલને તેડાવી કરવું એજ નિશ્ચય ઉપર આવેલા છે. આજકાલ પોતાની દીકરી ગોમતી અને દીકરા મણીધર કરતાં પણ ઝાઝાં લાડ કુંદનને લડાવી રહ્યાં છે. ઘરમાં અને આખા કુંટુંબમાં કુંદન કુંદન બ્હેન કુંદન બ્હેન થઇ રહ્યાં છે. ભાભી ગોદાવરી અને બ્હેન ગોમતી કુંદનને જોઇ કાલીઘેલી થઇ રહી છે. મામી મહાલક્ષ્મીના આનંદનો પાર કુંદનના આવવાથી રહ્યો નથી. ભાઈ મણીધર પણ કુંદન બ્હેનને દરેક વાતે સારૂ સારૂ મનાવી રહ્યો છે. મા દીકરીને મોશાળમાં કોઇપણ બાબતનું ઓછું મામા આવવા દેતા નથી.

અત્યારે કુંદન એકલી ઝરૂખામા આવી પોતાની હૃદયભાવના કાઢી રહી છે. ઘડી ઘડી આકાશ ભણી જોઈ પરમાત્માની સ્તુતિ કરે છે, અને ઘડી ઘડી હીરાલાલને સંભાળી આંસુના પ્રવાહ કાઢી હાથ જોડી જોડી વિનવે છે. સંધ્યા ઉતાવળી ઉતાવળી અદ્રશ્ય થતી જાય છે અને ચતુર ચંદ્રરાજ આસ્તે આસ્તે વિકાસતો જાય છે. ચતુરાના ચિત્તને ચમકાવતી ચંદ્રપ્રભા ચોગરદમ પથરાતી જાય છે. ઠંડી સુધા અને મીઠી શાન્તીના ઝેણુની ઝીણી ઝીણી ફરફર નક્ષત્રરાજમાંથી ઝરે છે. ઝરોખામાં એકલી કુંદન આમ તેમ આંટા મારેછે. થોડીવાર સુધી હરફર કરી અને છેવટે અટારીપર ચઢી રત્નાકરને નિહાળવા લાગી; રત્નાકરને જોતાંજ તેના ચિત્તમાં અજબ ચમકારો થયો; ચમકારાની સાથેજ હીરાલાલ તેની દૃષ્ટી સમક્ષ તરવા લાગ્યો, અને કાંક હૃદયભાવનાના ગાનનું

તાન સંભળાવવા લાગ્યું.

*　　　*　　　*　　　*

‘ સાથે આવો તો સગપણુ જાણીએ હોજી,
અમે વ્હાણે ચઢયાં પ્રેમાનંદને,
કરી જગત્ બધાને જુહારરે,
હોડી માછીડા વ્હેલી હંકારજે હોજી-૦
આવો દેવ નમું તમને નમી,
તમે ખેલ રમાડી રંજાડીરે;
ઘડી હોડીને સાધા પૂરીયા હોજી-૦
નમું નમી નમી હું બેવફાઇને,
જેણે રસબસ રસથી રમાડીરે;
દીધાં મુકી આ આનંદ રેલમા હોજી-૦ ”

થોડીક વારમા ભાભી ગોદાવરી આંફળી ફાંફળી કુંદનને શોધતી અટારીપર આવી; કુદનને કાંઇક ગંભિર વિચારમાં અને દીન મુખમુદ્રાવાળી જોઇ એકદમ દોડી કુંદનને બાઝી પડી,-

“ કુંદન બ્હેન અહીં એકલાં બેઠાં બેઠાં શું કરો છો, અમે તો તમને નીચે શોધીએ છીએ. ”

“ હું જરા અહીં બેઠી બેઠી રત્નાકરને જોતી હતી. ”

“ ના ના તમે આજ કાંક વિચારમાં છો આજ તમારી મુખ પ્રભા કાંક કરમાએલી છે. ”

“ ના ના, હું તો સ્હેજ અહીં આવી બેઠી છું. ”

“ ના સ્હેજ બ્હેજ એ બધું જુઠું ! ”

“ ખરેખર કાંઇ નથી. ”

"હાવે! એમ કહી અંતર છુપાવો નહીં."

"તમે બધા બહાર ગયેલ હતાં, ત્યારે હું એકલી અહીં બેઠી આનંદ કરતી હતી."

"ઓ બાપરે, આજે તમારે એકલાં બેસવું પડયું! ખમ્મા તમને! આજ તમને કાંક સાંભરી આવ્યું છે. જુઓને મોંપર રતાશના શેરડા પડયા છે, આંખો આસુથી છવાએલી છે; મને તમારા ભાઇ વારંવાર કહ્યા કરે છે કે બ્હેનને ઘડી પણ એકલી ન બેસવા દેશો. આજે એકલાં બેસવું પડયું એટલે અંતર ઉકળ્યું જણાય છે. ખમ્મા મારી બ્હેન ખમ્મા તમને!"

કહી ભાભીએ નણંદને છાતી સરસી ચાંપી. પળવાર કુંદન પણ ભાભીની બાથમા ભરાઇ રહી. મોસાળમાં મામાના પ્રેમે માવતરનો પ્રેમ ભૂલાવી દીધો. કુંદનને હવે ફક્ત હીરાલાલજ સાંભરે તેમ હતું; અને વખતે વખતે કુસુમ યાદ આવતી ત્યારે આંખો આંસુથી ભરાઇ જતી હતી. કુંદન ભાભીના પ્રેમમાં તન્મય બની પોતાનો ક્લેશ કેટલીકવાર ભૂલી જતી હતી. ભાભી જરા પણ તેને વીલી મૂકતી નહોતી. મોડી રાત સુધી તેની પાસે બેસી રહી ગપ્પાં મારતી હતી, અને જ્યારે કુંદનની આંખમા ઉંઘ ભરાતી હતી ત્યારેજ ભાભી શયનભૂવનમાં મણીધર પાસે જતી હતી. કુંદનનો સૂવાનો ખંડ ભાભીના ખંડની પાસેજ હતો. મણીલક્ષ્મી માતાનો ખંડ નીચે હતો; હમણાં બ્હેન ગોમતી પીયર આવી રહી હતી એટલે ગોમતી અને કુંદન એકજ ખંડમાં સૂઇ રહેતાં હતાં. આ વખતે ગોમતી જમવા ગએલ હતી અને ભાભી ઘર કામમાં ગુંથાએલ હતી અને મણીલક્ષ્મી તથા

મામી કાંક ખાનગી કામમાં ગુંથાએલ હતાં, એટલે કુંદન અટા-રીપર આવી એકલી બેઠી હતી.

" ભાભી તમારા ઉપકારનો બદલો કયારે વળશે ? તમે તો મને બધુંએ ભૂલાવી દીધું. "

" બ્હેન જ્યારે જ્યારે હું તમને જોઉં છું એટલે મારા આ-નંદનો પારજ રહેતો નથી; બલ્કે મને તો તમારી પાસેથી ઉઠ-વાનું પણ મન નથી થતું. "

" ભાભી તમારો પ્રેમ તો કાંક જુદોજ છે. "

" અરે ઉધ્યો મારો રોયો પ્રેમ ! એ પ્રેમજ આખા જગતને નચાવે છે. બ્હેન એ પ્રેમ તે શી ચીજ હશે ? "

" ભાભી મારા કરતાં તમે વધારે સમજો. "

" હુ તો કાંઈ ધુળે સમજતી નથી. "

" તમે બધું સમજો છો; મને રહ્યાં રહ્યાં બનાવો છો. "

" શું હું તમને બનાવું છું ! "

" હા તમેજ. "

" ઓ મારાં લાડકવાયાં બ્હેન 'ખમ્મા તમને' કહી ભાભી-એ ફરી કુંદનને છાતીએ ચાંપી ચુંબન કર્યું. "

" ભાભી તમારામાં કાંક જાદુ છે. "

" બધી મોહનીજ તમારામાં છે ને ! "

" હા પરણેલાંમાં જાદુ અને કુંવારાંમાં મોહીની રહેલી છે ! "

" ત્યારે જાદુ કરતાં મોહીની ચઢી ! "

" અરે મોહીની તો એક બાજુ પર રહી પડી ! "

" અરે જાદુ સાથે મોહીની લડી અને છેવટે એક તસુ

ઉંચે ચડી. ”

“ ત્યારે અમે હાર્યાં ને તમે જીત્યાં !! ”

“ ના એમ કંઈ નહીં છુટાય ! મને સમજાવો કે પ્રેમ એ શું ? ”

“ એ બધું તમારી પાસે ! અમે તો છોકરાં ! ને તમે મોટાં ! ”

“ આજ કાલ મોટાં કરતા છોકરાં વધારે સમજે છે ! ”

“ અરે અમે કુંવારાં ને તમે પરણેલાં ! ”

“બરાબર જગતમાં પરણેલા કરતાં કુવારાં વધારે સમજે છે ! ”

“ અરે કુંવારાં તો બબુચક અને પરણેલાં ચતુર ! માટે પ્રેમની મધુરતા પરણેલાજ જાણે ! ”

“ અરે અમે તો ડોબા અને અભણ, અને તમે ભણેલા ! ”

“ ત્યારે તમે પરણેલાં; એટલે ભણેલાં કરતાં એક આગળ વધારે ચડો ! ”

“ હવે એ બધુ ટાયલુ જવા દઈ મને પ્રેમ શુ છે એ સમજાવો ”

“ એ અધિકાર તમારી પાસે છે. પ્રેમ પિછાનવાની અવસ્થામાં અત્યારે તમે છો. ”

“ અરે મુઓ અમારો અવસ્થાવાળો પ્રેમ ! તમારો વગર અવસ્થાવાળો પ્રેમ મને સમજાવો. ”

“ ભાભી આ તમારી ખોટી જક છે. મને નાહક પજવો છો ! ”

“ બ્હેન તમારા ભણતરમાં પ્રેમનું જેટલું સમજવામાં આવ્યું હોય તેટલું તો મને સમજાવો ”

“ એ પ્રેમનાં ચણતર તમારા હૃદયમાં ચણાઇ ચુકયાં; અને મારી ભાભી હવે પ્રેમનાં ભણતર તમારાથી ભણાઇ ચુકયાં. ખાલી મને ઉડાવો નહીં ! ”

'તમને મારા સમ છે; તમારો ભણુતરનો પ્રેમ મને સમજાવો'

"ભાભી તમે મારો કેડો નહીં મુકો?"

"ના નહીં મુકું.!"

"ત્યારે મારો જીવ ખાશો?"

"હા. તમે મને મૂઈ દેખો, જો તમે મને ન સમજાવો તો."

"ઉંધી આ ભાભી! રાભીએ તો મારો જીવ ખાધો!!"

"હશે, ભાભી કહો, રાભી કહો, જે કાંઈ કહેવું હોય તે કહો પણ પ્રેમની વાત તો થવા દો."

"ભાભી અમારી વાત તમને ફીકી લાગશે!"

"છો ફીકી લાગતી!"

"ફીકીમાં તમને નહીં મજા પડે"

"ત્યારે માહી નીકી મૂકજો!"

"નીકી તમારી પાસે, અમારા કુંવારા પાસે હોય!"

"બ્હેન તમને જરા પણ પહોંચાય તેમ નથી. વાતે ને વાતે તમે બાધી લ્યો છો!!"

"ભાભી લ્યો ત્યારે સાંભળો."

"હં..હવે મારા બ્હેન ડાહ્યાં થયાં! કહો હવે પ્રેમ એ શું!"

"પ્રેમ એ શું છે? પ્રેમ એ શું એ કહેવાતું નથી, એ સમજાતું નથી, ફક્ત અનુભવમાં આવી શકે છે; અને હવે એ અનુભવ એ તમારી પાસે રહ્યો માટે તમે જાણો."

"જુઓ પાછાં વાતમાંથી છટક્યાં, ઓ બાપરે જગતમાં ભણેલાંને ન પહોંચાય!"

"ભાભી જેણે સાકર ખાધી છે તેજ સાકર એ શું છે તે જા-

ણી શકે છે. જેમ મદ્ય નહીં ખાધાથી એનો સ્વાદ અને મધુરતા સમજી શકતા નથી તેમ પોતે પ્રેમરસનો સ્વાદ નહીં મેળવતાં એનું સ્વરૂપ જાણવામાં અસમર્થ થાયછે. છોકરાં વિનાની મા બિચારી છોકરાંના સ્નેહના ભાવ શું સમજી શકે, માટે ભાભી તમે જાણો તેટલું હું ના જાણું ?"

' જુઓ પાછાં ખસ્યાં !"

"ભાભી તમે પ્રેમમાં ફસ્યાં છો તે પ્રેમની વાત તમે જાણો હું તો ખસીજ પડું તો !"

"ઓ મારા બચુકડાં બ્હેન તમે તો મને બહુજ વ્હાલાં લાગો છો !"

"ભાભી મનના વિચારો શબ્દથી બહાર પ્રગટ કરવા એ અશકય છે, તો હૃદયના ભાવ કયાંથીજ કહી શકાય ? માટે તમે મને ભાવ બતાવો !!"

"ઓ તારીની આ પાછાં નાઠાં !!"

"ભાભી હૃદયના જે બધા ભાવો છે, તેમાં આ પ્રેમભાવ કાંઇક ઉંચો, ધીર, ગંભીર અને સર્વથી ઉંડો છે. આ ભાવની સાથે હર્ષ વિષાદ આનંદ શોક રતિ અને અરતિ ભાવો ગાઢી રીતે મળેલા છે. એનો સ્વભાવ કંઇક એકમેકથી ઉલટો છે. શીતળતા અને ઉષ્ણતા એક ઠેકાણે રહેલાં હોય એમ જણાય છે. દેશ કાળાદિ અવસ્થા ભેદથી એનું રૂપ તથા કામમાં ફેરફાર થાય છે પણ સ્વભાવનો ફેરફાર થતો નથી."

"કહો બ્હેન હવે પકડાઇ ગયાં છો. પ્રેમભાવમાં પરણેતર કયાં આવ્યું ?"

“ મારી ભાભી પૂરૂં સાંભળો તો ખરાં! પાનેતર અને પરણેતરની પછી વાત કરજો!”

“ બહુ સારૂં મારાં મીઠાં બ્હેન બહુ સારૂં!”

“ આનંદ આપનારી વસ્તુની તરફ હૃદય દોડેછે તે મેળવવાને હૃદયમાં પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થાયછે, તે વસ્તુ તરફ હૃદયનો જે ભાવ છે તેજ પ્રેમછે. અને તેજ પ્રેમ એજ ખરો ધર્મછે. ‘ Oh ! What is love ! love is my religion. I could die for that ” જુદાં જુદાં હૃદયને એકમેકની તરફ ખેંચે છે, બંન્નેને એકઠાં કરેછે, મેળવે છે તેજ પ્રેમ છે; અને એજ પ્રેમમાં મા બાપ,ભાઇ બ્હેન, ધણી અને ધણીઆણી સમાએલા છે; તમારાં પાનેતર અને પરણેતર એમાં સમાએલાં છે, જુઓ સાભળો.

*   *   *   *   *

“ ગગને આજ પ્રેમની ઝલક છાઇરે, ગગને આજ૦
પૃથ્વી રહી છવાઇ, પર્વતો રહ્યા નાહી;
સચરાચરે ભરાઇરે—ગગને૦
ભૂતને ભવિષ્ય ગયા, વર્તમાન સર્વ થયા;
એકમાં અનેક રહ્યારે-ગગને૦
કીડીથી કુંજર સુધી, ગળી ભેદ બુદ્ધિ ઉંધી;
વાટડી અભેદ સુધીરે-ગગને૦
વાદને વિવાદ ગળ્યા, ઝેર વિખવાદ ટળ્યા;
જુદા સહુ ભેગા મળ્યારે-ગગને૦
ધન્ય ભાગ્ય તેનાં જેણે, પ્રેમ પી નિહાળ્યો નેણે;
સુખને શું કહેશે વેણેરે-ગગને૦

સાંભળશે કોણુ કહેશે, શા થકી વખાણી લેશે;
ન કહે કેવાઇ રહેશેરે—ગગને૦
પ્રેમ જે કહી બતાવે, પ્રેમ જે કરી બતાવે;
મણિ તેને મન ભાવેરે—ગગને૦ "

" Love is that which brings together and unites the lover with the love with the beloved "

" મારાં કુંદન બ્હેન ખરેખર તમે કુંદન છો ! જેમ જેમ તમારા મોંની હું વાણી સાંભળતી જાઉં છું તેમ તેમ મારૂં હૃદય પાણી પાણી થઇ જાય છે. "

" ભાભી ભાવના વિષે વિચાર કરવામાં લાગ્યાથી મનની અને આંખની સામે ત્રણ વસ્તુ ઉભી રહે છે, ભાવ, ભાવિક અને ભાવના. એમાંથી એકને છોડીને બીજાના વિષે વિચાર કરવો એ અસંભવિત છે. માણસના હૃદયબીજને ફોડીને જે ભાવની કળી ખીલે છે, તેમાં પ્રેમજ ગુલાબનું ફુલ છે. "

Rose of all in Flora's kingdom
Dear to eye, and heart, and feeling.

એની સુગંધી ચારે બાજુએ પસરે છે એજ તે ભાવ છે, જેમ તારા તારાની તરફ ખેંચાઇને જુએ છે, તેમ એક આત્મા બીજા આત્મા તરફ ખેંચાય છે, એક પ્રાણ બીજા પ્રાણની તરફ દોડે છે તેજ એ પ્રેમ છે. નયન સાથે નયનનું નિરખાવું, પ્રાણ સાથે પ્રાણનું ગુંથાવવું, હૃદય સાથે હૃદયનું જોડાવવુ અને આત્માનું આત્મામાં ભળવું ભેળાવું એજ પ્રેમ છે. એકની સત્તામાં બીજાની સત્તાનું સોંપાવું એજ પ્રેમ છે. પોતાને ભૂલી પારકામાં મળ-

વું એજ પ્રેમ છે. એક માણસનું બીજાને જોવા ઇચ્છવું. જોઇને સારૂં લાગવું, સારૂં લાગ્યાથી પાસે રહેવાનું મન થવું, પાસે રહી તેને સેવા ચાકરી તથા સુખ આપવાની ઇચ્છા થવી તેજ પ્રેમ છે. જેને જોયાથી સુખ થાય, સુખ થવાની સાથે હૃદયનો જે ભાવ જન્મે છે તેજ પ્રેમ છે. એક માણસને નહીં જોયાથી, સુખી નહીં કરી શકયાથી જે ભાવ થાય છે તે પણ પ્રેમ છે. વસ્તુ માત્રમાં ઐકયતા અનુભવવી; 'One mind in all things' એજ પ્રેમ છે. એક બીજાના સુખમાં સુખી, દુઃખમાં દુઃખી થવું એજ પ્રેમ છે. બીજાના ભલાને માટે મન, વાચા, કાયા અર્પણ કરવા જીવનની આહુતી આપવી એજ પ્રેમનુ નિદાન છે. greater love hath no man than this, that a man lay down his life for his friends."

"કુંદન બ્હેન તમારી ખુબી તો કાંક જુદીજ છે. તમે દેવાંશી છો. તમારા ખોળીયામાં ખુબીનાં અજબ તત્વો સમાએલાંછે. જેમ જેમ તમારા પ્રસંગમાં વધારે રહેવાય છે તેમ તેમ વધારે ખુબી સમજાયછે. બ્હેન આટલું બધું કયાંથી શીખ્યાં ?"

"ભાભી એમાં શીખવાનું શું ? સંસ્કારે સૌ શિખાય છે; વિચારે યોગ્યાયોગ્યનું મનન થાય છે અને આચારે તેની ખુબી અનુભવાય છે."

"બ્હેન હવે ઘણી રાત ગઇ, જરા સુખાળાં થાઓ; આરામ કરો અને ચિન્તાને પરહરો!"

"ભાભી તમે પણ હવે ઉઠો, મારા ભાઇ વાટ જોતા હશે!"

"પાછી ભાભીને બનાવી ?"

" એમાં બનાવવું શું ? બનવાનું હતું તે બની ગયું ! "

" હવે અગારૂં તો બની ગયું પણ બ્હેન તમારે હવે બનવાનું રહ્યું ! "

" એ તો જે નશીબે નિરધાર્યું હશે તે થશે ! "

" મારી મધુરી બ્હેન સૌ સારાં વાનાં થશે ! હીરો તો કુંદનમાંજ જડાશે, અને નાગરવેલ તો ચંપેજ વીંટાશે ! ! "

" બહુ સારૂ ભાભી બહુ સારૂ, હવે તમે જાઓ, હું તો હવે થાકી ! "

" હજુ વાર છે ! "

" થોડી રાત છે ? "

" અરે રાત શું પ્રભાત છે ! "

" ત્યારે બેશો ! "

" કુંદન બ્હેન ખોટું ન લગાડવું હો ! કુંદન હોય તેનેજ કસાય ! તેનેજ તપાવાય, તેનેજ ટીપાય ! તેનેજ તણાય અને તેનાજ અલંકારો કરાવી હૈયામાં પહેરાય ! ! "

" ભાભી હવે તો હું હારી અને તમે જીત્યાં ! "

" કુંદન બ્હેન હારે પરણેલાં અને જીતે કુંવારાં ! "

" જેમ તમને અનુભવ હોય તેમ ! એમાં હું તો કાંઈ ન સમજું ! ! "

" જુઓ હું સમજાવું ! ! "

" સમજાવો. "

" જ્યારે તમારી અવસ્થામાં હું હતી ત્યારે મારી ખુબી તો જુદીજ હતી. "

" ભાભી જગતમાં તમને કોઈ પહોંચે એમ નથી. "

" જુઓ સાંભળો,

* * * *

ધડકે છાતી હવે (૨) હા....મારી બેની,
કયા સુધી કુંવારાં રહીએ ?
નેણાં શાં આંજીએજી ? વેણી શી સમારીએજી ?
મનડું ખોલીને વાત કોને જઈ કહીએ–મારી૦
ચરણા ને ચોળી શાં ? હૈડાની હોળી બા !
પ્રીતિની પોળી બા કયાં જઈને ખાઇએ–મારી૦
ચટકે શાં ચાલવાંજી ? મારગ શાં મ્હાલવાંજી ?
લોક કરે આગળીઓ શરમાઈ જઇએ–મારી૦ "

" વાહરે ભાભી વાહ ! મને બનાવી ! પણ ભાભી ભાઇ તો ચતુર છે અને ભાભી તો રાભી છે ! વાહરે ભાભી વાહ ! ! "

* * * *

" ભાભી આવ્યાં મહિઅરેથી શો સંદેશો લાવ્યાં,
કોથળામાં કાપડુંજી ચણા ચાવતાં આવ્યાં;
ભાભી ભેળાં રહેવુંજી આપણે નણંદ ભોજાઇ–ભાભી૦
ભાભી આવ્યાં મહીઅરેથી છોકરડાં બોલાવ્યાં,
છોકરડાં ટોપરડાં માગે ભાભીએ હાથ બતાવ્યા.
ભાભી ભેળાં રહેવુંજી આપણે નણંદ ભોજાઇ !–ભાભી૦
ભાભી આવ્યાં મહીઅરેથી ગાલીચા પથરાવ્યા,
ગાલીચામાં ગોથું ખાધું ભાભીજી રંગાયાં;
ભાભી ભેળાં રહેવુ જી આપણે નણંદ ભોજાઈ–ભાભી૦ "

" કુંદન બ્હેન હવે બહુ થયું બહુ! હવે મારો છાલ મુકો! હું તમારૂં નામ નહીં દઉં ! "

" ભાભી લ્યો હવે ઉઠો ! રીસાશો નહીં હો ! "

" સારૂ મારાં ચતુરશીરોમણી બ્હેન સારૂ ! "

" ભાભી શરમાશો નહીં હો ! જાઓ; ગજરા બાંધજો, મ-જરા કરજો અને મારા ભાઇને રીઝવજો હો, જાઓ ! ! "

" બ્હેન તમારો પણ વખત આવશે !

*　　*　　*　　*

પીંપળ પાન ખરંતાં, હસતી કુંપળીઆં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીઆ ! ! "

" અત્યારે તો જાઓ !! ભાભી જોજો હો હરખઘેલા થતાં ! "

" હવે અમે તો હરખઘેલા છો થતાં, પણ તમે જોજો વર-ઘેલાં થઇ જતાં ? "

" ભાભી વરઘેલાંની વાત તો તમે જાણો ' અત્યારે તો વર-વાળાં તમે છો; માટે કાળજુ ઠેકાણે રાખજો. "

*　　*　　*　　*

" શાને શાને બા તું શરમાણી, વ્હાલી વ્હાલા વિના ધુળધાણી;
આછી ઓઢણી બાને લાગે અળખામણી પરણ્યો પટોળુ લાવે,
પરણ્યા પટોળુ તારૂં પડેછે પાતળું, પાનેતર તોલે ન આવે.
ચોંટે ખીચડી દાતે વખાણી—૦
બાજઠીયો બાને દીઠો ન ગમતો, રોજ થશે મારામારી;
પરણ્યા પીયરનું પ્યારૂ પાનેતર, પછી તારી પાલખી પ્યારી.
જગ જોશે ફજેતી જાણી—૦

પરણ્યો તો લાવે કેળ સોપારી, પાન બીડાં બાને ભાવે,
માંહુરીયામાં મંગળ ફરતાં, સુંદર વર સમજાવે;
હસે છબીલી બા છાનીમાની-૦."

"હ્યો બ્હેન તમને નહીં જીતાય! આવજો!!"

"હા ભાભી હવે પધારો!"

ગોદાવરી કુંદન જોડે રમત ગમત કરી મોડી રાત્રે પોતાના શયનભૂવન ભણી વળી. ભાભીનાં તીણું મેણું ટુણુંથી કુંદનને જબરી અસર અંતરમાં થઈ; પણ ચતુરાઈથી અસરને છુપાવી દીધી, અને ભાભીને ખબર ન પડે તે સારૂ ઉલ્ટી ભાભીની ખુબી· ભરી મશ્કરી કરી વાત ઉડાવી દીધી! ભાભી ગઈ; અત્યારે ખંડમાં એકલી કુંદન રહી, થોડીવાર સુધી પથારી ઠીકઠાક કરી; ગોમતીની ઘણીવાર સુધી વાટ જોઈ, પણ ગોમતી ઉપર આવી નહીં; છેવટે થાકી કંટાળી કુંદન એકલી પથારીમાં પડી. ખંડની બારીઓ ખુલ્લી મુકી; સામસામેનાં જાળીઆંનાં બારણું ખુલ્લાં મુકયાં, ચંદની ચોગરદમ પથરાઇ ગઇ; કુંદન પથારી પર પડી; કુદરત પુર બહારમાં ખીલી; નિશાકર બરાબર કુંદનના વદન પર આવ્યો! ચંદ્રપ્રભા રૂમઝુમ કરતી કુંદનના મુખપર નાચવા લાગી. કુંદન વિચાર, આશા, નિરાશા, આતુરતા અને અધીરાઇના તરંગોમાં તન્મય થઇ નિંદ્રાવશ થઇ; ઘડી ઘડી પડખુ બદલવા લાગી; પળે પળે હાથ ઉછાળવા લાગી; આંતરે આંતરે પુલકાયમાન થવા લાગી; પાસુ એકે બાજુએ ગોઠયું નહીં છેવટે ડાબી અને જમ· ણી થવા લાગી; વળી વચ્ચે વચ્ચે ચત્તી પણ સૂઇ રહી, આમ તેમ તરફડીઆં મારતી મૂખપ્રભા પર વિવિધ પ્રકારની મનો·

मूर्तिओ दर्शावती पथारीमां चत्तीपाट पडी रही. तेनापर परिधान थएली कसबी शाल पण पग परथी नीचे सरी; आवी अजब स्थितिमां कुंदन पडी रही, छेवटे कांक स्वप्नावस्थामां आवी अने घडी घडी हरखावा तथा गभरावा लागी; छेवटे आंख उघडी गइ अने वदन पर सामे आवेला चंद्रने जोई छळी गई, अने एकदम पथारीमांथी बेठी थई; बेठी थतांनी साथेज चंद्रमांथी हीरालालनी दीव्य मूर्तिने पोताना भणी सामे आवती जोइ; जोतानी साथेज आतुर बाळा हरखाइ गइ.

"ओहो जीवनहार आवो, पधारो; व्हाला घणा दीवसे दर्शन दीधां; आटला दीवस सुधी कयां अदर्श रह्या हता. रसीया कयां छुपाणा हता, ललितवर कइ लत्तामा लपाणा हता; आवो, आवो जीवनहार आवोः-

* * * *

अलबेलडा आवो अरे जुए छे वाट अलबेलडी,
रसघेलडा रीझवो रसे रंगे रसी रसवेलडी;
मनमेलडा आवा थया अवधि हवे तो थाय छे,
छगी छेलडा निरख्या विना चतुरा चित्त गभरायछे.

रसीया आवो, अधवच कयम उभा रह्या ! जीवनहार पधारो! व्हाला वच्चोवच कयम अचकी पडया आवो, पधारो; आवोने! बळ्युं आम ते शुं करता हशो ? आवो आवो मारा सम....

* * * *

ललचावशो नव लाल मारा प्रेम प्यालो कर धरी,
तलसावशो नव शामळा उर आमळा द्यो परहरी;

વરસાવશો અમિ વૃષ્ટિ દૃષ્ટી દયા તણી કરિ આ સમે,
હરખાવશો ઉર ચાંપીને બાળા રહી આ ટમટમે.

આવો આવો અલબેલા આવો, ઝાઝા માને ન તણાવો; હવે હદ થઇ, હું ગભરાઈ ગઇ ! હવે સમતા ધરવાની શક્તિ હું ગુમાવી બેઠી વ્હાલા આવો:-

* * * *

કુંદન લત્તા આ કારમી રસ્તે પડી ચગદાય છે,
કુંદન લત્તા આ એકલી પાણી વિના કરમાય છે,
કુંદન લત્તા રજથી ભરી કાન્તી સૌ ઝાંખી થઇ;
કુંદન લત્તાને કર ધરો વ્હાલા હવે તો મૂળ ગઇ.

નગીના હવે નેહ નજર કરો ! આ ટળવળતી બાળાને સાનિધ ધરો ! વ્હાલા આવો; હવે નમેરા ન થાઓ !!

* * * *

મન મંદીરે આવો અરે પૂજુ સદા પ્રીત ધારીને,
ખુબ ભાવનાં ભોજન ધરૂં નિત્ત આરતિ ઉતારીને;
હૈયા વિશે ધરૂં નાથજી આવો પધારો શામળા,
દોષો થયા જો દાસીથી કરજો ક્ષમા પિયુ પાતળા.

પ્રાણ આવો, ન તલસાવો, શીદ લલચાવો; ન ભરમાવો હવે આવો આવો !! શું નહીંજ આવો ? હા....આવો ! અરે આવો !! આ પ્રમાણે કુંદનને પ્રેમ ઘેલચ્છા થઇ; અને ઘેલચ્છામાં ને ઘેલચ્છામાં ધડીમ લઇને ધરણી પર ઢળી પડી ! મૂર્છાવશ થઇ ગઇ; મૂર્છાને મૂર્છામાં તે તરફડવા લાગી; છેવટે કાંક-મૂર્છા વળી, ઝટ પાસુ ફેરવી બેઠી થઇ, અને કાંક કોઇ કહેતું હોય તેમ કાન માંડી

સાંભળવા લાગી; જેમ જેમ સાંભળતી ગઈ તેમ તેમ ખડખડવા લાગી:—

*   *   ગઝલ.   *   *

"દુઃખી નવ થા દીલે બાળા, સમાવી દે હૃદય જવાળા;
જપુ તારી જીભે માળા, ખચીત લે માની છું તારો. !"

ઓહો અલબેલા બોલ્યા તો ખરા, વ્હાલાજી પ્રસન્ન થયા તો ખરા; દાદ સાંભળી તો ખરી, દાસીને ધીરજ આપી તો ખરી.

"પ્રબળ ભાવી પ્રતાપોથી, વિખુટા વાસ છે આજે,
સમજ પણ દેહ આ તુજ કાજે ખચીત લે માની છું તારો.

ત્યારે વ્હાલા આવોને ! શું કામ તલસાવો છો; આમ અદ્ધર ઉભા રહીને શું બોલ બોલ કરોછો; પાસે આવોને ! ઓ વ્હાલા તમને થાક લાગશે !

"નથી ન્યારો છું આખર એક ભલે આવી કો મારે મેખ,
લખેલા છે તુજ સાથે લેખ ખચીત લે માની છું તારો."

પણ તમે પાસે આવોને ! શું કામ ન્યારા ને ન્યારા રહો છો ! આવો, આવો મારી પાસે આવો ! !

"હશે જે જેહનું તે ત્યાં જશે ચાલી જરૂર તે તો,
અજગ છે પંથ અરે એ તો ખચીત લે માની છું તારો."

હેં હેં હે શીદ ચાલ્યા ? અરે ઉભા રહો; ઉભા રહો, પાસે આવો; મારા સમ ! જતા રહ્યા, છેતરી ગયા; છળ કરી નાસી ગયા. અલબેલા આવો આવો, અરે ચંદ્ર ઓ નફ્ટ નક્ષત્રરાજ તેં મારા નાથને છુપાવી દીધા. ઓ તસ્કર બતાવ મારા નાથને ! ! ઓ ચંદ્ર જા જા મારી નજર આગળથી દુર થા.

*　　*　　*　　*

" વણુ પરણ્યને વ્યાકુળ કરવા વ્યોમ વસ્યો છે પાપી,
શું કહીએ કમળાપતિને રાહુનું મસ્તક નાંખ્યું કાપી;
સિંહીકાસુતને શરીર હોતતો મુજને ચિન્તા થોડી,
સુધાકરને ગળત પેટમાં બળી થાત રાખોડી. "

ચાલ જા મારી દ્રષ્ટીથી દુર થા. તારી શિતળતા મને નથી ગમતી, તારી ચાંદની મને પ્રજાળી નાંખે છે; એ બાપરે બળી ગઈ, બળી ગઇ, સળગી ઉઠી; મારા શરીરમાં લાહ્ય લાહ્ય થઇ, એ મામી; એ ભાભી આવો અરે આવો; મને બળતીને બચાવો! બળી ગઇ બળી ગઇ !! "

આ પ્રમાણે કુંદન ચંદ્રને જોઇ ચમકી ઉઠી; છળી ગઈ અને પોતાનું ભાન ભૂલી ગઈ; તેની બુમો સાંભળતાંજ ઘરનાં સર્વે જણાં કુંદનના ખંડમા દોડયાં.

" ખમ્મા ખમ્મા મારી લાડકી ખમ્મા તને ! "

" એ બેટા કુંદન તને શું થયું ? !!

" એ મારી બ્હેન ખમ્મા તમને ? કયાં દાઝયાં ? "

કહી દરેક જણા સરભરા કરવા મંડી પડયા; પૂછપરછ કરવા લાગ્યાં; જવાબમાં કુંદને કહ્યુ કે મને આ ચંદ્રે સળગાવી દીધી; આવો અજબ પ્રતિઉત્તર સાભળી દરેક જણ મનમા સમજી ગયાં, ભાભી, મામી બ્હેન વગેરે સર્વે જણાં કુંદનના શરીર પર હાથ ફેરવવા લાગ્યાં, છેવટે ભાભી આ બધુ મનમાં સમજી ને બોલી ઉઠી " બળી આ તે પ્રેમની લગન કે અંતરની અગન " કહી મોં મચકોડી આરવાર કરવા મંડી !!

પ્રકરણ ૨ જું.

વ્હાલાનું વ્હાલ કે શોકયનું સાલ?

દોહરો.

જુદો જીવ જુવતિતણો, પતિનું એહું અંગ;
પોઢે એક પલંગ પણ, પેખે પરમ ભુજંગ.

જીવની જાત, સમાધીનું શોધવું, પવનનું રહેઠાણ, સુવાસની ધુમાડાનું ધામ, ધામનું ધારણ, ધારણ વસ્તુનું કારણ અને માયા એ શું? પાણીનો રંગ, અમૃતનો સેધ, શૂન્ય-કાંઇ નહીં તેની ધુન્ય એટલે તે સુરનું ગવાવું તે શું? એ વસ્તુની જોડે પ્રેમના રૂપને અને પ્રકાશની કાયાને જે પામે તેજ મનુષ્ય આ જગતમાં મહા ભાગ્યશાળી કહેવાય છે.

પ્રેમ માગ્યો મહીતળ વિષે નવ મળે ના મળે રત્નના હાર સાટે,
પ્રેમ વેચાય ના ચોક ચૌટા વિષે ના મળે શોધતાં સઘ હાટે;
શોધતાં પ્રેમ તે ના જડે સાગરે ના જડે ગિરી ગુફા ગંગ ઘાટે,
પ્રેમીના હૃદયમાં પ્રેમ રમીને રહ્યો પ્રેમીને તે જડે પ્રેમ વાટે.

સોના તેમ લોઢાને એક કરી જાણે, અમૃત અને વિષને સમાન ગણી પીએ, કીર્તિ અને નિંદાને પણ

સમાન લેખી માને, ઉંચ અને નીચને સરખા દેખે અને રંક અને રાય બંનેને એક સરખા સત્કારથી બોલાવે અને હરદમ એક સ્વરૂપનેજ સમરે, એ પ્રકારે જે મનુષ્યમાં અખંડ પ્રેમ પ્રકાશિત થયો હોય છે તેજ મનુષ્ય આ જગતમાં જીવન્મુક્ત કહેવાય છે.

* * * *

" અવસર આ જશે રે કાલે શું થશે કોણુ જાણે,
મુરખ કાં ફસે રે માયા જાળ વિષે તું પરાણે;
મારૂ મારૂ મિથ્યા અંતે સમાસ થાશે મશાણે-૦
ધાર્યું ધુળમાં રે ભળશે ભવસાગરની માંહે,
ડાહ્યા ડુલ માં રે જાને સંત સમાગમ છાંયે;
આશા અંતર કેરી તારી ચાલી જશે વાયે-૦
તારૂં શું ગણે રે તારી ત્રિયા તું જાણે મારી,
મોઢે મીઠું ભણે રે નથી તું અંતરનો અધિકારી;
ફાંફાં ફોગટ ફૂલ માં તું સૌ ચતુરાઈ ચુલમા તારી-૦
સગાં સૌ સ્વાર્થનાં રે તારા કયાં લગી તું ધારે,
મળશે સાથરે રે રોશે સ્વારથને તે વારે;
વાત વિસારે પડતાં તુજને કોઇ નહીં સંભારે-૦
છત છાજે નહીં રે એ તો ચાર ઘડીનું ચટકું,
કોઇની થઇ નથી રે કહેછે કર્મ વખતે હું છટકું;
કાળ કહેછે કાંક સમજ હું પળમાં તુજને પટકું-૦
આ સંસારને રે દેખું વિષમ વિષનો પ્યાલો,
ભજ કીરતારને રે તારી સ્હાય કરે નંદલાલો;
શંકર શિખામણુને માને વિચાર કરવાવાળો-૦ "

મરણ પથારી પર પડેલી ભાનુશંકરની જુની મોટી અને વ્હાલી સ્ત્રી શાન્તા અત્યારે ભાનુના ઉછંગમાં પડી ફીકલાસ્ને યાદ કરી રહી છે. તેનું શરીર છેક ઘસાઈને જીર્ણ થઈ ગયું છે. જીવલેણ ક્ષય વ્યાધીએ ભાનુના જીગરને અને શાંતાના શરીરને છેક તાળી દીધાં છે. શાન્તાના શાન્ત આત્માને હવે સર્વેશ્વર છેલ્લી વારની ચાવી ખોલે એટલે તરત નીકળી રસ્તે પડે એટલુંજ રહ્યું છે. શાન્તાને હવે ઝોળા ઉપર ઝોળા આવે છે. તેની સારવારમાં હવે ફકત ભાનુજ રહ્યો છે. તેનો મંદવાડ લબાયાથી શાન્તાનાં મામા મામી પણ કંટાળી માર્ગ માપી ગયાં છે, ભાનુનાં માતમાત પિતા અને સગાંવ્હાલાં પણ કાયર થઇ શાન્તાને મરવી તાકી રહ્યાં છે. આજ કાલ શાન્તાની સારવારમાં ફકત એકલો ભાનુજ ગુંથાએલો છે. શાન્તાના નસીબે કોલેજમાં પણ મે વેકેશન પડેલી છે તેથી શાન્તાને છેલ્લીવારનો તેના હૃદયજીવનનો ખોળો સૂવાને વાસ્તે મળેલો છે.

ભાનુશકરનાં માતપિતા ભાનુને શાન્તાની સારવારમા ગુથાએલો જોઇ મોં મચકોડી આંખ મીચામણી કરી રહ્યાં છે. તેની નવી સ્ત્રી કાન્તા પણ આંખમાં ઝેર આણી પીયર ચાલી ગઇ છે. ભાનુની મા ભાનુને ન કહેવાનાં વચન ભાનુને ખવરાવતી વખતે કહી રહી છે. ભાનુના પિતા પણ ભાનુને અઘટતા શબ્દો સંભળાવી ત્રાસ પમાડી રહ્યા છે. આ સર્વે પ્રકારના મેણાં ટુણાં ભાનુ ફકત શાન્તાને વાસ્તેજ સાંખી રહ્યો છે. શાન્તા ક્યારે મરે અને ક્યારે ઝટ ઘર ચોખ્ખું થાય એવી આશા ભાનુના વડીલો અને મોમાં અંતરમાં રાખી રહ્યાં છે. હમણાંથી હમેશાં ક્લેશ ભાનુને

થયાં કરે છે. જેમ જેમ ભાનુનાં માબાપ શાન્તાનો પ્રેમ વિસારવા સારૂ ભાનુને હદ બહારની ટોકણી કરી રહ્યાં છે તેમ તેમ ભાનુનો પ્રેમ શાન્તાપર ઉત્તરોત્તર અચળ અને અડગ રીતે વધતોજ જાય છે. પહેલાં ભાનુ કાંઇ કામકાજ પ્રસગે બહાર પણ જતો હતો; પણ હાલમા તો આખો દીવસ શાન્તાની પ્રેમભરી સરભરા કરી શાન્તાને છેવટની શાન્તી પમાડતો હતો શાન્તા પણ છેવટની પોતાના પ્રિયતમની પ્રેમભરી સરભરા અને સેવા ચાકરીથી છક થઇ જઈ આગલી પાછલી ભૂલી જઈ એકી ટસે પ્રેમભરી આંખે થરથરતા હૃદયે ભાનુનુ મુખકમળ જોઇ રહેતી હતી. જ્યારે જ્યારે તેને પ્રેમનો આવેશ આવતો હતો ત્યારે ત્યારે ભાનુનો કર લઈ પોતાના મોં ઉપર ફેરવતી હતી. ભાનુ પણ વખતો વખત શાન્તાના શાંત મુખકમળ ઉપર સ્નેહચુંબન કરી પોતાના આગલા કરેલા જુલમનું પ્રાયશ્ચિત કરતો હતો. આ પ્રમાણે આ પ્રેમી જોડું પ્રેમમાં તન્મય થઈ અન્યો અન્ય હૃદયભાવનાની કસોટી કરતું હતું.

શાન્તાને ભયંકર અને જીવલેણ મંદવાડ જોઇ ભાનુના હાંજા ગગડી ગયા હતા. ભાનુ તેનાથી થાય તેટલા ઉપાય કરી છેવટના હાથ ધસી ગયો હતો તેના મિત્રો, ડાક્ટર અને સગાં વ્હાલાં તમામ જણે શાન્તાની આશા મુકવા સારૂ ભાનુને કહ્યું હતું. ભાનુને હજુ પણ કાંક કાંક આશા શાન્તાનું જીવન લંબાશે એમ રહેતી હતી. તેણે શાન્તાના બે ચાર મંદવાડ આવા સખત જોએલા હતા; તે તમામ મંદવાડમાંથી શાન્તા સાજી તાજી ઉઠી હતી; એટલે આ વખતે પણ ભાનુને કાંક કાંક આશા રહેતી હતી.

શાન્તાના આ મ હવાડમાં ભાનુની તબીયત પણ થોડીઘણી લથ-ડી પડી હતી. તેણે ખોરાક અરધો અરધ ઘટાડી નાંખ્યો હતો. જ્યારે તે શાન્તાને ખોળામાં લઇ પથારીમાં બેસતો હતો ત્યારે તેની આંખમાં શ્રાવણ ભાદરવો છાઇ રહેતો હતો. શાન્તા ભાનુને ઘણો દીલાસો આપતી હતી; પણ ભાનુનું હૃદય ઘણુંજ પોચુ હોવાથી ભાનુ રડી જતો હતો. ભાનુને માત પિતા અને નવી સ્ત્રી તરફનું કોઇપણ પ્રકારનું તલમાત્ર પણ સુખ નહોતું. ઘરનાં તમામ મા-ણુસો ભાનુને ત્રાસદાયક થઇ તેના કલેશમાં વધારો કરતાં હતાં. ભાનુ શાન્તા વાસ્તે તદન અધીરો, બાવરો, ગાભરો અને કાંક કાંક ઘેલો થયો હતો. શાન્તાને જોવા આવનારમાંથી જો કોઇપણ માણસ શાન્તા હવે નહીં જીવે એમ ખુલ્લી રીતે કહેતું તો ભાનુ તરત નિરાશ થઇ જતો હતો તેના માવતરના મનમાં ભાનુ શા-ન્તાના મરી ગયા પછી તદન ગાંડો થઇ જશે; અને શાન્તા સારૂ પોતાનો દેહ પાડશે એ પાકી આંટ સારી રીતે ઠસી ગયું હતું. ભાનુ રૂમાલ લઇ શાન્તાને પવન નાંખી તેનું મુખકમળ કરથી પંપાળી પંપાળી શાન્તાને મીઠું મીઠું અને સારૂં મધુરૂં મના-વી રહ્યો છે

"વ્હાલા હો મારો મોહ મુકી દો, હું તો હવે જવા બેઠી કાન્તા ઉપર પ્રેમ કરો અને મને છેવટની જ્ઞાનભરી દૃષ્ટીથી જોઇ ઉપદેશ આપી મને ઠારો અને ઠરો.!!

"વ્હાલી શાંતા હવે મારૂં શું થશે ? આ જીંદગી તારા વિ-ના ખરાબખસ્ત થઇ જશે. પ્રિયા, શું પરમાત્મા મારી અરજ નહીં સાંભળે; અરે તેને મારી દયા નહીં આવે, અરે હાય અત્યારે પ્ર-

ભુને કોણ સમજાવે ! હે દિનદયાળ વિભો; આ દુઃખી ઉપર દયા કર, નહીંતો શાંતાની સાથે મને પણ લઈ લેજે !! મારી મધુરી શાન્તા તું આ કસાઇને ઘેર પડી જરા પણ ઠરી નહીં; અરે મારી મધુરી મેનાં તું સર્વદા બળતી ને બળતી રહી !"

વ્હાલા હવે એ બધું વિસારી દો, મને તથા તમને આગલી પાછલી યાદ લાવવાથી હૃદયમાં ઘણોજ સંતાપ થાય છે. હવે તમે એક અક્ષર પણ આગલી વાતનો બોલશો નહીં, નહીંતો મને ચમક થઇ જશે; અને તમને દુઃખ થશે ! હરીએ જે ધાર્યું હતું તે થયું. અને જે ધાર્યું હશે તે થશે; એમાં માનવી મિથ્યા હસે કે રડે તેમાં તલમાત્ર પણ વળે નહીં; માટે પ્રભુ ઉપર વિશ્વાસ રાખો ! તે કોઇને દુઃખી કરતો નથી, અને કરશે પણ નહીં. એ મહાપ્રભુ બહુજ દયાળુ છે !!"

"મારી શાન્તા તારા પછી મને કોણ આવો મીઠો અને જ્ઞાનભર્યો ઉપદેશ કરશે? અરે હાય ! પછી કોણ આ દુઃખી ભાનુને મારો કહી બોલાવશે અને ઠારશે ?"

"મારા વ્હાલા શાંત થાઓ; આમ રડો નહીં; પ્રભુ સૌ સારાં વાનાં કરશે. તમે શા સારૂ ઓછું લાવો છો ? તમારે માથે મા છે બાપ છે અને સ્ત્રી પણ છે ! તે તમામ વખત આવે સુખ રશે અને તમને ઠારશે ?"

"વ્હાલી જો માવતર તરફનો ઠારકો હોત તો મને આટલું બધું ના લાગત ! પણ માવતરજ મારા તરફ કાંક જુદા ભાવથી વરતે છે. અરે પેલી કાગડી નવી કાન્તા તો મને જોઇ ગજ ગજ કુદે છે. એતો રાંડ રાત દીવસ પોતાના કુળમાંજ કુટાઇ મરેછે."

“ વ્હાલા સૌ સારાં વાના થશે. મારી હયાતિમાં જે તમને દુઃખદ લાગે છે તે તમામ મારી હયાતી પછી તમને સુખદ લાગશે; અને દરેક જણાં તમને સારૂં મનાવવાને સતત પ્રયત્ન કરશે. ઓ મારા વ્હાલા હું તમને એક છેલ્લી શીખામણ આપું છું કે તમે માવતરથી બગાડશો નહીં; અને કાન્તા બ્હેન જોડે લડશો નહીં. મારા સારૂં તમે ઘણું કર્યુ છે; ઘણાંને સંતાપ્યાં છે; અને હું અભાગણી તો તમને દગો દઇ ચાલવા લાગી. ઓ મારા વ્હાલા તમે જરા પણ અકળાશો નહીં; અને આકળા ઉતાવળા થઈ કોઇને પણ દુભાવશો નહીં. મારા મરી ગયા પછી ઘરમાં દરેક જણને સુખ અને સારૂ થશે. પછી તમને કોઈપણ સતાવશે નહીં. તમામ બધું મનમાં રાખો મોઢેથી ભાંખી નાંખો નહીં, દુનિયાં દોરંગી છે; મારા જીવનહાર, ‘ રંગે રંગી નારંગી પણ દુનિયા કહે નારંગી ’ માટે બોલ્યું બહાર પાડશો નહીં. જે કાંઇ હોય તે તમામ મનમાં સમજજો. એકદમ પેટનો વરાળ કાઢી નાંખશો નહીં આ જગતગા ‘ સાચું બોલનારને સગી માએ માર્યો ’ માટે બધુ ભોળપણું કાઢી નાંખજો. કોઇની જોડે જરાપણ બગાડશો નહીં. લ્યો હવે મારાથી બોલાતું નથી, મારી છાતીમાં દરદ થાયછે માટે થોડું કહ્યુ ઘણું માની લેજો હો મારા વ્હાલા!”

“ મારી શાન્તા હવે તું ઝાઝું ન બોલીશ. વ્હાલી હવેથી હું ત્હારૂં અક્ષરે અક્ષર માનીશ. જા હું તને વચન આપું છું કે હું કોઇથી પણ બગાડીશ નહીં. જે કાંઇ હશે તે મનમાં રાખીશ હવે તડફડ નહીં બોલું અને કોઇને ખોટું નહીં મનાવું. ચિન્તા હવે તું મારી ચિન્તા ન કરીશ. ”

" ઓ મારા વ્હાલા તમને તો હું જરાપણ વિસારીશ નહીં. હું મરતી વખતે પણ પ્રભુ પાસે તમારી જન્મોજન્મની દાસી થવા સારૂ માગીશ એ નિશ્ચય સમજજો. આ ભવમાં તો શું પણ ભવિષ્યના ભવોભવમાં જે ખોળીઆમાં હું હઇશ ત્યાં તમને સંભાળીશ, અને તમને સુખી જોઇને સર્વદા ઠરીશ. મારા પ્રભુ મારા જીવનહાર, મારા હૈયાના શ્રૃંગાર, મુસ્તકના મણી, નયનના તારા, વ્હાલા ભરથાર તમને જોતાંજ મારૂં તમામ દુઃખ દુર થાયછે."

" શાન્તા, મારી મધુરી શાન્તા! હવે આ સંસારનો મોહ મુકી દે! મારી કોઇપણ પ્રકારની ચિન્તા તું કરીશ નહીં! પરમાત્માએ મારી વિનંતી નજ સાંભળી એજ માત્ર મને દુઃખ થાયછે,

* * * *

' હે ભમરા તું ભૂલવણીમાં ક્યાં ભટકતો,
પ્રેમ પરવણી તારી પ્યારી વહી જાય-હે૦
મન ગમતાં તું જે વાડીમાં મલપતો,
તે વાડી તારી આજેરે ભેળાય-હે૦
ભ્રમરપંથી સ્નેહસંધી વજરબંધી ગુંથી ગ્રંથી ક્યાં ગયો,
ધૈર્યો તારો તીડે માળો આજ ત્યારો શું થયો;
વ્હાલા તારી વ્હાલી વેલી વાટમાં વેડાયરે-હે૦ "

બસ કરો, બસ કરો, વ્હાલા હવે બસ કરો. હૃદયગાન ગોવિંદને નજ ગમ્યું તો હવે એટલેથીજ અટકાવી રાખો. પિતાજી માતાજી આ અનાથ દુઃખિયારી તમારી રાંક દીકરીને તમારી પાસે હવે લઇ લ્યો! તમારી મીઠી પાંખ તળે આ બાળકીને રાખી ઠારો!! પિયરની બાળકીને કોઇ સાસરામાં ઠારે; અને સાસરાની બાળે-

લીને કોઇ પિયરમાં ઠારે; પણ માહ્યરાની બળેલીને પિયર પણ ન લે, સાસરૂ પણ ન લે અને જગત પણ ન લે!! તેને તો ચિત્તાજ ઠારે!! અત્યારે આ શાંતાને પિયર પણ નથી અને સાસરૂ પણ નથી!! પિયરીઆં પણ નાશી ગયાં અને સાસરીઆં પણ ત્રાસી ગયાં; હવે તો પિયર ગગને અને સાસરૂ મસાણે!! પિયરીયામાં પતિ અને સાસરિઆમાં પ્રભુ!! હવે નજર ગગન પિયર ભણી પહોંચે છે!!

* * * *

"મારા પિયરનો આ પંથ નજર ન પહોંચેરે,
મારૂં હૈયું ઘડીમાં આજ પિયર ભણી દોડેરે;
ઓ આ મારગના જાનાર પિયર મારે જાજેરે,
જઈ કહેજે મા ને બાપ દીકરી સંભાળેરે.
ઓ વાદળના ઉડનાર પંખી ઉડજેરે,
મારે પિયર પરબડી ત્યાંજ જઈ ક્ષણુ રહેજેરે;
પંખી બેસજે પિયરને મોભ મોટે મળસ્કેરે,
મારાં માબાપ ચોકની મધ્ય ઉભાં હોશેરે.
મારા બાપ તે ચૌટે જાય માવડી પૂછેરે,
પૂછતા આવજો નક્કી આજ કે દીકરી સુખીછેરે;
પૂછી પૂછી એવું મારી માત ધ્રુશકે રોશેરે,
પંખી અબોલડા એવું જોઇ તુંયે રોજેરે.
જઈ કહેજો માને બાપ દીકરી તમારીરે,
મરી ગઇ સાસરીઆ માંય પરદેશ નાંખીરે;
નણુદી દે છે મેણાં રોજ સાસુ સંતાપેરે,

મારો માવડીઓ ભરથાર કાળજુ કાપેરે.
કહું અંતરની હો વરાળ કોની પાસેરે,
કરૂં હું કુવો કે તળાવ મન મુંઝાયેરે;
મારો જીવવામાં નથી જીવ પણ ઓ માડીરે,
તને મળવા તલસે જીવ નથી તું જતી છાંડીરે."

"વ્હાલી હવે બધું ભૂલી જાઓ અને કેવળ સત્ચિદાનંદ પ્રભુના ગુણ ગાઓ, માયામાંથી જીવને કાઢી નાંખી માયાપતિમાં જીવને જોડો!!"

"મારા પ્રભુ હવે તમે પણ મને વિસારી દો! આપ હવે મને કાંઇ જ્ઞાનામૃતનું પાન કરાવો કે જેથી મારી રગે રગે શાંતિ થાય."

"શાન્તનુ, આ વખતે તને શાથી શાંતિ થશે? પ્રિયા હું હવે શું કરૂં? તને શાથી શાંતિ થશે? તારા હૃદયની વિષમતા શી રીતે વામશે?"

"જીવનહાર હવે મારા જીવની જીવનમુક્તિ થાય અને મારી જુઠી માયાનાં આવરણ દુર થાય એવો કાંઇ મધુરો જ્ઞાનનો ઉપદેશ કરો! વ્હાલા તમે જે જે કાંઇ સારૂં સારૂં અને મીઠું મીઠું ભણ્યા હો તેનો સાર સાર મને કહી બતાવો!!"

"મારી મીઠી શાન્તા, વ્હાલી તું હવે શાંતીથી સાંભળ!! પ્રિયા હું તને જીવનમુક્તિનો વિષય સંભળાવું છું!!"

"બહુ સારૂ મારા વ્હાલા હવે મને ઘણોજ આનંદ થયો! આજની રાત જાય એમ મને લાગતું નથી. આજે જે કાંઇ તરહી હું તમને આપું છું તે છેલ્લીજ આપું છું, આજે જે કાંઇ

તમારી સાથે બોલું છું તે છેલ્લુંજ બોલું છું. આ ખોળામાં સૂતી છું તે પણ છેલ્લીજ સમજજો. વ્હાલા મારા હુંકારાની વાટ ન જોશો, તમે તમારી મેળે મને સંભળાવેજ જજો!!"

"મારી મધુરી શાન્તનુ હવે શાંતીથી જ્ઞાનામૃતનું પાન કરો!! પ્રિયે હવે આનંદ કરો; ચિન્તાને પરહરો અને પરમાત્માનું ધ્યાન હૃદયમાં ધરો!!

* * * *

"यथास्थितमिदं यस्य व्यवहारवतोऽपि च ।
अस्तंगतं स्थितंव्योम स जीवन्मुक्त उच्यते ॥
नोदेति नास्तमायाति सुखदुःखैर्मुख प्रभा ।
यथाप्राप्ते स्थितिर्यस्य स जीवनमुक्त उच्यते॥
रागद्वेप भयादीना मनुरुपं चरन्नपि ।
योऽन्तव्योंम वदत्यच्छः स जीवन्मुक्त उच्यते।
यस्मान्नोद्विजते लोको लोकान्नो द्विजते पयः।
हर्षामर्षभयोन्मुक्तः स जीवन्मुक्त उच्यते ॥
शान्तसंसार कलनः कलावानपि निष्फलः ।
यःसचित्तोऽपिनिश्चित्तः स जीवन्मुक्त उच्यते ॥"

યથાસ્થિત એવું આ જગત્ વ્યવહારવાળા એવા પણ જેને કેવળ અસ્ત થઈ ગયું છે ને વ્યોગવત્ સામાન્યતા રહી છે તે જીવનમુકત કહેવાય છે. સુખથી કે દુઃખથી જેની મુખપ્રભાનો ઉદય કે અસ્ત થતો નથી, યથા પ્રાપ્તને વિષેજ જેની સ્થિતિ રહે છે તે જીવનમુકત કહેવાયછે. રાગ દ્વેષ ભયાદિને અનુરૂપ આચરણ

કરતે સતે અંતરથી જે આકાશની પેઠે અતિ સ્વચ્છ છે તે જીવન મુકત કહેવાય છે. જેનાથી લોક ઉદ્‌વેગ પામતા નથી અને જે લોકથી ઉદ્વેગ પામતો નથી અને હર્ષ ઈર્ષ્યા કે ભયથી મુકત રહે છે તે જીવન મુક્ત કહેવાય છે. સંસાર કલ્પના માત્ર જેને શાન્ત થઇ ગઈ છે, કલાવાન્ છતાં જે નિષ્કલ છે, સચિત છતાં જે નિશ્ચિત છે, તે જીવન મુકત કહેવાય છે." યોગવાસિષ્ઠ.

"વાહ મારા પ્રભુ વાહ! મારા શરીરમાં આનંદની લ્હેરો ચઢેછે. મારો જીવ અખંડાનંદ અનુભવેછે. વ્હાલા હવે આગળ ચલાવો."

" પ્રિયે શાન્તનુ, સાંભળ,

'रज्जुज्ञानेऽपिकम्पादिः शनैरेवोपशाम्यति ।
पुनर्मन्दान्धकारेसारज्जुः क्षिप्तोरगीभवेत् ॥
एवमारब्धभोगोऽपिशनैः शाम्यतिनोहठात् ।
भोगकालेकदाचित्तु मर्त्योऽहमितिभासते ॥
नैतावतापराधेन तत्वज्ञानं विनश्यति ।
जीवन्मुक्तिव्रतंनेदं किन्तुवस्तुस्थितिःखलु ॥

રજ્જુ જ્ઞાન થયે સતે પણ કંપાદિક તો ધીમે ધીમે શમે છે, અને મંદ અંધકારમાં નાંખતાં તેનુ તે રજ્જુ પુનઃ સર્પ થાયછે, એમ પ્રારબ્ધ ભોગ પણ ધીમે ધીમે શમે છે, હઠ કરવાથી શમતો નથી, અને ભોગ કાલે કવચિત્ હું મર્ત્ય છું એવો પણ ભાસ થઇ આવે છે. એટલાજ અપરાધથી તત્ત્વજ્ઞાન જતુ રહ્યું ગણાતું નથી કેમકે જીવન મુકિત એ નામનું કોઇ વ્રત નથી પણ એતો વસ્તુ સ્થિતિ છે. પંચદશી"

"ધન્ય પ્રભુ ધન્ય છે; મારા નાથ આજે મને કૃતાર્થ કરી; વિભો આગળ ચલાવો.!!"

"समदुःखसुखः स्वस्थ सम लोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुलयनिन्दात्मसंस्तुतिः॥
मानपमानयोस्तुलयस्तुलयो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः सउच्यते ॥"

"સુખ દુઃખ જેને સમાન છે, માટી અને કાંચન જેને સમાન છે, પ્રિય અપ્રિયને જે તુલ્ય દેખે છે, ધીરજ રાખે છે, નિંદા સ્તુતિને સરખી ગણે છે, માન અપમાનમાં સમાન રહે છે, મિત્ર કે શત્રુ એ બે પક્ષને સરખા લેખે છે, આરંભ માત્રનો ત્યાગ કરે છે તે ગુણાતીત કહેવાય છે.' ભગવદ્‌ગીતા.

'यदासर्वेप्रमुच्यन्तेकामा येऽस्य हृदिश्रिताः ।
अथमर्त्योऽमृतो भवत्यत्र ब्रह्मसमश्नुतइति ॥
तद्यथाहिनिलर्वयनी वल्मीके मृताप्रत्यस्ताशयी तैवमेवेदं
शरीरं शेतेअथायम शरीरोऽमृतः प्राणोब्रह्मैव तेज एव ।'

"એના હૃદયાશ્રિત કામ માત્ર જ્યારે પ્રમુક્ત થાય ત્યારે મર્ત્ય અમૃત થાય, એમજ બ્રહ્મને સારે પ્રકારે કરીને અનુભવે; જેમ સર્પની કાંચળી રાફડા ઉપર નાખ્યા પછી મુવેલી પડી રહેછે એમજ આ શરીર પડ્યુ રહેછે, અને જે એવો અશરીર તે અત્રેજ, અમૃત પ્રાણ, બ્રહ્મ તેજ થઇ રહે છે.! બૃહદારણ્યકોપનિષત્.

'विद्याविनयसम्पन्ने ब्राह्मणेगविहस्तिनि ।
शुनिचैवश्वपाके च पण्डिताः समदर्शिनः ॥'

'વિદ્યા વિનય સમ્પન્ન બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન કે શ્વપાક સર્વ પ્રતિ પંડિતો સમદર્શી હોય છે. ભગવદ્ગીતા. !!

'निरवधि सुखभूमानन्त संवित्परात्म-।
न्यनुभवमधिरूढे वाक्यतोयोगतो वा ॥
भवतुदृढ समाधिर्लोक संग्राहको वा ।
भजतुविषयजातं नैतिभूयोऽपिबन्धम्॥'

'(તત્વ મસ્યાદિ) વાક્યથી કે યોગથી નિરવધિ સુખ ભૂમા એવા અનંત સંવિત્ પરાત્મા અનુભવાધિરૂઢ થયે સતે તે પુરૂષ દૃઢ સમાધિ કરે કે લોકાનુગ્રહાર્થે વ્યવહાર કરે કે વિષય માત્રને ભોગવે પણ પુનરપિ બંધનમાં પડતો નથી.!

સ્વરાજ્યસિદ્ધિ.

'देहोऽपि दैववशगः खलुकर्मयावत् ।
स्वारम्भकं प्रतिसमीक्षतएवसासुः ॥
तं स प्रपञ्चमधिरूढ समाधियोगः ।
स्वाप्नं पुनर्न भजते प्रतिबुद्धवस्तुः ॥'

સ્વારંભક એવું કર્મ જ્યાંસુધી છે ત્યાંસુધી સજીવ એવો દેહ જે દૈવવશ છે તે પ્રતિક્ષા કરે છે; સમાધિ યોગારૂઢ પુરૂષ પ્રપંચ સમેત તે દેહને ગણતો નથી, વસ્તુને વિષે જાગેલો સ્વપ્નની વાતનો પુનઃ આશ્રય કરતો નથી. ભાગવત.

'यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥'

'દૈવવશાત્ જે લાભ થાય તેથી સંતુષ્ટ, દ્વન્દ્વાતીત મત્સર રહિત સિદ્ધિ અને અસિદ્ધીને વિષે સમ એવો જે તે કરતો સતો બંધાતો નથી. 'ભગવદ્‌ગીતા.'

'दिगम्बरोवापि चसाम्बरोवा ।
त्यगम्बरोवापि चिदम्बरस्थः ॥
उन्मत्तवद्वापि चबालवद्वा ।
पिशाचवद्वापिचरत्यवन्याम् ॥'

'દિગમ્બર કે સામ્બર, ત્વગંબર કે ચિદમ્બરસ્થ, પણ એ ઉન્મત્તની પેઠે કે બાલકની પેઠે કે પિશાચની પેઠે પૃથ્વી ઉપર વિચરે છે. વિવેકચુડામણી.

'परमार्थचमत्कार मन्तरस्थानुभवंविना ।
अन्यस्यान्यंनजानाति सीधुस्वादुमिवाद्विजः ॥'

'અંતરમાં અનુભવ હોવા વિના અન્યના પરમાર્થ ચમત્કાર ને અન્ય જાણી ન શકે, મધના સ્વાદને દ્વિજ જાણે નહીં.
યોગવાસિષ્ઠ.

'नैव किंचित्करोमिति युक्तो मन्येततत्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ॥
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषुवर्तन्तइतिधारयन् ॥'

'યુક્ત એવા તત્વજ્ઞે 'હું કાંઈજ કરતો નથી' એમ માનવું; જોતાં સાંભળતાં, સ્પર્શતાં, સુંઘતાં, ખાતાં, જતાં, ઉંઘતાં, શ્વાસ લેતાં, પ્રલપતાં, આપતાં, લેતાં, નિમિષોન્મેષ કરતાં સર્વદા ઇ-

દ્રિયો ઇંદ્રીયોના અર્થને વિષે વર્તે છે એમ ધારવું. !

ભગવદ્‌ગીતા.

'स्रोतसानीयतेदारु यथानिम्नोन्नतस्थलम् ।
दैवेननीयतेदेहो यथाकालोपमुक्तिषु ॥'

'સ્રોતના વેગે કરીને લાકડું ઉંચા નીચા સ્થાનોમાં તણાઇ જાય છે, તેમ દેહને દૈવ યથા કાલે જે જે યુક્ત ઉપભોગ છે તે પ્રતિ લઇ જાય છે. ! વિવેકચુડામણી. !!

'गम्यदेशैकनिष्ठस्यपथापान्थस्यपादयोः ।
स्पन्दोविगतसङ्कल्पस्तथास्पन्दस्वकर्मसु ॥'

'જવાના સ્થાન ઉપર એક નિષ્ઠાવાળા પાન્થના પગ ચાલેછે તે કાંઇ પણ સંકલ્પ વિનાજ ચાલે છે એજ રીતે કર્મને વિષે પ્રવૃત્ત થા. ! યોગવાસિષ્ઠ. !!

'चोरबाधेऽपितज्जन्यभीत्यादिव- ।
स्त्रेलदाहेऽपिभस्मेवचेलाकृति ॥
ज्ञानिनांविश्वमादेहपातंस्वतो ।
बाधितत्वेऽपिचारब्धभोगक्षमम् ॥'

'ચોરનું નિવારણ થયા છતાં પણ તજ્જન્ય ભીતિ રહે છે, વસ્ત્ર બળ્યા છતાં ભસ્મ વસ્ત્રાકૃતિજ રહે છે, તેમજ જ્ઞાનીને સ્વતઃજ બાધિત સતે પણ વિશ્વ પ્રારબ્ધ ભોગના નિર્વાહને અર્થે દેહપાત થતાં સુધી વિદ્યમાન છે. સ્વરાજ્યસિદ્ધી. !!

'यावद्देहंयथाचारंद्रष्टास्यक्षविजानता ।
कर्मेन्द्रियैर्हिस्यात्कर्यंनतुबुद्धिन्द्रियैःक्वचित् ॥'

'હે ભાઈ દેહ છે, ત્યાંસુધી જ્ઞાનીએ આચારાનુસાર દશામાં કર્મેન્દ્રિયોને પ્રયોજી રહેવું પણ જ્ઞાનેન્દ્રિયોને તેમાં કદાપિ ભળવા ન દેવી." યોગવાસિષ્ઠ.

'उपाधिस्थोऽपितद्धर्मैर्नलिप्तोव्योमवन्मुनिः ।
सर्वविन्मूढवत्तिष्ठेदसक्तोवायुवच्चरेत् ॥'

'આકાશની પેઠે મુનિને ઉપાધિમાં સતે તેના ધર્મ લેપ ઉપજાવતા નથી, સર્વજ્ઞ સતે મૂઢની પેઠે તે રહે, કે વાયુની પેઠે અસક્ત રહી સર્વત્ર વિચરે. આત્મબોધ.'

'नह्याहारादिसंत्यज्य भरताद्याःस्थिताःक्वचित् ।
काष्ठपाषाणवत्किन्तु संगभीताउदासते ॥'

'ભરતાદિ મહાત્માઓ આહારાદિનો ત્યાગ કરીને કદાપિ કાષ્ટ પાષાણની પેઠે રહ્યા નથી, પણ સંગની ભીતિથી ઉદાસીન રહ્યા છે.' પંચદશી.

'न मां कर्माणि लिम्पन्ति नमेकर्मफले स्पृहा ।
इतिमांयोऽभिजानाति कर्मभिर्नसबद्ध्यते ॥'

'મને કર્મનો લેપ થતો નથી, કર્મફલની મને સ્પૃહા નથી, એમ જે મને સારી રીતે સમજે તે કર્મથી બંધાતો નથી.'

'ભગવદ્ગીતા.' !!

'नत्यजन्तिनवाञ्छन्ति व्यवहारं जगद्गतम् ।
सर्वमेवानुवर्तन्ते पारावार विदोजनाः ॥
सर्वस्थोऽहमकर्तेति दृढभाव नया नया ।
प्रवाहपतितं कार्यं कुर्वन्नपि न लिप्यते ॥

तिष्ठन्नपि हि नासीनो गच्छन्नपि न गच्छति।
शान्तोऽपि व्यवहारस्थः कुर्वन्नपि न लिप्यते॥ '

'પારાવારને જાણુનારા જનો જગતના વ્યવહારને ત્યજતાએ નથી તેમ ઇચ્છતાએ નથી, સર્વને અનુવર્તે છે. સવસ્થ સતે હું અકર્ત્તા છું એવી દૃઢ ભાવનાએ કરી પ્રવાહ પતિત કાર્યને કરતો કોઇ રીતે લેપાતો નથી. ઉભો સતે તે ઉભો નથી, જતો સતે તે જતો નથી, શાન્ત સતે વ્યવહારસ્થ છે, કરતે સતે અકર્તા છે.'
યોગવાસિષ્ઠ. !!

'यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवे तरोजनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥ '

'શ્રેષ્ઠ જે આચરે છે તેનેજ ઇતર જનો અનુસરે છે, શ્રેષ્ઠ જે જે પ્રમાણુ કરે છે તેનેજ લોક અનુવર્તે છે.' ભગવદ્‌ગીતા.'

'ये यंतुजीवनमुक्तानां वासना सानवासना ।
शुद्धसत्वाभिधानं तत्सत्तांसामान्यमुच्यते ॥ '

'જીવન્મુક્તોની આવી જે વાસના તે વાસના નથી, એ તો શુદ્ધ સત્વ એ નામનું સત્તા સામાન્ય છે.' યોગવાસિષ્ઠ.

'सक्ताः कर्मण्यविद्वांसो यथाकुर्वन्ति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसङ्ग्रहम् ॥
नबुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥ '

'કર્મને વિષે આસક્ત એવા અવિદ્વાનો જે પ્રકારે કરેછે તેજ પ્રકારે હે ભારત ! વિદ્વાને અસક્ત રહી સર્વ કર્મ કરવાં. તેણે એ

પ્રકારે લોક સંગ્રહ સાધવો કર્મમાં આસક્ત એવા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભેદ ઉપજાવવો નહિ, વિદ્વાને યુક્ત રહી સારી રીતે આચરણ બતાવી સર્વ કર્મ ઉપર પ્રીતિ જણાવવી. !

ભગવદ્ગીતા.

'तस्मादेवं विदित्वैनमद्वैते योजयेत् स्मृतिम् ।
अद्वैतं समनुप्राप्य जडवल्लोकमाचरेत् ॥
निस्तुतिर्निर्नमस्कारो निःस्वधाकारएवच ।
चलाचलनिकेतश्च यतिर्यादृच्छिकोभवेत् ॥'

'માટે એ પ્રકારે એને જાણી અદ્વૈતમાં સ્મૃતિને યોજવી; અદ્વૈતને સારી રીતે પ્રાપ્ત કરી લોક વ્યવહાર જડવત ચલાવવો, સ્તુતિ રહિત, નમસ્કાર રહિત, સ્વધાકાર રહિત, એવો હોઈ ચલ કે અચલ સ્થાન સેવતો યતિ તેણે કેવલ યદૃચ્છાને આધીન થઈ જવું.'

ગૌડપાદાચાર્ય.

'त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभि प्रवृत्तोऽपि नैवकिञ्चित्करोतिसः ॥'

'કર્મ ફળનો આસંગ ત્યજી, નિત્ય તૃપ્ત, નિરાશ્રય, એવો તે કર્મને વિષે અત્યંત પ્રવૃત્ત સતે પણ કાંઇ કરતો નથી.

ભગવદ્ગીતા.

'પ્રિયે શાન્તનુ, જીવનમુક્તિનો કાંડ પૂરો થયો, વ્હાલી તને હવે કેમ છે ?" કહી ભાનુશંકરે અત્યંત લીન અને પ્રેમાળ થઇ શાન્તાના મુખ કમળ ઉપર પોતાનો હાથ ફેરવવા માંડયો. ત્યારે શાન્તાથી. પરાણે પરાણે આવ્યા તુટતા શબ્દો બોલાતા

હતા. તેનાંથી સંભળાતું હતું પણ કંઠ કફથી ભરાવાને લીધે બરાબર બોલાતું નહોતું, તે ઘડી ઘડી ફાટી આંખે ભાનુ ભણી જોઇ રહેતી હતી; અને ઘડી ઘડી આંખો મીંચી પડી રહેતી હતી. ભાનુનાં માબાપ વખતો વખત આવી છાનાં માનાં ડોકીયાં કરી જતાં હતાં. ભાનુ કોઇ પણ સગાને શાન્તનુ પાસે ઝાઝીવાર બેસવા દેતો નહોતો. જ્યારે તેને ખાસ કામ સારૂ બહાર જવું પડતું ત્યારે ન ચાલતે ન છુટકે તેની માને બેસાડતો. દુઃખીઆરી શાન્તા કયારે મરે અને કયારે ઝટ છુટકો થાય એ હેતુથી તેને કોઇ પૂરૂ દુધ પણ આપતું નહોતું અને ગળામાં પાણી પણ કોઇ ટુંપતું નહોતું. જ્યારે આ બધુ ભાનુના જાણુવામાં આવ્યું ત્યારથી ભાનુ ખાસ કરીને શાન્તાની સારવારમાં રોકાયો હતો; તેને જરા પણ વીલી મુકતો નહોતો.

" પ્રિય તમે જે જે કાંઇ કહ્યું તે તમામ મેં સાંભળ્યું, મને ઘણો આનંદ થયો. વ્હાલા તમારા વિના મારી કોણ સદ્દગતિ કરવાનો પ્રયાસ કરે ? આ સંસારમાં સ્ત્રીનો ભગવાન એક ધણી કે બીજો ધરણીધર ! જીવનદ્વાર મારા જેવી પાપણીના હૃદયમાં તમે જે કાંઇ જ્ઞાનસુધા રેડી મને પાવન કરી તેથી હું મારા અહો ભાગ્ય માનું છું. મારો પ્રાણ હજી પણ પીંડને પરહરતો નથી. હજી પણ તે કાંક માયામાં ગુંથાયલો રહે છે. કાંક સંસારીક વાસનામાં તે ભરાયલો હોય એમ માલમ પડે છે. હજી તેને કાંક જ્ઞાનસુધાની વધારે જરૂર જણાય છે. મારા શરીરમાં સર્વત્ર શાન્તી અને આનંદ છવાઇ રહ્યો છે. વ્હાલા મારાથી જો કાંઇ બોલાય નહીં તો તમે ગભરાશો નહીં. મારાથી તમારા પુન્ય પ્રતાપે

તમે જે કાંઇ કહો છો તે સારી રીતે સંભળાય છે. જીવનહાર તમારાથી જે પ્રમાણે બોલી શકાય તે પ્રમાણે જ્ઞાન ઉપદેશ બોલો. હું ધારૂં છું કે જ્યાંસુધી મારા પ્રાણુને માયાના પાસ હશે ત્યાંસુધી તે ખોળીયામાં ટકી શકશે; જો કે તેનાં સંસારીક ઘણુંક બંધનો કપાઇ ગયાં છે. હવે મને કાઇ આગલું પાછલું સાંભળતું નથી; ફકત મારો પ્રાણ તમારા કમળવદનની ઝાંખી કરવા સારૂ તલ્પી રહ્યો છે. તમે તેને જ્ઞાનસુધાથી તૃપ્ત કરો; જ્યારે તેને સંપૂર્ણ રીતે તૃપ્તી થશે કે તરત તમને પ્રણામ કરી ચાલતો થશે, વ્હાલા હવે કાંક વિદેહ મુકિતનો ઉપદેશ સંભળાવો !"

"મારી મધુરી શાન્તા હવે હું તને વિદેહ મુકિત સંભળાવું છું. વિદેહ મુકિતના વિષયથી આત્માને પરમ શાન્તી મળેછે અને તે તરત દુઃખમાંથી મુકત થઇ આનંદમાં ભળે છે ! !

'गताःकलाः पंचदशाप्रतिष्ठा ।
देवाश्चसर्वेप्रतिदेवताम् ॥
कर्माणि विज्ञानमयश्चआत्मा ।
परेऽव्ययेसर्वएकीभवन्ति ॥
यथानद्यःस्यन्दमानाःसमुद्रे ।
ऽस्तगच्छन्तिनामरूपंविहाय ॥
तथाविद्वान्नामरूपाद्विमुक्तः ।
परात्परं पुरुषमुपैतिदिव्यम् ॥
सयोहवैतत्परमंब्रह्मवेदब्रह्मैवभवतिनास्याब्रह्मवित्कुलेभवति ।
तरतिशोकंतरतिपाप्मानंगुहाग्रन्थिभ्योविमुक्तोऽमृतो भवति॥'

'પંચદશ કલા સ્વપ્રતિષ્ઠાને પામી, દેવતા માત્ર પોતપોતાના પ્રતિદેવતામાં સમાયા; કર્મ વિજ્ઞાનમય આત્મા, સર્વે પર અવ્યયને વિષે એક થાય છે. નદીઓ વહેતી વહેતી સમુદ્રને વિષે અસ્ત પામી નામરૂપને ત્યજે છે, એમ જે નામરૂપથી વિમુકત વિદ્વાન પરાત્પર દિવ્ય પુરૂષને પામે છે. જે આ પ્રકારે બ્રહ્મ જાણે છે તે બ્રહ્મ થાય છે, એના કુલમાં કોઈ અબ્રહ્મજ્ઞ થતું નથી. તે શોકને તરી જાય છે, પાપને તરી જાય છે, અને હૃદય-ગુહાગ્રન્થિ માત્ર ભેદાતાં અમૃત થાયછે. મુંડકોપનિષત.!!

'तीर्थेश्वपचगृहे वा नष्टस्मृतिरपि परित्यजन्देहम् ।
ज्ञानसमकालमुक्तः कैवल्यं यातिरतशोकः ॥'

'તીર્થમાં કે સ્વપચના ગૃહમાં સ્મૃતિ હિન થઇને પણ દેહ તજે છે તે શોક માત્રથી વિમુકત હોઇ, જ્ઞાન થવાના કાલને વિષેજ મુકત થઈ રહેલો કૈવલ્યને પામે છે.' વાર્તિક.

'सौम्याम्बुले तरङ्गले सलिलस्याम्बुतायथा ।
समैवाब्धौ तथा देहसदेहमुनि मुक्तता ॥
सदेहादेहमुक्तानां भेदः कोबोधरूपिणाम् ।
यदेवाम्बु तरङ्गले सौम्यलेऽपि तदेवतत् ॥'

'શાન્ત જળ હોય કે તરંગ હોય પણ સમુદ્ર તો જે જળ તે જળજ છે, એમજ જે બોધરૂપ મુકત તેમના સદેહ કે અદેહ હોવામાં શો ભેદ છે ? તરંગમાં જે જળ હતું તેનું તેજ શાન્ત જળમાં પણ છે.' યોગવાસિષ્ઠ.!!

'योऽकामो निष्काम आप्तकाम आत्मकामो ।
नत नमांपा उत्क्रामन्ति ब्रह्मैवस- ब्रह्माप्येति ॥'

'જે અકામ, નિષ્કામ, આપ્તકામ આત્મકામ છે તેના પ્રાણ ઉત્ક્રમણ પામતા નથી, તે બ્રહ્મ હોઇ બ્રહ્મ થાય છે.

'બૃહદારણ્ય કોપનિષત્'

'अहंनमायी नचभोगिशायी ।
नचक्रधारी नदशावतारी ॥
नमेप्रपञ्चः परिपालनीय- ।
स्तथापिविष्णुःप्रभविष्णुरस्मि॥'

'મારે માયા નથી, શેષની શય્યા નથી, ચક્ર નથી, દશાવતાર નથી, પ્રપંચનું પરિપાલન કરવાનું નથી, તથાપિ પણ સર્વના પ્રભુ એવા વિષ્ણુ હું છું.' સ્વારાજ્યસિદ્ધિ. !!

'विदेहमुक्तोनोदेति नास्तमेति न शाम्यति ।
नसन्नासन्नदूरस्थो नचाहंनापि चेतरः ॥
सूर्योभूत्वाप्रतपति विष्णुःपाति जगत्रयम् ।
रुद्रः सर्वान्संहरति सर्गान्सृजति पद्मजः ॥
यत्किञ्चिदिदमाभाति भातंभानमुपैष्यति ।
कालत्रयगतं दृश्यंतदसौ सर्वमेव च ॥
विदेहमुक्ता त्रैलोक्यं संपद्यन्ते यदा तदा ।
मन्येते सर्गतामेवगता वेद्यविदांवर ॥
विद्यते येत्रिभुवनं तत्तत्तांसम्मयान्तुते ।
यत्र त्रैलोक्य शब्दार्थो न सम्भवति कश्चन॥'

'વિદેહમુક્તો ઉદય પામતા નથી, અસ્ત થતા નથી, કે

શાન્ત પડતા નથી, સત્ કે અસત્ કે દુરસ્થ નથી, હું નથી, અન્ય નથી. સૂર્ય થઈ પ્રતપે છે, વિષ્ણુ થઇ ત્રણે જગતનું રક્ષણ કરે છે, રૂદ્ર થઈ સર્વનો સંહાર કરે છે, પદ્મયોનિ થઈ સર્ગને સરજે છે; જે કાંઇ ભાસે છે, ભાસ્યુ, કે ભાસશે, ત્રિકાલમાં જે કાંઇ દૃશ્ય છે, તે અને સર્વ એ છે. વિદેહ મુકતો ત્રૈલોક્ય થાય છે, ત્યારે હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ! તે સર્ગમાંજ આવ્યા એમ મનાય; જો ત્રિભૂવન હોય તો તે ભલે તે રૂપ થાય, એમનામાં ત્રૈલોક્ય શબ્દાર્થજ સંભવતો નથી.' યોગવાસિષ્ઠ.

'स्वानन्देसहजे सदाविहरतां स्वच्छन्दलीलाजुषां ।
निस्सङ्गाचनिरर्गलाचजगतांकल्याणसन्दोहिनी ॥
मत्स्यानां सलिलेऽम्बरेचवयसांवायोरित्राशामुखे ।
दुर्लक्ष्येपथियोगिना बहुविधागूढाविचित्रागतिः ॥'

'સ્વરૂપના સહજાનંદમાં સદા વિહરતા, સ્વચ્છલીલા ભોગવતા એવા યોગીઓની, નિસંગ, નિરર્ગલ, જગત માત્રને કલ્યાણકારી એવી દુર્લક્ષ્ય માર્ગ ઉપર જે બહુ વિધ અને વિચિત્ર ગતિ, તે જળમાં માંછલાની ગતિની પેઠ, આકાશમાં પક્ષિની ગતિની પેઠે કે દિશાઓ ને વિષે વાયુની ગતિની પેઠે અતિ ગૂઢ છે.'

સ્વારાજ્યસિદ્ધિ.

'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम्॥
परित्राणायसाधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥'

'જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ને અધર્મનું અભ્યુત્થાન થાય છે ત્યારે, સાધુના પરિત્રાણને અર્થે, દુષ્કૃત કરનારના વિનાશને અર્થે, ધર્મની સંસ્થાપનાને અર્થે, આત્માને હું સૃજું છું.' ભગવદ્‌ગીતા. "

'चोद्यंवापरिहारो वा क्रियतांद्वैतभाषया ।
अद्वैतभाषया चोद्यंनास्ति नापितदुत्तरम् ॥

'પ્રશ્ન, પરીહાર, સર્વે દ્વૈત ભાષાથી કરો; અદ્વૈત ભાષામાં તો પ્રશ્ન નથી ને ઉત્તરે નથી.' પંચદશી.!!

'न निरोधोन चोत्पत्तिर्न वद्धोनचसाधकः ।
न मुमुक्षुर्न वैमुक्त इत्येषा परमार्थता ॥

'નિરોધ નથી, ઉત્પતિ નથી, બદ્ધ નથી, સાધક નથી, મુમુક્ષુ નથી, મુકત નથી; એજ પરમાર્થતા.' ગોડપાદાચાર્ય.

'अस्पर्शयोगां वैनामसर्वसत्व सुखोहितः ।
अविवादोऽविरुद्धश्च देशितस्तंनमाम्यहम्॥'

'સર્વ સત્વને સુખકર, હિતરૂપ, વિવાદરહિત, અવિરૂદ્ધ, એવો આ અસ્પર્શ યોગ જેણે કહ્યો તેને નમસ્કાર કરૂં છું.' ગોડપાદાચાર્ય.

'अहोशास्त्र महोशास्त्र महोगुरु रहोगुरुः ।
अहोज्ञान महोज्ञान महोसुख महोसुखम्॥'

'અહો આ શાસ્ત્ર! અહો ગુરૂ! અહો જ્ઞાન! અહો જ્ઞાન! અહો સુખ! ભજ ગોવિંદમ્! ભજગોવિંદમ્! નારાયણ હરે! નારાયણ હરે!!" પંચદશી.

"નારાયણ હરે, નારાયણ હરે! જય જય પ્રાણ પતિ હું

આપને નમસ્કાર કરૂં છું ! ધન્ય પ્રભુ ધન્ય પ્રભુ આપને ધન્ય છે. ! !" કહી શાન્તાએ ભાનુનો હાથ હાથમાં લીધો; તે હાથ મસ્તકે અડાડયો, આંખે અડાડયો અને પાવન થઇ; નમસ્કાર કર્યો; અને મંદહાસ્ય ભરી મુખ મુદ્રા રાખી બે હાથ જોડી રાખી પડી રહી; થોડીક વાર પછી આંખ થરડાવા લાગી; અને છેવટના (દેહાન્ત) ચાળા થવા લાગ્યા; ભાનુ કાંક ગભરાયો; રડી ગયો; અને શું કરવું તેની કાંઇ સૂજ પડી નહી; તેના મુખમાંથી તેની ઇચ્છા વિરૂદ્ધ શબ્દો નિકળી પડયા.

" ઓ બા, બાપા, આવો, આવો; આતો ચાલી !" શબ્દ સાંભળતાની સાથેજ ભાનુનાં માબાપ એકદમ દોડી આવ્યાં;અને શાન્તાને ટાંગાટોળી કરી ભાનુના ખોળામાંથી ઉપાડી કામળે લીધી; ભાનુશંકર કંપી ગયો; ગભરાઇ ગયો, અને બેબાકળો બની ડુસકાં ઉપર ડુસકાં ખાવા લાગ્યો; તેને તેના પિતાએ પરાણે દાબી રાખ્યો:–

" ઓ બા, બા, ઉતાવળ કર નહીં, મારી શાન્તાને કામળો ખુંચશે હજી તેનામાં શ્વાસ છે; અરે રહેવા દે રહેવા દે; છો ગોદડી અભડાતી !! "

" ભાઇ તું આમાં ન સમજે; આઘો જા. હવે કયાં શાન્તા છે ? " કહી ભાનુને આડો હાથ રાખી દુર કર્યો ! અને છેવટનો સમન લાડવો ચોળી આપી દીધો; તથા કાંક કાંક ઉપરચોટીયું પૂન્યદાન કરાવ્યું !!

" શાન્તા ! મારી મીઠી શાન્તા !! તું કશામાં જીવ રાખીશ નહીં; મારી વ્હાલી ! મારી જરા પણ ચિન્તા કરીશ નહીં; પ્રિયા તારો સ્વર્ગે વાસ થજો; તને અખંડ શાન્તી મળજો; અને તું

આનંદ સ્વરૂપમાં ભળજો !!" કહી તેના મુખપર હાથ ફેરવ્યો. ભોળા ભાનુશંકરે ભોળપણમાં માવડીયા બની શાન્તાની જીંદગી શાન્તાને શોક્યપર વીંધી બગાડી, પણ છેવટે ભલા થઇને ભલી શાન્તાનું મરણ એક ભલા પતિ તરીકે સુધાર્યું; ભાનુએ છચોક માબાપની આમન્યા તોડી નાંખી; અને શાન્તાના મુખ પાસે મુખ રાખી નારાયણ કવચનો પાઠ ભણવા મંડયો; શાન્તાને કાંક ભાન આવ્યું, અને તેના મુખમાંથી ધીમા ધીમા ઉદ્‌ગાર નીકળવા મંડયા.

*　　*　　*　　*

"કોઇ ન કરશો શોક મુઆનો
કોઇ ન કરશો શોક-૦
પાછુ ન વાળે પોક-મુઆનો૦
આવ્યા તેવા જાશું ચાલી મુકી માયા થોક-૦
સગાં સંબંધી સર્વે જૂઠાં જૂઠા જગના લોક-૦
પંચ તત્વમાં તત્વો ભળશે ભૂતનો શોકછે ફોક-૦
જન્મ મરણ માળાના મણકા આવે જાય અનેક-૦"

શાન્તાએ શાન્તીથી મંદહાસ્યભરી મુખ મુદ્રાથી પોતાનો પ્રાણ મુકી દીધો; સર્વે સગાં વ્હાલાં ફાટી આંખે શાન્તાના શરીર સામુ જોઇ રહ્યાં; ચૈતન્ય ચાલી ગયું; જડ શરીર શબવત્ જમીન પર ઢરી ગયું; ભાનુ ઢીંચણપર માથુ મુકી દીલગીરીમાં ગરકાવ થઇ ગયો, અને બીજાં મરણ ક્રિયામાં ગુંથાયાં!! વાંચકો! ચાલો ઉઠી જાઓ, નહીંતો તમારે પણ અભડાવું પડશે; માટે ખસો, ખસતા પહેલાં એકવાર મૂખ થકી બોલો કે "આતે વ્હાલાનુ વ્હાલ કે શૉકયનું સાલ?!!

પ્રકરણ ૩ જું.

રમણી કે રાક્ષસી !

દોહરો.

દાબ વિનાનાં છોકરાં, દાબ વિનાની નર;
દાબ વિનાની ચોપડી, ઝટ ફાટે નિરધાર.

દુનિયાનાં સંકટો સામે બહાદુરીથી યુદ્ધ કરતા સ્વદેશના રક્ષણ માટે પ્રાણાર્પણ કરતા ઉત્તમ પ્રકારે હામ ભીડત, દૃઢ સંકલ્પ રાખતાં, ધર્મનું રક્ષણ કરતાં, નિતિનુ પાલન કરતા અને કર્તવ્યના માર્ગમાં કદી પણ ઠોકર ન ખાતા શીખવું એજ સાચુ અને ઉમદા ભણતર છે.

મેટ્રીક બન્યા, બીએ બન્યા, એમે બન્યા ત્યાં શું થયું,
ડાકટર બન્યા, પ્લીડર બન્યા, ઈજનેર બન્યા ત્યા શું રહ્યું;
ડીગ્રી તણા છોગા માંહી, જ્યાં ધર્મને વિસરાય છે,
હર હર સુધારે હિંદમાંથી, શું ગયું શું જાય છે?

ખરેખર અક્ષર શબ્દ અને વાક્ય શીખવાં એ કેટલાક જેટલું અગત્યનું ધારે છે, તેટલું અગત્યનું નથી. જ્ઞાનને સૌજન્ય કે સુખ સાથે કશો સબંધ નથી. તેથી કદાચ નમ્રતાનો

નાશ થાય અને તેને બદલે અહંકાર ઉત્પન્ન થાય. મનુષ્યના મુખ્ય પ્રેરકોને વિદ્યાનું થોડુંજ વ્યસન હતું. વિદ્વાન પુરૂષો ઘણીવાર સર્વ જમાનાના લોકો પર અસર કરે એવા પ્રૌઢ વિચાર કરી શકયા છે, પણ તેમનાં કૃત્યો કવચિત્તજ ઉંચી નીતિનાં થયાં છે.

*　　*　　*　　*

" વિકટ વખત આવ્યો ધર્મની ખ્વારી થાવા,
વિકટ વખત આવ્યો આર્યનું શૌર્ય જાવા;
વિકટ વખત આવ્યો પાપના પુંજ ભરવા,
વિકટ વખત આવ્યો નીતિનો નાશ કરવા. "

" શિવ, શિવ, શિવ, અજબ જમાનો આવ્યો; નીતિનો નાશ થયો, ધર્મ ડુબી ગયો; આજ કાલની ઉછરતી અર્ધ દગ્ધ આર્યપ્રજા જુવાનીમાં દીવાની બની પોતાના ધર્મ કર્મને ભુલી જઈ નીતિને વિસારવા લાગી ! હું એક વરસ દીવસથી કેસરને ટયુશન શિક્ષણ આપવા મારૂ જાઉછું; પણ હમણાં તો મેટ્રીકયુલેશનની પરિક્ષા પસાર કર્યા પછી તેના મનના વિમળ વિચારો દીન પર દીન બદલાતાજ જાય છે. આખો દીવસ સ્ત્રી સ્વતંત્રતા સુધારો અને શ્રૃંગારનાજ પવન તેના મગજમાં ભરાઈ રહેલો છે. તેની પાસે મીનિટે, મિનિટે, ઘડીએ ઘડીએ અને કલાકે કલાકે ફકત લવમેટર શ્રૃંગારનીજ વાતો ! ભણતરમાં શ્રૃંગારનોજ સબજેકટ વિષય જ્યારે ને ત્યારે ડીસકસ ચર્ચા કરવાનો ! અધુરામાં પુરૂં તેના પિતા નવનીતલાલે જ્યારથી તેના પતિ જયન્તીલાલને ઘરમાંથી દુર કર્યા છે, ત્યારથી તો તે હદપાર સ્વતંત્ર થઇ ગઇ છે. તદન ફ્રીઅરલેસ નિર્ભય બની ગઇ છે. તેના દીવાનખાનામાં શે-

મીઓ અને જુલ્યેટ, રેનૉલ્ડસનાં નૉવેલો, કાદમ્બરી, રસિક પ્રિ-યા, રસશાસ્ત્ર, મેઘદુત, શાકુન્તલા અને વિક્રમોર્વશી સિવાય બીજું કાંઈ નીતિનું કે ધર્મનુ પુસ્તકજ નજરે પડે નહીં! આખા દીવાનખાનામાં થ્રુઆઉટ એવરી વ્હેર ફક્ત શ્રૃંગારી વિષયોનાંજ પુસ્તકો માલમ પડી આવે. દીવાલપર ફક્ત રવિવર્માનાં શ્રૃંગારીજ ચિત્રો દૃષ્ટિ ગોચર થાય! ટેબલ પર પોર્ટવાઈનનું સ્ટીમ્યુલન્ટ મિક્શ્ચર અને નાનો પ્યાલો! સુંદર તકતા, આયના હાથીદાંતની ફેન્સી કાંસકીઓ, પટેલ પરફ્યુમરીના અતરની શીશીઓ અને પોમેટનની ડબીઓ, કોલ્ડ ક્રીમ ઑફ રોઝની બાટલીઓ ટુંકામા કામોત્તેજક સાહીત્યોજ નજર તળે તરે!! નાનાં ફેન્સી ટેબલો, લેમ્પો, ઇંગ્લીશ ચેરો, આરામ ખુરશીઓ, હારમોનીયમ, પીયાનો સતાર, દીલરૂબા, ફેન્સી લેડીવૉચ એજ તેનું મનગમતું ફરનીચર સરસામાન! રેશમી પોલકાં, સાટીનની સાડીઓ, ફેન્સી ઇંગ્લીશ છીંટના ઘાઘરા, જાપાની છત્રીઓ, સોનેરી ચશ્મા, ફેન્સી સ્ટીક, ઇંગ્લીશ લેધરના લેડીબુટ અને સેન્ટથી મઘમઘતા ચીનાઈ રેશમી રૂમાલ એજ તેનો બ્યુટીફુલ મોહક પોશાક ડ્રેસ! સુધ-રેલો પોશાક, સુધરેલું ફરનીચર અને સુધરેલા વિચારો એનોજ નિરંતર તેના મગજમાં વાસ! આબેહુબ મડમોનીજ બ્યુટી સુંદરતા અને ફેશન ચ્હેરો!! આહા જમાના તારી પણ તાસીર છે!! આ કેળવણી કઇ? કેળવણી, કેળવણી, ધર્મને નીચોવ-નાર કેળવણી તારો પણ દેવાંશી દમામ છે! લેંગ્વેજ લેંગ્વેજ ઇંગ્લીશ લેંગ્વેજ, અંગ્રેજી ભાષા તારો પણ ઉછરતી પ્રજાપર જાદુઇ કાબુ છે! હવે થોડાક વખતમાં ભણ્યા ગણ્યા અર્ધદગ્ધ

સુધારકો આ હીંદુસ્તાનનો ઉદય કરી નાખશે! અને ઇન ફ્યુચર ભવિષ્યમાં આ ઇંડીઆને ઇંગ્લાંડ બનાવી સુધારાની સ્વતંત્ર અને મોઠા મોજો મણાવશે! કેળવાએલાં પુખ્ત ઉંમરનાં મા બાપો પોતાની સંતતીને સ્વતંત્રતાનો પોશાક પહેરાવી વિદ્યાના નાવમાં બેસારી સુધારાના સાગરમાં મુસાફરી કરાવે છે, અને તેમને મન ગમતી છુટ આપે છે એજ આ સુધરેલા જમાનાનો જાદુઇ દોર છે, દમામ છે, જોર છે અને જુલમ છે. હવે મારે નવનીતલાલના કુટુંબમા વાણુવાજ ન જવું એ બહેતર છે, કેમકે હવે તે કુટુંબમાં મારે ગુરૂ શિષ્યનો સંબંધ રહે એ ઘણુંજ મુશ્કેલ છે" આ પ્રમાણે અફસોસ કરતા રમણિકલાલ માસ્તર એક ચેર પર પડેલા છે. અત્યારે તે જમાના અને સુધારા પર સાની રીતે ઉકળી પડયા છે, તેમનું મોઢું લાલચોળ થઇ ક્રોધના આવેશમાં આવી ગયું છે.

"સુધારા સુધારા તે આ આર્યભુમીના સત્વનું સત્યાનાશ કાઢયું. જમાના જમાના તેં જાહેર પ્રજા પર જુલમ કર્યો! અત્યારે સઘળુ એકાકાર થઈ ગયું. નવું અને જુનું, સારૂ અને નરસું, નાનું અને મોટું એ કાંઇ માલમ પડતું નથી બધું એક ભાણે, એક ઠાણે, એક તાણે અને એક વાણે!!" બળના માસ્તર બબાળા કાઢી ન્યુસપેપર લઇ વાચવા લાગ્યા એટલામાં બહારથી ટપાલવાળાએ માસ્તરનું નામ પોકાર્યું. "રમણિકલાલ માસ્તરકા ઘર કીધર હય? એ કોણ છે! જે હોય તે અંદર આવો આ ઘર છે," કહી માસ્તરે ટપાલવાળા પાસેથી કાગળ લીધો અને કવર ફાડવા માંડયું!!

" આ કાગળ પણ કેસરનોજ હોય એમ જણાય છે; " એ પ્રમાણે કહી કાગળ કાઢયો અને વાંચવા માંડયો; પણ અક્ષર ઉંધા લખેલા તેથી માસ્તર ગુંચવાણા અને અચંબામાં પડી કાગળ આમ તેમ ઉથલાવા લાગ્યા ! " એ તારી માની કેળવણી, તેં પણ ગજબ કર્યો ! તારા સસ્કારે આ ફેશનનાં કુહાંને અજબ કર્યાં ! કોણ જાણે કાગળમાં શું એ ગોટાળો હશે; આમ શા સારૂ કર્યું હશે તેની કાંઇ સમજ પડતી નથી ! આમાં શું પ્રાઇવેટ બળ્યું હશે ? મારા સાળા પ્રાઇવેટે નખોદ કાઢયું ! હવે આ પાપને કરવું શું ! આ છાપને ઉકેલવી શી રીતે ! " કહી માસ્તર અક્ષરો ભાગ્યા તુટયા બેસારવા લાગ્યા; થોડા થોડા અક્ષર બેસે પણ બરાબર સમજવામાં આવે નહી, આખરે થાકયા કંટાળ્યા અને ચીડાયા, " બળ્યો રાંડનો કાગળ, કોણ જાણે શું માંહી મોકાણ વાળી હશે " કહી રાબે હાથે ડોઢ ગાઉ દુર ફેંકી દીધો અને હીંચકાપર બેસી હીંચવા લાગ્યા ! " આ મારી બેટી બાઈડીઓને ભણાવી એટલે ચીઠીઓ ચાલી ! બધાએ ગોટાળા ચીઠીઓમાં સમાયા ! ધણીને માબાપને અને તમામ વડીલોને સુતાં વેચી ચીઠીઓમાં બા સાહેબ મહાલવા લાગ્યાં ! ! હવે આ કાગળને ઉકેલવો શી રીતે ! માંહી સાપ છે કે ઘો છે તે શી રીતે જાણવું ! " કહી માસ્તર માથું ખંજવાળવા લાગ્યા; છેવટે યાદ આવ્યું કે તકતા સામે ઉંધા અક્ષર ધરવાથી ચત્તા અક્ષર વંચાય છે; એટલે ઝટ ઉઠી કાગળ લીધો અને તકતા સામે રાખી વાંચવા માંડયો ! !

અમદાવાદ. રાયપુર. તા. ૧૭-૯-૧૦

" મારા પરમ પ્રિય માસ્તર રમણિકલાલ ! !

પ્રિયે, મારા મનના ઉભરા તમારા આગળ ખાલી કરવાનું કેટલાક વખતથી મારા મનમાં ઘોળાયા કરે છે, તે કારણથી આજે વીસ પચીસ લીટીઓ લખી છે, તે કૃપા કરી વાંચશોજી !

હું સર્વ વાતે સુખી છું, સૌન્દર્યવાન છું, ઘરની શ્રિમંત છું અને પિતાની લાડકી જીવથી અધિક વ્હાલી છું તમે મને ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપ્યું છે હું આ વખતે મેટ્રીકની પરિક્ષામાં પસાર થઇ છું, તે આપનોજ પ્રતાપ છે. હાલમા કોલેજ જોઇન કરવાનો વિચાર છે, અને પછી વિલાયત જઈ બારીષ્ટરની પરિક્ષા પાસ કરી પબ્લીક જાહેરમાં નામ કાઢવા અને સ્ત્રી કેળવણીનો વિજય વાવટો આખી ચોખુટ ધરતીમાં ફફડાવવા મારી ઉમેદ છે. સર્વ કાંઇ યથાયોગ્ય છે, પણ પ્રિયકર, શું કહુ ! આ સૃષ્ટીમાં સર્વોત્તમ એવું જે પ્રેમ સુખ જેની ત્રિભુવનમાં કાઇ લીમીટ હદજ નથી; તેનાથી હું બેનસીબ છું. પીડીત છું. મારાં મેરેજ થયાંછે પણ હું તો હજુ અવિવાહીત જેવીજ છું. મારી બરાબરીની યોગ્યતાનો સુશિક્ષિત, એજ્યુકેટેડ કેળવાએલા પણ ખાસ કરીને સુધરેલા વીચારથી છલકાતા યોગ્ય પુરૂષ જોડે જ્યાંસુધી મારાં લગ્ન મેરેજ થયાં નથી ત્યાંસુધી હુ પરણેલી અગર કુંવારી સરખી જ છું. મારાં થએલ જુના વીચારની ઢબનાં લગ્નના હક્ક તોડવાને હું એક પગે તૈયાર થઈ રહીછું. તમે તમારી પુઅર કંડીશન ગરીબ સ્થિતી અને તમારી ન્યાતમાં કન્યાની અછતને લીધે કુંવારા છો; તમને પ્રેમ કેટલો બધો દુઃખી કરતો હશે તેનો ખ્યાલ

મારાથી થઇ શકે તેમ નથી. તમે કેવા સંસાર સુખથી દુઃખી છો, તે દુઃખ મારાથી જોયું જાય તેમ નથી. પ્રીયકર પ્રેમશાસ્ત્ર એ ઘણી ગહુન વાત છે. તમારીજ વાત જુઓને! આપ યુવાન છો, વિદ્વાન છો અને ગુણવાન છો, પણ પ્રેમશાસ્ત્ર તરફથી તો તમે પણ મારી માફક દુઃખી છો. હાલમાં તો આપની માફક હું પણ રાત્રી દીવસ દુઃખમાંજ રીબાઉછું. મારી પણ આપના જેવીજ મીઝરેબલ દુઃખી લાઇફ જીંદગી થઈ પડી છે. હું કેવળ કમજોર બની ગઇ છું. મારૂં કમળવદન પ્રેમી પ્રભાકરના દર્શન વીના કરમાઇ ગયું છે, આ પ્રેમઘેલી ચકોરી ચંદ્રરાજનાં દર્શન વીના બાવરી બની ગઈ છે. આ વલવલતિ મધુરી મેઘરાજના વિના મુંઝાઈ ગઇ છે. હવે મને કાંઇ પણ ગમતુંજ નથી જરા પણ ચેન પડતુંજ નથી. કશી વાતની ગમજ પડતી નથી ઉઠતાં, બેસતાં, ખાતાં, પીતાં, સૂતાં, ચાલતાં અને હાલતાં રાત્રી દિવસ પળે પળે, ક્ષણે ક્ષણે, ઘડીએ ઘડીએ મદન મને બાળ્યાંજ કરેછે જુવાની દીવાની બનાવી ગભરાવી નાંખે છે મદન મને મુંઝાવી નાંખી ઘેલી બનાવી દે છે; જેનો ચિતાર નીચેના કાવ્યપરથી જણાઇ આવશે.

*   *   *   *

'મૂગ્ધાનું માન મુકાવે, તાપસનું તપ તજાવે,
જ્ઞાનીનું જ્ઞાન વર્જાવે, વાહુ ધન્ય તને મદન;
અજબ નિશો છે પ્રેમનો, અગન અગન કરે તન,
મગન લગન લાગી રહે, ભ્રમીત બનાવે મન;
ભિતરમાં છે ભટકાતી, નથી નજરે તે નીરખાતી,
કોઇને નહીં તે કહેવાતી, બાળી દે આખુ બદન.'

માટે મોહન મનમાં મમતા લાવી આ તપતા જીવનું દુઃખ દુર કરી સમતા કરવા કૃપા કરશો ! આથી વધારે હું શું લખું ! મારૂં તન મન ધન હું આપને અર્પણ કરી ચુકી છું. પ્રિયે દાસી ઉપર સદા પ્રેમ દૃષ્ટી રાખવી જોઇએ. આ પ્રેમ પત્રિકાને પવિત્ર પ્રેમની નિશાની અમુલ્ય સમજી પ્રાણસમાન ગણી સંભાળી રાખવા કૃપા કરશોજી એજ હૃદય ભાવના !' લી.

આપની પરમ પ્રિય

કેસર.

"અરે આ શું ? કેસરનો કાગળ ? આવાં અપવિત્ર વચનો ? કેવી નિચતા, પણ હું ભૂલુ છું. આ કાગળ કેસરનો હોયજ નહીં. કદાચિત પેલો લટકલાલ મારા આવા સુધરેલા ટ્યુશનની જોકીંગ કરતો હશે ! તેને ઘણીવાર મારી મશ્કરીઓ કરવાની હેબીટ ટેવ છે. અરરર કેવા મલીન વિચાર ! અરે આ અક્ષરો તો કેસરના છે. પોઝીટીવ્લી ધીસ આર ધી હેન્ડરાઈટીંગ્સ ઓફ કેસર! ધેર ઇઝ નો ડાઉટ એબાઉટ ઇટ, આમાં જરાએ શક નથી. પ્રભુ તોબા તોબા, જુલમ જુલમ, આજ કાલની ઉછરતી છોકરીઓએ ભણી ગણીને ભવ બાળવા માંડયો અરેરે આ કેળવણીના નામ પર આવી દુષ્ટ બાળાઓએ કાજળ લગાડવા માંડયું !' કેસર, કેસર તારી આવી હલકી વર્તણુક? અરે દુષ્ટા તારી આવી બુદ્ધિથી આખી હીંદુ કોમમાં કેળવણીના નામ પર તાળાં દેવાશે ! અરે પાપણી કન્યાશાળાના બારણા પર હવે તાળાં દેવાશે ! આહા તેમનાં માબાપની કેવી કેળવણી ? માતાઓની કન્યા તરફ કેવી દરકાર ? હા....હવે....શું કરવું ? મને આવી સ્વપ્નામાં પણ ખબર નહોતી કે આવાં પરિણામ

ટ્યુશનનાં આવશે? અરરર કેસર ભણેલી,ગણેલી,વિદ્વાન અને શ્રીમંત છે, વળી મેટ્રીક્યુલેટેડ છે, વળી તે ઉપરાંત કેળવાયલા ગ્રેજ્યુએટ પતિની પત્ની છે; છતાં આવા હલકા વિચાર તેને અત્યારે શી રીતે સૂઝયા હશે? શિવ, શિવ, શિવ હવે ભણાવાનું તજી દેવું. આજ કાલની ઉછરતી અર્ધદગ્ધ છોકરીઓ ભણી ગણીને કેળવણીનો ઉપયોગ આવા વ્યભિચારના કાગળો લખવામાં કરેછે. અરેરે ધિઃક્કાર છે કેસર તને કોટી ધિઃક્કાર છે! સુધારા, સુધારા તેં આર્ય સંસારનું સત્યાનાશ વાળ્યું.?

* * * *

'ચઢી સુધારે નખ્ખોદ વાળે કુલીન ઘરની બાળા,
બની દિવાની જુવાની માંહી કરતી અજબ ચાળા-૦
જપે તે મદન કેરી માળા કરી કુકર્મ લજવે શાળા;
દેવાયે સ્ત્રી કેળવણી પર એક પાપે તાળા-૦
નહીં ધાક જરા ઉર ધારે વર વેચી મોજ ખુબ મારેઃ
ભણી ગણીને શીખે શાણી છાનાં છીનાળાં-૦"

"અરે માસ્તર સાહેબ છો કે?"

"એ કોણ છે?"

"તમારી દાસી."

"કોણ કેસર?"

"જી હા."

"કહો કેમ આવ્યાં?"

"આપની સાથે વિનોદ કરવા!"

"ભલે બ્હેન ભલે, ભાઈ સાથે ખુશીથી વિનોદ કરો!"

" અરે તમે કેવા અવિચારી છો, અહીં તમારી બ્હેન ક્યાં છે?"

" અરે તમેજ મારી બ્હેન છો, અને હું તમારો ભાઇ છું!"

" અરે માસ્તર, માસ્તર જરા વિચાર કરો! બેનરલેસ ન થાઓ! હું તમારી બ્હેન નથી પણ તમારા નેનની પ્યાસી છું, તલસીછું. મારા ચતુર ચંદ્ર હું તમારા દર્શનની આતુર ચકોરીછું.

" અરે કેસર, કેસર, જરા વિચાર કરો. બોલતાં જરા પ્રભુનો ડર રાખો. હું કોણ છું. તેનું ભાન રાખો!"

" અરે તમે મારા જીવન પ્રાણ છો! રસઘેલા રસીકવર આ રસવેલીને પ્રીતિરસ સીંચી પ્રફુલ્લિત કરો;

* * * *

'અલબેલા અલબેલીને શીદ અકળાવો',
રસઘેલા રસવેલીને પ્રીતિજળ પાવો;
પ્રેમ ઘેલી વેલી ભલી કરે વૃક્ષથી પ્રીત,
સુકાય પણ મુકે નહીં એ પ્રેમની રીત.
મદ ઘેલા મોહન નમેરા ન થાઓ-૦
પ્રેમ બુરો આ વિશ્વમાં પ્રેમીજન પકડાય,
મિન મણીધર મધુકરો પતંગ પરવશ થાય,
પિયુ છેલા શું છેહ દઇને સતાવો-૦
નાથ નમેરા શું બનો ધરો દીલે દરકાર,
દીલ દેખી દીલ આપતી ભોળી આ દીલદાર,
મોહનજી શીદ મોહ કરીને મુંઝાવો-૦
નગણી નારી નાગણી કારી નરકની ખાણ,
મધુર મધુર મુખથી વદી હરે પુરૂષના પ્રાણ,

સલુણાજી સીદ રંકને નિત ટીંગળાવો-૦ ”

“ અરે પાપણી, પીશાચણી, જરા પરમાત્માનો તો ડર રાખ!

“ અરે અહીંના તો તમેજ પરમ આત્મા છો ! ”

“ અરે ભગવાન, આજ કાલની નાહાન ઉછરતી ભણેલી ગણેલી અર્ધદગ્ધ છોકરીઓથી થાકયા, થાકયા, બાપા થાકયા, અરે કેસર હવે તુ તારે ઘેર ચાલી જા. તું અહીં કેમ આવી છું ? ”

“ આપને શાન્તી આપવા. ”

“ અરે જા બ્હેન ભલી થઈને ચાલી જા. હું તો તારાથી થાકયો, તારી ઇચ્છા અહીં કોટી ઉપાયે પાર પડે તેમ નથી, એ નિશ્ચય સમજજે! હું તો તારો ભાઇ છું અને તું મારી બ્હેનછું.!”

“ બહુ સારૂ લ્યો હવે આ ઇનામ તો લ્યો ! ”

“ શાનું ઈનામ ? ”

“ હું મેટ્રીકયુલેશનમા પાસ થઇ તેની ખુશાલીની બરફી અને આ સોનાની કંઠી ”

“ અરે બળી તારી બંરફી ! ”

“ અરે માસ્તર એતો સ્નેહની અશરફી ! ”

“ અરે જહાન્નમમાં ગઈ તારી અશરફી, બરફી અને ઉંથી તારી કંઠી ! ”

“ અરે લ્યો આ કંઠી પ્રેમથી ગળામાં પ્હેરો ! ”

“ છટ્ છટ્ છટ્ દુર રહે, તારા જેવી વંઠી ગએલી છોકરીની કંઠી મારે વિષ્ટા તુલ્ય છે ! કેસર તું હવે છેક હદ બહાર જતી રહી. આવો નીચ પત્ર લખતાં તને કાંઇ પણ શરમ ન આવી ? અરે આતે શું વિદ્વાન સ્ત્રીઓનું ભૂષણ ? શું આને તું સાચો

સુધારો માને છે ?" કહી પત્ર કાઢી ફેંકી દે છે; કેસર તે પત્ર લઇ માસ્તરના ખીસ્સામાં ઘાલે છે.

"અરે હાં હાં માસ્તર શું આટલી બધી ક્રુરતા ? અરે આ કેસરને તમારા વગર બીજું કાંઇ ઠેકાણું છે ?"

"અરે કેસર, તારૂં કુળ કોણ ? તું કેવી ? તારી સ્થિતિ કેવી ? તારા વડીલોની આબરૂ તરફ નજર કર. તું પરણેલી તરૂણ છું, માટે તારે આવું વિભળ ચંચળ મન ન રાખવું જોઇએ. હું તો તને અત્યાર સુધી મારી બ્હેન સમજીને ભણાવતો હતો, અત્યારે તું શું કરવા તૈયાર થઇ તેનો વિચાર કર ! યાદ રાખજે જારી એ નર્કની બારી છે !"

"અરે માસ્તર એવી વેદાન્તની વાતો તો મને બહુ આવડે છે. મેં બધોયે વિચાર કર્યો છે, મારે હવે કરવું શું તે મને કહો. મારા ફાધરે મને એક બુદ્ધિહીન જંગલી કેવળ મૂર્ખ ગામડીઆ ધણી જોડે પરણાવી; તે તો ફક્ત નામનોજ બીએ થયો છે, અરે તેણે બીએ પાસ કરીને કોલેજને અને અંગ્રેજી કેળવણીને લજવી મારી છે. એવા અનઘડ સાથે મારૂં પાનુ પાડયું ! લગ્નની જે પ્રતિજ્ઞાઓ છે તેતો તેઓએ મારા અજ્ઞાનપણામાં કરાવી દીધી છે. તે અત્યારે મારે ના કબુલ છે. જ્યારે હું પરણી તે વખતે મને ધણી શુ ? લગ્ન શું, અને હું કોણ એનો બીલકુલ આઇડીયા ખ્યાલજ નહોતો ! હવે હું ભણી, સુધરી, ખરા ખોટાનો વિચાર કરતી થઇ, એટલે તે બુદ્ધિહીન ગામડીયા મેનરલેસ ધણી સાથે રહી મારો જન્મારો વ્યર્થ ગુમાવું ? ના, ના તે કદી બનશે નહીં, હું મારો સંસાર સાથે કરીને દુ:ખી કરનાર નથી. હુ તે

મૂર્ખ સાથે છુટા છેડા કરી હાઈકોર્ટ મારફતે ડાઈવોર્સ લઇશ તે નક્કી સમજજો."

"કેસર,કેસર, તું આ શું બોલે છે? તું પવિત્ર આર્યભૂમીની કુમારિકાછું. વિલાયતની નથી. ડાઈવોર્સ લેવો તને છાજે નહી!"

"એ હું તો લેવાનીજ! પોઝીટીવ્લી, સ્યુઅરલી, સરટનલી, ધેર ઇઝ નો ડાઉટ ઈન ઇટ. તેમાં કાંઈ શક નહીં!"

"કેસર ગઇ ગુજરી વાતનો ઉપાય નથી. તારા જેવી વિદ્વાન સુંદરીએ તો પોતાનો પ્રિયતમ મૂઢ અને અભણ હોય તોપણ તેને ભણાવી ગણાવી સુધારી લઈ તારા ઘર સંસારને સુખી કરવો જોઈએ. જ્યારે તમે સુધારાનાં હિમાયતી થઇને તમારા ઘરનાજ માણસને સુધારી શકશો નહીં ત્યારે બીજાને શું સુધારી શકવાનાં હતા?"

"યસ યસ મી. માસ્તર, હું ફકત જયન્તીલાલ સિવાય આખા દેશને સુધારવાની હીમત ધરૂ છું. યુ વીલ સી માય મોલર કરેજ ઇન શોર્ટ ટાઇમ. તમે મારી જાહેર હીમત થોડાજ વખતમાં જોશો!!" હું એ મૂર્ખથી હારી છું ટાયર્ડ થઇ છું."

"અરે અવિચારી અબળા, તું શા માટે તારા સ્વામીને મૂર્ખ કહીને પાપમાં પડે છે. ઓ નીચ નારી તું જેવો જયન્તીલાલને મૂર્ખ કહે છે તેવો તે નથી. શું તારો ધણી બીએ પાસ થઈને પાટલુન કોટ બુટ ચશ્મા અને સ્ટીક ઝાલતો નથી તેથી તને ગમતો નથી.?"

"માસ્તર. એક નુર આદમી, હજાર નુર કપડાં;
લાખ નુર ટાપટીપ, કરોડ નુર નખરાં."

" પણ એ તારી ભૂલ છે. આજના જમાનામાં જયંતીલાલ બીએ સુધી જ્ઞાન મેળવી બીએનો સાચો ભેદ સમજે છે; બાકી બીજા અર્ધદગ્ધ જુવાનીઆ બીએ પાસ કરીને પોતાની પરસનાલીટી ધર્મ અને મોરેલીટી ભુલી જઈ હાફ ક્રીશ્ચીયન જેવા થઇ જાય છે. અર્થ શાસ્ત્રના નિયમોને પોલીટીકલ ઇકોનોમી ભણી ભણીને છાપરે મુકે છે, અને દરેક બાબતમાં અગ્રેજોના રિતી રીવાજોનું અનુકરણ કરી પોતાના ઘર સંસારને ઉડાઉ કંગાલ અન દુ:ખમય બનાવી દે છે, તેઓ રીત રીવાજ ફેશન અને ટાપ-ટીપને ફોલો અનુકરણ કરે છે પણ અંગ્રેજોના સંપ, અને ભારે પગારનું અનુકરણ કરતા નથી જો તેઓ અંગ્રેજોના સંપ, ભારે પગાર, દેશાટન, સાહસિકપણું, વિદ્યાભ્યાસ, બ્રહ્મચર્ય અને તેમની કામ કરવાની નિયમિતતા રેગ્યુરીટીનું અનુકરણ કરે તો તેમનો સંસાર કેવો સુખમય થાય ! પણ તેમ નહીં કરતાં તેમનાં ખાનપાન અને પહેરવેશનું અનુકરણ કરી પોતે વટલાઇ જાય છે, અને બીજાને વટલાવી મારી આખો ઘરસંસાર ખરાબ કરે છે, એટલુંજ નહીં પણ ખાનપાન અને પહેરવેશની હીમાયત કરી નવયુવાન યુવકોને ફેશનને રસ્તે ચઢાવી ઉડાઉ, તોછડા અને અર્ધદગ્ધ બનાવે છે, તારો ધણી જયન્તીલાલ પંદર રૂપિઆના પગારમાં જે મળી શકે અને બચાવી શકે તેના પ્રમાણમા તેનો ઠાઠમાઠ રાખે છે, અને તારી ઇચ્છા વિરૂદ્ધ થઇ તને કરકસર યોગ્ય પવિત્ર પૂરાણા રિતીરીવાજોનું અનુકરણ કરવાનું કહે છે, તેથી તને તે ગમતો નથી, પણ ઓ મૂર્ખ નારી તે તારી મોટી ભૂલ છે; તને પાછળથી ઘણોજ પસ્તાવો થશે. યાદ રાખજે તારા સ્વામી

જેવો દેશાભિમાની, પ્રમાણિક, નીતિવાન, વિદ્વાન અને સર્વદા દેશનું દરેક બાબતમાં કલ્યાણ ચહાનાર ગ્રેજ્યુએટ આ જમાનામાં મળવો મુશ્કેલ છે. તેના જેવો દેશી કારીગરીને ઉત્તેજન આપનાર અને દેશી પોશાકમાં ફરનાર બીજો કોઇ ગ્રેજ્યુએટોમાં જડી નહીં આવે.

જગતમાં તારો ધણી જેવો સુંદર, ગંભીર, મોહક અને રૂપાળો દેખાય છે તેવો કોઇ ગ્રેજ્યુએટ આ જમાનામાં દેખાનો નથી. રૂપાળુ સુંદર નાગપુરી ધોતીયું, માદરપાટનો દોરીઆના બોરીઆવાળો ત્રણ કાપનો દેશી ઘાટનો કબજો, અથવા માદરપાટની બંડી અને ઉપર સુંદર ઝીણું કેડીયું, પગમાં દેશી જોડા માથે ગુજરાતી ઢબની દેશી પાઘડી અને ખભે હીરકોરી ખેસ અને હાથમાં છત્રી ઝાલી ચાલે છે ત્યારે એવો તો સુંદર અને ગંભીર દેખાય છે, કે જેનું મારાથી વર્ણન થઇ શકતું નથી, અને આજના જમાનાના ફેશનનાં પુંદાં ગ્રેજ્યુએટો રૂશયન લેધરના બુટ, સ્ટોકીંગ, પાટલુન, ખમીસ, વેસકોટ, કોટ, કેપ આંખે ચશ્મા અને લાકડી ઝાલી યસ નો કરતા સાહેબના બબરચી જેવા દેખાય છે, તેમને જોઇને પોળનાં કુતરાં પણ તેમના પહેરવેશપર આફ્રીન થઇ વેલકમ કરે છે, અને વખતે ભેટો કરી લવલીકીસ લઈ લે છે, તો બીજા લોકો તેમને જોઇ કેમ હરખાતા હશે તેનો તોલ તું કરી લે! અંગ્રેજ લોકો તો તેમની ખુલ્લી મશ્કરી કરે છે અને હમેશાં કહે છે કે અમે તમને તમારા દેશી પોશાકમાં જોવાને હમેશાં ઇચ્છીએ છીએ."

બસ કરો, બસકરો માસ્તર બસ કરો. હવે મારાથી તમારૂં

કશું સંભળાતું નથી. હમણાં ને હગણાં મારૂં ભેજુ હાથમાંથી ખસી જશે."

"કેસર, વળી વિશેષમાં તારે ખુશીથવાનું એ હતું કે તારો ધણી સ્વતંત્ર ધંધામાં મહીને પંદર રૂપીઆ કમાતો હતો, પણ તે બિચારાને તેં ઘરમાંથી દુર કરવામા ઉદ્ધતાઇ વાપરી; તે તારી ઉદ્ધતાઇનો આગળ ઘણો પસ્તાવો થશે."

"અરે એતો હું બધુંએ સમજી છું. સાહેબ લોકોના બુટ લરો પણ મહીને પચીસ રૂપીઆ કમાય છે. કોળી, મોચી અને વાઘરી જેવા લોકો પણ સંચાના સ્વતંત્ર ધધામા પચાસ રૂપીઆ મહીને મેળવે છે, તેમાં શી નવાઇ! પેટ તો કુતરાંઓ પણ ભરે છે, ભીખારીઓ ભરે છે, ચોર પણ ભરે છે અને મોટા મોટા ઓફીસરો પણ ભરે છે, તેમાં ઓફીસરોનું પેટ ભર્યું પ્રમાણ છે. પોતાના હોદ્દાને છાજે તેવા ઠાઠમાઠથી ગુજરાન ચલાવવું તેનુંજ નામ ગુજરાન છે, બાકી બીજું ભઠીઆરૂ છે, વૈતરૂ છે અને ભીખ છે. તમારા જેવા બી. એ. થએલા પણ જયન્તીલાલની ભૂલને કબુલ કરતા નથી તે ઘણી નવાઇની વાત છે, તમે બીજાને શી ખામણ આપો છો ત્યારે તમે શા માટે બુટપાટલુનકોટનો ત્યાગ કરતા નથી?"

"હા તારૂં કહેવું બરાબર છે. હું પણ મોટો ભણેલો બેવકુફ છું. મારે મારા પાપી પેટના પોષણને સારૂ આ બુટ પાટલુન અને કોટને રાખવાં પડયાં છે. શું કરૂં? હું જાતે માંદો અને અશક્ત છું, વળી ગવર્નમેન્ટ સરવીસને માટે લાયક નથી, તેમાંયે મારે પ્રાઇવેટ ટયુશન આપી આપીને ગુજરાન ચલાવવું પડે છે.

ટયુશન પણ તમારા જેવા ખાનદાન અને સુધરેલા કુટુંબમાં આપવાનું હોય છે તેથી જો હું લેંઘા જેવો અગર દેશી પોશાકમાં રહું તો તમારા જેવાં અર્ધદગ્ધ મને સ્વપ્ને પણ ભણાવવા ન રાખે."

"ત્યારે એમ કહી દ્યો ને કે ઠાઠમાઠમાં અને ફેશનમાં રહીએ તો બે પૈસા પેદા કરી ખવાય! શેની ખાલી ખાલી ડંફાસો મારો છો!"

"કેસર, આ મારી મોટી મૂર્ખાઇ છે. હું આજથી તારી શીખામણને માન આપી બુટ પાટલુન કોટનો ત્યાગ કરૂં છું! અને સર્વદા દેશી પોશાક અને દેશી ઢબના પહેરવેશમાં રહેવા પ્રતિજ્ઞા કરૂં છું. તારા દેખતાં આ પરદેશી પોશાકનો ત્યાગ કરૂં છું. કેપ, કેપ, બેંગ્લોર કેપ, તારા મોહમાં ફસાઇ જઇ મેં મારી દેશી ટોપી અને પાઘડીનો ત્યાગ કર્યો! આજના જમાનામાં આ કાળી તકલાદી હું ગેરીયન, બેંગ્લોર, મહારાજા, અમીર, નવાબ, લોયલ, એનકયોલીટી, એમકયોલીટી વીગેરે ટોપીઓએ દેશી બનાવટની ટોપીઓના વારસા ખુંચવી લીધા છે. દર વર્ષે હજારો રૂપીઆ પરદેશ ખાતે હીંદુસ્થાનમાંથી તણાઇ જાય છે. આ ટોપી જુની થતાં તેની એક પાઇ પણ ઉપજતી નથી, અને દેશી કીનખાબ તથા કસબની ટોપી જે લાખગણે દરજ્જે અધીક રૂપાળી બ્યુટીફુલ અને મોહક દેખાય છે તે જૂની થતાં તથા ફાટી જતાં જેના કસબમાંથી રૂપીઓ બે રૂપીઆ ઉપજે છે; અને જેમાંથી દેશીમાંથી પરદેશી થાય છે તેવી ટોપીઓને વિસારી દઇ મારા જેવા ભણ્યા [illegible] વિદ્વાન ગ્રેજ્યુએટો જે દેશનું [illegible] મગજમાં સર્વદા ફાંકો રાખે છે, અને પોતાનાં માથાં હમેશાં પ-

રહેશી ટોપીઓથી શ્રંગારે છે તેથી તેમની વિદ્યાને કલંક લાગે છે. ચાલ બેંગ્લોર કેપ તું પણ મારા માથા પરથી દુર થા. કોટ, કોટ, કોટીનના કોટ, વેનીશીયનના કોટ તેં પણ દેશી કાપડને લાત મારી તેની જગ્યા લઇ લીધી છે, માટે ચાલ તારો પણ ત્યાગ કરૂં છું. પાટલુન, પાટલુન તેં પણ ધોતીયાને કોરે મુકી દીધું છે. તારા કરતાં ધોતીયું હજારગણું દરજજે સારૂ છે, ટકાઉ છે, પહેરવામાં સુગમ પડે તેવું છે અને ફાટી જતાં કીમતી બદલો આપી બીછાનાના ઓછાડ, ખોળીઆં વીગેરેની ગરજ સારે છે, અને તું પાટલુન ફાટી જતાં કાંઇ પણ ઉપયોગમાં નથી આવતું માટે તારો પણ ત્યાગ કરવામાં આવે છે. ગયે વરસેજ અકસ્માત બન્યો હતો કે મારા મિત્રોમાંના બે મિત્રો મી. મણીલાલ અને અંબાલાલ બંને જણા દીવાળીના દીવસે દારૂખાનુ ફોડતા હતા. અકસ્માત દારૂની કોઠી સળગાવતાં ફાટી ગઇ, જેના તણખા બંને દોસ્તોને લાગ્યા અને કપડાં સળગવા માંડયાં; મારા પોત્યાદાસ મિત્ર મી. મણીલાલે પોતીયું કાઢીને ફેંકી દીધું અને પાટલુનદાસ મિત્ર મી. અંબાલાલની પોઝીશન અને ફેશનના મારને લીધે બંને [illegible]ગો સળગીને ખાખ થઇ ગઇ, માટે પાટલુન તને પણ મારા આજે નવ ગજના નમસ્કાર છે. બુટ, બુટ, રૂશયન લેધરના બુટ તેં પણ આર્ય કુટુંબોમાં નાણાંની લુંટ ચલાવી દીધી! તું પણ દર વર્ષે હજારો રૂપીઆ દેશમાથી પરદેશ તાણી જાય છે. સારા ત્રણ, પંચ અને સાત રૂપીઆની જોડા તમે પણ જતે દીવસે જુવાનીઆને ધોળે દીવસે ભીખ મંગાવનારાં છો. રૂપીઆ એકના દેશી જોડા સરસ ટકાઉ અને મજબૂત વરસ સવા વરસ

ખુશીથી ચાલે તેવા સરસ દેશી જોડા મુકી બુટમાં દેશાભિમાન રાખનાર દેવાંશી આર્યોનું મન દોડે છે તે પણ જમાનાની નવાઇ છે અને ભણેલાનું ડહાપણ છે, માટે બુટ તમે પણ મારા પગમાંથી દુર થઇ જાઓ ! ! "

" વાહરે મારા માસ્તર તમારૂં બ્રહ્મજ્ઞાન ! આ તે બ્રહ્મજ્ઞાન કે સ્મશાન જ્ઞાન ? "

" જેમ તું માને તેમ ! પણ હું તો હવે જીવતાં સુધી દેશી પોશાકમાં અને દેશી ઢબમાં રહીશ તે તું નિશ્ચય સમજજે. પણ ઓ વાચાળ નારી તારે હવે ઘણું શીખવાનું છે. "

" પણ ઓ માસ્તર મારૂ દુઃખ તો સાંભળો. "

" ઠીક, કહેવા માંડો. "

" જુઓ માસ્તર જ્યારે એ ઘેર રહ્યા હોય અને હું જરા હારમોનીયમ વગાડતી હોઉ અને મડમોની માફક સુન્દર પ્રીતિ ગિત ગાતી હોઉ તો તે તરતજ મને કહેશે કે ' શું મઝાનો ગદ્ધા મલ્હાર ચલાવ્યો છે, અરે આ તે વળી શી ટક ટક ! માથાફોડ મૂક, રહેવા દે, રહેવા દે તારા હરમાનીઆને બંધ કર, મારા તો કાન ફાટી ગયા, કાંઇ પ્રભુનું ભજન ગા કે કાયાનું કલ્યાણ થાય' હવે કહો મારે તેમની આવી વર્તણુંક ઉપર શી ટીકા કરવી ? કદી જો હું પ્રેમથી સ્વચ્છ સાકર ચોપડી મારે હાથેજ તૈયાર કરેલા પાંઉ, બીસ્કુટ અને કેક તેમને આપવા જાઉં તો જેમ અડદના દાણા દેખી કેસરપપ્પુઓ કુદે છે તેમ તે પણ કુદીને કહેશે કે " અરરરર, ઓ રાંડ કુતરી નાંખી દે, વટલાવી માર્યા, મને તો એમાં દારૂની ગંધ આવે છે. રાંડ આપણે તો ગલપાપડી, શાકર

પાક, દુધની પૂરી, મલાઈ દુધ વગેરેજ ઉત્તમ." કહો મારે હવે શું કરવું ? હું એક દીવસ તેમનું માથું દુખતું હતું તેથી શેરબરી અને લેમોનેડ લાવીને આપ્યાં, એટલે તરતજ તેમણે પથરા પર નાખી ફોડી નાંખ્યાં અને મને મારવા આવ્યા. એક દીવસ તેમને સખત ઉધરસ થઇ હતી, નબળાઇ ઘણી આવી હતી, ત્યારે ગી. મરઘા ડાકટરની ટ્રીટમેન્ટ પ્રમાણે હુ ઇનવેલીડ પોર્ટવાઇન બજારમાંથી લાવી જરા દુધ સાથે મિશ્રિત કરી તેમને પાવા માંડયો ત્યારે આખી બાટલી ઉઠાવીને મારા કપાળમાં મારી, સ્કોટ ઇમલશન, માલ્ટાઇન અને ઓવરીલની કીમતી દવાઓ મારા ફાધર પાસે મેં આગ્રહ કરી તેમના સારૂ મંગાવી અને તેમને પાવા માંડી ત્યારે સઘળી બાટલીઓ બારીએથી બહાર ફેંકી દીધી અને મને વટલેલી ગણી તેમની પાસે આવવા પણ દીધી નહીં, તેમણે તો વસંતમાલતી, જીવન, અરડુશીનો અવલેહ ફક્ત દવા તરીકે લેવા માંડયો, અને સઘળી વિલાયતી દવાઓ મને ગાળો ભાંડી બહાર ઢોળી દીધી. હું એક દીવસ તેમને માટે મારા હાથથી રેશમી ભરત ભરેલી ચામડાની સપાટો શીવતી બેઠી હતી ત્યારે મને આવીને એકદમ માથામાં ટપલી મારીને કહેવા લાગ્યા કે અલી સુધરેલી, આ મોચણનો ધંધો તું કોની પાસેથી શીખી ? એક દીવસ મેં મડમની માફક વાળ ઓળ્યા, અને ઇંગ્લીશ ઘાટની પોલકા માફક ચોળી શીવડાવી અને પગમાં સપાટ પહેરી તેમની સાથે હેતમાં ને હેતમાં સેકહેન્ડ કરવા ગઇ ત્યારે મારો હાથ ઝાલી મને જે ધકકો માર્યો કે હું બે ગોડીમરાં ખાઇ ગઇ. માસ્તર આવી મારા દુઃખની અને કરમની કહાણી છે. મેં

મારી જીન્દગાનીમાં કોઇનો હુંકારો કે અનાદર સહન કર્યો નથી. જે કાંઇ સહન કરવું પડે છે તે એમની તરફથીજ! હું તો એમને જીવતાં મુએલાજ માનું છું."

"જ્યારે તારા જેવી ભણેલી ભામની જીવતા ધણીને મુઓ નહીં ગણે ત્યારે બીજી કોણ ગણશે?"

"માસ્તર હું નહીં પેલી દેશી ભીખારણો જેવી સ્ત્રી સમજ્યા? હું તે હુંજ છું."

"હા ભાઇ હા હું તને ઓળખું છું કે તું એક અજબ પૂતળું છે."

"માસ્તર, આપણી બેવકુફ સ્ત્રીઓ, ગામડીઅણો, ભીખારણો, ગમાર, ટોઆં કપાળમાં શેર શેર કંકુ લગાડી, નાક કાનમાં મોટાં કાણાં પડાવી લોળીઆં અને કાંટા પહેરનાર હાથપર તથા મોંપર છુંદણાં પડાવી રાગ નામ લખાવનાર, શરીરને હાથે કરી કદરૂપુ કરનાર, બે આને ગજની છીંટની ટુંકી ચોળીઓ પહેરનાર, ગળામાં બશેર કીડીઆંની માળા પહેરી હાથમાં લાકડાનાં બલઇઆં શીખળાં પહેરી આખા શરીરને વિચિત્ર બનાવી સતર ઠેકાણે ઠીગડાં લગાવી, દશ ઠેકાણેથી ફાટેલું જૂનું ગંધાતુ કંતીઆન પહેરી ચુલા આગળ બેસી મોટાં ચકરમ ભાખરા, બાજરાના ટીકા કે જે ઉઠાવીને માથામાં માર્યો હોય તો દોઢ શેર લોહી કાઢે, અથવા ચાવ્યો હોય તો દાંત પડી જાય અને આખાં જડબાં હાલી જાય એવા રોટલા શેકનાર, લોટ બાંધતી વખતે નાકના સબડકા મારતી જાય, થાળીમાં લાળ અને લીંટ નીતરી કણેકમાં સમાઇ જાય, તેમના કંત્યાનનાં ચીંથરાં લોટમાં રગદોળાય તેનું

ભાન ન રહે એવી બબુચકો છે; તેમાંની જો એક એમને મળી હોત તો બધી ખબર પડત; એવી બુડથલના હાથની રસોઇ તમારા જેવા સુધારાના હડહડતા શત્રુઓ પ્રેમથી આરોગે; જરા પણ સૂગ ન આવે અને બહાર વાત કરતાં પવિત્રતાની પુંછડી થાય; મોટા પંડીતનો ફાંકો રાખે અને એવી લેધા, ડોબા અને ગમાર જેવી સ્ત્રીઓ કે જે ધણીને ગણે પણ નહીં તેમને સારી શાણી અને પવિત્ર ગણે; અને મારા જેવી સુધરેલી શાણીને વિફરેલી વાંદરી ગણે એ પણ આજના જમાનાની નવાઇ છે."

"શાબાશ કેસર ધન્ય છે તારા વિચારને! તારા જેવી ભણેલી ગણેલી ભામનીઓથીજ હિંદુસ્તાનનો ઉદય થવાનો! શિવ, શિવ, શિવ આજ કાલની ઉછરતી છોકરીઓએ શિયળ ધર્મ અને વિનયનો નાશ કર્યો! આખા આર્ય સંસારને તમારા જેવા અર્ધદગ્ધ સુધારકોએ ભ્રષ્ટ કરી નાંખ્યો. કેસર આજે તારા વિચાર સાંભળીને મારો અશક ઠંડો થઇ ગયો છે! હું અત્યાર સુધી એમ સમજતો હતો કે હિંદુસ્તાનની પાયમાલી હિંદુસ્તાનના પ્રમાદી રાજા રાણાઓએ કરી પણ આજથી મારા વિચાર બદલાતા જાય છે. દેશની પાયમાલી કરનારાઓમાં તમારા જેવાં સુધારકો પણ આગળ પડતો ભાગ લીધે જાય છે."

"અરે માસ્તર તમે મારા દેશાભિમાનના વિચારો જાણ્યા છે. જો ન જાણ્યા હોય તો વાંચો પેલું સુન્દરી શ્રંગાર માસીક! એમાં પહેલો લીડર મારો છે. માસ્તર હવે મારો અને તેમનો ધણી ધણીઆણી તરીકેનો સંબંધ ટકવાનો નથી. મારા કપાળમાં આ એક લગ્નનો ટીકો લાગેલો છે, તે તો મારી મેળે ગમે

તેમ કરીને પણ થયો ન થયો કરી નાંખીશ."

"ઓ મૂર્ખ સ્ત્રી જરા બોલતાં વિચાર કર. સૂર્ય અગ્નિ અને બ્રાહ્મણની સમક્ષ થએલાં તારાં લગ્નને તું શી રીતે ફેરવી નાંખીશ? શું તું નાતરે જઈશ? પુનર્લગ્ન કરીશ કે વટલાઇ જઈને ક્રીશ્ચીયન થઇશ? ઓ બેવકુફ બાળા ભણી ગણીને અંતે આવા ચાળા શીખી? મેં તને અત્યાર સુધી ભણાવી તેનું આ પરિણામ થયું? ભગવદ્ગીતા અને સતિ ગીતા ભણીને તેં આ સાર કાઢયો? તારી કોલેજનું નોલેજ આવી ચીઠીઓ લખવામાં સમાગ્યું? ઓ અવિચારી નારી તારા જેવી સ્ત્રીઓને વાસ્તે બંગાળાનું કાલિનાગ પેપર શું લખે છે તે વાંચ. લે આ રહ્યું જરા અક્કલ ઉઘાડી ઇશ્વરની ખાતર વાંચ."

"મારે તો કાંઇ વાંચવું નથી. તમારે વાંચવાની કે વચાવવાની ગરજ હોય તો વાંચી સંભળાવો."

"લે હું વાંચુ છું સાંભળ,

'આજ કાલની કેટલીક અધુરા જ્ઞાન વાળી સ્ત્રીઓ વિદ્વાનનો ડોળ ઘાલી અંગ્રેજોના રીતિ રીવાજો અને ખાનપાનનું અનુકરણ કરી તેમને પગલે પગલે ચાલવાનો પ્રયત્ન કરે છે. સંસાર વ્યવહારમાં જોઇતું નીતિ ધર્મ અને વિનયનું શિક્ષણ નહીં આપતાં કેટલાંક ઉડતાં અને ભ્રમિત વિચારનાં માબાપો પોતાની કન્યાઓને અંગ્રેજી ભણાવી મેટ્રીક અને બીએ પાસ કરાવવામાં ખાસ લક્ષ આપે છે. કન્યાઓ ધાર્મિક અને વ્યવહારીક કેળવણીનો ખરો ભેદ જાણવો ભૂલી જઇ ટાપટીપ, ફેસન, આડંબર અને મિથ્યાભિમાનના તાનમાં તણાઇ જઇ અવળે રસ્તે ચઢી જાયછે.

સ્વચ્છંદી અને સ્વતંત્ર બની હરવા ફરવાની ખાવા પીવાની અને પહેરવા ઓઢવાની ખર્ચાળ ઉડાઉ અને અછાજતી ટેવને આધીન થઈ જઈ મનફૂર બની મા બાપ, સાસરીઆં, અને ધણીની આમન્યાને કોરે કરી મન ફાવતુ કરે છે. તેમના સંસાર વ્યવહારમાં આવી પડતાં અનેક સંકટો, સુવાવડની મુશીબતો, મંદવાડો, મરણાદીક પ્રસંગો, ટાણા ટચકાનાં કારજ પ્રસંગો અને ઓચિન્તી આવતી વિપત્તિઓના વખતે તેમને શાળામાં અપાતું જોગ્રોફી, હીસ્ટરી, જોમેટ્રી, ઓલજીબ્રા અને સંગીત વિદ્યાનું શિક્ષણ કાંઈ કામમાં આવતું નથી, તથા વિપતિઓને કોરે નહીં કરતાં અતિશય ગભરાટ, અતડાપણું અને મિથ્યાભિમાન વધારી બેવડુ દુઃખ ઉત્પન્ન કરે છે. શાળાનું પોપટીયુ શિક્ષણ સંસાર વ્યવહારની ખામીઓના અદભૂત ચાળા ઉત્પન્ન કરે છે; અને છેવટે સુધારાના કાળા લાળા આમાન્યાપર ઘસાવી ધર્મ અને નિતીને લુંટાવે છે. પોપટીયુ શિક્ષણ કોણ જાણે શા કામમાં આવશે ? તે શિક્ષણથી કેવી રીતે પોતાનો સંસાર સુખમય કરીશકાશે તે વાત અર્ધદગ્ધ સુધારકોના મગજમાં ઠસતી નથી એ પણ એક ભૂંગળ વિનાની ભવાઈ છે અને સુધરેલા જમાનાની નવાઈ છે. કેટલાક લોકો પોતાની સ્ત્રીઓને અને કન્યાઓને અંગ્રેજી ઢબના પોશાક પહેરાવીને રાજી થાય છે; કેટલાક લલાટેથી કુમકુમનો ચાંદલો કાઢી નંખાવી રાજી થાય છે, કેટલાક લાજ કાઢવી કાઢી નંખાવીને રાજી થાય છે, કેટલાક આમન્યા તોડાવી પોતાની સાથે સ્ત્રીઓને બાગ બગીચા, નાટકશાળા, સભા અને જાહેર મંડળોમાં લઈ જઈને રાજી થાય છે, કેટલાક બીસ્કુટ પાંઉ અને કેક બનાવરાવીને રાજી

થાય છે; કેટલાક ફીડલો હારમોનીયમો અને સતાર શીખવાડીને રાજી થાય છે; અને કેટલાક તેમને મન ગમતી છુટ આપી ભાષણ કરાવવામાં રાજી થાયછે. આ છુટનું સ્વતંત્રતાનું અને સુધારાનું પરિણામ દીવસે દીવસે વિપરીત આવતું જાય છે. સ્ત્રીઓ સ્વામીને નોકર જાણુતી જાય છે; અને સ્વછંદી બની અનાચારના રસ્તે છચોક ચઢતી જાય છે; પવિત્ર પ્રેમના પૂરાણા સંસ્કારોને હૃદયમાંથી ઉખેડતી જાય છે; અને ઉડાઉ બની સંસારને કંગાલ અને દુઃખમય બનાવી પોતે દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે.'

આ પત્રકારની ટીકાને હાલની તમારી સ્થિતી ખરેખર મળતી આવે છે. હાથે કરી દુઃખી ન થાઓ કાંક આર્ય ધર્મનું અને આર્ય ભૂમીનું અભિમાન મગજમાં રાખતાં શીખો."

"અરે માસ્તર, તમારી આ ફીલોસોફીનું લેકચર મારે કાંઇ કામનું નથી."

'ત્યારે તને સતકોટી ધિક્કાર ફીટકાર ફીટકાર છે!"

"પણ મારી ચીઠાનો શો જવાબ આપો છો?"

"તારા નામ પર થુ!"

"અરે થુ કહે તે કાંઇ ચાલે?"

"ઓ દુષ્ટા તું મારૂં મકાન છોડી એકદમ ચાલી જા!"

"અરે આ રમણીની આશા તૃપ્ત કરો!"

"અરે તું રમણી કે રાક્ષસી? ચાલ એકદમ દુર થા નહીંતો આ ડંડાથી તારી આશા તૃપ્ત કરીશ!"

"અરે માસ્તર જીવાડો કે મારો, પણ મને તો ઠારો!"

"ઓ દુષ્ટા રાક્ષસી દુર થા."

*　　*　　*　　*

શીદ શરમાવો શિદ ગભરાવો દીલદાર દયા દીલ લાવો,
દુર દુર થાવો, મુખ છુપાવો ભણી ગણી શીદ જાત લજાવો;
જાતલડી મારી પ્રેમ વિરહે કરમાણી,
રાતલડી નાંખે નયન નિસાસા તાણી;
નીતિ વિચારો પતિવ્રત ધારો, ધર્મે શરીર સુહાવો;
શિદ અટળાવો રસ રેલાવો નમણી રમણી ન મુંઝાવો-૦"

" ચાલ ચાલ કુલટા એકદમ અંહીથી દુર થા. ભણી ગણીને ધંધા તો આવો શીખી ને ?

*　　*　　*　　*

" રમણી નહિ તે રાક્ષસી જે ભિતર વિષ ભરપુર છે,
રમણી નહિ તે રાક્ષસી જે વિષયમાં ચકચુર છે;
રમણી નહિ તે રાક્ષસી પ્રભુતા તણું જ્યાં પુર છે,
રમણી નહિ તે રાક્ષસી બમણી બધે મશહુર છે.
રમણી નહિ તે રાક્ષસી જે અશુદ્ધ ઉર અપાર છે,
રમણી નહિ તે રાક્ષસી એળે ગયો અવતાર છે;
રમણી નહિ તે રાક્ષસી કુળમાં કલંકીત જે જરી,
રમણી નહિ તે રાક્ષસી કે કાળા મોંની કુતરી.
રમણી નહિ તે રાક્ષસી બહુ રોળ બગલીનો ધરે,
રમણી નહિ તે રાક્ષસી નથી ખલકમાં ખપની ખરે;
રમણી નહિ તે રાક્ષસી રીતિ કે નીતિ નથી જાણતી,
રમણી નહિ તે રાક્ષસી પર ઉપર પ્રીતિ આણતી.
રમણી નહિ તે રાક્ષસી ભવમાં ભટકતી જે ફરે,

રમણી નહિ તે રાક્ષસી જે મલીનતા હૃદયે ધરે;
રમણી નહિ તે રાક્ષસી શુભશીખ જે નવ સાંભળે.
રમણી નહિ તે રાક્ષસી જે અવર સુખે અંતર બળે.
રમણી નહિ તે રાક્ષસી બહુ ઠાઠ ઠગવાનો કરે,
રમણી નહિ તે રાક્ષસી જે વણ વિચાર્યું આચરે.
રમણી નહિ તે રાક્ષસી ધિઃક્કાર શંકર કહે અરે,
રમણી નહિ તે રાક્ષસી જીવ્યું બળ્યું જગમાં ખરે."

માસ્તર રમણીકલાલનું નરસિંહસ્વરૂપ દેખી કેસર ભય પામી, મનમાં લજવાણી, ગભરાણી અને વિલ્હી પડી ઢીલે પગે દાદર પરથી નીચે ઉતરી રસ્તો માપ્યો; માસ્તર ફાટી આંખે કંપાયમાન થતા તેના ભણી ક્રોધાયમાન દૃષ્ટીથી તાકી રહ્યા માસ્તરના મુખમાંથી ધિઃક્કાર ભર્યા ઉદ્ગાર નીકળી પડ્યા; અરે આતે 'રમણી કે રાક્ષસી ?'

પ્રકરણ ૪ થું.

ઉછરતુ ફૂલ કે ભાવિની ભૂલ?

દોહરો.

નયન મળે ત્યાં મન હળે મન હળતાં તન જાય,
તાણો તન મન નયનનો પટકુળ પ્રેમ વણાય;

આંસુનું ઉલટી આવવું ક્યાંથી થાય છે, નેત્રમાં શિનગારીઓ કોણ દર્શાવે છે, અને એકદમ ઓચિન્તુ અંગ શરીર કેમ ચમકી ઉઠે છે? રસ રંગથી રોમાંચ રૂવાંને કોણ ચડાવે છે? હકાર અને અકાર એ અંકના સંગમથી જે શબ્દ થાય છે તે શું? નિસાસાનો પ્રકાશ ક્યાં ક્યાં લગી દોડે છે? અર્થાત્ પ્રેમના આનંદ મગ્નને લીધે ઉપજેલી ઉદાસીના તફાવતને કોક ચતુરજ પિછાની શકે છે!!

પ્રેગમાં ભાગ ભૂપાળથી નવ પડે, પ્રેમનું દાણુ નવ લેજ દાણી;
પ્રેમ વેચાય ના ચોક ચૌટા વિષે, પ્રેમ નવ તસ્કરો લેજ તાણી.
પ્રેમ પ્રજળે નહીં પ્રગટ પાવક વિષે, પ્રેમ પલળે નહીં હોય પાણી;
પ્રેમ જ્યાં હોય ત્યાં નિયમ પણ નવ રહે, પ્રેમને ના શકે પોચિ વાણી

સૂર્ય અને ચંદ્રમાનાં કિરણો જ્યાં પ્રકાશતાં નથી છતાં આઠે પહોર અજવાળુ રહે છે, જ્યાં જોગ અને ભોગ નથી પણ જેની અલૌકીક કળા છે. જ્યાં સુખ અને શોક નથી તેમ ત્રણે લોકથી તે ન્યારો છે. જેના પ્રમાણને વેદ તથા પુરાણો પણ બાધ કરતાં નથી તેને જાણવા વાળા જે કોઇ હશે તેજ જાણશે; અર્થાત્ એજ રીતીએ આકાશમાં અને ધરતીમાં પણ નથી એવા અગમ્ય અવચના પ્રદેશમાં પ્રેમનો અખાડો છે.

* * * *

" પ્રેમનો પ્યાલો પીજીએજી,
કોણ પીતાં ધરાયું લાલ-પ્રેમનો૦
આધી વ્યાધી ને સંગી રહી ઉપાધીઓ,
નેહને નીરે બુઝાવીએજી-કોણ૦
પીવું પીવું ને પડી ઉઠીને પીવું,
પીતા પરમપદ પામીએજી-કોણ૦
જન્મી જીવીને સુખ શામાં નિહાળો,
નેહ વિના દેહ શીદ સીજીએજી-કોણ૦
મારૂ ને તારૂ તજી પ્રેમનુંજ ગાવું,
તાને ચઢી રસ ઝીલીએજી-કોણ૦
નેમ ત્યાં ભેદ ને ભેદ ત્યાં ભમાયા,
પ્રેમને નિશે ભેદ ટાળીએજી-કોણ૦
ક્યાંથી પીવું ને શાથી પીવું શું પીવું,
પીધુ સદાય આ પ્રાણીએજી-કોણ૦

પોતે પીનાર અને પાનાર પોતે,
પોતે પીવાનું થઇ ડુબીએજી–કોણુ૦ ”

“ ભાભી, greater love hath no man than this, that a man lay down his life for his friends. જ્યોતિમાં મુગ્ધ પતંગના પ્રમાણે નિઃશબ્દ પ્રેમની આગમાં પ્રાણ વિસર્જન કરવું એજ પ્રેમનો ધર્મ છે. પ્રેમવેદી ઉપર આત્મહુતિ આપવી, સ્વાર્થનું બળીદાન આપવું એજ પ્રેમનું પરમ તત્વ છે.”

“ કુંદન બ્હેન એમ જોતાં તો પ્રેમ એ સ્વર્ગની સુંદર ભાષા છે. દેવતાઓજ તે જાણે છે. અને સમજે છે જ્ઞાનના પ્રતાપથી સૂર્ય રશ્મીના સૂક્ષ્મ ભેદ સમજવા એ શકય છે પણ પ્રેમનું રહસ્ય સમજવું એ અશકય છે. ”

“ ભાભી સાધુ માણુસો તેના રસમાં વિલીન થઇ જાય છે. કવિયો તેના માધુર્યમાં મસ્ત થાય છે, ધન્ય છે તે ચિત્રકારને કે જેણે આત્મપોથીના હ્રદયપત્રમાં આ વિચિત્ર ભાવ ચિતર્યાછે. ”

“ બ્હેન, જ્ઞાન આત્માનું રૂપ છે, પ્રેમ આત્માની સુગંધ છે જ્ઞાન સ્વર્ગનો પ્રકાશ છે, પ્રેમ સ્વર્ગની સોપાન છે. જ્ઞાન માર્ગ દેખાડનાર છે, પ્રેમ માર્ગ છે, જ્ઞાન અન્ન છે, પ્રેમ રસ છે. જ્ઞાન પલ્લવ છે અને પ્રેમ પુષ્પ છે. ”

“ ભાભી સૌન્દર્ય પ્રીતીનો પિતા છે. પ્રીતિ ભકિતની કન્યા છે; આશા પ્રીતિની મોટી બ્હેન છે. Hope love's elder sister. વિચાર પ્રીતિની સખી છે. પ્રેમ અભેદનો દરવાજો છે. પ્રેમકુટમાં પ્રવેશ કરી અભેદ નગર જોઇ શકાય છે. હ્રદયબિન્દુમાં પ્રેમસિન્ધુનો આભાસ દેખાશે. સિન્ધુ અને બિન્દુની ઐકયતાનું તાત્પર્ય

પ્રીતિના કુંડમાંથીજ મળે છે. કેમકે,

* * * *

'પ્રીતિનો કુંડ પ્રેમીના દીપે છે દીલની માંહી,
ઉભરાયે અમીવૃષ્ટીથી વૃષા આભાસ ના કયાંઇ.
સજીવન પ્રેમના ઝરણો સજીવન નેત્રનાં કીરણો,
ભમે ત્યાં ભાવના હરણો તીરે તેની સદા ત્યાંહી.
ઘણા પ્રેમી બની નેમી સમાધી ત્યાં સજાવે છે,
જીગર જોરે રીઝાવે છે ધરીને ધ્યાનની માંહી.
વિના પ્રેમી બને વ્હેમી જતાં જાળાં પડે દૃષ્ટે,
કરમહિણા મરે કષ્ટે અંતરમાં અમુઝાઇ.
ઘણા શિષ્યો બની સેવે, જઇને પ્રેમ મંદીરે,
અજબ સોટો પડે શીરે મુકે દોટો મથે નાહી.
કૃપા કો દીન કૃળે કોને મરે માથા કુટી છોને,
શંકર સાધો એ સંતોને પુરે આશા કદી કયાંઇ."

"બ્હેન જેમ પાણીના ટીંપામાં ઇન્દ્ર ધનુષ્ય રહેલું છે પણ એ સૂર્ય કિરણથી બને છે, સૂર્ય કિરણનીજ એક જુદી અવસ્થા માત્ર છે; તેમ પ્રેમસ્થાન માનવ હૃદય છે, બાપ, મા, ભાઇ, બ્હેન સ્વામિ, સ્રી, પુત્ર, કન્યા વગેરે પ્રત્યેનો પ્રેમ એમાંથીજ નીપજે છે. એનીજ અવસ્થા માત્ર છે. જેમ સૂર્ય કીરણ સતધા થઇને ઇન્દ્ર ધનુષ્યમાં શોભે છે, તેમ માનવ હૃદય પ્રતિ ફળિત થઇ વાત્સલ્યાદિ વિવિધ રંગમાં શોભે છે."

"ભાભી બહુરૂપી પક્ષીઓ સવારમાં લીલો, સાંજે રાતો વગેરે રંગો ધારણ કરે છે, તેમ લીલા સમય ભગવાનજ કદી સ્નેહ-

ભથી માની અંદર આપણને સ્નેહ ચુંબનથી તણાવેછે, વળી કદી બાલ્યપણમાં બ્હેનની અંદર રહીને આપણી સાથે રમે છે; તેમાજ પ્રેમ શાંત હાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને મધુર આકારથી આત્માની રંગભુમી પર નિરંતર નાના પ્રકારના વેશ ભજવે છે."

"કુંદન બ્હેન જીવનનો પ્રેમ તે પ્રેમ જલધિનો એક એક પરપોટો છે. જેમ નિષ્પ્રભ વસ્તુ તેજોમય સૂર્યથી પ્રકાશ પ્રાપ્ત કરે છે, ને પ્રકાશિત થાય છે તેમ શુષ્ક નિસ્તેજ જીવન પ્રેમ રશ્મિ દ્વારા પોતાનુ પ્રાણ રાજ્ય પ્રાપ્ત કરે છે અને ધન્ય તથા સફળ થાય છે. વાછડાની તરફ ગાયનું અરડવું એ પ્રેમનોજ કંઠ સ્વર સંભળાય છે. બાળકના પ્રત્યે માની શુચી સ્મિત દૃષ્ટી તે પ્રેમનુંજ દર્શનછે.

"ભાભી પ્રેમ સમુદ્રમાં ખરેખર અગણિત મણિ મુક્તા રહેલા છે. સાત રાજાનું ધન જો કયાં પણ મળવું સંભવે તો તે હૃદય રૂપી રત્નાકરના ઉંડાણમાંથી મળે તેમ છે. રૂપુ સોનું આ સંસારીક ધન છે, પ્રેમ એ સ્વર્ગીય ધન છે. પ્રેમ અમૂલ્ય નિધિ છે. પૈસાને બદલે એ મળી શકતું નથી. આ દુનિયાની પ્રજા પ્રજાપતિને ધન રત્નાકર આપે છે. સ્વર્ગની પ્રજા હૃદયનાથને પ્રેમનો કર આપે છે. સ્વર્ગ રાજમાં જે પ્રજા જેટલી સત્તા ભોગવે છે તેને જેટલો વધારે પ્રેમનો કર આપવો પડે છે, એને માટે જે જેટલું આપે છે તેને તેટલું મળે છે. પહેલેથી જેની પાસે આ ધન ઓછું હોય છે, તે ધન આપતાં આપતાંજ ધનવાન થઇ જાય છે. પ્રેમ ધનનું વધારે પણું એ છે કે એ જેટલું આપવામાં આવે તેટલું હળવે હળવે વધે છે."

"કુંદન બ્હેન પ્રેમનું રાજ્ય સર્વદા વસંત ઋતુ છે. સરદ પુ-

નેમના જેવું છે. નિરંતર યૌવન વાળું અને સર્વદા નવા દેશ વાળુ છે. પ્રેમના બજારમાં જુની વસ્તુ મળતી નથી. જુની વસ્તુ સંસારની દુકાનમાંજ મળે છે. પ્રેમની આંખે પ્રિય વસ્તુ નિરંતર નવો આનંદનો ઝરો છે. એનું માધુર્ય નિત્ય નવું નવું થાય છે. પ્રેમની આંખના આગળ એનું રૂપ જતું રહેતું નથી. એનું સૌન્દર્ય જુનુ થતુ નથી. આપણે જગતને જે આંખે જોઈએ છીએ, તેને પ્રેમી તે આંખથી તે ભાનથી જોતો નથી. તેની આંખે જગત અતિ સુશોભિત મનોહર છે. પ્રેમની આંખ કદરૂપામાં પણ છુપી સૌંદર્ય રેખા જુએ છે. પ્રેમ જુદાપણાનો નાશ કરે છે. પ્રેમ ભેદા ભેદ દુર કરે છે.”

“ ભાભી પ્રેમ બીજું કાંઈ ચ્હ તો નથી. બીજુ કાંઇજ ઇચ્છતો નથી. કેવળ જેને હૃદય અર્પણ કર્યું છે તેનેજ ચહાય છે. જેને હૃદયને ચોરી લીધું છે તેનીજ જોડે પ્રેમની પાસે ર્ગ્વ કરતાં સુખપ્રદ અને મધુમય છે. જેને છોડીને જવાને પગલાં ઉપડનાં નથી, તેના સંગ વિના શી રીને જીવન શાંત થાય ? તેના સહવાસથી નર્ક એક સ્વર્ગ સમાન થાય છે અને તેના વિયોગથી સ્વર્ગ નર્કથી પણ નઠારૂ અને અકારૂ થાય છે. જે પ્રિય વસ્તુની જોડે મેળવે છે તેજ સુખ શાંતિ અમૃત અને જીવન છે. તેનાથી જે જુદો પડે છે તેજ અસુખ અશાંતિ ઝેર અને મૃત્યુ છે. અરે હાય મારો હીરો ક્યાં ? મારો મણી ક્યાં ? હરે, હરે, હરે, હરે !” કહી ધડીમ લઇને કુંદન જોત જોતામાં મુર્છાવશ થઇ ગઇ; તેની ભાભી ગભરાઇ ગઇ અને એકદમ પાણી લાવી તેના મુખપર છાંટવા લાગી; થોડી થોડી વારે પવન પણ નાંખવા લાગી; આ પ્રમાણે કેટલીકવાર

સારવાર કર્યા પછી કુંદનને ધીમે ધીમે જાગૃતી આવવા લાગી; કુંદનના મ્હોં પર ગોદાવરી હાથ ફેરવવા લાગી. હાથના ધીમા, ઠંડા અને મધુર સ્પર્શથી કુંદનની મૂર્છા જતી રહી; કુંદન બેઠી થઇ અને વિસ્મયતાથી ભાભીનો ઉપકાર માનતી નીચે પ્રમાણે હૃદય ગાન ગાવા લાગી:-

ગઝલ.

'જપીને પ્રેમ મંત્રોથી જગાડયું મેં શું આ આજે,
છતાં જૂનું નવું એવું જગાડયું મેં શું આ આજે ?
રસીલુ આ નજર ઉભુ અહાથી નાચતું રંગે,
જહાં દેખુ તહાં રાચુ જગાડયું મેં શું આ આજે ?
બકુ છું સ્વપ્નમાં કે હું ભૂલી છું ભાન જોયાથી,
સ્મૃતી છે એજ સુરતની જગાડયું મેં શું આ આજે ?
નથી ડરતી નથી બ્હીતી રહી તુજ રંગમાં રાચી,
ભર્યાં અંગો છે આનંદે જગાડયું મેં શું આ આજે ?
રહ્યું છાઇ બધે અંગે સદા રસ પૂર્ણ રઢીઆળું,
સદા સુખ સારભર પ્યારૂં જગાડયું મેં શું આ આજે ?
જુદી થાતાં હૃદય લાગ્યું નિધા તિરછી રસીલાથી,
અનામી નામ હર તારૂં જગાડયું મેં શું આ આજે ?

"કુંદન બ્હેન, આવો પરિતાપ કયાં સુધી કર્યા કરશો ? જે નસીબમાં હશે તેજ થશે. એટલું યાદ રાખવું કે જે પોતાને માટે કાંઇ રાખવા ઇચ્છે છે તે શુન્યજ મેળવે છે. જે પોતાને માટે કાંઇ પણ રાખવા ઇચ્છતા નથી તે અનંત ફળ મેળવે છે. જે મોટો ગુરૂ થવા ઇચ્છે છે તે નાનો હલકો થાય છે, અને જે નાનો થઇ શકે

છે તેજ મોટો થાય છે. પ્રેમનો આયોજ મહીમા છે."

"ભાભી પ્રેમ નિઃસ્વાર્થ છે. પ્રેમમાં સ્વાર્થ પરતાનો લેશ માત્ર નથી. એક બીજાને આપવા ચાહે છે, બીજાની પાસેથી કંઇ લેવા ઇચ્છતો નથી. પ્રેમ પોતાનું બધું બીજાને આપીને સુખી થાય છે; પ્રેમ પ્રેમના શિવાય બીજી કાંઇ પણ આશા રાખતો નથી, એટલુંજ નહીં પણ પ્રેમને બદલે અપ્રેમ, સુખને બદલે દુઃખ પામ્યા છતાં પણ તેનો અનુરાગ ઓછો થતો નથી;

'હાડ જલે હૈયા જલે જંગલ બી જલ જાય,
પાપી જીયા ના જલે જીસમેં હાય સમાય."

"કુંદન બ્હેન કુંદન બ્હેન બાપુજી પધાર્યા."

"હેં કોણ બાપુ? કયાં છે?"

"એ નીચે આવ્યા ચાલો."

"કુંદન થરથરતી થરથરતી કાંપતી કાંપતી આંફળી ફાંફળી ગભરાતી નીચે ગઇ; પરસાળમાં મામા મામી મણીલક્ષ્મી વગેરે આખુ કુંટુબ આ વખતે એકઠું થઇ ગયું. કુંદન ધીમે ધીમે લપાતી લપાતી મણીલક્ષ્મીની સોડમાં ભરાણી! થોડીક વાર સુધી કાંક ચુપકી પથરાઇ; છેવટે મામાએ ચુપકી તોડી રાયજીને ઉડાવવા માંડયા; અને રાયજીએ પણ મામાને ઉધડા લેવા માડયા.

"જાઓ જાઓ અમીધર તમારામા કાંઇ અક્કલજ નથી."

"હું કયાં કહું છું કે મારામાં અક્કલ છે?"

"શું મારા ભાઇ આટલા દીવસથી મા દીકરી અહીં આવ્યા છે, પણ તમે એકે કાગળ લખી ખબર ન આપી. હું તો તેમની તપાસ કરી કરીને મરી ગયો!"

" એ રાયજી તમે જો તપાસ રાખી હોત તો તે અહીં આ-વવાજ ન પામત !"

"એટલે હું શું આખા દીવસ તેમના હાથ ઝાલી ઘરમાં બેશી રહું ?"

" ના ગાંડ ઉપર લાત મારી તેમને બહાર તગેડી મુકો."

" એટલે મેં શું તેમને કાઢી મૂકયાં છે એમ તમે કહેવા માગો છો ?"

" ના એ મૂર્ખા છે, કે એકદમ વગર પૂછે ગાછે પહેરેલે લુગડે અહીં સુધી ચાલી આવ્યાં ?"

" ઠીક હવે જે થયું તે થયું; હવે કાંઇ ના થયું એમ થાય તેમ નથી; હ્યો ચાલો આજ સાંજની મેલમાં તેમને મારી સાથે રવાના કરો !"

" બહુ સારૂ આ રહ્યાં એ. આવે તો તેમને લઇ જાઓ !"

" લે કુંદન ચાલ તું તૈયાર થઇ જા."

" પછી કુંદનને કરવી છે શું ?"

" અરે ઘેલી મારી સાથે અમદાવાદ ચાલ ? ઘરમાં તારા વિના કોઇ ખાતાં પીતાં નથી."

" એ કુંદન વગર તમને ધાન ગળે નથી ઉતરતું !"

" તો મારી દીકરી તું સમજે છે ને શું કામ ગાંડી થાય છે ?"

" અરે પિતાજી હું તો એમ કહું છું કે તમને કુંદન વગર ધાન ગળે ઉતરતું નથી."

" હા બેટા તેમજ છે જોને !"

" અરે શું પથરા જોને ! એ પિતાજી કુંદન એટલે નાણાંની

થેલીઓ કન્યા ધનની કોથળીઓ વગર તમને ખાવુ ભાવતુ નથી સમજ્યા ?"

" હવે આ ભોગ જુઓને ? આ દુઃખ કોને કહેવું ? "

" એ પિતાજી શરમાઓ, શરમાઓ ! પેટવરામાંથી પુન્ય વરો માંને એવા મોસાળીઆની ખાતર પણ કાંક શરમાઓ."

" અરરર જ્યાં દિકરીઓને ભણુતર ભણાવ્યું ત્યાં આવાજ ભવાડા થાય છે ! "

" જ્યાંસુધી આર્ય કન્યાઓને કેળવણીથી દુર રાખવામાં આવે છે ત્યાંસુધીજ તે બિચારી તમારા જેવા પાપીઓના હાથે કુટાય છે ! "

" લે હવે તારી લાયરી જવા દઈ મારી સાથે આવવાને મા દીકરી તૈયાર થાઓ."

" કુંદનને અમદાવાદ લઇને તમારે કરવુ છે શું ? કુંદન છો અહીં રહી ચાલો હું તમારી સાથે આવું છું."

" તમે બંને જણાં ચાલો."

" ના પિતાજી હુંતો નહીં આવું."

" લે લે હવે રાખ તારી છોકરવાદી જવા દે. "

" એટલે તમારે મને અમદાવાદ લઇને વટાવવી છે કે શું ? પિતાજી તમે નિશ્ચય જાણજો કે આ કુંદન હવે વધારે વખત નહી જીવે. હું ધારૂં છું કે તમે મારા પિતા નથી પણ પરભવના પિતા રૂપે શત્રુ છો. ચાર કન્યાઓને ખાધી હવે તો ધરાઓ ? કાંક તો આમન્યા રાખો ! કન્યા ધનથી કોણ ધનવાન થયું છે તેતો વિચારો ! પુત્રીનો પૈસો ગાયની માટી ! ! "

" એ તું જેમ કહીશ તેમ કરીશ, પણ એકવાર તું મારી સાથે અમદાવાદ ચાલ."

" હું ત્યાં આવું એટલે તરતજ તમારૂં ધાર્યું થાય; પણ હું કદાપી કાળે અમદાવાદ આવવાની નથી તે નથીજ."

" અરે તારા શા ભાર છે? જ્યાંસુધી હું આપમાં રહું છું ત્યાંસુધી તું ચઢયું ચઢયું બોલે છે કેમ? બંને મા દીકરીના ચોટલા ઝાલીને હું તમને લઈ જઇશ સમજ્યા?"

" એ રાયજી હવે ઝાઝુ બોલો નહીં?"

" એટલે તમે મને શું કરશો?"

" એ હવે એટલામાંજ સમજી જાઓ, અને છાનામાના જેમ આવ્યા તેમ રસ્તો માપી જાઓ, નહીંતો?"

" નહીંતો તમે કરશો શું? હેં તમે મને કરશો શું? હું મારા માણુસોને વાસ્તે ફાવે તેમ કરવાને મુખત્યાર છું!"

" અરે રાયજી એ અખત્યાર તમારા ઘરમાં ચાલે? અમારા ઘરમાં તમારૂં કાંઇ ન વળે!"

" અરે તમે એકદમ મારાં માણુસોને મોકલો છો કે નહીં? બોલો એકદમ મોકલો છો કે નહીં; અમીધરજી સમજી જાઓ; નહીતો જોવા જેવી થશે!"

" એ રાયજી માનમાં રહો, નહીંતો લાખ ટકાની આબરૂ પળમાં ધુળ થશે!"

" તમે મને કરશો શું?"

" એ કાંઇ તમારા ડોળા દેખીને અમે નહીં ડરીએ સમજ્યા? સાસરામાં તો જમાઇને કુતરા બે બરાબર? તો કુતરાથી ડરીએ

તો જમાઇથી ડરીએ."

"એ મારા મહેરબાન જો કુતરૂ હડકાયું થઈને કરડે તો જા. ન લે સમજ્યાં ?

"એ કુતરૂ જો જરા હડકાયું થાય તો તરતજ મોટી ડાંગો લઇને તેની કેડ તોડી નાંખી તેને સુનાપુર પહોચતુ કરી દઇએ સમજ્યા મારા શેઠીઆ ?"

"એટલે તમે મને મારશો શું ?"

"એ અમે તમને શું કામ મારીએ ? મારનાર હજાર હાથ વાળો ધણી હાજર છે; આતો જમાઇ જો જરા વાંકો ચાલે અને રીતની તથા કુળાચારની બહાર જાય તો તેને થાંભલે બાંધી જરા ખરડો ખંખેરીએ તેનું શાસ્ત્રમાં પાપ નથી ?"

"એમ કે જમાઇને મારવામાં પાપ નથી ?"

"ના, ન કરવાનાં કામ જો જમાઇ કરે તો તેને મારીને પાપ બાંધીએ તે પાપ ન કહેવાય પણ શીખામણની છાપ આપી કહેવાય ?"

"એ અમારા સસરા તો ઘણા ડાહ્યા હતા; પણ તમે આવા કેમ નીકળ્યા ?"

"શું કરીએ જ્યારે બનેવી બહાદુર નીકળે ત્યારે સાળાને કલંદર થવુંજ પડે !"

"એ હું તમને કલંદર નથી કહેતો !"

"ત્યારે હું પણ તમને ક્યાં કહું છું. હું બાધેભારે જમાઇની વાત કહું છું. તમને તો હું મોટા પુરંદર દેવ માનું છું !!"

"આજેજ તમે મારૂ કહ્યું કરોછો કેમ ?"

"તમારે તો દીકરીઓનાં કાળજાં ખાવાં છે; તે અમારાથી કેમ ખાવા દેવાય!"

"અમે દીકરીઓનાં કાળજાં ખાનારા કેમ?"

"ત્યારે તમારે શું કામ આટલી બધી વિવાહ સારૂ ખેંચતાણ કરવી પડે છે? જેમ થતુ આવ્યું હોય એમ થવા દો! કકુની કન્યા આપી પગે લાગીને હાથ ખ ખેરી નાંખો? શા સારૂ આટલી બધી ઉપાધી વહોરો છો?"

"પણ તમે મારા કામમાં આડે આવનાર કોણ છો?"

"એ કોણ છો એજ હું તમને બતાવવા માગું છું! રાયજી ચાલો એકદમ તમે મારા મકાનમાંથી દુર થાઓ! કુંદન અને બ્હેન મણીલક્ષ્મી તમારે ઘેર હવેથી નહીં આવે! જાઓ હવે તમારાથી થાય તે કરી લ્યો?"

"એમ એમ?"

"હા એમ?"

"અરે એમ એમ?"

"હા, હા એમ."

"અરે એમ?"

"હા એમ, જાઓ તમારાથી થાય તેમ કરી નાંખજો. જાઓ મારી ભાણેજ કુંદનનુ વેવિશાળ હું મારે હાથે કરીશ અને તે પણ તમારા રાજનગરમાં આવીને કરીશ સમજ્યા?"

"અરે તમે શું કરશો ઢેખાળા! તમારૂ જડબુ તોડી નાંખીશ.

"અરે રંગ છે રાયજી રંગ છે તમને!"

"પિતાજી તમારૂં વડપણ ક્યાં ગયું! તમારાં [illegible] બધાંએ

પાણીમાં ગયાં !

" હાજ તો મા દીકરી મોસાળમાં આવીને રહ્યાં ત્યારથી બાપાનાં વરસ બધાંએ પાણીમાં ગયાં ! "

આ પ્રમાણે ધમા ધમ ઘણી વધી ગઈ; ગરમા ગરમ તકરાર ચાલી રહી; સાળો બનેવી બંને જણા ખરા રૂપમાં આવી ગયા; ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયજી પણ દમ મારી મિજાશમાં કુદી રહ્યા; કુંદન પણ આવેશમાં આવી જેમ આવે તેમ કઠોર શબ્દોમાં પિતાને ઉપદેશ આપવા લાગી; મણીલક્ષ્મી પણ તીણા અને ઝીણાં મહેણાં ટુણાંનો ડોસા પર વરસાદ વરસાવવા લાગી; આડોશી પાડોશી બધાં ભેગાં થઇ ગયાં; અને વાતનું સ્વરૂપ વિપરીત થઇ એક જબરા જંગ રૂપે વધી ગયુ; મામા પણ હાથથી જતા રહ્યા, અને બનેવીનો ઘોઘરો પકડી ઘર બહાર કાઢવા તૈયાર થઇ ગયા.

" બેન શાણી જોયું ડોસાનુ પાણી, ઘડપણમાં ડોસી આણી, બચ્ચાનું કરી ધુળધાણી, મોજ મઝા માણી ! એજ એનું ડહાપણુ અને એજ એનું ઘડપણુ ! "

" અલી જયા, બળ્યું એ ડહાપણુ, પોતાની ગરજ સારી, ગરીબ દીકરીને મુકકો મારી, મુગે મોંઢે કુવામાં ઉતારી દુનિયામાં ડહાપણુ દેખાડનાર ડોસાના ડહાપણુમાં દવ લાગો, દવ લાગો, લાહ્ય લાગો."

" હાય હાયરે બાપ, રોજ ભલે લૂખુ ખવાય પણ કન્યાનો કન્યાકાળ કેમ જવા દેવાય ? "

* * * *

"દીકરી જેનીરે મોટી થાય, કન્યા કાળ એનો રે એનો જાય;
પિતા તેનો નિશ્ચે નરકે જાય જગતમાં ધિઃક રે ધિઃક કહેવાય!
બેટી છેટી અળીઠી થાય, ઘરનો રોટલી કુતરા ખાય;
ઓગીના પાણી સૂકાય, ઠેરે ઠેર થૂ થૂ થૂ થૂ થાય?
કન્યા કાળ દીકરીનો સચવાય, જવાહિર ઘરનુ રે જળવાય;
પિતા તેનો સ્વર્ગે જાય જગતમાં ધન્યરે ધન્ય કહેવાય?
નહી અન્યાય એમાં કહેવાય, દીકરી આશીષ દેતી જાય;
છાણુ પડયું ગંધાય કોઇ દી વાત ન તેની થાય."

"અલી વિજયા, બચપણના બગીચે રમનારી, ખેલવું, ખુંદવું એનાજ ફંદમાં ફુલમાંજ ફરનારી, હમેશાં હસવુ હસવુ અને હસવુંજ એમ હસવાની હવામાંજ ઉડનારી, નિર્દોષ ભમરીને, એક ભણી ગણી દીકરીને, માટીનો લોંદો મારી મોંઢામાં ડુચો મારી મારી નાંખનાર માનવના જીવતરમાં ધુળ પડો, ધુળ પડો, એવા દુરાત્મા છાણના કીડા થઈને સડોજ સડો."

"પણ અલી ચંપા આ રાંક કુંદનનું શું થશે? હાય હાય એ શું કરશે? કીસ્મતની કોઠીમાં પડી કેટલું રડશે? બિચારી ઘરડાની ગોદમાં પડશે અને તેની લાતો ખાઇ ખાઇને જીવતાં સુધી સડશે!"

"બાપુ મારા વ્હાલા બાપુ વાડ જ્યારે વેલાને ખાય ત્યારે વેલાનું શું થાય?"

"શું થાય, થાય એજ કે વેલાનું જડમુળ જાય?"

"ઝાડ જ્યારે ફળનેજ ખાય ત્યારે ફળનું શું થાય?"

"એમ થાય ત્યારે ફૂળનું ફૂળાનું અફૂળજ થાય?"

"એમ જળના જીવડા જળથીજ જાય તો જીવડા જળમાં કેમજ જાય?"

"ન જ જાય, જળને ન જ ન્હાય!"

"ચંદ્રમા ઘોર અંધારૂં કરે, વરસાદથી જંતુ તરસે મરે અને અમૃતમાંથી ઝેર ઝરે ત્યારે ચંદ્રની વરસાદની અને અમૃતની ઇચ્છા કોણ કરે? કોણ કરે કોઇ ન જ કરે; એમ જ્યારે મા બાપ પોતાનાં બચ્યાંનુંજ ભૂંડુ કરે ત્યારે બચ્યાં મા બાપ મા બાપ શું કરવા કરે? ન જ કરે, પરમેશ્વર એવાં મા બાપનું ભલું ન જ કરે!!"

"હવે તમારાથી જેટલું કહેવાય તેટલું કહી લ્યો, થાય તેટલું કરી લ્યો; પણ મને તેની કાંઇ અસર નહીજ થાય?"

"જે કન્યાધન કોડે કોડે ખાય તેને કન્યાના દુઃખની શી અસર થાય?"

"રાયજી હવે સમજી જાઓ! અમારા આડોશી પાડોશીનું કહ્યું કાંઇ કાને ધરો અને ખાલી જુલમ ન કરો! જગતમાં દીકરીના પૈસે કોઇ પૈસાવાળા થયા એમ તમે જાણ્યું છે? કોઈએ કન્યાધનથી કોઇ કાળે સાચુ સુખ માણ્યું છે? માટે તમે ડાહ્યા થઇને દીકરીની દયા લાવો; અને તેનો કરેલો વિવાહ ફોક કરી કોઇ સારે ઠેકાણે કંકુના હાથ કરી કન્યાને વળાવો!!"

"એ હું જે કરૂં છું તે વિચારીનેજ કરૂં છું. મારા કરવામાં સર્વદા કન્યાનુંજ હીત સમાએલું છે, જે લોકો મારી ખુબી ખરી રીતે જાણતા નથી તે મને નિંદે છે!!"

" તમારી ખુબીને ચુલામાં નાંખો ! ! મોઢે મોઠુ મીઠુ બોલી કોલીખાનાર બાપ તમારા કરતાં કસાઇ પણ સારા હશે ! ! "

" લે કુંદન ચાલ એકદમ ઘરમાંથી બહાર નીકળી મારી આગળ થા; નહીતો પછી કોઇ કાળેએ મારા ઘરમાં તને નહીં ઘાલું ! "

" એની મને ખબરજ છે ! ! "

" હું તમને છેલ્લીવાર કહું છું કે તમે મા દીકરી મારી આગળ થાઓ નહીંતો પછી જોવા જેવું થશે ! અને કોઇ દીવસ અન્યોઅન્ય મોં જોવાનું નહીં રહે ! "

" તમારે મોં જોવાનું રાખવું હોય તો રહે; પણ જ્યારે તમારેજ નથી રાખવું ત્યાં શી રીતે રહેવાનું છે ? "

" ત્યારે તમે મા દીકરી નહીજ આવો એમને ! "

" એ ના, ના, ના, ના, નહીં આવે ! રાયજી હવે તમે પધારો, હું તમને પણ છેવટનું કહી દઉછું કે તમારી હવે બુદ્ધિ ફરી ગઇ છે; છેલ્લા દીવસમાં તમે હાથે કરીને કોયલા ઘસોછો ! જ્યાંસુધી આ અમીધરના શરીરમાં પ્રાણ છે ત્યાંસુધી તે કુંદનનો વિક્રય નહીંજ થવા દે ! ! અત્યાર સુધીમાં તમે જે છકા પંચા રમ્યા છો તે ભલે રમ્યા છો; પણ આ વખતે છકા પંચામાં તમારો કે મારો પ્રાણ જશે તે નક્કી સમજજો. જાઓ તમારા જેવા ક્રૂર અને કસાઇ બનેવી હોય તોય શું અને ના હોય તોય શું ! કન્યાવિક્રય કરનારનું મોં જોવાથી ગૌ હત્યા જેટલું પાપ થાય છે એ તમે સમજો છો; તો પછી તમારો સબંધ સાચવી રાખવાથી શું જગતમાં સારૂં થશે? કાંઈ નહીં, માટે જાઓ મારા

મકાનમાંથી દુર થાઓ.' આજથી તમારે ને મારે છેલ્લા રામ રામ છે !!"

" બહુ સારૂ ઠીક આ અમે ચાલ્યા; હવે જો અમારામાં રામ હશે તો અમે અમદાવાદ બેઠા બેઠા કુંદનને ઘેર બોલાવી લઇશું અને તમારી એકવાર સારી રીતે ખબર લઇશું."

" બહુ સારૂ હવે આબરૂભેર પધારી જાઓ !!"

" હવે જહાન્નમાં ગયું તમારૂં ઘર અને તમે પણ જાઓ જહાન્નમાં જાઓ "

આ પ્રમાણે ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયજી ગુસ્સો કરી પગ પછાડી રીસાઇ સ્ટેશન ભણી વળ્યા; સર્વેજણા ગભરાઈ ગયા અને અચંબામાં પડી એકી ટસે સાળાબનેવી ભણી જોઇ રહ્યા !!

" હાયરે પ્રભુ, હું પાપણી શે ના મરી ગઇ? વિશ્વાધાર મને તારા કદમમાં લઇ લે ! હે ધરતીમાતા આ પામર કન્યાને તમારે ખોળે લ્યો ! પાપી પ્રાણ આ પંડને તજી પરમાત્મા પાસે તું જા. જીવ, જીવ, જીવ, હવે જીવનને તજી તું પ્રભુના ધામમાં જા !!" કહી કુંદન બેબાકળી બની મૂર્છાવશ થઇ; સર્વે જણાં તેની સરભરાગાં રોકાયાં; મામા પણ ગભરાઇ ગયા, અને લમણે હાથ દઈ વિચારમાં પડી ગયા; કુંદનની બ્હેન પણીના મુખમાંથી આવો કારમો મામલો જોઇ ઉદ્‌ગાર નીકળી પડયા કે ' અરેરે આતે ઉછરતું ફુલ કે ભાવીની ભૂલ ? '

પ્રકરણ ૫ મું.

વ્હાલાનું વ્હાલ કે જીંદગી બેહાલ?

દોહરો.

રંગ ચઢયો જે હૃદયમાં, તે કદિ રંગ ન જાય;
રંગત સંગત સ્નેહની, ભસ્મ રાખમાં થાય.

ગુણ રૂપી નીર-જળ તો ચો તરફની તીરોમાં ભર્યું છે, અંદર ધીરજ રૂપી ઉંડાઈ છે. મધ્યે ધ્યાન રૂપી છોળો ઉછાળા માર્યાં કરે છે, સંકલ્પ વિકલ્પ રૂપી તરંગ ઉઠે છે, જેમાં અભિમાનીનાં મન-ચિત્ત રૂપી ઘણાક ગિરિવરો ડુબ્યા રહે છે, જે જગ્યાએ રતિરાજ રૂપી મકરધ્વજ નામે મગરમચ્છ સુરતા રૂપી જહાજને રોકે છે, તેમજ જ્યાં વિરહ ભેદરૂપી વડવાનળ નામે અગ્નિ રહ્યો છે, અને ચિન્તારૂપી પડતી ભમરીઓનાં ગોળ ચક્ર ઉપજે છે, જેમાં દેવ, મનુષ્ય, નાગ અને મુનિવરો આદિ તરી તરીને હારી-થાકી ગયા, પણ પ્રેમ રૂપી પારાવાર સમુદ્રનો કાંઇ પાર પામ્યા નથી.

ભાવના જે ભાવની ભાવિ મળંતાં આવશે,
ભાવિ થકી આ ભવ વિષે ભાવિક ભાવે ફાવશે;

અંતર તણી જે વાસના અંતર મળે પુરી થશે,
અંતર પડે અંતર વિષે તો તરત તે તુટી જશે.

વનમાં મૂળ વગર ફળ ફુલ ઝુકી રહ્યાં છે, ઝાડ વગર પૃથ્વી ઉપર છાયા જણાવે છે, પાંખો વગર પક્ષીઓ ઉડી જાય છે, પગ વિના પશુ રસ્તે દોડે છે, પણુચ તુટી ગયાથી પણ તીર ભાલોડુ ચુકતું નથી, નિર વિના સમુદ્રમાં નાવને ચલાવે છે, વગર તારે હાથથી વિણા વગાડે છે એ પ્રકારે પવિત્ર પ્રેમી સર્વ વિધીને પ્રાપ્ત કરી શકે છે.

* * * *

"આંસુડાં મારાં લુવે એ મુરતી કહો કોણ છે,
ચાલે જીગર પાણી થઈ રોકનારૂ કોણ છે:-૦
જામો નિરંજન નામનો હું પ્રેમનો ઘેલો ફકીર,
એજ જામો એ ફકીરી ટાળનારૂં કોણ છે:-૦
છે દુનિયાં તો નિત્ય હો ના છે નહિ તો શું જુઓ,
છે ખરીને છે નહિ એનો દિવાનો કોણ છે:-૦
સાચો સદા છે પ્રેમ જે શું દુનિયા બાધી હરામ,
દુનિયા પ્રેમે નથી તો નિતિ રીતિ કોણ છે:-૦
દુનિયા પ્રેમે નથી પણ પ્રેમની દુનિયા હજાર,
એ વિરિંચિ એજ વિષ્ણુ એ વિનાનું કોણ છે:-૦
એજ મારૂ નામ એની શોધમાં ગુલતાન તાન,
દુનિયા માનું ફના એના વિનાએ કોણ છે ? :-૦"

" એ આભલું ઉંધું વળ્યું ! પૃથ્વી ફાટી ગઇ ! સુરજ તુટી

પડયો ! ચંદ્ર બળી ગયો, ભાનુશંકર મરી ગયો; શાંતા બચી ગઈ; કાન્તા નાસી ગઈ; અહ્હા....હા....હા....હાશ નિરાંત થઈ ટાઢા પાણીએ ખસ ગઈ! આપણે ઉગરી ગયાં આપણે શું દુઃખ છે ? રાંડ ગઈ તો જહાન્નમાં ગઈ પણ બંદા બચી ગયા. લ્હેર થઈ ગઈ આહાહા....હા....હા....હાશ લે દોસ્ત તાડક્ી ચમન ઉડાવ, રંગ ઉડાવ, આનંદ કર બચ્યા ભાનુશંકર આનંદ કર !! "

શાન્તનુના મરણ પછી ભાનુશંકરની સ્થિતિ અજબ બની ગઈ છે. ભાનુ શાન્તા સારૂ દીવાનો થઈ ગયો છે; આખો દીવસ તેને શાન્તાની લગની લાગી રહી છે. રાત દીવસ તે શાન્તા શાન્તા કહી લવારો કર્યા કરે છે. વખતો વખત ગંભીર વિચારમાં પડી જાય છે; કોક વખતે આવેશ આવતા રડી જાય છે; હસી જાય છે અને વખતે ચપટીઓ વગાડી નાચવા પણ મંડી જાય છે; અને વળી કાંક હવામાં વીણતો હોય તેમ અજબ પ્રકારના ચાળા કરવા મંડી જાય છે. અત્યારે તેને શાન્તા સારી રીતે યાદ આવી છે; અત્યારે તેનું મન ચગડોળે ચઢયું છે; ઘડીકમાં ભાનમાં રહી શાન્તાના સ્નેહને યાદ કરી આંસુ પાડે છે અને ઘડીકમાં ભાન રહિત થઈ જેમ આવે તેમ બકે છે અત્યારે તેની સ્થિતિ પ્રેમના ઉન્માદમાં પલટાઈ અજબ બની રહી છે. વિરહાતુર, પ્રેમાતુર અને મદમસ્ત બંદા બનો ભાનુ શાન્તાના પ્રેમના તરંગોમાં મસ્તી ઉછાળા મારી રહ્યો છે.

* * * *

" ઓ વ્હાલી આકાશ માંહી છુપાણી,
ઓ વ્હાલી કુંજલતામાં લપાણી;

ઓ વ્હાલી વૃક્ષની ડાળમાં હીંચે,
ઓ વ્હાલી પ્રેમ સુધા બેઠી સીંચે.
ઓ રહી, ઓ રહી, એ ગઇ, એ ગઈ,
આહાહાહા જતી રહી રમણી નમણી નગણી થઇ;
ઓ વ્હાલી સાન કરી સમજાવે,
ઓ વ્હાલી મારા ભણી દોડી આવે.
ઓ વ્હાલી સરમાં કમળ ચુંટે,
ઓ વ્હાલી લાલી ગુલાબની લુંટે;
ઓ આવે, ઓ આવે, એ ગઈ, એ ગઇ, જતી રહી,
કારી કટારી મારી મને હા, હાયરે દુઃખ વેઠાય નહીં.'

હર હર હર શાન્તે, શાન્તે, મારી મધુરી મેના, મારા મીઠા બુલ બુલ, મારી કામણગારી કોકીલા આ ભાનુને તજી તું કયાં ગઈ? વ્હાલી આવ. અલબેલી આવ, આ અલેતા ભાનુને હવે ના અકળાવ, પ્રીતિરસ પાવ, શાંતી સુધા વરસાવ; આ ચીરાતા જીગરને હવે વધુ ના તલસાવ. મારી રમણી તારા વિના આ દુનિયા મને અકારી લાગે છે; આ વૈભવ વન્હી જેવા દુઃખદ થઇ પડે છે. મારી મનોહારણી સ્નેહ મુરતી, દીવ્યદેવી શાન્તા શાન્તા મને એકલો મુકી તું કયાં ગઇ? હવે મારૂં કોણ બેલી! હે નવેલી હવે ઘેલી ન થા. રસવેલી જરા જરા રસ રેલાવ, ગહઘેલી કાંક કાંક મયા બતાવ;

* * * *

'અલબેલી ગઇ, રસવેલી ગઇ મનમેલી ગઈ રસની સરિતા,
મદમાતી ગઇ હરખાતી ગઇ રસપાતી ગઇ દુઃખની હરિતા;

લલચાવી ગઈ, તલસાવી ગઇ મલકાવી ગઇ સુખની ભરિતા,
અકળાવી ગઇ અમુઝાવી ગઇ સમજાવી ગઈ શુભ સ્નેહલત્તા.

હા....હજુ પણ ના આવી, કેમ કરવું ! કયાં જવું ! કયાં શોધ કરવી ! આ દાદ કોને કાને ધરવી ! અરે શાન્તા તું આવી કઠોર કયારથી થઇ ? નઠોર આ નાથની બાથમાંથી અન્તે ગઇ તે ગઇજ ! બસ પાછી આવી નહી. અરેરે હવે હું કરૂં શું ! એ આવી ! એ આકાશમાંથી ઉતરી ! આહાહાહા શું લાવણ્યતા તેના લલિત અંગમાંથી નીતરી ! બસ બસ શાન્તા તે શાન્તાજ ! મધુરી માનો, અલબેલી માનો, ઝાઝા માને ન તણાવો, અરે શાન્તા છેવટે ઝાઝું ન કરીએ; કેમકે ઝાઝામાં ઝઝ ડુબે; માટે

ઝાઝુ કરીએ નવ કદી કોઇ વાતે જોર,
વાત વચકતી જાણતાં ખેચી લઇએ દોર.

માટે હવે સમજી જા શાણી હઠીલી ન થા. કાંક આ કંગાલ કાન્તની દયા ખા. છેક તણાઈ ન જા ઓહોહોહો ..આહાહાહા.... એ આવી આવો, આવો શાન્તા સલુણી આવો....ઓ તારીની એ પાછી ઉંચે ચઢી ગઇ...અરરર ઘડીએ ઘડીએ હાથ તાળી આપીને ભાગી જાય છે. અરે કોઇ શાન્તાને લાવો, મારી મધુરીને મનાવો, અલબેલીને આમંત્રણ કરીને લાવો;

* * * *

અરે કોઇ આવો આવો મધુરી મારી લાવો,
બુલબુલને બોલાવો જઇ શાન્તા રીઝાવો;
ગઈ કયા મુકી મને અરે દીલદાર તે મારી,
જઇ કહું કોની કને ગઇ હા પ્રિયે મારી.

શાન્તા શાન્તા, સ્નેહમુર્તી શાન્તા તું કયાં સંતાઇ ગઈ! અલબેલી આવ બસ આવ?" ઉન્માદના ઉછાળે ચઢેલો ભાનુ શાન્તા સારૂ ખુબ કકળ્યો; ખુબ ઉકળ્યો અને અંતે હાય મારી ખુરશી પર જઇને બેઠો; ટેબલપર માથુ ઉંધુ મુકી વિચારમાં પડી ગયો! સંધ્યા પ્રદીપ્ત થતાં ભાનુની નવેલી નાર કાન્તા બની ઠણીને રૂમ ઝુમ કરતી ભાનુના શયન મંદીરમાં આવી. ભાનુને બે બાકળો પડેલો જોઇ તે વિચારમા પડી; અને છેવટે અંગુઠાથી ધરતી ખણતી ગાલે કર ટેકવી ભાનુને તીરછા નયનથી નિહાળવા લાગી. આ પ્રમાણે મૌન્ય મામલો થોડાક વખત સુધી ચાલ્યો; છેવટે ભાનુને પાછી કાંક વેળ આવી કે તરત ઉઠયો, અને ઉઠતાની સાથેજ તેની દ્રષ્ટી કાન્તા પર પડી. પડતાની સાથેજ તેને હરખ ચમક થઇ; અને ચમકની સાથેજ તે લવારી પર ચઢયો!!

"ઓહોહોહો કોણ પ્યારી શાન્તા! આવો આવો અલબેલી આવો, આમ આટલાં બધા અનાથ નાથને તલસાવતાં હઇશું કે!"

"અરે ખસો ખસો, અહીં કયાં શાન્તા છે? શાન્તા તો ગઇ!"

"કયાં?"

"સ્મશાનમા! માટીમાં! પ્રભુના ધામમાં!"

"હેં ગઇ? કયારે ગઇ? તે મને કેમ ન લઇ ગઇ?"

"તે તમે જાણો!"

"ઓહો ત્યારે હું કયાં છું?"

"તમારા બાપના ઘેર!"

"ત્યારે તું કયાં છું?"

"તમારા કદમમા!"

" તું તો સ્મશાનમાં હતી ને, અહીં ક્યાંથી આવી? તું તો એ ચાર દીવસથી ત્યાં સુતી હતી ! "

" અરે તમે બોલોછો કે બકોછો ! "

" હું તો ખાઉછું ! "

" શું ? "

" તને ! "

" તમારી ઘેલછાને ખાઓ ! એકને ખાધી હવે ન ધરાયા; હવે મને ખાવી ધારી છે ? "

" તું તો કડવી છે ! ચાલ ચાલી જા ! "

" અરે તમારૂં તો છટકી ગયું કે ફટકી ગયું ? "

" શાન્તા શું સટકી ગયું ! "

" તમારૂ ફેફરૂં ! "

" ક્યાં છે જા લઇ આવને ! "

" શું લાવું ? તમારૂ ને મારૂં કરમ ! "

" હાજ તો ! મારે તો તે હમણાં જોઇએ છીએ ! "

" અરે જરા ભાન રાખો ! આમ છેક ગાંડા શું થાઓછો ? શાન્તા તો મરી ગઇ મરી ! આ હું તો કાન્તા છું ! તમારી નવી !"

" કોણ કાન્તા ? "

" હા. "

" ચાલ ચાલ તું ચાલી જા ! મારી શાન્તાને તું ઘણી પજવતી હતી ! "

" ત્યારે હવે શાન્તાને બોલાવો, તેને સજીવન કરો ! "

" પણ તે છે ક્યાં ? "

" એ તો ગઇ ગાશ ભાને પાણી પાવા ! "

" ત્યારે તું કેમ અહીં ઉભી છું, મને પાણી પાને બહુ તરસ લાગી છે ! "

" હવે ડાભા બોલો ડાભા ! "

" કાન્તા આવ મારી પાસે બેસ, હવે તું મને વ્હાલી લાગેછે !

" હવે ને ? "

" હા હવે લાગે છે. ચાલ વ્હાલી હવે ગઇ ગુજરી ભૂલી જા !

" હું....હું....હવે ગઇ ગુજરી ભૂલી જા....એ હું ના ભુલું !

" વ્હાલી હવે તે બધું જવા દે ! "

" ઠીક, ઠીક. "

" પ્યારી હવે મનાઈ જા "

" ઉંહું, ખસો ખસો આઘા જાઓ ! "

" વ્હાલી હવે બહુ માનમાં ન મરડાઇએ ! "

" ઉંહું ...ખસો જાઓ ગારૂં નામ ન દેશો ! "

" હવે આ ગરીબ ધણી પર આટલા બધા છણકા ન કરીએ !

" હું....હું સઘળુ જાણું છું. તમે કેવા ગરીબ છો તે મારી ધ્યાન બહાર નથી. "

" કાન્તા હવે કઠોર ન થા ! નઠોર વેડા હવે મુકી દે ! "

" કઠોરે તમે છો અને નઠોરે તમે છો ! "

" હું તો સાવ ભોળો છું ! "

" હું ઓળખુ છું તમને ભોળા; આપે ચેડવો ને લઇ જાય ગોળા ! "

" કાન્તા વ્હાલી હવે મારાપર દયા કરો ! "

" જાઓ જાઓ એવા ઠગારાવેડા જવા દ્યો ! જોયા તમારા ચાળા ! કાલા ન થાઓ ! "

" વ્હાલી હવે જરા પાણી પાઓ ! "

" પીઓ હાથે ! "

" પ્રિયા બહુ તરસ લાગી છે ! "

"ગરજ હોય તો ઉઠો અને પીઓ હાથે એ પેલી ગોળી રહી!"

" હવે બધું ભૂલી જાઓ મારી કાન્તા પ્યારી; આ અનાથને હવે ન અકળાવો ! "

" હું ઓળખું છું તમને અનાથને ' મારી મા પેલી જુની ગધાડીએ જય'રે તમને નાથ્યા હતા ત્યારે કયાં ગયું હતું તમારૂં અનાથપણું ? "

" વ્હાલી બસ કર બસ કર ! શાન્તાને એક પણ ગાળ ન દઈશ ! તે સ્વર્ગસ્થને અખંડ શાન્તી મળજો ! !

" હાય હાય રાંડ મરી ગઈ છે તોપણ તેનું કેવું ઉપરાણું લેવાય છે; તેને શાન્તી મળજો ! મળજો બે ઢખાળા ! "

" વ્હાલી હવે એ કરમ કથા જવા દઈ મને પવાલુ પાણી પા !

" પીઓ હવે ટીકકો; જ્યારે તમારી સગલી જીવતી હતી; ને તે વખતે જ્યારે તમે બાધેભારે પાણી માગતા હતા ત્યારે ઉલટી હું આનંદથી લાવી આપતી હતી, તે વખતે તો મોં મચકોડી પીતા નહોતા; અને હવે તમારી સગલી સ્મશાનમાં ગઈ એટલે મને ફોસલાવવા'આવ્યા કેમ ને ! જાઓ જાઓ એમ હું ફોસલાવાની નથી સમજ્યા ! "

" હશે ભલા ભુંડા પણ ગરીબ ધણી હું તારો છું હોં !! "

" અં....હવે ને! લ્યો પીઓ! ટીકો!!"

" મધુરી મનાઓ!"

" મધુરી તો લાકડામાં ગઇ!"

" ત્યારે હવે તું મારી મધુરી!"

" મારા બલાએ નહીં!"

" ત્યારે કોણ?"

" ઓ પેલો કુતરો કાન કરે, એને કહો તે કાંક કાને ધરશે!"

" ઓ તારી માની રાંડ! હું પેલા કુતરીને બોલાવું! તું ભણી ભણીને અંતે આવું શીખી! છેવટે કુતરી!"

" તમે મોટા બી એ થઇને સ્ત્રી જાતીની કુતરીથી પણ નજીવી કીંમત કરી! કોઇ સાત ભવે શૉકય ન માગે તે તમે ભણી ગણીને આણી, તમારો ભગવાન કોઇ કાળે પણ છુટકો નહીં કરે!

" હશે વ્હાલી હવે બધુ વિસરી જા."

" વિસારી ન વિસરે એવી ચીજ તે શૉકય!"

" ત્યારે હવે હું શું કરૂ?"

" ટપટપીયું વગાડો!"

" ત્યારે હવે તું મારૂં કામ નહીં કરે?"

" એ ના."

" ત્યારે હવે હું શું કરૂં? કોની પાસે જાઉં?"

" શાન્તા પાસે!"

" શાન્તા તો મરી ગઇ!"

" ત્યારે હવે રામ રામ કરો!

" પણ તું રામકી રહી તેનું શું કરૂં?"

" હરી હરી હરી હરી હરી !! આવ્યા હવે ! "

" હાય હાય મારા તે કયાં ભોગ લાગ્યા કે બે બાઈડીઓ કરી !

" નહોતા જાણતા ?

'બે ગોરીનો નાવલોરે જાણે હરાયું ઢોર વ્હાલા,
એક ગોરીનો નાવલોરે જાણે કળાયો મોર વ્હાલા.'

" અરે હાય, મેં મારી ખ્વારી હાથે કરીને કરી. શીરની પાઘ પગમાં ધરી ! અરે હાય હવે મારી શી દશા થશે ! કીસ્મત કોના કદમમાં જશે ! પરણવા જતાં મને આડો સાપ ન ઉતર્યો કે હું હાથે કરીને મારા પ્રીતીભોજનના થાળમાં મુતર્યો ! અરે હાય હવે અંતરની દાઝ કોણ ઓલવશે અને આ ભાનુ ભવિષ્યમાં કેવું કષ્ટ ભોગવશે ? શાન્તા શાન્તા સ્વર્ગમાંથી પાછી આવ આ જીગરમાં જાગતી વિરહ જ્વાલાને ભેટીને બુઝાવ ! હવે કોઈ જગતમાં સગુ નથી મારૂં, જ્યાં જોઉં ત્યાં સર્વત્ર લાગે અકારૂં અકારૂં ! અરે હાય.

* * * *

" જમાનો બદલાયો ગઈ દીલદાર મારી,
દીવાનો હું કહેવાયો થઈ હાથેથી ખ્વારી;
નથી કોઈ મારૂ થાતુ કરે ટીચકારી ભારી,
હૃદય રડીને શેકાતું અરે આવ શાન્તા પ્યારી. "

" હવે આ ટાયલું બધુ નકામું છે. જ્યારે તમારી સગલી જીવતી હતી ત્યારે મારા સામુંએ જોતા નહોતા, અને હવે સગલી મરી ગઈ એટલે મનાવા આવ્યા !! "

" કાન્તા કાન્તા હવે ગજબ ના કર ! જુલમની હદ રાખ !

હવે મારી સાથે હસીને બોલ !"

"અંતરમાં લ્હાળા ધીગતા હોય તો હસવું ક્યાંથી આવે ?'

"મને મારા પાપની સજા થઇ છે. મને તું માફ કર !"

"તમે મારૂં માપ ક્યારે રાખ્યું છે કે હું તમને માફ કરૂં ? મારે માફી મંગાવવી નથી, તમે તમારી મેળે મારા સામુ ન જોશો !

"એટલે હવે હું શું કરૂં ? તું મારી નહીં થાય ?"

"હું તો ધણીએ થવા આવતી હતી પણ તમે મને મારી ગણતાજ નહોતા !"

"એટલે હવે તું વૈર વાળીશ ?"

"મારે શું કામ વૈરવાળવું પડે ! હું ક્યાં તમને કાંઇ ખાટુ મોળુ કહું છું. મારૂ નામ તમારે ન લેવું હું સાફ કહું છું !"

"એટલે મારે હવે બાઇડી વિના શી રીતે ચાલશે ?"

"ત્રીજી પરણો !".

"એટલે મારે ધંધોજ પરણવાનો કરવો ! જીંદગીનું સાર્થક બાઇડીઓ પરણવામાંજ માનવું !"

"એ તમે તમારા આત્માને પુછો. તમને શાન્તી મળે તેમ કરો !"

"મારી શાન્તી તો ગઇ ! અરે હાય, શાન્તા મને મુકીને તું શું કામ મરી ગઇ ! તારા પહેલાં હું ગયો હોત તો મારે આ મેણાં સાંભળવાં ન પડત !!"

"આ મેણાં નથી પણ કરેલા કર્મની કરણી છે !

"અરે મારી પાર ઉતરણી તો ગઇ, હવે મને સંસાર સાગરમાંથી ડુબતો કોણ તારે !"

" હવે ત્રીજીવાર પરણે ત્રીજી તારશે ! "

" તારા મનમાં તો તું એમજ સમજે છે કે બાઇડીઓ રસ્તામાંજ પડી હશે ! "

" અરે તમારા જેના હાડકાવાળાઓને તો બાઇડીઓનું બજાર પડયું છે ! "

" ત્યારે જાને એકાદ લઇ આવ ! "

" હું શુ કામ લઇ આવું, તમે જાઓ. "

" લે હવે માથાફોડ મુક. '

" માથાફોડ તે તમે કરોછો કે હું ? કયારના બોલ બોલ કરોછો હવે કાંઈ બોલતા બંધ થાઓ નહીંતો મોટીઆ ઉન્માદ થશે '

" હા મને ઉન્માદ થયો છે. મારી શાન્તા મરી ગયા પછી મારા મગજની શાન્તી નાશ પામી છે. હવે મને આખુ જગત અપ્રિય અને દુઃખદ લાગે છે. "

" ત્યારે શુ કામ જગતમાં રહોછો. જગતની બહાર જઇને જ્યાં શાન્તી મળે ત્યાં વિરામ કરો ! "

" હું એ વિરામનેજ શોધુંછું, મને શાન્તી કયાં મળશે તેજ જડતું નથી.

" હૃદય ખોલીને શાંતી શોધો એટલે તરતજ મળશે. "

" શાંતિ, શાંતિ, શાંતિ, તને હું કયાં શોધું ? હું કોને પ્રબોધું કે શાન્તી બતાવે ? "

" હવે હવે ડાહ્યા થાઓ, લવારી મુકી દો. શાંતી તો સ્મશાનમાં ગઈ ! !

" શું મારી શાન્તા સ્મશાનમાં ગઇ ! "

" તમે તમારા હાથેજ તેને લાંબી કરી સુવાડી હવે તો જંપો'

" હા....હવે જંપ કેવો ? "

" ત્યારે તમારે ફાવે તેમ કરો; જાઓ આઘા જાઓ નાહક મને પજવો નહી ! "

" હવે હું આઘો જવાજ માગુચ્છું, તને કાંઈ મારી દયા આવે છે ? "

" એ દયા તો ઘણી આવતી હતી; પણ દયાને તો તમે ખાઇ ગયા. "

" હશે ત્યારે ભુંડોજ હું છું ને ! "

" હવે આથી કેવા ભૂંડા થવું છે ! "

" ઠીક ત્યારે તને છેલ્લી સલામ ! "

" હવે થાકીનેજ સલામ કરગો મને શું કામ સલામ કરોછો; સલામ શાન્તાને ભરો કે તે ફરી સજીવન થઇ તમારૂં ઘર માંડે ! "

" ઠીક ત્યારે હવે હું મારી શાન્તાનેજ સલામી ભરીશ. "

" હું....એનેજ ભરશો એટલે ઝટ ભવિષ્યમાં ઠરશો "

આ પ્રમાણે કાન્તાએ તીણો માર્યો અને મોં મરડી બિછાના-માં પડખુ ફેરવી પડી. ભાનુશંકરને પગથી તે માથા સુધી જ્વાળ લાગી ગઇ, તેની ઘેલચ્છા અત્યારે જતી રહી; તેના મગજમાં પુર્ણ ક્રોધ વ્યાપી ગયો; તેની આંખોમાં ગરમ લોહી તરી આવ્યું. કાન્તાને સુતેલી જોઇ અતિશય ચીડાયો; અને તેનો મિજાજ હાથથી જતો રહ્યો ! અત્યારે સાડાદશ વાગ્યા હતા; સર્વત્ર ધીમી ધીમી શાંતિ પ્રસરી રહી હતી; આ વખતે ભાનુએ એકદમ કણાદ

પાછળથી મલાકા કેઇન જાડી નેતરની સોટી કહાડી; અને વગર બોલે ચાલે જેટલી મરાય તેટલી સોટીઓ કુદી કુદીને કાન્તાને મારી; કાન્તાએ ચીસા ચીસ પાડી રમખાણ મચાવી દીધું; ભાનુનાં મા બાપ દોડી આવ્યાં; મેડાની અંદરની સાંકળ વાસેલી હતી તેથી મેડાનાં બારણાં ઠોકવા લાગ્યાં; અને ભાનુ પર ખુબ કકળવા લાગ્યાં; જ્યારે કોક વખતે શાન્તાને માર પડતો હતો ત્યારે ભાનુનાં મા બાપ છાનાંમાનાં આંખ આડા કાન કરી આઘાં પાછાં થઇ જતાં હતાં; પણ કાન્તાને માર પડતાં કાન્તાના કુળવાન અને ધનવાન પિયરીઆંથી તેમના હાંજા ગગડી જતા હતા; તેમણે બારણાની સાંકળ ખુબ ઠોકી બારણાં હચમચાવી દીધાં, છેવટે ભાનુએ સાંકળ ઉઘાડી; બારણું ઉઘડયું કે તરતજ તેનાં માબાપ અને આડોશી પાડોશી મેડામાં પેઠાં; અને ભાનુ ક્રોધનો માર્યો બહાર નીકળી પડયો; ભાનુની આંખ ફાટેલી જોઇને તેને કોઇએ અત્યારે છેડયો નહીં, સૌ કોઇ કાન્તા પાસે જઇ કાન્તાની સારવાર કરવા લાગ્યાં; કાન્તાના શરીરમાંથી રક્તનો પ્રવાહ ચાલતો હતો; તેનું માથુ ફુટી ગયું હતું; લોહી જોઇને ભાનુનાં મા બાપ કાન્તાની પથારી પાસેજ હબકી ગયાં; આડોશી પાડોશી જેને જેમ સુઝે તેમ બોલવા લાગ્યાં અને કાન્તાની બરદાસ કરવા લાગ્યાં; આમ ભાનુશંકર ઉઘાડે માથે પંચીયા અને પહેરણભર ક્રોધનો માર્યો ઘર છોડી બહાર નીકળી પડયો; અને ઉતાવળો ઉતાવળો પગલાં ભરી જ્યાં મગજ લઇ જાય ત્યાં ચાલવા લાગ્યો; ચાલતાં ચાલતાં માણેકચોક આવ્યો એટલે ખમચાયો; પોલીસે તેને જોયો; પણ ઉઘાડુ માથું જોઇ કોઈ મરી ગયું હશે અને આ કાણુની ખબર

આપવા જતો હશે એમ ધારી તેને અટકાવ્યો નહીં; તેમ કાંઇ પ્રશ્ન પણ પુછયો નહીં, માણેકચોકમાંથી ભાનુ આડકતરો શાક બજારમાં ફુંટાયો; અને ત્યાંથી ખમાસાની ગેટ ઓળંગી જમાલપુર દરવાજા બહાર નીકળી ગયો.

આ વખતે કૃષ્ણ પક્ષ ચાલતો હતો; તેમાંએ બારસ તેરસના દીવસ ચાલતા હતા એટલે અંધારીયું સારી રીતે છવાઈ ગયું હતું; શહેરમાં તો મ્યુનીસિપાલ બતીના અજવાળે ભાનુ જમાલપુર સુધી આવી ગયો; પણ દરવાજા બહાર નીકળતાં સારી રીતે અંધારીયું છવાએલું જોઇ અધવચ રસ્તામાં ખમચાઇ ઉભો રહ્યો; કયાં જવું તેનો વિચાર તેને અત્યારે થવા લાગ્યો; તેના મગજમાં શાન્તાના શોધની ધુન ભરાઇ હતી તેથી જ્યાં શાન્તાને ગુવારી હતી ત્યાંસુધી મગજ તેને લાવ્યું; પણ અંધારૂ જોઈ તે ભયથી કંપી ગયો; છેવટે તેને યાદ આવ્યું કે શાન્તાને સમરૂષીના સ્મશાનમાં બાળી છે માટે તેની સમાધ દહન ભૂમિકા પાસે જઇ તેને સલામી ભરી હૃદયનો પ્રેમ જણાવી અંતરનો ઉભરો ખાલી કરવો; અને ત્યાંજ મનને અખંડ શાન્તી મળશે એમ ધારી સમરૂષીના સ્મશાન ભણી વળ્યો. પ્રેમ તરંગોને હીંડોળે ચઢેલો ભાનુ ભયથી કાંપતો કાંપતો પ્રેમથી ધકેલાતો ધકેલાતો ધીમે ધીમે છેક સ્મશાન સુધી જઇ પહોંચ્યો; ખાડા ખેયા ઓળંગી નદીના તીરે આવ્યો; અને ચોગરદમ દ્રષ્ટીપાત કરી ગંભીર વિચારમાં તન્મય થઇ શબવત ઉભો રહ્યો ! !

સમ રૂષીનું સ્મશાન અત્યારે અદ્દભૂત રૂપ ધારણ કરી રહ્યું હતું. પાસે સાબરમતી સરીતા ઘુઘવાટા કરતી વહન કરતી હતી.

હાલમાં ઉનાળાની મોસમ લગભગ ખતમ થવા આવી હતી. એ-કાદ બે વરસાદ સારી રીતે થઇ ગયા હતા. આજ કાલ નદીનો વેગ પુરવાળો હતો રાત્રી સમ સમ સમ કરતી પસાર થતી હતી. અંધકાર સારી રીતે છવાઇ રહ્યો હતો. મસાણુ અત્યારે નિર્જન અને ભયંકર ભાસતું હતું. વખતે વખતે શિયાળવાનાં રૂદન અને કુલશના અવાજ સંભળાતા હતા. હાડકાની હવા પવન સાથે ભળી ઉજાશ અને પ્રકાશ આપતી હતી. ફોસ્ફરસના ભડકાનું અજવાળુ વખતો વખત ભાનુના મોં પર પડતું હતું. આખુ સ્મશાન સ્થળ અત્યારે બિહામણું અને ભયંકર લાગતું હતું. સ્મશાનની ભયં-કરતા ભાનુના મન ઉપર કાંઇ પણ અસર કરી શકતી નહોતી, કેમકે ભાનુ તો શાન્તાના પ્રેમમાં કેવળ તન્મય બની ગયો હતો; તેની દૃષ્ટીએ ચોપાસ શાન્તાની મુર્તિ ખડી થઇ રહી હતી. સ્મ-શાનના દેખાવમાં ભાનુની ચિતવૃત્તિ જરા પણ ચોટી નહોતી; તે તો મનસ્વી આમ તેમ જ્યાં તેનું મન લઇ જતું હતું ત્યાં આંટા મારતો હતો; છેવટે તેણે જ્યાં શાન્તાને દફન કરી હતી તે જગ્યા શોધી કાઢી; અને ત્યાં અદબ વાળી આકાશ ભણી ન-જર નાંખતો. નદીના વેગ ઉપર કટાક્ષ ફેંકતો અને દફન ભૂમીપર નજર ઠારતો દમામમાં અક્કડ બની ઉભો રહ્યો!

"આહા આજ ભુમીકા મારી શાન્તાનો સમાસ કરનારી, આજ સ્થળે મારી શાન્તાની માટી માટીમા મળી ગઇ હતી. અરે આજ જગ્યાપર શાન્તા છેવટની અખંડ શાંતિ લઇ સુઇ રહી હતી. આજ સ્થળે શાન્તાને પાણીમાં ઠારી છેવટની બાળવામા આવી હતી. આહા સ્મશાન સ્મશાન તારા વિના કોઇનો છુટકો નથી.

વ્હેલા મોડા તારી પાસે તો આવવુંજ પડે છે અમરાપુરના રસ્તાની વાટની ટીકીટ તારી પાસેથીજ દેહદામ આપીને લેવીજ પડે છે. દરેક પ્રાણીના સંસારી ગાંસડા પોટલા અહીંથી છોડી નાંખવા પડે છે. અમરાપુરનેરસ્તે કોઇ ગાંસડા પોટલા વાળા નજરે પડતા નથી. મસાણુ મસાણુ રંકથી કે રાજા સુધીનો સમાસ કરનાર તુંજ પરદુઃખ ભંજન વિશ્રાન્તીનું મધુરૂ સ્થાન છે. પાપી પુન્યવાન, ધર્મી અધર્મી દરેક ગુણવાળા અને દરેક કોમના માણસનો ભંગીથી કે બ્રાહ્મણ સુધીનો સત્કાર કરનાર સમદ્રષ્ટીવાન મહાત્મા તુંજ છે આહા દરેક દેહધારીનો આદર સત્કાર તું સમાન દૃષ્ટીથી કરે છે. તારી દૃષ્ટીમાં કોઇ કાળે પણ વિકાર થતો નથી. ગતિવાન અને રતિવાન દરેકને તારા મેદાનમાં સુવાનું છે.

* * * *

ગતિવાનને રતિવાન સૂતા માન તજી મેદાનમાં,
તારા ખર્યા ગિરિગઢ ગર્યા રસિયા રહ્યા કંઇ રાનમાં;
ઉત્પત્તિ સ્થિતી પ્રલય આદી જગતનાજ સ્વભાવ છે,
સુખ દુઃખ આશા વાસના માયા તણાજ પ્રભાવ છે.

આહા મારી શાન્તાનો સમાસ કરનાર સમ દૃષ્ટિવાન ધરણીમાતા તને હું સાષ્ટાંગ પ્રણામ કરૂંછું મારી ગોઠી શાન્તાની શાન્તીને સંઘરનારી મોડી સ્મશાન ભૂમિકા તને મારા સહસ્ત્ર પ્રણામ છે. આહા તારા સ્થળે હું ઉભો રહી અત્યારે અદભુત આનંદ ભોગવું છું; અરે મારી મોઠી શાન્તા હવે સજીવન થાઓ, અને આ પ્રેમઘેલા ભાનુને હવે પ્રેમથી બોલાવો. આહા લાવ અત્યારે હું સ્નાન કરી પવિત્ર થાઉં અને પછી મારી શાન્તાને

સ્મશાન ભુમિકાને પ્રણામ કરી બોલાવું એટલે ઝટ બોલશે !" આ પ્રમાણે ઉદગારો કાઢી ભાનુશંકરે એકદમ નદીમાં પડી સ્નાન કરી લીધું; અને ઝટ ધોતીયું નીચોવી શરીર લુછી નાંખ્યું; પેરણ પણ કાઢી નાંખી નીચોવીને હવામાં આમ તેમ સુકવવા લાગ્યો, જરાવાર થઇ કે તરતજ પહેરણ પહેરી લીધું; અને દહન ભુમિકાને પ્રણામ કરી ભાનુ નીચે બેઠો; વળી કાંક વિચાર આવ્યો એટલે તરતજ એક નાનો લાકડાનો કડકો હાથ આવ્યો અને તરતજ જમીનમાં તેનાથી થોડો ખાડો ખોદ્યો; અને ઉભો થઇ એક ખોબામાં પાણી ભરી લાવી તે ખાડામાં નાંખ્યું; પછી પલાંઠી વાળી નિરાંતે બેઠો. ખાડાના પાણીનું આચમન કર્યું, ભૂમિકાની ભસ્મની ભસ્મમંત્ર બોલી વિભુતી કરી. પછી પ્રાણાયમ કર્યાં; અને છેવટે ભૂમીકાની પ્રદક્ષણા કરી; અને પછી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યાં; અને પછી હાથ જોડી ઉભો રહી શાન્તાને બોલાવવા લાગ્યો !

" શાન્તા, શાન્તા, મારી મધુરી શાન્તા તું જે સ્થળે બળી અને જે સ્થળે છેવટની ઠરી ત્યાં એકવાર ફરી પ્રગટ થાઓ અને દીન ભાનુને એકવાર મારો કરી બોલાવો. શાન્તે શાન્તે અલબેલી એકવાર તો આવો; અને ગરીબ ધણીને ભેટી હ્રદયની જવાળા બુઝાવો ! ! શાન્તા શાન્તા હવે એકવાર દર્શન આપો; હવે મને ઝાઝો ન તલસાવો, હવે તારો વિરહ સહન કરવાને મારૂં ગજુ રહ્યું નથી ! મારી મીઠી મેના તારા પ્રેમમાં હું ઘેલો થયો તારા વાસ્તે સર્વ હું ભૂલી ગયો. પ્રિયે પ્રિયે એકવાર બોલો; અત્યારે આ અનાથ ભાનુની નાથ હાથમાં ઝાલો અને જ્યાં તમે સમાવાં

ત્યાં તેનો સમાસ કરી.

* * * *

" દીલશું દીલ લાગ્યા પછી એંચે શું તું ખીજાઇને
નયન એંચે કયાં હવે મીઠી ખુમારી પાઇને ?
તારો દિવાનો તેંજ પાયો મુજને ઇશ્કે શરાબ,
માર કે જીવાડ ચાલે શું હવે લપટાઇને ?
ધિઃક એ પ્રીતિ ન બોલે શું વિચારે ખ્વાબ તું,
આંગળી હોઠે દઈ ઉભી રહી શું ચાઇને ?
લટ અલક છટકી ગઈ કયાં વીજળી ઝંખાઇને,
કયાં ગઈ હા કયાં ગઈ બ્રહ્માન્ડ બેઠી છાઈને ? "

આહા શાન્તા હવે તો બોલ; પ્રિયા ભેદનો પડદો ખોલ; રસિલી આજે માને ન ડોલ ! ! મધુરી મેં તને જે જે કાંઇ દુઃખ દીધું હોય તે તમામ ભુલી જા. મારા સર્વ અપરાધો વિસરી જા, અને છેવટનો એકવાર ફરી ઉમંગ લાવી, હસ્તે મુખડે આનંદ ભર્યાં લોચને આ ભાનુને બોલાવ; અને તેની છેવટની ભેટ લઇ તેને રીઝાવ ! ! પ્રિયા મને હવે જગત નથી ગમતું; વૈભવ પર મારૂં ચિત નથી ચોટતું; જીવન હવે પ્રિય નથી થઇ પડતું. પ્રિયા બોલો બોલો; બસ હવે નહીં બોલો ! ! લાચાર, લાચાર, ગમખ્વાર ગમખ્વાર ! પ્રિયા તેં આ ભાનુપર દયા દૃષ્ટી નજ કરી ! ! હશે હરી હરી હરી હરી હરી જેવી તારી મરજી ! ખરેખર આ ભાનુ પિશાચે તને ઘણુંજ કષ્ટ દીધું છે. તારાં માબાપને આપેલાં વચનોનો ભંગ કરી છેવટની તને શૉકયની શુળી ઉપર વીંધીને રગડી રગડીને મારી છે. આહા હવે આ પાપીની શી વલે

થશે ? મારી શી ગતી થશે ? હવે મને મારો કરીને કોણ ઓળખા-
વશે ? અરેરેરે મેં એવાં કર્મ કર્યાં છે કે હવે મારા વાસ્તે ઉગર-
વાનો આરો નથી રહ્યો ! હાય....હું હવે શું કરૂં ? કયાં જાઉં ?
કયાં શાન્તી મળશે ? કયાં મારાં પાપ પ્રજળશે; મારી શાથી
મુકિત થશે ? પાપ પ્રલયની યુકિત કોણ બતાવશે; શાન્તા પ્રા-
પ્તીની કુંચી કોણ આપશે ! ! જય જય જય મારી શાન્તાની
દહન સ્મશાન ભુમિકા હું તને પ્રણામ કરૂં છું. મારી શાન્તાને
અખંડ સુખ આપજે ! તેનાં સર્વ પાપો પ્રલય કરજે; અને તેને
અખંડ સુખના સ્થાને ધરજે ! મારી પ્રિયાને મારા કાલાવાલા
તમામ કહેજે ! મારૂં તમામ પુન્ય, મારી જીંદગીમાં જો કોઇ
પણ પ્રકારની સારી કરણી થઇ હોય તો તેનું તમામ ફળ મારી
શાન્તાને અપાવજે ! ! "

ભાનુશંકર આ પ્રમાણે દહન ભૂમિકાને પ્રણામ કરી સમરૂ-
ષિના આરાની ટેકરીઓ ભણી ચઢયો; અને થોડીકવારમાં બાંધેલા
સમરૂષીના આરાના એક ઉંચા ઓટલા ઉપર જઇને ઉભો; અને
ત્યાં ઉભો રહીને નદીના વેગ ભણી નજર નાંખવા લાગ્યો; થોડીક
વાર સુધી નદીના પ્રવાહ ભણી એકી ટસે જોઇ રહ્યો, વળી કાંક
વિચાર આવતાં આકાશ ભણી જોઇ પરમાત્માને વિનવવા લાગ્યો ! !

*　　*　　*　　*

ગજલ.

" કર્યાં છે કર્મ એવાં કે ઘણી શિક્ષા ઘટે મારે;
ખરેખર ન્યાય આધારે ઉગરવાનો નથી આરો—૦
દઈ વિશ્વાસ દગાથી મેં સગાને બહુ સપડાવ્યા;

વૃથા તાપે મેં તફડાવ્યા ઉગરવાનો નથી આરો-૦
વિષયની વાસનામાં હું ફર્યો હરદમ ફાનીમાં;
ગુમાવી વય તોફાનીમાં ઉગરવાનો નથી આરો-૦
શિતળ છાંયા આ કાયાની હતી તે હાથથી ખોઇ;
ન દેખું હાલ તે કોઇ ઉગરવાનો નથી આરો-૦
જડયું જોઇતું વૃથા કીધું તજી અમૃત મેં વિષ પીધું;
નહીં સારૂ કંઇ શીધ્યું ઉગરવાનો નથી આરો-૦
બધે બીજ ઝેરનાં વાવ્યાં ફળો આજે અરે આવ્યાં;
અરે તે કેમ જશે ચાવ્યાં ઉગરવાનો નથી આરો-૦
હવે આંખો બધી ઉઘડી જતાં કાયા ખરે લથડી;
ત્વચા તમામ ગઈ તતડી ઉગરવાનો નથી આરો-૦
વૃથા ભાસે મને ચો દીશ, સગો સાચો તું એકજ ઈશ;
લડાવે લાડ કરે કાં રીસ ઉગરવાનો નથી આરો-૦
ઉંચે દૃષ્ટી કરી જોયું, રહી પાતાળ મન પ્રોયું;
બની બેહાલ બહુ રોઉં ઉગરવાનો નથી આરો-૦
જગત જંજાળનાં જાળાં પડે દૃષ્ટી બધે મારે;
જવું કયાં ને કયે દ્વારે ઉગરવાનો નથી આરો-૦
અરે આવી દશા મારી, નથી જડતી એકે બારી;
ક્ષમા માગુ હવે તારી ઉગરવાનો નથી આરો-૦
ઉપાધીમાં પડયો આવી મુકયો કોણે મને લાવી;
ભવાઇ આખરે ભાવી ઉગરવાનો નથી આરો-૦
કરૂં હું કર્મ કેવાં કે બળે પાપો બધાં મારાં;
નહીં તો પડશે ન્હારાં ઉગરવાનો નથી આરો-૦

સુઆડો સંત કો આવી મુકો મુને મુખે ચાવી;
અજબ બીજો ઉરે વાવી, ઉગરવાનો નથી આરો-૦
વૃથા માયા તણા સૌ મોહ વૃથા છે રીસ ને વળી રોહ;
વૃથા કરવા કો ઉપર દ્રોહ ઉગરવાનો નથી આરો-૦
અરે ઓ ઇશ ચારે દીશ નિહાળું તો નથી મારૂં;
ખરે આ બાળ નૅાધારૂં ઉગરવાનો નથી આરો-૦
મને બોલાવી લ્યો પાસે દુઃખી દુનિયા તણા ત્રાસે;
ખરે આવું ભર્યા શ્વાસે ઉગરવાનો નથી આરો-૦
કયા પંથે પડી આવું કહો સાથે હું શું લાવું;
પટે પાછુ નહીં જાવું ઉગરવાનો નથી આરો-૦
કહો તો શાસ્ત્ર સુણીને આરાધુ પંચ ધુણીને;
કરો રાજી આ જાણીને ઉગરવાનો નથી આરો-૦
કહો તો તિર્થ યાત્રામાં ફરી ફક્કડ બની આવું;
કૃતાર્થ શું કરી થાઉં ઉગરવાનો નથી આરો-૦
કહો તો વસ્ત્ર નવ રંગે અગર કફની ધરૂં અંગે;
બની આવું હું ઉમંગે ઉગરવાનો નથી આરો-૦
કહો તો રાખ ચોળીને કહો તો ઝાલી ઝોળીને;
ખરૂ લાવું શું ખોળીને ઉગરવાનો નથી આરો-૦
મને પરવા ખરે ત્હારી, વિભુ કરજે તું સ્હાય મારી;
બનું જેથી હું આભારી ઉગરવાનો નથી આરો-૦
અવર પાસે નહિ યાચુ નચાવે તું હું ત્યમ નાચું;
પ્રભુ તુજ વિણ બધુ કાચુ ઉગરવાનો નથી આરો-૦
કઠણ કરણી ખરે મારી ન દેશો ધ્યાન મોરારી;

શંકર કરડી નજર તારી થતાં એકે નથી આરો-૦

જય જય વિશ્વંભરા જય ! ! પ્રભુ પ્રભુ વિશ્વાધાર તારા કદમમાં આ ભાનુ આવે છે!! શાન્તા શાન્તા મારી મધુરી શાન્તા હવે તારો ભાનુ તારી પાછળ આવે છે ! ! હર, હર, હર ગંગે હર, હર ! હર હર હર નર્મદે હર, હર ! ! જય જય સરિતા માતા આ ભાનુનો સમાસ કરો; અને તેને શાન્તાના પવિત્ર ધામમાં પહોંચતો કરો ! ! ” કહી ભાનુશંકરે આવેશમાં આવી જઇ નદીમાં ઝંપલાવી દીધું; એક અવિચારી ભોળા અને સાહસિક પણ ભલા પતિએ પોતાની પ્રેમાળ પત્નીના પવિત્ર પ્રેમ સારૂ પોતાની જીંદગી અર્પણ કરી ! શાન્તાની પાછળ ભાનુ પણ ગયો; શાન્તા વિના તે ન રહ્યો તે ન જ રહ્યો; આખરે શાન્તાનો થયો તે શાન્તાનોજ થયો ! ! નદીના પુર વેગમાં ભાનુ સપાટાબંધ તણાવા લાગ્યો; અને જોત જોતામાં તે છેક અદ્રષ્ય થઇ ગયો ! વ્હાલા વાંચકવૃંદ આતે ‘ વ્હાલાનું વ્હાલ કે જીંદગી બેહાલ ’’ ખુંખારીને કહી દ્યો કે વ્હાલાનું વ્હાલ અને જીંદગી બેહાલ ! !

પ્રકરણ ૬ ઠું.

હોલી હૉટલની મજા કે સુધારાની ધજા?

દોહરો.

મુળ કીયું ડાળાં કીયાં કોનાં ફળ ફુલ પાન,
વૃક્ષ કોણ વસુધા તણું પડે ન આજ પિછાન.

સુધરેલ અને વગર સુધરેલ, અભણ અને ભણેલ, જુવાન અને ઠરેલ શહેરી અને ગામડીઆ અને આર્ય અને અનાર્ય એ દરેકને એકજ સ્થળે એકજ ભાણે અને એકજ હારે અમન ચમન કરતા હૉટલની હવા ખાતા અને બોટલની દવા લેતા દેશોદયનાં સબળ સાધન રૂપ સંપ વિષયનાં વ્યાખ્યાન આપનારા વકતાઓને જોવા હોય તો ચાલો હોટલમાં મહેરબાન, ત્યાં જઇ જોશો તો દરેક જણ સંપમાં ગુલતાન જાણે એકજ બાપના અને એકજ પ્રભુના ભાગ્યશાળી સંતાન!!

શ્રૃષ્ટી ફરી દ્રષ્ટી ફરી વૃષ્ટી ફરી આ અવસરે,
પલટયુ વલણ આ પૃથ્વીએ આશ્ચર્ય ઉપજે અંતરે;
લટકા વધ્યા ચટકા વધ્યા ઠકરાઇ વધી છે ઠાઠમાં,
ફેશન તણા ફંદો વધ્યા ભભકા વધ્યા મુખ પાઠમાં.

જાલીમ જમાનાની જાગતી જ્યોતિમાં પોઝીશન બુટ–પાટલુન જેકીટ ખમીસ અને કોટ ચઢાવવામાં સચવાઇ રહી છે, એટીકેટ વેલ કમ ઓન કમ ઓન કગ માય ડીયર કહી શેકહેન્ડ કરવામાં જળવાઇ રહી છે, ગૃહસ્થાઇ ટીન પતરાના અને ચીનાઇ માટીના પ્યાલામાં ગરમ પાણીના ચાહના ઉકાળા રેડવામાં સમાઇ ગઇ છે, નીતિ સુધારાના સારથી થઇ લેડીના હાથ ઝાલી કલબ, મીટીંગ અને નાટક જોવામાં ભરાઇ છે, અને ધર્મ હોટલના ટેબલ પર પાંચે કપડાં અને બુટ પહેરી એક ટી-રાનાં બાસુદી પુરી બટાકાનું શાક, ભજીઆં, ખમણુ ઢોકળાં, ચાહુ, બીસ્કીટ ઝાપટવામાં અને સોડા લેમોનેડ અને એકસ ઓ નંબર વન અને ટુની બાટલીઓ તોડવામાં આવી રહ્યા છે.

*　　*　　*　　*

કૈસી હોલી મચાઇ છેલ મિડિલને–કૈસી૦

દેશી ધોતી લિબાસ છાંડકે કોટ લીયે સીલવાઇ,
ખુલે અગાડી કટે પિછાડી ટોપી કાલી જમાઇ;
　　　　　વૉચ આગે લટકાઇ–છેલ મિડિલને૦
બુટ દેવકો પહિન પાંવમેં તનિયાં લીન્હ કસાઇ,
બૈઠન નહીં પતલુન દેતહૈ ઠાડે કરત મુતાઇ;
　　　　　ધન્ય સુધરેલી ભવાઇ–છેલ મિડિલને૦
હાથમેં છતર રૂમાલ હી રખકે અંખીયાંપે ચશ્મા ચઢાઇ,
જલે ગલુબંધ કૉલર લટકે મુખમેં ચીરૂટ દબાઇ;
　　　　　ધુંઆ ફક્ક ફક્કા ઉડાઇ–છેલ મિડિલને૦
ઘરમેં જા અંગરેજી બોલે સમજત નાંહી લુગાઇ,

માગે વૉટર દેતી રોટી બોલ ઉઠે ઝુંઝલાઇ;
ડેમ યુ કહાંસે આઇ-છેલ મિડિલને૦
કોન બનાવે રંગ બસન્તિ કોન ગુલાલ ઉડાઇ,
બ્લેકીંગ કી ડબીયાં હાથ ખુરશહે કરતહે બુટ સફાઇ;
છોડકે સલેમ સાઇ-છેલ મિડિલને૦
નાતિ જાતિ મિડિલ કર બૈઠે દુર ભઇ પંડિતાઇ,
ગિટ પિટ મિસ્ટર હૉટલ જાવે બ્રાન્ડી બોટલ ઉડાઇ;
સુખાનંદ લેડી આંખ લડાઇ-છેલ મિડિલને૦ ”

સુધારાની ધ્વજા, યુવકોની મજા, આનંદનું ધામ, ખાન પાનનુ ઠામ, કેળવણીના કાન અને મોરેલીટીના માન રૂપ રાજનગરમાં આજકાલ હોલી હૉટલ થઇ રહ્યું હતું. નાનાથી મોટા ગરીબથી તવંગર અને આર્યથી તે છેક અનાર્ય સુધીના હરેક જણુ અંતઃકરણથી હોલી હૉટલને ચ્હાતા અને તેનાં ખાણાં પીણાં ઘણાજ ઉમંગથી ખાતા હતા. આ હોલી હૉટલ મુંબાઇના એમ્પાયર હોટલની ઢબ છબ ઉપર રાજનગરમાં ચારેક વર્ષથી કાઢવામાં આવ્યું હતું. તે હૉટલમાં દેશી અને વિદેશી બંને ઢબ મુજબ ખાણું તૈયાર કરવામાં આવતું હતું. હોલી હૉટલનો માલીક સુધારા સમાજનો એક જાણીતો માનીતો અને સાહસિક સુધારામાં હરેક રીતે આગળ પડતો ભાગ લેનાર નવ યુવાન ગૃહસ્થ હતો. તેનું નામ વિનાયકરાવ મુનસી હતું. તે જ્ઞાતે નાગર હતો; અને એક સુપ્રસિદ્ધ બારીષ્ટર સાથે વિલાયત જઇ આવેલ હતો, એટલે હરેક રીત રસમમાં અને હુન્નર કસબમાં નિપુણ પેક અને પ્રવીણ હતો. જ્ઞાતી બંધન અને ધર્મના બતીંગની તે બીલ-

ફુલ દરકાર રાખે તેવો નહોતો. ફક્ત હરકોઇ યુકિત પ્રયુકિતથી પૈસો પ્રાપ્ત કરવો એજ તેનો મુખ્ય અને ઉમદા હેતુ હતો. તે હોટલમાં ઘણીજ સારી રીતે પવિત્રતા સફાઇ અને સુન્દરતા સાચવી જાણતો હતો. એકવાર ગમે તેવી પ્રકૃતિના મનુષ્યની મુખમુદ્રા જોતાંની સાથેજ તે તેના મનોભાવ જાણીને તેને મનગમતું ખાનપાન આપીને એકદમ પ્રસન્ન કરી નાંખતો હતો. શહેરના સારા સારા ગ્રહસ્થોની ફીદાગીરીનાં પ્રમાણ પત્રો સરટીફીકેટો તેણે સંખ્યાબંધ મેળવ્યાં હતાં; ટુંકામાં ચાર વર્ષની કારકીર્દીમાં તેણે હોટલની પ્રતિષ્ઠા સારી રીતે વધારી દીધી હતી. શહેરના એક છેડાથી તે ઠેઠ બીજા છેડા સુધી દરેક નાના મોટાના મોઢે હોટલની હોટલનીજ તારીફ થતી હતી. આખા શહેરમાં મી. મુનશીનું હૉટલ એક ઉમદા અને માનીતું હૉટલ થઇ પડયું હતું. દરેક વર્તમાનપત્રમાં મુનશી હોટલની જાહેર ખબર અને તેની સાથે બે ચાર સારા સદ્‌ગૃહસ્થોનાં પ્રમાણપત્રો વાચવામાં આવતાં હતાં. મી. મુનશી જમાનાને સારી રીતે માન આપનાર અને જાણનાર હતો. દીન પ્રતિદીન તે હોટલમાં સારી રીતે ખાનપાનમાં સુધારા વધારા કરતો હતો. તેણે હોટલના દરેક હોલમાં વીજળીક લાઇટ અને પંખા ગોઠવી દીધા હતા, સારા ઉમદા અને ફેન્સી કાચનાં આરસ પહાણનાં અને લાકડાનાં ટેબલો ગોઠવી દીધાં હતાં; તેની સાથે મોટા વિશાળ બિલોરી કાચના આયનાઓ, તકતાઓ, અને હાંડી ઝુમ્મરો ટાંગી દીધાં હતાં. દરેક હોલમાં ખાણું મંગાવવાની ચેરનીંગ બેલ ઘંટડીઓ અને નાના નવજુવાન ચેલકાઓ રાખેલ હતા. ઘરાક જલદીથી અને સંપુર્ણ

રીતે ક્રીડા થાય તેવી ગોઠવણુ મી. મુનશીએ રાખેલ હતી. આજ કાલ અમદાવાદમાં મી. મુનશીનું હોટલ એક ઇંગ્લીશ અને દેશી હોટલ તરીકે માનીતું અને સુંદર હોટલ થઇ પડયું હતું.

મી. મુનશીના દેશી હૉટલમાં શહેરના સારા સુપ્રસિદ્ધ શ્રીમન્તો, વ્યાપારીઓ, વકીલ બારીષ્ટરો, શાસ્ત્રીઓ, પુરાણીઓ અને નવ યુવાન યુવકો આવતા હતા મી. મુનશી દરેકને મન-પસંદ ખાનપાન છચોક અને ગુપ્ત રીતે જે પ્રમાણે અને જેવી રીતમાં જેને જોઇએ તેવી સગવડમાં પુરૂ પાડતો હતો. દરેકની પ્રાઇવેટ કોન્ડકટ ખાનગી રીતભાત તે મનમાં છુપાવી રાખતો હતો. તેનું હૉટલ ઘણુંજ વિશાળ અને લગભગ પચાશેક હૉલ-વાળુ સારૂ અને ફેન્સી મકાન રૂપ હતું. તે હૉટલમાં પણ કેટલાક ખાનગી હોલ સુધારકો અને છેલ છબીલા ગૃહસ્થ ફાંકડાઓ માટે તેણે રાખ્યા હતા; અર્થાત્ દરેક બંદરનો વ્યાપાર હોટલમાં ઘણીજ સફાઇથી અને ખાનગીથી ચાલતો હતો. શહેરની વચ્ચો-વચ્ચ તેણે હોટલ ગંજાવર રકમનો ભોગ આપીને બંધાવ્યું હતું. પોલીસ ખાતાના અમલદારો, શેરસટ્ટાના દલાલો અને રાજનગ-રની ગૉલ્ડન ગેંગ સોનેરી ટોળીના આગેવાનો સાથે મી. મુનશીએ સારી રીતે સંબંધ બાંધી આખા શહેરમા અચ્છી રીતે લાગવગ વધાર્યો હતો.

શહેરના કેટલાક આગેવાન ગૃહસ્થો જ્યારે દેશી હોટલનાં છચોક રીતે વખાણ કરતા હતા; ત્યારે કેટલાક જૂના વિચારના ગૃહસ્થો અને પત્રકારો દેશી હોટલને વાસ્તે ઘણોજ કડવો તિ-રસ્કાર અને ટીકાઓ કરતા હતા; આ પ્રમાણે જગત ભગતનો

વ્યવહાર હોલી હોટલમાં ચાલી રહ્યો હતો. આજકાલ નાતાલના તહેવાર ચાલતા હતા. તેમાંએ આજરોજ વિશ્રાન્તીવાર રવિવારનો દીવસ હતો. સમય સાંજના પાંચ વાગ્યાનો હતો. સાંજના હોલી હોટલનો રોફ દમામ અને બહાર બહુજ ખુશકારક અને ભભકબંધ હતો હોટલમાં એક પછી એક એમ યુવકોની સારી સંખ્યા જોત જોતામાં જમા થઈ ગઈ. તેમાં કેટલાક કોલેજીયનો મેડીકલ સ્ટુડન્ટો, વિદ્યાર્થીઓ વીગેરે પણ દાખલ થઇ ગયા; અને તેની સાથે કેટલાક પુરાણીઓ અને શાસ્ત્રીઓ પણ તેમાં સામેલ થયા; વળી અધુરામાં પુરૂં કેટલાક શેર સટ્ટા બજારના વ્યાપારીઓ પણ ચાહ પાણી પીવા દાખલ થયા; અને તેની સાથે મી. મધુકર, જયન્તીલાલ અને તેના કેટલાક સુધારાના સારથી રૂપ મ્હારથી મિત્રો પણ દાખલ થયા; જોત જોતામાં હોટલ ખીચોખીચ ભરાઇ ગયું, છેવટે મી. રમણીકલાલ માસ્તર અને તેમના મિત્ર મી. યશવંતરાવ પણ ચાહ પાણી ઉડાવા આવ્યા. રમણીકલાલ માસ્તર સુધારાના કટ્ટા શત્રુ હતા; અને જયન્તીલાલ પણ સુધારાનો હડહડતો દુશ્મન હતો; બે બંને જણાને તેમના મિત્રો પરાણે મરજી ઉપરાંત હદ બહાર ખેંચતાણ કરીને લાવ્યા હતા. યશવંતરાવ સારી જગ્યા સારૂ હોટલના દરેક હોલ રમણિકલાલને તેડી ઘસડી જોઇ વળ્યો; પણ એકે હોલમાં તેને મન પસંદ સીટ મળી નહીં; છેવટે તે માસ્તરને લઇ ઉપર ગયો; માસ્તર કોઇ દીવસ પણ હોટલમાં આવ્યા નહોતા, આજે પરાણે યશવંત સાથે આવ્યા; તેથી તે તો હોટલની મઝા જોવામાં અને જુવાનીઆની રમત ગમત જોવામાં કાંક તદલીન થયા; જ્યારે માસ્તર મેડે ગયા

ત્યારે હોટલના હેઠળના હોલ કરતાં ઉપરના હોલનો ઠાઠ ઘણોજ અચ્છો દીઠો. એક બાજુ પર અકરડી પાઘડી વાળા બ્રહ્મ તેજમાં જળહળી ઉઠતા અને ત્રિપુંડ તાણેલા શાસ્ત્રી પુરાણીઓ ગરમ દુધ અને ચાહ પીતા દીઠા, બીજી બાજુએ ગુચ્છાવાળા ચશ્મા માસ્તરોને શેવ ગાંઠીયા દુધ અને ચાહ ઉડાવતા દીઠા, વચ્ચોવચ સુધારાના સારથીઓને બુટ પહેરી બાસુદી પુરી અને ભજીઆં ઝાપટતા જોયા; અને બીજી પચરંગી પ્રજાને બીસ્કીટ, ડબલરોટી, પાઉં, સોડા, લેમોનેડ અને મન પસંદ દેશી વિદેશી ઢબનાં ખાણાં ખાતી જોઈ. આપણા રમણિકલાલ માસ્તરના ડોળા તો હોટલની હવા અને બોટલની દવા જોઈને બહાર નીકળી પડયા; અને તેની સાથેજ માસ્તરના મુખમાંથી નીચેના ઉદ્ગાર નીકળી પડયા.

* * * *

" ખાવું પીવું હોટલમાં હાલ થયુ સ્હેજસાજ,
ચાહ ગમે તેની જુઓ પ્રીતિથી પીવાય છે;
અડ ને આભડ મટી સહુ સરભર થયું,
ગમે તેની સાથે ખાણું ખાંતથી ખવાય છે;
ભક્ષ ને અભક્ષ તણો વિચાર વિસારી મુકયો,
ધર્મથી વિરૂદ્ધ ચીજ રીઝથી ચવાય છે;
જ્ઞાતિ ભેદ જાતિ ભેદને દીધો વિસારી આજ,
હિંદુઓનું હીંદુપણું હોટલમાં જાય છે. "

" મી. યશવંતરાવ મને આ જહાન્નમના ખાડામાં કયાંથી લાવ્યા? તમારા બાપનું શું અહીં દાટયું છે કે તમે અહીં આવ્યા! ઘરનાં બૈરાં તમને ચાહ પાણી નથી તૈયાર કરી આપતાં કે અહીં

રહ્યા તમે હોટલના રસ્તા માપતા ? ”

“ અરે મી. રમણીકલાલ માસ્તર યાર તમે છાનામાના રહીને સીધા મારી પાછળ આવો; બહુ બોલ બોલ કરીને તમારો ભાર ન ગુમાવો ! તમારે કાંઇ ચાહ પાણી ન પીવાં હોય તો ન પીશો પણ અમારો ચાહ પાણીનો ટેસ બગાડી ન દેશો ! સમજ્યા મારા મહેરબાન કાંક તો એટીકેટનું રાખો ભાન ! ”

“ અરે યશવંતરાવ હું તો તમને ડીસ્ટીન્કટલી ના પાડતો હતો પણ તમે મને પરાણે પકડીને શું કામ લાવ્યા ? જ્યારે પકડીને લાવ્યા ત્યારે હું તો બોલવાનો ! યુ મસ્ટ ડીઅર મી, તમારે મારૂં સાંભળવું પડશેજ ! ”

“ ઓલરાઇટ ઓલરાઈટ માસ્તર જરા ધીમે રહીને બોલો, જો કોઇના ઉપર આક્ષેપ કરશો તો કોઈ ધોલ ધરી દેશે તો મોટી પંચાત થઇ પડશે ! ”

“ અરે શું ધુળ ધોલ દઇ દેશે, તેને હાથ છે અને મારે નથી ? એમ ખાલી દમ ન ભરાવો ! ”

“ અરે માસ્તર, બધું માસ્તરપણું જવા દઇને છાનામાના ડાહ્યા થઇને એક કોરે મારી સાથે બેસી જાઓ, તમારે ચાહ પીવો હોય તો હું મંગાવી આપું નહી તો છાનામાના ચુપ બેસી જાઓ ! ”

“ અરે આ તે શું કાંઇ કચેરી બચેરી છે કે મોટી હાઇકોર્ટ છે ? કે જેથી હું છાનોમાનો મુંગો બેસી રહું ? ”

“ અરે માસ્તર યાર તમે પણ ઉલ્લુ જેવા છો; છાનામાના મુંગા મરી રહોને; અને ચ્હા પી લેવા દોને ! પછી આપણે ઝટ

રસ્તો માપી જઇએ ! ”

“ બાપુ હું તમને કયાં ના પાડુછું ? તમારે જે પીવું હોય તે પીઓને ! એમાં કયાં મારા બાપનો પૈસો વરે છે ! તમારા ખીસ્સામાં જેટલું જોર હોય તેટલું પીઓને ! ! ”

“ માસ્તર તમે ગ્રેજ્યુએટ થયા તોપણ ડોબા જેવા રહ્યા ! કાંઇ પણ પોઝીશન અને એટીકેટ જાણતા ન થયા ! યાર જાઓ જાઓ તમે કોલેજના નોલેજને લજવી માર્યું; બીચારૂં આખુ સુધારક મંડળ તમારાથી હાર્યું; છતાંએ તમે જે ધાર્યું હતું તે પાર ઉતાર્યું ! ! ”

“ અરે યાર યશવંત તું મારી શું કામ પત્તર ફાડે છે, તારે જેટલું ઠાંસવું હોય તેટલું ઠાંસને ? હું કયાં તને કહું છું હું તો મારે જમાના પર ટીકા કરૂં છું ! ! આ મારા વ્હાલા શાસ્ત્રીઓ, પુરાણીઓ, કોલેજીયનો અને પેલા સુધારાવાળા જ્યારે મોટાં મોટાં ભાષણનાં બણગાં ફુંકે છે ત્યારે મોટી આકાશ પાતાળની વાતો કરે છે; અને મોટા શાસ્ત્રના શ્લોકો ટાંકી ટાંકીને પંડીતની પુંછડી બને છે અને પવિત્રતાનો ફાંકો તો એટલો મોટો રાખે છે કે જાણે મોટા ધર્મનાં ધુંસરાં અને જ્યારે ભસી રહ્યા કે તરતજ એ ભગવાન એના એજ રહ્યા ! અને છાનામાના આ હોટલનો આશરો લેતા થયા: અરેરે ભગવાન,

*　　*　　*　　*

૧ “ કોટ પાંટલુન પહેરવાના ઉર કોડ થાય,
બાંડીસ છે બુટ મોજા ઉત્તમ મનાય છે;
ખમીસ જેકીટ અને સાહેબનાં જેવી ટોપી,

ટોપીવાળા થવા આજ અતિ વપરાય છે;
નાટકના વેશ જેવો ડ્રેસ તો દેખાય બધો,
તોય જુઓ મોટાઈ બતાવા ચિત રહાયછે;
પોતાનો પોશાક તજી સજીને સાહેબ થયા,
હીંદુઓનું હીંદુપણું હોટલમાં જાય છે. ”

“ અરે મી. યશવંતરાવ આ મડદાતેજી માસ્તર રમણિકલાલને અહીં કયાંથી પકડી લાવ્યા? અરે એ અભડાઇ જશે; એમને ગંગા સ્નાન કરવું પડશે; અરરર આ ભ્રષ્ટાભ્રષ્ટમાં તેમને યાર કાં નાંખ્યા ! ”

“ મી. મધુકર મારા મુરખાનાએ ભોગ લાગ્યા કે હું આ કેસરપપ્પુને અહીં લાવ્યો ? યાર જયારના આવ્યા છે ત્યારના છાનામાના જંપીને બેસતા નથી; યાર સ્હેજસાજમાં કાંઇ કોઇની સાથે ઝઘડો વ્હોરી બેસશે તો મોટી પંચાત થશે અને રજનું ગજ થઈ જશે ! ! ”

“ યુ પ્લીઝ જેન્ટલમેન એવન કયાંય ચાહા પાની નહીં પીતા ! ! એવન શું બોલ બોલ કરેચ, મુંને તો એવન હાફ મેદ જેવા લાગેચ ! ”

“ અરે યાર એ હોટલના કટ્ટા દુશ્મન છે; આ બધાં સુધરેલ ખાણું પીણું એમને બીલકુલ પસંદ નથી; ઉલ્ટા એ ચાહ પાણીને ધિક્કારે છે ! ”

“ શું એવન ચાહ પાનીને બી પ્રસંદ નહીં કરતા ! આનાં શું વતાલ છે ! ચકલીના બંબાનું પાની, સુગર, ટી અને ઓનલી મીલ્ક એમાં આવે છે ! એમાં કયાં ગોસ્ત બોસ આવે છે ? આય

ચાહ પાનીથી તો કેવો ઉમદા ફાયદો હોય છે! પેટ સાફ આવે છે, પીશાબ ખુલ્લુ ઉતરેછ, અને ભુખ બી કકડીને લાગેછ, સાથી આખા બદનમાં ચંચળાઈ અને ફુરતી આવેછ! સાલ્લા આ ઉલ્લુઓ શું સમજતા હસે કે ચાહ કેવી ઉમદા ચીજ છે!"

"અરે શ્રીયુત મહાશય આર્યવર્મા શાસ્ત્રીજી તમારાં કદમ અહીં કયાંથી? આર્ય ધર્મના ચુસ્ત ઉપદેશક તમારાં દર્શન અહીં હોટલમાં કયાંથી?

"મહાશય મને જરા વાયુનો વ્યાધી છે; હમણાં જરા તેનો વધુ ચમકારો જણાયો એટલે મને મનમાં વિચાર આવ્યો કે લાવ્ય જરા ઉષ્ણુ ઉષ્ણુ ચાહ પાન કરૂં એટલે વાયુ મટી જાય!"

"હા મહાશય ખરી વાત છે; આપે ઉષ્ણુ ઉષ્ણુ ચાહ પાન કર્યું તેથી હું ધારૂંછું કે વાયુ વિનાશ થયો હશે."

"જી હા, હવે મને ઉદરમાં ઠીક છે."

"શાસ્ત્રી મહાશયજી! આપે ઉષ્ણુ ઉષ્ણુ ચાહ પાન કર્યું તે કીયું ચાહ પાન? હું ધારૂંછું કે વારૂણી ચાહ પાન હશે?"

"અરે નહીં નહીં મહાશય વારૂણી ચાહ પાન નહીં પણ સાદુ ચાહ પાન જેને તમે લોકો ટી કહોછો તેમેં પ્રાશન કર્યુંછે!"

"તમારા બાપનું કપાળ તમે પ્રાશન કર્યું! અરરર જમાનો દીવાનો આવ્યો;

* * * *

"ચાહ પીએ ત્યારે ચેન ચિત્તમાં લગાર પડે,
બીડી પીએ ત્યારે મન શાન્ત સદ્ય થાય છે;
મદ્ય ગળે ત્યારે વળી મઝા પડે મગજને,

જુવાનીનું જોર જુઓ એનાથી જણાય છે;
પેંદા કરે પાંચ ને પચાશનું બતાવે બળ,
ઠાલો ઠાઠ દેખાડીને મન મલકાય છે;
મળ્યું ત્યારે મીર પછી ફકીર થઈને ફરે,
હીંદુઓનું હીંદુપણું હોટલમાં જાય છે."

"શ્રીયુતજી આપના ઉદ્ગાર ઘણા વાસ્તવિક છે; પણ મહાશયજી જમાનાને માન્ય આપવું પડે છે હું તો ઘણી વખત પય પાશન કરૂં છું; આજેજ ચાહ પીવા આ વિશ્રાન્તી ભૂવનમાં આવ્યો !"

"અરે વિપ્રવર્યા પુરાણી આ તમે શાનાં પાનાં ઉકેલો છો ? શું ઝાપટવા માંડયું છે ?"

"ઓહો કોણ રમણિકલાલ માસ્તર ? તમે અહીં કયાંથી ?"

"અરે પણ તમે અહીં કયાંથી !"

"જ્યાથી તમે ત્યાંથી અમે !"

"પણ આ લોથ તમે શુ વાળવા માંડી છે ?"

"આ જરા અકાદશીનો ગઈ કાલે ઉપવાસ હતો; અને આજે દ્વાદશી હતી તેથી પ્રભાતના પહોરમાં ભોજન લેવા બેઠો હતો; પણ શરીરની પ્રકૃતિ ઉપવાસને લીધે વાયુવાળી હતી તેથી બરાબર જમાયું નહીં; આ અત્યારે કથા કરવા જતો હતો એટલામાં ક્ષુધા કકડીને લાગી; તેથી જરા મન થયું કે લાવ જરા વિશ્રાન્તી ભૂવનમાં જઈ ક્ષુધાને તૃપ્ત કરૂં ?"

"આ વિશ્રાન્તી ભુવનમાં આવ્યા ત્યારે તમારૂં પુરાણુ ભૂવન હતું કે બળી ગયું હતું ! ઘેર જઈને જમવું હતું ને ?"

શ્રીયુતજી મને ક્ષુધા કઢંગા વખતે લાગી; તેથી મને મારી ભાર્યાને તસ્દી આપવી યોગ્ય ન લાગી; તેથી મનમાં વિચાર કર્યો કે ચાલો રસ્તામાં ઉદર તૃપ્ત કરી લઈશું !"

"હું ધારૂં છું કે તમે તમારી ભાર્યાને ઠાકોરજીના ગોખલામાં બેસારી રોજ આરીયાના પ્રસાદ ધરાવતા હશો! જરા લાજો લાજો બોલતાં વિચાર કરો ! આ બ્રહ્મ તેજની ધ્વજા રૂપ ચકરડી પાઘડી તે હોટલમાં હોય ?"

"મહેરબાન આપનું કહેવું અક્ષઃરસ યોગ્ય છે, ચકરડી પાઘડી હોટલમાં ન હોવી જોઈએ ! પણ મારા મુરબ્બી જમાનાને માન આપવુંજ પડે છે !"

શું તમારા નામની હોળી આપવી પડે છે; આ તમારા જેવા આર્ય ધર્મના ઉપદેશકો જ્યારે આવો અભક્ષા ભક્ષનો ભ્રષ્ટાચાર કરશે ત્યારે ધરતી રસાતાળ જશે ! !

"તો મહાશયજી ધરતી તો રસાતાળ ગએલી છે હવે શું બાકી છે ?"

"પણ આ તમારા પાત્રમાં તમે શું ઝાપટ્યું તે તો કહો?"

"આ જરા બાસુદી ને પુરી ખાધાં ! !"

"અને પેલું ગોળ ગોળ અને રાતું રાતું ! !"

"એ જરા ભજીઆં હતાં !"

"એટલે તમે બાસુદી પુરી ને ભજીઆં ખાધાં; તેમાંએ આ ચારે કપડાં પહેરીને ખાધાં ! ધિઃકાર છે તમને ! જાઓ જાઓ ઢાંકણીમાં પાણી ઘાલી ડુબી મરો !"

"તો મહેરબાન લાવો ઢાંકણી અને રેડો પાણી પછી આ-

પણે બંને તેમાં ભુડી મરીએ ! ”

“ જરા શરમાઓ; આ ચારે કોર વાળીને પહેરેલું રેશમી ધોતીયું; આ તમારી બગલાના મન જેવી ધોળી બંડી; આ તમારો ઉપરણો અને માંથે ઉંચુ પાડેલું ચકરડું પાઘડું લજવાઇ જાય છે; તમને કાંઇ મનમાં સાર સારનો વિચાર થાય છે ? ”

“ પણ મારા મહેરબાન જે મેં ખાધુ તેમાં અપવિત્ર શું છે કે તમે આટલા બધા તપી ગયા છો ? ”

“ આ બાસુદી પવિત્ર ! ”

“ ત્યારે શું બાસુદી અપવિત્ર ? શું તે અગ્યારસમાં વપરાતી નથી ! જુઓ આન્હીક પ્રકાશ ! ”

“ અરે તમારા આન્હીક પ્રકાશને ને તમને બેને મોટા ઝંડીઆમાં નાંખો; આ તમારી વન્હિ સમાન દલીલ કાઢોછો તેના કરતાં તમારા મોમાં ડાટો મારો ! ! ”

“ શું પુરી અપવિત્ર ? ”

“ ના ભજીઆં પવિત્ર ! ”

“ તો મારા મહેરબાન જેટલું તળ્યું અને તાળ્યું તેટલું સ્વર્ગેથી આવ્યું ! ”

“ મારા મા બાપ તમને નવ ગજના નમસ્કાર ! ! હવે આવા ચમત્કાર કરવા મુકી દેજો ! અરરર આમન્યા અને ધર્મ તો જતોજ રહ્યો. ”

* * * *

“ વડીલોની આમન્યા સાચવવી એ શુભ ગણે,
કુળના આચારથી કંટાળો પેંદા થાય છે;

ધર્મ ધ્યાન એતો જુઓ બોજા રૂપ માને ભાઇ,
સગાં ને સબંધી ન્યાત જાત તજી જાય છે;
જ્ઞાન ગાથા ગોઠે નહીં શાસ્ત્રને સંતાડી મુકે,
નમાલી નોવેલો વાંચવાને ચિત્ત ચ્હાય છે;
આપે ઉપદેશ તે ન લેશ રૂચે અંતરમાં,
હીંદુઓનું હીંદુપણું હોટલમાં જાય છે. ”

“ હયો માસ્તર તમે તો હવે ગજબ કરવા માંડયો, જેમ આવે તેમ તમે તમારો મોંઢાનો ડાંડીઓ ફેરવવા માંડયો, માસ્તર તમારૂં કહેવું વ્યાજબી છે પણ તે હવે ગયા જમાનાને વાસ્તે છે; ધી પ્રેઝન્ટ ટાઇમ ચાલુ જમાનાને વાસ્તે નથી. ”

“ મી. યશવંતરાય ચાલુ જમાનાએ તો તમને હવે ગધાડા પર બેસારવા માંડયા; તમારા ઘરની લક્ષ્મી હવે બ્હાર આવવા લાગી; હવે કાંઇ આંખ ઉઘાડશો કે બે હાથ ભેગા કરીને તાળીઓ પાડશો કે પછી આંગણામાં બેસીને ચકલીઓ ઉડાડશો ? ”

“ માસ્તર તમે જે કાંઇ કહો છો તે હું સમજું છું પણ મારાથી તમારા કહ્યા પ્રમાણે પળાતું નથી ! ”

“ એ બાપુ કહ્યે કાંઇ નહીં પળાય; જ્યારે જમાનો કાન પકડીને તમને ઘરમાંથી બ્હાર તગડશે અને સુધારો સર્વસ્વ લુટી લઇ નાગા બાવા જેવા કરશે ત્યારેજ તમારાથી અમારૂં કહેવું પળાશે ! ”

“ માસ્તર અત્યારે તમારા ઉદ્‌ગાર નકામા છે ! જ્યારે જમાનોજ શિક્ષણ આપશે ત્યારે પ્રજા સુધરશે ! બાકી તમે જેટલા બે હાથ છાતીએ કુટી કુટી છાજીયાં લેશો અને ધમ પછાડા કર-

શો તેટલા છુટી પડશે ! ”

“ ભાઈ હું એ જાણું છું કે મારૂં બધું છુટી પડશે; પણ જ્યારે તમારા જેવા અર્ધ દગ્ધ સુધારકોને આ ફેશનના ફુદાને જમાનાના જોડા ધનનન ધનનન કરતા માથામાં જડશે ત્યારે તરતજ આંખ ઉઘડશે ! ”

“ માસ્તર હવે બહુ બોલ બોલ કરશો તો તમારૂં ભેજું ખસકી જશે, અને તમારી ગાંડામાં ગણતરી થઇ હાંસી થશે ! !

“ અરે મી. યશવંતરાવ પેલો સુધારાને ધિઃકારનારો જયન્તીલાલ પણ હોટલમાં આવેલો લાગે છે ! ”

“ બાપુ હવે તમે માંથાફોડ જવાદ્યો. આ હોટલમાં તો આખુ શહેર આવે છે અને લહેર ઉડાવે છે. માંહી તમારા જેવા કોક એકાદ બે બબુચક હોય છે તેજ આગ પેટ કુટે છે. ”

“ અરે ઓ જયન્તીલાલ ! ”

“ ઓહો કોણ માસ્તર ? ”

“ તમે અહીં કેમ આવ્યા છો ? ”

“ અરે યાર મને તો આ મારા મિત્રો ખેંચી ઝાલીને અહીં પકડી લાવ્યા છે; મેં કાંઈ હોટલનો ચાહ બાહ પીધો નથી; હુંતો ફકત આ લોકોનો તમાસો જોઉંછું ! ! ”

“ આ મારૂં બેટું હું એ એ વિચાર કરૂં છું કે આ લોકોની દશા શી થશે ? પુરા પાંચ કમાતા નથી ને પચાશનો રોફ મારવા જાય છે; આ મારા મુરખા પેટનું પુરૂ શી રીતે કરશે ? પુરા પગારમાં ઘેર દાળ ભાત રોટલી અને શાક પુરૂં ખાઇ શકતા નથી, ને અહીં રોજ હોટલમાં આવી ચાહ દુધ બીસ્કીટ બાસુદી પુરી

અને ભજીઆં શી રીતે ઝપટાશે ? ”

“ મિત્ર ખરૂં કહેવરાવો તો આ મારા વ્હાલા અદ્ધરલાલ જતે દીવસે ખાતર પાડતાં અને ધાપ મારતાં શીખશે ! ”

“ અરે યાર ઉછરતી પ્રજા તો ધાપ મારતાં કયારનીએ શીખી! આ મારા વ્હાલા દશ દશ બાર બાર વરસની ઉમરના છોકરાઓ અત્યારથી કુલકણીઓ, બીડીઓ ફુંકવા શીખ્યા અને રોજ સાંજ સવાર ચાહ બીસ્કીટ ઉડાવતાં શીખ્યા મારા વ્હાલાઓને ચાહ બીસ્કીટનું એવું જબરૂં વ્યસન પડી ગયુ છે કે એક દીવસ તે-મને ચાહ પાણી વગર ચાલે નહીં ”

“અરે ભાઇ ચાહ પાણી તો ઉધ્યાં પણ મારા વ્હાલા બારો બાર હાથ મારીને છાનામાના સ્કુલેથી છટકાને અહીં આવી હો-ટલમાં ભરાય છે અને બાસુન્દી પુરી ભજીઆં અને ખમણ ઢોકળાં ટટકાવાય છે. હવે આ હોટલવાળા દાળ ભાત પુરાં પાડવાનો સુ-ધારો કરે એટલે તમામ કામ પાર થઇ જાય; સઘળી વાતનું સુખ થાય અને દરેક રીતની સગવડતા સચવાઇ જાય ! આ મારી બેટી ન્હાવા ધોવાની, કંત્યાન મુગટા અને ધોએલાં શણીઆં પ-હેરવાની કડાકુટ મટી જાય; આ જ્યારે ભૂખ લાગી કે તરતજ ઘ-રમાંથી ધાપ મારી અથવા કોઇને કુલ્લામાં ઉતારી છકા પંજા રમી આ હોટલમાં આવ્યા; અને ખાંચે કપડાં પહેરી બાંહ્યો ઉંચી ચડાવી ટેબલપર બેસી માલ પાણી થાપડવા લાગ્યા; જાણે મોટા પ્રોફેસરોના બેટા અને સુધારાના ટેટા ! ! ”

“ અરરરર શિવ શિવ શિવ સુધારે સત્યાનાશ વાળ્યું; ધર્મનું બીજ બાળ્યું અને પ્રજા તત્વને સમુળગું પ્રજાળ્યું;

* * * *

" સુધારે વાળ્યું સત્યાનાશ પ્રજાને હાય વંઠાડી,
કર્યા છે ધર્મ નિતિ નાશ પ્રજાને હાય વંઠાડી;
ભુલાવી જ્ઞાતિ જાની ભાન પ્રજાને હાય વંઠાડી,
ઉઠાડયો આર્યનો દીનમાન પ્રજાને હાય વંઠાડી. "

" અરે મહાશયજી આપનું કહેવું બ્યાજબી છે આ આર્યાવૃતની અવદશાનું મુખ્ય કારણ સુધારો છે. અને તે સુધારો અંગ્રેજી કેળવણીમાથી ઉભો થએલો છે; માટે તમારા જેવા અંગ્રેજી ભણેલા ગણેલાથીજ આ આર્યભૂમીની અવનતી થવા પામી છે!

" ત્યારે શ્રીયુતજી તમારા જેવા સંસ્કૃત ભાષાના ખેરખાંઓથી કેટલી આર્યાવ્રતની ઉન્નતી જામી છે ? "

" માસ્તર ખોટુ લાગે તે માફ કરજો, પણ મને કહેવા દો કે આ અંગ્રેજી કેળવણીથીજ ધર્મ નીતિની ખાના ખરાબી થઈ છે!

" તો મારા મહેરબાન તમારી સંસ્કૃત ભાષાથીજ આખા દેશમાં દરીદ્રતા વ્યાપી ગઇ છે ! "

" અરે માસ્તર તમારા ગોટ પીટ યસ નો ડબલ્યુ ઢમેજ આખા દેશનું સત્યાનાશ કાઢયું ! "

" અરે મહાશયજી આ તમારા અસ્યામ તસ્યામ ઇદમ અહંમ કુરવન્તેજ દેશનું ઉંધુ માર્યું !

" ત્યારે તમે શું દેશનું તાર્યું તે તો બતાવો ! "

શ્રીયુતજી તમારાથી આખું જગત હાર્યું ! તમને નવ ગજના નમસ્કાર ! "

" શું મારા મહેરબાન આ તમારા જેવા બાબરીઓ વાળા

બારચીએજ દેશનું નખ્ખોદ કાઢ્યું !"

"અરે તમારા જેવા નારાયણ ચોટલી વાળા લોટીઆઓ-એજ દેશનું જડામુળ કાઢ્યું !"

"અરે અવિચારીઓ તમેજ ચાહ બીસ્કુટ ડબલરોટી અને અભક્ષાભક્ષ ખાઇને આખો દેશ વટલાવ્યો !"

અરે બ્હેમીદાસો તમે શકિત માર્ગ વાળાઓએજ દેવ દેવીના નૈવેદ્યને નામે મહુડી દારૂ પી પીને દેશ બગાડયો !"

"અરે ઓ મૂર્ખાઓ અમે મુચ્છાવાળા બાબરીવાળા અને અંગ્રેજી ભણનારા તો કેવળ આ હોટલમા આવીને ચાહ દુધ અને ચવાણું ખાઇએ છીએ; પણ તમે તો મોટા જનોઇના જોતરવાળાઓ અહીં આવીને બાસુદી પુરી ભજીઆં, ખમણ ઢોકળાં સોડા અને બ્રાન્ડીની બાટલીઓ ઉડાવો છો !"

"અરે ચાલો ચાલો તમે બધા અંગ્રેજી માસ્તરો ભેગા થઇને એક તરફીજ બોલો છો ?"

"અરે હવે તમે હોટલમાં આવવાનીજ કરો બાધા !"

"તમે લોકો પહેલા હોટલમાં આવવાનું જળ મુકો એટલે તરતજ દેશોદ્દય થશે !'

"થશે તમારૂં કપાળ! આ તમે ડાહ્યા ડહ્યા ભેગા થઇનેજ ડાહ્યપણનાં દવ લગાડયો અને દેશ બગાડયો !"

"અરે મારા ભાઇ જેમ થતું આવ્યુ છે તેમ થવા દ્યો અને છાશની દોણી ભરવા દ્યો ! દુનિયા ઝુકતી હય ઝુકાનેવાલા ચાહીએ ! સાંઇકા ટટુ ચલને દો તો યાર ચલને દો જી ચલને દો !'

"મી. જયન્તીલાલ ! જોયા આ તમાસા !"

" હા માસ્તર હુવે કુધારા અને સુધારા બંનેનાં વાગ્યાં ત્રાંસા!

" હર હર હર પરમાત્મા પરમાત્મા વિશ્વાધાર હુવે સ્હાય થા સ્હાય થા !!

" માસ્તર હવે તો હીંદુઓ હોટલમાંજ લુંટાશે અને સુધારેજ કુટાશે !!

* * * *

"હીંદુ હોટલમાં લુંટાય છે હાય હાય હીંદુ હોટલમાં લુંટાય છે,
ધર્મ બોટલમાં કુટાય છે હાય હાય ધર્મ બોટલમાં કુટાય છે—૦
નાત જાતના ભેદ સૌ ભુલી એક ઠામે ત્યાં જેમાય છે (૨)
બુટ પાટલુન કોટ કેપ ચઢાવી એક ભાણે ત્યાં ખવાય છે—૦
ગરમા ગરમ ટી કોફી ને બીસ્કીટ બાંનેથી નિત્ય પીવાય છે (૨)
સફેદ સંચાના દુધ શેવ ગાંઠીઆ ભજી ભાતેથી લેવાય છે—૦
લેમન સોડા રોઝબરી ઝીન્જરના બાટલા નિત ફેંડાય છે,
ખાનાંન આઈસક્રીમ ડેલી બપોરના સંચાઓ ખુબ જોડાય છે—૦
બાસુદી પુરી શાક બટાકાનું ચટણી ભજીઆ ત્યા પીરસાય છે,
શીખંડ દુધપાક ખમણ ઢોકળા ઘારી કચોરી વરસાય છે—૦
નાના મોટા ને ગરીબ તવંગર આનંદે ભેગા થાય છે,
ચમન ઉડાવે ટેસ પાણી પીને વાહ વાહ સુધારાની ગાય છે—૦
વંઠયો જમાનો પ્રજા ના વઠી ઘરબાર વંઠી જાય છે,
નાક તાણીને નાઠી છે લક્ષ્મી હુરમાન ઘરમા ઘાય છે—૦
ઘર માંહી હાંલ્લાં કુસ્તી કરે ને મોઢું તો લાલ રખાય છે,
હસી હસી કર્યા તે રોઇને ભોગવવા ત્રાહ્ય ત્રાહ્ય મુખે ભણાય છે—૦
આંખ ઉઘાડી ચેતોને આર્યો નહીં તો દુઃખની લ્હાય છે,

હોટલના મેમાન ન થાશો દીવાના અંતે હોટલમાં હાય છે-૦ "

" અરે ઓ માસ્તર માસ્તર બોલતાં કાંક વિચાર કરો ! હોલ્ડ યોર ટંગ, નહીં તો પછી ફટકારવા પડશે ! "

" યુ ડોન્કી વ્હાય આર યુ ડીસ્ટરબીંગ મી ? યુ ગદ્ધા શા માટે મને હરકત કરે છે ! "

" યુ ફુલ ગેટ આવે ફ્રોમ હીઅર ! અરે બેવકુફ અહીંઆંથી દુર જા ! "

" આય સાલ્લાનું ભેજુ ચસ્કી ગએલું જનાય છે; કયારનો એ બોલ બોલ કરે છ ! એ સ્ટુપીડ કાંઇ ખાનુ બી નહીં ખાતો અને બીજાને ખાવા પન નહીં દેંના ! "

" અબે યાર ઓ ઉસ્લુકા ખોપરી ખસ ગઇ હય ! વો ઇન-સાન દીવાના હો ગયા હય !

" જહાન્નમમાં ગયા દીવાના હો ગયા તો ! અપને ઉન્નકી કયા જરૂર હય ! ચલો યાર નાહક કાયકુ શીર ફોડતે હો ! ઓ ડુંગલી ઓર ખાસડા દોનું સાથ ખાયગા ! "

" અરરર આખા હોટલમાં છે કોઈ આર્ય ધર્માભિમાની ! છે કોઇને નાત જાતનું ભાન: ફકત આંખો મીચી ઝાપટવાનું છે જ્ઞાન; બસ આખો દીવસ રંગ પાણીમાં ગુલતાન ! ! "

" અરે મી. મુનસી, મુનસી, હે મુનસી, અરે વિનાયકરાવ મુનસી " કહી ચાર પાંચ જણાએ હોટલના માલીકને બોલાવવા સારૂ ઘાંટા પાડયા. ઘાંટા પાડતાની સાથે આખા હોલમાં ગડબડ મચી રહી; ગડબડ અને ધમાલ જોઇને મી. મુનસી એકદમ ધસમસ્યો ઉપરના હોલમાં આવ્યો અને ગડબડ સમાવવા પ્રયત્ન

કરવા લાગ્યો;

"અરે મી. મુનસી તમારી હોટલમાં આ એક દીવાનો માણુસ માસ્તર રમણિકલાલ નામનો દાખલ થએલો છે, તેની સાથે હાફ મેડ આ એક જયન્તીલાલ નામનો શખસ છે તે બંને જણા ભેગા થઈને હોટલની નિંદા કરે છે, ચાહ પાણીને ધિઃકારે છે; તથા હોટલમાં આવનાર ગેસ્ટ પરોણાઓ, મેમાનો અને ઘરાકોની મશ્કરીઓ કરી તેમના પ્રતિ તિરસ્કાર બતાવે છે; તમે એકદમ તેમને દુર કરો; નહીતો અમારા હાથનો તે માર ખાશે !"

"અરે તમે લોકો કોણ છો ? કેમ મારા હોટલમાં આવ્યા છો ? આ લોકો તમારા વાસ્તે શી કમ્પલેઈન કરે છે ? ચાલો એકદમ મને જવાબ આપો, નહીંતો પોલીસને સ્વાધીન કરવામાં આવશે ?"

"અરે મી. મુનસી તમે પોલીસના નામનો અમને ડર બતાવો છો કેમ ? પોલીસ તમારા બાપની નથી પણ આખી પ્રજાની છે, સમજ્યા ?

"વેલ મી. મુનસી જોયો એમનો રોફ ! છે બરાબર હાફ મેડ !" એમ કહીને એક જણે ચાહની રકાબી પાછળથી રમણીકલાલ માસ્તરના બરડામાં મારી ! !

"ઓ મારા બાપરે હું બળી ગયો" કહી માસ્તરે ટેબલ પરની બીજી બે રકાબી ઉઠાવીને પાછળની બાજુએ મારી; એકાદનું માથું રકાબીથી ફુટી ગયું; અને એકની આંખમાં ગરમા ગરમ ચાહ પડયો; એટલે તે લોકોએ ઉપરા ઉપરી રકાબીઓ ઉઠાવી ઉઠાવીને માસ્તરને મારવા માંડી; માસ્તરને માર પડતાંજ

જયન્તીલાલનો મીજાજ ફાટયો કે તરતજ તેણે પ્યાલા રકાબી-ઓના ટબમાંથી જેટલી હાથ આવે તેટલી રકાબીઓ ઉપાડી ઉપાડીને જેમ આવે તેમ ફેંકવા માંડી; મી. મુનસી આ ધમાલ જોઇ ગાભરો બની ગયો, જોત જોતામાં તેના પર પણ રકાબીઓ આવવા માંડી; તે બિચારો કાયર થઇ ગયો અને હાથ જોડી ટોપી ઉતારી ધમાલ બંધ કરાવવા લાગ્યો, હોટલમાં એક પળવારમાં મોટું હુલ્લડ મચી રહ્યું; બીચારા હોટલવાળાના પ્યાલા રકાબીઓનો કચ્ચર ઘાણ નીકળી ગયો; ગાહો માંહી પ્યાલા રકાબી ફેંકનારા દાઝવા લાગ્યા. એટલામાં એકે બુટ કાઢીને માર્યું, જોત જોતામાં હોટલમાં જોડા ઉડવા લાગ્યા; અને હોટલનાં કાચનાં બારણાં, તકતા, આયના, લેમ્પ વગેરે ફુટવા લાગ્યાં; એટલામાં એકે આવી મુનશીને લાકડી મારી; ત્યાં એકે છત્રી મારી એ પ્રમાણે છત્રી ડંડાઓનું હુલ્લડ મચ્યું, અને પછી દરેક જણા હાથો હાથ આવી ગયા, બથમ બથા અને મુક્કાબાજી વધી પડી; આખા હોટલમા જબરી હા હો થઈ રહી, હોટલ બહાર જતા આવતા લોકો ભેગા થઇ ગયા અને હોટલની હુરે હુરે બોલાવવા લાગ્યા; હોટલવાળાની કમાણીની એક ઘડીમાં ખાણા ખરાબી થઇ ગઇ; એટલામાં પોલીસ આવી હોટલમાં દાખલ થઇ, ત્યાં પોલીસ પણ કુટાણી અને મોટો જબરો જંગ મચ્યો; આશરે એક કલાક સુધી રમખાણ ચાલ્યું, અને પછી હોટલમાંથી ફક્કડ અને અક્કડ જુવાનીઆઓ હીપ આઉટ કરતા, હુરીઓ બોલાવતા અને કોઇ રોતા કકળતા બહાર નીકળ્યા; આખા રસ્તાપર માણસોની ભરચક ગીરદી જામી ગઇ; બીચારા હોટલવાળાની એક વરસની કમાણી

એક ઘડીમાં ધુળધાણી થઇ ગઇ; આખુ હોટલ રમણ ભમણ થઈ ગયું; અને તેના સર સામાનનો ખુરદો કરી નાંખ્યો, અને છેવટે ધીમે ધીમે હોટલના ઘરાકો વેરાઇ ગયા, છેવટને અતે માસ્તર રમણિકલાલ, જયન્તીલાલ, યશવંતરાવ, મી. મધુકર અને બીજા જાણીતા સુધારકો પણ નીકળી રસ્તે પડયા; જયન્તીલાલને કપાળમાં એક મોટું જબરૂ ઢીમણું થયું; તે બિચારો હાથ પંપોળતો પંપોળતો ઘેર જવા લાગ્યો; માસ્તરની પણ ભમ્મરમાંથી લોહી નીકળતું હતુ; તે પર એક રૂમાલનો પાટો માસ્તરે બાંધ્યો હતો અને બિચારા મનમાં બબડતા બબડતા ઘર ભણી જવા લાગ્યા, એટલામાં તેમનો કોઈ મિત્ર મળ્યો અને માસ્તરની ખબર પુછવા લાગ્યો;

"મી. રમણિકલાલ માસ્તર આ ભમ્મરે શાનો પાટો બાંધ્યો છે?

"ભાઈ મારો તો હોટલમાં આટો નીકળી ગયો!!"

"જયન્તીલાલ તમને આ કપાળમાં ઢીમણું શેનું થયું?"

"ભાઇ એ ઢીમણું નથી પણ સુધારાનું શીંગડું છે!"

"શું વાગ્યું?"

"મને પ્યાલો વાગ્યો!!"

"ત્યારે શું કરવા હોટલમાં ગયા હતા! કોણે કહ્યું હતું કે બેટા બાવળીએ ચડજો?"

"ભાઇ એ તો હોટલની મઝા?"

"અરે હોલી હોટલની મજા કે સુધારાની ધજા?"

પ્રકરણ ૭ મું.

વિયોગને અંતે સંયોગ કે સંયોગને અંતે વિયોગ ?

દોહરો.

માતા શકિત મન પિતા ઉત્પન્ન થયો મનોજ,
વ્યાપ્ત કરે છે વાસના રમી હૃદયમાં રોજ.

એક પ્રેમમાં સર્વ પ્રકારની પ્રતિતી સમાએલી છે, તેમજ સર્વ રસની રીતિ પણ પ્રેમમાંજ રહેલી છે, રાજનીતિની હારજીત અને જંગ પણ પ્રેમમાંજ નિરખાય છે. હાવ ભાવ આદિ સર્વ સમુહ પ્રેમમાંજ છે. રાગ રંગ ઉમંગ અને અનંગ પણ પ્રેમમાંજ છે. ધ્યાતા, ધ્યેય અને જ્ઞાતા તથા જ્ઞેય પણ પ્રેમમાંજ આવી રહેલાં છે, જોગ, ભોગ અને પંચ મહાભુતના અંગો પણ પ્રેમમાંજ છે, માટે વિશ્વમાં જે પ્રેમનો પ્રકાશ છે, તે તો વિશ્વપતિની એક કરામતછે, અર્થાત જયાં જુઓ ત્યાં કેવળ પ્રેમનોજ પ્રસંગ છે.

ધર્મ સત્ કર્મ સો પ્રેમ આધિન છે. રગ ઉમંગ તે પ્રેમ રાખે,
પ્રેમ ત્યાં પુન્ય હરિ ધુન્ય જયા પ્રેમ છે સ્વર્ગ અપવર્ગ તે પ્રેમ ઝાંખે;
દુઃખને ભુખ તો દુર ભાગે સદા શત્રુના ફંદ નવ લેશ ફાવે,
સંપ સંતોષ સુનીતિ રહી સદનમાં સુખ સંસારમાં પ્રેમ લાવે.

અગ્નિની સર્વ કળા કાષ્ટમાં રહેલી છે, પણ તે લાકડાને અડવાથી કાંઇ બાળતી નથી, વળી પત્થરની મધ્યે અગ્નિ રહ્યો છે, પણ કાંઇ પત્થરને ઝાલવાથી તે તેને બાળતો નથી, તેમ કાચમાં પણ અગ્નિ રહેઠાણ કરી રહ્યો છે, પરન્તુ કાચ કર થકી પકડવાથી લ્હાય બળતી નથી, પણ કાષ્ટને એકમેક સાથે ઘસવાથી મથવાથી, પત્થરાને લોઢા વડે ટીચવાથી અને કાચમાં સૂર્યનું પ્રતિબિંબ લેવાથી એકદમ અગ્નિ પ્રગટ થાયછે; એ અનુમાન અનુસાર પરબ્રહ્મની પેઠે પ્રેમની પ્રભા ઘટ ઘટમાં વાસો કરી રહી છે, અર્થાત વિશ્વમાં જ્યાં જ્યાં યોગ્યતા પ્રમાણે યુકિતઓ આવી મળે છે ત્યાંજ પ્રેમ જાગે છે.

* * * *

" ઝીણા ઝરમર વરસે મેહ ભીંજે મારી ચુંદલડી,
એવા નંદ કુંવર શું નેહ ભીંજે મારી ચુંદલડી—૦
ઉંચા અવાસ એ અલબેલાના નીચે અમારી મેડીરે,
સુતી હતી હું મારા ભુવનમાં સાન કરી મુજને તેડી—૦
ડગ ડગ દાદુર મગ મગ મોરલા ચાતક થયા નમેરારે,
વિજળીના વેગના ભયને ત્યાગી આવ્યા ઉભી આ શેરી—૦

માનવંતી મુગ્ધાના મનને ભિતિ પમાડતી, મદનરાજના મોહક દુંદભી વગાડતી, વિશ્રમા વિરામ લેતા વિલાસીઓને ઘડી ઘડી જગાડતી, અભિસારીકોના અંતરમાં અનંગ અગ્નિ લગાડતી, લલિત લલનાઓને લાલની ક્ષણે ક્ષણે લગની વળગાડતી અને વિરહી વામાઓને વારંવાર વિરહ દુઃખથી રંજાડતી અટક-

ચાળી વર્ષાઋતુ વિશ્વમાં પથરાવા લાગી. અમીધર મામાની અમરાઈ વાડીમાં પણ વર્ષાનો વિજયી રંગ છવાઈ રહ્યો હતો. અમરાઈ વાડીની કુંજમાં કુંદન તેની સાહેલીઓ સાથે હરી ફરી રમત ગમત કરી રહી હતી. સાહેલીઓ પણ તીખી મીઠી કુંદનની મશ્કરીઓ કરી હાસ્યરસ રેલી રહી હતી. ભાભી ગોદાવરી પણ નાની નણદીને ખુબ ખીલાવી રહી હતી.

" ગોદાવરી ભાભી આ મેઘાડમ્બર તો જુઓ;

" આડા આછા રંગ આહા અટપટા,
જુઓ જુઓને વાદ્ય વાદ્ય અંબર છટા,
દમકત દામોની છાઇ છે ઘન ઘટા,
ધારી ધરણીએ કારમી અલક લટા. "

" કુંદન બ્હેન તમારી કંચન વરણી કાયાના આડંબર આગળ આ મેઘાડમ્બર ઝાંખુ થઈ જાય છે. "

" જોબનનું જોર ચઢ્યું ચારે કોર,
પ્રેમ ઘન વરસે આજ ફોર ફોર;
બોલે ટીહુ ટીહુ મન કેગરે મોર,
ત્રાંસી નજર કની તાકે ચિત ચકોર. "

" બ્હેન સાંભળો સાભળો,

" ચતુર ચિત ચોપાટના રોગટડા શ્રૃંગાર,
પ્રેમી પ્રીતમ પ્યારીના પડ્પાસા પોબાર; "

" ભાભી જુઓ જુઓ તૃષ્યાની તો ખુબીજ ઓરજ છે.

" ઘન ગરજ્યો સુણી ગાભરી બાળાવૃંદ વેલી બ્હીતા બ્હીતા,
લાગી ભ્રમર ભરમાવી વેલી બાળાનેયે પરાણે રસ પીતાપીતા."

" ગોમતી બ્હેન જુઓ જુઓ કુંદનબાની છટા તો જુઓ.

" બાળાવેલીએ ખોયુંજ બાળપણ,
શાણી શીખીએ કેવીજ શાણપણ;
જોને જરા ભમ્મર તું એની,
કેવી લચકાતી કમ્મર છે એની. "

" વાહ વાહ ભાભીએ નણંદને ખુબ બનાવી હો;

" જોબન જાહેર જો મદન માહેર જો,
બદનની બ્હારજો વદન તૈયાર જો;
જોબન ફુલ કેવી ઝાંખે ઝાખે,
શાને સલુણી કાંઇ બાકી રાખે. "

" કુંદન બ્હેન એનો જરા ગમ્મત, ખોટું ન લગાડશો હો,

" પ્રેમ જવાહિર જગતનું પ્રેમનુર કોહીનુર,
પ્રેમ ભજનોથું ભગતનું ભજ મન પ્રેમ ભરપુર. "

"તમેય આજે બ્હેનની ઠીક પત્તર ફાડવા માંડી છે; મરમના ગોળા ભરમના પોલાણમાં ઠાક ગબડાવા માંડયા છે;

" મન પ્રેમી જા જયાં વસે પ્રેમ જોગી અબધુત,
તન પ્રેમીથી ત્યાં રસે પ્રેમ જોગી અદભુત. "

" તમે તમારી મેળે ફાવે તેમ બોલો હું તો મારે આ ચાલી" કહી કુંદન તરત કુંજમાંથી નીકળી બગીચાના ચોગાનમાં આવી; તેની પાછળ તરતજ તેની સાહેલીયો વળી; જોડે ગોદાવરી અને ગોમતી પણ વળી અને (સવાસલાં) પટામણા વેડા કરવા માંડયા અને પળવારમાં કુંદનને ગનાવી લીધી; અને રીઝાવીને રંગમાં રમતી કરી; કુંદન પણ ઠઠ્ઠા વિસરી જઇ પાછી ગમ્મતમાં ભળી

અને હૃદય ગાનમાં તલ્લીન થઇ ગઇ;

" મન સાગરમાં મેં મુકયો તરવા તન પાષાણુ,
રહેમ નજર જો રામની પાર ઉતારે વ્હાણુ. "

આ પ્રમાણે હાસ્ય વિનોદ સર્વે જણાં કરવા લાગ્યાં; અને જેમ જેમ વખત વ્યતીત થતો ગયો તેમ તેમ દરેક જણાં આઘાં પાછાં થઇ ગયાં. કુંદન એકલી કુંજના લત્તા મંડપમાં રહી અને એક બેન્ચ પર બેસી ગંભીર વિચારમાં પડી; આ વખતે તેને હીરાલાલ ઘણો સાંભળી આવ્યો; તેનું મગજ પ્રેમ તરંગોથી ભરપુર મસ્ત થઇ ગયું; અને તેના અંગમાં અનંગનો કારમો ચમકારો થયો; ચમકારાની સાથે તુરતજ કુંદનની ચિત્તવૃતિ ચળવા માંડી અને જેમ આવે તેમ તેણે હરવા ફરવા માંડયું; અને જોડે ગાવા પણ માંડયું.

*　　*　　*　　*

" દીલના ડુંગરીઆરે દવ લાગ્યો તારા દેશમાં હોજી,
શું કરશે સુંદરીઆરે બાળા બળશે બાળા વેશમાં હોજી—૦
ઘેર્યું ગગન ધમ ધમ ધુમાડે બાળા બગાડે કાયા કરાડે,
સુંદરી પાડે કોણ સરાડે પંથી વ્હાડે આવે આડે;
અલબેલા આવો ફરશો નહીં આવેશમાં હોજી—૦ "

" હે અનાથના નાથ હવે તો કાંક સામુ જો. હા નાથ....હું નાથ વિના આ હાથ લાંબા કરી કોને બાથ ભરૂં ? નાથ, નાથ રાતને દીવસ કરૂં, આંસુથી આંખો ભરૂં બીજું શું કરૂં ? લોકો કહે છે કે કાગળ હોય તો વાંચીએ એ ખરૂં, પણ કર્મને કીસ્મતને શી રીતે વાંચીએ ? કર્મ તો વાંચ્યું નજ જાય નજ જાય, કીસ્મ-

તના કાદવ ભર્યા કયારામાં ભલભલાના પગ પણ કાદવવાળા થાય. અરેરે ભલે ફરૂ બાગ અને બગીચા પણ કાંઇ નાથ નગીના વિના આ રસીલીના સાળુ રંગભીના થાય ? કોઠાં બીલાં પરાયા પુરૂષ ભલે લીલા પીળા થઇ પુમાઈ જાય પણ કાંઇ પ્રીતમ આમ્રરાજ-ની તોલે થાય ? ભલે કોઠાં બીલાં પાકે અને આખર થાકે પણ હું તો મારા હીરા પાખે આ આંખે કોઇને જોવાનીજ નથી. હરી હરી વિશ્વાધાર આ રાંક અલેતી બાળા પર દયા કરો અને કૃપા કરો અને મારા હીરાની મને પ્રાપ્તી કરાવો ! હરી તારા વિના કોણુ હાથ ઝાલે એમ છે. આહા કુદરતનાં પ્રાણીઓ કુદરતની લી-લામાં કેવાં મસ્ત થઇ ગયાં છે ? આહા કુદરત તું મારા ઉપર કયારે કૃપાવંત થઇશ ? ” કહી કુંદન ગંભીરવિચારમાં તદલીન થઈ જાય છે; ત્યાં એક ભમરો ગુંજારવ કરતો કુંદનની પાસે આવે છે; કુંદન હાથ વતી ભમરાને દુર કરે છે, તેમ ભમરો વધુને વધુ પાસે આવતો જાય છે; કુંદન છેવટે અકળાઇ જાય છે અને કુંજ-માંથી નીકળી ચોગાનમાં જાય છે; ત્યાં પણ ભમરો તેની પાસે જાય છે; છેવટે ચીડાઇને ભમરાને ઉડાડે છે;

“ હતરે મુઆ ભમર, જારે રડયા ઢીમ્મર, હું જળ વિનાની માંછલી તને જોઇને છળી મરૂં છું ” કહી કુંદન દોડતી બીજી કુંજમાં જાય છે; ત્યાં પણ ઉડતો ભ્રમર તેની પાછળ પડે છે; એ ટલે કુંદન ગભરાઈને રડી દે છે;

“ અરે કોઇ દોડો દોડો આવો; મને આ જુલ્મી મધુકરથી બચાવો. ”

* * * *

" મારી પાછળ કયાં પડયો ભ્રમર હે જાણી કળી તું મને,
કે ભેદુછું કંથનો ભમર તું આવ્યોજ મારી કને;
લેખી બ્હેનપણી વળી પુલકળી કહેતીજ કાંઇ ક્ષણે,
ભુલી તું સ્મરપંથ શું જ કરવા લે હું બતાવું તને. "

" અરે ખમ્મા ખમ્મા મારી બ્હેન ખમ્મા તમને; જા રોયા અભાગીયા ઉડી જા અહીંથી " કહીને ભાભી એક ફુલ છડી લઇ ભમરાની પાછળ પડી અને ભમરાને દુર ઉડાડી મુકયો; અને પછી હરખાતી હરખાતી કુંદન પાસે આવી તેને બનાવવા લાગી;

" કુંદન બ્હેન માનો કે ન માનો પણ કાંક કામણની કસ્તુરી તમારી કંચનવરણી કાયામાં ભરી છે, મારૂં રોયું જે કોઇ તમને જુએ તે તરતજ તમારૂં થઇ જાય; ઘેલું થઇ જાય, અને તમારા ઉપર ફીદા થઈ જાય ! "

" ભાભી ભઈશાબ હું તમને ખોળો પાથરીને વિનવું છું, હવે મારો કેડો મુકો; નાહક શું કામ મારો છેડો ઝાલો છો ? "

" બ્હેન તમારો છેડો ઝાલનારતો અમરગઢમાં વસે છે; મને શું કામ વળગો છો ? "

" એક રોયા ભમરાએ મને પજવી મારી, હવે તમારૂં બાકી રહ્યું હોય તો તમે મારો જીવ ખાઇ જાઓ ! "

" બ્હેન બ્હેન મને ભમરાએ કાંઇ કાનમાં કહ્યું ! "

" જાઓ જાઓ ભાભી તમે તો સદાએ અટકચાળાં રહ્યાં !"

" હું ખરેખર કહું છું કે ભમરાએ મને ઉડતી વખતે કાનમાં એક વાત કહી દીધી ! "

" શું તમારૂં કપાળ કહ્યું; મને કહો જોઇએ ! "

" હવે ત્યારે સાંભળો;

*　　*　　*　　*

" કર ભમરી ગુંજારવ ગાન મોહન મંત્ર ભણી,
કર કમલ પરિમલ પાન કાં ગભરાતી ઘણી; -૦
પંથી તેં પીછી નથી પ્રેમ સરોવર પાળ,
ગ્રંથી તેં ગુંથી નથી પ્હેરીને વરમાળ;
ભેટી જશે ભમરો પ્યારો,
વિખાશે દીલ ડમરો તારો;
જોજે ભૂલીશ માં રજ ભાન લેજે લ્હાવ લણી—૦

" ઓ મારા રસીક; મારા મનમોહન, હું તે તમને કયાં શોધું વારૂં ? કહો તમે કયાં છુપાયા છો ? શું મને બનાવો છો, મારી હાંસી કરોછો? ના ના રસીયા એમ તો નહીંજ છુટો. હા.... હું શોધતી શોધતી આવું છું જો જો પગલે પગલેથી પકડીશ. તમારે અર્થેજ હું ઘેલી બની છું, ભાન ભુલી છું, ચીત્તથી ચળી છું, ભૂખ્યાને શું ભરમાવો છો ? તરશીને નાહક શીદ ટીંગળાવો છો ? એમ તે કેમ રહેવાશે વારૂ ? ના ના એમ તો પ્રાણ જશે. ત્યારે શું ભિક્ષાને માટે આવેલ ભોગીને તરછોડી જશો ? ના ના કાંક દયા રાખો ? હવે તો બોલો; જુઓ તો ખરા પ્રેમના રાજમાં કાંઈ ખોટ નથી. જમવાને પ્રેમનાં પકવાન છે. પીવાને સ્નેહનું સરોવર ભર્યું છે, ઝુલવાને હૃદયનો હીંડોળો તૈયાર છે, રૂડો જોબનનો બાગ ખીલી રહ્યો છે. હવે આવો આવો ! જલ્દીથી ભેટો ભેટો. વિરહાગ્નીથી તે કરમાઇ જશે, અરે સુકાઈ જશે, આવો હવે આવો ! "

" બ્હેન બ્હેન એમ લવારા કર્યે ન ચેન પડે હો! એતો મનમાં ધીરજ રાખવી જોઇએ. ઋતુ પ્રમાણેજ ફળ આવે!"

" ભાભી મારી દેહ દુકાનમાં એક ચોર બેઠો બેઠો ઘાટ ઘડેછે!

" બ્હેન ઘાટ તો સોનાર ઘડે"

" હા તેજ તો!"

" બ્હેન સોનાર તે કોણ?"

" ભાભી જો સાંભળ.

* * * *

" કામ રૂપી સોનોડોરે શરીર દુકાન રચે,
ધીર રૂપા ધુમાડોરે શ્વાસ વાટે નિસરે;
વિરહાગ્ની ઝાળેરે કે સ્નેહ સોનું ઝળકે,
કાકી કાંટા મધ્યેરે કે પ્રીત ચણોઠી મુકે;
તેની સાથે તોળે તો રે જરી ન વધે કે ઘટે,
એવી છાની રીતેરે પેલો સોનાર ખરે;
ભેદ રૂપી મણીથીરે જડીત્ર તે હાર ઘડે,
હૈયાને નિત્ય ઉથાપેરે જુક્તિ તો કાંઇ શોધી ન જડે!"

" વાહરે મારાં બચુકડાં બ્હેન, તમે તો બહુજ ચતુર નિપુણ અને નટખટ જણાઓ છો!"

" ભાભી મને આજ કાંઇ પણ ચેન પડતું નથી. કશુંએ આજ પ્રિય લાગતું નથી. જાણે બળતી ના હોઉં? આ અંગે પરિધાન કરેલા અલંકાર મને સળગાવી મુકે છે. ચંદ્રનાં શિતળ કીરણો અગ્નિના સમાન લાગે છે. વિલાસીને સુખરાશી છતાં મને તો દુઃખદાયક થઇ પડયાં છે. અરેરેરે એ તે શું?"

"કુંદન બ્હેન એ તો જેમ વસંત ઋતુમાં નવાં પાંદડાં. ને નવાં પાંદડાંને જેમ ફુલ, ને ફુલમાં જેમ ભ્રમર, ને ભ્રમરમાં જેમ મદ ભરાય તેમ તારામાં યૌવન રૂપી મદ ભરાયો છે. પુષ્પનો રસ ભમરાને જેમ પરવશ બનાવે છે તેમ યુવાનો રસ યુવતિને પરવશ કરે છે. બ્હેન એ તો મદન ચોર અને જોબનનું જોર!

*   *   *   *

"શું જોબન જંગ મચાવે,
બહુ બાળાઓને બનાવે-૦
પીવા પ્રેમ રસ એક ચિત્ત નિત્ય ચ્હાય ચ્હાય-૦
દીન વિત્યે વળી નિશ વિત્યે જેમ અધિક વધે વિચાર,
કોમળ કદળી કામની સહે ન અનંગ પ્રહાર-૦
સરોજ જેમ સવિતા વિના તેમ સુકાય શરીર,
પ્રેમ હુતાશન પરજળે નિત્ત ધારી શકાય ન ધીર-૦"

"ભાભી હવે તો નથી રહેવાતું અને આ પ્રેમ દુઃખ નથી સ્હેવાતું, હરી હરી હરી હવે મારા ઉપર મયા કર! અરે મારે તો પગલે પગલે પાપ છે અને ડગલે ડગલે દુઃખ છે."

"બ્હેન એતો પ્રીતિનો પંથજ એવો છે કેમકે,
ઢગલે ઢગલે ધુળ છે, પગલે પગલે પાપ,
જન જાદુ જગ જાણજે ખોટી અબરખ ખાપ."

"ઓહો મારા લટકાળા લાલ, હીરાલાલ વ્હાલા નંદલાલ પધારો, પાતળીયા મને છેક પરવશ બનાવી, શામળીયા મારી શુદ્ધ બુદ્ધ સર્વ ભુલાવી; મને લાલચ લગાડે પ્રેમના પંથમાં લપટાવી, રહીઆળા રસિકલાલ હવે આવો; અલબેલા લલિતલાલ

હવે ન તલસાવો;

*   *   *   *

'લાગી રહીઆળા અલએલી તારી આંખડીરે,
કોરાયું કાળજડું જાણે કમળની પાંખડીરે-૦
વશી કરણ મન મોહની મંતર એંચ્યુ આ અબળાનું અંતર
શાણા શામ સલુણા સ્નેહ સાંકળી તેં જડીરે-૦
પ્રીત કરી પરવરીયા વ્હાલા પ્રગટાવી ઉર વિરહ જવાળા
જોઉ વાટડી વ્હાલા તારી ઘડી ઘડીરે-૦"

"ઓહો ખરેખર પ્રેમનું પરાક્રમ અનહદ છે. જેમ સાકરના જીવડા સાકરમાંજ જીવે છે, જળના જીવડા જળમાંજ રહી શકે છે તેમ પ્રેમનાં પતંગીયાં પ્રેમમાંજ ઉડી શકે છે. પ્રેમ તુંજ મનુષ્યને આંખો છતાં આંધળાં કરે છે, વિવેક રહીત કરે છે; બુદ્ધિ છતાં વિચાર શુન્ય કરેછે; મર્યાદા મુકાવે છે; બે ભાન અને ગાંડાં ઘેલાં પણ તુંજ કરેછે. પ્રેમનો માર્ગ કાંટાથી ભરેલોછે. એ પુષ્પથી છવાયલો નથી મખમલના જેવો સુંવાળો નથી. જે કેવળ સુખના બિછાનામાં સૂઇને નિંદ્રાના સુકોમળ તથા સુશીતલ ખોળામાં આરામ કરવા ઇચ્છે છે, તે આ તરવારની ધારના જેવા માર્ગનો મુસાફર થઇ શકશે નહીં. બિન્દુમાત્ર પ્રેમવારિ પાન કર્યાથી સિન્ધુ પરિમાણ અશ્રુપાત કરવા પડે છે. જે સુખાભિલાષી છે, તે સુખ લાભથી વાંચ્છીત છે. જે પ્રેમાભિલાષી છે, પ્રેમાધિકારી છે, તે સુખને તુચ્છ કરે છે, પણ સુખ તેને શોધે છે. જે પ્રેમની કળી એકત્ર કરવા ઇચ્છે છે, પણ તેના કંટકના ઘા સહન કરવાની અભિલાષા રાખતો નથી, તે પ્રેમનું રહસ્ય કાંઇપણ જાણતો નથી,

સમજતો નથી. જે સર્વ પ્રકારનાં કષ્ટ સહન કરવામાં તથા પ્રિય-જનની ઇચ્છામાં પોતાની ઇચ્છા વિસર્જન કરવામાં તૈયાર નથી તે પ્રેમી તરીકે ગણવાને યોગ્ય નથી. પ્રેમ નહીં જન્મ્યાથી આત્મા-નો વિકાશ થતો નથી. એનો અંકુર થતાંજ આત્માના યૌવનના આરંભ થાય છે. જુવાની આવવાની સાથેજ પ્રેમીના વદનના બ-હારની શોભા ખીલે છે. પ્રેમ વૃદ્ધને નવીન કરેછે. જે પ્રેમમાં પ્ર-વીણ છે તે નિત્ય નવીન છે. વય વિકાસની સાથેજ તેનો યૌવન વિકાસ થાય છે. તે હવે વૃદ્ધ પણાના વધારે પણામાં અવતરણ કરતો નથી. કાળ તેના કપાળમાં રેખા અંકીત કરી શકતો નથી. નવીન પ્રેમીની આંખમાં પ્રેમ પહેલાં સહજ જણાય છે, પણ તેના વાળ જેમ જેમ ધોળા થતા જાય છે તેમ તેમ તે સમજી શકે છે મધમાખના ડંખના શિવાય મધ એકઠું કરાતું નથી ઘણાક પ્રેમ-શાસ્ત્રીઓ અનુભવના અદ્દભૂત ઉદ્દગાર કાઢી ગયા છે કે પ્રેમ પ હેલા સહજ જણાયુ હતું પણ પાછળથી ઘણા કષ્ટમાં પડવું પડયું છે !!"

" ઓહો ભાભી ત્યારે મારી શી વલે થશે ? હરી શિવાય મા-રો કોણ બેલી થશે ?

* * * *

" હરી વિના હાથ મારો કોણ આવી ઝાલે,
બળતીને બુઝાવે કોણ આ ઝાળેરેરે રામા–હરી૦
ચારે પાસે દવ તો લાગ્યો બદન મુજ બાળે (૨)
હરી હીર હણ્યું છે આજ કાળેરેરે રામા–હરી૦
રચી ને પચી હું રહેતી સગા સૌ વ્હાલે (૨)

આધા રહ્યા અભાગીઆ તે મને આવી પ્રજાળેરે-હરી૦
ગની ગઇ ગ્હાવરી હું ફસાણી પ્રેમ જાળે (૨)
તારા વિના ત્રિકમા કોણ ઉપાધી ટાળેરે-હરી૦"

આ પ્રમાણે કુંદન તથા તેની સહચરીઓ કુંજ લત્તામાં લપાઇ વિનોદ કરી રહી છે, તેવામાં ગોમતી શ્વાસ ભરી દોડતી દોડતી ગોદાવરી ભાભી પાસે આવી; ને એકદમ વધામણી ખાધી.

"ભાભી ભાભી આપણે ઘેર કુંદન બ્હેન વાળા વર હીરાલાલ ભાઇ આવ્યા છે"

"જાઓ જાઓ મુઆ જુઠા આમ મશ્કરીઓ શું કરવા કરો છો?"

"ભાભી ભાભી તમારા સમ જો હું કાંઇ જુઠું બોલતી હોઉં તો ચાલો હું તમને બતાવું."

"આ મારાં વ્હાલાં નાનાં મોટાં સૌ કુંદન બ્હેનની મશ્કરી કરતાં ને કરતાં, કોણ જાણે કુંદન બ્હેનમાં શું એ વશીકરણ ભર્યું છે કે જે કોઇ જુએ તે તરત આંધળા ભેંત જેવા થઇ જાય!" કહીને ગોદાવરી ભાભી અને ગોમતી બંગલામાં ગયાં; તેમની જોડે કેટલીક બીજી કુંદનની બ્હેનપણીઓ પણ હીરાલાલને જોવા સારૂ ઉમંગથી ધસી મસી બંગલામાં ગઇ; વાડીમાં એકલી કુંદન રહી; કુંદન હીરાલાલ આવવાની વધામણી સાંભળી હરખાઇ ગઇ; અને કાંક લાજની મારી લજવાઇ ગઇ, શરમાઇ ગઇ, છાની માની કદંબના વૃક્ષ તળે એક ડાળી ઝાલી ઉભી રહી, અને વાડીને ઝીણી આંખથી નિહાળવા લાગી; આમ બીજી બાજુથી હીરાલાલ બંગલાની છેક નાની બારીમાંથી બગીચામાં આવ્યો; અને ધીમે

ધીમે બંગલાનાં પગથીઆં વટાવી કુંજમાં ફરવા લાગ્યો; કુંદનની બ્હેનપણીઓ તથા ભાભી આ વખતે લાગ વિચારી છાની માની આધી પાછી થઇ ગઇ; હીરાલાલ ફરતો ફરતો છેક કુંદન જે કદંબના વૃક્ષ તળે ઉભી રહી હતી ત્યાં આવી પહોંચ્યો અને કુંદનને જોઇ મોહીત થઈ ગયો; અને તેનું મુખ કમળ નિહાળી નિહાળી તેના સૌંદર્યનું ગાન કરવા લાગ્યો;

* * * *

' પલક પલક પલટાય છે પ્રીતિ રંગ પ્રીની રંગ તમે રંગ,
મલક મોહું મલકાય છે દેખી દંગ થાઉં દંગ અરે દંગ-૦
હલક હાથ હિંદોળમાં ઝુલે આ દીલદાર,
અરધી મીંચે આંખડી સીંચે સ્નેહ જળધાર;
નવેલી વેલી જાણે હમણાં ઉગેલી પ્રેમઘેલી છણીલી છે,
રસવેલી રસીકડી અલબેલી પ્રીતિની હવેલી છે;
છલક છાતી છલકાય છે જીતુ જ ગરે અનંગ મહજંગ. ”

“ લાળ્ય એની પાસે જાઉં, છેક નજીક જઇ ઉભો રહું અને એને કાંઇક કહું અને એના મનનો પાર લઉં ! ! આહાહા પ્રેમબાગ તારી લીલા ન્યારીજ છે. ન્યારીજ છે. જ્યાં જોઉં ત્યાં પ્રેમનીજ ઔષધી પાથરી છે. એક બાજુ વિચારૂં કે પ્રેમની ઔષધી પાથરીજ, ત્યારે બીજી બાજુ હૈયું કબુલ કરે કે વ્હાલીજ પ્રેમની ઔષધી પાથરીજ ! અરે હીરાલાલ તું ભલે જો પ્રેમ બગીચામાં ચંદ્રા ચંદ્રની જ્યોત પણ ચંદ્રની જ્યોત તારી ઉદ્યોત સખી ચાંદની ક્યાં! હર હર હર એકલી ચંદ્રજ્યોત, ચંદ્રજ્યોત, ચંદ્રજ્યોત !

“ અરેરે એકલી ચાંદની ઉદ્યોત, ચાંદની ઉદ્યોત, ચાંદની

ઉદ્યોત, ક્યાં છે ચાંદની તારા ચંદ્રની જ્યોત ?"

"જ્યાં ચાંદની ઉદ્યોત બસ બાળા ત્યાંજ ચંદ્રની જ્યોત !"

"અરે તમે કોણ ? કેમ અહીંઆં એકેલા ?"

"ભલે અમે એકેલા એકેલા પણ છાએ પ્રેમ બાગના વેલા !"

"જાઓ શું કાંઇ થયા છો ઘેલા ? વેલા તો વ્હેલા વ્હેલા સુકાઈ જાય, એવા વેલાને કોણ ચ્હાય ?"

"અરે તમે છો કોણ ? જાણો નહીં વેલાનું જોણ છતાં વેલા નિંદો છો એ કોણ ?"

"અમે કોણ ? અમે પ્રેમ બાગની કળી, જે કળી ફુલકળી અકાળે ફુરી તે તમનેજ મળી !"

"શું ફુલકળી ? સુંદરી થયાં છો ઘેલાં ફરી, જોડે બીજાને ઘેલાં કરી ! ફુલકળી જ્યાં નીચે ધરી, ઉપર પગ કાયા કરી, ત્યાં ફુલકળી કરમાઇ જાય, ચીમળાઇ જાય ખરી ! જાણે ખરેખરી વાસી કળીજ ખરી પડી કોણ કહેશે કે તાજી કળી હમણાંજ ખરી ?"

"હયો ત્યારે અમે સુંદરી, પછી ?"

"હવે ખરાં ખરાં તમે સુંદરી ! ફાલ્યા વિના ફળી ફુલકળી મને મળી, બસ હવે તો સુંદરી કહે તેજ વાત ખરી, કે ફુલકળી ઉપર પગ કાયા ધરી ત્યાંજ ફુલકળી અકાળે ફળી પ્રફુલ્લિત થાશેજ ફરી !"

"હવે તો સાચું બોલો તમે કોણ ?"

* * * *

"બંદીજન બાળા અમેરે પ્રેમે બાંધ્યા પંખીજન."

"પણ તમે કોણ ?"

" પ્રેમીજન બાળા અમેરે પ્રેમે પીડાયા પ્રેમીજન."

" ધન્ય બંદીજન પ્રેમી બાળા "

" ધન્ય પંથીજન પ્રેમી પાળા"

" કારણ ? "

" બંદીજન પંથીજન પાળા, તનમન ધન છે પ્રેમ જીવન"

—બંદીજન૦

" ત્યારે તો !"

" મીલાવો મીલાવો નેણુ બાળા પ્રેમ રેણુને નેણુ વાળા ! "

" બોલોને મીઠાં વેણુ બાળા પ્રેમ રેણુને વેણુ વાળા. "

" ઠાલાં શું થાઓ છેકજ કાલાં ? "

" છોડોને બંધ છબીલી બાળા !

" છુટ્યા છુટ્યા આ બંધ "

" ત્યારે આપણુ બને ભાઈબંધ. "

" આવોને આનંદ વન, લ્હાવો લઈએ વૃજચંદ "

" તાળી સાથે તાળી અદબ રહો વાળી."

" અમે વનમાળી "

" અમે વૃજનારી "

" થેઈ તત્ત રાસ, પુરોને આશ "

" હજુ છું કુંવારી "

" પંથી પાળા પ્રેમી બાળા દર્શનમાં છે પ્રેમ પ્રસન્ન–બંદીજન૦

" ઓહો હો વ્હાલા આમ કારમી પધરામણી કયાંથી કરી ! આજ તો દાસીને કૃતાર્થ કરી !

" કુંદન તમારા મામાએ અમરગઢ મને એકદમ તાર કરી બોલાવ્યો; અને એમના અંતરનો વિચાર તમારાં મારાં લગ્ન સંબંધી દર્શાવ્યો !!"

" પછી તમે શું કહ્યું ?"

" કાંઇ નહીં. !!

" ના મારા સમ સાચુ કહો. !"

" મેં કહ્યું કે જે કાંઇ થાય તે રાયજીના હસ્તથી થાય તોજ ઠીક થાય ! એમની મરજી શિવાય જે કાંઇ થાય તેમાં બળાત્કાર કર્યો કહેવાય અને અન્યાય ગણાય ? તમારી જો ઘણી મરજી હોય તો મારી ના નથી પણ જે કાંઇ થાય તે રાજનગર અને રાયજીના આંગણેજ થાય તોજ વિવાહ માંડયો અને લગ્ન કર્યું કહેવાય ! આમ બારોબાર મોસાળમાં કામ થાય તો તો જગતમાં આપણા બંનેની હાંસી થાય !"

" પછી શું થયું ?"

" હા નાનું યુદ્ધ થયું."

" એટલે ?"

" એટલામાં એજ કે મામાનો આપણું લગ્ન અંહીયાં કરવાનો ઘણોજ સખત અને અંતીમ આગ્રહ છે. તે જણાવે છે કે તમારે દુનિયાની પરવા ન રાખવી. દુનિયાની જવાબદારી હું મારે શિર વ્હોરી લઉં છું, ફકત મારા મનને તમારા મનની ખાત્રી કરવી હતી, તે મેં અત્યારે તમને અહીં બોલાવીને કરી લીધી ઘરમાંથી પણ કુંદનના મનની ખાત્રી જાણી લીધી, ફક્ત બંનેની વચ્ચે રાયજીની પૈસા ખાવાની મુરાદ આડી આવે છે; અને તેજ

દુષ્ટ લાલસા તમને બંનેને વેગળાં કરે છે; માટે તમે માની જાઓ અને હું જ્યારે લગ્નગાળામાં તમને અહીં તેડાવું ત્યારે તમે તરતજ તમારા મિત્ર મંડળ સહીત જાન લઇ વ્હેલા પધારો !"

"પછી તમે શો જવાબ આપ્યો ?"

"મેં કહ્યું સારૂ, હું અમરગઢ જઇને વિચાર કરી બંદોબસ્ત કરી તમને તારથી ખબર આપીશ."

"હું....એમાંએ વિચાર કરીશ અને પછી જવાબ આપીશ? જાઓ જાઓ તમેજ નગણા છો, ધુતારા છો !"

હાજ તો વાંકજ બધો મારો છે !"

"જાઓ જાઓ કાંઇ નહીં. પુરૂષનાં હૈયાં વજ્રથી પણ વધારે કઠોર તે કઠોર ! આખરે પુરૂષ નઠોર તે નઠોરજ !!"

"ખરેખર નઠોરવેડામાંજ આમ જીંદગી બેહાલ કરી દીધી છે !"

"એમને એમ ઓછા ઓછા બોલ બોલી મને રમાડી અને રંજાડી; હવે હું તમારૂં માનવાની નથી; અને જરા પણ તમારાથી અળગી થવાની નથી; ભલે જગત જખ મારે; અને માબાપ ફાવે તેમ મારા વિષે ધારે, પણ હું તો એકની બે નહીંજ થાઉં.

* * * *

"ઘન ગરજ્યાથી શું ગભરાયે નાજુક વેલી જાત !"
"સ્નેહ વાત સાંભળતાં સુંદરી પડશો આમ પછાત !"
"પતંગીઆં કરડીને પાંદડાં વેલીને વટલાવે છે,"
"પણ ભમરા વાંકી વેલીની કળી કળી ખીલાવે છે."
"પતંગીઆથી પ્રકટયા ભમરા અસર એની આવે છે"

•

" ભટકતા એવા ભમરાને તોય વેલી બોલાવે છે, "
" ગાંડીરે ગંતુર. "
" કેમ ચુકો ચતુર "
" કળી કળી અથડાય ભલે છો ભમરા ફેરા ખાય ખાય "
" કળી કળી અથડાય ભલે પણ ભમરે કારજ થાય થાય "
" નર ધુતારા નકારાને ગમતી આવી વાત "

" હવે હું તમારી પાસે છું, જેટલી ગાળો ભંડાય તેટલી ગાળો ભાંડી લ્યો; જેટલો ઠપકો આપવો હોય તેટલો આપી લ્યો જે કાંઇ કહેવું હોય તે તમામ કહી દ્યો જે, કાંઇ લડવું વઢવું હોય તે તમામ કરી લ્યો, કશુંએ મનમાં ન રાખશો તમામ ઉભરા હોય તે બધાએ ઠાલવી નાંખો ! ! "

" મારે તો બધું ઘણુંએ કહેવાનું છે; ઘણુંએ લડવાનું છે હું તો સુઇ ભોળી છું તે બધુએ ભાખી નાંખુ છું પણ તમે કપટી છો તે બધુંએ મનમાં રાખી મને ચપટીમાં ઉડાવો છો; મને તો ઘણા ઘણા વિચાર આવે છે, બહુએ ઉભરા આવે છે; પણ તમને જોતાંજ કાઠંનું કાંઇ થઇ જાય છે; બધી મનની મનમાંજ સમાઇ જાય છે; હૈયાની વરાળ હૈયામાંજ વેરાઇ જાય છે, કુવાની છાંયડી કુવામાંજ સમાઇ જાય છે; જયાં તમને જોયા કે તરતજ હું સ્તબ્ધ બની જાઉં છું. હું શું બોલું ગામને શું કહું તેની મને કાંઇ સમજજ પડતી નથી. દીવસ રજનીનું કાંઇ ભાને રહેતું નથી, માત્ર તાન તમારા વદન કમળનાં દર્શન કરવાનુંજ રહે છે."

" કુંદન જેવી તમારી દશા થાય છે; તેવીજ મારી દશા થાય છે; પ્રેમ અન્યો અન્યમાં સરખોજ છે તેની ઉભય પક્ષે સ-

રખીજ અસર થાય છે. જેવી મારા વિના તમારી ગતિ થાય છે તેવીજ તમારા વિના મારી ગતિ થાય છે, પ્રેમની કૃતીજ ચમત્કૃતીથી ભરપુર છે. તેની ખુબી જાણુવાને આપણી શકિત નથી."

"અરે હું તો તમારી વાંસે ગાંડી થઇ, દીવાની થઈ; આખી સૃષ્ટીમાં અલેતી અને રખડતી થઇ ગઇ! નાનાં મોટા દરેક જણુા મને ણનાવી રહ્યાં છે. મારે બાપીકા ઘર બાર છોડી મોસાળમાં આવી ગામા મામીની છાંયડીમાં રહેવાનો વખત આવ્યો. તમારા કાજે હું મારૂં તમામ ભૂલી ગઈ."

"હું પણ તમારા વાસ્તે દીવાનો થઇ ગયો છું; અને જગતમાં હજાર જણાનો ઓશિયાળો થઇ ગયો છું."

"વ્હાલા મનુષ્યના આત્મામાં જે ભૂષણો છે, પરમાત્માનાં જે સ્વરૂપ છે, તેમાં સર્વ જીવને સુખકારી ભૂષણ તથા સ્વરૂપ પ્રેમ અને દયા છે."

"કુંદન એ તમારૂ કહેવું વાસ્તવિક છે; પણ દયા અને પ્રેમ આત્માની બે જુદી જુદી વૃત્તિયો છે. એ બંનેની પ્રકૃતિમાં સરખાપણું તથા વિભિન્નતા દીઠામા આવે છે. દયા પ્રેમની અંદર સમાએલી છે. દયા રૂપાના જેવી છે અને પ્રીતિ સોનાના જેવી છે. દયા પ્રીતિની પાસેની સગી છે તેને વાસ્તે કહ્યું છે કે, "Io I pity you."

"હા મને પણ યાદ આવ્યું કે, "Oh—That's a degree to love." દયા અને પ્રેમમાં પારિવારિક સરખાપણું છે, Pity's akin to love." પરન્તુ તેઓ વચ્ચે ઘણુંજ અસરખાપણું અને વૈલક્ષણ્ય પણ છે."

"કુંદન દયા પારકાને પોતાનો કરે છે, અને પ્રેમ પોતાને પારકો કરે છે. દયાની આંખ નીચલી તરફ છે, પ્રેમ સર્વદર્શી છે. જેમ ઉપર તેમ નીચે છે. દયા ગરીબને મલિન જુએ છે; પ્રેમ એશ્વર્ય તથા સૌન્દર્ય જુએ છે. હીનતા દયા ઉપજાવે છે. ખોટ તથા અયોગ્યતાજ પહેલાં દયાની દૃષ્ટી ખેંચે છે. યોગ્યતા અને શ્રેષ્ઠતા, સત્ય અથવા કાલ્પનિક પ્રેમની ઉત્પત્તિ કરે છે. સંપદ પ્રેમની આંખને ખેંચે છે. ઉચ્ચતા તથા મહત્તાના ઉપર દયા ઉત્પન્ન થતી નથી, કારણ કે તેના ઉપર દયાની જરૂર હોતી નથી. ઉચ્ચતા તથા મહત્તાના ઉપર સહજ પ્રેમ ઉદય થાય છે, દયા મોટાને નાનો કરે છે. પ્રેમ નાનાને મોટા તરીકે દેખાડે છે, દયા અતિત તથા ભવિષ્યના વચ્ચમાં ઉભી રહીને પછવાડે જુએ છે, દયાની ભાવનામાં વધારે વર્ત્તમાન કાળનો સંબંધ છે. દયાનો પ્રવાહ આ લોકમાં વ્યાપ્ત છે. દયાની દૃષ્ટીની સીમા પૃથ્વી છે. પ્રેમ અતિત કાળથી મુસાફરીનો આરંભ કરીને ભવિષ્યની તરફ વધે છે પ્રેમની ભાવના ભુત ભવિષ્ય અને વર્ત્તમાન કાળમાં સંબંધ રાખે છે. પ્રેમનો પ્રવાહ આ લોકમાં તથા પરલોકમાં વ્યાપ્ત છે. પ્રેમની દૃષ્ટીની સીમા નથી, સ્વર્ગ મૃત્યુ તથા પાતાળ સુધી તેની ગતિછે."

"વ્હાલા એમ જુઓ ત્યારે દયા જુદાપણું જુએ છે. પ્રેમ એનો નાશ કરે છે. પ્રેમ સમદર્શી છે. દયાની જોડે વિષાદનો પાસેનો સંબંધ છે. દયાના આંસુ દુઃખદાય છે. પ્રેમ હરખની સાથે પાસેના સંબંધથી બંધન થએલ છે. દયામાં પોતાને ભૂલી જવાતું નથી. પ્રેમથી પોતાને ભૂલી જવાય છે. દયામાં મોટામાં મોટું કામ દુખ દુર કરવાનું છે. પ્રેમનું મોટામાં મોટું કામ સુખ વધારવાનું

છે. દયા સકામ છે. પ્રેમ નિષ્કામ છે. દયાનું પારિતોષીક કૃતજ્ઞતા છે. પ્રેમનો બદલો પ્રેમ છે. દયા નિરાશાની બ્હેન છે, અને આશા પ્રીતિની બ્હેન છે."

"કુંદન દયાવાન તથા પ્રેમી બંને કામ કરવાવાળા છે. બંને ત્યાગીઓ વિરાગીઓ અને સન્યાસીઓ છે; બંનેનું લક્ષ તથા યત્ન મંગળની તરફ છે. અમંગળની વિરૂદ્ધ છે. બંને ધીર વિનયી, સહનશિળ તથા શરમાળ છે, બેઉ સ્વાર્થ વિનાના છે બેઉ અહંકાર વિનાના છે. બેઉ પરાક્રમી છે, બેઉ આંસુથી ભૂષીત છે. ઉભય ઉચ્છવાસના પ્રકાશ આંસુમાં છે. ઉભયનું વૃત પરોપકાર છે. બંનેની ફીકર પારકાને માટે છે બંને પારકાની સત્તાથી પોતાને અને પોતાની સત્તામા પારકાને મિશ્રિત કરે છે. દયા ક્ષણુકાળને માટે અને પ્રેમ હમેશાંને માટે છે. ઉપર બે સુખથી સુખી છે અને પર દુખથી દુખી છે, બને પારકાને આપવા ચાહેછે. પારકાની પાસે કાંઈપણ લેવા ચહાતા નથી. બંનેનું જૂદાપણું એક પ્રકારે આણે છે. બંને સમાન વેદના અનુભવે છે. બંને જણા પોતાનું સુખ તુચ્છ કરે છે. પ્રાણુ સુદ્ધાં આપવાને કહે છે. બંને ગુણુ ગ્રાહી છે. બંને મજબૂત પ્રતિજ્ઞાવાળા છે. બંનેનુ એક ઘરછે. એકજ કુટુંબના છે, પરન્તુ જુદા જુદા સગા છે, અને જુદાં જુદા કાર્ય તથા જીવન કરીને બંનેના બહારના આકારમાં અને ખાશિયતમાં આટલુ જુદાપણું દીઠામાં આવે છે."

"વ્હાલા ત્યારે તો દયા અને પ્રેમધર્મ એ જીવનના મોટા સ્હાયક છે. ધર્મમતના સંબંધમા નાના પ્રકારના મત્ત રહી શકે છે પરંતુ દયા તથા પ્રેમ છે, તે ધર્મ જીવનની વિકાસીત અવસ્થા-

નો સુગંધ છે. એ સંબંધમાં કાંઈપણ મત ભેદ જોવામાં આવતો નથી. દયા અને પ્રેમ મુક્તિ મેળવવાની બે મોટામાં મોટી શીડી છે, જુક્તિ છે અને મુક્તિ છે; માટે વ્હાલા જો દયા અને પ્રેમ તમે અમારા ઉપર નહીં રાખો તો તમારા ધર્મ કર્મ સૌ નકામાં થઈ જશે કેમકે,

'However it be seems, to me,
'Tis only noble to be good,
Kind hearts are more than coronets,
And simple faith than norman blood"

આ પ્રમાણે હાસ્યવિનોદના જ્યા વારિધી રેલાય છે ત્યાં તરતજ રંગમાં ભંગ પડવાનો સમય આવ્યો, જોત જોતામાં હીરાલાલને બંગલામાંથી કોઇએ બોલાવ્યો, કે તરતજ હીરાલાલ ચમક્યો, ચમકતાની સાથેજ તેણે પાછળ ફરી બંગલા સામે દૃષ્ટી કરી, કુંદને હીરાલાલનો હાથ પ્રેમથી પકડી રાખ્યો, અને અધીરતાથી તથા આતુરતાથી પ્રેમભરી દૃષ્ટીએ હીરાલાલ ભણી જોઈ રહી.

"હયો કુંદન હવે મને જવા દે.!"

"બેસો બેસો જવાય છે."

"મને અંદરથી બોલાવે છે. હવે રાજી થઇ રજા આપો!"

"હવે ક્યારે મળાશે?"

"આજની રાત તો હું અહીંજ છું."

"અરે હીરાલાલ ભાઇ, મામા બોલાવે છે, અંદર પધારો!"

"એ આવ્યો."

"હયો કુંદન હું જાઉં છું."

" હેં જશો ? "

" હા વ્હાલી જાઉં છું !! "

" હેં હેં શું બોલ્યા ? "

" વ્હાલી હું જાઉં છું ! "

" ઓહો મને ઘણે દીવસે વ્હાલી કહી ! ધન્ય ભાગ્ય મારાં ! આજ તો સોનાનો સૂર્ય ઉગ્યો ! હવે નો તમે મારા થશો એમ મને કાંક આશા પડે છે ! "

" મારી વ્હાલી કુંદન હવે હું તમારોજ ! તમે મારાંજ ! હવે મારાથી ન્યારા નહીંજ થવાય !! "

" ઓહો આતે સ્વપ્નુ કે સાચું ? આજે તો આનંદનો સાગર રેલ્યો !! મારા વ્હાલા આજે આ દાસીને કૃતાર્થ કરી ! " કહી કુંદન હીરાલાલના ચરણ કમળમાં પડી પ્રણામ કર્યા, હીરાલાલે ઘણાજ પ્રેમ ?? અને ઉમંગથી આસ્તે આસ્તે કુંદનને ઉઠાડી ઉભી કરી, તેનો એક હાથ પોતાના ગળાની આસપાસ નાંખ્યો; અને બીજો હાથ બાજુપર લટકતો રાખી કુંદનને છાતી સરસી ચાંપી, પોતાના જમણા હાથે કુંદનનુ વદન કમળ ઉંચુ કરી તેને એક પ્રેમ ચુંબન કર્યું, ચુંબનના ચમત્કારની સાથેજ કુંદન હીરાલાલની કોટે બેલડીએ બાઝી પડી.

" હીરાલાલે કુંદનને અતિ પ્રેમથી દાબી રાખી અને પુનઃ ચુંબન કરી તેને કહેવા લાગ્યો;

" વ્હાલી કુંદન હવે આ અખીલ વિશ્વમાં તું મારીજ હું તારો; મારો પ્રાણ જશે તોપણ તારાથી કદાપી કાળે નહીં થાઉ ન્યારો !! ભવોભવ હું પરમાત્મા પાસે કુંદનજ માગીશ !! "

ત્યારે નિશદીન હું સર્વદા મારા હીરાનીજ રાગી થઇશ."

એકવાર ફરીથી હીરાલાલે કુંદનને છેવટનું ઘણુજ સ્નેહ ભાવથી ચુંબન કરી લીધું; ચુંબનની સાથેજ આઘેથી અવાજ આવ્યો કે

* * * *

"ચેત ચકોરિ ચિત વિષે નિરખી લે શશિનાથ,
પાછળ પગ ભર આવતો ભરવા રાહુ બાથ."

એકદમ કુંદન અને હીરાલાલ વિખુટા પડી ગયાં; હીરાલાલ તરતજ ઉતાવળાં પગલે બંગલા ભણી વળ્યો; અને કુંદન મંદ મંદ પગલાં ભરતી કુંજમાંથી બ્હાર નીકળવા લાગી; જેવી બ્હાર નીકળી કે તરતજ ભાભી ગોદાવરી સામે આવી ખડી થઇ; અને તરતજ કુંદનના ગાલમાં ચુંટલી ખણી કહેવા લાગી કે,

"વાહરે વાહ મારાં ડાહ્યાં ડમરા બ્હેન ભમરાને ફોસલાવતાં તો ઠીક આવડે છે હો, હું તો જાણતી હતી કે મારાં કુંદન બ્હેન કાંઇ નહીં સમજતાં હોય પણ કુંદન બ્હેન તો બધુએ જાણે છે."

"સારૂ સારૂ ભાભી હવે તમે જાઓ, વારે ઘડીએ વારે ઘડીએ મને શું બનાવો છો ?"

"હં....એમજતો!! વાડીમાં મારાં બ્હેન લુંટાણાં તેથી જતો!

"ભાભી બળ્યા તમારા ઢંગ, મને તો વળી જરીએ દીઠા નથી ગમતા હો ?

"મનેય તમારા ઢગ નથી ગમતા મારાં બ્હેન! તમારો રંગ તો કાંઇ ઓરજ પ્રકારનો છે હો !"

"અરે મુઓ રડયો રંગ ને ઉંદયો પીટયો ઢંગ !"

"પણ બહેન તમે પ્રસંગ તો ઠીક સાધ્યો હો ?"

"શેનો ?"

" એનોજ તો;

*   *   *   *

" વન વગડામાં બહેન તું તો લુંટાણી,
મળ્યા દિલહર સુન્દર દાણીરે;
તારી ભમ્મર ભિંજાણી, તારી વેણી વેરાણી,
પ્રેમ રંગમાં–વન વગડામાં.
ફુલડીઆં ફર ફર ઉડયાં મારી વ્હાલી,
રસની ઝકોર રેલી ગાલે આવી લાલી;
પરસેવે થઈ સળી તું તો પાણી પાણી "
" હું છું અબળા અજાણી!"
તને જાણી મારી શાણી–તારી ભમ્મર૦
ગુલાબ ગોટા કાજે થઇ તાણા તાણી,
થાકે ભરાણી તું તો થકવીરે દાણી;
ઓળખ્યા મેં વ્હાલી વાણી,
શાણી શરમાણી પછી તું તો પસ્તાણી–તારી ભમ્મર૦

" અરરર ભાભલી તેં તો મારો જીવ ખાધો હો ! ! "

" હા બહેન હા...લ્યો ચાલો હવે બંગલામાં ચાલો બા યાદ કરે છે ! "

" ત્યારે ચાલો ! ! " કહી નણંદ ભોજાઇ ટચાક મચાક કરતાં મંદ મંદ પગલાં ભરતાં અમરાઇ વાડીમાંથી નીકળી બંગલાનાં પગથીઆં ઉપર ચઢયાં; પગથીઆં ચઢતાં ચઢતાં ચતુર ભાભાએ કુંદનને કટાક્ષ કર્યું કે, બહેન " વિયોગને અન્તે સંયોગ કે સંયોગને અન્તે વિયોગ ? "

પ્રકરણ ૮ મું.

સ્વચ્છંદી સધવા કે વકરેલી વિધવા ?

દોહરો.

કામની કાચ બિલોરની કંકણુ કેરી જાત,
સો નંદાતાં નિવડે આખર અવલ એકાદ:

સમુદ્રના તરંગ જેવો જેનો ચંચળ સ્વભાવ છે, સાંજ સમયના વાદળોના રંગ જેવું જેનું મન છે, અર્થાત્ ઘડી ઘડીમાં અવનવા રંગ ધરે છે. મનમાં એક પર પ્રેમ ધરે છે અને તજે છે, વળી બીજા પર ધરે છે; એ પ્રકારે કુંભારના ચાકડાની પેઠે જેનુ મન હમેશાં ચળીત વિભળ રહીને આનંદ પામે છે, એવી આનંદદાયીની અને મધુવાદીની સુંદરીઓના પ્રેમની સાચી કસોટી એક વિરહ કે વૈધવ્યજ છે !

ભેખ ભજવે વિના ભાવ ભવસાગરે નાવ કાગળ તણું સિન્ધુ ડોળે,
લ્હાવ નરનારી નવ લઈ શકે લેશ પણ બંધને બારીઓ બેય ખોળે
અંધના ધંધ આંખ્યો છતાં આચરે બંધમા બૈરીઓ મઈ બોલે,
એક ચાહન વરે ગુપ્ત બીજું ફરે થાય સંસાર સુખ શ્વાન તોલે.

સાધકો પરબ્રહ્મના પ્રેમથી તાપ તથા ટાઢમાં પોતાના તનને તાવે છે, શુરવીર પુરૂષો સ્વામિ સેવકના ધર્મ વાસ્તે પ્રેમ ઉપર પોતાની વ્હાલી કાયાને કપાવે છે, અને સાધ્વીઓ સ્વામિના પ્રેમથી પોતાના અંગને સ્વામિના શબ સાથે બાળે છે, એ રીતિએ જયાં પ્રીતિનું રક્ષણ થાય છે ત્યાંજ નીતિ ધર્મ અને જીવનનું સાફલ્ય થાય છે.

*　　*　　*　　*

'જોબન કાયમ નવ રહે કદીએ સરિતા સમ વહી જાય,
ઉદય થતો દીન કર જે ગગને સાંજે અસ્ત તે થાય;
સાંધ્યા કેરા રંગ સોનેરી પળમાંહી પલટાય,
કુસુમ ખીલ્યા ઉપવનમા જે ચાર ઘડીમાં ચુંટાય."

"અરરર માડી મરી ગઇ, બળી ગઇ, છળી ગઇ, બળી આ જુવાની; મુઓ આ ઉનાળો, અને ટળ્યો આ રડયો રંડાપો! હું તો કાયર કાયર થઇ ગઇ. આ રોયું જરા પણ મેડીમાંથી હેઠે ઉતરાયજ નહીં. બારીએ જરા પણ ડોકીયું થાયજ નહીં; મારૂ પીટયું ઝાડે ફરવા કે પેશાબ જવાયે બહાર નજ જવાય! કાંઇ ખારૂં ખાટું તીખું મીઠું નજ ખવાય! ધણી મરી ગયો તેમાં બિચારી બાઇડીએ શો ગુન્હો કર્યો? ઓહો કેવું મારૂ રૂપ! કેવું નાજુક મારૂ બદન! કેવા ઉત્તમ મારા વસ્ત્રાલંકાર અને શ્રૃંગાર તે સર્વ જોતજોતામાં મારા ભાગ્યમાંથી ઉતરી પડયા! અરેરે અત્યારે હું એક સાધુડી જેવી થઇ રહી! કેવળ વેરાગણ બની ગઇ! પૂર્વ જન્મનો વૈરી મારો પરણ્યો તેણે અધવચ નદીમાં પડી જં-

પાપાત કર્યો! રાંડ કાળછારી મારી શૉકયલડી શાન્તાએ તેમને જીવ હર્યો! રાંડ મરતી ગઇ અને પાછળ પરણ્યાને મારતી ગઇ અને જોડે મને પણ બાળતી ગઇ! હું ઉછરતી ફુલ કળી; નાની બાળ નવ યુવાન બાળા તેનાથી આ રંડાપાના લાળા કેમ જીરવાશે! આ રોયો મદન રાત દીવસ ખાઇ પીને મારી કેડો પડયો છે; તેના ચાળા મારાથી શી રીતે સહન થશે? હાય હાયરે બાપલીગા આ જુવાનીએ તો મને દીવાની કરી; અરેરે હવે તે મારાથી નહીં જીરવાય તે નહીંજ જીરવાય!

*　*　*　*

‘ જીરવાય નહીં જીરવાય નહીં માડી,
જુવાની આ જીરવાય નહીં ૦
સહીઅર ગમાણી સાગી ગમન કરેને,
નીકળી પડે મારી આંખ્યોરે;
અહેણી નાર મને કગી કજોડે,
મારો નાનો નાવલિયો કો ઓઁખોરે-૦
વાયદો કર્યો ચાર વરસના ઢુંકડો,
થશે જવાન એ હું ઘરડીરે;
ઉછળે જુવાની ના ડાટો દેવાયે,
મન હુ મરડી મચરડીરે-૦
નાની બાળ હું રાંડી અભાગે,
ખીલતી જુવાની છે માડીરે;
દુનિયા દો રંગી કંઈ કંઇ કહે છે,
હું ગાંડી થઈ દાડી દાડીરે-૦ ’

અરેરે આ ગુપ્ત દુઃખ તે કોને કહેવું ? આ જોબન શુળ તે ક્યાં સુધી સહેવું ? મુઓ આર્ય ઘરસંસાર ને ઉંધ્યો પરણેતરનો વ્યવહાર ! આ રોયાં મા બાપને શું કામ પોતાની પામર દીકરી-ઓને શૉકય ઉપર આપતાં હશે ? એક રંડાતાં બે મરે અને જી-વતાં સુધી એકે ન ઠરે ! હરી, હરી, પ્રભુ, પ્રભુ, આવો અન્યાય તો આર્ય ઘરસંસારમાં સમાય ! એક મ્યાનમાં બે તરવારો શી રીતે શોભે ? એક પુરૂષ બે સ્રીઓ કરે પ્હેરામણીના લોભે, અને નવીને તરછોડી જૂની જોડે જઇને બેસે મોભે ત્યારે નવીનું મન શા સારૂ બીજામાં ન લોભે ? પુરૂષ ધર્મશાસ્રના સિંદ્ધાતને લોપી બીજી સ્રી જોડે પ્રીતિ કરે, વખતે બીજી વરે; અને એકને મારી ઝુડી કાઢી મુકી અસહ્ય અન્યાય આચરે; તે વખતે મા બાપ ઘરડા, મુરબ્બી અને ઠરેલા ગધાડા આંખ આડા કાન કરે અને સ્રી વખતે જાણી બુઝી, બળાત્કારથી, લાલચથી ફંદ ફરેબથી અન્ય પુરૂષની જાળમા ફસી પડે તો પછી બધા વડીલોનાં પુછડાં ભેગા થઈ હાથમાં જોડા લઇ તેના માથાપર જડાય તેટલા જડે; તેને દુરાચરણી કહી મારવા તડે; અને તેને લાત લગાવી ચોટલો ઝાલી ઘરમાંથી બ્હાર તગેડી મુકી જાહેરમાં લડે એ ક્યાંનો ન્યાય ? એવો ન્યાય બ્રાહ્મણ કોમ સિવાય બીજી કોમમાં ભાગ્યેજ અપાય ? મૂંછપર લીંબુ ઠેરવી જે મા બાપ કન્યાધન રાજી ખુશીથી ખાય તેની કન્યા સારી શી રીતે થાય ? કન્યા હીત કોરે મુકી જે કેવળ સ્વાર્થના .સરીતામાં તણાય તેની કન્યા આખરે અનીતિમાંજ હણાય ! વિભુ [illegible] હવે આર્ય ઘરસંસારમાં સડોજ પેઠો ! હરી હવે મારે શું કરવુ [illegible]ડાપો શી રીતે વેઠવો ? આખરે મારે

પુનર્લગ્ન કરવુંજ પડશે ! પુનર્લગ્ન સિવાય મને શાંતિ વળશેજ નહીં ! મારા મનના વિકારો પુનર્લગ્નથી શાંત થશે ! મારી મનોવૃતિ પુનર્લગ્નથી શાંત થશે ! મારી મનોવૃતિ પુનર્લગ્નમાંજ વિરામશેજ ! ખુણો પાળતાં હું મારી કાયા ગુમાવી બેસીશ ! અને વખતે કાંઇનુ કાંઇ કરી બેસીશ ! જ્યારે ત્યારે જુવાનીથી દીવાનાં થઇ અનાચારમાં પગ દેવાય તેના કરતા છચોક પુનર્લગ્ન કરવું તેજ ઉત્તમ છે ! લોકો એક વખત બડબડીને રહેશે; વારે ઘડીએ સતાવ સતાવ નહીં કરે; અને છાનામાના ફરતાં ફરતાં હજારો અપવાદ માથે મુકી દેશે; માટે હવે તો ખુલ્લી રીતે અને પરમ શાતીથીજ પુનર્લગ્ન કરવું ! ચાલ જીવ હવે નાતરે જવુ ત્યારે દહાડા શા ભાગવા ! લાવ મારા લબાચા એકઠા કરી આજ સાંજે મારે ઘેર ચાલી જાઉ ? નહીંતો મારા રોયાં મારા સાસરીઆં મને રંડાપાના કષ્ટમા પુરી કરશે ! રોયાં અભાગીઆં ધરાઇને ધાન ખાવાએ આપતાં નથી ! એમના કીકલાને ચડપ લઇને ફરી પરણાવ્યો અને આ કીકલીને હવે જીવતી જોબન ચિત્તામાં રંડાપાનાં લાકડાંવતી બાળવી છે ! મારાં રોયાં હવે તમે તમારા હાથનાં કર્યાં હેયે ભોગવો ! તમારા હાથ પગ સળગાવો ! હસી હસીને જે કાંઇ કર્યું તે રોઇ રોઇને ભોગવો ! હવે હું તમારી આમન્યામાં નહીં રહું ! હાય હાય માડીરે હું તો મરી ગઇ આ રડયું જોબન તો ઝબકારા મારી રહ્યું છે ! અરરર એમ કીડાએ મારૂ કાળજુ કોરી ખાધું.

"ઝબકારા જોબન તણા જબરા નવ જરવાય,
કોમળ કદળી કયમ સહે કુહાડાના ઘાય !'

અરેરે હવે તો નથી વેઠાતુ, મરી ગઇ માથુ તપી ગયુ, શરીર બળ્યુ બળ્યું થઈ જાય છે, જીવ તલપાપડ થઇ જાય છે. આખા અંગમાં લપકારા અને વેગ આવે છે; હાય હાયરે મને જોબન વીંછુડે ફટકાવી ! હવે હું શું કરૂં ? એ વીંછુડો હવે કોણ ઉતારે ?

* * * *

'અરરર માડીરે શૉક્ય ઉપર શીદ દીધી બાપ કરડે જોબન વીંછુડો,
હંબો હંબો વીંછુડો.'

અરરર માડીરે નાની બાળ રાંડી બાપ, કરડે જોબન વીંછુડો હંબો.
,, લાગે અંગ લ્હાય લ્હાય, ,, હંબો૦
,, જીવ મારો જાય જાય; ,, હંબો૦
,, કોને કહું હાય વાત, ,, હંબો૦
,, કુવે પડી કરૂં ઘાત. ,, હંબો૦
,, પરણે છેહ દીધો આજ, ,, હંબો૦
,, સાસરીઆંથી આવી વાજ; ,, હંબો૦
,, મોંઘમ તેં માર્યો માર, ,, હંબો૦
,, દુઃખનો આવે ન પાર. ,, હંબો૦
,, જીવતી સળગાવી બાપ, ,, હંબો૦
,, છાની મારી સ્વાર્થ છાપ; ,, હંબો૦
,, રંડાપો વેઠયો ન હાય, ,, હંબો૦
,, રાતડી રડે ન જાય. ,, હંબો૦
,, કાયા બાળે વિરહ તાપ, ,, હંબો૦
મરી ગઈ લાડીરે નરકે જાજો માને બાપ ,, હંબો૦'

અરરર ભગવાન માંડીના દીવસ વિરહથી ન જાય; તો આ રાંડીના દીવસ વૈધવ્યથી શી રીતે જાય ? આ હૈયાની અકળામણ શી રીતે સમાવાય ? એક તરફ જોબન અને બીજી તરફ ખુણો; એક તરફ સસરા અને બીજી તરફ સાસુ, એક તરફ સાસરૂ અને બીજી તરફ પીયર ! એક તરફ શૉકય અને બીજી તરફ નાવડીયો ધણી ! એક તરફ રંડાપો અને બીજી તરફ દુનિયા ! હવે મારી શી ગતિ ! સુડી વચ્ચે સોપારી ! ધોબીનો કુતરો નહીં ઘાટનો ને નહીં ઘરનો, સાપે છછુંદર ગળ્યુ; ન ગળાય કે ન મુકાય? હવે વિધવાનો કોણ બેલી ? તે બિચારી સર્વદા એકેલી ? નિરાધારનો આધાર કોણ તો એક કીરતાર ? કારતાર પણ કલયુગમાં સંતા કુકડી ! હવે બેલીમા સુધારા સમાજ ! કેસરના મતને અનુસરવું અને સુધારા સમાજમાં જેમ દોરે તેમ પગલુ ભરવું ! ત્યાં દાખલ થઇ પુનર્લગ્ન કરવું અને પછી મન પર સ્વતંત્ર થઇ મન માને ત્યાં ફરવું ! જુવાની તો ચાલી જાય છે. અને નાહક કાયા વૈધવ્યમા બળી ઝળી કરમાઇ જાય છે ! '

*　　*　　*　　*

'જાય છે જાય છે જાય છેરે આ જુવાની ચાલી જાય છે—૦
પાણીનો રેલો ને આભલાની હારો જેવી જુવાની ચાલી જાયછે-૦
નાનો નાવલીયો ને ઘરડાની નારની જુવાની ચાલી જાય છે—૦
પિયુ પરદેશ વસ્યો એવી માંડીની જુવાની ચાલી જાય છે-૦
કંથે છાંડેલી એવી રાંડી સમ માંડી તણી જુવાની ચાલી જાયછે-૦
સાસુ સંતાપે ને માવડીઓ કંથ એની જુવાની ચાલી જાયછે-૦
સધવા રૂવે ને રૂવે વિધવાએ એમ બેની જુવાની ચાલી જાય છે-૦"

આ પ્રમાણે મદોન્મત્ત થએલી કાન્તા ખડખડી ચડભડી હીંચકા ઉપર હીંચકા ખાવા લાગી, નીચે તેની સાસુ હીંચકાના કચવાટથી કચવાઇ જઇ કાન્તાને ભાંડવા લાગી; અને જોડેના ખંડમાં કાન્તાના સસરા બેઠેલા હતા; તેણે કાન્તાના ચળેલા છકેલા અને ગાંડા ઘેલા ઉદ્‌ગાર સાંભળ્યા અને મનમાં બળી ગયા. ભાનુશંકરનું મરણ થવાથી ભાનુનાં મા બાપ બિચારાં, બાપડાં ઓશિયાળાં, ગરીબડાં અને અભાગીઆં થઇ ગયાં. તેમની દરેક આશા પાણીમાં મળી. શાન્તાના મરણથી તેઓ ઉપરથી જો કે દીલગીરી દર્શાવતાં હતાં, પણ અંતરમાં અંદરખાનેથી પ્રસન્ન રહેતાં હતાં; ચાલો એક પાપ ગયું; એક કાશ ગઇ; ઘરમાંથી મંદવાડનો ખાટલો ટળ્યો, એક જણનું ખર્ચ ઓછું થયું, છોકરાને નસીબે બે હાથી બંધાએલા તેમાંનો એક ઓછો થયો: છોકરાને નિરાંત થઇ અને ઘરમાયે શાન્તી થઈ, કકળાટ ઓલવાઈ ગયો; શૉકયોના ઝગડા દુર થયા અને આપણે નિરાંતવાં સુખાળવાં થયાં; આવા પ્રકારના વિચાર લાવી તેઓ કાંક સંતોષ રાખી ફરતાં હતા; પણ અકકરમીના પડીયા કાણા અને નસીબ બે ડગલાં આગળનું આગળ તે પ્રમાણે એમના કરમે ભાનુશંકરને આપઘાત કરવાની વેળા આવી ! ભાનુના મરણ પછી કાન્તા ઘણીજ ફાટી ગઈ; હદ બહાર જતી રહી. તેને ખુણો પળાવતાં તેની સાસુને ઘણીજ મુશ્કેલી નડી; અને છેવટે કાન્તાએ આમન્યા તજી સાસુ સસરાની સામે છચોક બોલવા માંડયું; એટલે ભાનુનાં મા બાપ ત્રાસ પામી ગયાં; અને છેવટે થાકી કંટાળી કાન્તાનું નામ દેવું મુકી દીધું; કાન્તાએ પણ ખપ જોગ બોલવું

ચાલવું રાખ્યું અને આખો દીવસ મેડામા રહી પુસ્તક વાંચતી ગાતી અને હીંચતી. તેનાં સાસુ સસરાનો તો અશકજ ઠંડો થઇ ગયો. જ્યાંસુધી શાંતા જીવતી હતી, ત્યાંસુધી શાંતા દેખી ખમાતી નહોતી; અને તેનામાં ડગલેડગલે અવગુણ, છળ કપટ અને વાંક દેખતાં હતાં: તેને જરા પણ જંપીને બેસવા દેતાં નહોતાં; અને રાત્રે પણ તેને સુવા સરખાંએ દેતાં નહોતાં. આખો દીવસ કળકળ કરી મુકતાં; અને તેને પજવી મારતાં બિચારીને રાત્રે બાર બાર વાગતાં સુવા મોકલતાં; રાતના ત્રણ વાગતા તો તેને ઉઠાડી ઘંટીએ બેસાડતાં. આવું આવું અસહ્ય દુખ શાન્તાએ જીવન અન્ત સુધી સહન કર્યું; છેવટે તેનામાં જરા પણ કામ કરવાની શક્તિ ના રહી ત્યારે તેને શૉકય લાવી શૉકયની ગુળી ઉપર વીંધી; અને છેવટે જ્યારે તે મરી ત્યારે બિચારી મસાણમા જઈને ઠરી. ભાનુની માએ ભાનુની નવી ઘરમાં આવ્યા કેડે શરૂઆતમાં તો ઘણોજ રોફ અને દાબ બેસારવા માંડયો, અને છેવટે સમશેરી અને જહાંગીરી પણ ચલાવવા માંડી પણ કાન્તાએ બધું ધોઈ પીધું અને આંખ ફેરવી ફેરવી સાસુને ન્યાય આપી દીધો. સાસુ છેવટે જખ મારી હારીને શાંત થઇ અને ખુણે ખોચરે ભરાઈને દાંતીયાં કરી કરી બડબડવા લાગી! સસરાજી પણ શાન્તાને વખત આવે મારવા ચુકતા નહોતા; તે પણ કાન્તાનો રોફ અને દમામ જોઈને બકરી બેં થઇ ગયા. સાસુ સસરો જો કાન્તાને કોઇ પણ કારણસર અગર વાંક સારૂ એકાદ બે વેણ કહેતાં હતાં; તો કાન્તા બે વેણનાં બાર વેણ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે આપતી હતી; અને છેવટે રીસાઇને પીયર ચાલી જતી હતી; અગર

ાઓ પાડોશીને ઘેર ભરાઇ સાસુ સસરાની હદ બહાર નિદા
રતી હતી.

જમાનાના પરિબળમાં આર્ય ઘરસંસારનું બંધારણ ધીમે
ૅમે તુટવા લાગ્યું; આમન્યાનો નાશ થવા લાગ્યો; કુલાચાર
ાવા લાગ્યો, વિવેક સંતાઇ ગયો; અને સહન શિળતા તો
ન નાશ પામી ! આર્યઘરસંસારની અધોગતી થવાનાં કારણો
ધીએ છીએ તો વિબુધ જનો કારણોમાં સુધારો અંગ્રેજી કેળ-
ણી, સ્વતંત્રતા, ફેશન અને જમાનો એ પ્રમાણે જેમ માને તેમ
ન સુઝયાં કારણો બતાવે છે; કોઇપણ ધડો લેવા લાયક કારણ
ગી આવતું નથી, કોઇએક સાધારણ આર્ય કુટુંબમાં આપણે
ીપાત કરીશું તો આપણને વિવિધ સ્વભાવ વાળા, વિવિધ
સ્કાર વાળા, વિવિધ વિચાર વાળા અને વિવિધ આચાર વાળા
ણુસો દૃષ્ટીગોચર થશે. દરેકનાં વર્તન વિચિત્ર અને વાંધા ભર્યા
કને લાગશે. ધણીનું વર્તન ધણીઆણીને નહીં ગમે અને ધણી-
ણીનું વર્તન ધણીને નહીં ગમે; છોકરો બાપમાં હજાર દોષ
શે અને તેને ઝટ મરવો તાકશે; વહુ સાસુમાં હજાર અવગુણ
શેજ અને ઝટ જુવારૂ માંડવા તાકશે; મા બાપ દીકરાને ઉડાઉ
ો; બાયલો ગણશે અને તેની પાસેથી તમામ પંસા ટકા પોતા
પાસે આવે અને પોતીકા હાથથી તમામ ઘર વ્યવહાર ચાલે
ી ઇચ્છા કરશે; ભાઇ બ્હેનમાં હજાર ગણો સ્વાર્થ જોશે અને
માવતરને સમજાવી સમજાવી મીઠું મીઠું બોલી સો
ાવી ખાય છે એમ માનશે; અને બ્હેન ભાઇમાં ઘણાક દોષ
ોજ ભાઇ સાવ નમાલો થઇ ગયો છે; દરેક રીતે ભાભીને વશ

થઇ ગયો છે; અને ભાભીનુંજ પાયુ પાણી પીએ છે; તમામ ખરચુ ખર્ચુ ખાનગી ખાનગી રાખી બાયડીને દર દાગીના કરાવી દેછે એવુંજ માનશે ! આ પ્રમાણે વિચિત્ર હાવ ભાવ અને વર્તન આર્ય કુંટુંબમાં માલમ પડી આવશે. બાપ છોકરાને નિશાળે ભણાવશે પણ છોકરો શું ભણે છે તેની તપાસ નહીં કરે; મા છોકરીને શીખામણ દેશે; મારી રૂડીને સાસરે મોકલશે; પણ છોકરી સાસરામાં રહીને શો ધંધો કરે છે અને સાસરીયાંને કેવી રીતે ઠારે છે તેની જરા પણ દરકાર નહીં કરે; સાસુ વહુને જોશે કે તરતજ આંખમાં ઝેર ભરાશે, અને જરા પણ તેને જંપીને બેસવા નહીં દે; પણ વહુને પીયર મોકલતી વખત, અથવા બહાર કે જમવા મોકલતી વખત વહુ કયાં જઇ આવી; કેટલો વખત લાગ્યો, કેટલા દીવસ રહી; અને પીયરમાં રહીને શું કર્યું તેની અણુમાત્ર તપાસ નહીં કરે; આવી આવી વિચિત્રતા દરેકના ઘરમાં ભરાઇ રહીછે; કોઇને કાંઇપણ કોઇથી કહેવાતું નથી. કોઇને બ્હેનપણી બગાડે છે; તો કોઇને પાડોશી બગાડે છે, કોઇને માબાપ બગાડે છે તો કોઇને ખોટી સોબત બગાડે છે; કોઇને સંસ્કાર બગાડે છે તો કોઇને આચાર બગાડે છે; આ પ્રમાણે કાંઇનું કાંઇ ચાલ્યાંજ કરે છે. એક ઘરમાંજ એક માહાદેવને માને, બીજો માતાને માને, ત્રીજો કૃષ્ણને માને, ચોથો પીરને માને અને પાંચમો નિરંજન નિરાકારને માને.

આવી રીતે અદ્દભૂતના વિવિધ મત વિવિધ વર્તન આર્યોના ઘરસંસારમાં ચાલી રહે છે. કોઇપણ પ્રકારનું કરકસરનું, ધર્મનું, વિવેકનું, નિતિનું અને સહનશિળતાનું ધોરણ માલમ પડી

આવતું નથી. જેમ જેને પવન લાગે અને જેવો રંગ લાગે તે પ્રમાણે ચાલ્યાજ કરે છે; આ પ્રમાણે ધોરણ ભાનુના ઘરમાં ચાલતું હતું; એથી કોઇના પર કોઇનો પણ દાબ પડી શકયો નહોતો.

જ્યાંસુધી ભાનુના ઘરમાં શાંતા હયાત હતી ત્યાંસુધી ભાનુનું ઘર કાંક કરકસરથી ચાલતું હતું; દળવા ખાંડવાના પૈસા ખરચવા પડતા નહોતા; અને તમામ રાંધણુ સીંધણું તથા ઘર વ્યવહાર ઘણીજ કરકસરતાથી ડહાપણથી અને વિવેક ભર્યો ચાલતો હતો; પણ શાંતાના મરણ પછી તમામ ઘરની સત્તા કાન્તાના હાથમાં આવી હતી; કાન્તા જેમ આવે તેમ કરતી અને મન ચ્હાય તેમ રાંધતી અને ખાતી પીતી હતી. દળવા ખાંડવા તો કોઇ દીવસ પણ તે બેસતી નહોતી; વખતે કોક દીવસ જયારે શાંતા કામ કરતાં થાકતી અને જો તે બોલાવતી; તો તે વખતે પણ તે સાફ નાજ કહી દેતી હતી. આ બાબતમાં સાસુ સસરાની તે જરા પણ તમા રાખતી નહોતી. કાન્તાનાં લગ્ન અને ભાનુની મરણ ક્રિયામાં ભાનુનાં માબાપને ઘણુજ ખર્ચ થઇ ગયું હતું; અત્યારે ઘરની સ્થિતી ઘણીજ નરમ દશા પર ચાલતી હતી. આજ કાલ દળવા ખાંડવાના પૈસા ખરચી શકાય તેમ નહોતું. ભાનુની હયાતીમાં રોજ ઘરમાં બે વખત સવાર સાંજ શાક થતું હતું અને સાંજરે વાળુ દુધથી થતું હતું; અર્થાત સવારમાં દાય ભાત રોટલી શાક અથાણુ પાપડ વગેરે ખવાતાં હતાં; અને સાંજરે રોટલી શાક દુધ ખીચડી વીગેરે ખવાતાં હતાં; પણ ભાનુના મરણ પછી તમામ ઓછું થઇ ગયું હતું દુધ તો છેક બંધ થઇ ગયું હતું; શાક સાંજે જરા જરા થતું હતું; દાળ ભાત પણ

બીજે ત્રીજે થતાં હતાં; અને ઘી પણ વપરાશમાં ઘણું ઘટાડી નાંખ્યું હતું; એકંદરે ઘરની સ્થિતિ પણ ગરીબાવસ્થામાં આવી ગઇ હતી. આજ કાલ કાન્તાનું મન ધાર્યું ખાવા પીવામાં થતુ નહોતુ એટલે કાન્તાને અને સાસુને વારંવાર બાઝવું પડતું હતું; એક દીવસ પણ કંકાસ વગર જતો નહોતો.

કાન્તાને મેડામાં હીંચકા ખાતી જોઇ તેની સાસુ શિવલક્ષ્મીને આંખમાં કરકર આવી; અને એકદમ તેને નીચે બોલાવવા વિચાર કર્યો; તેના મનમાં છેવટે સારી રીતે ઠસી ગયું હતું, કે કાન્તા વહુને વધારે છુટ આપવાથી ખોટુ પરિણામ આવશે, અને તે છેવટે પીયર અને સાસરા બંનેની આબરૂ પર કોયલા ઘસશે; તેથી તેણે દીવસે દીવસે કાંક કાન્તાને વધારે અંકુશમાં રાખવા ઠરાવ કર્યો હતો; આ વખતે તેણે તરત હીંચકા સાંભળી ઘાંટો પાડયો;

"કાન્તા !" કાંઇપણ જવાબ મળ્યો નહીં,

"અલી કાન્તા" જરાક ઘાંટો પાડીને બોલવી છતાં પણ બોલી નહીં.

"હે કાન્તા. !" મોં બગાડીને બોલાવી પણ હા નાનો ઉત્તર મળ્યોજ નહીં.

"અલી કાન્તા, ઓ બહેરી, અલી નવી, કેમ રાંડ સાંભળતી નથી ?"

"શું છે ?" ગુમાનમાં અને રોફમાં ધીમે રહીને જવાબ કાન્તાએ આપ્યો !

"તો રાંડ કયારની તને નીચે બોલાવ બોલાવ કરૂં છું, કેમ

સાંભળતી નથી ?"

"પણ છે શું ? કહી નાંખોને, લવારો શાનો કરો છો ?"

"આ નીચે આવીને આ ડાંગરનો ઘાણુ પડયો છે તે જરા ખાંડી નાંખ !"

"એ ખંડાવી લ્યો વેચાથી; મારાથી ખંડાશે નહીં, મારૂં તો માથું દુખે છે !"

"ત્યારે આ પાંચ શેર ઘઉં પડયા છે તે જરા ધીમે રાગે ઘંટી તાણી દળી નાંખજે, !"

"દળાવી લ્યો વેચાથી ! મને તો છાતીમાં સણુકા આવે છે!"

"તને ભલા રાંડ ખાંડતી અને દળતી વખતે સણુકા આવેછે; રાંડ મોટા ઘોરા ખાતી વખતે તો કાંઈ થતું નથી; તે વખતે તો આકડો અને ધંતુરો બધુંએ ઉઠાવી જાય છે; અને કામ કરતી વખતે તાવ આવે છે કેમ ?"

"એ તાવ તમને આવે, મને ખમ્મા કરે, સમજ્યાં બાઇજી જરા માનમાં રહેજો નહીંતો જોયા જેવી થશે !"

"અલી તું શું જોયા જેવી કરીશ !"

"ત્યારે બોલી જુઓ એટલે ખબર પડશે; સાસુજી હું નહીં પેલી શાન્તા; હુંતો છું કાન્તા એ યાદ રાખજો !"

"એટલે તું મોટા કુળવાનની અને ધનવાનની દીકરી તે મારે શા કામની ? તારૂં કુળ અને તારો પૈસો તને ગંધાય ? મારા કામમાં તે શું આવવાનો ?"

"ત્યારે ઘર જોતી વખતે આંધળાં થયાં હતાં ?"

"આ રાંડે મારા છોકરાને ખાધો, મારી મોંણી અને ડાહી

વહુને ખાધી અને હવે મને અંધાપો આપવા બેઠી; રાંડ જરા લાજ, બોલતાં વિચાર કર !"

"તમે બોલતાં વિચાર કરો ! નહોતાં જાણતાં કે છોકરાને નવી પરણાવીશું ત્યારે ખર્ચ વધશે ?"

"એટલે તને દળવા ખાંડવાનુંએ મારે ન કહેવું ?"

"ના, સમજ્યાં."

"ત્યારે હવે કોણ ખાંડશે મારો બાપ ?"

"વેચાથી કરાવો ?"

"પણ પૈસા ક્યાંથી લાવું ?"

"ના હોય તો ઘંટડી વગાડો; નહીંતો હાથે ઘંટી ફેરવો !"

"ઓ મારા બાપ, આ વહુએ તો ગજબ કરવા માંડયો; હાય હાય મા મારી શાન્તા આ કાન્તા કરતાં હજાર ગણે દરજ્જે વધારે સારી, ડાહી, આમન્યા વાળી અને સહનશીલ અને આતો છેક ચળેલી ! રાંડ ભણેલી! એટલે કોઇને ગણેજ નહીં; દરેકને તૃણવત માને !"

"એ સારી વહુને પણ નઠારી ગણી શોકયની શુળી ઉપર વીંધી; તમે શું સારૂ કર્યું છે ? તે તો બિચારી મરી એટલે છુટી જગત તરી ગઈ !"

"અરે ભગવાન હવે મારી શી વલે થશે ? આ ઘડપણ કેમ જશે ?"

"રોઈ રોઇને !"

"લે હવે ડાહી થા. આમ છેક ફાટી ન જા. જરા નીચે આવી ઘંટી ફેરવ !"

"એ ફેરવો તમે !"

"ત્યારે તું શું કરીશ ?"

"હું રાંધીશ અને ખાઇશ !"

"રાંડ હવે તો ડાહી થા ! તું રાંડી કાંઈ સમજ !"

"રાંડી એટલે હું શું કુવામાં જઇને પડુ એતો જગતમાં જેમ થતુ આવે છે તેમ થાય છે; મેં તો કાંઈ તમારા દીકરાને મારી નાંખ્યો નથી ને !"

"ઓ ફાટેલી, આમ છેક ચળી ન જા ! બેસ ઝટ ઘંટીએ !"

"એ જ્યારે ઘંટીએ બેસારવાની હતી ત્યારે શું કામ જખ મારવા તમારા દીકરાને ફરીથી પરણાવ્યો ?"

"એટલે નવી વહુ તું થઇ એટલે કાંઇ કામ તું નહીં કરે એમ ને ?"

"એ ચોખ્ખી ના !"

"ઓહો આ તે શું કહેવાય ? કાંઇ જગતમાં નવી વહુ કામ કરતી હશે ?"

"તમે જાણતાં નથી જો ન જાણતાં હો તો આજથી મારા દાખલાથી જાણી લેજો !"

"રાંડ બોલતી બંધ થા; નહીંતો તારી જીભજ તાણી લઇશ !

"હવે, છાનાંમાનાં લવારો મુકીને જે કરતાં હો તે કરો અને છાશની દોણી ભરો !"

"ઓ તારીની; આ નવીની તો વાત વધી ગઇ; જરા શરમા, છેક વંઠી ન જા; નહીંતો મારા ઘરમાં પોષાઇશ નહીં !"

"એ તો હુંએ જાણું છું !"

"શું તારા બાપનું કપાળ જાણે છે? આમ ચપ ચપ નાને મોઢે લવ લવ કરે છે તે જરા જીભડી ખેંચી રાખ નહીંતો એક લાત મારી ઘરમાંથી તગેડી મુકીશ!"

"એ કોરટ તૈયાર છે!"

"જા રાંડ સરકાર દરબાર ચડજે! તું એજ કરવાની છું! વહુ તમે અન્તે નીકળી જવાનાં છો એ ખાત્રી રાખજો!"

"તે વિના તમારી આંખો નહીં ઉઘડે!"

"રાંડ આટલી ભસ ભસ કરે છે પણ ઝટ હેઠે આવી ઘંટીએ બેસે છે?"

"તમને એકવાર તો કહ્યું કે હું ઘંટી ખાણીએ નહીં બેસવાની?"

"ત્યારે આટલા દીવસ સુધી મારી શાન્તાએ દળ્યુ ખાંડ્યુ તે સૌ વૃથા ગયું?"

"ગયુંજ તો."

"ઓહો ધન્ય છે તેને! મેં તેને ઘણુંએ દુઃખ દીધું હશે પણ બચારી કોઇ દીવસ પણ મારા સામુ બોલી નથી!"

"તેનોજ તમે એને સારો બદલો આપ્યો છે."

"મેં શું કર્યું છે?"

"કાંઈ નહી; બિચારીને મરતાં સુધી મારી, કુંદી; શૉકયની શુળી ઉપર વીંધી અને તેને પરાઇને પાન પણ ખાવા ન દીધું, હવે શું બદલો આપવો બાકી રહ્યો છે?"

"હવે જરા મોંમાં જીભ ઘાલ, રાંડ એણે બહુ કામ કર્યું ને તું કેમ ના કરે?"

"એ તો ફાવે તે કરે, પણ હું કાંઇ ન કરૂં ?"

"કારણ."

"કારણ એજ કે શાન્તા પંથ વરને પરણેલી ને હું તો બીજ વરને પરણેલી સમજ્યાં ?"

"બીજ વરની પરણેલી તો તમામ ઘરનો ભાર માથે લઇને ફરે અને બધુ કામ કરે સમજી ?"

"કાંઇ નહીં; એ પંથ વરની ઘરમાં કામ કરે અને બીજ વરની લ્હેર કરે !"

"એવું તે કયાંઇ થતું હશે ?"

"એ લોકો ગાય છે તે ભૂલી ગયાં જ્યારે ઘરમાં આવીને કામ કરવું હશે ત્યારે રાંડ શું કરવા જખ મારવા શૉકય ઉપર આવશે !"

"ઓ મારા બાપ તને નવ ગજના નમસ્કાર ! રાંડ અત્યારે ગાવા ઉભી થઇ !"

"બઇજી સાંભળો, સાંભળો.

* * * *

'દાદા મોરા પંથ વર નવ જોશો જો,
પંથ વરની પરણી મહા દુઃખ પામશેરે લોલ;
દાદા મોરા બીજ વર તો જોજો જો,
બીજ વરની પરણી મહા સુખ પામશેરે લોલ.
પંથ વર તો શોંય સૂવારે સોટડીએ ચમકાવે જો,
પંથ વરની પરણી મહા દુઃખ પામશેરે લોલ;
બીજ વર તો લાડ લડાવે ખોબલીએ ખુબ ખવરાવે જો,

બીજ વરની પરણી મહા સુખ પામશેરે લોલ."

"ઓ રાંડ ગધાડી જરા લાજ લાજ; હું તારી બ્હેનપણી નહીં; પણ તારી સાસુ!"

"હુએ તમને સાસુ ધારીનેજ સંભળાવું છું!"

"ઓ મારા માબાપ હવે હું તને કાંઇ નહીં કહું, મેં જખ મારી, હવે મારો છાલ છોડ!"

"ત્યારે તમને કોણ બોલાવે છે? નાહક મને શું કામ પજવો છો? જો તમે ઝાઝી મારી પત્તર ફાડશો તો હું તમારા ઘરમાં નહીં રહું!"

"ઓ મારા બાપ, તે હું કયારનીએ જાણું છું!"

"ત્યારે જાઓ મારૂં નામ ન દેશો!" આ પ્રમાણે સાસુ વહુ સારી રીતે ખખડયાં, લઢયાં અને તડાકો કરી અન્યો અન્ય રીસાઈ ગયાં; કાન્તા ધણધણ કરતી મેડે ગઇ, અને સાસુજી બડબડ કરતાં જખ મારી કામ કરવા મંડયાં; ડોસા કકળતા નીચે આવ્યા, અને ડોશીને ખુબ ધમકાવી; અને તેને કાન્તાનું જરા પણ નામ ન દેવાનું કહ્યું; અને છેવટમાં જણાવી દીધું કે જો તું કાન્તાની ઝાઝી હાડછેડ કરીશ તો અંતે તે નીકળી જશે; અને આપણી આબરૂ પર કોયલા ઘસશે માટે તેને જેમ ફાવે તેમ આપણા ઘરમાં રાખીને મનસ્વી કામ કરવા દેવું. ઝાઝી પત્તર તેની ન ફાડવી; આ પ્રમાણે ડોસાએ ડોસીને સમજાવી; શિવલક્ષ્મી બિચારી રડી ગઇ; અને ખુણે બેસી ડુસકાં ઉપર ડુસકાં ખાવા લાગી; ડોસા હાથમાં માળા આણી એક કોરે બેસી પ્રભુ સ્મરણ કરવા લાગ્યા, અને કાન્તા મેડીમાં જઇ પોતાનાં લૂગડાંલત્તાં બો-

કઠાં કરી ટ્રન્કમાં ભરવા લાગી, લૂગડાં ભરતાં ભરતાં ધીમે ધીમે સાદે ગાવા લાગી;

* * * *

'સુખને સાહ્યબી નથીરે લખીઆં,
કીરતારે આરે નસીબમાં;
કઢીઅલ દુધડાં કયાંથીરે જમશે,
પામર જીવડો ઢીણમાં-૦
અમૃત કુંપો અકર્મીને મળીઓ;
પીધો ન આખર ભોંયજ ઢળીઓ;
સાંસા પડયારે શરીરમાં,
નિસાસા નયણુંનાં નીરમાં.
ઝંખીને મરતો હાય જીવલડો,
ઝુરી ઝુરી જીવન જીભમાં-૦'

તમામ લૂગડાં ટ્રન્કમાં પેક કરી; કાન્તાએ કપડાં પહેર્યાં અને સંધ્યાકાળ થાય એટલે ઝટ પીયર ચાલી જાઉં એ વિચાર કરી થોડોક વખત બેઠી, ને સંધ્યાની વાટ જોવા લાગી; સાસુએ નીચે સગડી સળગાવી શાક વઘાર્યું અને વાળુની તજવીજ કરવા માંડી; ડોસા પણ બિચારા જે માળા ઉપર માળા ફેરવતા હતા; તેમને પણ કકડીને ભુખ લાગી એટલે માળા નીચે મુકી પરસાળમાં આંટા ફેરા કરવા માંડયા; કેમકે

'ભુખ લગી જબ કશું ન સૂઝે, જ્ઞાન ધ્યાન સ્હે રોટીમાં;
કહેત કબીરા સુન ભાઇ સાધુ આગ ધરો એ પોથીમાં."

તે અનુસાર ખાવા સારૂ તલપાપડ થઇ રહ્યા !!

સંધ્યા ધીમે ધીમે પથરાવા લાગી; ઘેર ઘેર દીપક જ્યોત પ્રગટવા લાગી, નાનાં મોટાં દરેક જણાં ધીમે ધીમે ઘરમાં દાખલ થવા લાગ્યાં; જોતજોતામાં સંધ્યા વ્યતીત થવા લાગી.

* * * *

'સંધ્યા સુન્દરી લાલ વસ્ત્ર ધરીને જાણે પધારે અહીં,
સંદેશો રવિરાયને સતિ તણો કહેવા ત્વરાએ વહી;
ખેંચી ચીર્ણ ઉતાવળો ધસમસ્યો ભાનુ વહે મંદીરે,
ઉણો થાય પ્રકાશ ખાસ અવનિમાં નિસ્તેજ દીસે નીરે."

કાન્તા ધડબડ ધડબડ કરતી ટ્રન્ક લઇ નીચે આવી અને એકદમ પરસાળ વટાવી ચાલવા માંડયું; કાન્તાને ટ્રન્ક લઇ જતી જોઇ સાસુએ પૂછયું;

"અલી શીદ જાય છે?"

"મારે પીયર!"

"ઓહોહોહો એમાં શું મોટો રીસકો ચડી ગયો કે ઝટ લઇને ચાલવા માંડયું?"

"કાંઇ નહીં હું અમને વધારે પડું છું તેથી હું મારે પીયર જાઉં છું!"

"આ તારીની આતો મિંયાંની ભેંસને ડોબુ કેમ કહેવાય? આ જરા ખાંડવા દળવાનું કહ્યું એટલે પીયર જવા વહુ તૈયાર થયાં"

"હશે ત્યારે જ્યારે મારે ખાંડવું અને દળવું હશે ત્યારે હું તમારે ઘેર આવીશ!"

"ત્યારે ઠીક બાપા તને ઠીક લાગે તેમ કર! અમે કાંઇ તને જવાનું કહેતાં નથી! નાહક અમને પજવીશ નહીં! તારા મનનું

ધાર્યું તું કરેછે અને પાછળથી દોષ અમને દે છે. એવું ના કરીશ! તારે પીયર જવું હોય તો જા પણ જઈને એમ ન કહીશ કે સાસરીઆંએ કાઢી મુકી !"

"ઠીક લ્યો હું જાઉં છું !"

"ભલે તારી મરજી"

કાન્તા સપાટાબંધ ટ્રન્ક લઇ ઘર છોડી પીયર ભણી વળી. ભાનુનાં માબાપ કાન્તાનું આવું વર્તન જોઇને સ્તબ્ધ બની ગયાં. બંનેની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં, છેવટે ભાનુની માના મુખમાંથી ઉદ્દગાર નીકળી પડયા કે "આતે સ્વચ્છંદી સધવા કે વકરેલી વિધવા !"

પ્રકરણ ૯ મું.

પુનર્લગ્નનું પારણું કે અનાચારનું બારણું ?

દોહરો.

ભણ્યા ઘણું પણ નવ ગણ્યા, ધર્મ નીતિનું જ્ઞાન;
વરાવે વિધવા હોંશથી, માની મોટું માન.

અતિશય હદ બહાર સ્ત્રીઓને છુટ આપવી, મોંનાં માગ્યાં લૂગડાં લત્તાં અને ઘરાણાં ગાંઠાં પહેરાવવાં, ઇચ્છાનુસાર સ્ત્રીને ગમે ત્યાં ભટકવા દેવી, મન ગમતાં ખાનપાન લાવી હાજર કરવાં, ધાર્મિક અને નૈતિક સંસ્કારહિન કેવળ પોપટીઆ કેળવણી આપવી, અને ઘરસંસાર વ્યવહારથી તદન વિમુખ રાખી નોકર ચાકરથી કામ ચલાવી લેવું એ માત્ર સ્વહસ્તે પોતિકા મુખ ઉપર કોયલા ઘસ્યા સમાન છે.

કાળે પડી હતી નારિયો પડદે ન જોતી આંગણું,
લટકા કરી ચાલે હવે છતમાં મળ્યું છુટાપણું;
અરધું ઉઘાડી શિર પટિયાં પાડી જાય બજારમાં,
પિચકારી મારે પાનની હીંડે પુરૂષની હારમાં.

ભાવ વિનાની ભક્તિ, અનુભવ વગરની જુક્તિ, હેત વિનાનું મન, શક્તિ વગરનું તન, કંઠ વગરનું ગાન, નીતિ વગરનું જ્ઞાન, પૂંછ વિનાનો મોર, આંખ વિનાનો ચોર, સજ્જનતા વિનાની સંગત, બુદ્ધિ વિનાની રંગત, વૃષ્ટિ વિનાની દામની અને ચંદ્ર વિનાની જામની જેમ સાક્ષાત રિપુ છે, તેમ અંકુશ વિનાની કામની કેવળ કાળી નાગણી છે.

* * * *

"ભામનીઓ ભારત દેશનીરે, નિજ ધર્મ તણો ગ્રહી મર્મ;
સદ્‌ગુણ સેવો સો મ્હેલડેરે, જેથી સફળ થશે સૌ કર્મ.
અતિ હીતકર આ દેશના અસલ સમયના ચાલ,
પેસાડયાં તેમાં તમે અહિત ભરેલાં સાલ.
તેથી તુટયો તમ દેશનોરે, કાંઇ તત્ત્વ તણો શુભ થંભ;
શાસ્ત્રતણો સેતુ તોડીનેરે, કર્યા ગૈરક મત આરંભ—૦
પિયર પનોતી પણ સ્ત્રીઓ સેવતી સાસરવાસ,
પિયર પનોતી હાલ તો ગણે પતિને દાસ.
એવી રીતે આ દેશમાંરે, ચાલ્યો દંપતિનો શુભ ધર્મ;
ત્યાં પ્રજા કયાં થકી સાંપડેરે, જે કો સમજે દેશના મર્મ—૦
બાળલગ્નમાં મગ્ન થઇ વરઘોડે ધરી વ્હાલ,
ન્યાત વરા કરિ વિણુ ગજે ઘર ન કરો બેહાલ.
ઘર વેચાવી વરને કહીરે, જર હિણુ કરો ન જરાય;
મિથ્યા મોટાઇમાં નવ મરોરે, તોજ આ ભવસિંધુ તરાય—૦
બળતી ચ્હેમાં પતિ પુંઠે પડતી તેના પુત્ર,

ચઢતાં તોપ ખડગ મુખે સમજી શરીરને સૂત્ર.
વિધવા કેરૂ વૃત પાળતીરે, તેના સુત ગ્રહતા સમશેર;
વિધવા લગ્નો ને નાતરાંરે, તેની વેજા કરતી કેર-૦
મનુકુળ અંદર અવતરી ન ચહો પશુનો પંથ.
સાચું એ ભણતર ભણો એજ સુગુણનો ગ્રંથ.
સંઘવી સાચી મતિએ હીયેરે, કોટી વિદ્યા તણે શીર મોડ;
શણગાર સાચો પતિવ્રત તણોરે, જેની કંઇએ જડે નહીં જોડ-૦ "

એમ આબાદી તુમ બરબાદી ઉકત આભૂષણ વાળા આબાદ અમદાવાદમાં આજ કાલ એક અદ્ભૂત પ્રકારની ચર્ચા સર્વત્ર ચાલી રહીછે. વિપ્ર કોમના એક અગ્રેસર આગેવાન ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયજીની સાઠી બુદ્ધિ નાઠી એ અનુસાર પોતે પોતાની ચોથી અવસ્થામાં સ્વાર્થ ચોથ ઉજવવા તૈયાર થયાછે. વડીલોની ઉજ્વળ કીર્તિની લોથ વાળવા ઉભા થયાછે. અત્યારે તેમના વિચારમાં આડે આવનાર કોઇ રહ્યું નથી; એમ માની તરતની રાંડેલી બાળ વિધવા પુત્રી બાળા કાન્તાનું પુનર્લગ્ન કરવા નાતરૂ કરવા ધાર્યુંછે. વૈભવ અને સાહ્યબી સદાયે એમનીજ સાથે પળશે એમ ધારી વૈભવ વધારવાની મુરાદમાં છેવટના એક વખત ફરીથી વધારે વારના કોયલા ઘસવા તૈયાર થયાછે. પાંચ હજાર રૂપીઆની કોથળી પટારામાં મુકી વિધવા વિવાહ બજારમાં સુધારા ગધાડા ઉપર બેસી જમાનાની ટોકરી વગાડતા બજારનો રસ્તો કાપતા નીકળ્યાછે. મણીલક્ષ્મી અને કુંદનપર કુસુમના સંખ્યાબંધ પત્રો તથા તાર છુટયા છે. મામા અમીધરે પણ આ ભવાડો ભાવનગરમાં રહીને પોતાના મિત્રો મારફતે સાંભળ્યો છે. સર્વે જણાં રા

યજીપર અણુગમો બતાવી આંખ આડા કાન કરી શાપ અને ધિક્કારનો વરસાદ વરસાવી રહ્યાં છે. કેશરી ડોસો ઘડપણમાં ડાટ વાળવા ઉભો થયો છે; અને પોતાનુંજ ધાર્યું કરે તેવો ક્રૂર તથા નરાધમ છે એમ માની કોઈ તેની વચ્ચે પડવા હીંમત ધરતું નથી. સુધારા સમાજના એક વંઠી ગએલા છાકટા મેમ્બર છેલશંકર વકીલ સાથે કાન્તાનું નાતરૂ કરવા રાયજી તૈયાર થયા છે. છેલશંકર પણ ચાર પાંચ વરસથી રાંડેલો છે; તેની વિચિત્ર અને દુરાચારમય વર્તણુંકથી તેને કોઇ કન્યા આપતું નથી, તેથી રાયજીનું મોંઢું કોયલાથી ભરી કાન્તા સાથે પુનર્લગ્ન કરવા તૈયાર થયો છે. આજ સાંજના રાજનગરના પ્રખ્યાત નાતરાગૃહમાં કાન્તા અને છેલશંકરનાં પુનર્લગ્ન થનાર છે; તેની સાથે મી. મધુકરે પણ કાશી અને વાણુદાસનું નવીન વણીક જોડું પુનર્લગ્ન કરવા સારૂ ઉભુ કર્યુ છે. આખા શહેરમાં આ બે નાતરીઆ વિવાહની વધામણી ચારે કોર ફેલાઇ રહેલી છે. બાગ બગીચા, ચૌટાં, ચકલાં બ્રીજ અને સર્વ સ્થળે આ પુનર્લગ્નની ચર્ચા જોશભેર ચાલી રહી છે. જેમ જેને ફાવે તેમ પુનર્લગ્નની વિરૂદ્ધમાં અને તરફેણમાં પોત પોતીકા વિચારો દર્શાવ્યા કરે છે, કાન્તાનાં સાસુ સસરા પણ કાન્તાનો નાતરીઆ વિવાહ થવાનો સાંભળી હેબક ખાઇ છાતીફાટ કલેશ અને રૂદન કરવા મંડયાં છે; અને ઉપરા છાપરી રાયજીને આ કાળુ કર્મ નહીં કરવા સારૂ કહેણ મોકલ્યાં છે; રાયજી તમામ કહેણ હોઇયાં કરી જઇ મુંછે સુધારાનાં બે લીંબુ લટકાવી દમામમાં દમભેર હરવા ફરવા લાગ્યા છે; અને પોતાનોજ કક્કો ખરો કહેવરાવવા સારૂ તાલમેલ રચવા મંડયા છે.

અત્યારે સમય સાંજના સાડાચાર વાગતાનો થયો છે; અને નાતરીઆ લગ્ન રાતના નવ વાગતાં થનાર છે. આખા શહેરમાં એક છેડાથી કે છેક બીજા છેડા સુધી નાતરીઆ વિવાહની વિચીત્ર વાતો થઈ રહી છે. અત્યારે વિકટોરીઆ ગાર્ડનમાં પણ આજ ચર્ચા હવા ખાનાર છેલાણી સેલાણી યુવક મંડળમાં ચાલી રહી છે. કેટલાક વિરૂદ્ધ અને કેટલાક તરફેણમાં વાક્બાણ ઉડાવ્યા કરેછે.

" મી. સુરેન્દ્રરાવ, નવીન વિચારોએ નખ્ખોદ વાળી નાંખ્યું છે. નવી સભ્યતાએ હીંદુઓના તનમન અને ધનમાં એવું તો ગુપ્ત વિષ ઉમેરવા માંડયું હતું અને હજી ઉમેર્યા કરે છે કે તેની અસર દેખતા વિચારકોને ઘણે વર્ષે સ્પષ્ટ રીતે હાનીકારક નીવડેલી જણાય છે, અને જણાશે; પરંતુ આંધળા વિચારકોને ' ડફ્ગરને ગંધ સહી ' એ નિયમ પ્રમાણે તં નવી સભ્યતા અને નવા વિચારોની હીમાયત કરવામા મહત્વ જણાય છે. "

" મી. રાજેન્દ્રરાવ તમારૂં કહેવું તદન રાઈટ ખરૂં છે. પુરાણી વાતો નષ્ટ થઇને નવી બાબતો ઘુસી ગઈ છે, આપણે તો પોતે ઈંગ્રેજ થઇ ગયા નથી તોપણ આપણા ઘરમાં અંગ્રેજીપણું ઘુસાડયા કરીએ છીએ. મુસલમાનોના રાજ્યમાં દેશીઓ ફારસી અરબ્બી ભણી રાજકર્त्ताઓની બોલી ચાલી શીખી ગયા હતા, પણ તેમનાં ઘર તો સારી રીતે હીંદુજ હતાં. મુસલમાની સભ્યતાએ તો હીંદુઓની બાહ્ય બાબતોમાં ફેરફાર કર્યો હતો, પણ પાશ્ચિમાત્ય સભ્યતાએ તો હીંદુઓના ઘરમાં પેશી દેશીપણાનો સંહાર વાળવા માંડયો છે. "

" મી. સુરેન્દ્ર, એ નવી સભ્યતાએ સ્વતંત્રતાનો નાશ કર્યો

છે. વ્યાપાર અને કારીગરીને ધુળ મેળવી છે, નવી સભ્યતા અમારા સાહીત્યનો પણ નાશ કરી દેત પણ અમારા ધર્મે તે સાહીત્યનું રક્ષણ કર્યું છે. સુધારા અને ફેશને આપણા સામાજીક બંધ ઢીલા કરી નાંખ્યા છે, તે અનાદી કાળના નિયમોની પાછળ ખાઇ ખબુશીને મંડયા છે. આપણે બધા તેના દાસ થઇ પડયા છીએ."

"પરફેકટલી રાઇટ મી. રાજેન્દ્રરાવ યુ આર! સાહ્લુ આપણુને કોઇપણ બાબત ઉપર વિશ્વાસજ નથી. શું આપણુને આર્યોના જાતિ ભેદમાં વિશ્વાસ છે, સે નો, ના કહો. શું આપણુને દેશી કારીગરી પર વિશ્વાસ છે? બોલો, ના પાડો! શું આપણુને હિંદુ ધર્મ ઉપર વિશ્વાસ છે? કહો ના. ત્યારે આપણુને શા ઉપર વિશ્વાસ છે? કહો કે કોઇ ઉપર નહીં!!"

"મી. સુરેન્દ્ર, આપણી સ્ત્રીઓ સ્વભાવિક રીતેજ ફેરફારને પસંદ કરનાર નથી; તેથી જો કે પુરૂષો તો ઇંગ્રેજ બન્યા છે, છતાં પણ ધર્મે સ્ત્રીઓના ખોળામાં જઇને આશ્રય લીધો છે. સ્ત્રીઓ આટલી કોમળ આજ્ઞાકીત અને સરલ હોવા છતાં પણ તેઓએ અદ્યાપી લગી પાશ્ચિમાત્ય સભ્યતા, સુધારો અને ફેશનને પોતાની પાસે ફરકવા ન દીધી; સ્ત્રીઓએ આપણા જાતી ભેદની રક્ષા કરી છે પણ હવે પાશ્ચિમાત્ય પોઝીશન સભ્યતાએ સુધારો તેમનામાં ઘુસવા લાગ્યો છે."

"મી. રાજેન્દ્ર સ્ત્રીઓને નવી કેળવણી આપવાને કેટલાએ વરસથી હોઢડાહ્યા જક્કી સુધારકો હીમાયતની બુમો પાડી રહ્યાછે પણ તેમણે તેવોજ પાશ્ચાત્ય માર્ગ ગ્રહણ કર્યો છે. પાશ્ચાત્ય શિક્ષાર્થ

જો પુરૂષોને લાભ થયો હોય તો સ્ત્રીઓને પણ અવશ્ય થાય ખરો. જો પુરૂષોએ પશ્ચિમાત્ય શિક્ષણથી પોતાની જાતીય યોગ્યતા પ્રાપ્ત કરી હોય તો આપણે તેનો આદર સત્કાર કરીએ, પણ જો એ આડંબરી ઠાઠમાઠથી અને રીત રસમથી આપણી સ્ત્રીઓનું આર્યપણું નષ્ટ થઇ જાય તો આપણે તેને નવ ગજના નમસ્કાર કરી દુર ભાગવું એજ બ્હેતર છે. ”

“ ભાઈ સુરેન્દ્ર, આર્ય બાળાઓને, છોકરીઓની નિશાળો કન્યાશાળાઓ નિકળતા પહેલાં માતા અને દાદીમાઓથી નિઃસ્વાર્થતાનું શિક્ષણ મળતું હતું. જે ગુણો હાલ ચોપડીઓનાં પાનાં ઉપરજ લખેલા પડયા રહે છે, તે ગુણો આગલા સમયમાં અનાયાસે મળતા હતા. તે વખતની સ્ત્રીઓ તે ગુણોની પ્રાપ્તિનાં કારણ અને નામ નહોતી બતલાવી શકતી, તોપણ તેઓમાં સ્વાભાવિક રીતે ઉદારતા સમાયલી હતી. જો આત્મસમર્પણ અને પરોપકાર કરવાથી નરનો નારાયણ થઇ જાય છે, તો તેવા ગુણ આર્ય સ્ત્રીઓમાં સ્વભાવ સિદ્ધ હતા. ઘણી બાબતોનો ભોગ આપીને આર્યો જે ગુણ ખરીદવા ઇચ્છે છે તે ગુણ સ્ત્રીઓમાં સ્વભાવિક રીતેજ હતો. આપણે સ્ત્રીઓને અવશ્ય કરીને શિક્ષણ આપવા ઇચ્છીએ છીએ; અને આપણે સૌ સ્ત્રી કેળવણીના મજબુત હીમાયતી છીએ પણ સાંપ્રત કન્યાશાળાના શિક્ષણથી આપણી સ્ત્રીઓના પૂર્વોકત ગુણ નષ્ટ થવા ન જોઈએ તેજ આપણો હેતુછે.”

“ રાજેન્દ્રરાવ, રોગ પિછાન્યા વગર ઔષધ કરવા જેવી પ્રવૃત્તિ સાહસિક સુધારકોએ કરી મુકી છે, પુરૂષો અને સ્ત્રીઓના લાક્ષણિક ગુણોનો નાશ થઇ ફેશન સ્વતંત્રતા, અનાચાર અને

સ્વછંદીપણાના અનિષ્ઠ સંસ્કારો બેશી ચુકયા છે; હવે આપણા કઢાપા અને બખાળા અરણ્ય રૂદન સમાન વૃથા છે; લ્યો મિત્ર ચાલો જરા આપણે બ્રીજપર આંટો મારી આવીએ!” કહી સુરેન્દ્ર અને રાજેન્દ્રરાવ વિકટોરીયા ગાર્ડન છોડી પુલ ઉપર ગયા; પુલ ઉપરની કમાનો પર પણ યુવકોનાં ટોળે ટોળાં બેઠાં હતાં; અને આજના થનારા નાતરીયા લગ્ન સંબંધી ચર્ચા કરી રહ્યા હતા. મી. સુરેન્દ્ર અને રાજેન્દ્રરાવ પણ કમાન ઉપર ધીમે રહીને ચઢયા અને ટોપી ઉતારી સોનેરી ચશ્માં ચઢાવી ગપાટા સપાટા છાનામાના મુછમાં હસતા હસતા સાંભળવા લાગ્યા!

“મી. વિરમિત્ર, આ પણ સુધારાનું સાલ્લુ નોનસન્સ હમ્બગ જોયું? એક કેળવાએલી મેટ્રીકયુલેટેડ કુલીન કુટુંબની અને ગ્રેજ્યુએટ હસબન્ડની વાઇફ સ્ત્રી પોતાનો ધણી મરી જતાં રીમેરેજ કરવા તૈયાર થઇ છે!”

“મી. રતનલાલ આજકાલ સુધારાનો પવન બહુ વિચિત્ર રીતેજ વાયા કરે છે. બિચારા ભાનુ ગ્રેજયુએટના મરણ કેડે તેની સ્ત્રી કાન્તા પેલા છેલશંકર વકીલ સાથે નાતરૂ કરવા આજે તૈયાર થઇ છે. શિવ, શિવ, શિવ આ પણ એક જમાનાનો જુલમ છે!”

“હા યાર જૂલમજ છે. સાલ્લી ભણી ગણીને પોતાનાં પિયરીઆં અને સાસરીઆંના નામ પર મેંશ લગાવા તૈયાર થઇ ગઇ છે! આવી એક દુષ્ટ સ્ત્રીના પાપે હવેથી સ્ત્રી કેળવણી પર તિરસ્કારનો વરસાદ વરસશે; અને કન્યાશાળાના બારણે તાળાં દેવાશે!!”

“ના ના એમ તે શું થાય! શું એકના પાપે કન્યાશાળાના

બારણું તાળાં દેવાય? કદી નહીં શું બધી સ્ત્રીઓ ભણી ગણીને આવી બેવકુફ નીવડે છે? નેવર કદી નહીં? પણ મિત્ર હવેથી કન્યાઓની નીતિ રીતી અને શિક્ષણ પર જતે દીવસે ખાસ કરીને ધ્યાન અપાશે! આ કાન્તા એકલી દુષ્ટ છે એમ નથી પણ આખુ તેનુ કુટુંબ સુધારાના વાયરે ચઢેલું છે તેના બાપ ભાઇઓ અને સઘળુ ફેમીલી સુધારાનું ચુસ્ત હિમાયતી છે. બાપીકા સંસ્કાર દીકરીમા ઉતર્યા છે"

"હાજતો. તે વિના તેની એકલીથી નાતરે જવાય? મિત્ર એ નાતરીઆ વિવાહમાં કાંક ઉંડે અને ગુમ પેચ અને ભેદ હશે! રાયજી ડાગ્યા પેચ વગર રીમેરેજ કરે તેવો નથી. મારા બેટાનો હાથ ખુબ ભરાયો હશે; અને મોડ઼ા કઇ કઇના પેટ ટાઢાં થયાં હશે; ત્યાર વિના છેલ બટાઉ અને ગણા મોટીનાની જોડી તૈયાર થાય નહીં!"

"મારા દીકરા પેલા છેલ્લમાટુ વકીલનુ પાણી થયું હશે? કાંઇ એક જણ પુનર્લગ્નની ઢોલકી બજાતાય તેમ નથી, એતો અંદર છાના છપના અને જાહેર કાઇ કાઇ રમકડાંઓ લાગેલ રહ્યાં હશે, બધું આજ રાતના જણાઇ આવશે અને તરતજ બધો ગોટાળો છાપાના પાનીઆમાં છપાઇ બહાર પડશે!"

"મી. સુરેન્દ્રરાવ જુઓ સાભળો, આખા શહેરમાં આની આજ ચર્ચા ચાલ્યા કરે છે!"

"મી. રાજેન્દ્ર, આ ચર્ચા કાંઇ નજીવી નથી પણ આ ચર્ચાના ધોરણ પર તો આખા આર્ય ઘરસંસાર વ્યવહારનો ભાર રહેલો છે."

"મિત્ર જુઓ હવે પેલી નામીચી જૂની ટોળી આવે! સાં-

ભળો તેના તડાકા પણ અજબ હશે !"

"બહુ ભણ્યા શાસ્ત્રીઓ ભીખ સુખેથી માગે,
અંગ્રેજી ભણી ભીખતા શરમ બહુ લાગે;"

"જોયું મિત્ર સાંભળ્યા તેમના ઉદ્ગાર ? અંતરમાં કેવી જબરી ઈર્ષા છુપાવી રાખી છે ?"

"વ્યાપારિ તણો શ્રમ અને વેશ જે સાદો,
તે ગમે ન અમને ભભક તણો શિર લાદો."

"મારા બેટા મોઘમ ચાબુક કેવી ચમકાવે છે ?"

"પિંજરના પંખી સમી દીશા નવ સુજે,
જોખમ વ્યાપારે જોઈ ચરણ બહુ ધ્રુજે,"

"જેવી ઉંદર બિલાડીની પ્રીત એવી નવા તથા જૂના વિચાર વાળાની રીત !"

"તકલાદી તન આ ચા કાફીનું ચણાયું,
તે કામ ન આવે કાંઇ નોલેજથી હણાયું;"

"જોઈ કેવી આડકતરી રીતે આપણી હાંસી કરે છે ? મારા બેટા ઇન ડાઇરેકટલી ઠપકો આપણને આપે છે !"

"બહુ વધ્યા ડાકટરો વકીલ દેશ નિર્ધનિયો,
જે જામેલ જૂના લાભ તેમણે લણિયો;
બહુ ભટકે ઘર ઘર ફ્હેરી ડીગ્રીના ચણીઆ,
કરી નોકરી ચાકરી નાશ બની બહુ રણીઆ."

"જોયું ભાઇ કેવી તીખી મીઠી મશ્કરી નવા વિચાર વાળાઓની કરે છે. ?"

. "ભાઇ જમનાશંકર, આ કેળવણીએ તો આર્યોનું સત્યા-

નાશ વાળી નાંખ્યું ?"

"ભાઇ હવે યુનીવરસીટી શું કરે ? કેળવણી શું મરે ? આખા ગામને શી રીતે ઠેકાણે ધરે ? એ તો બિચારી યુનીવર-સીટી ગ્રેજ્યુએટોને ધીમે ધીમે ડીગ્રીના ઝભ્ભાની જોડે એક નાની સરખી ઝોળી પણ આપતી જાય છે ?"

"શું કરે ? શ્રમ પ્રમાણે, જ્ઞાન પ્રમાણે અને ભણતર પ્રમાણે ફળ ન મળે ત્યાં હૈયાં શી રીતે ઠરે ?

"કાવ્ય રસો શું તરશ છીપાવે ભાષા ભાખરી ઠામ ચવાય,
તર્ક તેલથી બળે શું દીવા ગણિત અંગ પર શું ઓઢાય ?
પઠન તણું ફળ ધન નવ મળતા તન મનમાં જન સૌ ધીખાય,
શીખામણ તો છે સાચી પણ એ સંતોષજ કયમ શીખાય ?"

"મીત્ર તેમની ટીકા જમાનાને બંધ બેસતી છે, એટલે આ-પણે સાંભળ્યા વગર ચાલે તેમ નથી."

સુરેન્દ્ર, યાર જો જો પેલા બે જણા રાયજીના સગા જેવા કોઇ આવે છે; તે કાંઇ આવેશમાં આવી તડાકા ફડાકા ઝુડતા જણાય છે. ચાલો આપણે ધીમે રહીને તેમની પુંઠ પકડીએ. તેમના તડા-કામાં કાંઇ કાંઇ નવીન જાણવાનું જડી આવશે !"

"હા ચાલો તમારૂં કહેવું ખરૂં છે, આપણે આમ આડક-તરી રીતે ઉતરી જઇ પાછળ જઇને પછી ધીમે રહીને તેમની પાછળ જઇએ !"

"હા, ચાલો" કહીને બંને મિત્ર કમાનપરથી ઉતરી પડ્યા અને પાછળ ચકરાવો ખાઇ ધીમે ધીમે તેમની પાછળ રસ્તો માપવા લાગ્યા;

" ભાઇ કરૂણાશંકર અંતે તમારા કાકા રાયજી ભાઇએ તો વડીલોના નામપર કોચલા ઘસવા માંડયા ! "

" હા, ભાઇ તે ઘણુંજ અનિષ્ઠ કાર્ય કરવા તૈયાર થયા છે, અમે બહુ તેમને સમજાવ્યા પણ એકના બે તે થતા નથી ! "

" હરી હરી હરી ' વિનાશકાળે વિપરિત બુદ્ધિ ' સાઠી બુદ્ધિ નાઠી તે પ્રમાણે તેમનો પણ વિનાશકાળ પાસેજ આવેલો લાગે છે ! "

" તે વિના વિધવા દીકરીનું નાતરૂં કરવા તૈયાર થાય નહીં!

" હવે એમાં શું રાયજી ખોટું કરવા તૈયાર થયા છે કે તમે બધા ભેગા થઇને પાછળ ભસ ભસ કરોછો ! ઘેર ઘેર માટીના ચુલા છે. બાળ વિધવાઓ વખત મળતાં પાછળથી કુછંદે ચઢી ખરાબ ખસ્ત થાય છે અને મા બાપની તથા સાસરીઆંની આબરૂ ધુળ મેળવે છે, તે તમે જાણો છો; તો બિચારા રાયજી પોતાની બાળવિધવા દીકરી કાન્તાને પુનર્લગ્ન કરી સારે રસ્તે ચડાવે છે તે શું ખોટું કરે છે ? જમાનાને જાણીનેજ તે પાણી પહેલાં પાળ બાંધે છે સમજ્યા ? "

" હશે હવે જે કરશે તે ભોગવશે; પણ કહો કેશવલાલ તમે તમારી સ્ત્રી કમળાને કેમ ભણવા મોકલતા નથી ? બપોરના તેમને સારી રીતે વખત મળી શકે તેમ છે ! તે બિચારાં અભણ છે, મારા સમજવા પ્રમાણે જો તમે તેમને મોકલો તો અન્ય કેળવાએલી સુંદરીઓના સમાગમથી તેમને કાંઇક લાભ થાય અને તેથી તમે પણ સુખી થાઓ ! "

" મણીભાઇ, મારી સ્ત્રી અભણ છે, તેથી મને સહજ અસં-

તોષ રહેતો હશે એમ તમારી ધારણા જણાય છે, પણ ખરૂં જોતાં તેમ નથી એક ભણેલી ભામનીના ભરથાર ભોળા ભાઇની ભીતર વેદના જ્યારે જ્યારે હું યાદ કરૂં છું ત્યારે મને સ્પષ્ટ સમજાય છે કે મારી અભણ સ્ત્રી મને પરમ આનંદ આપનારી છે.”

“ મી. કેશવલાલ, શું કેળવણી નહીં પામેલી સ્ત્રીની યોગ્યતા કેળવાએલી સ્ત્રી કરતાં પણ તમે અધીક માનો છો ?”

“ મીસ્ટર, તમે સ્ત્રીની યોગ્યતાનું ધોરણ ફકત ભણવા ઉપરજ ગણતા હો તો હું કહુંછું કે મારી સ્ત્રી માત્ર લખતા વાંચતાં શીખેલી નથી એટલુંજ નહીં તો તે ભોળાભાઇની ભાગીરથી જે હેડમીસ્ટ્રેસ છે તેના કરતાં તો હજારગણી કેળવાએલી છેજ.”

“ ત્યારે જે સ્ત્રી ભણેલી ન હોય તે કેળવાએલી હોઇ શકે એમ કહેવાનો તમારો હેતુ છે, તે શું તદન ખોટો નથી ? કેમકે ભણવાનું નામજ કેળવણી છે, કેળવણી કાંઇ ભણવાથી જુદી નથી.”

“ જે સ્ત્રીઓ ભણેલી નથી હોતી, તે તે સ્ત્રીઓ ઘણી ખરી વાતે ફકત લખવા વાંચવા સિવાય કેળવાએલી હોઇ શકે છે, પણ જે જે સ્ત્રીઓ ભણેલી હોય છે, તે સ્ત્રીઓ બધી વાતે કેળવાએલીજ હોય છે એમ કાંઇ નથી, કેમકે લખતાં વાંચતાં શીખવું એ સર્વ પ્રકારની કેળવણીમાં મોટું મદદ કરનાર સાધન રૂપ છે ખરૂં, તોપણ તે એક જાતની પોપટીઆ પંડીતાઇજ છે. મનુષ્યને વ્યવહારમાં કે પરમાર્થમાં જે જે પ્રકારના વિષયો તથા પ્રાણી પદાર્થોની સાથે સંબંધમાં આવવું પડે છે, તે તે વિષયોને સર્વોત્તમ રીતે અનુભવી શકાય અથવા તે તે વિષયો અને પ્રાણી પદાર્થો પ્રતિનાં યોગ્ય કર્ત્તવ્ય સાધી શકાય તેવી અંતઃકરણની

સ્થીતિ કરવી, તેવું વૃત્તિયોનું વલણ કરવું, તથા ઇંદ્રીઓને તેવા અભ્યાસ આપવો તેનુંજ નામ કેળવણી છે; અથવા બીજી રીતે કહીએ તો કોઇ પણ વિષયના સબંધે મનુષ્યના મન તથા તનને ઉત્તમ સ્થિતીવાળું કરવું તેનું નામ કેળવણી છે. ઘણીએ ભણેલી સ્ત્રીઓને વાત કરતાં કે રસોઇ કરતાંએ આવડતું નથી. સગાં સબંધી સાથે કેવા પ્રકારના પ્રેમ અને સલુકાઇથી વાતચિત કરી તેમને સંતોષ આપવો તે સ્વપ્ને પણ જાણતી નથી, કેવા પ્રેમ વચનો વડી પતિ હૃદયને પ્રેમમય કરવું એ તો તે બાપડી સમજતીજ નથી, એટલુંજ નહીં પણ પતીવૃત્તની મહુત્તા કેટલી છે? તેમજ પતી આજ્ઞા પાલન કેમ કરાય તે આદીક ઐહિક અને પારલૌકિક સુખના સાધન રૂપ સ્વધર્મ સમુળગા પણ અનુભવતી નથી, તોપણ વિશેષમાં ભણેલી પણ ભમેલી ભામની પોતાના ભણતરની સહાયતાથી ખડીઆ કલમ અને કાગળના સંયોગથી કવચિત પતિને કે ગમે તેને છેતરવાનો છળ કુશળતાથી કરી જાણે છે, તેથી ઉલટું અભણ સ્ત્રીઓ સ્વજન અને પરજન સાથે બોલવાના વિવેકને, સ્વાદીષ્ટ અને ગુણકારી રસોઇ કરવાના કામને, પતિવૃતાના ધર્મને, પતિપ્રેમ પ્રાપ્ત કરવાની કળાને તથા અન્ય બાબતોને શ્રેષ્ટ પ્રકારે અનુભવે છે, હવે આપ કહો કે કઇ સ્ત્રીને કેળવાએલી ગણવી ?"

"ત્યારે સ્ત્રી પુરૂષમાં કંઇ પણ ભેદ રાખ્યા વિના પાશ્ચાત્ય રીતિ પ્રમાણે સ્ત્રીઓને સ્કુલો, કોલેજો અને યુનીવરસીટીઓમાં કેળવણી આપવાનો જે રીવાજ સાંપ્રત સમયમાં ચાલે છે તે શું ખોટો છે?"

" સ્ત્રીઓને પુરૂષોની સાથે તેમના જેવા વિષયોનો અભ્યાસ કરાવવો, પુરૂષોની બરાબર ડીગ્રીઓની પરિક્ષાઓ પાસ કરાવવી અને તેમનું સ્ત્રી પણું ટાળી સ્વતંત્રતા પુરૂષપણું આપવું, તેમને બજારમાં અને હવા ખાવા જતાં સાથે ફરવા લઇ જવી, સેક હેન્ડ કરવી બોલી ચાલી અને પહેરવેશમાં વિચીત્રતા દર્શાવવી, પુરૂષની સમાનજ તેમને સર્વ પ્રકારની છુટ આપવી એ બધું સ્ત્રી કેળવણીનું સ્વરૂપ અને એ લક્ષણો જેનામાં જોવામાં આવે તે સ્ત્રી કેળવાએલી કહેવાય ! ! ? હું તમને હમણાં કહી ગયો તેમ સ્ત્રીઓના પહેરવેશ, મનોવૃતિઓ, રીત ભાત વગેરેમાં વિચિત્રતા દાખલ થાય અને તેઓ કેવળ અંગ્રેજ સ્ત્રી પુરૂષોનું અનુકરણ કરે તેનું નામ સ્ત્રી કેળવણી નથી; પણ જે રીતે ચાલવાથી સ્ત્રી જાતીએ સુખી થવાય પોતાના કુટુંબના નાના મોટાં સર્વ જે પ્રકારે પ્રસન્ન અને સુખી થાય એવા પ્રકારની મનોવૃતિઓ રીત ભાત અને પહેરવેશ થાય તથા તે જન સમાજને પૂજ્ય થાય એવાં સદાચરણ વાળી થાય તેનુંજ નામ સાચી સ્ત્રી કેળવણી અને જેનામાં તે લક્ષણો જણાય તે સ્ત્રી કેળવાએલી કહેવાય બાકી બધુ વનિતા વૈકલ્ય કહેવાય ! ! "

" શું સ્ત્રીઓને લખતાં વાંચતાં શીખવવામાંજ તમે સઘળા દોષોનો આરોપ કરો છો ? કે જેથી તેમને તે પ્રકારનું શિક્ષણજ આપવું નહીં ?

" હજુ સુધી મારા કહેવામાં એવું તો કંઇ આવેલુંજ નથી કે સ્ત્રીઓને બીલકુલ લખતાં વાંચતાં શીખવવુંજ નહીં, પણ મારા કહેવાનો તો એવો હેતુ છે કે સ્ત્રીઓને લખતાં વાંચતાં તો અ-

વશ્ય શીખવવુંજ જોઇએ, પરંતુ લખતાં વાંચતાં શીખ્યા પછી તેમને સાંપ્રત સમયની નવીન પદ્ધત્તિથી જે ટ્રેઇનીંગમાં ટ્રેઇન કરવામાં આવે છે, તેમ થવાનીજ માત્ર જરૂર નથી, અને તેમ થાય છે તેમાંજ લોકોને અરૂચિકર તથા અહિતકર દોષો સ્ત્રી તત્વમાં ઉદ્‌ભવ પામે છે. સ્ત્રીને વિદ્યા ભણાવવી કેળવવી એતો જરા પણ દોષરૂપ નથી, પણ સાંપ્રત આડંબરી અને ઠાઠ માઠ ભરેલી સ્ત્રી શિક્ષણ પદ્ધતિ અને તેના હેતુ ચાલુ જમાનામાં બરાબર બંધ બેસતા નથી.”

“એમ મોઘમ તોપના ગોળા ગગડાવે કાંઈ કામમાં ન આવે; બરાબર તમારા કહેવાનો ભાવાર્થ ખુલ્લી રીતે જણાવો!”

“મારા મહેરબાન તો જરા કાન ઉઘાડી સાંભળો. સ્ત્રીઓને લખતાં વાંચતાં સુધીનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી નીતિ ધર્મની કેળવણી આપવાની ખરેખરી જરૂર છે; પણ તેમને અક્ષરજ્ઞાન થયા પછી ઇતિહાસ ભૂગોળ વગેરે વિષયોનું જ્ઞાન આપવું એ કાંઇ બહુ ઉપયોગી નથી. મારી પાડોશમાં કેટલીક સ્ત્રીઓ આખી રાત ગ્યાસતેલના દીવા બાળીને બેસે છે, તથા અકબર હેનરી અને વીલીયમનાં ચરીત્ર ગોખી ગોખીને મોંઢે કરે છે. ફ્રાન્સ અને ઉત્તર અમેરીકાની સામુદ્રધુનીઓ, અખાતો અને નદીઓનાં નામ બરાડા પાડી મુખપાઠ કરે છે, હવે કહો, આ ચરીત્રો અને ભુગોળનાં ગામડાંઓ સ્ત્રીઓને શા ઉપયોગનાં છે? પોતીકા ઘરની વ્યવસ્થા કરવામાં ગૃહીણી તરીકે સંસાર વ્યવહારમાં સગાંવ્હાલાં સાથે વર્તવામાં, તેમજ પોતાના બાળકોને ઉછેરવામાં અને સુશીલ માતાના સદ્દગુણી સુખી તથા સદાચારી બાળકો નીવડે તેવી કે-

ળવણી આપવામાં કેવી રીતે કામમાં આવશે તે સમજી શકાતું નથી. વિદ્યા ભણવાથી જ્ઞાની થવાય છે, તેથી કોઇ અભણ સ્ત્રીઓ પોતાના પતિ સાથે અવિવેક અને તોછડાઇથી વર્તે છે તેમ પેલી ભણેલીઓએ તો નહીંજ વરતવું જોઇએ, પણ આપણે તેથી તદન ઉલટુંજ જોઇએ છીએ. ઘણીએ ભણી ગણી પંડિતા બનેલી સ્ત્રીઓ પોતાના પતિની અવજ્ઞા કરી તેને મેડ ગાંડો થઇ ગએલો કહે છે, અને ફાવે તેમ વર્તન ચલાવી જીંદગી પુરી કરે છે. ઉંચ કોમની સ્ત્રીઓ કે જેમના સ્વામીનાથ ઘણા ખરા ભાગે ભણેલાજ હોય છે, તેઓ તો ભણીને પોતાના ભરથારને પોતાના વિદ્યા જ્ઞાનથી વ્યવહારમાં સ્હાયકારક થઇ પડે એતો જાણે સંભવિત છે, પણ કોઇ કુંભાર, હજામ, ઘાંચી, મોચી અને માળીની સ્ત્રી કે જેમના ધણી ઘણા ખરા ભાગે અભણ હોય છે અને તે બાપડા પોતાની જાતના કામ ધંધા કરી ગુજારો કરે છે, તેમની સ્ત્રીઓ ઉકત પ્રકારે ભણી ગણીને પંડીતાણી થાય, પછી તે પોતાના ગમાર, અભણ અને મહેનત મજુરીનો હલકો ધંધો કરનાર ધણીની સાથે શી રીતે સંસાર ચલાવે ? બાઇ તો નવીન પદ્ધતિ પ્રમાણે રાગ તાલ સાથે ગાતાં અને નાચતાં શીખેલાં હોઇ અંગ્રેજી રાગનાં ગીત મોઢે કરી લટકાળાં ચટકાળાં બની ગયાં હોય છે; આખા ભરતખંડ અને ઇંગ્લાંડની ભૂગોળ ઈતિહાસ, ફ્રાન્સનાં જોવા લાયક સ્થાનોનાં નામ, હીંદુસ્તાનની હવા ખાવા લાયક શિતળ ટેકરીઓનાં નામ તથા સોચો, ટાંકણીઓ, દીવાસળીઓ અને સ્ટીલપેનો બનાવવાનાં કારખાંનાની સંપુર્ણ માહીતી મેળવી સર્વ વિદ્યા કુશળ બનેલાં હોય છે, તે હવે પોતાની

નાતના પરણેલા ધણી ઘાંચી મોચી કે કુંભાર જોડે કેવી રીતે ઘર સંસાર ચલાવશે તેનો કાંઇક ખ્યાલ કરો! વિદ્યાથી વિનય આ-વવો જોઇએ, પણ હાલની કેળવણીથી વિલાસીપણું આવેછે અને તેથી ઠાઠમાઠને પસંદ કરનારી તેમજ વૈભવ વિલાસ ભોગવવાની ઇચ્છા રાખનારી ભણેલી ગણેલી ઘાંચણ કે મોચણને અલબત પોતાનો ધણી અને તેનો જાતી કસબ પસંદ નહીંજ પડવાનો અને આવીરીતે દંપતી સકટનું એક પૈડું નીકળી જવાથી તેમનો સંસાર નહીંજ સુધરવાનો પણ અવશ્ય બગડવાનોજ! આ બા-બતનો પૂરતો વિચાર કરનારા સુજ્ઞોને સહજ સમજાય તેમ છે.

એક આર્ય બાળા કે જેને લગ્ન થયા પછી સાસરે જવાનું અને ત્યાં અપરિચીત સ્વભાવનાં અને અજાણ્યા માણસોમાં સહ-વાસ કરવાનો છે, તેને ઔરંગજેબનો ઇતિહાસ કે બેન્જામીન ફ્રાંકલીનનું ચરિત્ર શીખવવાથી શો લાભ થવાનો? તે બાળાને તો પતિવૃતા સીતા, સાવિત્રી, અનસૂયા, અને દમયન્તી જેવી પ્રાત સ્મરણિય સતી સાધવીઓના સુચરિત્રોજ સદા શીખવવાં જોઈએ; કે જે તેનો સંસાર સુધારવામાં કામ લાગે; તેમજ એક આર્ય વિધવા કે જેને વિવિધ વિષયો અને મોજ મજાહ માણનાર મા-ણુસોથી નિસંગ રહી વૈધવ્ય ધર્મમાં અનુકુળ સગ અને સ્થળનું સેવન કરી પોતાની જીદંગી સુ વિચાર અને સદાચારમાં પૂર્ણ કરવાની છે, તેવી વિધવાને કોલેજનું નોલેજ શા કામનું છે? એક વિપ્ર ક્ષત્રી કે વણિકની કન્યાને સ્કુલમા કે કોલેજમાં શિવણ ભરતનો દરજણનો ધંધો અને ડ્રીલ કે ડ્રોઇગ જેવું ફેશનનો પ-વન પેસે તેવું શીખવવામાં આવે તો તે પછી પોતાના બાળકોને

સ્વધર્મ પરાયણ કેવી રીતે કરી શકશે વારૂ ? આટલા ઉપરથી સિદ્ધ થાય છે કે સ્ત્રીઓને નિરૂપયોગી એવું ઘણું શિક્ષણ શાળાઓ અને કોલેજોમાં આપવામાં આવે છે. દેશકાળ અને પાત્ર વગેરેનો કોઈ પણ પ્રકારે વિચાર કે ભેદ રાખવામાં આવતો નથી, તેથી સ્પષ્ટ થાય છે કે હાલની સ્ત્રી શિક્ષણ પદ્ધતિમાં ઘણી ગંભીર પ્રકારની ખામીઓ રહેલી છે. જો આર્યબાળાઓને તેમના આર્યત્વમાં સ્થિત રાખવાના હેતુથીજ સ્ત્રી શિક્ષણ ખાતુ યોગ્ય રીતે ચલાવવામાં આવતું હોય તો તેમને ટાપ ટીપ વાળા અને તેમના સંસાર વ્યવહારમાં નિરૂપયોગી વિષયોનું જ્ઞાન આપવાથી કશી આવશ્યકતા જણાતી નથી, તેમને પોતાના કુંટુબીઓની સમક્ષ કે નાટકશાળામાં ગાવા નાચવા જવાનું હોતુ નથી, તેમને નથી આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની કે નથી લડાઈમાં લડવા જવાનું, તેમજ આર્ય સંસારના બંધારણ પ્રમાણે તેમને નથી રળવાનું કે કુટુંબ પોષણ કરવાનું કે કાંઇ નોકરી કરવાનું ! ! તેથીજ કરીને સ્ત્રીઓને કેળવણી તરીકે શીખવવામાં આવતા સંગીત, ભૂગોળ, ખગોળ, ઇતિહાસ, દશાંશ અને અપુર્ણાંકના હીસાબો સર્વ નિરૂપયોગીછે. તેમના પહેરવેશ અને રીતભાતમાં વિલક્ષણતા અને સ્ત્રી પુરૂષના સરખા હક એટલે સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતાના વિચારો વગેરેનાં અયોગ્ય શિક્ષણનાં કારણોથી, તેમજ તેમને દરેકને મ્હેતીજી બનાવવા જેવું જ્ઞાન આપવું એ પણ નિરર્થક છે, સમજ્યા મારા મહેરબાન હવે મારો હેતુ ધ્યાનમાં આવ્યો ? હું કાંઇ સ્ત્રી કેળવણીનો વિરોધી નથી પણ ચુસ્ત હીમાયતી છું; આતો જ્યારે કાન્તા પુનર્લગ્ન કરવા તૈયાર

થઇ છે ત્યારે ઘણાક વિબુધોના અંતરના વિચારો બહાર પડવા લાગ્યા છે; જો કે તેમાં ઘણા વ્યાજબી પણ હશે અને ગેરવ્યાજબી પણ હશે, કેટલાક એક પક્ષી હશે અને કેટલાક સર્વ પક્ષી હશે; દુનિયાને જેમ લાગશે તેમ કડવી મીઠી ટીકા કરશે સમજ્યા?"

"હાજી આપનું કહેવું હું તમામ સમજ્યો!!"

"ગામ ગપાટા સપાટા આ પ્રમાણે સંધ્યાકાળ વ્યતીત થતાં અન્ત ઉપર આવવા લાગ્યા. ધીમે ધીમે યુવક મંડળ વેરાવા લાગ્યું. સુરેન્દ્ર અને રાજેન્દ્રરાવ પણ પ્રસ્તુત ગપાટા સાંભળી છક થઇ ગયા. તે બન્ને મિત્રો મંદ મંદ પગલાં ભરતા ભરતા અને જમાના સંબંધી ટીકાઓ કરતા કરતા નાતશાગૃહ તરફ વળ્યા.

બરાબર સાડા આઠનો અમલ થતાં એક રબરટાયરની લેન્ડો ગાડી મી. ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયજી અને તેના ફેમીલીને લઈ કમ્પાઉન્ડમાં દાખલ થઈ. રાયજી અને તેનું ફેમીલી મંદીરમાં દાખલ થતાં હુરરેનો જયઘોષ મચી રહ્યો; તાળીઓ અને થેન્કસના જબરા ઉદ્ગાર થઇ રહ્યા!! આશરે દશેક મીનીટ વ્યતીત થઇ કે તરતજ મી. મધુકર કાશી અને કલ્યાણદાસને લઇ મંદીરમાં દાખલ થયો; તેની સાથે મી. છેલશંકર વકીલ પણ પોતાના ફ્રેન્ડ સહીત હાજર થયા. બેન્ડના સરોદો ધમકારા બંધ વાગવા લાગ્યા; જોતજોતામાં નવ વાગ્યાનો અમલ થયો; જ્યાં ઘડીઆળમાં નવનો રણકાર થયો કે તરતજ એકદમ મંદીરમાં શાન્તી પથરાઇ ગઈ; અને પુનર્લગ્નના કામની શરૂઆત થઇ. દરેક જણ પોતપોતાના આસનપર છાનામાના ચુપાચુપ બેસીગયા. મી. સુરેન્દ્ર અને રાજેન્દ્રરાવ પણ ચુપચુપ આ નાતશાના સાજનમાં સામેલ

થઈ ગયા, અને હવે શું થાય છે તે બારીકાઇથી નિહાળવા લાગ્યા. શરૂઆતમાં સુધારા સમાજના પ્રમુખ મી. પરમોદરાય ઉભા થઈને પોતાના બુલંદ અવાજથી સાજન મ્હાજનને પ્રબોધવા લાગ્યા;

" મહેરબાન બાનુઓ અને ગૃહસ્થો, આજની રળીઆમણી અને ખુશનુમા રાત્રીએ આપણી સમાજના જાણીતા અને માનીતા સુધારક મી. પુરૂષોત્તમરાયજી પોતાની બાળ વિધવા પુત્રી કાન્તાલક્ષ્મીનું પુનલગ્ન સાહસીક સુધારક મી. છેલશંકર વકીલ સાથે કરવાના છે, અને મી. મધુકર તેમના મીત્ર નંદલાલભાઈની બાળવિધવા પુત્રી કાશીબાઇનું પુનર્લગ્ન મી. કલ્યાણદાસ સાથે કરવાના છે. હું આશા રાખુ છું કે તમે સઘળા આ ખુશકારક સમાચાર સાંભળી બહુજ ખુશી થશો અને અંતઃકરણ પૂર્વક આપણી સમાજનો વિજય ઇચ્છી આ નવીન સુધારકોને થેન્કસ ધન્યવાદ આપશો !! સેક્રેટરી સાહેબ મી. હરીપ્રસાદભાઈ સમાજના સ રેસ્તા અને રાબેતા મુજબ પુનર્લગ્ન થવા અગાઉ સમાજના મુખ્ય મુખ્ય નિયમો વાંચી સંભળાવશે અને ત્યારબાદ પ્રમાણુપત્ર તથા પ્રતિજ્ઞા પત્ર આપી નવીન જોડાંઓની સહી લેશે !! "

" મહેરબાન સન્નારીઓ અને સજ્જનો! સદરહુ સમાજના નિયમો નીચે પ્રમાણે છે. પહેલો નિયમ એ છે કે સમાજના દરેક મેમ્બરે અર્થાત્ સ્ત્રી પુરૂષના જોડામાંથી બને તો બન્ને જણાંએ અગર એકલાએ જ્યારે સમાજ મળવાની હોય ત્યારે અવશ્ય કરીને હાજર રહેવું. બીજો નિયમ એ છે કે પરણેલા પુરૂષે પરણેલી સ્ત્રીની દરેક રીતે તબીયત સાચવવી, અને તેમની સ્ત્રી સમાજમાં એકલી છુટથી હરી ફરી શકે તેમાં જરાએ વાંધો લેવો

નહીં. ત્રીજો નિયમ એ છે કે પરણેલા જોડામાંથી પ્રમુખ જેની મદદ પુનરલગ્નનાં કામ સારૂ માગે તેણે પોતાના અંતઃકરણ પુર્વક બનતી તમામ મદદ કરવી. ચોથો નિયમ એ છે કે દરેક મેમ્બરે સમાજના હક જાળવવાને જુના જમાનાના હીમાયતીઓ સાથે મજબુત લડત લડવી અને સમાજનો દરેક બાબતમાં વિજય ઇચ્છવો. પાંચમો નિયમ એ છે કે પરણેલા જોડામાંથી જો કોઇ પણ સ્ત્રી પુરૂષ મેમ્બર સમાજથી વિરૂદ્ધ વર્તણુંક ચલાવતો માલમ પડશે તો તરત તેને બાતલ કરવામાં આવશે. છઠ્ઠો નિયમ એ છે કે પરણેલા જોડાએ હમેશાં સંપસંપીને રહેવું; છતાં વાંધો પડે તો તેણે તરતજ એક વાંધાની અરજી સમાજમાં મોકલી સમાજ મારફતે વાંધો પતાવી નાંખવો, અને સમાજની બોલ બાલા બોલાવવી. પ્રમુખ સાહેબની આજ્ઞા મુજબ સમાજના મુખ્ય મુખ્ય નિયમો કાન્તાલક્ષ્મી અને છેલશંકર વકીલ તથા કાશીબાઇ અને કલ્યાણદાસને વાંચી સંભળાવ્યા છે, હવે તે સાહેબો પોતીકી સહી આ પ્રતિજ્ઞા પત્ર અને પ્રમાણ પત્રમાં આપવા મહેરબાની કરશે !!" આ પ્રમાણે કહી સેક્રેટરી સાહેબે પ્રતિજ્ઞા પત્રનાં ફોર્મ કાન્તા અને કાશીબાઇને આપ્યાં; અને તેમની સહી લઇ લીધી; જોડે સાક્ષીઓની સહી પણ લીધી; ત્યાર બાદ સમાજની વચ્ચો વચ્ચ કાન્તા અને છેલશંકર વકીલ, તથા કાશી અને કલ્યાણદાસ દરેકના હાથમાં પુષ્પોના હાર આપી ઉભાં રાખ્યાં; અને તેમને પ્રમુખે ઇશ્વરના સોગન લેવરાવી સુધરેલ આશ્રિર્વચનનો ઉચ્ચાર કરી હસ્તમેળાપ કરાવરાવ્યો; દરેક મેમ્બરે નવીન જોડાને તાળીઓના ગગડાટથી અને થેન્કસના ઉદ્ગારોથી વધાવી

લીધું; અને તેમના ઉપર ચોગરદમથી પુષ્પોનો વરસાદ વરસ્યો. થોડીક વાર થઇ કે તરતજ કાશીબાઈનાં સગાં ચેતાં કકળતાં ધમાચકડી મચાવતાં સમાજમાં દાખલ થયાં; અને બુમરાણ મચાવી હાહાકાર જગાવી દીધો!!

"મરી ગયોરે બાપલીયા, દીકરી કાશલી તેં ઘર ઘાલ્યું'રે બાપ! ઓ મારા દીયર મધુકર તેં મારૂં જડામુળ કાઢયું'રે બાપ! હાય હાયરે મારાં ધોળામાં ધુળ પડીરે બાપ! ઓહોહો....હો! ઓ દીકરી તેં અવળા ધંધા કર્યાંરે બાપ!!"

"અરે આ શું હમ્બગ! કાશી કાશી કહીને કોણ પોક મુકે છે?"

"અરે ઓ મારી દીકરી, રાંડ છોકરી કાશલી હાલ ઘરે હાલ ઘરે! ઓ પુનરલગ્નની પુંછડી બા, પુનરલગ્ન કરવા બેઠાં છો તે ઘરે હાલો ઘરે! ઓ મારી ભાણકી તારાથી તે નાતરે જવાય?"

"ઓ તારીની આ મારા મામા અત્યારે અહીં કયાંથી આવ્યા? નક્કી કોઈ અદેખા ખટપટીઆનું કામ! અરે સિપાઇ આ ડોસાને દુર કરો!!"

"અરે ચલબે ડોસા! દુર ખસ ડોબા! રાભા નકામી ભસ ભસ મુકી દે!!"

"અબે ઉલ્લુ આતો સુધારાની સમાજ છે. કાંઇ કાયદો બાયદો જાણે છે કે નહીં? યાદ રાખજે હોં વધારે બોલીશ તો જેલમાં જવું પડશે! કાયદો સમજ કાયદો!!"

"વૉય કાયદાની કોથળી? મારી બેટીએ કાળી ઢગલી પહેરી એટલે થઇ બોકળી! હાલ, હાલ દુર જા! ઓ દીકરા કાશ-

લી આ તેં શું કર્યું ? બેટા તું રાંડી એટલે ફરીથી માંડી થા એ સારૂ કહેવાય કે ? હાઽય પાછી હાઽય પાછી ! !"

"અરે આ ડોસો તો દીવાનો થયો છે ! એ જાણુતો નથી કે આ સુધારાની સમાજ છે. અરે દીવાના ડોસા શીખ શીખ જરા સુધારો શીખ, અરે જરા ઠીક ઠીક બોલતાં શીખ !"

"ઓ મારી ભાણુકી ! રાંડી માંડે એ તે સુધારો કે કુધારો ?"

"અરે ડોસા હું તો ફરીથી પરણી ! મેં તો પુનરલગ્ન કર્યું ચાલ હવે દુર થા ! સીપાઈ આ ડોસાને બહાર કાઢો !!"

"હત્ત તારા સુધારામાં ધુળ પડે ! તારા ભણુતરમાં વાટ ઉઠે અને તારા ડહાપણુમાં લાલબાઇ પડે, ગોઝારી કાશલી, તું મારા નશીબમાં કયાં ધાલી મુકી હતી ! ઓ બાપલીઆ દીકરીએ ડાટ વાળ્યોરે બાપ ! ઓહો....હો હો !! "

"મહેરબાન ગૃહસ્થો અને બાનુઓ ! આજથી આ કાન્તા અને છેલશંકર વકીલ તથા કાશીબાઈ અને કલ્યાણુદાસભાઇ આ સમાજનાં મેમ્બર થયાં છે; તો તે સાહેબો આ સમાજને ટેકો આપવાને માટે બે શબ્દો બોલી પુનરલગ્નનો પુનરોધ્ધાર કરશે એવી હું આશા રાખું છું !!"

"મહેરબાન ગૃહસ્થો અને બાનુઓ, હું કાશીબાઇ તમારા શુકનને માન આપી પુનરલગ્નને વાસ્તે જે કાંઇ ગાંડુ ઘેલું બોલું તે સાંભળવા આપ સાહેબ કૃપા કરશો એમ હું આશા રાખું છું. ગૃહસ્થો આપણે ઘણા દીવસથી પુનરલગ્ન નહીં કરવાના અધમ રીવાજથી પીડાઇએ છીએ. આ અધમ રીવાજ શાસ્ત્ર પ્રમાણે છે કે નહીં તે આપણે તપાસી શાસ્ત્રના નિયમ પ્રમાણે વર્તવા, અને

આગળ વધવા, પગલું ભરીશું!! પુનરલગ્ન એટલે ફરીથી પરણવું. આ પુનરલગ્નનો ચાલ આપણામાં અસલથીજ છે, અને તે માટે આપણા પુરાણની કથાઓના મજબુત દાખલાઓ મળી આવે છે. જુઓ, નળરાજા વનવાસ ગયો અને તેનો પત્તો ન લાગ્યો ત્યારે દમયન્તીએ પુનરલગ્ન કરવા સારૂ ફરી સ્વયંવર રચવા વિચાર કરેલ હતો ! બીજું જ્યારે રાવણ મરી ગયો અને મંદોદરી રાંડી ત્યારે રામચંદ્રે મંદોદરીને વિભિષણને વરાવી; ત્રીજું એજ પ્રમાણે વાલીની સ્ત્રી તારા સુગ્રીવ સાથે પરણાવી; વળી વધારે વિચાર કરીશું તો જણાશે કે પુનરલગ્ન કરવામાં બીલકુલ બાધ નથી. દ્રૌપદીને પાંચ પતિ હતા, છતાં તે સતિ ગણાતી હતી; હવે તમે સૌ વિચારો કે દ્રૌપદીને પાંચ પતિ છતાં સતિ કેમ ગણાઈ ? આમ ઉંડા ઉતરતાં એમ માલમ પડે છે કે દ્રૌપદી પાંચે પતિને સરખી રીતે ચ્હાતી હતી, તો તેવીજ રીતે એક સ્ત્રી અનેક પતિ કરે પણ બધાને સરખી રીતે ચ્હાય તો તે પણ સતિજ ગણાય !!"

"થેન્કસ, થેન્કસ, યુ આર પરફેકટલી રાઇટ, રાઇટ, થેન્કસ શાબાશ, શાબાશ, તમારૂં કહેવું તમામ ખરૂં છે !!"

"મહેરબાન પ્રમુખ સાહેબ અને ભાઈ બ્હેનો !

આ કાશીબાઇએ જે ભાષણ આપ્યુ તે વિષે હું બે શબ્દ બોલવા માગુંછું. હું કાશીબાઇના મતને બિલકુલ મળતી નથી. જો કે આગલા જમાનામાં પુનરલગ્નો થતાં હતાં ખરાં, પણ તે જ્યારે પતિ મરી જાય, અને તેનાથી જો વિધવા ધર્મ ન પળાય તોજ તે કરવામાં આવતાં હતાં; અને તેવીજ રીતે કાશીબાઇના

કહેવા પ્રમાણે મંદોદરી, અને તારા, વિભિષણ અને સુગ્રીવને વરી હતી. બીજુ કાશીબાઈએ દ્રૌપદીનો દાખલો આપ્યો, તેમાં તેમણે દર્શાવ્યું કે એક સ્ત્રીએ એકથી વધારે પતિ કરવાજ; તો મારે બોલવું જોઇએ કે અલબત સ્ત્રીએ મન ગમતો એક પતિ કરવો; પણ નહીં કે કાશીબાઈના કહેવા પ્રમાણે એકના અનેક કરવા !! દ્રોપદીએ પાંચ પતિ કર્યા એ શાસ્ત્રની વાત મારે માન્ય છે; તો એ દ્રૌપદી અગ્નિમાં પડતુ મુકી શુદ્ધ અણીશુધ્ધ જીવતી બહાર આવી હતી એ વાત પણ તમારે માનવી જોઇએ ! કારણ કે એક વાતને માનવી અને બીજી ન માનવી એતો અન્યાય કહેવાય ? તો હવે હું જણાવું છું કે આ સમાજનાં પુનરલગ્ન કરેલ જોડાંમાંથી ગમે તે કોઇ બાઇ આવી અગ્નિમાં પડતું મુકી જીવતી બહાર નીકળે તો તમે સ્રીઓ એકના અનેક પતિ કરો નહીંતો અસલથીજ જેમ વિધવા ધર્મ ચાલતો આવ્યો છે તેમ તે ધર્મ તમે પાળો અને તમારી જાતને દીપાવો એવી મારી નમ્ર પ્રાર્થના છે !!"

"સીટ ડાઉન, સીટ ડાઉન ! શેઇમ ! શેઇમ ! શરમ, શરમ, બેસી જાઓ !"

"થેન્કસ, થેન્કસ, ગો ઓન, સ્પીક ઓન ! શાબાશ, શાબાશ, ચલાવો, બોલો !"

જોત જોતામાં ધન્યવાદ અને ધિક્કારનો વરસાદ વરસી રહ્યો; સમાજમાં જબરો શોરબકોર થઇ રહ્યો; અને થેન્કસ, શેઇમ, ડીસગ્રેઇશ અને હુરેરેના ગંભીર અવાજ છેક ગગન સુધી પહોંચી ગયા; લોકો ધમાધમ કરતા બહાર નીકળવા લાગ્યા; જેને જેમ ફાવે તેમ બોલવા માંડયું ! પ્રમુખે શાંતી મચાવવા સારૂ જબરો

પ્રયત્ન કર્યો; પણ નિષ્ફળ ગયો; છેવટે સુધારકો થાકીને ચુપ બેસી રહ્યા; અને જૂના વિચારની હિમાયત કરનારા ગૃહસ્થો તિરસ્કાર બતાવતા એક પછી એક કમ્પાઉન્ડ છોડી બહાર જવા લાગ્યા; ઉછરતા નવીન અને જૂના વિચારના યુવકો કમ્પાઉન્ડમાં બથમ બથા આવી ગયા; માંડ માંડ લોકોએ તેમને છોડાવ્યા; અને સમજાવી સમજાવીને તેમને રસ્તે પાડયા; છેવટે રસ્તે જતાં જતાં તેઓ બોલવા લાગ્યા કે " આ તે પુનર્લગ્નનાં પારણાં કે અનાચારનાં બારણાં ? ! ! "

ત્રીજો ભાગ સમાપ્ત.

શ્રી પરમાત્મને નમઃ
શ્રી નવલ

કુંદન
અને
કુસુમ.

આધુનિક આર્ય ઘર સંસારનું પ્રતિબિંબ,
અથવા
સુધારાનો સાર કે ફેશનનો માર?

ભાગ ૪ થો.

પ્રકરણ ૧ લું.

અર્ધાંગનાનો ત્રાસ કે વારાંગનાનો વિલાસ.

દોહરો.

ભણેલ તોપણ ભામની, અજવાળી પણ રાત;
ડાહ્યો પણ દારૂડીઓ, અંતે જાત કજાત.

સંગતિ ઉપરજ શોભાનો આધાર છે, તપેલા લોઢા ઉપર જળનું બિન્દુ પડે તો તે તત્કાળ નાશ પામે છે, એજ બિન્દુ કમળપત્ર

ઉપર હોય તો મોતીના દાણા જેવું શોભી રહે છે, એજ બિન્દુ સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છીપની વચ્ચે પડયું હોય તો સુંદર મુક્તાફળ બંધાય છે, અર્થાત્ ઉત્તમ મધ્યમ અને અધમ ગુણની પ્રાપ્તિ સંગતિની પાત્રતા ઉપર આધાર રાખે છે.

ખાખ છે ખાન દાની બધી તેહની જુવતી જેની નહીં જાર પામે,
રાખ છે શાખ દસબાર વિસ લાખની ઠીક ઠરી ના રહે નારી ઠામે;
ધિઃક અધિકાર દરબારને ડેલીઓ ધિક્તી જ્યાં રહે પત્ની ધામે,
લાજને લાયકી રદ બધી તેહની વ્યર્થ વામાંગીને જેહ ડામે.

જે પુષ્પમાં સુગંધી હોય ત્યાંજ ભમરાઓ ભમે છે, જે સરોવરમાં જળ હોય ત્યાંજ હંસ બેસે છે, જ્યાં લીલુ ઘાસ હોય ત્યાંજ ઢોરો ચારો ચરવા દોડી આવે છે, અર્થાત્ જ્યાં સ્વાર્થ સરે તેવું હોય તેનીજ પછવાડે માણસો વીંટાઈ વળે છે; બાકી તેના તેજ માણસો હોય પણ જો પોતાનો સ્વાર્થ પાર પાડવાને તેઓ અશક્ત બન્યા હોય તો તેમનો કોઇ ભાવ પણ પૂછતું નથી.

*   *   *   *

"જાણો તો વશીકરણી વિદ્યા જાણજો,
અબળા સેંજે સબળ થશો સંસારજો;
મંતર જંતર તંતર જૂઠાં ભામણાં,
જીભે મીઠાં મન મીઠાં સુખ સારજો.—૦
જાપ અજપ પ્રીતિ નામ જપો મનથી તમે,

વ્રત પતિ સેવા તન મનથી સચવાયજો;
દીક્ષા હ્યો રતિ પતિની સાચી નિર્મળી,
માગો વર પર સુખમાં ભેદ ન થાયજો.-૦
પ્રેમ તણો રસ ઝીલ્યો સીતારામ શું;
એ રસ પીધો ગોપી શામ શરીરજો;
સાવિત્રી મીરાં સર્વે એમાં મળ્યાં,
દ્રૌપદી તારા મંદોદરી સતિ શિરજો.-૦
દોરી પ્રેમ તણી જગજીવન જાણજો,
એણે બાંધ્યાં નવ છોડયાં છોડાયજો;
રૂપ રંગ રસ સાંધ્યા ઉખડે સેંજમાં,
અંગ પડે પણ પ્રેમ નહીં પલટાયજો.-૦
પ્રેમ થકી જગ ભાસે સઘળું એકમાં,
એક રસે દૃઢ ભક્તિ ભજે ગુણવાનજો;
મૂરખ પ્રેમ મણિનું તેજ ન ઓળખે,
અથડાઇ મરતાં પણ ન લહે સાનજો.-૦
વશ તેને પ્રભુ જે રસ જાણે પ્રેમનો,
વૃક્ષ જન્તુ જલ જનનો તે શો ભારજો;
વિષ અમૃત ઝટ અગ્નિ શીતળ ઉકળે,
એવાંને મુજ વંદન વારંવારજો.-૦"

"અરે પ્રભુ મારા જેવી રાંક રામા ઉપર આ શો ગજબ ? દુખનાં વાદળ ઉપર વાદળ ! એક કુટેવ ભુલાવતી નથી ત્યાં તો બીજી ત્રણ કુટેવ સામટી સ્વામિનાથને લાગુ પડે છે. ઉપદેશ આપી આપીને હારી, વિનવણી કરી કરીને વાજ આવી, ખોળા પાથરી પાથરીને થાકી, અને છેવટે ઝાઝું કહેતાં માર ખાઇ ખાઇને પણ ત્રાસ પામી, તોપણ એ ભગવાન તો એના એજ રહ્યા !!

સુધારાના સંગમાંથી કાઢતાં ફેશનના ફંદમાં ફસાયા, અને ફેશનના ફંદમાંથી બચાવતાં ઉલટા અવળા લપમાં લપટાયા ! અરેરે હવે તો દારૂ અને ગુણકા બંનેના દુરવ્યસનમાં સપડાયા ! છાકટા વહીગએલા અને નીકળી ગએલા વર્ણપાર વર્ણસંકર ભાઇબંધોની સોબતે ચડી ઉલ્ટા દીન પ્રતિદીન અનાચારમાંજ અથડાવા લાગ્યા ! પહેલાં તો મારી સાથે પણ હસી ખુશીથી કાંક વાતચીત કરતા, વખત આવે ઠઠ્ઠા મશ્કરીથી ખીલાવતા પણ હતા, હવે તો સાવ મારા સામું પણ જોતા નથી. બસ આખો દીવસ હૉટલમાં દોસ્તદારો સાથે ભટકવું, અને રાતે મોડા ઘેર આવી ખાધુ ન ખાધુ કરી ગુણકાને ઘેર નાચ મજરો જોવા સારૂ જવું અને ત્યાં જઇ ખુબ રંગ પાણી ઉડાવી રાત્રે રસ્તામાં અડબડીઆં અને લથડીઆં ખાતા ઘેર આવવું, એજ હવે એ શીખ્યા છે ! પ્રભુ આવી વિચિત્ર લીલા તારી શી ! આવી કુટેવો એમને શી રીતે લાગી ? હરી હરી બી. એ પાસ થએલા ગ્રેજ્યુએટને આવું લપ કયાંથી વળગ્યું ! જે સ્વપ્ને પણ સંભવે નહીં તે અનુભવે આવી અડયું ! હર હર હર પરમાત્મા આ બધું બી. એ સુધીનું જ્ઞાન બૅાટલમાં બાળ્યું; તમામ સંસ્કૃત લીટરેચરનું ધાર્મિકપણું હોટલમાં વટાળ્યું, અને બ્રાહ્મણપણું પવિત્ર બ્રહ્મતેજ કંદોઇના શેવગાંઠીયા અને મારવાડીનાં ભજીઆમાં ઉકાળ્યું !! વડીલની ઉજ્વળ કીર્તિ રંડીબાજીમાં ધુળધાણી કરી ! તમામ નીતિ રીતી ધર્મ અને આર્યત્વ સુધારા ફેશન અને રંગમાં રોળ્યું !! ઘેર માંદાં માબાપ રોગથી પીડાઇ તરફડીઆં માર્યા કરે અને એ બહાર તાળી મીત્રોના સંગમાં લ્હેર કરે ! અરેરે આતે શો જુલમ ! જમાનાનો કેરો કાળો

કેર ! આ નવ વાગ્યા પણ હજુએ ન આવ્યા ! શીરીતે ઘેર આવે ? ઘેર ગોઠતું હોય ત્યારેને ઘર સાંભળે ! એમનો જીવ ઘટમાં હોય ત્યારે.ઘર સાંભળેને ! આ રાંધી રસોઈ પણ ટાઢી થઇ ગઈ, પણ હાય....એ ન આવ્યા ! હું મુંઇ અપાર ઉમંગ લાવી આતુરતાથી અને ભાવથી રૂપાળી રસોઇ કરૂં પણ ભાવનાં ભોજનીયાં એમનાં એમ ઠરી જાય, કરમાઇ જાય અને બગડી જાય પણ એ મંગળ-મૂરતી ન આવે તે નજ આવે ! આવી અવળી ટેવ પડી તે કયમ કરીને ટળે ! આવા ઢંગ તે શી રીતે જાય ! હું તો થાકી, એમ-નાથી વાજ આવી, પ્રભુ તોબા, પણ એમને લાજ નજ આવી;

રાંધી રસોઇ બધી થાય ટાઢી
વ્હાલા તણી ટેવ સદાય આડી
કનડે સદા કંથ થઇને અનાડી
માડી દુખી થઉં હવે દાડી દાડી ”

આ પ્રમાણે નિસાસા ઉપર નિસાસા નાંખતી સાધ્વી કુસુમ ઝરૂખામાં આવી બારીનું બારણું ઝાલી મધુકરનીવાટ નિહાળવા લાગી, આવી સ્થિતીમાં ઘણીવાર સુધી તે ઉભી રહી, છેવટે દશ વાગવા આવ્યા પણ મધુકર સાહેબનાં દર્શન તો નજ થયાં; એ-ટલે અકળાઇ અમુઝાઇ એક શેતરંજી પાથરી આડી થઇ; પાડો-શમાંથી પોતીકી સ્થિતીને અનુસરતું એક મધુરૂંગાન સંભળાવા લાગ્યું; કુસુમ ગાન સાંભળવામાં કાંક કાંક તદલીન થવા લાગી, જોડે જોડે નિંદ્રાને પણ જરા જરા ભેટવા લાગી !

* * * *

“ વર્ષા રૂતુ સમીપ આવે
પતિ વિયોગી હું નારજો

સખી કોઇ સમજાવજો
પિયુડા પરદેશ જાય—વર્ષા.”

આએ મારા જેવી ભાગ્યશાળી લાગે છે! આનું જીવતર પણ મારા જેવું ઓશિયાળું જણાય છે; ઠીક,

“ મેઘરાજા જ્યમ ચાતકી ઉપર
અમૃત રસ જળધાર ઉતારે
કેશ છુટા છોડી સરિતા દોડી
સાગર સ્વામીને મળતી જો—પિયુડા૦ ”

આ ગાંડી અમથી આકાશ પાતાળમાં ઉડતી જણાય છે, નકામી બાવળને બાથ ભરતી લાગે છે! હાથે કરીને પોતીકી કીંમત કરાવવા પ્રયત્ન કરતી જણાય છે.

“ પૂર વેગે પડે વર્ષા ધારા
નદી સરોવર પુર અપારા
ત્યમ ત્યમ જાગે વિરહ જવાળા
તરફડીને મળતી જો—પિયુડા. ”

“ આમ બરાડા પાડે કઠોર હૃદયના નઠોર નાથને દયા નજ આવે! એતો ઉલટા ખુશી થાય! હાડીઆને મન હસવું અને દેડકાનો પ્રાણ જાય પણ અવળચંડા સ્વામીનું હૃદય તો દયા નજ ખાય!! ”

“ ચપળા ચમકે ગગન માંહી
હૃદય મારૂં ધડકે જો
પિયુ વિયોગે જીવ નિરાશ
તલપી દાસી મરતી જો—પિયુડા. ”

તારે મરવું હોય તો ખુશીથી મર ! એમને કયાં દરકાર છે? આર્ય સંસારમાં નારીની ખોટ નથી ! એ નારીની તો ખાણુ છે ખાણુ ! ! "

" સ્નેહ ગીરીવરને વાહળીનો
મળતાં ત્યારે લ્હાવો લેતાં ચુંબનનો
મોર કળા કરી આનંદનાં આંસુ
આપી પ્રિયા હરખાવેજો—પિયુડો. "

ભોગ તારા, પાડબરાડા નિરાંતે ! કાંઇ ધંધો તો જોઇએને !"

આ પ્રમાણે કુસુમ ઉપાલમ્ભ આપવા લાગી, એટલામાં કારમો અવાજ આવ્યો ! " ખોલો "

" એ ઉઘાડું ! "

" ખોલો તાકીદસે ખોલો ! "

કુસુમ શ્વાસ ભરી એકદમ બારણું ઉઘાડવા નીચે ઉતરી પડી સાહેબ બહાદુર મી. મધુકરજી આજે રોજના કરતાં ત્રણુ ગણું કુસુમનાં નયન મોડા સુધી તણાવી છેવટે ધમ પછાડા કરતા જુવાનીનું જોર દાખવતા બારણાની સાંકળ ખખડાવવા લાગ્યા ! !

" અરે ખોલો, જલદીસે ખોલો ! "

" અલ્યા ભુંડા જરા ઘોડો તાણી બાંધ, ઉઘાડે છે ! "

" આ ઘાંચજાની પેઠે સાલ્લાં ઘરડાં વચ્ચમાં બોલી ઉઠયાં, અરે ખોલો ! "

" અલી કુસુમ ઝટ ઉઘાડને બાપા મારા તો કાન ફુટી ગયા !"

" એ ખોલાને ઝટ ઉઘાડી ઘરમાં દાખલ કર, નહીં તો

તીસરી કરશે !"

" હ્યે આવો પધારો, ઉઘાડતાં ઉઘાડતાંમાં મીજાશ જતો રહ્યો; રડી ત્રણે નીસરણી મારે તો ઉતરવીને, કે તમારા અવાજ સાથે મારે ચોકમાં ભુસ્કો મારી ઉઘાડવું ! "

" અલ્યા મધુકર હવે તો મુરખા સમજ !! "

" બી કવાએટ યુ ડોન્કી, અમ નહીં ખોલા તુમ ખોલા !"

" મેર મારા રોયા બાપને ખોલા કહેવાય, જરા તો લાજ !"

"હોલ્ડ યોર ટંગ યુ ઠચરી નહીંતો મારેગા !"

" હ્યે હશે હવે તમે તમારી મેળે ઉપર ચટો ! તમે બધા બોલવું રહેવા દ્યો, નહીંતો વાત વધી પડશે !! "

" શું એના બાપનું કપાળ વધી પડશે, આતો બી. એ થયો એટલે માબાપને ગાળો ભાડતો ધમકાવતો થયો !! "

" હાં....ઓલ રાઈટ....ધેટસ ઇટ ગ્રેજ્યુએટ, બી. એ એટલે તમામ લોકો મારાથી બીએ એવો હું ગ્રેજ્યુએટ બી. એ, સમ જ્યા યુ મેન ? "

" એ અમે તો કયારનાંએ સમજ્યાં છીએ; જો સાંભળ તારા જેવા બબુચક બેવકુફ ઉદ્ધત અને ઉખડેલ બી. એ. ને વાસ્તે છાપામાં એક કવિતા આવી છે, જો.

કવાલી.

"બીએ કો કુદ લે બીલ્લે લગાદી ડાકમેં ધંટા,
તુરંગોકે કીએ કીલ્લે લગાદી ડાકમેં ધંટા:-૦
કહીં હોદ્દાકો હોંસીલે હવા ખાતા રહે હરદમ,
જબએ કર જર લીયા જબ્બા રહી રીર ગોખમેં ધંટા:-૦

કલર હુયે કોટ ના ધોતી ન પેજામા હુયે પેન્ટલુન,
ફુશે ફેશનકે ફંદેમેં સમાલી શોખમેં ધંટાઃ-૦
લગાકે તનપેં તાઉસકે પરોંકે કુદતે કૌએ,
પડે દો કોમકી લાતે નીભાતે નોંખકી ધંટાઃ-૦
બનાતેં હુયે બુઝર્ગોંકો કહીં બીલ્લે ફુલીશ ફેલો,
ચશમ ફુટે ચશમસેં કયા મીલી હુય મોખમેં ધંટાઃ-૦
લગા પરકો પરદોકી અકલકી નકલ કરતે હુયે,
બડી જહેમતસેં ડાલી હુયે ગલેકી તોખમેં ધંટાઃ-૦
ગઇ સબ ગાલકી લાલી હુવા તન ખુનસે ખાલી,
મીલે ના નુર મરદોંકો જવાની જોખમેં ધંટાઃ-૦
બીચારી જોફકી દેખો જલાકે ખુબ જીંદગાની,
બનાદી મેમકી સુરત બજે બુરેંખિમેં ધંટાઃ ૦
બી. એ. કો કુદને વાલે બુઢાપા લે જવાનીમેં,
હજારૂ હો ગયે અંધે અરે હાય ચશ્મમેં ધંટાઃ-૦
ન હીંદીમેં મઝા દેખા કીરસ્તાનોકી હોટલમેં,
ઉડાતે બ્રાન્ડીકી બોટલ દીખાતે લોકમેં ધંટાઃ-૦
ઢુંડે કયા ખાકમેં ફત્થર ભગાને ભોંકતે કુત્તે,
બડે બીલ્લે બી. એ. પાતે બજાતે ચોકમેં ધંટાઃ-૦
કહે મંદીર મસ્જીદાં સબી તોફાનકી તાલીમ,
ધરમકો માર દે ધપ્પા ધરોંકી ધંટીમેં ધંટાઃ-૦"

"બી કવાએટ બી કવાએટ યુ ડફર ડોન્ટ બોધર માય હેડ ફોર નથીંગ! અરે ચુપ રહો, મારૂં માથુ ન ફોડાવો!"

"એ માથુ તો હવે ફોડશે સુધારો! ફેશન ગરદન પકડીને કર લેશે ત્યારે કાંઇ પણ ઉપારો નહીં ચાલે! જ્યારે જમાનાની

આડુ પડશે ત્યારેજ તમારા જેવા અર્ધદગ્ધની આંખ ઉઘડશે ! !"

"હ્યો હવે ઉપર ચાલો ! આ નકામી માથાફોડ શી ? હ્યો હેંડો મેડે ચડો" કહી કુસુમ મધુકરને બળ કરી પરાણે મેડે ઘસડી ગઇ; મધુકર પણ બડબડતો બડબડતો ઉપર ચઢયો. ડોસા વિઠ્ઠલદાસ અને ડોશી ધનલક્ષ્મી પણ દાંતીયાં કરતાં મોં વકાસી બેસી રહ્યાં. મધુકર રાતો માતો થઇ મેડામાં આમ તેમ આંટા મારવા લાગ્યો; કુસુમ પણ હાથથી મિજાજ ગએલો જોઇ છાની-માની એક ખુણામાં લપાઇ રહી. છેવટે હરફર કરતાં થાક લાગ્યો ત્યારે મધુકર હીંચોળાખાટ ઉપર બેસી હીંચવા લાગ્યો. કાંક શાંત પ્રકૃતિમાં મધુકરને જોઇ લાગ તપાસી કુસુમે વાત કરવા માંડી:-

"હ્યો હવે કૃપા કરી કપડાં કાઢશો ! જમવા ઉઠશો ? આ રાંધ્યુ તો બધું ટાઢુ ગોરૈયા થઇ ગયું !"

"ભોગ તારા !

"ખરેખર ભોગ મારા જ છે. છે કાંઇ તમારે પંચાત ?"

"એ મારે તો માથા ઉપર ટોપી અને આ ઘરની લગામ તને સોંપી !"

"એટલે હું શું કરૂં મરૂં ! ! હું તે કેટલાનું સાંભળું ? જે આવે તે મને ઠોસો ઘાલે. !"

"નસીબ તારાં, હું કયાં કહું છું કે તું બધાનું સાંભળ ? જે કોઇ કહેવા આવે તેને એક એક ધોલ ધરી દેને ! !"

"વાહ વાહ, પછી બહુ સારી આબરૂ નીકળશે હો !"

"જહાન્નમમાં ગઇ તારી આબરૂ, ચલાવ ખાવા પીરસ,

મને તો ભુખ લાગી છે !"

" આ બધાં કારસ્તાનજ ભુખનાં છે. એ જોબરાબર લાગતી હોય તો તરતજ વહેલા વહેલા ઘેર પધારો !!"

"એ ગભરાઇશ નહીં, બંદાને વાસ્તે હૅાટલ તૈયારજ છે!"

" તમારા હૅાટલમાં દેવતા મુકે, મારા રડયા હૅાટલેજ બધો દેશ બગાડી નાંખ્યો !!"

" લે હવે લાંબી ટુંકી જવાદે, અને જેમ થતું હોય તેમ થવા દે !!"

કહી મધુકરે એક પછી એક એમ કપડાં ઉતારવા માંડયાં; છેવટે પહેરવાનું અબોટીયું કુસુમ પાસે માગ્યું; આમ કુસુમે ભોજનની થાળી પીરસી પાટલો ઢાળી પાણી બાણી ભરી બધું તૈયાર કર્યું.

" આ અબોટીયું કયાં બળી ગયું ?"

" અરે ખમ્મા કરે અબોટીઆને ! આમ બળ્યું બળ્યું શું કરોછો ?"

" તો ઇડીઅટ ઝટ અબોટીયું શોધી આપ !"

" જરા ધીરા થાઓ મારા વ્હાલા, લ્યો હું શોધી આપું !!" કહી કુસુમ આખા મેડામાં અબોટીયું શોધવા લાગી, પણ અબોટીયું જડયું નહી, છેવટે અબોટીયું સાહેબની ખુરશી તળેથી નીકળ્યું; તે સાહેબે લઇ પહેર્યું અને ઝટ પાટલાપર બેસી ગયા;

" જરા હાથ પગ તો ધુઓ કે એમને એમ રોટલાસ્નાન કરવા બેસી ગયા ?"

" આ સાલ્લી ઘરમડીએજ દેશનું સત્યાનાશ વાળ્યું, ચાલ રાંડ ચુપ થા; ચાલ નથી ધોતા હાથ પગ, તું કોણ મને કહેનારી!"

" બળ્યું આમ વાત વાતમાં ચીડાઇ શું જતા હશો; લાવો હું હાથ પગ ધોઇ નાખું; " કહી કુસુમ એક લોટામાં પાણી લાવી અને એક કથરોટ લાવી;

" હવે આ કથરોટમાં તમારા ચરણ મુકો ! "

" આનુંએ મગજ આજ ચસ્કી ગયું જણાય છે; ઓ રંડુપીડ હું તે કાંઇ દેવલો બેવલો છું ! "

" એ મારે મન તો તમે દેવથી પણ અધીક છો ! " હવે હવે લાવો પગ હું મારા હાથથી ધોઉ " કહી કુસુમે મધુકરના હાથ પગ ધોયા; હાથ પગનું પાણી જે કથરોટમાં પડયું તે તમામ લઇ પી ગઇ; અને પછી મધુકરને હાથમાં વીંઝણો લઇ પવન નાખવા લાગી, મધુકર પણ નીચું જોઇ ઝાપટવા લાગ્યો, અને કુસુમ પંખો કરવા લાગી; મધુકરને કાંઇ પણ કદર કુસુમના પવિત્ર પ્રેમની ન થઇ.

" વ્હાલા આમ વાતે વાતે શું કામ ખીજાતા હશો ? આમ ભસકે ઠસકે મા બાપને છણુકા થતા હશે. ગરીબ બિચારાં ડોસા ડોસી તમારી હાડ છેડથી છેક અરધાં થઇ ગયાં; એમની સેવા ચાકરી કરવાને સમયે તમે તેમને નાહક વિના વાંકે સંતાપ્યા કરો છો, તે તમે ઠીક નથી કરતા ! જુઓ જુવાની તો ચાર દીવસની ચાંદની ! "

" હાં....માટેજ તેની ખરી મઝા માણવી ! જે ઇનસાન

જુવાનીમાં દીવાનો થતો નથી તે લહન નાહાન હેવાન છે!" કહી મધુકરે હાથ ધોઇ નાંખ્યા; તરતજ કુસુમે પાન બીડી તૈયાર કરી સોપારી કાતરી કાચની રકાબી તેમના આગળ ધરી, મધુકરે પાન સોપારી ખાધી અને પછી ચીરૂટ સળગાવી હીંચકા ખાવા લાગ્યો; આમ કુસુમ પણ વાળુ કરવા લાગી;

"મારા મરીનાનાં કપડાંનો સુટ શેમાં મુકયો છે?"

"આ સામેની ટ્રન્કમાં છે; આલપાકાનો સુટ પેલા કબાટ-માં છે!"

"મારા રૂશીયન લેધરના બુટ શેમાં છે?"

"હું હમણાં કાઢી આપુછું, અત્યારે બહાર કયાં જવું છે?"

"મારે જરા કામ છે!"

"પણ આજ તો શુકરવાર થયો!"

"એટલે?"

"કલબ બંધ હશે, નાટક પણ નહીંજ હોય તો પછી કયાં જવું છે?"

"તેનીએ તારે પંચાત!"

"હાજ તો!"

"એટલે તું મારી શેઠ એમને!"

"ના મારા વ્હાલા હું તો તમારી લુંડી!"

"તો પછી ટક ટક શાને માટે કરે છે?"

"તો વ્હાલા આજે દશ વાગતાં તો તમે આવ્યા; હુવે અ-ગીઆર વાગશે, તો પછી હવે તમે કયાં જવા ધાર્યું?"

"મન મ્હાય ત્યાં, તું કોણ મને પૂછનાર!"

"એટલોએ મારો અધિકાર નહીં કે?"

"બીલકુલ પણ નહીં!"

"અરે પણ આટલી મોડી રાતે તમે ક્યાં જશો? કોઈ ડાહ્યા માણસ આમ તમારી પેઠે મધરાત સુધી બહાર ન ભટકાય હો!"

"પણ બંદા તો ભટકવાના!"

"ત્યારે હવે હું એકલી શું કરૂં?"

"હાથમાં માળા લઇ પ્રભુનું ભજન કરો!"

"મારો તો કાંઇ પણ હક દાવો તમારા ઉપર નહીં ને? સદાય મારે કરમે છતાં સ્વામિનાથે વિજોગ!! આખો ભવ ભટકવામાં જવાનો!"

"બસ અમે તો લાલ લોક, મન મ્હાય ત્યાં મ્હાલીએ!"

"બહુ સારૂ, જેવી તમારી મરજી! તમને જેમ યોગ્ય લાગે તેમ કરો; અમારાં અમે ભોગવીશું!!" કહી કુસુમે એકદમ હાથ ધોઇ નાંખ્યા અને મધુકરનાં કપડાં તથા બુટ કાઢી આપ્યાં; ગરીબ કુસુમની આંખમાં આંસુ આવી ગયાં, પણ મધુકરને કાંઇ પણ અસર થઇ નહીં; મધુકરે તમામ કપડાં પહેરી લીધાં; કુસુમે બુટ પહેરાવ્યાં, ટોપીને બ્રશ મારી હાથમાં આપી, પાછળથી કોટને પણ બ્રશ મારી સાફ કર્યો અને રૂમાલમાં સેંટ નાંખી હાથમાં આપ્યો. મધુકરે બરાબર ઠાઠ માઠ કરી ખુંખારો કર્યો અને મુંછોનાં અણીઆં ઉંદરની પુંછડી સમાન ઝીણાં બારીક આંબળી આકાશ ભણી ઉંચાં કર્યાં; અને પોતે હાથમાં આયનો લઇ મોં જોવા લાગ્યો!!

"હયે। હવે ચાળા મુકી દો!!"

"કેમ બરાબર ટેસણબંધ ડ્રેસ થયો છે ને?"

"હવે બધું ટેસમાં ને ટેસમાં બોળ્યું; હવે તો કાંક ડાહ્યા થાઓ! અતિમાં મઝા નહીં! દુનિયામાં દરેક કાર્યની હદ હોય છે; અતિ સર્વ ખોટું.

'અતિ ગર્વથી રાવણે રીદ્ધિ હાણી,
સીતા કષ્ટ પામી અતિ રૂપવાળી;
પતાળે દબાયો બળિ ખુબદાને,
અતિ સર્વ ખોટું જુઓ કંથ શાને'

"તારા લવારાની તલ માત્ર પણ અસર મને નહીં થવાની સમજી દીવાની?"

"પણ તમે અત્યારે જાઓ છો કયાં? એ તો કહો, પછી ભલે જવું હોય તો જાઓ!"

"એ બંદા અત્યારે મોંઘા જાનને ઘેર જાય છે, સમજી?"

"જરા બોલતાં લાજો!"

"એ તું લાજ તું!"

"તમે લાજો!"

"તારામાં એવા શા રામ કે તારો ધણી ગુણકાને ઘેર જાય!"

"જેને કુશકા ખાવાની ટેવ પડી હોય તે કુશકાજ ખાય!"

"એ તું ખા કુસકા, બંદા તો પકવાનમાંજ મારવાના ભુસ્કા"

"નાથ વિચારો, સમજણ રાખો, ડાહ્યા થાઓ, "ગુણકાને ઘેર જઈ કોઈ સુખી થયું નથી એ સુત્ર હમેશાં યાદ કરો!"

તો બેવકુફ ગુણકાને ઘેર જવાથીજ મનુષ્યને માણુસાઈ પ્રાપ્ત થાય છે. અગાઉ મોટા મોટા ડાહ્યા પુરૂષો પોતાના ઉછરતાં બાળકોને હુંશિયારી આવવા સારૂ વારાંગનાને ઘેર મોકલતા તેટલા સારૂ 'वारांगना राज्य सभा प्रवेश' એ સુત્ર મોટા પંડીતોથી લખાયું છે!

"એ બધું એ તુત જુઠું. પરનારી નર્કનીજ બારી!!

"અરે પરનારી એજ પ્રેમની અટારી!"

"નાથ પરનારીમાંજ નાચનારા કઈક કાળની નાથે અધવચ રણમાં નથાયા!!"

"અંતે જગતમાં નામના તો થઈ!"

"શેની ધુળની નામના; નામનાવાળા કંઈક ખુવાર થયા પરનારીની યારીની નામનામાં; અને અંતે થયા બદનામના ને નામના!!"

"છટ્ નોનસન્સ."

"ગરીબનું કહ્યું માનો નહીં તો પસ્તાશો, પછી પાછળથી કંઈએ સુધરશે નહીં બુંદની બગડી હોજથી નહીં સુધરે!!"

"પરનારીની મજા તો કાંઈ ઓરજ છે! એનો હોર પરણી નારીમાં નજ મળે!"

"પરણી નારીમાં જે કાંઈ સાચુ સુખ મળે તેનો સોમો અંશ પણ પરનારીથી નજ વળે!!"

"બેવકુફ પ્રેમનો બજાર તો જુદોજ છે!!"

"પ્રેમનો બજાર પરણેતરના પવિત્ર વ્યવહારમાંજ છે!"

"એ વ્યવહારમાં જ કલેશ અને દુઃખ છે જેનો હું પ્રત્યક્ષ અનુભવ કરૂં છું!!"

"એ કલેશ અને દુઃખ તો વ્યભિચારમાં જ છે!!"

"પ્રેમના બજારમાં વ્યભિચાર છે જ નહીં!!"

"મન અને દીલના વિમળ આચાર વિચારમાં જ પ્રેમનો બજાર છે બાકી બધો વ્યભિચાર છે!"

"પરણેતરના વ્યવહારમાં હરદમ ઈર્ષા અને આંસુ જ રહે છે તેમા પ્રેમ હોતો જ નથી!"

"પ્રેમની પવિત્ર ગ્રન્થી પરણેતરની સાથે જ ગંઠાએલી છે!"

"પરણેતર સાથે તો મારફાડ અને ડ ડાબાજી જ જોડાએલીછે!"

"એટલે જગતથી અવળુ દૃષ્ટાંત તમે સાબીત કરવા માગો છો તે કદાપી કાળે સાબિત થશે નહીં, પ્રેમના બજારમાં વ્યભિચાર છે જ નહીં એવું કહેનારા ખાડ ખાય છે અને અંતે હાથે કરીને જ પાયમાલ થાય છે!!"

"પરણેતર તો એક લાકડે માંકડુ વળગાડવાની એક બાજીગરની બાજી છે, અર્થાત્ સર્વદા તેમાં ઝગડાની માયાની ઇંદ્રજાળ રહેલી છે!!"

"એવું તો તમારા જેવા મનફર અંકુશ વગરના અને સુધરેલા યુવાનો કહેશે!!"

"ખરેખર હું સત્ય કહું છું કે પરનારીમાં સુખ છે અને પરણી નારીમાં દુઃખ છે!"

"પરનારીમાં મોહ છે અને પરણીનારીમાં પવિત્ર પ્રેમ છે; પ્રેમ સર્વદા અચળ અડગ અને કાયમ રહે છે; અને મોહ વખત

જતા દુનિયાના વ્યવહારથી ઓછો થઇ ઉતરી જાય છે અને અંતે સદન્તર નાશ પામે છે!"

"પ્રેમનું પિછાન મોહથી થાય છે; અને તે મોહ પરણી નારીમાં જેટલા જોઇએ તેટલા પ્રમાણમાં નહીં હોવાથી પ્રીતીનું સત્ય સ્વરૂપ પિછાની શકાતું નથી; અને પરનારી સર્વદા મોહનો ભંડાર હોવાથી પ્રીતીનું ઉત્તમ પિછાન ત્યાં જલદી થાય છે!!"

"મોહ નાશવંત છે અને પ્રેમ અમર છે!"

"પણ મોહ વિના પ્રેમ ઓળખાતો નથી માટે પરનારીમાં મોહ સારૂ આથડવું પડે છે; અને છેવટે પરનારીના મોહથી પ્રેમની ખરી ખુબી ભોગવાય છે!!"

"આવા કપોળ કલ્પિત સિંદ્ધાતો આર્ય ઘરસંસારના સાચા સુખનું સત્યાનાશ કાઢશે! આવો અવળો વિતંડાવાદ તમારા દીલની મલીનતા દર્શાવે છે!!"

'મૂરખ, પરનારીમા ભાવ છે અને પરણી નારીમાં રૂશણાં છે!!"

"એ રૂશણાથી જ ભાવ ઓળખાય છે; અને એ ભાવથી જ પ્રેમ પ્રાપ્ત થાય છે!"

"એ રૂશણાંથી પરણી નારીને અચ્છી રીતે મેથીપાક મળે છે; અને ભાવ તો પરનારીની આંખના પલકારમાં જ પ્રગટ થઇ રહે છે!!"

"એ ભાવ નહીં પણ ઝેર!!"

"એ બધું તમારામાં!! ત્યાં તો મેરે માલીક, મેરે પ્રાણ, મેરે જાન, મેરે નવાબ, મેરે સરકાર, મેરે ખાવિંદ, મેરે દીલદાર એવા સાકરનાં ગળ્યાં ગળ્યાં મીઠાં મીઠાં વચનોનો વરસાદ!!

બસ ઘડીક ગયા કે આનંદમાં ગરકાવ ! ! સ્વર્ગનું સઘળુ સુખ પ્રીતની તમામ મઝા અને મોહીનીની મધુરી મીઠાશ પરનારીના પાસમાં જ આવી મળે છે ! !"

"બહુ ભણીને અંતે આવો અવળો સાર કાઢયો ! વિદ્યાની પાત્રતા પરનારીમાં જ પીછાની ! નિતીના સિદ્ધાંત પરનારીમાં જ શોધ્યા ?"

"જી હા; જે કાંઇ મેં જોયું તેમાં સારામાં સારૂ પરનારીમાં જોયું ! !"

"આટલા દીવસ સારામાં સારૂ સુધારામાં જોયું; પછી ફેશનમાં જોયું, અને હવે પરનારીની યારીમાં જોયું; છેવટે તમારૂ મનડું તો પરનારીમાં જ મોહ્યું ને ! !"

"એ પરનારીમાં રસ છે, અને પરણી નારીમાં આંસુ છે !'

"આસુ વગર રસ ચખાતો નથી; આનંદથી રસ ઉડી જાય છે !'

"એ બળુચક રસ તો આનંદથી ઉલટો બમણો તમણો વધે છે, આસુથી તો રસ ગળી જાય છે ! આંસુના વાસવાળી પરણીનારી છેડાવાળી ધણીનાં છાજીયાં લે છે, અને આન દવાળી પરનારી પોતાના યારને જોતાં પલકમાં ફીદા ફીદા થઇ ફીદાગીરીના વરસાદ વરસાવી રસને છલકાવી નાંખે છે ! !"

"ત્યારે તમે તો હવે પરનારીના હીમાયતી થયા, પણ વ્હાલા હવે એટલું જ યાદ રાખજો કે જે પુરૂષ પરણીનારા પરહરી પરનારીને ચ્હાય છે, તે પુરૂષ ગોળ મુકી ખોળ જ ખાય છે ! !"

"અરે તે જ સુખેથી ધાનની વિવિધ વાની બનાવીને ખાય છે. પરણીના રોટલા અને પારકીનાં ઘેબર ! પરણીનાં પાણી અને

પારકીનાં દુધ પરણ્યા પુરૂષની કીંમત પરણી ના જાણે પણ પારકી તેની ખરી મોજમજા માણે ! ! "

" પરણીના રોટલા સદાય નભે; અને પારકીનાં બેબર ચાર દીવસની ચાંદની ! પાસે હોય ધન માલ તો પારકી સદા પ્રેમમાં ગુલતાન નહીં તો અલ્લા એક બદામ, લાત મારી ઓટલા પર કાઢી ઘડીકમાં કરે બેહાલ ! પરનારીના સંગી ધાનની ધુળ કરીને ખાય છે, પૈસે ટકે હેરાન થાય છે, ઇજત આબરૂથી જાય છે અને ટકાના તોલુ થઇ વિના મૂલે બજારમાં હરાજ થાય છે ! ! "

" નર તો ભ્રમર છે. ત્રાંબાના ઘડા, માંજ્યા એટલે સાફ; અજવાળ્યા કે ઉજળા ! વિવિધ પ્રકારના સુગંધીદાર કુસુમોના માલીક ભમરા જ છે ! ! એને સુમનની શી દરકાર ! જ્યાં સુગંધી ત્યાં ભમરો ! ! "

" ઘર ઘરના ઉંમરે ભટકનારા ભમરા આખરે કમળમાં જ કેદ થાય છે અને હસ્તી પદે ચંપાઇ પ્રભાતે પ્રાણ રહીત થઇ પરલોકમાં જાય છે ! ભમરો ભમતી જાત છે. તેનુ દૃષ્ટાંત નરને લાગુ પડતું નથી ! ! "

" અરે ભમરો તો રસ અને પરાગનો ભોગી ! કાચી કળીને કાજ જીવન પ્રાણ આપનાર એક ફક્ત ભમરો છે; અને તેની કદર કરનાર ફક્ત એક કળી છે ! ! "

" એ કળીને છેતરનાર પણ ભમરોજ છે. એક ઘડીકમાં છેહ દેતાં ભમરાને લાજ ન આવે ! ! "

" એ ભમરાને ભમાવનાર કળી છે ! ભમરો તો બિચારો ભોળો છે કેમકે,

ભાન તજી ભમરો ભમે, કાચી કળીને કાજ;
નમન કરી વિનવે કળી, દે રસ વ્હાલી આજ."

"નમન તો નફટપણાનાં ! જ્યાં સુધી ગરજ ત્યાં સુધી જ નમન કેમકે.

એક તજી બીજે ભમે, ભમરો ભમતી જાત;
કાયા સોંપે કારમી, કળી જપે દીન રાત."

"અરે ભમરો તો ઉમાલી છે. ગુલાબનો નવાબ છે ! દુઃખા દીલનો દીલબર છે ! કમળ દીલદારનો સરકાર છે ! ! આખા પ્રેમ નગરનો નગરશેઠ એ જ ભમરો છે. પ્રીતિ ધન પ્રેમીને ધીરનાર ભમરો છે ! !"

"જો તમે ભમરાને પ્રેમ નગરનો નગરશેઠ કહેતા હો તો મુઓ એ નગરશેઠ, પાકયો પત્થર માને પેટ ! આખા ગામની એંઠ અને નાકનું ગંધાતું લીંટ ! !"

"તું તારે ફાવે તેમ બોલ પણ નર તો ભ્રમર છે ! !"

"કાળો નાગ નાણાંથી ભરેલા ભંડાર ઉપર બેસી ખુશી થાય પણ એને કુબેર ભંડારીની ઉપમા અપાય ? ન જ અપાય ! કાળો કાગડો મોતીના ઢગલા ઉપર બેસી મોતીની ચાચ ભરી ભલે હરખાય પણ કાગનો હંસ તે ન જ કહેવાય !"

"તારા જેવા પતંગીઆ કમળની પાંખડી ઉપર બેસી કમળ જોઇ પુમાઇ જાય પણ પતંગીઆ તે ભમરો ન જ થાય !"

"કસ્તુરીમાંથી કાંદાની વાસ નીકળે ત્યારે એ કસ્તુરી કોનું મન હરે ? સુખડમાંથી એરંડાની વાસ નીકળે તો પછી સુખડનું કોણ તીલક કરે ?

"માટીથી જો વજ્રનો ચુરો થાય, પાણીમાં પત્થર પીગળી જાય અને તુંબડાથી જો સાગર તરાય તો જ એ વાત થાય !!"

"એવા ખોટા દાખલા જવા દ્યો ! પરનારી નર્કની બારી એ સૂત્ર હમેશાં યાદ કરો ! ભમરાને નગરશેઠ બનાવવાની આકાશ પાતાળની વાત મુકી દ્યો ! બાવળને બાથ ન ભરો ! ધુમાડાના બાચકામાં અંતે ધુમાડો જ થશે !!"

"પતંગીયું ભલે દીવા પાસે જાય અને દીવાને ખાઉ ખાંઉ કરી ખુશી થાય પણ અંતે પતંગીઆનો તો જીવ જ જાય; બાકી દીવાને તો કાંઇ ન થાય !!"

"આમ ઝાઝું બોલે મગજ બગાડી બેસશો. આ શું લવારો ? ભમરો શું, નગરશેઠ શું, પરનારીની હીમાયત શી; તમારે તે આવા અવળા ધંધા શું કરવા કરવા પડે ? કોઇ સાંભળશે તો વર્ણમાથી કાઢી નાખશે ! ગમાર ગુણહિણા નફટ અને કુલાંગાર મનુષ્યના મોંમાંથી કડવાં ઝેર જેવાં વેણ નીકળે તેવાં અત્યારે તમારા મોંમાંથી નીકળ્યાં ! કાનમાંથી કીડા ખરે તેવાં વેણ તમે ઉચાર્યા ! વિદ્વતાનો ઉપયોગ તો સારો કરતાં શીખ્યા ? ઉપમા અલંકાર અને દૃષ્ટાંત તે પરનારીની હીમાયતમાં જ વપરાય ને !! જરા લાજો હું તે તમને શું વધારે કહું ! તમારા જેવા કેળવાએલા ગ્રેજ્યુએટ બી. એ. ને કહેતાં મને અતિશય બળાપો થાય છે ! મારી રડી ભમરાની આટલી બધી ફીલસુફી ચલાવતાં તમારૂં માથુંએ ન દુખ્યું ?"

"અરે એ તો તત્વજ્ઞાન છે"

"શું રંડીબાજીનું તત્વજ્ઞાન ? વિદ્વતા તે શું વ્યભિચારની

જ અંગભુત ?"

"અરે કાલીદાસ પંડિત કોણ હતા? એક મોટા ફીલોસૉફર તત્વજ્ઞાની અને મ્હાન્ કવિશ્વર હતા? પણ તેમનું દીલ કયાં હતું?"

"ગુણકાને ઘેર!"

"બતાવ ત્યારે બીજે કયાંઇ હોય તો?"

"હવે લાજો! તમારા જેવા એકને પાપે અનેકના નસીબપર તાળાં દેવાશે!"

"હવે પગ હેઠે રેલો અને વાત પડી મેલો! એવી વાત તું કરે છે કેમ?"

"તમારે ફાવે તેમ કરો પણ હવે મારો છાલ મુકો! તમને નવ ગજના નમસ્કાર!"

"ઠીક ત્યારે બંદા આ ચાલ્યા બહાર; વેલ લેડી સાહેબજી!"

"તમારા સાહેબજીમાં પૂળો મુકો હજુ પણ એ ને એ જ વાત ગુણકાની જ હીમાયત!!"

"હાં એ તો પહેલે ચઇએ! ફર્સ્ટ રંડી એન્ડ ધેન યુ!"

"અરે શું ધેનયુ ધેનયુ, તમને તે કાઇ ધેનયુનો મેન્યા થયો!"

"હાં....હમ તો અબી રંડીકે ઘર ચલા જાયગા!"

"ત્યાં જઇને જ જખ મારશો ત્યારે જ પાંશરા થશો; હવે જરા સાંભળો આ છોકરવાદી છોડી ઘો!!"

"બોલો તુમ કયા બકતે હો?"

"હું બકું છું કે ભસુ છું પણ તમારા કલ્યાણની જ વાત કહું છું; તેમાં મારો કાંઇ સ્વાર્થ નથી; જુઓ.

*   *   *   *

'પુરૂષ પરનારીનો પરધાન ખાય ખડ મુકી ખાસુ ધાન;
સુંદરી દે નહિ ઘર સનમાન વાસી જેમ પડયું રહે પકવાન;
હૈયું કયમ હસી મળેરે ફટ ફટ થાય બધે હેવાનઃ-ખાય૦
ગળી કુંડ ગંધાતો ગંદો તેમાં કરવું સ્નાન;
મીઠો મેવો ઘરનો મુકી છેવટ છાણનું છાણ.
થાય આખર અરે અપમાનઃ-ખાય૦
મધ 'ખુટયું' મધપુડાને શું માખી દેશે માન;
જોબન જોણું થાય વગોણું વંઠે આગળ વાન.
સમજુ ને એછે આખર સાનઃ-ખાય૦"

"હેમ કુછ શરકશ તુમ બ્હોત બકવા કરતે હય મગર અમારા કાન તેરી બતીયાપે નહીં ધરતે હય! ચલ હઠ દુર થા. જહાન્નમમાં જાવ, અમ તો પરસ્તાનમેં ચલ જાતે હય!!" કહી મધુકર એકદમ ધબડ ધબડ કરતો હેઠે ઉતરી પડયો, કુસુમ મોં વિકાશી તેના ભણી જોઈ રહી; છેવટે બધું પત્થર ઉપર પાણી થએલું જોઈ કપાળ પર હાથ રાખી રોવા લાગી;

"અરેરે પુંછ વિનાના ખર અને ખીસ્સાના તર એવા જે નર જેને કર્મે જડયા તે બાપડીના તો અવતાર છુટી પડયા!! જે સુંદરીને એનો ધણી ચહાય છે તે તો ઘેર બેઠાજ ગંગા ન્હાય છે! હરી હરી હરી, શિવ શિવ શિવ, જે કર્મે લખ્યું તે ભોગવ્યા વિના સિદ્ધિ નથી જ! એ ગમે તેવા ભુંડા પણ મારા ભગવાન એ છે! એ ગમે તેવા કુડા પણ મારો ઉદ્ધાર એમના હાથથી જ છે! બીજા રૂડા મારે શા કામના? માટે પાને પડેલું ઉત્તમ માની

સુધારી લેવામાં જ સાર છે! એથી જ સફળ સંસાર છે! હવે આમ પ્રસંગોપાત કહેતાં કહેતાં પણ કોક દીવસે એ સુધરશે!!" કહી કુસુમ એક કોથળો પાથરી સુઇ રહી; આમ લાલસાહેબ મધુકરજી મોંઘા નાયકાના ઘર ભણી આવ્યા!! મોંઘાજાન પણ મધુકરની દોસ્તી થવાથી માલ પાણી સારી રીતે મારતી હતી. મધુકરે મોંઘાજાનની સુધારા સમાજમાં સ્ત્રીઓને નૃત્ય સંગીત શીખવવા સારૂ નિમણુક કરાવી આપી હતી. મધુકર પણ કેટલાક હૈયાના પુટ મેંબરને મોંઘાને ઘેર લઇ જતો હતો; અને ત્યાં સારી રીતે રંગ પાણી ઉડાવરાવી તેમનું પાણી કરાવતો હતો; મોંઘાને મળતા માલપાણીમાં મધુકરને પણ ચોથો ભાગ મળતો હતો; એટલે અંધા લુલાની જોડી સરખી રીતે બની રહી હતી. મોંઘા મધુકરને વ્હાલી હતી, અને મધુકર મોંઘાને વ્હાલો હતો; બંને જણાં અન્યો અન્યમાં સ્વાર્થની બાજી ખેલતાં હતાં: જે કોઇ બાજીમાં વચ્ચે ચડી જાય તેનો અચ્છી રીતે ખુરદો થતો હતો. જ્યારથી મોંઘાની મધુકરને મ્હોબત થઇ હતી ત્યારથી મધુકર હમેશાં કુસુમનો ત્યાગ કરી તિરસ્કાર કરી માર ફાડ કાંઇ પણ વાંક વગર કરી તેને પરહરી આખી રાત મોંઘાને ઘેર ગાળતો હતો; ત્યાં જેટલું પીવાય અને ખવાય તેટલું ખાતો પીતો હતો. આજ કાલ તે છેક વર્ણ પાર જતો રહ્યો હતો. તેણે ખુલ્લી રીતે દારૂ, ગુણકા અને માંસ માટીનું સેવન કરવા માંડયું હતું. ઘડીકમાં તે ભાનમાં અને ઘડીકમાં તે બેભાનમાં જેમ આવે તેમ બકતો હતો. ઘડીક હીંદીમાં બોલતો, ઘડીક અંગ્રેજીમાં બોલતો અને ઘડીક ગુજરાતીમાં બોલતો નહીં તો પચરંગી ભાષામાં

પચરંગી વાતચિત કરતો હતો અજાણ્યો માણસ જો તેને એકદમ પ્રથમ વાર જુએ તો તરતજ તેની ગાંડામાં ગણતરી કરે એવી તેની હાલત થઇ ગઇ હતી. તેનાં સગાં વ્હાલાં મા બાપ અને ભાઇબંધ દોસ્તદારો તમામ તેનાથી કંટાળ્યાં હતાં. સુધારા સમાજના કેટલાક મેમ્બરો પણ સમાજમાં ગુણકાની નિમણુંક થવાથી રાજીનામું આપી પોતાની આબરૂ સાચવવા સારૂ નીકળી ગયા હતા. માત્ર ગણ્યા ગાંઠયા મધુકરનં માંથે પણ ચપટી ભભરાવે તેવા નામજાદા મેંમ્બરો રહ્યા હતા. એકંદર રીતે મધુકર સારી રીતે જાહેરમાં પણ તિરસ્કારને પાત્ર થયો હતો

અત્યારે મોઘા નાયકાને ઘેર નાચ મજરાની અચ્છી ગમ્મત ઉડી રહી છે! મોંધા પણ જે કોઇ તેના મકાનમા હીએ ચડે તેનું ગમે તેમ કરીને છકા પંઆ રમી કુલ્લામા ઉતારી કુણીએ મધ ચોપડી પાણી કરવાને તલમાત્ર પણ ચુકતી નહોતી. તે દરેક જણને સરખી રીતે દીલ આપી રીઝાવતી હતી, અર્થાત જે કોઇ મોંધાના પંજામાં ફસાય તે મોઘાને મનથી પોતાકી માની ચુકતા હતા. હાવ ભાવ, રસ, રંગ, માન પાન અને સત્કારમા મોંધા કોઇ પણ રીતે ઉતરતી નહોતી. ગમે તેવી કડક પ્રકૃતિના પુરૂષ સાથે મોંધા એક પળમાં મળી જતી હતી; અને તેને પાંપણના એક પલકારમાં ફીદા કરી નાંખતી હતી; જો કે તે જાતની ગુણકા હતી એટલે સર્વ રીતે માલપાણી મારવામાં સર્વ ગુણ સંપન્ન હતી; તો પણ મુંબાઇના ઘણા ઘણા ઉમરાવજાદા અમીરો નવાબો ભાટીઆઓ, શેઠીઆઓ અને હૈયાના ફુટયા જુવાનીઆઓના પ્રસંગમાં આવવાથી તે સારી રીતે કુશળ બની હતી; અર્થાત્

શરૂઆતના પ્રસંગમાં તે નાણાની દરકાર કર્યા સિવાય મહોબતનો વરસાદ વરસાવી આશકનું દીલ પલકમાં જીતી લેતી હતી; તેજ પ્રમાણે મધુકરને પણ સારી લાગવગ વાળો કેળવાએલો અને સુધરેલો જોઇ તેની હર ઘડી સારી રીતે તબીઅત સાચવી લેતી હતી; અને હદ ઉપરાંત હાવભાવ પ્રેમ બતાવી તેને ગોળ ગોળ કરી નાખતી હતી ! ! આપણા લાલસાહેબ મધુકરજી પણ હવે રોજનો વખત થવાથી આથડતા આથડતા દમામમા છાતી કાઢી રોફબંધ કપડાં લતાનો ટેસ મારી મોઘાની મેડા પર ચડયા; મોંઘાએ પણ તેને આવતો જોઇ અક સરસ હાવભાવ વાળુ ગાયન ગાવા માંડયું. ! !

* * * *

‘ ફુલડાંના શોખી કોઇ ફુલડાં લ્યો;
ફુલડાં સુંઘીને લાલ મુલડાં દ્યો:-૦
મન કેરો મોગરો ચિત્ત કેરો ચંપો;
કાળજાનો કેવડો સાહ્યબા લ્યો:-૦
ગબરૂ ગુલાબ કોઇ લ્યોરે નવાબો;
ચુંટી ચુંટીને સુંઘી દીલડાં દ્યો:-૦’

“અરે વાહરે ફુલડાંને વેચવા વાળી માલણ જોઉં તારાં ફુલ?”

“ આઇએ જીનાબ આઇએ કુચ્છ કામ સેવા યે લુંડીકું ફરમાઇએ ! ”

“ અરે તારાં ફુલ તો બતાવ ભલે પછી નખરાંથી નચાવવો હોય તો નચાવ ! ”

“ અરે મેરે જાની આજ તો બડી કી મહેરબાની ! ”

•

" મેરે મીંયા મને બતાવ પહેલાં કુલ, પછી તારે જે લેવું હોય તે તેનું લઇ લે મુલ."

" મેરે જીનાબ, મેરે માલીક, મેરે દુલ્લે નવાબ, મેં તો આપકી લોંડી હું!"

" નહીં નહીં મેરી માશુક તુંહી મેરે મધુરે બુલબુલ હય."

" મેરે દીલદાર,

'દીલદારી હોનો અયસી ગમખાર હોતો અયસા;
અંતર કપટ ન લાયે અંદર હો બાહર જયસા.'

" અચ્છા મેરી દીલદાર સુનલે સુન,

'સચ્ચી યારી હય વહી હો જો જીકે સંગ;
દીપકકે કારન જલે જયસે કોઇ પતંગ.'

" મેરે સાજન સુનલો,

'પ્રીતમેં હતો પ્રાન હારે હય;
ચયન આરામ સબ બિસારે હય.'

" મેરી માશુક યે આશકકા જીગર જાન લે સુન,

'તેરા જોબન ગુલ હય મેં હું બુલબુલ શયદાઇ;
મોહે ન સતા બોસે ગોરે ગાલોકે દીલાઇ.'

" ઓ મેરે ઉમરાવ, યે સબ તન મન ધન આપકે પર કુલ હય!"

" અચ્છા મેરી જાન કુચ્છ સંગીત તો સુનાવ, જરા છોટે છોટે નખરેસેં મેરે જીયાકું તો લુભાવ!!"

" બહુત ખુબ મેરે માલીક સુનો તનનન તોમ તનનનતોમ!!"

"હાં હોનેદો જી તનનન તોમ તનનન તોમ તનનન તોમ !!"

*　　*　　*　　*

'મોરે ઘર આવો સજનીઆં મેં સેજ બિછાવું,
જીયાકો લુભાવો સજનીઆં મેં સેજ બિછાવું:-૦
હાથકી કંગની દેઉં નાથકી નથની દેઉં,
ઓર હૈયે હાર દેઉં ગલેસે લીપટ લેઉં;
અબ ન સતાવો સજનીઆં મેં સેજ બિછાવું:-૦
મેં લાલાકી લાલડી મ્હોબતમેં મર જાતી હય,
જમામર્દ દીલજાનકી જીગર નજર નહ આતી હય;
ઘર પીયા આઇએ શૌકન ઘર ન જાઇએ,
પઢાવું મેં પતીઆ વો બતીયાં;
કાતીલ કયું થાઓ સજનીઆં મેં સેજ બિછાવું:-૦"

"અરે વાહ વાહ પરસ્તાનકી પરી, અદાસેં ભરી, અભી આસમાનસેં જમીપેં ગરી !!

"મેરે સરદાર મધુકરજી આપપેં મેં બહુત બહુત ફીદા હું!!"

"હાય હાય ગુલઝાર મોંઘા તેરી બાંકી અદાપેં મેં આફરીન આફરીન આફરીન હું !!"

'વારી વારી પ્યારે જાન તેરી સાંવરી સુરત,
બલહારી ગુલફામ તેરી સાંવરી સુરત;
મેરે દીલકે અરમાન તેરી સાંવરી સુરત,
અય જીયા કુરબાન તેરી સાંવરી સુરત.'

"હાય હાયરે મોંઘા મેરેકુ તો તેં માર ડાલા, તેરે કાતીલ નયનાંસે મેરા જીગર ચીર ડાલા, મેરી જાન તેરે પર મેં ફીદા ફીદા"

'ફીદા ફીદા ગુલઝાર તેરી બાંકી અદાપેં,
તેરા નખરેસેં પાર તેરી બાંકી અદાપેં;
કાતીલ નેના કટાર તેરી બાંકી અદાપેં,
મર્દ હોવે ન ટટાર તેરી બાંકી અદાપેં.'

" સરકાર આપની મહેરબાનીથી મને બહુજ આનંદ છે. આપે સુધારા સમાજમાં મને નૃત્ય સંગીત શિક્ષક નીમી મારા ઉપર બડો અહેશાન કર્યો છે!"

" મોંઘા માય ડીયર મોંઘા તારા ઉપર તો સદા હું આફ્રીન છું, તારા પ્રેમમાં તો હું ઘેલો થઈ ગયો છું. તારા વાસ્તે હું જે કાંઇ કરૂં તે થોડું જ છે, અરે મારી બુલબુલ આ મારી ખાલનાં સપાટ તારે પહેરવાને વાસ્તે શીવડાવું તો પણ તે થોડાજ છે!!"

" અરે ખમા ખમા મારા મહેરબાન, વારી જાઉં રે મારા પાતળીઆ પર, હું મરી જાઉં રે મારા વ્હાલા તમારા મુખડા ઉપર? ઓાળ ઘોળ થઈ જાઉં!!"

" મેરી જાન,

'ઇસ કમલ કરકે પરસસે મન મેરા પરસન હુવા,
ધન કે અયસી લક્ષ્મી કે રૂપકા દરશન હુવા.'

" મેરે માલીક.

'આપ આયે બુલંદ શાન હુઇ;
યેહ જમીન આજ આસમાન હુઇ.'

" અચ્છા જાન અબ જરા ચકાચકી હોને દો!"

" હજુર કયા ચહીએ?"

" રંગપાની એના વિના બધુ ધુળધાણી!"

"હાંજી મેં અભી લાઉં ! અબે મોહની, પેલા કબાટ ખોલકે શરાબકા શીસા લાવ; મેરે યારકો મેં અચ્છી તરેહસેં આજ રીઝાઉં ! !"

" હાંજી મેં અભી લાતી હું "

" મેરે માલીક,

'શરાબે નાબ હય હર રંગકી અપને પિયાલેમેં,
બ્હો તુર્રા કૌનસા ગુલમેં હય કયા હયશાખ લાલેમેં;
ન ક્યું હે લાખ મસ્તાના અદાયેં મેરે નાલેમેં;
ગદાયે મય કહા હું હર તરહકી હય પિયાલેમેં.'

" લીજીએ જીનાબ"

" નહીં જી આપ પહીલે લીજીએ !"

" નહીં આપ લે લો !!"

" હાં અયસા લાવ મેરી જાન લાવ ! વાહ વાહ શરાબ શરાબ તેરા વિના સબ બાના ખરાબ, ખરાબ" કહીને મધુકરે પ્યાલા ઉડાવવા માંડયા, જોડે મોઘાને પણ પાવા માંડયા; મોંઘાએ પણ બમણા ને તમણા મધુકરને આપવા માંડયા; !!"

" વાહ વાહ આજની રંગીયામણી રાત કેવી આનંદકારી લાગે છે; સારી દુનિયાં રંગમા ઝુલતી જણાય છે !!"

" હાં મારા વ્હાલા જે ન પીએ શરાબ, તેના ખાણા ખરાબ; જે ન પીએ શરાબ તેની જીંદગી બધી બરબાદ બરબાદ. !!"

" મારી માશુક જે પીએ શરાબ તે સારા શહેરનો નવાબ."

" મેરે આશક આજકા રંગ તો બડા નિરાલા હય !"

" સચ્ચ મેરી માશુક અબ તો જીગરમેં ગરમા ગરમ મશાલા હય. "

" મેરે નવાબ આજ તો આપકી બોલબાલા હય ! "

" મેરી પરી તેરી અંખીયા તો જાદુકા ભાલા હય; સુન લે,

'નયન કટીલે બયન રસીલે સેતશામ મતવારી આંખે,
અબરૂ ખંજર પલકે જમ ઘર ચિતવન તિર કટારી આંખે;
ગોરા ગોરા મુખડા તેરા ઉસ પર કારી કારી આંખે,
મેરે મનકો ઘાયલ કરકે લજા ગઇ બે ચારી આંખે.'

"ફીદા, ફીદા ગુલઝાર, મેં તોપે બલિહાર, આફરીન ફીદા "

આ પ્રમાણે લવારી કરતો મધુકર દારૂનો ખુબ નિશો ચડવાથી ચકચુર બની જમીન પર ઢળી પડયો; તેની સાથે મોંઘા પણ ચતિપાટ ઢળી પડી; ધબકારાના અવાજથી તેની દાસી તથા નોકર ચાકર દોડી આવ્યાં, અને બંનેને ઉચકીને બિછાનામાં નાખ્યાં ! ! " વિબુધ વાંચકો આ તે વારાંગનાનો વિલાસ કે અર્ધાંગનાનો ત્રાસ ? ? "

પ્રકરણ ૨ જું.

સુધારાની હવાઇ કે ભુંગળ વિનાની ભવાઇ?

દોહરો.

બે મુખવાળી ચાકલણ, તોય અંધની અંધ;
ભણ્યા સુધારક તોય પણ, ધડા વિનાના ધંધ.

હાથી રથ તથા ઘોડા ઉપર બેસીને ધનવાન મુઢ પુરૂષો ભલે ફરે, અને ધન રહિત બુદ્ધિમાન્ પુરૂષો ભલેને પગે ચાલતા ફરે, પણ એતો નક્કી સમજવું કે પર્વતના શિખર ઉપર ઉંચે ચઢીને બેઠેલી કાગડાની પંક્તિ તે કાંઈ હેઠે પૃથ્વી ઉપર વિચરતા રાજ હંસોની તોલે કદી પણ આવે જ નહી!!

ભાવે શીખે શુદ્રો સદા બહુ ભેદ ભાષાના ભણે;
સદ્‌ગૃહસ્થ મન સોશાયને સન્યાસી સોનૈયા ગણે.
વૈદ્ય કરે વાળંદ વસ્ત્રો વાવરી સંચે વણે;
પાયે પડ્યું પોલાણ પણ ફેશન આવી આંગણે.

અગ્નિ જળ વડે, તડકો છત્ર વડે, હાથી અંકુશ વડે, બળદ પરોણા વડે, ગધેડું ડફણા વડે, રોગ ઔષધી વડે અને વિષ મંત્ર વડે નિવારણ કરી શકાય છે, પણ પંડિત

મન્ય મુર્ખની મુર્ખતા કોઇપણ ઉપાયથી નિવારણ થઇ શકતી નથી, અર્થાત્ અર્ધદગ્ધને વાસ્તે એક પણ ઉપાય નથી ! !

* * * *

સુધારાના સારથીનું મારથીપણું ન કામ;
કામ ન જો કીધું તેણે ધારેલું જ ધીરથી.
ચાલતામાંથી ચળાવી ધારેલામાં ધક્કો મારી;
પરાયાને પીડે પોતે પરો રહે પીરથી.
નિર દરશાવે નેણ વડા વડા વદે વેણ;
કેણી તેવી રેણીમાં રમાય નહીં વિરથી.
ધિ:ક એવા ઢોંગીલાને વદે મહાસુખ સુખ;
મંજન કરાવો મુખ તેનું ખાળ નીરથી.

માનવીના મુખની મધુરી વાચાથી વદાતી મધુરી મુંબાઇનો બહાર આજ કાલ કાંઇક ઓરજ છે. ધનાઢયોનું બાગ વિલાસીઓનો વિરામ અને પ્રવાસીઓના આનંદાશ્રમ તરીકે આલેખાતી અલબેલી મુંબાઇની મઝા ન્યારી જ છે. કળા કોશલ્યનો ભંડાર ધંધા રોજગારનું બજાર અને નોકરી ચાકરીના ચરખા તરીકે ચિતરાતી સુંદર મુંબાઇનો દોર દમામ કાંઇક ભારીજ છે. અક્કલની ગાગર, ફેશનના સાગર અને સુંદરતામાં નાગર તરીકે મનાતી સોનાની મુંબાઇની તો યાર બલિહારી જ છે. નસીબની ત્રાપ, ધંધાની ધાપ અને ઉસ્તાદીની છાપ તરીકે છપાતી છેલછબીલી મુંબાઇની તો અવધીજ છે ! દોઢીઆની માળા, લાલમબાજીની શાળા અને મોહનીની જવાળા તરીકે જાલીમ જણાતી જાગતી જાદુગરી મુંબાઇની તો વાત જ શી કરવી ! જુવાનીઆની

મુંબાઇ, ખીસ્સાના તર અને હૈયાના ફુટની મુંબાઈ, વહી ગએલાની મુંબાઈ અને મરણીઆની મુંબાઈ તે મુંબાઇ જ છે. પલકમાં હાથીને હોદ્દે બેસાડનાર અને પલકમાં ગધેડાની પીઠ પર ચઢાવનાર માત્ર એક મુંબાઇ જ છે! અમીરને ફકીર બનાવનાર અને ફકીરને અમીર બનાવનાર એક જાગતી જંત્રી રૂપ ફકત મુંબાઇ છે! બાબાશાઇનાં ઘેબર અને મુંબાઇગરાના રોટલા ઓટલા ઉપર આપનારી ફકત એક ફાંકડી મુંબાઇ જ છે. મોહમયી, હીરણ્યમયી અને મોત મયી માતા ફકત એક મુંબાઇ જ છે. લાલા લોક એટલા સારૂ જ મુંબાઈની બલિહારી અને બોલ બાલા બોલે છે કેઃ—

ગજલ.

સોનેકા હોવે ઇરાદા યાર ફક્કડ છેલ લાલા,
કમર કસકે ખડે થાના શહેર મુંબાઇ ચલે જાનાઃ-૦
લેના હોટલકી હાવાઇ પીના બોટલકી દાવાઇ,
મોટર બોટ ટ્રામમેં ફીરના શહેર મુંબાઇ ચલે જાનાઃ ૦
ગલે લો ઇશક ગુલકે ગજરા દેખો રંડીકા નાચ મજરા,
ખીસ્સેમેં રખો ખુબ નજરા શહેર મુંબાઇ ચલે જાનાઃ-૦
પયસેકી કરના બોલ બાલા પીછે શીર લેના દીવાલા,
ખુદાકી ધરો હાથ માલા શહેર મુંબાઇ ચલે જાનાઃ-૦

મુંબાઇ મારી માવડી કમાવે રૂપીઓ અને દેખાડે પાવલી, તેમાં બે આનાની ગાવડી એવી મુંબાઈ મારી માવડી! (મુંબાઇ જાશું સુખીઆ થાશું હલવો પૈંઆ ખાશું, દરિયા કેરાં દર્શન કરીને ગીત રૂડેરાં ગાશું); ઉકત કહેવત વાળી મુંબાઈ જે પહેલાં

થોડા વરસ ઉપર માછીમારોનું ગામડું હતું તે અત્યારે એક અવનવિ ઈંદ્રપુરીની શોભા ધારણ કરી રહી છે. આ મુંબાઇપુરીમાં આપણી નવલકથાના પિતામહ ફાધર વિલિયમ પુરૂષોતમરાયજી તેમના કુટુંબ કબિલા અને મિત્ર મંડળ સહીત તેમની પૌત્રી કપિલા જેને અવળચંડી કન્યા તરીકે આલેખવામાં આવી છે તેના લગ્ન કરવા સારૂ થોડાક દીવસથી આવી રહેલા છે. તેમના લગ્ન રંગમાં ભંગ પાડનાર તેમના શુભેચ્છકો અમદાવાદમાં ઘણા હોવાથી ડોસાએ મુંબાઈ જ લગ્નકાર્ય સારૂ પસંદ કર્યું છે. જેવો સુંદરલાલ બારીષ્ટર થઇને વિલાયતથી મુંબાઈના કાંઠા ઉપર પગ દે કે તરતજ કપિલાનાં સુધરેલાં તદ્દન નવી ઢબનાં લગ્ન કરવાં અને સુધારા સમાજની કારમી બોલ બાલા બોલાવરાવી પોતાની વાહ વાહ કહેવરાવવી એજ ઈરાદે તેમણે અમદાવાદ છોડી મુંબાઇ પસંદ કર્યું છે. તેમના મિત્ર વરજીવનદાસ હરજીવનદાસ બારૈયાના બંગલામાં તેમણે ધામા નાખેલા છે. બંગલાના કમ્પાઉન્ડમાં તેમણે એક સુંદર શામીઆનો બારૈયા શેઠ પાસે ઉભો કરાવેલો છે. બારૈયા શેઠને કાંઇ પણ સંતાન નહીં હોવાથી તેમના મિત્ર વિપ્ર ગૃહસ્થ પરસોતમરાયની પૌત્રીનું કન્યાદાન આપવાનું પોતે ઘણા ઉમંગથી પસંદ કર્યું છે. આજરોજ સુન્દરલાલ આવનાર છે અને સાંજનાં તેનાં લગ્ન નિરધારવામાં આવેલાં છે. સુન્દરલાલના મિત્રો તથા તેનાં માતા પિતા પણ બે ચાર દીવસ અગાઉથી મુંબાઇ આવીને રહેલાં છે. ડોસાએ સુન્દરલાલનાં લગ્ન તદ્દન નવી ઢબનાં કરવાનું પસંદ કરેલું હોવાથી વરઘોડા વીગેરેની કડાકુટ કરવાની માંડી વળાએલી છે. ફક્ત વરરાજા સાદા પોશાકમાં મોટર-

કારમાં કે વિકટોરીઆમાં બેસી પોતાના મિત્રમંડળ સહીત બેન્ડના સરોદ વગડાવતા કન્યા ગૃહે આવે એવી યોજના યોજી મુકેલી છે. મુંબાઇના નામાંકીત સુધારકોને બે દીવસ અગાઉથી આમંત્રણ આપી દીધેલાં છે. ગોર મહારાજનાં લફરાં આ લગ્ન વખતે કાઢી નાખી એક ફાદરી, પાદરી અને આર્યસમાજીષ્ટ ગૃહસ્થની ત્રિપુટી વરકન્યાના હસ્ત મેળાપ સારૂ તૈયાર કરવામાં આવી છે. એકંદર રીતે કાંઇ ઓર અને અવનવી યોજના આ લગ્ન કાર્ય સારૂ યોજાએલી છે. મુંબાઇમાં આ થનારા લગ્ન વિષે જાણુવાની અને જોવાની ઘણાક લોકોની લાલસા તલપાપડ થઇ રહી હતી.

એપોલો ઉરફે પાલવા બંદર પર આજરોજ વિપ્ર કોમના ઘણાક આગેવાન નામીચા અને જાણીતા સુધારક ગૃહસ્થોની જબરી ભીડ સુંદરલાલ બારીષ્ટરને લેવા સારૂ વેલકમ કરવા સારૂ અને માન પાન આપવા સારૂ થઇ રહી છે. સુંદરલાલના ઘણા મિત્રો અમદાવાદથી અને બીજા શહેરોમાંથી, મુંબાઇ સુંદરલાલનો આદરસત્કાર કરવા સારૂ આવેલા છે. મુંબાઇના પણ કેટલાક સ્કુલ ફ્રેન્ડો આ મીલાવડામાં સામેલ થએલા છે. બરાબર વિલાયતની સ્ટીમર પરશીઆનો આવવાનો રાએતા મુજબનો વખત થવાથી સલામતીની તોપ ફોડી, પરશીઆ મુંબાઇના બારામાં દાખલ થઇ. જબરા પુફાટા અને સુસવાટા મારતી પાણી કાપતી સ્ટીમર જોતજોતામાં લંગર કરવાને સ્થળે આવી ઉભી રહી. નાની નાની જૉલી બોટો સ્ટીમર પાસે ઉતારૂઓને લેવા ઉતાવળી ઉતાવળી હંકારાવા લાગી. મીલાવડાના આગેવાન ગૃહસ્થો સુંદરલાલને લેવા સારૂ જૉલી બોટમાં બેસી સામા ગયા. સુંદરલાલ

તેના એક જબરા સુંદર ન્યુફોલાંડ ડોગ કુતરા સાથે બોટમાં બેસી કીનારા પર આવ્યો. કીનારા પર સુંદરલાલે પગ મુકતાં જ હુરરેના પોકારોથી, ફુલોના વરસાદથી અને તાળીઓના ગડગડાટથી તેના વખાણનારોએ તેને વધાવી લીધો. તેના ગળામાં ફુલોના હારના ઢગલા થઇ ગયા; ફુલની છડીઓનો તો પાર જ ન રહ્યો! પા એક કલાક સુધી બંદર પર વિશ્રાન્તી લીધા પછી સર્વ સાજન મંડળ મ્હાજન મી. સુંદરલાલ બારીષ્ટર અને તેના એસ્કવાયર દોસ્ત મી. ન્યુફોલાંડ ડોગને મોટરકારમા પધરાવી ગાજતે વાજતે શહેર ભણી કુચ કરવા લાગ્યું; રસ્તાઓમાં તેના મિત્ર મંડળની ગોઠવણુ મુજબ ઠેર ઠેર હાર તોરા તેના ગળામાં પડવા લાગ્યા. જેમ જેમ હાર તોરાઓના ભારથી સુંદરલાલ બારીષ્ટર સાહેબ અકળાવા લાગ્યા તેમ તેમ તે સાહેબ પણ થોડા થોડા હાર તોરા તેમના માનીતા મિત્ર ન્યુફોલાંડ ડોગને પહેરાવતા ગયા. શેરડીને લીધે એરંડો અને દીવાને લીધે જેમ કોડીયાં પુજાય તેમ બારીષ્ટર સાહેબને લીધે ન્યુફોલાન્ડ ડોગ પણ હાર તોરાથી માન પામવા લાગ્યો ! ! બારીષ્ટર સાહેબને તેમના ઉતારામાં મુકી સર્વ સાજન મંડળ વેરાઇ ગયું; બારીષ્ટર સાહેબના સગા વ્હાલાઓએ સર્વ સાજન મંડળને સાંજે લગ્નમા આવવાનું ઇજન આપ્યું. તમામ લાગતા વળગતાઓ બારીષ્ટર સાહેબની સાંજના લગ્ન સારૂ તાલમેલ કરવા સારૂ મંડી પડયા. આ બાજુ પરસોતમરાયજી અને વરજીવનદાસજી સાંજના લગ્ન મંડપની યોજનામાં જીવ તોડી કામકાજ કરવા સારૂ મંડી પડયા. જોત જોતામાં બપોરનો સમય વ્યતિત થવા લાગ્યો. લગભગ સાંજના સાત વાગ્યા, વરરાજાને

આવવાનો ફક્ત એક કલાક બાકી રહ્યો. તમામ ફેમીલી બંગ-
લામાંથી શામીઆનામાં આવ્યું.

શામીઆનાની રચના પણ ઘણીજ ચિતાકર્ષક અને સુંદર રચવામાં આવી હતી. મંડપના ચોગાનમાં બાટલી બોઈનું જાણીતું બેન્ડ હાજર રાખવામાં આવ્યું હતું. આખા શામીઆનાને આસોપાલવના તોરણથી તથા ફુલ પાનથી અચ્છી રીતે શ્રૃંગારવામાં આવ્યો હતો. વિજળીક પંખા તથા લાઇટ પણ મનહર રીતે મંડપમાં ગોઠવવામાં આવી હતી. શામીઆનામાં ત્રણ કમાનો પાડવામાં આવી હતી. એક કમાનના દરવાજા A એમાં મુસલમાન બિરાદરોની બેઠક ગોઠવવામાં આવી હતી. બીજી કમાનના દરવાજા B બીમાં હીંદુ ગૃહસ્થોની બેઠક ગોઠવવામાં આવી હતી; અને ત્રીજી કમાનના દરવાજા C સીમાં પારસી ગૃહસ્થો તથા યુરોપીઅન ગૃહસ્થોની બેઠક ગોઠવવામાં આવી હતી. વચલા દરવાજામાં સામે ગેલેરી પર એક નાનું સિંહાસન વરરાજા સારૂ ગોઠવવામાં આવ્યું હતું. તેની જોડે છેક નાનું સિંહાસન મી. ન્યુફોલાન્ડ ડોગને વાસ્તે હતું; અને તેની જોડે પહેલા જેટલું બીજું સિંહાસન કન્યા સારૂ ગોઠવવામાં આવ્યું હતું. એ કમાનના દરવાજા પર સામ સામે નવનીતલાલ તથા ગીરજા ગવરી મુસલમાન ગૃહસ્થોની સરભરા સારૂ મનમોહક પોશાકમા સજ્જ થઈ ઉભાં રહ્યાં હતાં; તેનાથી થોડેક દુર તદ્દન અંગ્રેજી પોશાકમાં મડમના ડ્રેસમાં કેસર દરવાજાના અંદરના ભાગમાં એક ઇંગ્લીશ ચેર પર ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ વાંચતી બેઠી હતી. બી- કમાનના દરવાજા પર સામ સામે મી. વરજીવનદાસ અને

લાડકોર મુંબાઇગરા મનહર ડ્રેસમાં હીંદુ ગૃહસ્થોની સરભરા સારૂ સજ્જ થઇ ઉભાં રહ્યાં હતાં; તેનાથી થોડેક દુર ફાધર વિલિયમ પુરૂષોતમરાયજી એક ઇઝીચેરમાં આરામ લેતા બેઠા હતા. સી કમાનના દરવાજાપર સામ સામે નવલશંકર અને સુભદ્રા સુંદર વસ્ત્રાલંકારથી સજ્જ થઇ ઉભાં રહ્યાં હતાં; તેમને સારી રીતે પારસી તથા યુરોપીઅન ગૃહસ્થોની સરભરા કરવાની હતી; તેનાથી થોડેક દુર કાન્તા તદ્દન અંગ્રેજી પોશાકમાં મડમના ડ્રેસમાં સજ્જ થઇ એક ઇંગ્લીશ ચેર પર બેસી એડવોકેટ ઓફ ઇન્ડીઆ વાંચતી બેઠી હતી. આ સિવાય રસિકલાલ તથા લલિતા બીજા ફાલતુ કામમા ગુંથાયાં હતાં. કુસુમને ગૃહસ્થોની સરભરા કરવા સારૂ પુષ્કળ સમજાવવામાં આવી હતી પણ તેણે છચોક ના પાડી હતી. મધુકર કુસુમને તેની મરજી ઉપરાંત પોતાના માંદાં મા બાપને રઝળતાં મુકી અમદાવાદ છોડાવી મુંબાઇ લાવ્યો હતો. મધુકરને સુંદરલાલની સરભરા કરવા સારૂ ખાસ કરીને રોકવામા આવેલ હતો. છેલશંકર વકીલને બહારના કામની ગોઠવણ સારૂ રોકવામાં આવ્યા હતા. કુંદન, મણીલક્ષ્મી, જયન્તીલાલ અને મામા અમીધરપ્રસાદ ખાસ કરીને રાયજી તરફ અણગમો બતાવી દુર ગેર હાજર રહ્યાં હતાં. આ પ્રમાણે રાયજીનું આખુ કુટુંબ લગન કાર્યમાં ગોઠવાઇ ગયું હતું. આમંત્રણ કરેલા આગેવાન સુધારકો ધીમે ધીમે મિત્ર મંડળ અને તેમની સ્ત્રીઓ સહીત આવવા લાગ્યા; બેન્ડ મધુર સરોદ વગાડી તેમનો સત્કાર કરવા લાગ્યું. ઉપરા ઉપરી વિકટોરીઆ અને મોટરકારોની દોડ ધામ થવા લાગી, ટ્રામ ગાડી પણ સાજન મંડળથી ઉભરાવા લાગી

બેન્ડ પણ વગર વિશ્રાન્તીએ એકદમ વાગવા લાગ્યું ! આખો બંગલો વરઘોડીઆ ધામધુમથી ધમધમી ઉઠયો !

બીજી બાજુ સુંદરલાલ બારીષ્ટરને ઉતારે પણ જબરી ધામધુમ મચી રહી. ત્યાં પણ બેન્ડ વેલકમ સારૂ રોકવામાં આવ્યું હતું. સાડાસાતનો અમલ થતાજ સર્વે સાજન મંડળથી સુંદરલાલનો ઉતારો ખીચોખીચ ભરાઇ ગયો. સુંદરલાલ પણ વરરાજાનો જામા મંડીલ અને દુપટ્ટાનો પોશાક પરહરી ફક્કડ અંગ્રેજી પોશાકમાં સજ્જ થઇ ગયો. તેને વરરાજાની નિશાની તરીકે હાથમાં શ્રીફળ આપવામાં આવ્યું; તે શ્રીફળ હાથમાં નહીં ઝાલતાં રૂમાલમાં વીંટી મોટરકારમાં મુકવામાં આવ્યું; બારીષ્ટર સાહેબ પણ ઘોડે નહીં ચઢતાં મોટરકારમાં બિરાજ્યા. તેમની જોડે તેમના બીજા બે પરમ મિત્રોને પણ બેસારવામાં આવ્યા; વરરાજાની પાયગા ઉપડવાની જબરી તૈયારી થઇ; પણ આ વખતે તેમના સાચા દોસ્ત ન્યુફોલાન્ડ ડોગ સાહેબ મોટરમાં જણાયા નહી, જ્યાં સાજન ચાલવા માંડયું અને બેન્ડ વાગવા માંડયું કે તરતજ બારીષ્ટર સાહેબનું ડોગ સાહેબ સારૂ ધ્યાન ખેંચાયું. મોટર ચલાવવી બંધ રખાવી અને તરતજ ડોગને લાવવાની ભલામણ કરી. બારીષ્ટર સાહેબના વડીલોએ ડોગ તરફ સખત અણગમો બતાવ્યો અને કહ્યું કે લગનમાં કુતરૂં શોભે નહીં; આથી બારીષ્ટર સાહેબનો મિજાજ હાથથી ગયો અને તરતજ તેમના મિત્ર કાન્તીલાલને ડૉગ લાવવા સારૂ હુકમ કર્યો.

"વેલ મી. કાન્તીલાલ પ્રીંગ માઇ ન્યુફૅાલાન્ડ ડોગ કવીકલી !'

"સાહેબ મેરેજ સેરીમનીમાં ડૉગ શોભે નહીં!"

"વેરી સોરી, મારે ડૉગ વગર ઘડી પણ ચાલશે નહીં."

"આ વખતે ડાગ વિના ચલાવી લ્યો સાહેબ; નહીંતો તમારી હાંસી થશે."

"વેલ માય ફ્રેન્ડ કાન્તીલાલ ડુ યુ નો? માઇ હાર્ટીએસ્ટ ફ્રેન્ડ ઇઝ માઇ ન્યુફોલાન્ડ ડૉગ! માઇ એડીકાંપ, માઇ પ્રાઇવેટ સેક્રેટરી એન્ડ માઇ બૉડી ગાર્ડ ઇઝ માય ઓનલી મી. ન્યુફૉલાન્ડ ડૉગ એસ્કવાયર!"

"વેરી વેલ ધેન આઇ મે જસ્ટ બ્રીંગ હીમ હીઅર." આ પ્રમાણે કહી કાન્તીલાલ ન્યુફાલાન્ડ ડૉગને લેવા સારૂ ઉતારામાં ગયો. આખા સાજન મંડળમાં કુતરા ગૃંથ ધી જબરી ચર્ચા ચરચાઈ રહી. કેટલાક તો બારીસ્ટર સાહેબની તીખી મીઠી મશ્કરીઓ કરવા લાગ્યા. કેટલાક જાહેરમાં બોલવા લાગ્યા અને કેટલાક ખાનગીમાં ધીમે વાત કરવા લાગ્યા, જેને જેમ ફાવે તેમ ચર્ચા કરવા માંડી; આખા વરઘોડામાં ડૉગ ચેપટર ચર્ચાઇ રહ્યું!! છેવટે કાન્તીલાલ, કુતરાને લાવ્યા; કુતરાને જોયો કે તરતજ સુંદરલાલનું મોંઢુ મલકાઇ ગયું; અને મોંમાંથી નીકળી પડયું કે "કમઓન ડીઅર ટૉમી કમઓન!" ટૉમી ટપ લેતાક મોટરમાં ચઢી બેઠો. ન્યુફૉલાન્ડ ડોગ દેખાવમાં સિંહના જેવા વિકાળ અને ગંભીર રાતી આંખવાળા હોય છે. તેને જોતાંજ કાચા પોચા માણસનાં તો પોતીયાં ઢીલાં થઇ જાય છે. મોટરમાં ટોમી જેવો બેઠો કે તરતજ સુંદરલાલના બે ભાઇબંધ ટોમીની આંખ જોઇને થરથરી

હેઠે ઉતરી પડયા. સુંદરલાલે તેમને બેસવા ઘણો આગ્રહ કર્યો પણ તે બેઠાજ નહીં. છેવટે લગ્નનું સરઘસ ચાલવા માંડયુ અને બેન્ડ મધુર રાગ વગાડતું આગળ વધવા માંડયું. વરઘોડો જોત-જોતામાં ધમકારા બંધ આગળ ચાલવા લાગ્યો! વરરાજાને ઇંગ્લીશ પોશાકમાં મોટરમાં બેઠેલા જોઇ જતા આવતા લોક ઘણા વિસ્મય થવા લાગ્યા; તેમ વરરાજા જોડે કુતરો બેઠેલો જોઇ કેટલાક અ-ચંબામાં પડી વરરાજાની મૂર્ખાઇ પર હસવા પણ લાગ્યા. કેટલાકે ધાર્યું કે મોટરમાં બેઠેલા બારીષ્ટર સાહેબ કુતરો પરણાવવા જતા હશે; અને કેટલાક તો મશ્કરીમાં કહેવા લાગ્યા કે ભાઇ કુતરો બારીષ્ટર સાહેબને પરણાવવા જાય છે. આ પ્રમાણે વરરાજાની વાત મુંબાઇમાં છેક એક છેડેથી કે બીજા છેડા સુધી થવા લાગી. આખા મુંબાઇમાં મેરેજની ચર્ચા જબરી રીતે ચરચાવા લાગી! છેવટે વરઘોડો છેક બારૈયા સાહેબના બંગલાની નજીકમાં આવી પહોંચ્યો! બગલાવાળા બેન્ડે વરઘોડાને સારી રીતે સલામતી આપી વરઘોડાવાળા બેન્ડે બંગલાવાળા બેન્ડનો આભાર માની વળતી સલામતી લીધી. તમામ સાજન મંડળ બંગલાના કમ્પા-ઉન્ડમાં દાખલ થયું. બારૈયા શેઠ તરફથી સાજન મંડળને સારી રીતે હેત ભર્યો આવકાર મળ્યો. તમામ સાજન શામીઆનામાં ગોઠવાઇ ગયું. વરરાજા સુંદરલાલ બારીષ્ટર સાહેબ પણ અણુવર મી. ટોમી ડોગને લેઇ ગેલેરી પર પોતાની બેઠક પર બેઠક લીધી. કુતરાને સારૂ એક નાની ફેન્સી બેઠક ગોઠવાએલી જોઇ ઘણોજ આનંદ પામી; થેન્ક યુ અને ગ્લેડનો વરસાદ વરસાવી ટોમી ડોગને બેસારી પોતે બેસી ચીરૂટ કાઢી સળગાવી પીવા મંડયા!! આખા

શામીઆનામાં વિરાજમાન થએલા સાજન તથા મહાજન મંડળમાં બારીષ્ટર વરરાજા મી. સુંદરલાલ અને ટોમી ડોગ સંબંધી ધીમી ધીમી વાતચીત વિસ્મયતા અને અંચબા સાથે થવી શરૂ થઇ !!

નવીન ઢબના લગ્ન મુજબ વરરાજાને પણ નવીન ઢબમાંજ આવકાર અને સત્કાર મળ્યો ! શરૂઆતમાં કુમારીકાઓએ હારમોનીયમ વાજાના મધુર સ્વર સાથે મંગળ ગાન ગાઇ વરરાજાને આશીર્વાદ આપ્યો !! આખા શામીઆનામાં હવે શું થશે તે નિહાળવા સારૂ ગંભીર શાન્તી પથરાઇ ગઇ. શરૂઆતમાં બારૈયા શેઠ મી. વરજીવનદાસ ઉભા થઈ પોતાના બુલંદ અવાજે સાજન મંડળનો સત્કાર કરી મુંબાઇના સુધારક મ ડળને પોતાના મિત્ર મી. પુરૂષોત્તમરાયજીની ઓળખાણ આપવી શરૂ કરવા લાગ્યા-

"મહેરબાન શેઠીઆઓ અને સન્નારીઓ બ્હેનો !!

આજ રોજ આપ સાહેબોને મારા મિત્ર મી. પુરૂષોત્તમરાયજીની ઓલખાણ આપવા ઇચ્છું છું. મી. પુરૂષોત્તમરાયજી જે તમારી સમક્ષ બિરાજમાન થયા છે, અને જેમણે આ સુધારાવાળુ તદ્દન નવીન ઢબનું લગન આદરવું શરૂ કર્યું છે તે ગૃહસ્થ શહેર અમદાવાદના વતની છે. તે એક સારા ઘણાજ ઉંચા જાણીતા અને નામીચા પુરાતની કુલીન કુંટુંબના ગૃહસ્થછે. તેમના બાપદાદાએ અમદાવાદની વિપ્રકોમની ન્યાતમાં ઘણાંજ જાણવા લાયક કામો કીધેલાં છે. તે સાહેબને ત્રણ દીકરા અને બે દીકરીઓ છે. વળી તેમને ત્રણ દીકરાની પણ ત્રણ દીકરીઓ છે. પોતે સુધારાના ચુસ્ત હીમાયતી છે. આપણી પાયમાલી કરનારા જૂના રીતી રીવા-

જોના તેવન એક કટ્ટા દુશ્મન છે. સ્ત્રી કેળવણીના તે એક ચુસ્ત ચુનંદા એડવોકેટ છે ! ! આપ સઘલા જાણીને ખુશી થશો કે તે સાહેબની પાંચે પુત્રીઓ બી. એ. માં પાસ થએલી છે. તેમાંની ત્રણ દીકરીઓનાં તેમણે લગ્ન કીધેલાં છે. તે ત્રણે દીકરીઓના વર પણ બી. એ. પાસ થએલા કેળવાએલા સુધારાના હીમાયતી છે. તેમની કાન્તા નામની દીકરી જે બે વર્ષ ઉપર રાંડેલાં (વિધવા થએલ) હતાં તેમનાં પણ પુનર્લગ્ન મી. છેલશંકર વકીલ સાથે ગયા વરસમાં કરી વિધવા વિવાહની તેમણે સારી રીતે બોલબાલા બોલાવી છે. આ ઉપરથી આપ જાણીને ખુશી થશો કે તેવન કેટલા બધા સુધારામાં આગળ વધેલા છે ! સુધારો સુધારો મોઢે કહેવો અને તેનાં લાંબાં લેકચરો આપવાં તે ઘણાં સ્હેલ છે પણ વખત આવે પોતે સુધારો પોતાના કુંટુબમાં કરી દેખાડવો તે ઘણું ડીફીકલ્ટ છે. કઠીન છે, મુશ્કીલ છે. ચાલુ જમાનામાં સેલ્ફ સેક્રીફીસ જાતી ભોગ આપનારા સુધારકોની ઘણીજ ખોટ છે; તો સાહેબો આવા ટાઇમમાં મી. પુરૂષોત્તમરાયજીએ જે આવુ ઉમદા કલ્યાણી અને પરોપકારી સુધારાનું પગલું ભર્યુ છે તે મારા માનવા મુજબ ઘણુંજ ઉત્તમ છે ! ! હું ધારૂં છું કે આપ સાહેબો પણ એવણુ સાહેબનું અનુકરણ કરી સુધારાનો વિજય કરશો ! ! આજ રોજ તેમની પૌત્રી કપીલા જે બી. એ. પાસ થએલાં છે તેનાં લગ્ન સુંદરલાલ સાહેબ સાથે થનાર છે. સુંદરલાલ સાહેબ પણ ઘણાજ ખાનદાન ફેમીલીના નબીરા છે. તેમણે છેક વિલાયત જઇને બારીષ્ટરની પરિક્ષા પસાર કરી છે. તેમની ન્યાતમાં તે સાહેબનું દૃષ્ટાંત બારીષ્ટર સાહેબ તરીકે પહેલુંજ છે ! તે પણ સુધારાના

સારા હીમાયતી છે! આપણા લોકમાં લગ્ન મેરેજમાં ઘણીજ કુચાલો અને ઉડાઉ રીત રસમો રહેલાં છે; તે રીત રસમને મારા મિત્ર પુરૂષોત્તમરાયજીએ સારી રીતે તિલાંજલી આપેલી છે; અને પરદેશ ગમનને અંતઃકરણથી ચાહે છે. વિલાયત જઇ આવનારને આપણા લોક ન્યાત બહાર મુકે છે અને તેને અનેક રીતે કનડે છે; તેની સાથે ભાણા વ્યવહાર તથા બેટા બેટી વ્યવહાર બીલકુલ રાખતા નથી, તે આપ સાહેબોની જાણમાં છે; તો તે અનિષ્ઠ રીત રીવાજોને કોરે કરી મારા મિત્ર મી. પુરૂષોતમરાયજી સુંદરલાલ બારીષ્ટર સાહેબને હેત ભર્યા આવકાર આપવા સારૂ ખાસ કરીને મુંબાઈ આવેલા છે, અને સુધારાનો સારો ઘડો મળે અને પરદેશ ગમનનો વિજય થાય તથા લોકો સારી રીતે સુખી થઇ દેશનું કલ્યાણ કરે એમ ધારી તેમણે પોતાની પૌત્રી કપિલાનું લગ્ન પણ આ વખતે કરવું ઉચીત ધારી અહીંઆં ઘડીયું લગ્ન ઠરાવી આપ સાહેબોને બોલાવ્યા છે; તો હું આશા રાખું છું કે તમો દરેક સાહેબો મારા મિત્રના આ માંગલિક કાર્યને મુબારકબાદી આપી સુધારાનો વિજય વાવટો આખા દેશમાં ફેલાવશો!! આમીન! આમીન!!" આખા શામીઆનામાં મી. વરજીવનદાસના એડ્રેસથી આનંદની લાગણી ફેલાઇ રહી અને તાળીઓનો જબરો ગડગડાટ થઇ રહ્યો; મી. પુરૂષોતમરાયજી પણ છાતી કાઢી દમામમાં ઉભા થયા અને સાજન મ્હાજન મંડળને પ્રબોધવા લાગ્યા.

"મહેરબાન બાનુઓ અને ગૃહસ્થો!!

આપ સાહેબોએ મારા ઇજનને માન આપી અહીં પધારવા

જે તસ્દી લીધી છે તે સારૂ આપનો હું અંતઃકરણપુર્વક ઉપકાર માનુંછું. મને જે સારૂ લાગ્યું છે તે મેં કર્યું છે. સ્ત્રી કેળવણી અને સુધારો દેશોદય થવામાં સબળ સાધન છે એમ મેં માની તેની જબરી હીમાયત કરી છે; અને પ્રસંગ આવતાં જે કાંઇ થાય તે મેં તથા મારા કુટુંબે દુનિયાને કરી દેખાડયું છે!! લોકો મારા સબંધી ગમે તેવી કડવી મીઠી ટીકા કરે તેની મેં દરકાર રાખી નથી અને ભવિષ્યમાં હું રાખવા માગતો પણ નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે (લેટ કરેજ ખી પ્રુઙ બાય ડીડસ નોટ બાય વર્ડસ;) અર્થાત કામ કરી દેખાડો કહી ન દેખાડો; તે પ્રમાણે ચાલવા હું માગુછું. આપ જાણો છો કે સંસારમાં સ્ત્રી અને પુરૂષની એક ઉમદા જોડ છે. તે બનેથી દરેક કાર્ય થઇ શકે છે; અન્યો અન્યની મદદ વગર કાંઈ પણ કાર્ય થઈ શકતું નથી; એ નિર્વીવાદ છે. પુરૂષથી દેશની ઉન્નતી થઇ શકે છે અને સ્ત્રીથી ઘરની તથા કુટુંબની ઉન્નતી થઇ શકે છે. પુરૂષને દેશોદય સારૂ સદ્વિદ્યા તથા સુધારાની ખાસ જરૂર પડે છે અને સ્ત્રીને ઘર સંસારનાં ઉન્નતી સારૂ કેળવણીની મુખ્ય જરૂર પડે છે; એટલા સારૂ નેપોલીઅન જેવા સ્વદેશ પ્રેમી કહી ગયા છે કે "(કહે નેપોલીયન દેશને કરવા આબાદાન, સરસ રીત તો એજ છે કે દ્યો માતાને જ્ઞાન)" માટે મેં મારા કુટુંબની કન્યાઓ તથા સ્ત્રીયોને સારી રીતે સ્ત્રી કેળવણી આપી તેમને ઉન્નતીના શિખર ઉપર મુકી છે! બીજું આપણા આર્ય ઘર સંસાર વ્યવહારમાં લગ્ન એ એક અજબ ગુંચવણી ભર્યું અને મહાભારત કાર્ય છે. તેમાં ભલભલા ડાહ્યા પણ દીવાના થઇ જાય છે. પુરૂષ વર્ગને લગ્ન સારૂ

ઘણુંજ વેઠવું પડે છે. તેથી તન મન અને ધનની ઘણીજ ખ્વારી થાય છે. ઉભય પક્ષમાં લગ્નના ઉંધા અને આડા રીતરીવાજથી ઘણું જ આખી જીંદગી સુધી પૈસા ટકાનું દુઃખ વેઠવું પડે છે. દાખલા તરીકે કે એક કન્યાના બાપને કન્યાનાં લગ્ન કરતી વખતે વરને સારી રીતે પહેરામણી આપીને સંતોષવો પડે છે; પહેરામણીમાં કન્યાનાં માબાપને માથાના વાળ પણ ઘરાણે મુકવા પડે છે; તેમજ વરના બાપને વરના લગ્ન વખતે પણ ઘણુંજ વીતે છે જાન તૈયાર કરવી, આખી જાનને પરગામ પદરના પૈસાની ટીકીટો ખરચીને લઇ જવી; વરનો વરઘોડો કાઢવો, વાજાવાળા, ઘોડાવાળા અને બગીઓવાળાઓના બીલ ચુકવવાં; પોળના, ગામના, પાડાપાડોશી તથા સગા વ્હાલાઓને શ્રીફળ વહેંચવા, પૈસા વહેંચવા વગેરે આંધળુ અને લખલુટ ખર્ચ કરવું પડે છે; અર્થાત એક લગ્નનું કાર્ય કરી વરકન્યાનાં માબાપને એક દશકા સુધી ગરીબી અવસ્થામાં રહેવું પડે છે; એટલા માટે મેં મારી પોત્રીનાં સુધરેલાં નવીન ઢબનાં લગ્ન કરવા શરૂ કરેલ છે. આજ રોજ આપની સમક્ષ મારી પોત્રીના લગ્ન ગોર મહારાજ કે જે કેવળ વેદીયું ઢોર પોપટીયું કર્મકાંડનું જ્ઞાન જાણે છે; અને કેવળ અશુદ્ધ વિવાહ વિધી ઠોકી બેસારી લાકડે માંકડું વળગાડી દે છે; અને દાન દક્ષણા વખતે મોટું દરિયા જેવડું ડાચુ ફાડી રીસાઇ બેસે છે, અને જજમાનને સારી રીતે પજવે છે તે ગોર મહારાજને મેં આ વખતે દુર કરેલા છે, અને લગ્ન કાર્ય મારા વિદ્વાન આર્યસમાજીષ્ટ પંડીત મણી મિત્ર મહીધરપ્રસાદ મારા મિત્ર શેઠ વરજીવનદાસના મિત્ર મજમુદીન કાદરી સાહેબ અને રેવરન્ડ

પાદરી સાહેબ મી. આઉલના હાથથી થશે!! આ ઉપરથી આપ સહજ અનુમાન બાંધી શકશો કે આ લગ્નકાર્યથી હીંદુ મુસલમાન અને અંગ્રેજોમાં ભાઇચારાનો સંબંધ સારી રીતે વધશે અને સુધારો ઘણોજ મજબુત અને પગભર થઇ આગળ વધશે. આ ઉપરાંત મારા મહેરબાનો તમે જાણીને ખુશી થશો કે મારા માનવંતા જમાઇરાજ બારીષ્ટર સાહેબ મી. સુંદરલાલભાઇએ પણ મારૂં અનુકરણ કરી વરઘોડાના આંધળા ખર્ચને નાપસંદ કરી એક સાદી મોટરકારમાં બેસી પરણવા સારૂ આવી મને અત્યંત આનંદી અને ઉપકારી કર્યા છે. કેવળ નકામા ગાડી ઘોડા, નાળીએર અને પૈસા વહેંચવાનો રીવાજ, જામા, મંડીલ અને દુપટ્ટાનો ત્યાગ કરી તદ્દન તેમના સાદા ઇંગ્લીશ રાજ પોશાકમાં સજ્જ થઇ નવીન અને સુધરેલી રીતી પરણવાની અનુકરણ કરી છે તે તેમણે ઘણુંજ ઉમદા કાર્ય કર્યું છે. હું આશા રાખુછું કે આપ સાહેબો આ તેમના ઉજળા કાર્યને સારી રીતે વધાવી લેશો અને તેમનું તથા અમારૂં અનુકરણ કરી સુધારાને વધારે મજબુત બનાવી આગળ વધારશો! તથાસ્તુ! આમીન!!"

ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયજીનું ભાષણ જ્યા ખતમ થયું કે તરતજ થેન્કસનો વરસાદ વરસી રહ્યો! વરજીવનદાસ બારૈયા શેઠે લગ્ન કાર્યની તાકીદ કરવા માંડી. આ બાજુ લાડકોર શેઠાણી કપિલાગૌરીને શ્રૃંગારીને શામીઆનામાં લાવ્યાં, બીજી બાજુ બારીષ્ટર સાહેબ સુંદરલાલ સાહેબ પણ હસતા મુખડે આવ્યા; અને તેમની પાછળ તેમનો માનીતો ટોમી ડૉગ પણ પુંછડી હલાવતો વચ્ચોવચ આવીને ઉભો રહ્યો! એક મોટા ચાંદીના

થાળમા ફુલોના હાર લઈને વરજીવનદાસ શેઠ આવ્યા! બીજી બાજુ છડીઓનો થાળ લઇ રાયજી પધાર્યા!! જ્યાં બારૈયા શેઠ સાહેબે સાન કરી કે તરતજ મહીધરપ્રસાદ પંડીતજી આવીને ઉભા રહ્યા; બીજી બાજુથી કાદરી અને પાદરી સાહેબ પણ આવીને ઉભા રહ્યા; ત્રણુ પંડીતની ત્રિપુટીએ બારીષ્ટર સાહેબનાં લગ્ન કરાવવાં શરૂ કર્યા! શરૂઆતમાં પંડીતજીએ આશિર્વાદ વચન ઉચારી લગ્નમંત્ર બોલી વરકન્યાનો હુસ્ત મેળાપ કરાવ્યો અને બંનેજણુંના હાથમાં હાર તોરા અને છડી આપી; વરકન્યાએ અન્યોઅન્ય ગળામાં હારમાળા પહેરાવી, એક બીજાએ છડી લીધી અને આપી! ત્યાર બાદ કાદરી સાહેબે વરકન્યાને મુબારકબાદી આપી અન્યોઅન્ય પુષ્પમાળા પહેરાવી, અને છેવટે પાદરી સાહેબે પણ મુબારકબાદી આપી ફુલોના હાર અન્યઅન્ય પહેરાવ્યા! છેવટે બારૈયા શેઠે એક નાનો હાર ટોમી ડાગને પણ પહેરાવી બારીષ્ટર સાહેબને પસંદ કર્યા!! આ ક્રિયા જ્યા પુરી થઇ કે તરતજ રાયજીશેઠે લગ્ન ક્રિયા પુરી થઇ એવું સાજન મહાજન મંડળને જાહેર કર્યુ! બેન્ડે મધુરા સરોદ વગાડી વરકન્યાની સલામતી લીધી! આશરે અરધા કલાક સુધી સાજન મંડળમાંથી વરકન્યાને ચાંલ્લો તથા ભેટો આપવાનુ કામ ચાલ્યું!! આ કાર્યમાં એક અદભુત કુતુહલ અને કૌતક થયું જેથી શામીઆનામાં ખુબ આનંદ અને કાંક સ્હેજ ગભરાટ થઇ રહ્યો!! કૌતક એ થયું કે કોઇ કન્યાનાં દુરનાં સગાં માસા માસી બારીષ્ટર સાહેબને ચાંલ્લો કરવા આવ્યાં, માસા ચાંલ્લો કરી હાથમાં પાંચ રૂપીઆ મુકી કોરે ઉભા રહ્યા; માસી કાંક જુના વિચારનાં હતાં

તેથી તેમણે બારીષ્ટર સાહેબને ચાંલ્લો કરી નાક તાણવાનું અડપલું કીધું; જ્યાં નાક તાણ્યું કે તરતજ ટોમી ડૉગ કુતરો હાઉ હાઉ કરતો માસીને બાઝી પડયો; માસા કુતરાને દુર કરવા ગયા કે એક લોતીયું તરતજ ટોમીએ ભરી લીધું કે માસા એ ગોઠીમડાં ઓ મારા બાપરે કહી ખાઇ ગયા; અને માસીનો નવો સાળુ ટોમીએ ફાડી નાંખ્યો; માંડ માંડ બારીષ્ટર સાહેબે ટોમીને છોડાવ્યો; અને માસા માસીને ધીમે રહીને ઉઠાડી બારૈયા શેઠ હસ્તા હસ્તા બંગલામાં લઇ ગયા !! આ પ્રમાણે આ કૌતક પુરૂં થયું કે તરતજ મી. બારૈયા શેઠના સુધારક મિત્રો આ નવીન વરકન્યાના જોડાને મુબારક બાદી આપવા ઉભા થયા !!

"શેથીઆઓ !!

મી. બારૈયા અને રાયજીભાઇએ જે આ સુધારાનુ નવીન પગલું ભર્યું છે તે ઘણું ઉત્તમ છે. ઉ ડી રીતે જોતાં તેનાથી આપણા દેશનું કલ્યાણ છે. સ્ત્રી કેળવણી અને સુધારો એ આપણો મુખ્ય આધાર છે. જો આપણે જે કાંઇ ભવિષ્યમાં દેશ સુધારણાનું કાર્ય ઉપાડીશું તેમાં ઉપરનાં બે સબળ ચીફ સાધનની જરૂર પડશે !! તેટલા સારૂ પાણી પહેલાં પાળ બાંધવી એ કહેવત અનુસાર આપણે સ્ત્રી કેળવણી અને સુધારાના હીમાયતી થઇ આપણાં બાળબચ્ચાં તથા કૈમોલીને તેમાં આગળ પડતું કરીશું તો તેથી દેશનો ઘણો ઉદય થશે અને આર્ય પ્રજા સારી રીતે સુખી થશે માટે હું આશા રાખું છું કે તમો દરેક જણા આ સુધારાને હેત ભર્યો આવકાર અને ટેકો આપી મી. બારૈયા તથા રાયજીને થેન્કસ આપશો !!"

" જેન્તલમેનો અને સીસ્તરો ! !

આપ હરેક જણાં આજના માંગલિક કાર્યથી ઘનાં ખુશી થશો ! મી. સુંદરલાલ બારીષ્ટર સાહેબે જે વરઘોડાના ધાંધલીયા ચાલને દુર કરવાની જે પહેલ કરી છે તેને તમે ખરા જીગરથી ટેકો આપશો ! ! વિલાયત જવાનું જે તેમણે સાહસ કર્યું છે; અને બારીષ્ટર એટ લૉની પરિક્ષા પસાર કરી છે તેને વાસ્તે તમો સાહેબો ઉમળકાથી દીલોજાનની ભર્યો આવકાર આપશો એવી હું આશા રાખું છું; તેની સાથે એટલુ પણ જણાવું છું કે તમો પણ તમારાં બચ્ચાને આ પ્રમાણે વિલાયત મોકલી બારીષ્ટર બનાવરાવશો ! ! "

" સદ્‌ગૃહસ્થો અને આર્ય ભગિનીઓ ! !"

તમારે આજના પ્રસંગમાંથી ઘણુંજ જોવાનું તથા શીખવાનું છે ! જુઓ કપીલાગૌરીએ આટલી નાની ઉમરમાં બીએની પરિક્ષા પસાર કરી છે તે ઘણુંજ મહાભારત અને અદ્ભુત કાર્ય કર્યું છે; સુંદરલાલભાઇ પણ આટલી નાની ઉમરમાં બારીષ્ટર એટ લૉ થયા છે તે કાંઇ નાની સુની વાત નથી ! મારા મહેરબાન તે ઘણુંજ અઘરૂં કાર્ય છે ! તેમાં વળી રાયજી મહાશયે આવી ઉમદા જુગતી જોડી જોવાનું જે ઉત્કૃષ્ટ કાર્ય આદર્યું છે તે પણ ગજબ કામ છે ! મારા સાહેબો મોઢે લાંબા લાંબા હાથ કરી ભાષણો ભુંકવાં સ્હેલાં છે પણ તમના જેવી અરે સાંભળો શ્રવણ કરો અરે પણ તેમના જેવી પહેલ કરવી તે અતિશય ગહન છે. આપણે બધા ભણેલી કન્યાને સારૂ બણુચક વર જોઇએ છીએ અને ભણેલા વર સ.રૂ અભણ 'ન્યા જોઇએ છીએ અર્થાત્ આપણે

કજોડું કરીએ છીએ તેથી ઘણા ધિક્કારને પાત્ર છીએ. મારા મુરબ્બીઓ ખોટું ન લગાડશો; પણ મારા વિરાઓ આ રાયજી સાહેબે તો પોતાની પોત્રીને એક તો બી. એ સુધી ભણાવી, વળી તેના સારૂ બારીષ્ટર એટ લૉ પાસ થયેલો વર જોયો; વાહ વાહ ઘણુંજ ઉમદા કાર્ય કર્યું માટે તે મહાશય મહા ધન્યવાદને પાત્ર છે! હું વરકન્યાને આશિષ આપું છું કે તેઓ શતં શરદો સુધી જીવો!!"

"સુઢરેલા પુરૂષો ટઠા સુઢરેલી સ્ત્રીઓ!!

ટમો દરેક જનાં હું ધારૂં છું કે આ મેરેજથી ઘનાં ખૅસી થયાં હશો! વર અને કન્યાએ પરનવા અગાઉ સારી રીતે ભનવું અને ગનવું જોઈએ! વલી ભની ગનીને કમાટાં પન શીખવું જોઇએ. જયારે કમાટાં શીખે ટારેજ ટેમને પરનવાની ઉમેડવારી કરવી જોઇએ. ઢીંગલા ઢીંગલીની માફક લગન કરવા ટે ઘનું ખરાબ છે! વર રાજાએ પરનવા અગાઉ પોટાના પગ ઉપર ઉભા રહેટાં શીખવું જોઇએ! ટેમ કન્યાએ પન વરરાજાની સારી રીટે મરજી સાચવટાં ટથા ઘર નભાવટાં શીખવું જોઇએ! નાની ઉમરમા પરનવાથી ઘનોજ ગેરફાયદો થાય છે. શરીર ના કૌવત નબલુ અને પાટલું પદી જાય છે; માતે પુખ્ત ઉમરમાં ભની ગની અને કમાટા શીખીને પરનવા બહાર પડવું જોઇએ. આજના લગનમાં વરરાજા મી. સુંદરલાલ બારીષ્ટરની પરિક્ષામાં પાસ થએલા છે, ટેથી ટે ઘના લાયક ઉમેદવાર છે! ટેમ કન્યા કપીલાગૌરી પન બીએ પાસ થએલાં છે ટેથી ટેબી પરનવાને વાસ્તે ફીટ છે!! ટો આજ ટો જુગતે જુગતી જોડી થઇ છે. લાયક વરને લાયક

કન્યા મલી છે ટેમાં પ્રભુનો ઉપકાર માનવાનો છે ! હું ટેમને દુવા આપું છું કે ટે બંને જનાઓ સુખી થાઓ આ ટમારા સુધારાની હવાઈ છેક આશમાનમાં ઉંચે ઉડી પ્રકાશ કરો અને કુધારા ડાર્કનેસનો નાશ કરો ! !”

જ્યાં ભાષણો ખતમ થઇ રહ્યાં કે તરત જ બારૈયા શેઠે એક વાર ફરીથી સાજન મંડળનો આભાર માન્યો; પાન ગુલાબ વહેંચવા માંડયાં; તથા પુલના હાર તથા છડીઓ આપવામાંડી; બેન્ડ પાસે પણ શેઠે સારી સલામતી લેવરાવી; છેવટે દરેક જણાં ઘણા ખુશી થયાં અને દીલોજાનીથી વરકન્યાને આશીર્વચન આપતાં ઉભાં થયાં ત્યાં ઇંગ્લીશ કોરસ તથા નાચ શરૂ થયો; અને છેવટે સુધારકોએ વરકન્યાની જય બોલાવી સુધારાની સ્તુતિ કરવામાંડી.

કોરસ.

બોલો જય (૩) સુધારા સમાજનો,
હીપ હુર્રે...હીપ હુર્રે

આનંદ મંગલ અપાર છે વળી દીનછે શુભ આજનો: ૦
બંધન રૂઢીનાં થયાં છે દુર આવ્યું છે સુખનું કારમું પૂર
છવાયું છતમાંવિદ્યાનુ નૂર સાચુ સુધારાનું વ્યાપ્યું છે શૂર
ઑહ લોર્ડ તું, દુઃખ હરજે,સુખ ભરજે ઉદય કરજે તાજનો:-૦

સુધારાનું દિવ્ય ગાન ગાતું સાજન મંડળ શામીઆનામાંથી બહાર નીકળી ઘર ભણી ચાલવા લાગ્યું; બહાર લોકો હેરત પામતા હરખાતા હરણાતા અને મુંછમાં હસતા સુધારાની તીખી મીઠી ટીકા કરતા વેરાવા લાગ્યા અને જોડે એમ પણ કહેવા લાગ્યા કે “આતે સુધારાની હવાઈ કે ભુંગળ વિનાની ભવાઈ ! !”

પ્રકરણ ૩ જું.

પ્રીતિનું મોતી કે જીવનની જ્યોતિ ?

દોહરો.

સુરજ નવ શોષી શકે નેહ રૂપી શુભ નીર;
ચોમાસે વરસે નહીં નહીં કુવે નદી તીર.

સવિતા નારાયણથી પણ જેની જ્યોત અતિશય ઉજવલ છે, કામદેવથી અતિ કાળી છે, અને કારીગરથી ન્યારી છે, તો પણ તે ચતુર જનોને તે પ્રેમની જ્યોતિ અતિ પ્રિયકર છે. વેદથી અભેદ જેની વાણી છે, વળી તેનું ધ્યાન વાણીમાં આવતું નથી, તેમજ તે ધ્યાનીથી પણ આગળની છે, તે દેવતાઓના સ્વર્ગમાં પણ નથી, છતાં શરીરના દરેક અંગમાં ફેલાઇ રહીછે, પણ અંગ તેના રંગને જાણતું નથી. તે રગની તરંગો શંકરના શિર ઉપરથી ઝરતી ગંગાની પેઠે શ્રવે છે, તેનો ભેદ પવન અને પાણી પણ પામી શકતાં નથી એવી તે અકળ અને અગમ્ય છે.

રંગ નહીં અંગ નહીં સંગ અસંગ નહિ દુઃખ નહિ ફળ નહિ વાસ ફોરી,
અધર આકાશ અવનિ વિના ઉછરે ના મળે વૃક્ષ કે વાડ થોરી;
પ્રેમ પરિપૂર્ણ છે કષ્ટનું ચૂર્ણ છે ગુણી જનો પ્રેમનાં ગાન ભાખે;
પ્રેમ દૈવત વડું દેહમાં એક છે પ્રેમ પરમાર્થ ને સ્વાર્થ દાખે.

ખાવાને જ્યાં મોતીની ચેળુ છે, પીવાને જ્યાં શીતળ પાણી છે, કાળા ધોળાં પીળાને રાતાં એમ અનેક જાતનાં કમળો છે સોનાની પાળ બાંધી રંગ બેરંગી મણીઓથી જેના કીનારા જડેલા છે, જેમાં અઢાર ભાર વનસ્પતિનાં ઝાડો પ્રફુલ્લિત થઇ રહ્યા છે, અને શીતળ મંદ તથા સુગંધમય એમ ત્રણ પ્રકારના સમીર ડાળીઓને ઝુલાવી રહ્યો છે છતાં પણ જેમ રાજહંસ વગર સર્વ નિકુંજમય સરોવર નકામા છે તેમ પ્રેમ વિના સર્વ સાહ્યબી અને વૈભવ વૃથા છે !!

* * * *

"પ્રેમની પીડા તે કોને કહીએ રે મધુકર: ૦ટેક૦
થાતાં ન જાણી પ્રીત થતાં પ્રાણ જાયે [૨]
હાથનાં કર્યાં તે વાગ્યાં હૈયેરે:-હો મધુકર૦
જેને કહીએ તે તો સરવે કહે મુરખ, [૨]
પસ્તાવો પામી સહી રહીએરે:-હો મધુકર૦
ધીકીએ ઢાંકયાં રાત દીવસ અંતરમાં [૨]
ભુખ નિંદ્રા તો નવ લહીએરે: હો મધુકર૦
સ્નેહ તણો ઘાવ ઘણો મરણ થકી માડો [૨]
રંગ કલ્પીને કયાં જઇએરે:-હો મધુકર૦
દાઝયા ઉપર લુણ દીધું દામોદરે [૨]
શું કરીએ વાહ્યા તે વહીએરે:-હો મધુકર૦
"

રસિક જનોને રીઝાવતી ચાંદની ચમક ચમક ચમકારા મારી રહી છે. સમ સમ સમ કરતી રઢીઆળી રજની મંદ મંદ પગલાં

ભરી રહી છે. થનક થનક નાચતી તારીકાઓ તેજમાં તેજ ગુંથી રહી છે. ઉમંગભરી દોડધામ કરતી આકળી ઉતાવળી વાદળીઓ ચંદ્રરજની ઝાખી કરતી કરતી સંતાકુકડી રમવા મચી રહી છે. રૂમઝુમ રૂમઝુમ ડોલતી પ્રેમઘેલી કુમુદીની નક્ષત્રરાજને નિરખી મોઢું મલકાવી રહી છે. ચંદ્રપ્રભાની અમીરસની ઝેણુ ફર ફર કરતી વિશ્વમાં ઝરી રહી છે. રૂશણાથી રસિકને રંજાડી રમાડી રસિકાઓ ચંદ્રપ્રભામાં શાન્તીસુધા ઝીલતી મદભર મસ્ત બની અટારી પર સુતી સુતી અરધી અરધી આંખ મીંચામણી કરી ત્રાંસી દૃષ્ટીથી રજનીકાન્તને નિહાળી રહી છે. કંથ વિયોગી કામની પડખા ભેર પડી ઓશીકાને આલિંગન કરી મોં મચકોડી લોચન ઢાળી સુધાકરની અવગણુના કરી રહી છે. અંતરના આરામને આભિધાન આપી અવલોકવા જતી અભિસારીકાઓ ચાંદનીથી ચાર ગાઉ દુર નાસી ગલી કુંચીઓમાં શ્વાસ ભર્યાં કદમ ઉપાડતી માર્ગ માપી રહી છે. સરીતાના ત્રટ પર એકલી પડી અકળાતી અમુઝાતી ચક્રવાકી ચંદનીમાં ચિત વેધક પિયુનો જાપ જપી રહી છે. પ્રેમીઓને પટાવતી પલાળતી ચાંદની ચોમેર વિશ્વમાં વ્યાપી રહી છે. મામા અમીધરપ્રસાદના અવાસને પણ સારી રીતે ઉજાળી રહી છે. બિચારાં બાપડાં અલેતાં અને દુઃખી પ્રેમી જોડાંનેજ ફકત ચાંદની રિપુ બની પ્રજાળી રહી છે. મામાના અવાસમાં બિછાનામાં તરફડતાં હીરા–કુંદનને જ અકળાવી રહી છે! અત્યાગૃહથી એક રાત માંડ માંડ આરામ લેતા હીરાલાલની પુંઠ ખાઇ પીને પકડી રહી છે. નિરદોષ અને ભલા જોડાને વાસ્તે પણ તેના હૃદયમાંથી દયા જતી રહી છે.

અત્યારે અવાગના પ્રથક પ્રથક ઓરડામાં હીરાલાલ અને કુંદન બિછાનામાં આળોટયા કરે છે. મધ્ય રાત લગભગ વીતી ગઇ છે; છતાં લવલેશ પણ નિંદ્રા તેમનાં નયનમાં નિરખાતી નથી. ઘડીક સેજમાં પડે છે અને ઘડીક ઓરડામા આમ તેમ ઉઠી આંટા માર્યા કરે છે. ઘડીક માથે ઓઢી નિંદ્રા લાવવા સારૂ પડખાભેર સુઇ જાય છે અને ઘડીક નિસાસા નાખતાં સેજથી કંટાળી બેઠાં થઇ ઓરડાની દીવાલો નિહાળે છે. કંઇકવાર વાંચે છે અને કંઇકવાર અવનવી આશામાં નાચે છે. જ્યાં ત્યા વખત વિતાડવા સારૂ જે કાંઇ થાય તે ઉપાય કરી થાકે છે. ઘડીકમા પ્રેમને પ્રબોધે છે તો ઘડીકમાં પ્રભુને બોધે છે, પળમા ભાગ્યને નિંદે છે તો પળમા બોગીઆને નિંદે છે. પલકમાં વિધી ઉપર વિશ્વાસ બાંધી શાંત પડી રહે છે તો પલકમાં કાળ બળથી કંટાળી ઉન્મત થઇ વિચારે ચડે છે. વિરહના વાયરે ચડી રાતને .કાળ સમાન પીડાકારક જાણી જ્યાં ત્યાં દબાઇ ચંપાઈ પડી રહે છે.

કુંદન પથારીમાં આળોટી કંટાળી થાકી; તેનાં પડખાં વિરહ તાપથી બળી ગયાં, આખરે હાય મારી માડીને સંભાળી કારમી બેઠી થઇ બે હાથ જોડી ઉંચી દ્રષ્ટી રાખી હૃદય ઉદગાર કાઢવા લાગી;

* * * *

" પ્રેમ સદનમાં આંધી ઉંડળ કોઇ ભેદુરે ભેદો,
ભાગ્ય ભવનમાં આડી ભુંગળ કોઇ ભેદુરે ભેદો;
આશા ઉંડળ આભમાં ઉડે આતમ માંખ,
ઝાકળ વરસ્યું જોરથી હા-બંધાણી પાંખ.
પ્રપંચ પોથાં ફોગટ થોથાં શાને માનવ ફેંદો:-પ્રેમ.

ભમરી ભાગ્ય ભુલવણીમાં રખે ખાતું ભુલથાપ,
પ્રેમ તિર્થમાં લે જઇ શામ સુંદરની છાપ.
કપટ કુશકીને છો નફ્ટ હા . મુરખ માને મેં'દાઃ-પ્રેમ.

પ્રેમ, પ્રેમ, પ્રેમ, હવે કયાં સુધી તું આમ તલસાવીશ! લાલચમાં આ લંપટ જીવને કયાં સુધી તું લલચાવીશ? પાસે, પાસે, પાસે, પાસે જતાં કારમું આઘુ નાસે! આ શું? આ શો ઉત્પાત? આ અજંપો શો? આ ઉન્મતત્તા શી? આ ચેટક શું? આ ઘડી મન વાળી બેઠી કે તરત જ પ્યાલો પાસે ધર્યો; લાંબો હાથ કરી લેવા ગઇ કે જાણે આકાશમાંથી તારો ખર્યો! આંખ ઉઘાડી અવલોકુ તો જાણે તેજનો ચમકાર; પળ પછી કારમો અંધકાર! આશા આપી અલેતીને ઘડીકમાં નચાવી તો પછી પળમાં તરતજ નિરાશાની જાળે બાંધી જકડીને ફસાવી!! આ ફંદ શા? આ કૌતક કેવાં? આ સત્તા કોની? પામરને એક કોરે પડી રહેવા દે; ભાગ્ય જે દુઃખ આપે તે સ્હેવા દે!! શું કામ મરતીને મારે છે; બળતીને બાળે છે તારા હાથમાં શું આવે છે? અનાથ નાથે તને શું સંતોષ થાય છે? ભુંડા તારે મન હાંસી પણ મારો તો જીવ જાય છે! ઓ નફ્ટ નકામો શું કામ લગાડેછે નેડો, કઠણ કાળજાના શું કામ લીધો છે મારો કેડો! તારા પંથમાં પડીને તો પુરાં પસ્તાયાં! દુનિયામાં ગમાર તરીકે ગવાયાં; અને ચપટી ચણાની માફક જેના તેના દાંતમાં ચવાયા! તારા પાને પડેલાં પોકારી પોકારી તારી તોબા બતાવે છે! અજબ રીતે તારી જાળે ફસાવી ગજબ ગજબ દુઃખથી જાલમ સતાવે છે! તને સલામ! નવ ગજના નમસ્કાર! તોબા; તોબા;

*   *   *   *

" નભે ના નેહનો નાતો સુણો સાચુ કહુ બાપુ,
નભાવો તો તમારો દાસ થઇને હું રહું બાપુ:-૦
પડેલો પેટમાં પારો પચે ના પાચનો ખાતાં,
પચાવો તો તમારાં પાદ પંકજ હું ગ્રહું બાપુ:-૦
કરે લઇ કુંભ કાચો સુત્ર કાઢે કુપનું પાણી,
ભરીને પાઓ તો સામું ફરી બોલું ન હું બાપુ:-૦
કમળ આકાશ ગંગાનું સુંઘો પુરા બની પ્રેમે,
કહું છું થાકી થાકી ના બરાડો કાં બહુ બાપુ:-૦ "

લવારો કરતી કરતી કુંદન ઓરડાને એક છેડેથી ભીંતે આંગળી ફેરવતી ફેરવતી ફરવા લાગી. છેવટે ઓરડાનું કમાડ જે બીજા ઓરડામાં પડતું હતું તે હાથમાં આવ્યું એટલે ત્યાં ખંચાણી, તેણે ધીમે રહીને કાંક વિચાર મનમાં આવતા સાંકળ ઉઘાડી; આસ્તે રહીને બારણું ખેચ્યું તો તે તરત જ ઉઘડયું; સાંકળ નહીં દીધેલી હોવાથી તે કાંક વિસ્મય થઇ. વિસ્મય થવાની સાથે તેના નસીબ જોગે ભુલથી હીરાલાલે વાસવું રહેવા દીધું હશે એમ ધારી-કાંક હરખાણી આટલી મોડી રાતે હીરાલાલના ખંડમા જતા તેને ગંભીર વિચાર આવ્યો. તે બારણેથી પાછી ફરી, બિછાનામાં પડી; વળી કાંક મનમાં ઉભરો આવતાં ઓરડાના ચારે ખુણા તપાસવા લાગી. ચોગરદમ તેણે ઝીણી તપાસ કરી; બહુ જ બારીકાઇથી દૃષ્ટી ફેરવતાં તમામ નિંદ્રાવશ થએલું જણાયું. મનને વધારે ચંચળ અને સાહસિક કરી તે ફરી બારણા પાસે ગઇ; બારણું અધખોલું રાખી ચારે પાસ ઝીણી

નજર ફેરવવા લાગી; ત્યાં હીરાલાલને બિછાનામાં જંપેલો જોયો. દીવો ઝાંખો ઝાંખો પ્રકાશ આપતો બળ્યા કરતો હતો. કુંદન ઘણુંજ ધીમાં પગલાં ભરતી લપાતી છુપાતી હીરાલાલના ખંડમાં દાખલ થઈ; છાનીમાની સોડીયું વાળી તેના ઓશિકા આગળ બેઠી. હીરાલાલ આ વખતે કાંક નિંદ્રાથી ઘેરાણો હતો. કુંદન હીરાલાલને એકી ટસે પ્રેમ ભરી દૃષ્ટીએ ઘણીવાર સુધી નિહાળી રહી. શું કરવું તેની તેને કાંઈ ગમ પડી નહીં. હીરાલાલને ભર ઉંઘમા સુતેલો જોઈ તે ખમચાણી. તેને જગાડવાની હીંમત ચાલી નહીં; તેમ ત્યાંથી પાછા પોતાના ખડમાં ફરવાની પણ તેની છાતી ચાલી નહીં. એતો બેઠી ત્યાં ને ત્યાં સમ સમાકાર કરી ગઈ. છેવટે હીરાલાલે પડખુ ફેરવ્યું. કુંદન કાંક આઘી ઓશી-કાથી દુર બેઠી. થોડીકવાર સુધી હીરાલાલ પડખાભેર પડયો; પછી પાછો ચતો પડયો, ચતોપાટ પળવાર પડયો કે તરતજ તેની આંખ ઉઘડી; તેની પાછળ કુંદન બેઠી છે તેનું ધ્યાન તેને ન રહ્યું. સુતો સુતો તે વિચારમા પડયો, છેવટે કાંક મનમા બડબડયો; અને વળી પાછો વાયરે ચડયો, આવેશમા આવી અંતર ઉભરા કાઢવા લાગ્યો,

“ રોશન સારી જહાનપેં સબકો ખુશી તુંને કીયા !
અમસેં તેરા કયા વૈર થા મુશ્કીલ અમને કયોં કીયા ? ”

મારા પાપનો કંઇએ પાર હશે ? શું ધાર્યું હશે અને હવે શું થશે ? જીંદગી આમ શ્વાન સુખમાં જશે ? દશા દશા તું મારા પર ખરેખર કોપાયમાન થએલી જ છે. આશા આશા એ અમર આશા તારા આવા તમાસા કયાં સુધી મારે જોવા ? એ

વેરણ વિધાતા તું મને બસ આમ નચાવ્યા જ કરીશ? ઘડીકમાં રાજનગર, ઘડીકમાં અમરગઢ, અને ઘડીકમાં ભાવનગર!! બસ આમ તેમ ભટકાવે જ કરીશ? કોઇ ઠેકાણે ઠરીને બેસવા નહીં જ દે!! તારે મારો જેટલો દંડ લેવો હોય તેટલો લે!! દીનદયાળ વિભુ આ દીનની વ્હાર તું ક્યારે કરીશ? આ અકળાતા અંતરનું સંકટ તું ક્યારે હરીશ?

"દીન પ્યારે દરવેશ પ્યારે દીનાનાથ નામ તુજકો દીયા,
મેંને તેરા કયા બીગાડા એ ખુદા તેં જુલમ કીયા!"

હવે હરી આ રંક પર કરૂણા કરો! હવે તમારે તારવો હોય તો તારો કે બસ મને મારો!! પ્રભુ જેવો તેવો હું પણ તારો; ત્રીકમ હવે તારો કે મારો!! જો ઠારવો હોય તો તમારી તમામ માયા સમેટી લઇ હૃદયના એકજ ઠેકાણે ઠારો નહીં તો મેરૂ પરથી ગગડતો નાખી મારી મારો છુટકો કરો!! હરી, હવે હું એકલો રહી શકતો નથી! માતથી અળગો કર્યો, તાતથી કોરે કર્યો, અને મિત્રોથી પણ પરો કર્યો, અને અંતે અરણ્યમાં એકલડો અથડાતો કર્યો!! દીનબંધુ હવે તમારા ચરણમાં લઇ આ દીનનો છુટકો કરો!! આવા શ્વાન સુખ ભર્યા જીવનમાં રાખો તેના કરતાં તમારા શરણમાં જ લ્યો! આવી અદભુત ઇંદ્રજાળમાં મને ફસાવી અથડાતો કરો તેના કરતાં દુનિયાના એક છેડે મને રાખી મારૂં લાગ્યું મને ભોગવવા દો!!" કહી હીરાલાલ પાછો પડખાભેર પડયો અને કાંક વિચારમાળામાં પડી નિંદ્રામાં ઉપરછલો તણાવા લાગ્યો!! કુંદન હીરાલાલના હૃદયના ઉદ્દગાર સાંભળી આભી બની ગઇ. તેની આંખમાંથી ચોધાર નિર વહેવા લાગ્યાં. તેના

નસીબના પાપે જ હીરાલાલ લેવાયો માની બહુજ તે દુઃખી થઇ; હીરાલાલનું દુઃખ જોઇ તે પોતાનું તમામ દુઃખ વિસરી ગઇ. તેની અવદશાનું કારણ પોતેજ નિવડી એમ તેને હવે છચોક જણાવા લાગ્યું. તેનાં સગાં વ્હાલાં અત્યારે તેને રિપુમય ભાસવા લાગ્યાં. અત્યારે તેને તમામ દુનિયા ખારી ઝેર જેવી લાગી, લાજ મલાજો આમન્યા અને દરકાર મુકી છચોક ખુલ્લી રીતે કોઇ ત્રાહીત માણસને મુરબ્બી કરી તેના વડીલપણા નીચે હીરાલાલ સાથે લગ્ન કરવું એજ તેને ઉચીત જણાવા લાગ્યું. જો તેમ ન થાય તો જીંદગી બરબાદ કરી આવતે ભવે હીરાલાલ વર તરીકે પામવાનો સંકલ્પ કરી જીવન મુકત થવું એ નિશ્ચય પર આ-વવા લાગી. એક કોરે બેસી તે પણ ઉંધુ ઘાલી ગંભીર વિચારમાં તન્મય થઇ ગઇ; શું કરવું, કયાં જવું તે કાંઇ તેને બીલકુલ સુઝ્યું નહીં, છેવટે કાક હૃદયગાનના લવારે ચઢી ઝોકાં ખાવા લાગી.

* * * *

" એ પ્રાન પ્યારે શામ વિના મેરા દીલ દીવાના હો રહ્યા,
જીસ ઘાટપેં પ્રિતમ વસે ઉસ ઘાટમેં જાના ભયા.
ઉસ ઘાટકું પાયા નહીં પિયુ પિયુ કરત મેરે જીવ ગયા,
પ્રિત કરી શુભ નેનકો મેરા દોસ્ત દુશ્મન હો રહ્યા.
ઓ ખુદા મુજે મ્હોત દે આ જીવનસે મરના ભલા,
અયસી દુત્તી કોનસી મેરા શામસે બિછવા કીયા.
ચલ જીવ ઉડ ઉસ મહેલમાં જ્યાં અજબ ઉજાલા હો રહ્યા
સુરત શબ્દ મીલી એકલી પ્રેમનકા પાસા પડ રહ્યા.
આજ સખી સાજન મીલા મેરે આનંદ મંગલ હો રહ્યા,
યે દીનકી હય વિનતી સાહેબ તો સન્મુખ હો રહ્યા.

આ ગાનની છેલ્લી કડી હીરાલાલના શ્રવણમા ગઈ. છેલ્લી કડીના તાનમા હીરાલાલનો જીવ તન્મય થયો. તેના ભાવાર્થમાં સારી રીતે તે રમવા લાગ્યો. ગાયનના રસના સ્વરૂપમાં તે એક રૂપ થઇ ગયો; છેવટે સંગીતની અજબ મોહની હીરાલાલના મગજમાં ભરાઇ, તે મોહનીથી હીરાલાલની તંદ્રા જતી રહી; નિંદ્રા નાશ પામી; અને સ્વર કયાંથી આવ્યો તેની શોધમાં તેનો જીવ ગુંથાયો. ત્વરાથી હીરાલાલે એકદમ પડખુ ફેરવ્યું; પડખુ ફેરવતાની સાથે જ તે ત્વરાથી બેઠો થયો; અને ઝટ આસપાસ નજર ફેરવી કે તરત તેની દૃષ્ટીએ કુંદન પડી; આટલી રાતે અચાનક અને એકાએક કુંદનને પોતાના ખંડમાં એકલી નિહાળી તે તાજુબ થયો; તાજુબ થતાની સાથે એકદમ તેના મુખમાંથી નીકળી પડયું કે–

" ઓહો કુંદન તમે અહીં કયાંથી ? આટલી મોડી રાતે ! એકલાં અણચિંતવ્યાં ! અરે પણ તમે આવ્યાં શી રીતે ? "

" તમારૂં હૃદય મારા હૃદયને આકર્ષિ અણચિંતવ્યું અધર ઉડાવીને અહીં ઉપાડીને લાવ્યું !

" એ કદાપી ના બને ! "

" ત્યારે તમે કહો હું શી રીતે આવી ? "

" હાં તેજ હું તમને પુછુ છું; કેમકે–

* * * *

" પ્રીતિ મેદાનમાં પગ ધારવાનું છે બહુ મુશ્કીલ,

પ્રતિમા પ્રેમની આકારવાનું છે બહુ મુશ્કીલ;

ભરીને દારૂના ડબ્બા ઘણા ધૃતના લઇ કુંભો,
ઉઠેલા અગ્નિને જઇ ઠારવાનું છે બહુ મુશ્કીલ ! ”

“ તે હું જાણું છું. કાંક સંસ્કાર મારા હૃદયમાં આપના ઉપદેશથી પડયા છે. જાણીતા જ પ્રીતિના મેદાનમાં આવી શકે; અજાણ્યાથી એક ડગ પણ ન ભરાય કેમકે–

* * * *

“ વિકટ છે પંથ પ્રીતિનો વિના જાણ્યે જવાયે ના,
સદાયે ચાલવું ચોંપે કદિ સ્થીર તો થવાયે ના;
વહે છે આંસુની નદીઓ ભમરીઓ છે નિસાસાની,
તપેલા તામ્ર રસના કુંડમાં નેહે ન્હવાયે ના. ”

“ વ્હાલી આવું સાહસ કદાપી ના કરીએ. દુનિયાથી કાંક તો ડરીએ ! જે કાંઇ હોય તે મનમા રાખીએ; બધું બહાર ન ભાખીએ ! એકદમ દીલ ન દાખીએ; હૃદયે સ્વાદ આસ્તે આસ્તે ચાખીએ ! !”

“ મારા વ્હાલા તમારા હૃદયના ઉદ્ગાર સાંભળી મારો તો અશક જ ઠંડો થઇ ગયો છે! આ પાપણીના પાપે જ તમારી જીંદગી ધુળધાણી અને વા પાણી થવા બેઠી ! મારા વાસ્તે તમે કેટલું બધું દુઃખ ભોગવો છો ? ”

“ તમારા દુઃખ આગળ મારૂં દુઃખ કાંઇ પણ વિશાતમાં નથી ! ”

“ જીવનહાર આ અભાગણી સારૂ તમે તમારાં માત પિતાનું પણ કહ્યું, ન માન્યું ? આખરે મારા સારૂ અડગ ટેકવાળા થઇ

આ જીંદગી બધી બેહાલ કરી અને છેવટ પરદેશ વેઠતા થયા!!"

"કુંદન તમે મારા સારૂ દુનિયા મુકી તો મેં તમારા સારૂ મા બાપ મુકયાં! તમારા સારૂ હું એકલો દુઃખી થયો; પણ મારા સારૂ તમે અને તમારાં માતુશ્રી બંને જણાં અથાગ દુઃખી થાઓ છો; વિભુ એ અવેજનો બદલો આ શરીરથી કયારે વળશે?"

"ઓ મારા વ્હાલા હું તો આપની લુંડી છું. આપના ચરણની શેવા કરનારી કનિષ્ટ કીકરી છું. દીલ ઉઠાવનારી દાસી છું. મારો બદલો શું! આ અભાગણીનો અવેજ શું? તમારા જેવા પુન્યશાળી અને ભાગ્યશાળી હીરલા મારા સારૂ આટલા બધા મલીનતામાં ખરડાયા; મારા પ્રભુ તમે મારા સારૂ ગજબ દુઃખ વેઠયું!"

"વ્હાલી પ્રીત એવી જ છે. તેના પંથે ચડવું, અને અગ્નિમાં પડવું એ બે બરાબર છે કેમકે–

*   *   *   *

"સરલ ના જાણજે શાણી વિષમ છે પંથ પ્રીતિનો,
હસી ધાવું અસિધારે ભર્યો ભંડાર ભીતિનો.
બિછાવી ભાવથી ભાલા સુવું તે ઉપરે સુખથી,
દિલે નાંહી દુખાવાનું નિભાવા નેહ નીતિનો."

"જીવનમણી, આત્માના અંતર તમ પ્રકોષ્ટમાં "हिरणमय परेत्कोषे" જયાં પરમાત્માની સાથે માનવાત્માનો સર્વોત્તમ પ્રેમયોગ તથા પ્રેમાલાપ થાય છે ત્યાં વાકય પ્રવેશ કરી શકતા નથી."

"કુંદન આત્મસુખ લાલસા અને પ્રેમ જુદી વસ્તુ છે. શુદ્ધ નિર્મળ પ્રેમમાં કામ કદી હોતો નથી. પ્રેમકાળ ગન્ધહીન છે. તેમાં

પોતાના સુખની ઇચ્છાનો સબંધ નથી. જ્યાં પ્રેમ છે ત્યાં પોતાના સુખનો અનુરાગ નથી.”

“રસિકવર, પ્રેમ પહેલાં સોઇના જેવા સુક્ષ્મ આકારથી હ્રુદયમાં પ્રવેશ કરે છે, પણ એ એકવાર માત્ર પ્રવેશ કર્યાથી આખા હ્રુદયને કબજે કરીને બેસે છે. હ્રુદયરૂપ સોનાની જમીનના ઉપર પ્રેમનું એક માત્ર નાનું બીજ વાવ્યાથી એ અંકુરીત થઇને શાખા પ્રશાખા વિસ્તારીને પ્રેમિકના આખા જીવનમાં બધા ભ-ગને ઘેરે છે.”

“એ ઘેરામાં જ પ્રેમની કસોટી થાય છે, સારા નરસાની પરીક્ષા એ ઘેરામાં જ થાય છે; હ્રુદયના વેરા આપવાનો વખત એ ઘેરામાં જ આવે છે. ત્યાં દામ અને ખુશામતનું કામ પડતું નથી.”

“વ્હાલા વિશુદ્ધ સ્નેહમાં વ્યવહાર ઘણોજ આડો આવે છે. વ્યવહાર સાચવતાં વિશુદ્ધ સ્નેહ સચવાઇ શકાતો નથી.”

“વિશુદ્ધ સ્નેહ જાળવવાનું ખરૂં સાધન વ્યવહાર છે. જે દીલના વિશુદ્ધ હોય છે તેનાથીજ વ્યવહાર જાળવી શકાય છે. મનના મેલા માણસથી વ્યવહાર સમક્ષ ઉભા રહી શકાતું નથી. એક તલમાત્ર પણ વિશુદ્ધ સ્નેહનું સ્વરૂપ તેમનાથી ઓળખી શકાતું નથી. પોતાના મનની મલીનતા છુપાવા સારૂ સ્નેહને વ્યવહારથી તે જુદો સમજે છે અને બીજાને પણ સમજાવવા પ્રયત્ન કરે છે.”

“એવા ઢોંગી ધુતારાઓ વ્યવહાર અને પ્રેમ એ બેની અધ-વચ લટકયાજ કરે છે. વ્યવહાર અને પ્રેમ એ ઉભયથી વિપરીત સ્વરૂપમાં દ્દષ્ટીગોચર થતા વ્યભિચારના અનાચારમાં જ જન્મ

સુધી સડયા કરે છે; પ્રેમનાં ઉત્તમ ફળો તેઓ કદી પણ પ્રાપ્ત કરી શકતા નથી; કેમકે–

" ફળો જે પ્રેમીઓ પામે ન પામે યોગીઓ તેવા;
ખરી પ્રેમી તણી ખુબી ન જાણે ઢોંગીઓ જેવા.
મયુરે મેઘની સંગે પ્રસારી શુદ્ધ પ્રીતીને;
ચડી પીંછાં હરિ માથે કહો કાન્તી ધરે કેવાં. "

" કુદરત નીતિના સિદ્ધાંતને એટલા સારૂજ માન અપાય છે, વ્યવહારમાં નિતિમય દૃષ્ટીથી એટલા સારૂજ અવલોકાય છે. જ્યાં નીતિ ત્યાં પ્રેમ અને જ્યાં પ્રેમ ત્યાંજ ધર્મ; અને જ્યાં ધર્મ ત્યાંજ મુક્તિ ! ! સંગતી નીતિમય જ રાખવી, રંગતને સંગત સાથે નિતીના તારથી જ ગુંથવી. પવિત્ર નિતિમય વ્યવહારમાં જ નિષ્કામતા રહેલી છે; અને એજ નિષ્કામતામાં જ સ્નેહ સમાએલો છે. નિતીના બજારમાં જ પ્રેમનો મેવો મળી શકે છે; વ્યભિચારના બજારમાં સ્વાર્થનો જ મેવો મળી શકે છે. "

" વ્હાલા આપના ઉદ્‌ગાર વાસ્તવિક છે. આપણને જે કાંઇ વેઠવું પડે છે તે ફક્ત સ્વાર્થ અને કુસંગતિના પરિણામે જ સહન કરવું પડે છે. મારા પિતાશ્રીને કુસંગતિથી કન્યાધનનો જે બુરો શોખ લાગ્યો છે, તે શોખના સ્વાર્થમાં જ આપણા સુખનું સત્યાનાશ વળ્યું છે. વ્હાલા હવે મારે કરવું શું ? "

" કરવાનું એ જ કે તમારે વ્યવહારપક્ષી થવું, આવું સાહસ આજ તો કર્યું તો કર્યું પણ હવે પછી કદી ના કરવું; જ્યાં સુધી નિતી અને વ્યવહારના પક્ષમાં પ્રેમી હોય છે ત્યાં સુધી જ તેનો વિજય થાય છે અંત કાળે કરીને તેની કસોટી થઇ દુઃખ દુર થાય

છે અને અંતે પ્રેમ સાગરમાં તે સારી રીતે ન્હાય છે. ”

“ આપ તો પ્રભાતનો પહોર થતાં જ અમરગઢ ભણી પ્રયાણ કરશો અને ત્યાં જઈ મારી પેઠે આમને આમ દુઃખમાં ઝુર્યા જ કરશો અને શરીરને હાડકાનો માળો બનાવશો ! !”

“ પ્રભુએ જેમ ધાર્યું હશે તેમ થશે ! પણ તમે ડાહ્યા અને કેળવાએલા થઇ આવો પશ્ચાતાપ ક્યાં સુધી કરશો ? ઘણા કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો ! સમજ્યા જેમ જેમ દુઃખ પડે તેમ તેમ વધારે ધીરજ રાખવી ! !”

“ એ સઘળું તમે સમજો તો સારૂં ?”

“ હું તો સમજેલો છું પણ હવે તમે સમજજો ! ”

“ મામા કહે તે ધ્યાનમાં રાખજો ! ”

“ ધ્યાનમાં રખાવનાર ધરણીધર છે ! ”

“ ત્યારે તમે જ મને દુઃખ દ્યો છો ! ! નાહક હઠ કરી દુખી થાઓ છો ! ! ”

“ કુંદન હું વ્યવહારપક્ષી માણસ છું. નીતિને ખરા અંતરથી ચહાનારો છું. ”

“ એટલે ? ”

“ એટલે માં એજ કે તમારા મારા લગ્નની જે કાંઇ વાત થાય તે વાત તમારા પિતાશ્રીના હસ્તથી થાય તો જ તે વાસ્તવિક થઇ ગણાય; નહી તો તમામ છોકરવાદીમાં જ તણાય ! !”

“પીતાજીથી મારાં તમારાં લગ્ન આ ભવમાં તો નહીં જ થાય !”

“ તો પછી બધું નકામું, મિથ્યા ભામા ! ”

“ પણ મારા મામા છે ને ! મારાં માતુશ્રી હયાત છે ! !”

“ એ બધું તુત ! છોકરાનો માલીક ફક્ત એક બાપ ! !”

“ ઠીક ત્યારે મારૂં નસીબ ! !” કહી કુંદન એકદમ રડવા લાગી; તેની આંખમાંથી ચોધાર નીર વહેવા લાગ્યાં; અને ડુસ્કાં ઉપર ડુસ્કાં ખાવા લાગી, હીરાલાલ કુંદનને રડતી બંધ રાખવા સારૂ વિનવવા લાગ્યો;

“ હાં હાં કુંદન આમ છોકરવાદી કરીને રડો એ કાંઇ કામમાં આવે ? રડવાથી દૈવ્યને દયા ન આવે !”

“ મારા નસીબમાં જ દુઃખ લખેલું છે ત્યાં કોઇ શું કરે ?”

“ વખત આવે તમામ સારૂં થશે. આમ આકળાં ઉતાવળાં થયે દુઃખ દુર ન થાય ! કોઇ પરણ્યા પહેલાં દુંખી થાય છે અને કોઇ પરણ્યા પછી દુઃખી થાય છે. આપણા બંનેની કસોટી પરમાત્મા જુએ છે. કુંદન હવે હીમત ધારો શરૂઆતનું દુંખ ભવિષ્યના સુખની આગાહી આપે છે ! !”

“ અગ્નિની જ્વાળાને પાણી બુઝાવે છે પણ જ્યારે પાણી જ બાળે ત્યારે તે જ્વાળા કેમ બુઝાય ? અંધારાનું સુર્ય નિવારણ કરે છે પણ જ્યારે સુર્ય જ અંધારૂં કરે તો પછી કેમ દેખાય ? ઝેરને અમૃત ઉતારે છે પણ અમૃત જ જ્યારે મારે ત્યાં કોણ વારી શકે ? તાપને મટાડી ચંદ્ર ઠંડક કરે છે પણ જ્યારે ચંદ્ર જ તપે તો પછી તે તાપને કોણ નિવારનાર છે ? મેઘ મંડળ આ જગતને જીવાડે છે પણ જ્યારે મેઘ જ ન વર્ષે તો પછી જગત કેમ જીવે ? તેમ આપ જ જ્યારે મારા પર રૂઠો છો ત્યારે પછી મને કોણ ઠારે ? ”

" વ્હાલી હવે વલોપાત મુકી દ્યો ! આર્ય સંસારમાં લગ્નની વાત વરકન્યાના હાથમાં નથી. લગ્નની દોરી જ્યાં સુધી વડીલના હાથમાં છે ત્યાં સુધી વરકન્યાની જીવનદોરી વડીલો જોડે જ જોડેલી છે. મને જેમ વિનવો છો તેમ તમે તમારા વડીલને વિનવો! મારા હાથમાં કાંઈ નથી ! "

" બધું તમારા હાથમાં જ છે ! "

" એટલે આપણે બંને એ અહીંથી છાના માના સટકી જવું ગાંધર્વ વિવાહ કરી રસ્તે પડવું ? "

" હું એમ કયાં કહું છું ! "

" તો પછી તમારા કહેવાનો ભાવાર્થ શું ? તમારા લગ્નમાં તમારા તાત આડા આવે છે ત્યાં સુધી મારી હા શા કામની અને મારી નાએ શા કામની ? હ્યોને મારી તો ઘણીએ હા છે પણ લગ્ન છે કયાં ? પુરૂષપ્રયત્ન તમામ નકામો છે! પ્રભુએ જે ધાર્યું હશે તે જ પાર ઉતરશે !! તેની મરજી વિના મારા તમારાં પાના કદી પણ જોડાશે નહીં ! જ્યારે પરમાત્મા તમારા પિતાજીના હૃદયમાં ઉતરશે, એમની બુદ્ધિ વિશુદ્ધ કરશે કે તરત જ પછી તમારા લગ્નની વાત થશે; નાહક તમારા મામા અને મા નકામાં ફાંફાં મારે છે; જે કાંઇ કરશે તે તમામ છુટી પડશે ! !"

" જ્યાં મુળમાં પાયો કાચો છે ત્યાં પછી બીજાની શી વાત કરવી ? તમારૂં મન જ જ્યાં અસ્થિર છે ત્યાં અન્યને શો દોષ દેવો!"

" કુંદન તમે ફક્ત જેમ આવે તેમ બોલ્યા જ કરો છો ! બધો વાંકનો ગાંસડો મારા માથે મુકો છો ?"

" બધો વાંક જ તમારો છે ! ! માંડ માંડ મારૂં નસીબ સુધ-

રતું જાય છે ત્યાં હવે તમે આડા થતા જાઓ છો ? મામાના મનમાં હરી ઉતર્યા અને જ્યારે તમારી મરજી મામાએ જાણવા માંડી ત્યારે તમે માનમાં ભરાયા ! સમરા તોલમાં આવ્યા ! !"

"હવે જેટલું તમારે કહેવું હોય તેટલું બધું કહી દો ! આટલી મોડી રાતે તમે અહીંઆં મારી સાથે લડવા આવ્યાં છો કેમ ? લડો, લડો, તમે નહીં લડો ત્યારે પછી મારી સાથે બીજું કોણ લડશે ?"

"હવે હું તમને છોડવાની નથી જ ! જ્યાં જ્યાં તમે જશો ત્યાં ત્યાં હું તમારી પાછળ જ આવીશ."

"ઓહો એટલુંજ ને !"

"કેવા કડણ હૈયાના મારે તમને કહેવા ? વજ્રથીએ કઠોર અને ઢોરથીએ નઠોર ! !"

"અરે ઢોર કહો ચોર કહો જેમ કહેવું હોય તેમ કહો: બધું સાંભળવાને હું તૈયાર છું ! અત્યારે તમારા મકાનમાં છું એટલે હું તમારો છું !"

"એવી જીભની સાકર નકામી ન વાપરશો ! મારા જેવી બાળી ભોળીને નકામી ફોસલાવશો નહી ! હું તો તમને સારી રીતે ઓળખું છું, હો;"

"વેઢે વેઢે વાંકા દીસો કાળજડામાં કાતી;
પ્રેમ લગાવી પુરી પાંજરે પ્રેમી કહું કે ઘાતી."

"અરે ઘાતી કહો કસાઈ કહો જે કહેવું હોય તે કહો. પાંચ પચીશ ગાળો ભાંડવી હોય તે પણ ભાંડી લ્યો ! ! વ્હાણું વ્હાશે કે તરત જતો રહીશ. ફરી હાથમાં નહી આવું !"

" હું તો તમારાથી હારી ! ! તમને સહસ્ર જીભવાળો શેષ ના પહોંચે તો એક જીભવાળી હુ તેનું શું ગજું ? ધુતારા તમને ન ધુતાય ! ! "

" માંછલી ઝાલી કણેક લગાવી જાળ પસારી ઝેરી;
જાદુગરી કરી જબરી જકડી વાલમ કહું કે વ્હેરી. "

" અરે વ્હેરી કહો દુશ્મન કહો જે કાંઇ જીભે ચડી આવે તે બધું કહો ! ! "

" ચક્રવાક અને ચક્રવાકીના વિયોગનું દુઃખ ન ફીટયું તો પછી સુર્ય ઉગ્યો તે શા કામનો ? પતંગીઆની આંખે દીવો ન દેખાયો તો દીપક પ્રગટયો શા કામનો ! ચકોરને દેખા ન થઇ તો ચંદ્રીકા શા કામની ? સુગંધના લોભી ભમરો પાસે આવ્યા નહીં તો કમળ ખીલ્યું શા કામનું ! ચાતકની ચાહના પુરી ન થઇ તો પછી વરસાદ ગાજી ગાજીને વરસ્યો તે શા કામનો! તેમ મારા મામાએ તમને અહીં તેડાવ્યા તમારો અભિપ્રાય માગ્યો અને જ્યારે તમે ના પાડો તો પછી તમારૂં આવવું શા કામનું ?"

" હું કયાં કહું છું કે મારૂં આવવું કામનું છે ? હમણાં વ્હાણું વાશે કે તરત બગલમાં પોટકું મારી હુ મારા રસ્તે પડીશ !"

" રસ્તે પડવું એમ સસ્તું પડયું હશે કેમ ! આવા મનના મેલા ન થઇએ ! મારા વ્હાલા આવા ગરજ સવાદી ન થઇએ હો."

*　　*　　*　　*

" ગરજ સવાદી ન થઇએ મારા વ્હાલા
ગરજ સવાદી ન થઇએ.

શરણાંગત કર અહીંએ મારા વ્હાલા
ગરજ સવાદી ન થઇએ:-૦

તમ માટે લાજ તજી લોકમાં ગવાણી વ્હાલા તે વેરીડા કીધા;
તેનો બદલોરે શામ સારોરે આપ્યો વણ વાંકે અબોલડા લીધા:-૦
જે તમ માટે મેં સહુ કોઇ મુકયું તેજ તમે મને મુકી;
તે અગ્નિ અધીકો મારે અંગે વ્હાલા વેલડી સુકી:-૦

" કહો હવે કાંઇ કહેવું છે ? "

" કહે તમને કયાં લાજ છે ? "

" હવે અમે લાજ વિનાના ! "

" હા હા તમે લાજ વિનાના, આટલું આટલું ખોળા પાથરીને કહું છું; હાથ જોડી જોડીને વિનવું છું પણ કાંઇ તમને દયા આવે છે ? "

" ના, ઘાતકીને દયા ન આવે ! "

" બહુ થયું બહુ થયું મારા મનમોહન બહુ થયું; લ્યો વ્હાલા મારૂં બોલ્યું ચાલ્યું માફ કરજો. આ દાસીને જેવી સંભાળી છે તેવી સદા સંભાળજો; આ અંતરને જેવું વરત્યું છે તેવું સદા અંતરને વરતજો, કુવામાં ઉતારીને વરત ન વાઢશો. "

" વ્હાલી હવે વાતમાં ને વાતમાં ત્રણ વાગ્યા; જુઓ ચંદ્રરાજ પણ અસ્તાચળ ભણી ચાલવા લાગ્યો, તારાગણો ધીમે ધીમે તેજ હિન થવા લાગ્યા, હવે તમે તમારા અવાસમાં જાઓ ! ! "

" ચંદ્રરાજ ચંદ્રરાજ જરા ધીમા પગલાંથી ચાલ, આમ છેક ઉતાવળો ન ચાલ ! આજનો દીવસ તો મારે આનંદનો છે ! "

*　　*　　*　　*

"ચાંદલીયા ચાલીશ માં તું ઉતાવળો,
વ્હાણું વાયાની કરજે ઘડી બે ચાર જો;
ઘણેરે દહાડે ગિરધારી ઘેર આવિયા,
રથ ચલાવતાં કરજે ઝાઝી વાર જો.
ઝાઝારે દીવસની હાંસ્રો મારે ભાગશે,
ઘણે દીવસે મને મળીયા છે કાન જો;
આજેરે આનંદરે મારે અતિ ઘણો,
ઘણું કહી મેં રાખ્યા હઇને માન જો.
બ્રહ્માદીકને શોધ્યા તે તો નવ મળે,
એ પ્રભુ મારે મંદીર લીલા લ્હેર જો;
ઓચિન્તા ક્યાંથીરે આજે આવિયા,
પધાર્યા છે પ્રભુજી મારે ઘેર જો."

"વ્હાલી આવાં ઘેલાં ન કાઢીએ !!"

"મારા વ્હાલા આપની પાસેથી એક ક્ષણ પણ અળગા થવું તેના કરતાં મરવું મને ઘણું જ ઉત્તમ લાગે છે !!" આ પ્રમાણે કહી કુંદન તદન પોતાની સાનભાન ભુલી હીરાલાલને કંઠે વળગી પડી !! હીરાલાલે તેને ઘણા જ સ્નેહથી દાબી ચુંબન ઉપર ચુંબન કરી ધીમે ધીમે કંઠથી અળગી કરી તેનો હાથ પોતાના હાથમાં રાખી મીઠી મીઠી વાતે વળગાડી ઓરડાની બારી પાસે લાવ્યો.

"વ્હાલી કુંદન હંસને સરોવરની પાળ મુકવી ન જ ગમે ? મધુકરને કમળથી વિમુખ થવું ન જ પાલવે; ચકોરને ચંદ્રથી દુર જવું અપ્રિય જ લાગે; પણ વ્હાલી સૌ ન છુટકે કરવું જ

પડે; વખત આવે અળગું થવું જ પડે; શાણી સમો ભણવો જ જોઈએ. વિભુ ઉપર વિશ્વાસ રાખવો જ જોઇએ. હરીને ભજતાં કોઇનીએ લાજ ગઇ નથી. દીનનો બેલી દીનાનાથ છે. શાણી તું સમજુ છે. ડાહી છે, તને મારે શું કહેવું ? જગતમાં આપણી અવગણના ન થાય તેમ આપણે વર્તવું જોઇએ. ઇશ્વર સૌ સારાં વાનાં કરશે હોં મારી વ્હાલી !! વલોપાત કરીશ નહીં હોં !!" કહી હીરાલાલે છેલ્લું ચુંબન કરી બારીનું બારણું ખોલ્યું અને બારણામાં કુંદનને ઉભી રાખી; તેનો એક હાથ પોતાના ખભે રાખ્યો અને બીજો હાથ હાથમાં પકડી રાખ્યો; કુંદન દયામણું મોં કરી તીરછી આંખે હીરાલાલના વદન કમળ ભણી જોઈ રહી! હીરાલાલ પણ પ્રેમભરી આંખે એકી ટસે કુંદન ભણી જોઇ રહ્યો; છેવટે કુંદન સ્મિતહાસ્ય કરી બોલી.

"પ્રિતીનું મોતી કે ?"

"જીવનની જ્યોતી ?!" હીરાલાલે કુંદનના બે હાથ પોતાના એક હાથમાં લઇ છેવટનું ચુંબન હાથપર કરી કુંદનને તેના ઓરડામાં ધકેલી એકદમ પોતાના ઓરડાની બારી બંધ કરી પથારીમાં ઉંધું ઘાલી પડયો, અને બડબડયો કે, "પ્રીતિનું મોતી કે જીવનની જ્યોતી ?!"

પ્રકરણ ૪ થું.

ફેશનનો હવાડો કે ભાગ્યનો ભવાડો !

-:દોહરો:-

પડે જુતિયાં પંડપર, પોતે કરે પુકાર;
તોય સુધારા ખરતણું, પૂંછ નવ તજે ગુમાર.

અર્ધદગ્ધ મનુષ્યો આગળ પડતો ભાગ જમાનામાં લે તેથી જેનામાં કાંઈ હૈવત છે તેને હાની નથી, બિલાડી ઠેઠ પેશી જાય કે કુતરી રાજભુવનમાં ફરે તેથી બહાર રહેલા ગજેન્દ્રને શી હાની છે ? કેમ કે અંતઃકરણની દૃઢતાની કસોટી માથે આવી પડે ત્યારે જ થાય છે; અર્થાત્ વાયુ પોતાની પ્રચંડ ગતિથી વાય નહીં ત્યાં સુધી રૂનો ઢગલો અને પર્વત એ બંને વચ્ચેનો તફાવત માલમ પડતો નથી.

આવ્યો જમાનો અવનવો વ્યાપ્યો સુધારો જગતમાં,
નરનારી ઇચ્છાવત્ ફરે તલ માત્ર નહીં કોઇની તમા;
પતિ પિતૃ ભક્તિ રહિત જન ચાલે સ્વતંત્ર ચીલા તજી,
તજી ખેશ પાઘડી ધોતીઆં બુટ કોટ પાટલુન રહે સજી.

જમાનો ફર્યો, દેશકાળ ફર્યો, વિદ્યા વૃદ્ધિ પામી, સ્ત્રી કેળવણી વધી, લક્ષ્મી વધી અને તેથી અંધકાર

ફેલાયો, અંધકારથી મૂર્ખાઇ વધી, મૂર્ખાઈથી અહંકાર વધ્યો, અહંકારથી મોજ શોખ વધ્યો, મોજ શોખથી સુધારો વધ્યો અને સુધારાથી ફેશન વધી, એ ફેશનના ફંદમાં કેળવાએલાં કુદાં ધોળે દીવસે અંધ બની આમતેમ અજ્ઞાનપણાની ભીંતે ભટકાવા લાગ્યાં !

* * * *

ટોપી પાટલુન પહેરે પાડે પાટી પટિયાંની
બરફ શરબત બીડી બ્રાન્ડીપર બાઝે છે,
લાજે નહીં લુચ્ચાઇમાં રીતી નીતિ રાખે નહીં
ધર્મ છોડી આર્ય આદિ અન્ય ધર્મ આઝે છે;
વર્ણાવર્ણી નહિ કશી કરણી કમશલ જેવી
નકલ નામર્દ રદ ચીજ ભાગે ઝાઝે છે,
કહે હરદાન સુધરેલા વિફરેલા એવા
જુવાનીઆ જોઇ મારૂં દીલ ઘણું દાઝે છે.

ઉદ્યોગ, કરકસર અને સંતોષ એ ત્રણ ગુણથી આબાદ થએલા અમદાવાદના ત્રણ દરવાજા આગળના બજારની રોનક કાંક ઓર જ છે. પાનકોરનું નાકુ અને ત્રણ દરવાજા એ બેની વચ્ચે આવેલા બજારની દુકાનોની સાહ્યબીની તો બલિહારી જ છે. પાનવાળા, સાબુવાળા, દવાવાળા, ચશ્માવાળા, નારંગીવાળા અને કીતાબવાળા પુરાણા નામીચા અને સાહસિક દુકાનદારોની દુકાનોની બહાર અને ધમાલ રસ્તે ચાલતા રાહદારીઓના મગજને પણ ઉથલાવી ધમધમાવી નાખે છે. છાપામાં છપાતી અને પંચાંગમાં વંચાતી ચશ્માવાળા ચંદુલાલ, દવાવાળા ડાહ્યાભાઇ અને ડાયરી કીતાબવાળા હરગોવનદાસ એ ત્રણ દુકાનદારોની દુકાનોની ખુબી

તો કાંક ભારી જ છે અને ન્યારી જ છે. ત્રણ દરવાજાના બજારની બહાર અને શોભા વધારનાર આ ત્રણ દુકાનદારોની જાહેર ખબર જ છે. આખો દીવસ ગાડી ઘોડાની દોડધામ, સાઇકલના સપાટા, મોટરકારના ઝપાટા અને વિકટોરીઆની આવ જાવ ત્રણ દરવાજાના બજારના રસ્તાપર સારી રીતે થઇ રહે છે. એદલજી કૉન્ટ્રાકટરની દુકાન પણ સદર બજારમાં આવેલી છે. પ્રસ્તુત નવલ કથાની સુધરેલ નાયકા કેસરનો વર મી. જયન્તીલાલ પણ આ દુકાનમાં જ કલાર્ક તરીકે રહેલો છે. એદલજી કૉંટ્રાકટર ઘણો જ પરગજુ ભલો અને કદરદાન પારસી ગૃહસ્થ હતો. નગીના વાડીમાં તેની સાથે આપણા જયન્તીલાલને ઓળખાણ થઇ હતી. એક ખાણ તરીકે કૉંટ્રાકટર સાહેબની ઓળખાણ જયન્તીલાલને નીવડી હતી. આ સખી દીલનો પારસી કૉંટ્રાકટર જયન્તીલાલને દરમાસે પચીસ રૂપીઆનો દરમાયો આપતો હતો. આખું પારસી કુટુંબ જયન્તીલાલ ઉપર સારી રીતે દયાભાવ દર્શાવતું હતું; અને વખતો વખત તેને ઇનામ અને ભેટથી નવાજતું હતું. જયન્તીલાલની સાદાઈ, ભલાઈ, પ્રમાણિકતા, વિદ્વતા અને નેકીથી એદલજી શેઠ ઘણા જ જયન્તીલાલ પર પ્રસન્ન રહેતા હતા. શેઠનાં બાનુ શીરીનબાઇ અને દીકરી પરીન પણ ઘણા જ હેતથી અને ભાવથી જયન્તીલાલ સાથે સારી રીતે વર્તતાં હતાં. જ્યારથી દુકાનમાં જયન્તીલાલની કલાર્ક તરીકે નીમણોક કરવામાં આવી હતી ત્યારથી તે આજની કારકીર્દિ સુધીમાં શેઠની સંપતિમાં ઘણો જ મોટો વધારો થયો હતો; અર્થાત્ પનોતાં પગલાંનો ભાગ્યશાળી નોકર જયન્તીલાલ કૉંટ્રાકટર સાહેબના કુટુંબમાં

મનાતો હતો,

અત્યારે જયન્તીલાલ દુકાનમાં પોતાના બે ચાર મિત્રો સાથે વાર્તાવિનોદમાં ગુંથાયો છે. શેઠ પણ ઘેર આગળ કાંઈ કામ હોવાથી આજ રોજ હમેશ કરતાં બે કલાક વહેલા ઘેર ગએલા છે. કૅાન્ટ્રાકટર સાહેબની દુકાનમાં જયન્તીલાલને સુખી થએલો જોઇ તેના જુના વિચારના મિત્રો ઘણા રાજી થયા છે અને નવિન વિચારવાળા મિત્રો તેને ઠેકાણે પડેલો જોઇ અદેખાઇથી બળીને ખાખ થઇ ગયા છે. અત્યારે જે વાર્તા વિનોદમાં જયન્તીલાલ તેના મિત્રો સાથે ગુંથાયો છે; તે વાર્તાવિનોદ ઘણો જ જાણવા લાયક અને મનન કરવા લાયક છે.

“ મી. જયન્તીલાલ સુધારા અને ફેશનમાં આગળ વધતા જમાનામાં લોકોને રાજ્ય તરફથી ઘણા પ્રકારની છુટ મળેલી છે. છુટનો ઉપયોગ હદ બહાર થવાથી આર્ય પ્રજાની અત્યારે અર્ધદગ્ધ સ્થિતી બનેલી છે. છુટાપણામાં ઉડતા છુટા અર્ધદગ્ધ સુધારકોએ સનાતન ધર્મનો સદંતર નાશ કરવા માંડેલો છે. અત્યારે આપણે જે કાંઇ શોષવું પડે છે તે ફક્ત ધાર્મિક જ્ઞાનની ન્યુનતાને લીધે જ શોષવું પડે છે. ”

“ માણેકલાલ તમારૂં કહેવું વાસ્તવીક છે, છુટાપણાનો ઉપયોગ આર્યપ્રજામાં ઘણીજ આડી રીતે થાય છે. કોઇ માણસ દેવાળું કાઢીને કોઇને પૈસા ન આપે તો તેને પણ છુટ મળે છે. પૈસા હોય ને ખર્ચ કરવા શક્તિ હોય તો ગુન્હામાંથી બચવાની પણ છુટ મળેલી છે. ના ખપતી ચીજો હોવા છતાં દારૂ પીવો તથા અભક્ષ ખાવું તેની પણ છુટ મળેલી છે. સ્ત્રીઓ પોતાની

ખુશીથી નગરનાયકાની દુકાન ઉઘાડી બેસવું હોય તો તેને પણ છુટ છે. ધણી જીવતાં છતાં તેનું ઘર ન ગાંડવું હોય તો તેની પણ છુટ છે. ધણી દેખતાં પરપુરૂષ સાથે રંગરાગ ગમ્મત કરવી હોય તો તેની પણ છુટ છે. સ્રીએ નિર્લજ થઇ ફરવું, જેમાં તેનો ધણી મોટાઇ માની ફરે તેની પણ છુટ છે. ગમે તે નીચ જાત હોવા છતાં ઉંચમાં ફરે તેની પણ છુટ છે. મિજલસપાર્ટિમાં ઉંચમાં ઉંચ જોડે નીચમાં નીચ આવીને બેસે તો તેની પણ છુટ છે. રસ્તે જતાં ઢેડ ભંગીને અડવાથી આભડછેટ ના ગણવાની પણ છુટ છે. રંડાએલ બાઇડીને ગર્ભ રહે તો તે ઉઘાડી રીતે જણી મૂકી જવાનાં આશ્રમ ખુલ્લા હોવાથી તેની પણ છુટ છે. પોતાના મા બાપના નામ પર પાણી ફેરવી બીજા સાથે પુનર્લગ્ન કરે ને માબાપ જોઇ રહે છતાં બોલી ના જ શકે તેની પણ છુટ છે. આ પ્રમાણે જેને જેમ ફરવું હોય તેમ ફરવાની આ જમાનામાં વગર હરકતે છુટ છે. ”

“ મી. ભવાનીશંકર ! આ તો જમાનો ફર્યો અને તેની જોડે લોકો પણ ફર્યા અને લોકો જોડે તેમની રીતભાત તથા ભાગ્ય પણ ફરવા લાગ્યું ! અગાડી મુસલમાની રાજ્યમાં પુરૂષ રૂપી આથી તે બે ત્રણ રૂપીઆની કીમતની સાદી પાઘડી, જાડાં ઢીંચણ સુધી ધોતીઆં તથા ખાદી તથા માદરપાટની બંડીઓ અને અંગરખાં પહેરતા; સરકારી નોકરીવાળા જરા તેથી સારો પહેર-વેશ પહેરતા. અડધા રૂપીઆનો પગરખાં જોડો દોઢથી બે વરષ પહોંચાડતા–આ હિંદુઓનો પોશાક હતો. મુસલમાનો તેથી જરા ઝીણી પાઘડી, માદરપાટનો સુરવાળ તથા અંગરખું ને પહેરણ પહે-

રતા. રાજ્યના માનીતા કસબી પહેરવેશ વાપરતા હતા, પણ તેનો ખર્ચ ઘણો કમતી હતો. મુસલમાનોની ઓરતો ઓઝલમાં રહેતી તેથી તેમને બહાર ઝાઝું ફરવાનું નહીં તેથી મુલાજાનો સાદો તથા સસ્તો પોશાક વપરાતો. હિંદુસ્રીઓ જાડા છાયલ, સાધારણ કાંચળી વીગેરે વાપરતી. બે જોડ લૂગડાં દોઢ વરષ પહોંચાડતાં હતાં. રાજ્યના ડરે હિંદુની સ્રીઓ બહાર છુટથી ફરી શકતી જ નહોતી. આ હાલત હાલ જે ગામડીઆ ભોગવે છે તેજ શહેરીની હતી, અને અત્યારે જુઓ કેટલો બધો ફેરફાર ?!"

" મી. વામનરાવ! તે વખતે પરદેશી કાપડ જુજ આ દેશમાં આયાત થતું હતું. મુસલમાની અમલ બદલાતાં જરા તરા જાડા કપડાથી ઝીણાશ દાખલ થતી ગઇ. પાઘડીઓ કસબી તોરાદાર થઇ, સ્રીઓના વાર તહેવારના પોશાક સૂતર જોડે રેશમી વપરાવા લાગ્યા, મુસલમાની અમલ ઉતરતો ગયો, બાદ અંગ્રેજી રાજ્યની શરૂઆતમાં ખાદી અને માદરપાટની જગ્યાએ જગન્નાથી થઇ, ઝીણી મલમલ દાખલ થઇ, પુરૂષ ઝીણાં એટલે હાલના જમાનામાં જે ઝીણાં કહે છે તેવાં નહીં, પણ ચાળીસ નંબરના સૂતરનાં ધોતીઆં પહેરતા થયા. જગન્નાથીનું અંગરખું, જરા છેડે કસબનો દુપટ્ટો, દક્ષિણી કે પિશોરી જોડા, માથે પેઠણુની બનાવેલ તોરાદાર પાઘડી બાંધતા થયા, પણ તેનો ખર્ચ ઘણો થોડો હતો. આ પણ શ્રીમંતનોજ પોશાક સમજવો. ગરીબ વર્ગનો જેમનો તેમ માદરપાટ અને ખાદીનો હતો. સ્રીઓની છીટ્ટીઓ ઝીણી થઇ. વાર તહેવારે રેશમી કસબીકોરનાં બાંટ નામનાં વસ્ત્ર થયાં. કાંચળીઓ પર જરાતરા કસબ ભરાવાનું થયું, છતાં તેમને

પોતાની સુંદરતા જે તેમને ના ઓળખતા હોય તેવા અન્ય ઉત્તમ સંભાવિત પુરૂષોને દેખાડવાનો હાલના જેવો રિવાજ નહોતો, ને જેને તે પોતે દેખા આપતી તેમના સાથે ઉછરેલ જ હોય, તેથી વધારે ટાપટીપની ગરજ રહેતી નહોતી; તેથી ટુંક ખર્ચમાં નભતું; પણ દરેક રીતે સુધારો થતાં દર પાંચ પાંચ વર્ષમાં ફેર થતો ચાલ્યો, જે આગળ તો પચાશ વરષમાં પણ ફેરફાર થતો નહીં તેની મોકાણમાં આ બધી ટાપટીપ અને ફેશનનો ડાટ વળ્યો ! !"

"જયન્તીલાલ ! હવે તો દશ વર્ષના છોકરા ટોપી બેડોળ ઘાટની દરજી પાસે શિવડાવેલ જુજ કીમતની પહેરતા થયા. સ્ત્રીઓના કપડા ઉપર સોના રૂપાના તાર વધવા માંડયા, ધીમે ધીમે કબજા થયા. પ્રથમ બાંહ્ય વિનાના કબજા થયા, બ ડીનાં પેરણુ થયાં; પરદેશી સુશોભિત કાપડની આયાત વધતી ગઇ. ધન ઓરડામાંથી ઓટલે ને પછી બજાર સુધી પહોચી ગયું. જેટલું જૂનું તે બધું ઢમફૂલ થયું. અંગરખાના કોટ થયા, ધોતીઓના પોત ઝીણા થતાં ગયાં, તે હાલ તરત એટલે સુધી ઝીણાં થઇ ગયાં છે કે તે પહેરી જો નાહ્ય એટલે શરીર ભીનું થયે શરીર પર વસ્ત્ર છે કે નહીં તે ના જ પરખાય. આ ઉત્તમતાનું પોત ધોતીઆનું ગણાતું થયું, પેરણુ જઈ ખમીશ થયાં, બાંહ્ય વગરના કબજા જઇ વેસ્ટકોટ થયા; તેમજ જરા અંગ્રેજી આવડે તો પૂરતો અગ્રેજી ડ્રેસ જોઇએ, એમ ગણી ધોતીઆં જઇ પાટલુન થયાં-બૂટ થયાં, ને જોડા ગયા. સારા શ્રીમંતને આગળ જે એક દક્ષણી જોડે એક રૂપીઆમાં વર્ષ નભતું તેને હવે બાર રૂપીઆની ત્રણુ જોડા વપ-

રાતી થઇ, છતાં પણ પહેરવા કરવામાં જે તેમાં સુગમતા હતી, તે આમાં ના મળી. ટોપા જઇ ટોપ થયા; ને ટોપ ગયા ને છત્રીઓ થઇ, ટોપીઓ જઇ હેલમેટો થઇ. દુપટ્ટા જઇ લાકડી થઇ, જો કે હજુ તે બરાબર નથી થઇ પણ થવાની રાહ પર જ છે. છેલ્લાં પાંચ વરષમાં તો અંગરખાવાળો શહેરી ભાગ્યેજ નજરે આવે છે. ધોતીઆદાસ તો હજુ હાજર છે, પણ અંગરખાદાસ બહુ કમી છે. દેશી ઘાટના જોડા ઘણે જુજ ભાગે ગરીબોમાંજ છે. બાકી શ્રીમંતાઇનો વર્ગ તેને અડતો પણ નથી. એક ગૃહસ્થ વીશ વર્ષ ૨ એક પુરૂષ ૨૦ થી ૨૫ નાં લૂગડા પહેરનાર ગર્ભ શ્રીમંત ગણાતો; ત્યારે હાલ લેભાગુ શ્રીમંતાઇનો ડોળ ધરાવનાર પણ પચાશ રૂપીએ પૂરૂં કરી શકતો નથી, કેમકે એક કોટ શિવડાવતાજ રૂપીઆ ૧૫ થી ૨૦ નો ખર્ચ થવા જાય છે; તેમ પાંચ સાત રૂપીઆ તો પહેરવાના જોડા પાછળ ખર્ચ થાય છે, પછી તેના પાછળ સ્ટોકીંગ તો જોઇએ જ, સાધારણ માસ્તરીઆમા ત્રણ આનાનાં મોજાં છ ઠેકાણે ફાટેલ હોય ને ત્રણ થીગડાવાળા બાર આનાના ઘસાઇ ગએલ જોડા હોય છતાં પણ બૂટ મોજા નામ ધારણ કરાવી ફરવું જોઇએ-આવો ભપકો હાલમાં ચાલ્યો અને દેશ બધો ફેશનમા મ્હાલ્યો ! !"

"ભાઇ માણેકલાલ ! વખત જતાં સ્ત્રીપોશાક પણ ફરતો ગયો. છેલ્લા જમાનામાં એટલે આજથી વીશ વર્ષ પહેલાં ઓશવાળ શેઠાઇનો હક ધરાવનાર હોય એમ જણાતા. જે ઓશવાળ પહેરે તે ઓશવાળી ઘાટ ગણાતો હતો. કાપડ વેચનાર ઓશવાળી! કાપડ કહે તે વધારે કીમતે ખપે તે જઇ હાલ નાગરી ઘાટ વખણાતો

થયો છે. ધીમે ધીમે સ્ત્રીઓને અન્ય પુરૂષોમાં ફરવાનો રિવાજ વધ્યો તેથી જેમ દુકાનદારી અખંડ સૌભાગ્યવંતીઓને પારકા પુરૂષો પસંદ કરે તેમાંજ તેમનું સાર્થક રહેલ છે. તેમજ હાલ દરેક સ્ત્રીને જાહેરમાં ફરવું ને તેથી તેમને જોનાર પ્રેક્ષકો તેમના તરફ વધારે જુએ તેમાજ અહો ભાગ્ય સમજવાનું રહેલ છે; તેથી તે તરફ ટાપટીપ કરવાની વધી છે. કાંચળીઓ જઇને ચોળીઓ થઇ, ને તે પાછળ પોલકાં થયાં છે. છીટ્રી છ.યલ ગયાં ને ગવન થયાં. સાળુ ગયા ને સાડીઓ થઇ, કસબની કોરો ગઈ ને ઝૂલોની લહેર લટકતી થઇ. બાંટ બ્રાહ્મણીઓ તથા ઘાંચણોને સોંપી કસબી બનારસી સાડીઓ પહેરવા માંડી, દશકામાં તે ગમાર ઘાટ ગણાઇ ઝીક ટીપકીથી ભરેલ કોરની રેશમી સાડીઓ દાખલ થઈ છે, હવે તે પણ નાબુદ થવા આવી છે. આગળ મશરૂના ઘાઘરા તથા ઘણા શ્રીમતને કીનખાપના ઘાઘરા હતા તે ગયા ને ગવન છીંટના થયા, પણ તેમાંથી શરીર બહાર ન જણાતાં ખૂબસૂરતીની મહત્તામાં ખામી જણાતાં ઘણા ભાગે તો તે પહેરવાનું નાબુદ થતું ગયું; છતાં બહાર જતાં જરૂર પડયે મલમલ સોનાના ઘાઘરા દાખલ થતા ગયા. આગળ સ્ત્રીનો પોશાક ફાટે તુટે તાર કસબ લેનાર પોળમાં ફરતા હતા, તેમનો ધંધો નાબુદ થયો; કેમકે સોના રૂપાના તારનું નામ રહેલ જ હોતું નથી, તો પછી તાર કસબવાળાને મલવાનું રહેતું નથી. શિયાળામાં કીનખાપ હતો તે ગયો ને બનાતો થઇ અને તે ધીમે ધીમે જતાં કાશ્મીરો, કોટીન વીગેરે જાતો દાખલ થઇ. ઉનાળામાં પગે ત્રણ આનાની મોજડીઓ કોઇને જ પહેરવા મળતી, તે જગ્યાએ ગૃહસ્થ ગણાતામાં સપાટ

તથા સુધરેલ ગણાતામાં પાંચથી દશ રૂપીઆના લેડી બૂટ દાખલ થયા. માથે ધૂપેલ વપરાતું તે જઇ ઉઘાડું માથું રાખવાનો ચાલ વધવાથી પોમેટમ કોસ્મેટીક વીગેરે પૂર્ણ ધર્મ સાચવવાની ચીજો વપરાવા માંડી; છોકરાઓનાં ઝબલાં ગયાં ને ફરાક થયાં. પગે મોજાં પણ ઘણેક ઠેકાણે થયાં. આ પ્રમાણે ફેશનનું ધોરણ જમાનામાં ચાલવા માંડયું!!"

"જયન્તીલાલ! આગળ પુરૂષ પહેરવેશમાં કોટમાં ભારે સોનાની કંઠી, આંગળીઓએ વેઢ વીંટીઓ, હાથે કડાં, કાંડે પોંચીઓ, શ્રીમ તો પહેરતા. છોકરાને કેડે રૂપાની સેર, પગે રૂપાની કલ્લીઓ, કોટમાં હાલરી કે દાંતીઆં, સ્ત્રીઓ હાથે હાથી દાંતનો ચૂડો, જેની શકતી હોય તો તે સોને મઢતાં, ગરીબ વર્ગ રૂપે મઢતો. પગમાં નક્કર ચાંદીનાં અસલી પોલાં કડલાં, કોટમાં કાળીગાંડી, પાટીઆં, આ પહેરવેશ હતો. ધીમે ધીમે બદલાતાં હાલ તરત પુરૂષમાં આંગળીએ હોય તો વીંટી પછી ખરૂં જવાહિર ના હોય તો ઇમીટેશન અગર ટેટના હીરાની, બાકી શરીરે છટ નોનન્સ નકામો બોજો શો? વખતે કોટમા હોય તો છેડો, પણ ખમીસ કબજાને ગોળ માથાનાં પીળા રંગનાં બટન જોઇએ જ. સોનું ના મળે તો ઉપર મઢેલ, તે ના મળે તો ગીલ્રીટનાં પણ જોઇએ જ. ઘડીઆળ ચાહે તો ગમે તે કીંમતની હોય પણ તે જોઇએ જ. થુંક, લીંટ ને શરીરનો નાશવંત મેલ જેને અડી હાથ ધોવાના તે ખાસ રેશમી રૂમાલમાં ભરી મોં લોવાના રૂમાલ સાથે ખીસ્સામાં મૂકવા જ જોઇએ. રસ્તે થુંકવાથી નોનસન્સ જણાય, જેથી ગુંજામાં રાખવાથી સુઘડતા સાચવવી કે થયું!! છોકરાને હાથે

પગે ઘરાણાથી કાંડાં ગળતાં જાય તે ઠીક નહીં છતાં, જંગલીમાં ગણાતાનો હજુ તે બાબત ઘણો ભાગ હોવાથી પગે ગોળ છડા જેને ઠંઠણીઆ કહે છે તે ચાંદીના, કેડે ગજા પ્રમાણે સોના રૂપાની સેર, કોટમાં દાંતીયું, હાથે પાટલી કે કલ્લી પણ ઘણે ભાગે ત્રાંબાના ગાભાપર સોનું મઢેલ તો ખરી જ; આગળ આ રિવાજ નહોતો, પણ હાલમાં તો બધું બજાર ગાભાપર જ મઢેલું છે."

"માણેકલાલ! સ્ત્રીનો પહેરવેશ પણ પાંચ પાંચ વર્ષે બદલાતો ગયો. વીશ વર્ષ પર હાથી દાતનો ચૂડો હતો, તે નાબુદ થતાં હાલ તો એટલો નાબુદ થયો છે કે ઘણી વખત રાંડની વેળા હિંદુરિવાજ પ્રમાણે વધેરવા જોઇએ ત્યારે વેચાતી જુના-પુરાણા લેવા શોધવાની દોડાદોડ કરવી પડે છે. લાખ્ખો રૂપીઆની કાચની બંગડીઓ પરદેશથી ઘાટ ઘાટની આવવા લાગી ને વધી પડી. આગળ જ્યારે જે સર્વ વાતે પુર્ણ હોય તેજ સોનું હાથે પહેરે ત્યારે હાલ દેવાળું સાતવાર કાઢેલ હોય, રસ્તે જતાં માગનાર છેડા ઝાલે, ને ગમે તેવા અપવાદવાળાની સ્ત્રી પણ ના મળે તો તાંબાની કરાવી ઉપર સોનાનો ગીલીટ કરાવી પણ સોનાની બંગડી ધારણ કરે કરેને કરે જ. આથી હાથે તેવી બંગડીઓ, આંબળાની પોલી લાખ ભરેલ કલ્લીઓ, કોટમાં છેડો કે કંઠીઓમા પણ વખતે મુંબાઇના મહુ માદેવીના બજારનો માલ હોય ખરો. પગે કડલાં ગયાં ને જમડા સાંકળાં થયાં, બાદ ગોળ ઘાટપર મહોટા ચિત્રના ઘણા ઘુઘરાનાં અઠાસીઆં થયાં, તે જતાં જતાં હાલ સીંધી ઘાટનાં પાતળાં પગે ઝુલતાં રહે તેવાં સાંકળાં થયાં છે, આ સાધારણ પહેરવેશ છે. કાને આગળ જેને મળે તે

ખરા મોતીની વાળીઓ પહેરતાં, નહીં તો રૂપાના મણકાની વાળીઓ બંધાવતાં પણ દયાળુ રાજ્યના પ્રભાવે પરદેશનો વહેવાર વધતો જતાં ઈમીટેશન મોતી દાખલ થયાં, તેથી હાલ સેંકડે પોણોસો ઉપરાંત કાને વાળીઓ તેજ મોતીની થઇ. સોનાને બદલે રૂપાપર ઢાળ ચડેલ સોનાનો વાળો જે બાદલાઇ વાળો કહેવાય છે તે વપરાવા લાગ્યો, ને કાનની બૂટનો દાગીનો મચકુણીઆના નામનો થયો. આ પ્રમાણે જમાનો નક્કલનો જ ચાલવા લાગ્યો. ”

“ જયન્નીલાલ ! પહેલાં સ્વારીમાં ઘણો ગૃહસ્થ હોય તો એકાદ ઘોડો રાખી ચાંદીના દાગીનાથી શણુગારતો; બાદ થોડા દિવસે બે બળદની ડમણી કે વહેલ થઇ. મોટા રાજદ્વારી પુરૂષને બેસવામાં ચાર પૈડાની વહેલ તે રથના નામથી પ્રસિદ્ધ છે તે થઇ, બાદ દશ વીશ વરષમાં તે પણ ફરતું ગયું; છેવટે બે બળદની ગાડીની જગ્યાએ ગરીબમાં એક બળદની ગાડી ડમણીયું એક્કા થયા; તેમજ ઘોડાને પણ તેવા ડમણીઆની બે ઉંધો પંહોળી રાખી જોડવા માંડયો, તે ઉંચ વાહન ગણાયું; આ પંદર વર્ષ સુધી ચાલ્યું; બાદ છેલ્લાં વીશ વર્ષ અગાઉ બે ઘોડાની સેજ સાજ મ્હોટા ગૃહસ્થોમાં વિલાયતી અગર વિલાયતી ઘાટની ચાર પૈડાની ગાડીઓ થઇ; તે બગીઓ, વિકટોરીઆ, કડકીન, ફાઇટન, બ્રુમ અને લેન્ડો ગાડીના નામથી ઓળખાવા લાગી. બળદની ગાડીઓ રથ અને માફા દિવસે દિવસે કમતી થતા ગયા; ને ઘોડાના ટાંગા એક્કા વધતા ગયા. એક્કા પછી છેલ્લા દશ વર્ષમાં ડાકીયાટ ડૉકકાર થયા; તે પણ બે ત્રણ વરષમાં. બદલાઈ

સીઝરામ થયાં; ને છેલ્લા પાંચ વરષમાં એકદમ તીડ ઉભરાય તેમ ગાડીઓ વધવા માંડી, છેવટે ટ્રાઇસીકલો ચાલવા માંડી; તે પણ સુધારામાં પસંદ ન આવી તેથી બાઇશીકલો ચાલવા માંડી; બાઇશીકલો પહેલાં વકીલ, બારીષ્ટર અને ડાકટર વર્ગમાં વપરાતી હતી, તે હાલમાં દરેક કોમમાં ઘેર ઘેર વપરાવા લાગી; અને જોડે ભાડે પણ મળવા લાગી. છેલ્લાં પાંચ વરષથી મોટર ગાડીઓ પણ દાખલ થઈ ફરવા લાગી; જો કે તેની કીંમત ઘણીજ વધારે હોવાથી તે સર્વત્ર પ્રસાર પામી નથી, છતાં પણ શેઠીઆમંડળમાં તે વપરાવા લાગી છે ”

“ ભવાનીશંકરભાઈ ! પહેલાં વાસની લાકડીઓ ઘરડા બુઠ્ઠા અને માદા માણસો હાથમાં ઝાલીને ફરતા હતા; અને સીસમની રૂપાની ખોળીદાર લાકડી ગૃહસ્થ લોક ઝાલતા હવે તેમા પણ જમાનાનો ફેરફાર થવાથી છેલ્લાં વીશ વર્ષપર ગેડીદાર પરદેશી ધોકા આવ્યા, તે માસ્તર વર્ગે ગ્રહણ કર્યા; શેઠીઆવર્ગમાં તે પેઠા નહીં. પોલીસ વર્ગે શીંગાપોરી નેતરની પાતળી સોટીઓ ગ્રહણ કરી, રહેતે રહેતે વકીલ ડાકતર મંડળમાં મલાકા કેઈનના ડંડા દાખલ થયા. માસ્તરીઆ વર્ગના પણ કેટલાક શોખી લાલાઓ માથે બેંગલોર કેપ કે દક્ષણી પાઘડીનું ખોખું, પગમાં દશ થીગડાના બૂટ, ચુંથરાં લટકેલ મોજા, ગળે છ ઠેકાણે ઉધઇ લાગેલ શુક્રવારમાથી લાવેલ ગલપટો, બાર આનેવારની કાશ્મીરનો અગર બજારમાં જુનો સોલજરનો ઉતરેલ આખો બાર આનાનો ગરમ કોટ ધારણ કરી હાથમાં મલાકા કેઇનનો ડંડો રાખી હમણી મેવાળ ભરૂચકે, એની માફક જેન્ટલમેન બની ફરવા

લાગ્યા, હવે ઉંચા વર્ગમા પ્રથમ વિલાયતી લાકડીઓ દાખલ થઇ; અને બાદ જુદી જુદી પચરંગી સોટીઓ આવી અને પચરંગી પ્રજામાં દાખલ થઇ વપરાવા લાગી."

"મી. માણેકલાલ! ખાવા પીવામાં પ્રથમ નદી તથા કુવા અને વરસાદથી ભરાએલાં ટાંકા તથા તળાવનાં પાણી હતાં. પૌષ્ટિકમા દૂધ હતું. ગાય ભેંસ જાનવર રાખવાનો મૂળથી હિંદુમાં રિવાજ હતો. હલકો વર્ણ બકરીઓ દૂધ સારૂ રાખતા હતા. રોજનો ઉત્તમ ખોરાક દાળ ભાત રોટલી અને શાકનો હતો. બાજરીના રોટલાનો મૂળ રિવાજ વધારે હતો. હવે દિવસે દિવસે જમાનો ફરતાં સર્વ બદલાઇ ગયુ. પીવાના પાણીમાં ચકલીના બંબાનું પાણી થયું, તે પણ મ્યુનીસીપાલ ઇજનેરોની મુનસફી પ્રમાણે મળવા લાગ્યું. દૂધ પણ ભેળસેલ મલાઇ વગરનું પાણી વાળું સપરેટનું મળવા લાગ્યું. ખોરાકમાં પણ જમાનાનો અદભુત ફેરફાર થયો. ચા પાણી કોફી બીસ્કુટ ડબલરોટી હીંદુઓના ઘરમાં વપરાવા લાગ્યાં; જોડે સોડા અને લેમનનાં પીણા પણ પાણી તરીકે પીવામા વપરાયાં આઇસક્રીમ બ્રાન્ડી અને શરબત પણ વપરાવા લાગ્યાં. બાજરાનો રોટલો ખાસ અમદાવાદવાસીમાં હલકો ખોરાક ગણાતો થયો; પહેલા સવારમા પૌષ્ટિક ખોરાક તરીકે દૂધ અને બાજરીનો રોટલો ઘી સાથે ખવાતો હતો; અગર દૂધ વગર ઘી ગોળ સાથે ખવાતો હતો; જેને ઠેકાણે હાલમાં ચા, કોફી અને બીસ્કુટ વપરાવા લાગ્યાં. અગીયાર બાર વાગતા ને દાળ ભાત રોટલી તથા અથાણું વપરાતાં હતાં, તેની જગ્યાએ એકલાં દાળ ભાત અને શાક ભાજીનાં ગરમ તેલ મશ્ચાવાળાં

શાક તરકારી વપરાવા લાગ્યાં; સાંજે ખોચડી શાક દૂધ, ભાખરી વગેરે ખવાતાં હતાં; તેની જગ્યાએ હાલમાં ચાહ, ડબલરોટી, કેક, બીસ્કુટ અને બ્રાન્ડી વપરાતાં થયાં. પહેલાં ગૃહસ્થ તથા ગરીબનો ખોરાક ખાસ કરીને જે આનાજનો હતો તેનીજગ્યાએ હાલમાં મન પસંદ ખોરાક વપરાવા લાગ્યો. ફકત ઘી દૂધ તથા શાક ભાજીમા ઉત્તમ અધમ અને મધ્યમતાનો તફાવત ચાલુ આવતો થયો. નીચ અને ઉંચ બધી જગ્યાએ ડુંગળી, લસણુ, બ્રાન્ડી, બીસ્કુટ અને ડબલરોટી પાંઉ વગેરે વગર આભડ છેટે વપરાતાં થવા લાગ્યાં. ”

“ મી. વામનરાવ ! હુવે તો મોટાં મોટાં ભાષણોનો રિવાજ વધ્યો છે. માનપત્રો, દિલાસાપત્રો અને ઇવિનીંગ પાર્ટીઓનો રિવાજ વધ્યો છે કોઇના મૃત્યુ વખતે ઘણી જગ્યાએથી દિલાસાપત્ર લખાય છે, પણ લખનારને ઘેર ખાનગી તપાસ કરશો તો તે કેટલા દિલગીર છે તે જણાશે. ભાષણોમા વકતા કેટલાક પૈસાની લાલચ વાળા હોય છે. કેટલાક તેમા મોટું નામ મેળવનાર હોય છે આવા મેળાવડામાં લાકડીદાસો ઘણા ભરાય છે, તેમ દુપ્પટાદાસો પણ ભરાય છે. મરો ફકત દુપ્પટાદાસનો છે. લાકડીદાસો તો આગળ બેસવામાં જ તથા તાળીઓ પાડવામાં જ તથા લાકડી ખખડાવવામાં મોજ મઝા માને છે; પણ વખત આવ્યે ધન ઓકવાનું આવતાં પાછળ ગણતર વગરના દુપ્પટાદાસોનાં જ ખીસ્સાં ખોલાય છે, આ પણ જમાનાની મોટાઇ જ છે. દિવસે દિવસે મોજ શોખ વધી ધનનો ખપ વધ્યો, પરિણામે મોટી ખોટ પૂરી પાડવામાં અસત અધર્મ કરવો જ પડે તથા પાપ વધ્યું. કાયદાની

બારીકીથી પ્રપંચ પુષ્કળ વધ્યો; અને એ પ્રપંચથી દિવાની કોરટનાં બારણાં રાત દિવસ ખુલ્લાં જ રહેવા લાગ્યાં; એ દિવાનીમાં ભલા ભલા ડાહ્યા પણ દિવાના થવા લાગ્યા;

'દાદી અને વાદી બેને ફેંસલો મળે ન આહિ
એમાં વચ્ચે સાહેદીની પત્તર જખાય છે,
સઇ તણી સાંજને મોચીનું વ્હાણું મટે નહીં
મુદ્દતની મોકાણ તે એવી જ ગણાય છે;
વર મરો કન્યા મરો ગોરનું ત્રભાણું ભરો
ન્યાયાધીશ વકીલોને મોજ એ મણાય છે,
કહે હરદાન આજ સરકારી રાજ માંહિ
દિવાની કોરટ એ તો દિવાની જણાય છે.'

બદ દાનત વધી, ધોળે દિવસે કતલની રાત કાયમ રહી વૈદ્ય વકીલ ને વેશ્યાનું જોર વધ્યું; તે સાથે રોગ, ટંટા ને ઇશ્કબાજીનું પણ જોર વધ્યું, વ્યાપારમા ધન વધવા લાગ્યું, તેમ આ દ્વારા જવા પણ લાગ્યું. બીજી તરફ અક્કલ આપી ધન લેનાર વકીલો થયા, એકજ બાબતમાં જે પૈસા આપે તેના તરફની વાત ખરી છે કહી બોલે છતાં તેમને જુઠા કોઇ ના કહે ને તે શ્રેષ્ઠમાં ગણાય; જેમ સોની ઉઘાડે છોગે સોનું ચોરે, પકડાય છતાં ચોરની હારમાં તેને નાજ ગણાય, આ પણ અજબ રંગ ઢંગ છે!!"

"મી. જયન્તીલાલ! સ્ત્રીઓ પુરૂષના દાબમાંથી જઇ સ્વતંત્રતાથી વર્તતી થઇ, અર્થાત્ તેમને નગરનાયકાનું ઉપનામ આપવામાં વાંધો નજ ગણાય તેમ તે વધી પડયું, બીજી રીતે ધન વધ્યું, મોજ શોખ વધ્યો, પુત્ર પિતાની આજ્ઞા બહાર થયા, ને પછી દરેક રીતે

મદ વધ્યો; મદ વધ્યે અનીતિજ થાય; તેમ થતાં મોજશોખમાં પ્રજા પડી; તેથી કોઇ કોઈના પર કોઇનો દાબ રહ્યો નહીં, રાજ્ય તરફથી હરકત નહીં; મુરબ્બીપણું તો પ્રજા વંઠી ત્યારથીજ ગયું; જેથી વાંધો ના જ રહ્યો. આગળ ઉંચ નીચના પોશાકમાં ફેર હતો ત્યારે હાલ ઘણે ભાગે સર્વનો સરખો જ થયો છે. આગળના પોશાક જીર્ણ થએ ચાર છ આની વસૂલ આવતું તે હાલ જીર્ણ થએ ઉપડામણ ખર્ચ આપવો પડે છે. શાલોની ચાલ છે, પણ આગળની જ્યાં પાંચસોની વપરાતી ત્યાં હાલ દશની વપરાય છે. આગળ સેંકડે પાંચ વાપરતા ત્યારે અત્યારે સેંકડે નવાણુ વાપરે છે. આગળ ગૃહસ્થ તથા મધ્યમ વર્ગ ઓળખાતો તેમ હાલ રહેલ નથી. આગળ ગજાવાળા જ અમુક પહેરે તે જતું રહેવાથી સાતવાર દેવાળું કાઢેલ ઘરમાં ઓરવા ના હોય તો પણ ભાડાનાં લૂગડાં લાવી પહેરે, દાગીના હુન્નર ઉદ્યોગ વધવાથી ત્રાંબાના સોનાવાળા થયા છે, તેથી આઠ આને સાત બટન સોનાનાં કરીને પણ પહેરવાં જ જોઇએ, તથા ભાડાવાળો પછી રૂવે પણ તરત અજાણ્યાની ગાડી ભાડે લાવી બેસી ફરવું જોઇએ; આવો ઠાઠ વધવાથી કોઇ કોઇથી ઓળખાય તેમ રહેલ નથી. વસવાયાં ઉંચ વસ્તીના ભાગમાં ભેળ સેળ રહેતાં થયાં છે. રાજ્ય તરફથી સુખના સર્વને સરખાજ હક્ક છે એ પણ આગળ વધતો સુધારો જ છે.

"માણેકલાલ! હવે તો ફેશનની ઉધેઇ દરેકને લાગવા માંડી છે. નોકરી ચાકરી ખેતી અને વ્યાપાર તેને પણ ફેશનના વળા લાગ્યા છે. રાજ્યસુખ સારૂં થયું; વૈભવ વધ્યો, વ્યાપાર રોજ-

ગાર વધ્યો, રહેણી કહેણી ભપકામાં થતાં ખર્ચ વધ્યો, આવકો વધી, પરદેશની વિદ્યા કળા દેશમાં દાખલ થઇ; દશ વીસ વરષમાં મુખ્ય ધંધો મીલોનો થયો; તેનો પણ રાફડો ફાટયો; તેથી સોનું વરસાયું; ધન ગણતરમાં રહ્યું નહીં, પણ આટલું ધન વધવા છતા બજારમાં જ રહેલ છે, ઘરના બારણા બહાર જઇને ઓરડામાં અંધારાં થયાં છે, તે ફરી અજવાળાં થયાં દેખાતાં નથી; તેથી ઘેર ગયે આખર તો અથડાઇ માથું પુટે તેજ ઘાટ છે. વરસાદનુ પાણી રેલનું આવે તે તરત વહી જાય તેમ દેખાય છે, પણ ટાંકાં ભરાતાં નથી. ન દેખ્યાનું દીઠું ને મારે મૂળાને મીઠું આવું થાય છે. મા દળે દયણાં ને બાપ ભરાવે ઝોળી તેના દીકરા ગાડીમાં બેસે શું વાત છે થોડી ?! એજ મીલધંધાની હથોડીથી જમાનો હાલમાં ટીપાય છે. આજ કાલ હિંદુસ્તાનમા જ્ઞાનવાન કે મૂર્ખ તમામને માત્ર એક જ મીલઉદ્યોગ છે. વગર ભણેલ, ગણેલ, રખડેલ, મૂર્ખ, વ્યસની કે રખડપટ્ટીઓ નીવડેલ હોય, પણ જો મીલએજન્ટની જાત યા તો સગો હોય તે તો મોટી પાઠશાળામાં અભ્યાસ કરી જીંદગીનો ખરો ભાગ અભ્યાસમાં ગાળ્યો હોય તેવા કરતાં પણ વધારે લાયક ગણાય છે. જરા પાટલુન કે કોટ પાઘડીનો ભપકો સુધારી બેઠો કે તે મોટી રકમો હાથ કરવાનો હકદાર થઇ તે હારમાં બેસી જવાનો; પણ ઘણે ભાગે શેઠીઆનો સગો કે ન્યાતનો જાતનો હોય તો જ આ લાભ પામેલો હશે છતાં તે પણ ઉદારતાથી આવી રીતે પૈસો પેદા કરે તે ઉપર જણાવેલ વિદ્વતા વાળો સંગ્રહે તેમ સંગ્રહે નહીં, પણ એમાંથી અમુક ટકા તો ખાસ દર મહીને હૅાટલમાં જ વાપરવાનો. સેંકડો બાઇસીકલોનો

સપાટો, સેંકડો ગાડીઓનો ઝપાટો, સેંકડો સોડા લેમનની બાટલીઓનો ભડાકો, સેંકડો ગંધાતા પાણીની શીશીઓનો ઉઠાવ એ પણ આ ધંધાના ધનની જ બરકત છે. શહેરના રહીશો તેમજ પરગામથી હુન્નર અર્થે આવેલ તેમને પણ આજ ધંધો પોષણ આપનાર થઇ પડેલ છે. સેંકડો ભણવાથી કંટાળી ગએલ-નાશી જનાર રખડાઉ છોકરાઓ, મેટ્રીકમાં નાપાસ થનાર જુવાનીઆઓ પણ જો આ ધંધો ના હોત તો નોકરી મેળવી સાત રૂપીઆમાં પાંચ કાપનો કોટ પહેરી મોમા પાનનું બીડું ચાવી, સળગતી બીડી મોંમાં રાખી, આગળનાં બટન ખુલ્લાં મૂકી પીતળના ગીલીટવાળો છેડો લટકાવી હાથમાં લાકડી પકડી પગમાં ફાટેલ કે થીગડાવાળાં બૂટ પહેરી ધંધે વળગેલ છે તે ના બનત અને તેથી તેઓ પણ આ ધધાને લઇને જ આભારી છે. મીલ ઉદ્યોગ સિવાય માસ્તર લોકોનુ ઉપરથી ભપકો જાળવી, તમાચો મારી મોં લાલ રાખીને ઉદરપોષણ થાય તેવું સાધન એક પણ નથી. પંદર રૂપીઆના પગારના સ્ટોરના કારકુન પોતાના કુટુંબનો નિર્વાહ પુર્ણ રીતે ચલાવી વધારામાં હજારોનુ ઘર બંધાવી હજારોના દાગીના પહેરે તે પણ આ ધંધાની જ બલિહારી છે."

"મિત્રો ! આજ તો આપણે આખા જમાનાનું નિરીક્ષણ કરી નાંખ્યું. આપણે બધા સામટા કેડ બાંધી સુધારા કુધારા અને ફેશન પર પડી તેનું તળીયું તપાસી લીધું; લ્યો હવે વખત ઘણો ગયો છે ચાલો ઉઠીશું !"

"હા ચાલો હવે જઈએ. મી. જયન્તીલાલ ! આજ તો તમને સારી રીતે ખોટી કર્યા, માફ કરજો."

" મિત્રો ! એમાં મને શાનો ખોટી કર્યો ? ઉલટો તમે બધા મળીને મને આનંદ આપ્યો તે ખાતે તમારો હું ઉપકાર માનુછું. આજ તો શિક્ષણ સાથે ગમ્મત થઇ; અને ગમ્મત સાથે જમાનાનું અવલોકન થયું; તેમાંથી ઘણું જાણવાનું, જોવાનું અને મનન કરવાનું મળ્યું ! !"

" મી. માણેકલાલ ! જુઓ જુઓ પેલી ચંડાળ ચોકડી ! ચાર ચીનના શાહુકારોની જોડી આપણી દુકાન ભણી આવતી જણાયછે."

" મારા બેટા એ જ ઓલ્ડ આર્યન લોફર છે. એમણે જ જયંતીલાલના વડસસરા ફાધર વિલિયમ પુરૂષોતમરાવને ચઢાવી બગાડી હાથમા સુધારાનું ચપણીયું આપી ખરાબખસ્ત કર્યા છે."

" તમે તો યાર ગાડા છો, જે કાંઇ થાય છે તે સારૂં જ થાય છે. તમે અત્યારે જયન્તીલાલને દુઃખી જુઓ છો, પણ હું તો જયન્તીલાલને સારી રીતે સુખી થએલ જ જોઉંછું."

" હયો યાર એ તો આવ્યા !"

" આવવા દો તેમને, મી વામનરાવ ! તુ તેમને ખુબ ઉંચા ચઢાવીને સારી રીતે પછાડ !"

" ઠીક આવવા દે તેમને પછી સૌ સારાં વાનાં થશે,"

" કેમ છે, જયન્તીલાલ ! સુખી તો ખરા ?"

" આવો આવો મારા કાકાઓ પધારો ! આજ તો મારી ઘણે દિવસે સંભાળ લીધી."

" કેમ કાકા સાહેબ ! હાલ શું ચાલે છે ! શા કામમાં રોકાયા છો કે દર્શન પણ થતાં નથી ?"

" હવે એમને કામનું શું પૂછવું ? માંખો મારે છે, વખત

જતો નથી અને કામ વિના ચેન પડતું નથી.”

“મહેરબાન એ શું બોલો છો? કાંઇ જ કામ નથી અને કાંઇ સૂઝતું નથી, તમારા જેવા બોડીઆ આવું બોલશે તો અમારે શું કરવું પડશે?”

“સાહેબ, તમને ખબર તો હશે જ કે અમલ પરથી ઉતર્યા એટલે કોડીના થયા, હવે કોણ ભાત્ર પૂછે એવું છે? જો કે નોકરી તો હલકા પગારથી કરી છે, પરંતુ મોટી સાહ્યબી સાથે લ્હેર ઉડાવી છે.”

“તમે લ્હેર ઉડાવો તેમાં શું નવાઇ! કામકાજની હુંશિઆરી એટલે તમો એકકો ગણાતા ને તમે આમ કેમ થઇ બેઠા છો?

“એ બધું ખરૂં પણ હાલ તો હુંશિયારી ને ચંચળાઇ ચાર્જ લેનાર લઇ ગયો છે, હવે તો કોઇ સામું પણ જોતું નથી, નોકરી વખત હાથ જરા છુટો રહેતો ને હવે તો ટાંકાનું શેરનુ પાણી પીવાનું છે તેથી જરા ફીકર રહે છે.”

‘તમારા ટાંકામાં વરસાદનું પાણી હશે કની? આગળ વરસાદનાં ઝાપટાં ઘણાં પડેલ છે, અને તમે તે બીલકુલ કમજરે જવા દીધાં નથી, બધું અંદર વાળેલ છે, છતાં ખુટવાનું શું બોલો છો?”

‘એ બધું ખરૂં છે, પણ આપણી પાછળના માણસોને એ પાણીની આશા હોય ખરી કે નહીં? ટાંકુ ખાલી મુકાય તો પાછળ ગાળો ખાવાની જ થાય”

“ગાળો દેવાનું કારણ વ્યાજબી લાગતુ જ નથી ઇશ્વરે સૌને હાથ પગ આપેલ છે, તેથી સૌનાં નસીબ સાથે લાવેલ છે, તમે કાંઇ

ઠેઠ સુધી તરીલાં તાણુવા બંધાએલ નથી. સૌ સૌનું ફોડી લેશે."

"તમારે તે વાત ઓજે છે, પણુ મારે પાછળ સાંજ પડે પાંચશેર લોટ ઉડાડી જનાર વળગેલ છે, તેનું શું કરવું ?"

"છે તો ભલે છે, કાંઇ દીયર પર દીકરી નથી. તેમનાં નસીબ તેમની પાસે છે. તમારા બાપે તમને શું આપ્યું હતું, તે વિચારો ? છતાં તમે તો બે પૈસાના ગાળા મુકી જવાના છો."

"ભાઇ એ ખરૂં, પણુ મુંડીમાંથી ખાવાનો વખત આવ્યો છે, હવે એમાં વધવાની આશા તો છે જ નહીં ! જીવીએ ત્યાં સુધી તો શીવીએ !"

"તમારે વધારીને શું કરવું છે, એમાંથી કાંઇ તમારી સાથે આવવાનું છે ? માટે લોભની વાત જવા દઇ ઇશ્વર સ્મર્ણુ કરો."

"એમાં લોભ તો શું પણુ જરા એમ મન દોડે છે કે બે પૈસા પેદા કરીએ તો કાંઇ ધર્માદા થાય ને હાથ છુટો રહે, મને લાગે છે કે કોઇ રજવાડામાં પત્તો લાગે તો બે વરસ કાઢી આવું ને એમાંથી કાંઇ પરમારથ કરૂં ! ! ભાઇ નોકરી છે તે નસોનું જાગતું લોહી છે ! !"

"હવે યાર નોકરીના નામ પર પૂળો મુકો ! ! નફટમાં નફટ નોકરી; કેમકે–

*   *   *   *

કરવી નોકરી કષ્ટથી દુખમાં દીવસ જાય,
કમબખ્તીના દિવસમાં ઢેડ ફજેતી થાય.
જાણે વાસણુ કાચનું ફુટે નવ સંધાય,
નોકરીઆત માણસતણી એજ અવસ્થા થાય.

જો હોય પૈસા હાથમાં ન કરૂં આવી વેઠ,
બીજા ઉદ્યમ અતિ ઘણા સૌથી નોકરી હેઠ.
રહેવું પારકા હાથમાં મન ગમતું ના થાય,
વિવાહ વાજન જો હશે ઢોલે વાગતું જાય.
નવ વખાણે નોકરી નથી એમાં કાંઇ સાર,
કરવું ગદ્ધા વૈતરૂં રહેવું ખડગની ધાર.
નીચ સૌથી નોકરી ઉત્તમ ખેતી કામ,
મધ્યમ વ્યાજ વટંતરૂ લુચ્ચાઇ કેરૂ ઠામ.
પ્રથમ કરતો નોકરી પાછળ બેસે ઘેર;
ઉદ્યમ કાંઇ સુજે નહીં લાગે કડવું ઝેર.
ચીત્ત કશે ચોંટે નહીં રહે સુસ્ત દીન રાત;
હાંમત કો આપે નહીં માત તાત કે ભ્રાત.
વરો પાંશરો નવ થયો લોકો પાડે ચીસ,
ઉજળી એને નોકરી પગાર લેછે ત્રીસ."

"ખરી વાત છે મારા મહેરબાન ખરી વાત છે! જગતમાં અધિકારની જ બહાર છે. અધિકાર વિનાના દરેકજણા ગમાર છે, કેમકે–

* * * *

અધિકાર હોય ઘેર જ્યાહરે લોક ઘેર આવે તાહરે,
મુરબ્બી કહેતા આવે ઠામ કહો સાહેબજી શું છે કામ.
મુખમાંથી નીસરતાં બોલ કરવા ઉભા થાએ સોળ,
બરતરફ થઇને બેસે ઘેર નવ કો કાઢે તેની પેર."

"જ્યારે તમારો ખરો વખત હતો તે વખત તો પરમારથ

સુઝયો નહીં, ને એ બ્હાને હવે લોભનાં ફાંફાં મારોછો ને જીભને એબ લગાડી ખોટી આશા રાખોછો."

"એમાં આશા શું ? પુરૂષ થઇને ઉદ્યમ કરવો એ આપણું કામ છે. નકામા લોકોના ઓટલા સેવવા અને ઘર ગણવાં એ મને પસંદ નથી, વળી ઉદ્યમ વિના ખાધેલું પચતું નથી, અને આવરદા ઓછો થાય છે."

"ઉદ્યમ કરવાનો ખરો વખત તો ગયો, અને તમે તેમાં જરા કચાશ રાખી નથી, વળી પાછા ગળીના કુંડમાં પડવા શું કામ ફાંફાં મારો છો ?"

"મારા સાહેબ ઉદ્યમ એ તો છાતીનુ ખરૂં બળ છે. હવે કાંક દુકાન બુકાન કાઢી વ્યાપાર રોજગારમા જીવ જોડીએ તો પછી નિરાંતે રાતે સુખથી રાજ્યામા પોઢીએ. નફટ નોકરી પણ ઉદ્યમ તો સારોને ?"

"અરે ઉદ્યો મારા ભાઇ વ્યાપાર; હવે વેપારમાં શો કસ છે, નાહક મુંડી રોકીને હેરાન થવું, રૂપીઆની પોટકી બાંધી દરિયામાં નાંખવા, અને પછી ડુબકી મારી પૈ પૈ ભેગી કરવી, હવે છાનામાના રામ રામ કરો રામ રામ ! કેમકે

*　　*　　*　　*

ઉદ્યમ છે ઉદ્યમાતીઓ પૈયે ખોટ અપાર,
ખેતીમાં નહીં ખુટકો નોકરીએ નહીં ખાર.
નોકરીમાં અતિ આબરૂ ઉજળો ધંધો એહ,
સ્વતંત્રતા સૌ ઉપરે ખેતીવાળો જેહ.
ઓસીંગણ વ્યાપારીછે રાતદીવસ નહીં સુખ,

દીકર અંગે અતિ ઘણી દેવાળાનું દુઃખ.
પૈસા આણી પારકા નીચને વરવા દામ,
અવળુ સવળુ સંભારતા કરવું આપણું કામ.
જુઠું બોલવું હરઘડી પાપી પેટને કાજ,
જગકર્ત્તા જાણે સૌ પાછળ કાઢે દાઝ.
માગણી મુદ્દતસર કરે લાગે કડવું ઝેર,
કોઇ દીવસે કાજ ન કરે બંધાયાથી વેર."

"મહેરબાન તમને તો એક ઇંદ્રીનું જ્ઞાન છે, આગળ પાછળ કાંઇ વિચાર કરતા નથી, કેમ માસ્તર સાહેબ મારૂં કહેવું વ્યાજબી છે કે ગેરવ્યાજબી?"

"સાહેબ આ જમાનામાં વ્યાજબી ગેરવ્યાજબી કોણ સમજે છે? સ્વાર્થ આગળ સૌ આંધળું છે, તમે નથી સમજતા કે આટલા દીવસ કાટલાં કુટયાં તોપણ હજી ધરાયા નથી, હવે તમારો પાછલો બે ઘડી દહાડો છે, એટલી વાર તો નિવૃત્તિએ બેસી આનંદ કરો."

"ત્યારે રાયજી તમે તમારા ગામમાં જઇ ખેતીવાડી કરો! ખેતીમાં જીવ રાખો એટલે તીજોરીમાં નાણાનો વરસાદ વરસશે!"

"શું વરસશે મારા બાપનું કપાળ? આ વરસ તો આવાં લાડવાયાં આવ્યાં! સદાયે ઉનાળામાં આકાશ ભણી ડોળા તાણતા રહેવાનો વખત આવ્યો! હવે શું ખેતરમાં જઇએ? જમીનને તે ઓઢીએ કે પાથરીએ કે તેમાં આપણા નામનો ચોકો કરી લંબી તાણીએ કે મેઘરાજાના નામની બાંગ પુકારીએ? યાર કરીએ શું? આનંદ મંગળ તે શાનાં કરીએ? સાળાં ઘરનાં મા-

ણુસો ઘડી ઘરમાં નવરા બેસીએ તો થોઘરે બચકું ભરવા આવે છે ! આ પેટમાં બિલાડાં બોલે ને આપણે જરા છોકરાની વહુને વ્હેલી રસોઈ કરવાનું કહીએ છીએ તો કહે છે કે હવે તમારે શી ઉતાવળ છે ? ક્યાં નોકરીએ જવું છે ? શી હુંડીઓ શીકારવા જવું છે ? તમારે તો વહાણું વાયું કે ખાવાની જ વાત ! ! મારૂં રોયું ઘરમાં આખો દહાડો છાતી આગળ ચોંટી રહી કોહોપણ કરવું એ તે રડયું કેમ પાલવે ? કહો મારા સુરબ્બી, આવા સંસ્કારમાં ખેતી કરી પેટ ઉલેચી નાંખીએ તો પછી ટાંટીઆ ઘસીને મરવું પડે; બીચારા ખેતીવાળા હાથ જોડીને કહે છે કે,

* * * *

ખેતીવાળા કહે સુણજો અરજ, મને કહેવાની થઇ છે ફરજ;
પેટનો બળતો હું ભાઇ બોલું, નથી ઉરાડવું મારે તોલું.
નથી અધિકારી મારે થાવું, નથી રોફી બની ને ચાલવું;
નથી કરવું ફોજદારીનું કામ, નથી ફોગટ મેળવવા દામ.
કુડ કપટની વાત ના જાણું આતે રાત પડી છે કે વાણું;
વેપારે જો વાધશે વટ, તો ઇજ્જત બંધાશે ઝટ.
દેશ દેશના લાવે માલ, પણ ખેતી જેવું નહીં સાલ;
પારકી પુંજીએ ગાંઠે ગરથ, દેવ દયાથી થાય સમર્થ.
ચાલે પ્રમાણિકતાની ચાલ, કોઇ દીવસ નવ આવે આળ;
મળવા છાનું ખેતી કામ, એમાં કાંઇ ચાલે નહીં હામ.
ખેતી કરતાં જીંદગાની જાય, પણ ખેડુત નવ નવરો થાય;
તાઢ તડકો ને જળની રેલ, એની સાથે કરવો છે ખેલ."

"એ બધા તમારા બળાપા મારી ધ્યાનમાં છે; પણ મા ર

મહેરબાન હવે કાંઇ તમે સંત સમાગમ કરો ! કોઇ ભલાનાં ઘર-બાર ભગાવી નાખવાની પંચાતો હવે મુકી દો ! પારકા છોકરાને જતી કરવાનો ધંધો હવે જવા દો ! આડા અવળા ગોટાળા કરી ધોલ મારી ધાપ મારવાની ભાંજગડો હવે મુકી દો ! હવે તો કાળાનાં ધોળાં થયાં ! જવાની ગઇ ને ઘડપણ આવ્યું; હવે ભગવતને ભજો ! આવતા ભવનું કાંક ભાતું સજો ! તમારી ચંડાળ ચોકડી-ના ચંડાળવેડા હવે તજી દો ! ઘરડા ઠચ્ચર થઇ ને ઘણા ઘણાને ભીખ મગાવી; પેલા પરશોતમરાયજી તથા તેના આખા કુટુંબનું ઉંધુ માર્યું; હવે એ દુષ્ટ ડોકરાઓ કાંઇ તમે સમજો; નહીં તો અમારા જુવાનીઆના જોડાથી તમારા ઘરડાનાં તાલકાં તોડી નાખવાં પડશે રાયજીને બાંડે ગધાડે તમે બેસાર્યા હવે કાંક જંપો !! છક્કા પંચા રમવા હવે તજી દો. આખા કુટુંબને ખાખા વીખી કરી નાખ્યું. બિચારા ભલ ભલાને ઘરબાર છોડાવી પરદેશ વેઠતા કર્યા; આ અમારૂ કહ્યું માની જજો, નહીં તો મોટા ઝંડીઆમાં પડી મરી જજો; જાઓ ઢાંકણીમાં પાણી લઇ બુડી મરો !! નવીન જમાનામાં જૂના ઠચ્ચર તમે એક ઓલ્ડ આર્યન લોફર છો !! ગમાર બબુચકો તમારી ચંડાળ ચોકડીની આખી કોમમાં એક પણ જોડ નથી. જાઓ તમારાં કાળાં કરો; અને તમારાં આંધળાં ઉદર દગા ફટકાના પત્થરાથી ભરો !!"

"આ પ્રમાણે અતિશય તિરસ્કાર કરી વામનરાવે આ ચંડાળ ચોકડીની સારી રીતે ઝાટકણી કાઢી નાંખી; આ ચોકડી આખી વિપ્ર કોમમાં ભારે ઉથલપાથલ ખટપટ કરનારી ઉસ્તાદ હતી. તેમણે ઘણાનાં ઉંધાં માર્યાં હતાં અને કંઇને

કુલ્લામાં હાથ મુકાવી ચપટીએ ઉડાડયા હતા. આ ચોકડી પર હીરાલાલ ભાનુશંકર અને જયન્તીલાલ તથા તેમનું મિત્ર મંડળ ઘણુંજ ક્રોધાયમાન થઈ ગયું હતું; અને લાગ આવે તેમનું જડામુળ કાઢવા તૈયાર થઇ ગયું હતુ; અત્યારે સાનુકુળ પ્રસંગ હોવાથી વામનરાયે તેમના ઝપાટા અચ્છીરીતે લઇ લીધા. ચારે જણા નીચું ઘાલી ખડખડતા ખડખડતા છાનામાના રસ્તો માપી ગયા, જયન્તીલાલ અને તેના મિત્રો પણ ઘણો વખત જવાથી ઉઠયા; દરેક જણા સાહેબજી કહી જયન્તીલાલની સારી રીતે ખબર અંતર પૂછી ઘર ભણી જવા લાગ્યા; આ બાજુ જયન્તીલાલે દુકાન બંધ કરી શેઠના ઘરનો રસ્તો ઝાલ્યો! એદલજી શેઠ અત્યારે પોતાના બંગલાના બગીચામાં ખુરશીઓ નંખાવી ફેમીલી સાથે બેઠા હતા. ને ટાઢા પહોરના તડાકા મારતા જયન્તીલાલની વાટ જોતા હતા. એક બાજુ ટેબલ પર નોકર ચાના કપ તથા બીસ્કુટ લઇને આવી ઉભો; અને બીજી બાજુ જયન્તીલાલ કુંચી લઇ બંગલામાં દાખલ થયો; આ બાજુ ચાના કપ નોકરે કીટલીમાંથી ભરી દરેકને પીવા આપ્યા અને બીજી બાજુ એક ખુરશીમાં જયન્તીલાલ શેઠની પાસેના ટેબલ પર કુંચી મુકી સલામ કરી બેઠો. શીરીનબાઇએ હીંદુ નોકર પાસે ગાયનું તાજુ દુધ જયન્તીલાલ સારૂ ગરમ કરી મંગાવ્યુ અને આપ્યું; દરેક જણાં એક બીજાની સલામતી લેતાં ચાહ પાણી તથા દુધ ઉડાવા લાગ્યાં; થોડીવારે ચાહ પાનની ક્રિયા ખત્તમ થઈ, છેવટે કોન્ટ્રાકટર શેઠ સાહેબે ખુંખારો કરી જયન્તીલાલને પ્રશ્ન કર્યો;

" કેમ જયન્તીલાલ આજ રોજ તમો બાવા દુકાનેથી મોડા

આવીયા ?"

"સાહેબ આજ જરા મારા ન્યાતીલા ફ્રેન્ડો મને મળવા આવેલ હતા તેથી વાતચીતમાં જરા લેટ થયું, માફ કરશો !"

"કાંઇ નહીં, એમાં શું થઇ ગયું; મેં તો સ્હેજ કવેશ્વન પૂછીઓ હુતો, ભલેને બાવા તમે તમારી મેલે ગમે તેટલી વાતચીત કરી લ્હેર કરોને !!"

"બાવાજી આજ કાલ કાંઇ જયન્તીલાલની તબીયત સીક રહે છે ? જુઓને દીવસે દીવસે તેવન કેતલા પાતલા નબલા પરતા જાય છે ?"

"દીકરી પરીન, હું બી ધારૂંચ કે તેવન કાંક ગુપટ ચીન્ટામાં સૂકાતા જાય છે !!"

"મારૂં બી ટેવુંજ અનુમાન ઠાય છે. ટેમનું બોરી કેવલ બાવરીઆ જેવું પાતલું પરતું જાય છે !!"

"બાવાજી કાઇ ટેમને ઘરનું દુખ છે ?"

"નહીંરે દીકરી ટેમને ઘરનું કાંઇ દુખ નથી ! ઘરમાં કે બહારમાં ટેવન એકલા જાતે જ છે !!

"ટેમના બાવાજી અને માયજી ટેમની સાઠે કાંય નહીં રહેતાં?

"ડીકરી પરીન, ટેમનાં માયજી અને બાવાજી ટો સોના પુરમાં પહોંચી ગયાં છે !"

"ઑય બાપરે હું મરૂં ? ટેવન બીચારા ટારે ટો રીઅલી દુખી છે !"

"ટારે બાવાજી ટેમના વાઇફ ધનીઆની છે કે નથી ?"

"ડીકરી વાંધોજ ટેમાં છે. ટેવન ધની બદમાસ અને

કમબખત છે ?”

“ શું તેવન જયન્તીલાલને નહીં ચ્હાતી ?”

“ અરે ટે ટો ઘની સુધારામાં આગલ વઢેલી છે. ટેવન બી. એ. સુધી ટો ભનેલી છે, પન ઘનીજ રાસ્કલ સુઢરેલી અને વિફરેલી છે!”

“ તેવનનાં માબાપને જયન્તીલાલ કાં ડાડ ફરીયાડ કરટા નથી ?”

“ તેબી બડાં કમબખ્ત છે. ટેમનું આખુ ફેમીલી ડામીજ છે. સુઢરેલુ વહી ગએલું અને મગજ ફરેલ છે!!”

“ હાં.......મારા સમજવામાં આવીયું. જયન્તીલાલની ચિન્તાનો સઘલો ગોટાલો મેં જાનીયો ! બાવાજી તમે ટેવનને કાંય મદદ નથી કરતા ?”

“ મારાં ભલાં બ્હેન, તમારા બાવાજીની મદદથી જ હું જીવું છું, એમણે જ મારો હાથ પકડી મને સુખી કર્યો છે!”

“ ડીકરી એવનને હું શું મદદ કરૂં ? ટેમને જે કાંઇ જોઇએ ટે હું આપું ! ટેવન કડી બી મારા આગલ કાંઇ બી માગતા નથી. ટો બી મને જે કાંઇ ટેમને જરૂરીઆટનું યુસફુલ જનાય છે ટે ટમામ હું આપું છું !!”

“ નહીં નહીં બાવાજી એવનને ટમે પગાર સારો આપો !”

“ એવનને મેં પંદર રૂપીઆમાં રાખ્યા હતા હજુ ટેમને રાખે પૂરો વરસ દારો ઠયો નઠી તો બી મેં ટેમને પચીશ રૂપીયા સુઢી પગાર પ્રમોટ કરી પ્રમોશન આપીયું છે !!”

“ પચીશના પચાશ કાંય નહીં કરતા ?”

"ધીરે ધીરે કે એકદમ?"

"અરે શેઠ સાહેબ કાંઈ નહીં, બેન તો પરમેશ્વરનો અવતાર છે. તેમના બોલવા સામું ન જોશો આપની કૃપા એજ મારે પૂરતો પગાર છે! આપની ચાહના એજ મારૂં પ્રમોશન છે!"

"જુઓ કેવા સાફ ડીલના પ્રમાનિક જેન્ટલમેન તેવન છે? ગરીબ પ્રમાનિક અને સાચા ડીલના ભલા માનસનું ભલું કરવા-થી જ ખોદા આપણું ભલું કરે છે; અને ટેથીજ આપનો ઉડય હાય છે!!

"ધન્ય છે ડીકરી પરીન ધન્ય છે ટને! ટારા સાફ ડીલ પર હું ઘનોજ ખુશી થાઉછું!!"

"બાવાજી ટમે જયન્તીલાલનાં સાસુજી તથા સસરાને આ-પના બંગલામાં બોલાવરાવો અમે ટેમને સમજાવીશું!"

"ડીકરી ટેવન બરાં ખરાબ, મિજાશનાં ખોલીઆં અને સુ-ઢારાના સારથી બેવકુફ અને મીન માઇન્ડેડ છે. ટેવન કોઇબી ટરેથી સમજે ટેવાં નથી, ટેમાં જયન્તીલાલની ઓરત તો ખાસ કરીને એક ફેશનનો હવારો છે અને સુઢારાનો ફૂવારો છે!!"

"ટો બાવાજી આપરે કોરટ ચરીને ડાડ માંગીએ ટો પછી કેમ?"

"ડીકરી તારૂં કહેવું બરાબર છે, કોરટથી જ આપનને અદલ ઇન્સાફ મલવાનો સંભવ છે!"

"ટો બાવાજી ટમે કાલને કાલ એક બારીષ્ટર પાસે જઈ નોટીસ જયન્તીલાલની વાઈફને ટાએ લેવા સારૂ લખાવરાવો અને ટેમના પર રજીષ્ટર કરીને મોકલાવો ટો ટરત તેવનુ પાંસરાં ડોર

'વાં થશે !"

"ઓહ થેન્ક યુ માઇ ડોટર ટેં મને ઘનો સારો ઉપાય તાવ્યો! આથી આપની મુરાદ ઝટ હાંસલ આવશે; અને જયંતીલાલ કોરતથી સારી રીટે ફાવશે !!"

"સાહેબ આ બધા લાંબા વિચાર માંડી વાળો! જે મારા ર્મમાં લખ્યું હશે તે થશે! મારા સારૂં આપને આટલી બધી સ્દી લેવાની કાંઇ જરૂર નથી."

"જયન્તીલાલ ટમે ચુપ રહો, ટમારે બોલવાની કાંઈ બી જ ર નથી. આ ટો અમે એક પુન્યનું સખાવતનું કામ કરીએ છીએ, કોઇ દુખીયારાને સુખી થવાનો પ્રયત્ન કરવો ટે શું ખોટું કામછે?"

" પરીન બ્હેન તમારૂં કહેવું યોગ્ય છે; પણ મારા જેવા અભાગીઆ અને નિર્ધનીઆને વાસ્તે બંધ બેસ્તુ નથી. બેન કારટનાં કામ કાંઇ નાનાં સુનાં નથી."

"નહીં નહીં જયન્તીલાલ અમારી વાતમાં ટમે બીલકુલ નહીં બોલો; અમને જે ઠીક લાગશે ટે અમે કરશું ?"

"પણ મારાં અન્નદાતાઓ, મુરબ્બીઓ, સરકાર દરબાર જતાં દરબાર પારકાં થઇ જાય છે! મારી પાસે તો એક ફુટી બદામ નથી; અને રહુ છું એ ભાડાના ઘરમાં !!"

"ટેમાં શું થઇ ગયું; ટમારી ટરફથી અમે લરીશું !"

"પણ સાહેબ એ પુન્યનું કામ બીજા કાર્યમાં પ્રેરો! સરકાર દરબારનાં ઘરભરવાથી પુન્ય શું થવાનું છે; નાહક વકીલ બારીષ્ટરોનાં ગજવાં ભરવાનાં છે."

"જયન્તીલાલ, વકીલ બારીષ્ટર અને સરકારનાં ગજવાં ભર-

વાથી પન જો ટમે સુખી થશો તો અમે મોટુ પુન્યનું કામ ટે સમજીશું!!"

"સાહેબ હું બે હાથ જોડી વિનંતી કરૂંછું કે આ વાત અ. હીંથી પડતી મુકો!"

"મી. જયન્તીલાલ તમે નાહક ગભરાઓ છો! તમારી સ્ત્રીને તાબે લેવાની ફરીયાદમાં તમને કાંઇ ઝાઝું ખરચ નહીં થાય, ખરચ ટેવનને ને સામા પક્ષને થશે!!"

"પણ સાહેબ આથી લાભ શું? કુતરાની પુંછડી વાંકી તે સદા વાંકી જ રહેવાની! જયાં મારા કર્મમાં સ્ત્રીનું સુખ છે નહીં, ત્યા ફાંફાં માર્યે શું વળવાનું? દાદ ફરીયાદથી કાંઇ આ અંતર નહીં ઠરવાનું? તેમાં તો નાહક ફજેત થવાનું!!"

"અરે ધારો કે તેમાં તમે ન ફાવ્યા તોબી શુ થઇ ગયું? એથી જમાનાને સારો ધડો મલશે! જુઠા સુધારાની ફજેતી થશે અને લોકો સારૂ નરસું સમજતા થશે; અને સ્ત્રીઓ પર દાબ રાખતા થશે અને સ્ત્રી કેળવણીની સારી રીતે કીંમત થઇ યોગ્ય પ્રમાણમાં તેનો ઉપયોગ થશે! તમે બીલકુલ ગભરાશો નહીં!!"

"ઉભા રહો જયન્તીલાલ મને એક જુક્તી સુજી આવી છે! મારા ભાઇ નવરોજજી વાડીઆ મુંબાઇમાં એક સારા બારીષ્ટર છે.! તેવનને ખાસ કરીને હું અમદાવાદ તેરાવીશ; અને ટમારા કેસમાં ટેમને ખાસ કરીને મફત રોકીશ. ઘના ભલા ઉદાર અને પરગજુ છે; ટેથી ખુશીથી આ કામમાં ભાગ લેશે!!"

"ઓહ યસ, વેલ્ર રીમેમ્બર્ડ!! થીક યાદ આવ્યું. હું બી તેવનને સારી ભલામન કરીશ, હ્યો જયન્તીલાલ ટમે હવે જીટી ગયા!

જાઓ ટમ્હારો ડીનમાન આજથી ચસ્તો થયો માનો !"

"સાહેબ આપ મારા વાસ્તે ઘણું'જ કરો છો ! આપના આખા કુટુંબની મારા ઉપર ઘણીજ ઉમદા પ્રેમ ભરી લાગણી છે ! આપ દરેક રીતે મને સુખી કરવાનો પ્રયન્ત કરો છો ! સાહેબ આવા અમૂલ્ય ઉપકારોનો બદલો મારાથી શી રીતે વળશે ? મુરબ્બી મારા શરીરના ચામડાના જોડા પણ આપ સારૂ શીવડાવું તોપણ તે થોડા જ છે ! જગતમાં માબાપ પણ ન કરી શકે તેના કરતાં પણ તમે અધીક કરી દેખાડો છો; પરમાત્મા તમારૂં ભલુ કરો ! !

"જયન્તીલાલ ટમે મારા બચ્ચાં છો, છોકરા છો. પરીન અને ટમારામાં હું કાંઇ બી ફેર સમજતો નથી. ! ! "

"સાહેબ પ્રભુ તમારૂં કલ્યાણ કરો ! !" કહી જયન્તીલાલ પ્રણામ કરી એડલજી શેઠનો બંગલો છોડી પોતાના ઘર ભણી વળ્યો; રસ્તે ચાલતાં તે મનમાં બોલવા લાગ્યો.

"કેવા દયાળુ પરમાર્થી અને ભલા શેઠ ? શી તેમની મારા ઉપર મમતા ? આખા કુટુંબનો કેવો મારા ઉપર ઉમદા પ્રેમ ? તેમણે મારા સારૂ કેવી જબરી લડવાની બાથ ભરી ? અરે નસીબ હવે તું શો શો તમાસો કોરટમાં દેખાડીશ ? કેસર કેસર આ સઘળું તારા સારૂં જ થાય છે. તારા પાપમાંજ આવા ભલા માણસો લેવાય છે ! ! બેવકુફ નારી અંતે તારી ને મારી કોરટમાં અને જગતમાં ફજેતી થશે ! ! અરે પ્રભુ "આતે ફેશનનો હવાડો કે ભાગ્યનો ભવાડો ! !" કહી જયન્તીલાલ ઘર ભણી વળ્યો ! !

પ્રકરણ ૫ મું.

નેક લગનના મોહાનો ! કે જીવનના જીવનના છુટા છેડા !!

દોહરો.

નવિન કુધારા ધારિ કે' કરૂં સુધારો સાર;
નવી મળી મુખ પર ધસે જુની મુખડ તજનાર.

વસ્તુ શોભતી નથી, પણ પાત્ર શોભાવે છે, કેમકે મૃતિકા પાત્રમાં દુધ હોય અને ભિક્ષુકના હાથમાં હોય તો છાશનો જ ભાસ કરાવે છે. દીનજનની ડોટે સોનાનું ઘરેણું હોય તો તેને લોકો નિકલનું જાણે છે. શ્રીમંત છાશનું પ્રાશન કરતો હોય તો પણ તે દુધ મનાય છે અને ગૃહસ્થ રમણિની કોટમાં જુઠા અલંકાર હોય તો પણ તેની સાચામાં ગણતરી થાય છે.

કર માંહ બંગડી કાચની રાચે ન ચોળી કાંચળી;
મુકયો મલાજો લાજનો ઘુંઘટ ગયા વેગે ગળી.
નાટક નિહાળે નેહથી બેસે પુરૂષને બેસણે,
સ્નેહે સભામાં સંચરે ગંભીર થઇ બેસે ક્ષણે.

જીતેન્દ્રિય પણું એજ ખરેખરૂં શુરવિર પણું છે, વદનમાંથી નીકળતાં વચનને વગર વિલંબે ઝીલનારી

એ જ ગુણવતિ ગોરી છે, નીતિવાનનો સમાગમ એ જ પરમ લાભ છે, મૂર્ખની એક ક્ષણની રોબત મો.ામાં મોટું દુઃખ છે, સમયનું વિસ્મર્ણ એ જ જબરૂ નુકશાન છે, અને ધર્મમાં પ્રીતી રાખવી એ જ અચળ સુખ છે.

* * * *

સુધરેલા સારસાર વિફરેલા વારવાર;
માથે પટીઆં લટીઆં કાળાં અડતું કપાળ ચશ્માવાળા;
સ્ટોકીંગ બુટને ચટકુ ચાળા સોટી ઝાલે છેલ છોગાળા.
કુકર્મ કરતાં નહીં ડરે તો વંઠી જાશે તેની નાર નાર નાર:-૦
ચાલે ચટચટ કરતી ચાલ ઉઘાડા અલબેલીના વાળ;
ઘેર જશે કાં ધલાઇ ગારે લાડા લાડી લડશે લાડે.
ફડાફડ લડશે લાકડીએ તડાતડ આવે આંકણીયે;
પહેલાં પીશે હળીમળીને પાછળથી કરશે મારામાર માર માર:-૦

* * * *

" 'નયનથી દિગંબરો ઠગાવું,
સુરા સુજાણ મારી મોહ બાણ, કરી પરવશ પ્રાણ;
પકડી જકડી પ્યારમાં ટંગાવું:-૦
પુરણ પ્રિત ભર્યાં ગાઉં ગીત, હરૂં હળવે હળવે ચિત,
જુદો પંથ જગતમાં જગાવું:-૦'

પુનઃર્લગ્ન કર્યાં, કરીને પણ પસ્તાણાં! જે ઉમંગથી કાર્ય આદર્યું તે પાર પણ પડયું નહીં; ઉનું ખાધું ને મોમાં દાંઝયાં! હાથનાં કરેલાં હૈયે વાગ્યા! જીવતર સુધારવા ગઈ પણ ઉલ્ટી પાંજરામાં પડી! છુટમાં મ્હાલવા ગઈ પણ અધવચ લુંટાઇ ગઇ!

ન રહી ઘરની અને ન રહી બ્હારની ! ન રહી જૂનામાં અને ન રહી નવામાં ! આતો અધવચ અંતરીયાળે ટીંગળાઇ રહી, છેવટ પડી કુવામાં ! મેં ધાર્યું કે પુનઃર્લગ્ન કરી સુખી થાઇશું અને છુટથી મનમાને ત્યાં હરશું ફરશું; પણ આતો બેવડા દુઃખમાં પડી અને સો મણની બેડી કરમે જડી ! આતો બાઇને કોઈ લેનાર નહીં અને ભાઈને કોઇ દેનાર નહીં એવો અવળચંડો ઘાટ થયો. આ છેલશંકર વકીલ કરતાં તો મારા ભાનુશંકર હજાર દરજ્જે અધિક સારા ! મારા પરણેતરના સાદા અને ભલા વરના ઘરમાં મેં જે કાંઈ જોયું તેના કરતાં સોમા અંશે પણ આ નાતરાના છેલ બટાઉ વરના ઘરમાં કાંઇ ન જોયું !! આ વકીલ સાહેબની કોઠીમાં તો દાણોજ નહીં. બધોએ વ્યવહાર ડબ્બાથી ! મહીના મહીનાનું ધાન ડબ્બામાં ! આ પહેલી તારીખ આવી કે બધું ખાલીખમ રાંડને કહીએ કે તું તારે ઘરના ચારે ખુણે ઘુમ ! આ સાહેબને કહી કહીને લમણા થાકે ત્યારે માંડ માંડ પંદર દીવસનું અનાજ ઘરમાં આવી પાકે ! હું તો એમનો ઉપરનો ભભકો જોઈ લોભાણી; પણ ઘરમાં આવી જોયું તો બધુંએ પોલં પોલા વાને પાણી ! સાહેબના માથા પર જેટલા વાળ તેટલા તેમના માથે લેણદાર ! બહાર બજારમાં ફરવા નીકળે ત્યારે મોટા અમલદાર, અને સાંજે ઘેર જાય ત્યારે જીવ કહાડે લેણદાર ! પહેરવાનાં કપડાં પણ પદરનાં મળે નહીં; ને પણ બહારના બજારના ને ભાડાનાં !! કચેરીમાં જાય ત્યારે બુટ પાટલુન કોટ ચશ્મા ને માથે દક્ષણી ખોખાં, અને સાંજે ઘરમાં આવે ત્યારે નરદમ લૂખે લૂખા !! ભાડાની ગાડી અને પારકી લાડી, રોજ વાડીમાં જઇ પીવા જોઇએ તાડી ! જો

કાંઈ પાંચ પચીસ પડયા ટોટલમાં તો તરત પરબાર્યાં હોડે હોટ-લમાં અને બાકુ'એ બાયે બોર બોટલમાં ! ! મારા બાપ, આવા અર્ધદગ્ધના લલાટમાં કં'ઇ મારી હશે છાપ ! ફૂલ ફટાકીયા ઠાંટમાં છાણું' અને ઘેર જાય ત્યારે કલાડુ કાણુ' ! ! મેં તો એમને ગાડી ઘોડામાં ફરતા જોયા ત્યારે આ અભાગીઆં લોચન તેમના પર મોહ્યાં; છેવટે પાને પડી ઘરમાં આવી જોયુ' ત્યારે રડયુ' જણાયુ' કે જીવતર બધુ એળે ખોયુ' ! ઉપરથી ભભકો ને માંહી પોલ' પોલા જ્યારે આંગળી ઝાલી આંગણે ચઢી ત્યારે ફાટી ગયા ડોળા ! કોની ગાડી ને કોના ઘોડા મારા કરમમાં તો સદાયે જડયા કરજના જોડા ! આ મારા પીગ્યા લેણદારો રોજ આવી મારી પત્તર ફાડી નાંખે પણ સાહેબના કાન તો ન જ ઉઘડે ! સાહેબનો વ્યવહાર નો બધો ઉધારમાં ચાલે પણ આંગણે આવેલાને એક પાઈ પણ ન જ આલે ! ! આ પણ જમાનાની નવાઈ ! ધીરનાર આંધળા ત્યાં લે-નારનો શો વાંક ? મારૂં પીટયુ' બજાર તે કાંઈ બુટ પાટલુન કોટ ને ચશ્મામાં જ શાખ જોતું હશે ! ખરેખર આજ કાલ જમા-નામાં લાખની શાખ કપડામાં લેવાણી ! ! પછી ભલેને કપડાં શાખ સારૂ રાખમાં થાય ધુળ ધાણી ! ! હવે આ પાણીએ તે ચોખા શી રીતે ચડશે ? મારે તો તેમની જોડે ઘડી પણ નહીં બને ! ઘડીએ એમને ઘરમાં રહેવુ' ન પાલવે ! પાલવે શી રીતે ? ઘેર રહેતો લેણદાર કાકા આવી તરતજ ઘેરે માટે સાહેબ તો બહાર જ સીધારે; મોડી રાતે ર'ગ પાણી ઉડાવી અડબડીઆં ખાતા ઘરમાં આવે ! ! આવા રીત રીવાજ મારે તો નપાલવે ! ! હમણાંજ સાંજ વર્તમાનમાં એક જાહેર ખબર આવી છે કે

'તોરણગઢના દરબાર સાહેબને એક અંગ્રેજી સારી રીતે ભણેલી સ્ત્રી શિક્ષક રાજકન્યાને કેળવવા સારૂ જોઈએ છીએ માટે મારો જીવ પણ ત્યાંજ ભમે છે; રાજવળાનાં સુખ માણવાં હવે મનને ગમે છે! હવે ચાર પાંચ દીવસ વકીલ સાહેબના રંગ ઢંગ જોઇએ છીએ; જો તે તમામના પૈસા ટકા ચુકાવી પાંસરા ચાલે છે તો ઠીક છે નહીં તો પછી તરતજ સુધારા સમાજમાં અપીલ કરી છુટા છેડા મેળવી લઇશું!! ઓહો આજ તો કાંઇ વકીલ સાહેબ વહેલા વહેલા ઘેર પધારતા જણાય છે; ઓહો એતો આવ્યા, લાવ જરા ગમ્મત કરૂં?"

"વકીલ સાહેબ આ તમારે તો સદાય બહાર ભટકવું! આવો કઢંગો ચાલ તો મારે ના પરવડે"

"વેલ માય ડીઅર મને માફ કરો! હવે હું બહાર નહીં ભટકું!"

"હું પણ આપની માફી માગું છું; અને જણાવું છું કે તમે ભલે બહાર ફરો પણ તમારા લેણદારનો કાંઇ રસ્તો કરો!!"

"વેલ માય સોલ તારે તેની કેર કરવાની કાંઈ જરૂર નથી!'

"પણ તમારા લેણદાર તો મારે માથે કેર કરે છે; ન બોલવાનું બોલે છે!"

"એવો સ્ટુપીડ કીયો લેણદાર છે? તેનું મને નામ આપની?"

"હું નામ આપુ તેના કરતાં આપ સાહેબ જ એક દીવસ રજાનો ઘરમાં રહી નામ શોધી કાઢો!"

"બહુ સારૂ મારી વ્હાલી હવે તેમ કરશું! ડીઅર કાન્તા તારી ખુબી•તો ઓર જ છે!"

" બળી મારી ખુબી ! ખુબી તો કરજમાં ખાખ થઇ ગઇ !"

" કેમ પ્યારી એમ બોલો છો ? "

" આ જુઓને જ્યારથી હું તમારા ઘરમાં આવી છું ત્યારથી ખાવા પીવાનું અને પહેરવા ઓઢવાનું તેનું તો કાંઈ ઠેકાણું જ મળે નહીં ! "

" ડીઅર હમણાં જરા પ્રેકટીસ ઢીલી ચાલે છે ! વ્હાલી આજ કાલ ઠંડા બજાર છે ! "

" હા તે ખરૂં, પણ કાંઇ ખાવા પીવામાં ઢીલું ચાલે ! "

" શું કરીએ પ્યારી ! હું લાચાર છું. આજ કાલ એક દર બારી કેસ આવવાનો છે; તે જ્યારે હાથમાં આવશે એટલે આંબો સારી રીતે ઝુડાશે અને હાથ અચ્છી રીતે ભરાશે ! "

" પણ આ પેટ ન ભરાય તેનુ કેમ ! "

" નોનસન્સ, તું આડી રીતે મને પજવે છે ! "

" હા જ તો, ખાવા પીવાનું માગતાં તમને પજવણી લાગે છે ત્યારે તો પછી મારા ભાગ્યનો વાંક ! ! "

" અરે હમણાં જરા મનીની વોન્ટ છે, તેટલા સારૂ તમે ઇ- કોનોમીથી ચલાવી લ્યો; કાલ સવારે દયાલુ પ્રભુ હાથ છુટો કરશે !

" અરે પણ ઘરમાં ઘી થઇ રહ્યું છે. તેલ થઇ રહ્યું છે, દાળ બીલકુલ નથી; અને કાડી તો કાલ સવારે લાવવી પડશે ! "

" આ સાલ્લું ઘરમાં આવ્યા કે દાલ ચોખાની મહોકાણ !"

" તમારે ઠીક છે, બારોબાર હોટલમાં જવું એટલે ચાલશે પણ મારે શી રીતે નભશે તેનો કાંઇ ખ્યાલ કરો ! ઘરમાં ચારે ખુણે નજર ફેરવો એટલે જાણુશે કે હું જૂઠી છું કે સાચી છું !!"

" બાવા તારે મને આવો કંટાલો ન આપવો ! જરા હસબન્ડ પર મહસીપુલ થવું; આમ છેક મેનરલેસ ન થવું."

" ઘરમાં જે કાંઈ જોઇતું હોય અને તે માગીએ ત્યારે તમને મેનરલેસ લાગીએ ખરૂં ને ?"

" ઓફ કોર્સ સો અલબત એમ જ !"

" હાં અલબત ઓફ કોર્સ ?"

" રીઅલી સો ખરેખર એમ જ !"

" ઠીક ત્યારે આવતી કાલે હું સુધારા સમાજમાં તમારી વિરૂદ્ધ અપીલ કરવાની અને ડાઈવોર્સ માગવાની !!"

" અરે હાં હાં માઇ વાઇફ આઇ બેગ યોર પારડન. આઇ ડ્રો બેક માઇ વર્ડસ; મારી વ્હાલી હું તારી માફ માગું છું, અને મારા બોલેલા શબ્દો પાછા ખેંચી લઉં છું."

" અરે છેલશંકર વકીલ સાહેબ ઘરમાં છે કે ?"

" અરે કોન છે મેનરલેસ બ્રુટ ?"

" સાહેબ બ્રુટ પછી કહેજો, પણ પહેલાં બુટના રૂપીઆ મુકી ઘો !"

" અરે તમે લોકો કેવા જંગલી છો !"

" તમારા જેવા !"

" યુ શેઇમલેસ બેગર બોલતાં કાંઇ વિચાર નથી કરતો !"

" સાહેબ શરમ વગરના ભિખારી તમે કે માલ ઘરમાં મુકીને રૂપીઆ આપતાં દાંતીઆં કરો છો ?"

" હોલ્ડ યોર ટંગ નહીંતો મારો મિજાશ હાથથી જશે !"

" તમારા મિજાશને નાંખો ગટરમાં ! ચાનક લાગતી હોય

તો રૂપીઆ ગણી ઘો !"

"અરે તારા રૂપીઆ લે જે, પછી શું લઈશ ?"

"ક્યાં છે, લાવો !"

"જા પહેલી તારીખે આવી ને લઇ જજે !"

"તમારી પહેલી તો ઘણીએ ગઇ !"

"આ પહેલી નહીં જાય, જા જરૂર આપીશ !"

"સાહેબ આ પહેલીમાં પેઢી ન જાય તેની ખાસ સંભાળ રાખજો !"

"ઠીક, ઠીક, આવાએ અક્કલના આંધળા ઇડીયટ કેટલા હશે ?

"અરે વકીલ ઘરમાં છે કે ?"

"આ વળી કોણ આવ્યો ?"

"કોણ છે !"

"સાહેબ હુ લલવો ઘાંચી !"

"કેમ અલ્યા, બોલતાં બોલતાં બ્હેંકયો કે શું ?"

"શું છે સાહેબ ?"

"યુ ઘાંચાસ લાઇક જીનીઆસ, ભુત જેવા ઘાંચી વકીલ સાહેબ નથી કહેવાતા ?"

"પૈસા આપે એને સાહેબ કહેવાય, ન આપે એને કહેવાય !"

"યુ ઢેમ ફ્રાસ્ટ જાય છે ?"

"પણ જેને ઘેર પૈસાની ઉઘરાણી કરી કરી ટાંટીઆ ફરી જાય તેને સાહેબ કહેવાય !"

"કેમ અમે સાહેબ નહીં ?"

"જ્યાં સુધી તમે સાહેબશાઇમાં રહો ત્યાં સુધી સાહેબ,

નહીં તો પછી સાહેબના બટલરથીએ ભુંડા !"

"તમે હિંદુ લોક જ જંગલી છો, રાસ્કલ છો, બોલવા ચાલવાનું તો કાંઇ નોલેજ જ નથી. તમારા લોકોની એક એક આંગળ ભરીને જીભ કાપી નાંખવી જોઇએ !"

"સાહેબ જીભ તમારી જ કાપી નાંખો, એટલે ઉધાર લાવી ઘી ખાવાનું મન ન થાય ?"

"યુ લલવા તું ઇનસાન થવાનો કે જન્મભર હેવાન રહેવાનો !"

"હવે બધી લાયરી જવા દઇ અમારા ઘીના રૂપીઆ આપો અમે ઘી વેચી શું ગુનેગારી કરી ?"

"હવે જા છાનો માનો સીધો ઘેર જા, દશગી તારીખે તારા ઘીના રૂપીઆ લઇ જજે !

"સાહેબ એવી દશમી તો કેટલીએ ગઇ !"

"આ નહીં જાય જા !"

"અને સાહેબ જાય તો !"

"તો ગધ્ધા એક વધારે ગણુજે !"

"એટલે તમારે મારા રૂપીઆ આપવા જ નથી ! મારા ભાઇ ના આપવા હોય તો સાફ ના કહી દો !"

"ના ના આ દશમીએ તો જરૂર આપીશ !"

"જો જો, હવે નહીં ચાલે, નહીં તો જોયા જેવું થશે !"

"આવા એ ગધાડા વેપારીઓની ગામમાં કાંઇ ખોટ હશે ? સાલ્લું એક તો ઉધાર આપવું અને ઉપરથી મિજાશ કરવો એ કેમ બને ? વેલ વાઇફ જરા માંખણ ચોપડીને કેક આપને ?"

" માંખણુ તે કયાંથી લાવું ?"

" પેલા ભોગીઆ સાચોરાને ત્યાંથી !"

" એ તો હવે ઉધાર નથી આપતો !"

" અરે ન કેમ આપે જા મારૂં નામ દે જે !"

" બધે તમારૂં જ નામ દઉં છું. કોઇ ઠેકાણે મારૂં ના નથી દેતી."

" ચાલ ચાલ તું બધા બનાવીને જવાબ આપે છે !"

" સાહેબ હવે તો જમાનો જ અજબ આવ્યો છે કેમકે.

'આજ સમય અયસા આયા હય જિસકા પાર નહીં મીલતા હૈ
ઇશ્વર તો મીલભી જાતા હય મગર ઉધાર નહીં મિલતા હૈ'

" અરે વકીલ આ ઘરમાં છે કે નહીં ?"

" કોણ છે ?"

" અરે મારા ભાઈ તમારે તે અમારા દાળના રૂપીઆ ક્‍ સુધી ઘાલી મુકવા છે ?"

" કોણ મણીઓ દાળીઓ, અલ્યા તું વેપારી થઇને આ તીરમારખાં કયાંથી થયો ?"

" તમારા જેવા નાગા ઘરાક મળ્યા એટલે !"

" શુ ગદ્ધા વિચારીને બોલ !"

" અરે તમે તે આદમી છો કે કોણ છો !"

" અલ્યા બોલતાં તો શરમ રાખ હું ગમે તેટલો પણ ગ વર્નમેન્ટ પ્લીડર છું, તારી ખબર લઇશ."

સાળી શરમ તે કેટલી ! પનઃલગ્ન કરી મોગે જગન માંડ

તેમાં પારકા રૂપીઆ ઘાલી બેઠા છો ! બસ હવે નહીં ચાલે અ મારા રૂપીઆ ગણી ઘો ! ”

“શું કાંઇ રૂપીઆ દેવાળાખાતે પડયા છે? રૂપીઆ, રૂપીઆ રૂપીઆ, રૂપીઆ લેશો બીજું તો નહીં લ્યો ? ”

“ એ તો તમને જાણ્યા, બીજું શું આપશો પાણા ? રૂપીયા રૂપીઆ, રૂપીઆ, લ્યો લાવો રૂપીઆ, કયાં છે રૂપીઆ ખાવા!”

“ આવજો આજથી ચોથી તારીખે ! ”

“ એવી ચોથી તો ચૌદ ગઇ ! ”

“ આ નહીં જાય ! ”

“ મારા બાપ તમે તો સાવ નાગા છો; ચોથીને દહાડે ખાસી ચોથ ઉજવો છો ! ”

“ અરે પણ તમે તમારે ઘોડાપર બેસી આ ચોથીને દીવસે આવજો ! ”

“ શું મારા નામની લોથ વાળું ? ”

“ જાઓ, ગો આવે, કમ ઓન ઓન ચોથી ! ”

“ આ મારૂ બેટું ગો આવે અને કમ ઓનમાં બધું ઉંધુ વાળ્યું ! ”

“ અરે ભાઇ છેલશંકર વકીલ ઘરમાં ટળ્યા છે કે નથી ટળ્યા ?

“ મારા બાપ આજ તો મારા ભોગ મળ્યા ! ”

“ કેમ છે? જોયો તડાકો ! લેણદારની મોટી ધાડની ધાડ છે ને ! તમે આટલી વારમાં અકળાઇ ગયા, ત્યારે મારી શી દશા થતી હશે ? ”

“ આએ મારા બેટા સામટા ખાઇ પીને મારી વાંસે મંડયા

છે. એક ચુવેપે સો સો બીલ્લે! આજે લેણદારોનો રાફડો ફાટયો છે! આખુ બજાર મારે ઘેર આજ આવ્યું છે!"

"અરે ભાઇ વકીલ છે કે નહીં?"

"હવે કેમ છે તમારે!"

"તો મારા ભાઇ તમે તે જાનવર છોકે માણુસ છો? આવા લાહુરીઆ વેડા શું કરો છો! એક દહાડાને વાયદે ખાંડ લઇ ગયા તેના આજે છ છ મહીના થયા પણ પત્તો નહીં, મારા ભાઇ ખાંડના પૈસા મુકી ધો!!"

"અરે તમે તે વેપારી છો કે ભીખારી છો! કાંઇ બોલવાની એટીકેટ તો શીખો!"

"અરે ભીખારી તારો બાપ! નાણાવટીની દુમ, ચટકો લાગતો હોય તો ગણી દે રૂપીઆ" કહી એક ધોલ વકીલના ગાલ પર ધરી દીધી; વકીલ સાહેબ ગોઠીમડું ખાઇ ગયા, અને કપડાં ખખેરતા ખંખેરતા ઉભા થયા!

"અરે મારા ભાઇ વેગળો ઉભો રહીને વાત કર! મોટો લેણદાર છે તે જાણ્યો; શું આમ ધોલ મારવાનો લેણદાર, રીતમાં રહીને વાત કર!"

"અરે મોટાં રીતવાળાં, શરમ આવતી હોય તો રૂપીઆ મુકી ધો! વકીલને ઘેર નાતરે આવ્યાં છો તે તમને જાણ્યાં! આટલી બધી ઝાંઝ ચડે છે ત્યારે ઉધાર ખાંડ ખાવાનો ચડસ શું કામ રાખોછો?"

"ઠીક છે ઠીક છે હું તને જોઇ લઇશ, તારા પર હું ઘર પ્રવેશનો સુટ માંડીશ ત્યારે જ તું પાંશરો થશે!"

" અરે આવા સુટના દમમાં ને દમમાં કેટલા ગરીબ દુકાનદારોનાં ઘર લુંટયાં; વકીલ સાહેબ અહીં તમારો દમ નહીં ચાલે!"

" તે હું તને કોર્ટમાં બતાવીશ ! "

" એ કોર્ટનો ટેશ ખાંડ વાળાને ત્યાં ન ચાલે! કોર્ટ કોની? કોર્ટ તો બધાયની છે ! હું તો એક જુદી ખોપરીનો છું ! "

" એટલે તને હું સારી પેઠે કોર્ટમાં મારા હાથ બતાવીશ!"

" એ તમે તો બતાવતાં બતાવશો પણ હું તો કાલ અગીઆર વાગે માણેકચોકના બજારમાં કપડાં ઉતારી લઇશ. આ દક્ષણી ખોખું અને સોનેરી ચસ્મા ટકામાં હરાજ કરીશ સમજ્યા!"

" બાપુ તું આમ તપી શું કરવા જાય છે; તું તારા રૂપીયા લેતો પરવારજે; જા ભાઇ પરમ દીવસે સાંજે આવીને મારી પાસેથી લઇ જજે. "

" તો સાહેબ આમ રીતમાં વાત કરો તો કાંઇ તોડ આવે! એક તો ઉધાર ખાવું અને ખાલી દમ રાખવો એ કદાપી ના બને ! લેણદાર જોઇને મીજાશ રાખવો ! "

" બહું સારૂં ભાઇ તેં મને આજે નવું લેશન શીખવ્યું; પરમ દીવસે તારા પૈસા જરૂર પતી જશે ! "

" કાંઇ નહી સાહેબ, આમ રીતમાં વાત કરો તો અમને ખોટું ન લાગે. પરમ દીવસના કહી પંદર દીવસ થાય તો પણ અમારાં વેપારીનાં કાળજાં તો પત્થરનાં રહેવાનાં ! લ્યો સાહેબ હું જાઉછું, બોલ્યું ચાલ્યું માફ કરજો ! "

" કેમ વ્હાલી જોયો મારો રોફ ! કેવો પાણી પાણી થઇ ગયો !"

" અરે બળ્યો તમારો રોફ, આ રોફમાં ને રોફમાં બધું બોળ્યું અને લાખ ટકાનું માન ધોલમાં રોળ્યું ! "

" પણ પછી તેના હાંજા કેવા ગગડી ગયા. માઇ ડીયર છેવટે તેણે માફ માગી હો ! "

" આટલા બધા લોકોના તાળીઆ વેઠવા તેના કરતાં ઉધાર ન લાવીએ તે કેવું સારૂ ! "

" અરે મારા જીગર માઇ સોલ ઉધારમાં તો આદમીની એક સાચી ક્રેડીટ છે ! "

" અરે બળી એ આબરૂ ! એજ આબરૂ જતે દીવસે બજારમાં હરાજ કરાવે; અને એક નાદાનના હાથથી શીર પર જોડા ખવરાવે ! "

" અરે ઉધાર અપાય કોને એ તું જાણે છે ? મારા જેવા ફક્કડ રોફીને, સરકારી અમલદારને, અને સાચા શાહુકારને ! નાગાને તો એક પાઇ પણ બજારમાં ન ધીરે ! "

" પણ આપણે પોતીકુ ગજુ વિચારીને દેવું કરીએ તો પછી આ બધુ સાંભળવાનો વખત આવે ? "

" તું તો ગાંડી છું, દેવું કોને માથે હોય ? ભાગ્યશાળીને માથે ! ! "

" ભાગ્યશાળીને તો કાંઇએ ન હોય ! હોય બધુ તમારા જેવા ફુલ ફટાકીઆને માથે ! "

" અરે મોટા ધનેશ્વરના બેટાને માથે પણ દેવું હોય; સરકારને માથે પણ પ્રજાની લોનનું દેવું હોય અને એક વ્યાપારીને માથે પણ સરાફનું દેવું હોય ! દેવા વગરનું તો કોઇ પણ બાકી

ન હોય !"

" જુઓ પોતાનું પાપ છુપાવવાને માટે મોટા મોટાનાં છીદ્ર શોધવા માંડયાં છે !"

" અરે ઉલ્લુ, સ્ત્રી પુરૂષ તમામને માથે દેવું હોય છે; તું નથી જાણુતી કે જગતમાં જે પિતૃરૂણુ અને પતિરૂણુ કહેવાય છે તે તમામ દેવું કહેવાય છે; બોલ હવે બતાવ કોઇ છે દેવા વગરનું બાકી ?"

" હાય મારા બાપ આમાં પણુ વકીલાત ચલાવા માંડી."

" દુનિયામાં વકીલાત વગરનો તો કાંઇ પણુ ધંધોજ નથી!"

" હવે કરજની બ્રીફ લેવા માંડી, ડેટની સાઈડમાં ભરાયા; તમારે તો કોઇ પણુ વસ્તુમાંથી ગુણુ જ ના લેવો !"

" અરે ગાંડી દેવું એ તો દુનિયામાં અનાદીથી ચાલતું આવ્યું છે; એતો જેમ ચાલતું આવ્યું છે તેમ ચાલ્યે જશે, એની વિરૂદ્ધ બોલનારા મુર્ખમાં ખપશે !"

" અરે પણુ કોઇનું કાંઇ લાવવું તેના પેસા આપવા કે ન આપવા; બધાને હાથેળીમાં પ્રભુ દેખાડવા !"

" ઓ સ્ટુપીડ, આ જગતમાં આની પાઘડી આને માથે, અને આની આને માથે એમ મુકવામાં સરાફીનો વ્યવહાર ચાલ્યે જાય છે. કોઇની કોથળીઓ ગણુવા કોઇ જતું નથી. શાહુકારીની ખુબી જીબાનની સફાઇ પર રહેલી છે !"

" અરે સફાઇ નહીં પણુ સચ્ચાઇ પર રહેલી છે એમ કહો."

" અરે સચ્ચાઇ તો વ્યાપારને ઉંધો મારે ! અને હાથ તાળીથી વ્યાપાર ધમધોકાર આગળ વધતો જ ચાલે !"

•

" તમારૂં તે બોલવાનું કાંઇ ઠેકાણું છે ! બસ વકીલ થયા એટલે સહસ્ત્ર જીભ વાળા અને પુષ્કળ કાવાદાવા વાળા લડવાડીયા એક આગેવાન થયા ! "

" જી હાં ધેર લાઇઝ ધી બ્યુટી ! આ જમાનામાં કપડાની શીલવાઇ અને બોલવાની સફાઇ એ બેમાં જ ગૃહસ્થાઇ શાહુકારી અને સરાફી રહેલી છે ! ! "

" અરે છેલશંકર વકીલનું ઘર કયાં છે ? "

" આ રહ્યું, કોણ છે, જે હોય તે અંદર આવો ! "

" અરે વકીલ સાહેબ હવે તો અમારા કાપડનાં નાણું આપો "

" જાઓ પંદરમીએ દુકાને આવી આપી જઇશું; કહેજો તમારા શેઠને ! "

" અરે શું કહું મારૂં કપાળ ! તમારે તે સાહેબ કેટલી જીભો છે ? "

" એક. "

" તો મારા ભાઇ સાચો વાયદો કરોને ! શેઠ તો અમારી પત્તર ફાડે છે, એતો કહે છે કે સાળા ગુમાસ્તા ઉઘરાણી જ જતા નથી; બારોબાર આમ તેમ આંટા મારી આવી જુઠા વાયદા કરેછે."

" તમે ઉઘરાણીનું નામ દઇ તમારા ઘરનું કામ કરતા હશો તેથી જ તમને શેઠ ખીજતા હશે ! "

" અરે સાહેબ તમારા જેવા બધા જૂઠા વાયદા કરે છે એમાં અમે શું મરીએ. શેઠની જીભ અને ગુમાસ્તાના ટાંટીઆ ! લોકોના વાયદા અને અમારાં બ્હાનાં ! નાગાની હા અને સીધાની ના ! એમાં મરો અમારો છે ! "

" બહુ સારૂ ભાઇ જાઓ, જરૂર હું દુકાને આવી કાપડના પૈસા ભરી જઈશ ! "

" ઓહ માય લોર્ડ, મારા પ્રભુ આજ તો ગજબ થયો છે, દેવાદાર માણસે કદી પણ દીવસના ઘરમાં રહેવું જ ન જોઇએ, આજે હું રહ્યો એટલે સપડાયો; બસ કાલથી જે રહે તે બેટા. "

" પણ તમે બહાર ભટકશો, અમારી ઘરમાં શી વલે થશે?"

" તું પણ સમાજમાં ચાલી જજે, એટલે સઘળા આવી તાળુ જોઈ ચાલ્યા જશે સમજી ડીયર ! "

" સમજી ! પણ તમે આવા રેતમાં નાવ કયાં સુધી ચલાવે જશો ? "

" જ્યા સુધી ચાલશે ત્યાં સુધી ચલાવીશું ! લે વ્હાલી હવે હું જરા મારા ફ્રેન્ડને ઘેર જઈને આવું છું ! "

" બહુ સારૂં, વ્હેલા આવજો, ઝાઝુ મોડું ના કરશો, મને તો તમારા વિના એકલું ઘરમાં બીલકુલ નહીં ગમે ! "

" તું જરા ફોનોગ્રાફ વગાડી ગાયન સાંભળજે, હુ સપાટાબંધ જઈને આવું છું ! "

" બહુ સારૂ વ્હેલા પધારજો ! "

" હાશ....પાપ ગયું, મને પજવી મારી ! મારા રોયા લેણદારોએ મારો જીવ લીધો ! મારે કયાં એમના પર છાપ મારી છે ? જયાં સુધી બન્યું ત્યાં સુધી બન્યું, નહીંતો પછી સમાજ તૈયાર છે ! આમની સાથે તો ઘર મંડાઇ રહ્યું, હવે તો બસ રજવાડામાં જવું અને ત્યાં જઇ સ્ત્રી શિક્ષક તરીકેની નોકરી કરવી ! કોઈની પણ વાએદારી જ નહીં ! ચાલ જીવ હવે જરા

બે ઘડી આરામ કરૂં !"

" અરે વકીલ સાહેબ છે કે ?"

" વળી આ પાપ કોણુ આવ્યું !"

" અરે કાન્તાગવરી ઓપન ધી ડાર !"

" ઓહો કોણુ મનહરલાલ ?"

" જી હા, વકીલ સાહેબ કયાં ગયા ?"

" આવો, આવો, તમે તો આજ ઘણુા દીવસે પધાર્યા ! સાહેબ તો બહાર ગયા છે ?"

" કયારે આવશે ?"

" હમણુા આવશે !"

" ઠીક ત્યારે આટલામાં હું જઇને આવું છું !"

" અરે જવાય છે ! આમ તો આવો ! હમણાં વકીલ સાહેબ આવશે ! બેસો, રાહ જુવો, હમણાં આવશે !"

" પણ ગયા છે કયાં ?"

" જ્યાં ગયા હશે ત્યાંથી ઝટ વહેલા આવશે. બેસો, જવાય છે !"

" ના ના હું તો હવે જઇશ !"

" અરે મારા સમ જાઓ તો ! આમ શું કરોછો ? લ્યો હું ચાહ મુકું; ચાહ પાણી પી પાનસોપારી ખાઇને જાઓ !"

" તમે આટલી બધી તસ્દી શું કામ લ્યોછો ?"

" એમા તસ્દી શાની ? અમે આવીએ છીએ ત્યારે તમે કેમ તસ્દી લ્યોછો ?"

" કાન્તાભાભી તમે તો ખુબ કરી ! જેટલું બોલ્યાં હતાં

તેટલું કરી દેખાડયું ! સુધારામાં આત્મભોગ તમે સારી રીતે આપ્યો ! પુનઃર્લગ્નની તરફેણમાં તમે જેટલું બોલ્યાં હતાં તેટલું દુનિયાને તમારા દૃષ્ટાંતથી સિદ્ધ કરી બતાવ્યું ! ”

“ હા પણ હું મારા પ્રયત્નમાં નિષ્ફળ થઇ ! ”

“ એમ કેમ ? ”

“ આ વકીલ સાહેબ મળ્યા, પણ ઢંગ વગરના મળ્યા; કોઇ પણ પ્રકારનું વ્યવહારીક જ્ઞાન તેમનામાં દ્રષ્ટીગોચર થતું નથી ! ”

“ કેમ તમને દુઃખ દેછે, જો એમ હોય તો મને કહો; હું તેમને ઠપકો દઉં ! ”

“ દુઃખ તો એ શું મને દેતા હતા ! પણ આતો ભરમ ભારી અને ખીસ્સા ખાલી છે ! ”

“ કેમ કાંઇ પ્રેકટીસ બરાબર ચાલતી નથી ? ”

“ અરે બળી એમની પ્રેકટીસ, એમને માથે દેવાનો પાર નથી. જે કાંઇ કરે છે તે તમામ ગજા ઉપરાંત કરે છે. ”

“ શું એમને માથે કરજ થયું છે ? ”

“ હા....એની જ મોકાણ છે ! કરજ તો કરજ પણ માથે વાળ એટલું કરજ ! રોજ વ્હાણું વાયુ કે લેણદારની ધમાલ ! ”

“ ઓ તારીની ! આવી સ્થિતી તેમની થઇ ગઇ છે ! બહાર નીકળે છે ત્યારે રોફ તો મોટા બારીષ્ટરનો રાખે છે ! ”

“ ખાલી રોફ કેટલા દહાડા નભે ! ખીસ્સામાં દમડી વગર દમ કયાં સુધી ચાલે ? ”

" ત્યારે તમે કાંઇ શીખામણ કેમ નથી દેતાં ? "

" હું તો એમને પાને પડીને પસ્તાણી ! "

" પાણી પીધા પછી ઘર પુછાય ? "

" અરે તમારા જેવા અલબેલા સાથે પુનઃર્લગ્ન કર્યું હોત તો મારો ભવ સુધરી જાત ! "

" હશે હવે જે કાંઇ થયું તે ના થયું થાય ! જે કર્મે જડયું તેનું જતન કરી સંભાળી લ્યો; અને બગડતી બાજી સુધારી લ્યો !"

" હું તો હવે ટુંક વખતમાં જ ડાઈવોર્સ લેવાની ! મારે તો તેમની જોડે ઘડી પણ નહીં બને ! "

" હશે હવે યુકિત પ્રયુકિત કરી ઘર સંસાર નભાવી લ્યો !"

" લ્યો મનહરલાલ બિરાજો આ ચેર પર ! હું રકાબી પ્યાલા લાવી તમારા સારૂ ચાહ કાઢું ! ! "

" ઓહ થેન્ક યુ ફોર યોર કાઈન્ડનેસ એન્ડ લવ ! તમારા હેત અને માયાળુપણાને વાસ્તે હું આભાર માનુછું ! ! "

" લ્યો સાહેબ આ ચાહ પીઓ, કેવો સરસ બનાવ્યો છે તે જુઓ ! "

" ઓહ ઇટ ઇઝ વેરી નાઈસ ! તે ઘણો જ સુંદર થયો છે ! લ્યો તમે પણ પીઓ ! "

" ના વ્હાલા તમે પીઓ ! "

" હેં હેં શું બોલ્યાં ? "

" મારા વ્હાલા, મારા જીગર, મારા પ્રાણ તમે પીઓ; ચાલો હું તમને પાઉં ! "

" ભાભી સાહેબ આજ તો મારા પર તમે ખુશ ખુશ થઇ ગયાં છો ! "

" હા મારા વ્હાલા આજ તો તમારા પર હું ખુશ ખુશ થઇ ગઇ છું. લ્યો રસિકલાલ પીઓ ! "

" ચાલો તમે પણ પીઓ ! "

" હા ચાલો આપણે બંને સાથે પીએ ! એક ચમચી તમે મને પાઓ અને એક ચમચી હું તમને પાઉં !! "

" ઓહ ભાભી આજ તો જૉય જૉય ! આનંદ, આનંદ !! "

* * * *

" રસિક રીઝવો રસીલીને છબીલા આ છબીલીને
રંગીલા આ રંગીલીને:—રસિક રીઝવો૦
પિયુ પિયુ કરી કળીમરે ભોગી કયાં ભટકાય,
પ્યારા દેખી પાસમાં અંતર આ હરખાય;
કળી ખુશ થાય ખીલીને:--રસિક૦
રસીલી નારનો જે પ્યાર સકળ સંસારમાં એ સાર,
મઝા શ્રૃંગારની લેનાર સફળ તેનો ગણું અવતાર;
તમે દીલદાર તું હૈયા હાર
અધર રસરાજ ઝીલીને:--રસિક૦ "

" વાહ વાહ ભાભીસાહેબ ધન્ય છે તમારા લવને ! તમારા જેવા ખીલતા કુસુમની કીંમત જે કોઇ ના કરે તેના નસીબની જ ન્યુનતા કહેવાય ! હુ તો તમને જોઇને આફરીન આફરીન થઇ જાઉંછું !! "

"હું પણ મારા નરણાગીઆ તમારા પર વારી જાઉંછું ! વ્હાલા તમારી તો બલિહારી છે ! તમે મેનાં ભાભીને બહુ સારી રીતે રાખોછો ! હરેક રીતે તેમને તમે મનાવો છો ! અને સુધારાનું સાચુ સુખ આપોછો !"

"એ મેનાં આ રસિલી કાન્તાની તોલે ન આવે !"

"ત્યારે એ છેલશંકર પણ મારા મનહરલાલની તોલે ન જ આવે !"

"ભાભી તમારો તો લટકો જ જુદો છે !"

વ્હાલા તમારો ચટકો તો જાદુ ભર્યો જ છે ! જયાં તમને જોયાં કે ગોળ ગોળ !"

"વ્હાલી તારો રંગ તો નિરાલો જ છે !"

*　　*　　*　　*

"દીલદારના દર્શન વિના બીજું મને ગમતું નથી;"
પુતળી પઠે નજદીકમાં બેઠા વિના ગમતું નથી.
મુખચંદ્ર શોભે ઝળહળી ઝરતું સુધા જ્યાંથી વહી;
તે મુજ ચકોર ગરીબને પીધા વિના ગમતું નથી.
કુદરત તણી બલિહારી ત્યાં હું રમુ રંગીલા રંગમાં;
પણ હાય ભરચક રંગ તને છાંટયા વિના ગમતું નથી.
છો માહારા નોંધે ગુન્હાઓ નિંદકોને દફતરી;
પણ મસ્ત તુજ દરબારમાં આવ્યા વિના ગમતું નથી.
શો મોહ દુનિયાનો કરૂં દુનિયા દીઠી દો રંગમાં;
પણ માહારે તો ત્ાહારા એક રંગ વિના ગમતું નથી."

" ધન્ય છે આવા રત્નના સરજાવનારને ! અને ધન્ય છે આવા રત્નને જાળવી રાખનારને ! "

" ધન્ય છે રત્નની પરિક્ષા કરનાર ઝવેરીને ! અને ધન્ય છે રત્નના ઉપભોગ કરનારને ! "

" વ્હાલા તમને જોતાં મારા જીવને કાંઇ કાંઇ થઇ જાય છે ! મારાં ચક્ષુઓ કાંઇ ઓર તરેહના રંગમાં રંગાઇ જાય છે ! હૃદય હૃદય ગાનના એક તાનમાં ગુલતાન થઇ જાય છે; વ્હાલા હવે તો જુદાઇ ન રાખશો ! "

" જુદાઇ છે કયાં ? જગતના વ્યવહારમાં જુદાઇ છે પણ પ્રેમના બજારમાં ઐકયતા છે ! "

" વ્હાલા ત્યારે તો તમે મારા અને હું તમારી ! મારા વ્હાલાની બોલું સદા બલિહારી ! ! "

" હયો ભાભીસાહેબ તમે તો દીલનાં ખુબ ભોળાં છો ! દીલ આપવા બેસોછો ત્યારે બધું આપી દ્યો છો ! "

" સલુણા સાહ્યબા હું તો હવે તમારી થઇ, કેમકે—

*　　*　　*　　*

" રહી જુદાઇ નહીં રસીલી રહી જુદાઇ નહીં,
ભેદ ભાવ ટળી જતાં રહી જુદાઇ નહીં:—રહી૦
અહા મધુર મોહન રસ સુખપ્રદ એકતા જહીં:—રહી૦
તો તું લજવાએ શાને શાણી શરમાય શાને,
વદન કમળ રસીલું મોહન શું નમાવી રહી:—રહી૦
નિચાં શાં નેણ ઢળે કાં તું કતરાતી ભાળે,

દૃષ્ટિથી તું હરીણી નયની મધુર ચરણી;
રસની ઝરણી શું વહી વહી:-રહી૦ "

કાન્તા અને મનહરલાલ ચાહ પાણી પીને વાર્તા વિનોદમાં મશગુલ થયાં; કાન્તા નીચે બારણાની સાંકળ વાસવી ભુલી ગઇ હતી; મનહરલાલની જવાની ભીકમાં કાન્તાને કમાડ વાસવાં બીલકુલ છેવટ સુધી યાદ જ ન આવ્યાં; મનહરલાલ પણ પોતાનો દરજ્જો તથા ધર્મ ભુલી જઇ કાન્તાના પાસમાં ફસાઇ લટ્ટુ બની જઇ કાન્તા જેમ નચાવા મંડી તેમ નાચવા લાગ્યો; આ ઉભય પાત્રોના રસરંગની બહારમાં કારમા છેલશંકર વકીલ ચુપ ચુપ આવીને એકદમ ઉપર તેમના સમક્ષ ઉભા રહ્યા; કાન્તા અને મનહરલાલ છેલશંકર વકીલને જોઇને આભાં જ બની ગયાં, મનહરલાલ તો ખુરશીમાં ને ખુરશીમાં જ શબવત ઠરી ગયો, છેલશંકર વકીલનો મિજાશ મનહરલાલને જોઇ ફાટી ગયો અને એકદમ લાકડી ઉગામીને મનહરલાલને મારવા ગયો.

" અરે અભાગીઆ મનહર, મારી દોસ્તીનો આવો અવળો ઉપયોગ તું કરવા તત્પર થયો ? મારી ગેરહાજરીમાં મારા મકાનમાં આવી મારી સ્ત્રી સાથે આવી હલકી વર્તણુક ચલાવવા તું તૈયાર થયો ! આખરે ભાઇબંધ થઈ ભાઇબંધનું જ ઘર મારવા તું ઉભો થયો, પાપી પ્રીટકાર છે તને ધિઃકાર, ધિઃકાર તારા જેવા નરાધમને પારાવાર ધિઃકાર છે !! ચાલ ચંડાળ એકદમ મારી નજર આગળથી તું દુર થઈ જા, નહીં તો તારો વધ કરીશ; તારૂં ખુન કરીશ અરે તારૂં લોહી પીશ ! " કહી સડોસડ

લાકડી વતે મનહરને ઝુડી નાખ્યો; મનહરલાલ "મું'ગે ખાધો ગોળ સ્વાદ કોને કહેવાય" એની માફક મું'ગો મું'ગો મુઠીઓ વાળી જીવ લઈ નાસી નાસતો દાદર પરથી ઉતરી અગીઆરા ગણી ગયો; છેલશ'કર વકીલના ડોળા કાન્તાને જોઈને ફાટી ગયા.

"કેમરે દુષ્ટા, તું' મારી ગેરહાજરીમાં મારા ભાઈબ'ધ સાથે આવો અનાચાર કરવા તૈયાર થઈ, શરમ શરમ શરમ છે તને! ઢાંકણીમાં પાણી લઈ ડુબી મર!"

"અરે શરમ છે તમને કે એકદમ તમે બે જણ વાત કરતાં હોય ત્યાં આવી ચઢયા! તમારી આવી વર્તણુકને વાસ્તે હુ ઘણી દીલગીર છું'!!"

"હું' પણ તારી આવી અયોગ્ય ચાલ ચલગતને વાસ્તે મારા અ'તઃકરણથી દીલગીર છું'! તને એકવાર અત્યારે પારડન આપુ છું'."

"હું' પણ તમને તમારા પહેલા ગુન્હાને વાસ્તે ક્ષમા કરૂં છું'. સ્ત્રીઓને વાસ્તે આવો અધીરો જીવ રાખવો, અને તેના પર વાતે વાતે વહેમાવુ' એ ઘણું' જ ખરાબ છે!"

"આ વખતે હું' ગમ ખાઈ જાઉછું'; જો હવેથી આવુ' થશે તો તારાં હાડકાં ર'ગી નાખીશ!"

"અરે પણ મારે તો તમારી સાથે બનવાનુ' જ નથી; હું' તો કાલ ને કાલ સમાજમાં જઈ ડાઇવોર્સ લેવાની સમજ્યા! તમે મને દુષ્ટા કહેનાર કોણ! તમે મને ધમકી આપનાર કોણ?"

"અરે જા જા બેવકુફ ડાઇવોર્સ જો કાલ લેતી હોય તો

આજે જ લઇ લે; આઇ ડોન્ટ કેર ફોર યુ, હું તારા વાસ્તે કાંઇ પણ દરકાર રાખતો નથી ! મારે ઘણી સ્ત્રીઓ છે ! ”

“ ત્યારે હું પણ તમારા સારૂ કેર કરતી નથી ! લ્યો સાહેબજી છેલ્લી સલામ! ! ચડસા ચડસી વધી જવાથી કાન્તા તરત જ પોતાની ટ્રંક લઇ વકીલ સાહેબને સલામ કરી ચાલી નીકળી; આમ વકીલસાહેબ પણ કાન્તા પ્રત્યે તિરસ્કાર દર્શાવતા ચુપ ચુપ તેના ભણી જોઇ રહ્યા; કાન્તા ગઇ કે તરત જ બારણું બંધ કરી વકીલસાહેબ મેડા પર ચઢી એક આરામચેર પર પડી કાન્તા પર ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા ! ! નાતરીઆ વિવાહનો અંત અંતે નાતરામાં જ આવ્યો; વિબુધ વાંચકો આતે “ નેહ લગનના મીઠા નેડા કે જીગરના જીવનના છુટા છેડા ! ! ”

પ્રકરણ ૬ ઠું.

ધંધાના કઢાપા કે જમાનાના ઝપાટા ?

દોહરો.

જુના જડ રૂપે થયા, ફરકે નવલ નિશાન;
નવા નવલ રંગે ફરી, મહિતળમાં લે માન.

પૃથ્વી અનેક રત્નોથી યુકત છે, છતાં પરિક્ષકના અભાવે તે ધુળ નીચે ઢંકાએલાં રહે છે, લાયક ઝવેરી જ ઉત્તમ રત્નોની લાયક કીંમત આંકી શકે છે, ભિખારીને કદાચ સ્ફટિકમણિ સાંપડે તો તેને તે સુંદર પત્થર સમજી ભેંસની કોટે લટકાવશે, પણ જો તે લાયક ઝવેરીના હાથમાં જશે તો તે મહાન ભુપતિના કંઠાભરણમા બિરાજવાને ભાગ્યશાળી થશે.

અસિલો થકી વકીલો વધ્યા રોગી થકી ડાકટર ઘણા;
વિદ્યા ગુરૂ છે આજ શુદ્રો વૈશ્ય વિપ્રાદી તણા.
મુળ ચારમાં ભળિ ચૌદને આજે અગણ ન્યાતો થઇ;
જ્ઞાતિ તુટીને તડ પડે આગાહિ અસ્ત તણી સહી.

બિલોરી કાચનો કટકો ભલેને ઝળાંઝળાં કરી રહ્યા હોય પણ તે કાચ જ છે, કોડીના મુલ્યનો છે, અને

કોહીનુર કદાચ મલિનતા શામતાથી ઘેરાએલો હોય તો પણ આખર તે અણમોલ રત્ન જ છે. ભભકો ભાળીને ભોળાઓ મોહિત થાય છે પણ જ્યારે ભોપાળું ખુલ્લું પડે છે ત્યારે મોહ પામનારા પસ્તાય છે.

* * * *

' અજબ જમાનો નવિન નજરમાં આજ કાલ ચડતો
સસલાને કીચડમાં દાબી હાથી કચડતો;
ક્રોડપતિ કંગાલ જ કેરી થાપણ ઓળવતો.
ગુલાબને દાબે છે કેવો હજારીઓ ગોટો;
અન્યાયી ગાદી તકીએ ને ન્યાયી દોરી લોટો. '

ઑલીઆના અવતાર તરીકે આલેખાતા અહમદશાહની નેકનતનત દર્શાવતા અલબેલા અમદાવાદમાં વિકટોરીઆ ગાર્ડન ખરેખર વિકટોરીઅસ અને ગ્લોરીઅસ જયકારી અને જશકારી વાડી તરીકે મનાય છે. જળમય પ્રદેશની પાંસેના સ્થળોની હવા વૈદક નિયમ પ્રમાણે વધારે સારી અને આરોગ્યમય ગણાય છે. તેમાંએ અસ્ખલિત રીતે વહન કરતા વારી પ્રવાહની સમીપના ચોગાનોની હવા ઘણીજ ઉત્તમ અને ખુશકારક લેખાય છે. ઉત્તમ ખોરાક, સારૂ પાણી અને નવા કપડાથી મન ઉપર જેટલી સારી અસર થાય છે તેના કરતાં ઉત્તરોત્તર અધિક અસર સુગંધમય અને શિતળ હવાથી થાય છે. બાગ બગીચા, તળાવ અને સરિતા આદી જળમય સ્થળોમાં શોખીનોની જે ગીરદી જોવામાં આવે છે તેનું મુખ્ય અને મજબુત કારણ ઉત્તમ હવા છે. સારા સારા શહેરોની આબાદીનો આધાર મુખ્યત્વે કરીને હવા અને પાણી

ઉપર જ રહેલો છે. મોટી કોરપોરેશનો, મ્યુનિસિપાલીટીઓ, વોટર-વર્કસો, અને ગટર કનેકશનોના મંડાણનું કારણ અને રૈયતના કર વેરાના પૈસાનું ધારણ ફક્ત ચોખ્ખી હવા અને પાણી એજ છે. વિશાળ અને ગંભિર સરીતાઓ એ જ શહેરની પ્રજાના અમુલ્યની જીવનદોરી છે. નદીઓની ન્હેરો એજ રૈયતના સાચા સુખની લ્હેરો છે; એજ પ્રમાણે રમ્ય રાજવૈભવમાં રાજતા અને આબાદાનીમાં આગળ વધો વધીને ગાજતા રાજનગરની સાહ્યબીનું કારણ ફક્ત પતિતપાવની પાપવિમોચની સાબરમતી સરીતા જ છે.

પુન્યવતી અને ભગવતી સાબર માતા નદીના ત્રટ પર આવેલ રાજમાતા શ્રીમતી વિકટોરીઆના વિજયી નામાભિધાન ધારણ કરેલ વિકટોરીઆ ગાર્ડન આજ કાલ અમદાવાદમાં ઉત્તમ હુવાના સુંદર અને ખુશકારક નંદનોદ્યાન અમરવાડી તરીકે આનંદ અને શાંતિસદન રૂપ થઈ રહી છે. સવાર સાંજ વિલાસી અને શોખીન દંપતિઓનાં ટોળે ટોળાંથી આખી વાડી ઉભરાઇ જાય છે. આખી વિકટોરીઆ ગાર્ડનમાં કુંજ ભુવન, બેન્ડ સ્ટેન્ડ કમ્પાઉન્ડ અને નદી પાસેની રળીઆમણી અટારી એ ત્રણ સ્થાન ખરેખર શાંતિ અને આનંદનાં પરમ ધામ છે. શિયાળાની સવારમાં સુગંધીદાર ફુલડાઓની મીઠી હવા બેન્ડ સ્ટેન્ડ કમ્પાઉન્ડમાં બેઠાં બેઠાં સારી રીતે મળી શકે છે. ઉનાળાના અંગાર વરસાવતા બપોરમાં કુંજભુવનમાં શાંતિની મીઠી લ્હેરો સારી રીતે મળી શકે છે, અને ચંદ્રરાજની પૂર્ણ ચંદનીમાં શાંતિ સુધાની ઝીણી અને મીઠી ફર ફર ઉડતી ઝેણો નદી પાસેની રળિયામણી અને

સોહામણી અટારીમાં મળી શકે છે. આખા રાજનગરમાં વિકટોરીઆ ગાર્ડનની હરીફાઈ કરી શકે એવું એક પણ સ્થાન શોધ્યું જડવાનું નથી.

આજ રોજ ખગ્રાસ સૂર્ય ગ્રહણનો દીવસ છે. આખા શહેરમાં પાકી છે. કોરટોમાં પણ રજાનો દીવસ છે. નાનાથી મોટા તમામ જેમ આવે તેમ ભટકવામાં દીવસ ગુજારે છે. ભિખારીઓ રૂપાદાન, વસ્ત્રદાન, ત્રાંબાદાન, અન્નદાન વગેરે વિવિધ પ્રકારનાં દાન દર્શાવતા મોટા બરાડા પાડી ભિખમાગી ગ્રહણ ગજવે છે, સ્ત્રી વર્ગ ઘરને લીંપવા ગુંપવા અને ધોળવા ધોવામાં ગ્રહણ ઉજવે છે, અને પુરૂષ વર્ગ નદીએ ન્હાવા ધોવામાં તથા બહાર બજારમાં હરવા ફરવામાં ગ્રહણ રીઝવે છે. વિકટોરીઆ ગાર્ડનમાં પણ આજ રોજ સંખ્યાબંધ યુવકો મજા મારવા નીકળી પડેલા છે. અન્ય જાહેર તહેવારના દીવસોમાં નોકરીઆત માણસો અને વિદ્યાર્થી વર્ગ જ બાગ બગીચાની સ્હેલધા મારી શકે છે; ધંધાદારીઓ ધંધાની પેદાશમાં હરવા ફરવાની મજાથી વિમુખ રહે છે; પણ બજારની પાકી અને ગ્રહણના દીવસોમાં તમામ કોમ હરવા ફરવામાં જ દીવસ ગુજારે છે; અર્થાત આજ રોજ વિકટોરીઆ ગાર્ડનમાં ચોરાશી બંદરના વાવટાનાં દર્શન થાય છે, મન પસંદ તીખી મીઠી અને કડવી ચર્ચા ચલાવતા શોખીનો ગાર્ડનમાં એક પછી એક એમ દાખલ થાય છે અને બગીચાની ચારે કોર જ્યાં મન ઠરે ત્યાં ઘુમે છે.

“ મી. મનુભાઈ! દીવસે દીવસે વખત ઘણો બારીક આવતો જાય છે, જુઓને યાર;

*　　　*　　　*　　　*

'જમાનાની બલિહારી અજબ જણાય ભારી;
દેખાદેખી કરવામાં ડહાપણ સૌ માને છે.
નફા કે ટોટાનો કાંઇ વિચાર કરે ન જરી;
ગતાનુગતિક બની જન સૌ વખાણે છે.
રીતિને રિવાજનું વહન એવું થઇ પડયું;
પરિણામે દિસે મ્લાન વદનના માનવી.
દિસે ઢમઢોલ હોય માંહે પોલંપોલા એવી;
ફેશનની ફીશીઆરી કહો શું વખાણવી. ?"

"યસ મી. રમુભાઇ યુ આર કવાએટ રાઇટ. જમાનો ઘણો જ આગળ વધતો જાય છે, ફેશન ઘરે ઘરમાં આંખ મીંચી ઘુસતી જાય છે અને સુધારો ઉછરતી પ્રજામાં ચોગરદમ ઘુમતો જાય છે; ગૉડ નોઝ કે હવે શું થશે ! સાલ્લું ધતીંગ તે કાંઇ થોડું ઘણું છે, હીઅર હીઅર,

*　　　*　　　*　　　*

'નાટક ચેટક અને નવેલી નારીના પ્યાસી;
અત્તર ફુલેલ પાનપટ્ટી તણા શોખીનો.
માથે વાળ વધારીને ચટી પટી પાડી સેંથી;
છડી અને બુટ વળી ઠાઠમાઠ છત્રીનો.
ઘરમાં ન નાણું તોય વ્હાણું વ્હાતા ચાની પ્યાલી;
બિસ્કુટ આનંદ સાથ હોટલમાં માગવી.
નાણા તણી તાણ પડે છેવટ લાચાર બને;
ફેશનની ફીશિયારી કહો શું વખાણવી ?"

" સાહેબજી બાવા મી. બચુભાઇ તમે શાના રાગડા તાણવા માંડયા છે ! "

" સાહેબજી મી. ચીચુભાઇ, જમાનાના નામની મેં તો પોક મુકવા માંડી છે ! "

" મુકો બાવા મુકો, સુધારાનાં નીચા વળી વળી બે હાથ પહોળા કરી છાજીઆં લ્યો એટલે તમારૂં ભેજું ઠંડુ થશે બાવા, સમજ્યા ! હુન્ડરસ્ટેન્ડ યુ ! ! "

" મી. હવે તો વાત વધી ગઇ; જુઓ,

*   *   *   *

' તમે ખુશી અમે ખુશી એટલું એ લખવામાં,
પતું નહીં ચાલે પણ પાકીટ જ જોઇએ.
વળી ચાર ચાર રોજે લેટરનો ખાસ ધારો,
કહે શું છે પત્ર તે ટપાલે મન મોહીએ.
હોય નવરોજ તોય ફોગટ ફેશની જંત્રી,
ટપાલની ઓફીસમાં રોજની ચુકાવવી.
પોષ્ટમેન છતાં વ્યર્થ વખત ગુમાવે એવી,
ફેશનની ફીશીયારી કહો શું વખાણવી ? '

" યાર તમે બી ઠીક છો હોં; મરચાં અને આદુ ખાઇને સુધારાની પાછળ ઠીક પડયા છો ? "

" મી. જે કાંઇ જોઇએ તે તો કહેવું જ જોઇએને ? "

" ઓલરાઇટ કહેવું જ જોઇએ; તેમાં એ વળી તમારે ચાર આંખો, એટલે ઝીણું ઝીણું તપાસીને કહેવું જ જોઇએ ! "

" તમે તમારે ફાવે તેમ બોલો, પણ હું તો જે જોવાનો તે

તો કહેવાનો જ ! ”

“ તો બાવા બોલીની ? તમને કોણ ખાળે છે ? ”

“ ખાઝનાર હોય તો બોલવાની જરૂર જ ન પડે; પણ નથી તેના કઢાપા, જુઓને તમારા જેવા ફક્કડ પણ ઓછો ટેસ મારેછે;

* * * *

‘ વધે નહીં વાળ થાય ચાર ચાર દિન ત્યાંય;
ભગલા હજામ પાસે ભાવ થકી જાય છે.
અવળી સવળી ઘસી ઘસી હજામત કરી;
ક્રુપેલ ફુલેલ તણા લપેટા લેવાય છે.
સોપ પીયર્સને અતિ હર્ષ થકી દીલે ચોળી;
લવન્ડર કોલનની શીશી માંથે છાંટવી.
ઉપરની અચ્છી બની ભિતરની રામ જાણે;
ફેશનની ફિશિયારી કહો શું વખાણવી !’

“ મી. પંડીતજી તમે પણ સારી જમાનાની આગાહી કરો છો ? હું બી એમ જ વિસ્મય થઉછું કે આય યંગ સબજેક્ટસ હાઉ કેન ધે મેનટેઇન ધેમ સેલ્વ્ઝ ! તેમનું પુરૂં શી રીતે કરશે ? તે લોકો ઘણા જ ખરચાળ બની ગયા છે.

* * * *

‘ અંગરખું બંડી ગયાં કોટ પાટલુન થયાં;
સાદી ધોણ બદલે ઇસ્તરીઓ કરાય છે.
ઘોડા તણા જેરબંધ સમ જાકીટોને કરી;
ગળા ફાંસો અક્કડ કોલરથી ખવાય છે.
ડોક ઉંચીનીચી થાય નહી તોય ભાઇઓને;

સાચી છે સુધારા રીત એજ એમ માનવી.
ઢંગ ધડાવની એવા ખરચ વધારવાની;
ફેશનની ફિશિયારી કહો શું વખાણવી!'

"બાવા એ બધું આપણે સમજીએ છીએ! તેમ છતાં આપણે તો કરતા હઇએ તે કરીએ છીએ, સમજ્યા મારા શેઠીઆ! આપણે કહેવામાં આગળ પણ કરવામાં ઘણા જ પાછળ, બોલવામાં તમે જેની હિમાયત કરો છો તેની સામે હીસ્સે પણ શરમ પહેરવામાં રાખતા નથી. ધોતીઆનાં લાંબાં વખાણ કરો પણ પાટલુન વગર ઘડી પણ ન ચાલે, જુઓ;

* * * *

'નીચે ઉતરી ન પડે પાટલુન તેને માટે;
પટા ઘાલી ખભા પર ટાઇટ તો કરાય છે.
વળી બેસી ન શકાયે હોય તડોતડ તેથી;
ઉભા ઉભા પેશાબની ધાર તો ધરાય છે.
એવી અવગુણી પાટલુન પડે મોંઘી તોય;
ધોતીઆથી ઉમદા તેને જ મન જાણવી.
સુધારાની એવી નેમ ગણી મનમાં સપ્રેમ;
ફેશનની ફિશિયારી કહો શું વખાણવી!'

"યાર તમને બી ગપ મારતાં સારી આવડે છે; જેની પાછળ મંડયા તેની તો પુરી પત્તર જ ફાડી નાંખો. તમે જાતે જ પગથી માથા સુધી અંગ્રેજી પોશાકમાં ફરો છો અને સામાની ઠેકડી કરોછો એ ઘણું જ ગેર વ્યાજબી કહેવાય!"

"અલ્યા રામશંકર, એ ભેંસના ભાઇ તું સાત રૂપીઆના

પગારમાં ઇંગ્લીશ બુટ અડાવે છે એ ઠાઠ કેટલા દીવસ સુધી નભશે ? ”

“ ઓ મોભાગ્ર બુદ્ધિના મુંઢ, જો સાંભળ, આપણને લાખ મળવાના નથી અને લખેશરી થવાના નથી, માટે અમારે તો જેટલું કમાવું તેટલું ખાવું; પણ યાદ રાખવું કે લાખની ઉમેદમાં તમારા બાપદાદાની શાખ કોક દી રાખમાં મળી ન જાય ! ”

“ ઓ મુરખના સરદાર તને હું શિખામણ આપુછું ત્યારે તું મારો આખો મહેતાજી થતા જાય છે પણ છેવટે તું પસ્તાઇશ ! ગજા વગરનો ભાર અંતે માર જ મારશે ! ! ”

“ મહેરબાન અમારૂં ગજુ અમારે જોવાનું છે, પણ તમે ગજા ગજા કહેતાં ફેશનની અજા ન બની જાઓ તે સંભાળજો કેમકે,

* * * *

‘ સાદા જોડા બોડા ગણી નાપાસ કરીને હોંશે;
સ્લીપર કે દોરી વાળા બુટ વખણાય છે.
જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં છોડે બાંધે વાંકા વળી ફરી;
તોય જમાનામાં એજ બુટ ખરીદાય છે.
પેરણ પછાડી ન્હાય ઘેર ઘાઘરા સમાન;
કરે બાંહ્ય કફ કેરી બૈરી બંગડી જેવી.
નરનાં ચિન્હો ગમે ન નારીનાં હોંશેથી ધરે;
ફેશનની ફિશિયારી કહો શું વખાણવી ! ’

“ હ્યો સાહેબજી હવે ચાલશો કે આમ આઘી પાછી કરવામાં જ આનંદે મ્હાલશો ? ”

" મણિભાઇ કહો હવે ક્યાં જાશું ? યાર આવી હવા બીજે ક્યાં ખાશું ? "

" મી. રમણીકલાલ હવે ઝાઝી હવા ખાશો તો યાર તમને કોલ્ડ થઇ જશે, અને પછી દવા ખાવી પડશે. રીમેમ્બર ઇટ તે યાદ રાખજો !"

" હયો ચાલો ત્યારે આપણે બજારમાં ફરવા જઇએ !"

"શું બજારમાં તમારા બાપની બાંગ મુકશો ! ત્યાં તો બધું એ બંધ હશે !"

" હશે અહીં બેસોને જવાય છે યાર ઠંડી હવા તો નિરાંતે ખવાય છે !! "

જમાનામાં આગળ વધેલું યુવકમંડળ જમાનાનાં ગપ્પાં સપ્પા મારતુ બગીચામાં ચારે કોર ફરવા લાગ્યું; એટલામાં જુના વિચારની હીમાયત કરનારૂં પાઘડીમંડળ ગાર્ડનમાં દાખલ થયું, તેની પાછળ વકીલ બારીષ્ટર અને ડાકટરનું મંડળ પણ દાખલ થયું; જુનામાં નવા મળ્યા, અને નવા જુનાનું સાજન મ્હાજન ગયું બેન્ડ સ્ટેન્ડના ચોગાનમાં !! શેઠીયા અને સાહેબોની જબરી ધાડ જોઈને બેન્ડ સ્ટેન્ડના ચોગાનમાં બેસનારા ઝપોઝપ ઉઠી ઉઠી આઘા પાછા થઇ ગયા; ચોગાનના બાંકડા પર જેમ આવે તેમ બધા ગોઠવાઇ ગયા, છેવટે પાઘડી વર્ગમાના ચાર પાંચ જે શેઠીઆ વર્ગમાંના હતા તે ઉભા રહ્યા તેની સાથે બારીષ્ટર વકીલમાંના પણ બે ત્રણ રહ્યા; ઉભા રહેલાનો અને બેઠેલાનો સામસામી નાટકની ડમ્બ એકટીંગનો થયો ટેબ્લો !! તમામ અન્યોઅન્ય વિચારમાં પડી

ગયા ! કોઈ કોઇને ઉઠાડી બેસી શકે તેમ ન રહ્યું; કેમકે સાપને ઘેર સાપ પરોણા થયા, તેથી સામ સામે ડોળા ઘુરકાવી દમામમાં એક બીજાનાં મ્હોં જોવા લાગ્યા ! ! છેવટે એક બારીષ્ટર સાહેબે એક પાઘડીદાસને ઉઠાડવાની તજવીજ કરી; તજવીજમાં કોઇ કોઇના ગાંજ્યા જાય તેમ નહોતું; એક ધારાનો હિમાયતી હતો તો બીજો પેસાનો હિમાયતી હતો, પૈસા આગળ ધારો લુલો પડે તેમ હતું; તો પણ રૂવાબ અને પોઝીશનની ગડબડ થઇ ! !

" યુ જેન્ટલમેન પ્લીઝ તમે જરા આઘા જાઓ ! "

" કાઇન્ડલી પેલી સાઇડના જેન્ટલમેનોને આઘા કરો, ત્યાં આપરલી તમને સીટ મળી રહેશે ! "

" નો નો એવનને કાંઇ બી કહી ન શકાય, તમારે જ મુવ ઓન થવું જ પડશે ! ગો ઓન મુવ આ લીટલ ! ચલાવ જરા આઘા ખસો ! "

" તમે ટોપી કરતાં પાઘડીને હલકી ગણોછો ? "

" ઓફ કોર્સ સો ! અલબત એમ જ ! "

" એમ કે જાઓ ત્યારે નથી ખસતા. "

" અરે ખસોછો કે નહીં ! વીલ યુ મુવ આ લીટલ ઓર નોટ ? "

" સરટનલી નોટ "

" યુ ઢેમ જાતા હય કે નહીં જાતા ! નહીં તો બુટ લગાતા ! "

" તમારાં ચશ્માં જોઇને નહીં ડરીએ સમજ્યા બારીષ્ટર સાહેબ ! બુટ લગાવતાં તમને ઘેર જવું બહુ ભારી થઇ પડશે સમજ્યા ! "

" અરે તમે કેવા જંગલી છો ? કેવું મારૂ ઇનસલ્ટ કરોછો! માઇન્ડ આફ્ટર ઓલ આઇ એમ આ બારીષ્ટર ! યાદ રાખો છેવટે હું બારીષ્ટર છું. "

" એટલે તમે મને કરશો શું ? શું આ વિકટોરીઆગાર્ડન તમારા બાપની છે ? "

" યસ રીઅલી, આ ગાર્ડન અમારા જેવા સુધરેલા અને ઇંગ્લીશમેનોની છે. તમારા જેવા મેનરલેસ મેનની નથી ! "

" અરે આતો પબ્લીક ગાર્ડન છે. જાહેર પ્રજાપયોગી બાગ છે, મરજીમાં આવે તે અંદર આવી હરી ફરી શકે; વહેલો તે પહેલો સમજ્યા સાહેબ ? "

" છટ નોનસન્સ, કેવું હમ્બગ તમે બોલોછો! સૌથી પહેલો રાઇટ પારસી યુરોપીઅન જેન્ટલમેનોનો છે, પછી તમારો છે!"

"તો બારીષ્ટર સાહેબ વિકટોરીઆ ગાર્ડન જે ઘડીએ બંધાઇ ને ઘડીએ તેના ફંડમાં મોટો પૈસાનો ફાળો અમારા જેવા પાઘડીવાળા લોકોનો હતો, ફંડમાં નાણાં ભરતી વખતે તમારા જેવાનો તો પત્તોએ નહોતો લાગતો ! અત્યારે તમે ગાર્ડન પર આપીકો હક્ક ધરાવતા આવ્યા છો પણ તમે ફંડમાં શું ફાળો આપ્યો હતો તે મહેરબાની કરીને જણાવશો ? "

" અરે સાહેબો, મહેરબાનો તમે શાંત થઇ જાઓ ! નાહક જગ્યા સારૂ શા માટે લઢી પડો છો, હયો અમે ઉઠીને પણે બેસીએ છીએ, તમે શાંત થઇ જાઓ ! "

" નો નો માઇટ ઇઝ રાઇટ, બળીઆના બે ભાગ ! "

" એટલે તમે બારીષ્ટર થયા એટલે આખા શહેરના શહેનશાહ થયા એમ ?"

" બધા શાંત થાઓ !"

" વેલ યુ બારીષ્ટર મી. બળવંતરાય સી ધી ટાઇમ વખત વિચારી જાઓ, બી કવાએટ, ડોન્ટ કવોરલ ફોર નથીંગ ! શાંત થાઓ, નાહક કજીઓ ન કરો !"

" ઓલરાઇટ થેન્ક યુ; ઓલસો યુ મે પરસ્વેડ હીમ ! બહુ સારૂં, હું તમારો આભાર માનુછું. વળી તમે તેમને પણ સમજાવો !!"

" વેલ ગાર્ડનર, ગાર્ડનર, માલી, માલી, ઓહ યુ માલી, યુ જંગલી ડોન્ચ યુ હીઅર મી ? અરે હેવાન તું મારૂં કેમ સાંભળતો નથી !"

" એ શાબ આવ્યો ! બાપજી શો હુકમ છે ?"

" જા પેલા બે બાંકડા લાવી અહીં ગોઠવી દે !"

" લાવ્યો શાબ !"

" થયું ચાલો હવે ટુંકમાં પતી ગયું."

" ઓહ મી. નવલખી શેઠ આજતો તમે ફરવા આવ્યા છો ?"

" જી હા."

" કેમ આજ દીલગીર જણાઓ છો ?"

" કાંઇ નહીં !"

" નો નો તમારો ફેઇસ જ સોરો ડીકલેર કરે છે, તમારો ચહેરો જં દીલગીરી ખુલ્લી દર્શાવે છે."

" અરે યાર સ્હેજમાં પેલા બારીષ્ટર સાથે બોલવું થયું તેમાં ! ! "

" વીચ બારીષ્ટર ! "

" પેલો બળવંતરાય નામનો કોઇ છે ! "

" ઓહ ધેટ બળવંતરાય બારીષ્ટર ? ઓહ હી ઇઝ માઇ ફ્રેન્ડ ! વેલ મી. બારીષ્ટર બળવંતરાય ! "

" ઓહ ગુડ ઇવીનીંગ મી. ડૉકટર ડંફાસમારૂ ? "

" અરે તમે અમારા શેઠ મી. નવલખી સાહેબ સાથે શા સારૂ ટંટો કર્યો ? "

" ઓહ વ્હેર ઇઝ મી. નવલખી ? "

" આ બેઠા એ જ ! તમે જેની જોડે લડયા તે જ ! "

" શું પેલા ગજરાવાળા શેઠના બેટા સન મી. નવલખી ! તે આજ કે ? "

" હા એ જ નવલખી ! "

" ઓહ આઈ એમ વેરી સોરી ફોર યુ; માઈ ડીઅર મી. નવલખી આઇ બેગ યોર પારડન ! "

" હું પણ આપની માફી માગુછું ! "

" આ તો સાલ્લુ જે કાંઇ બન્યું તે તમામ અંધારામાં બની ગયું ! વેલ યુ શેઠ નવલખી સીટ ડાઉન હીઅર વીથ મી આવો મી. નવલખી, મારી સાથે બેસો ! "

" કહો સાહેબ ખુશીમાં તો ખરા. "

" હા જી આપને દીઠે વિશેષ ! ! "

" વેલ માલી ? "

"જી સાહેબ !"

"જા પેલા રાવના હોટલમાંથી દશ ગ્લાસ ટીના લઇ આવ! લે આ રૂપીઓ !"

"આ ચાલ્યો બાપજી !"

"વેલ ડૉક્ટર મી. ડંફાસમારૂ, હવે ટાઇમ ઘણો જ ઑડ આવ્યો ! હવે વિદ્વાન લોકોને કમાવાને વાસ્તે બહુ જ તકલીફ પડે છે. આય સાલ્લુ અમે બારીષ્ટર થયા પણ કાંઇ ઘરબાર ઉંચા ન થયાં ! બાપીકા જે કાંઇ થોડા ઘણા પૈસા હતા, ઘર મકાન હતાં તે તમામ વેચી મુકી બારીષ્ટર થવા સારૂ વિલાયત ગયા; ત્યાં ઘણું જ અનિશય બેહદ દુઃખ વેઠીને બારીષ્ટરની પરિક્ષા પસાર કરી, ડીગ્રી ઝબ્બો અને માન પાન ચાંદ લઇ ઘેર આવ્યા પણ એ ભગવાન એના એ જ રહ્યા ! આય ઓફીસ ભાડે રાખી ગુમાસ્તા રાખ્યાં પ્રેકટીસ કરવા માંડી પણ કાંઇ દળદર ગયું નહીં ! સાલ્લા ઘરના ગાડી ઘોડા પણ ન થયા ! મારૂ બેટું બુટ પાટલુન કોટનું ખર્ચ પણ ભારે પડવા લાગ્યું ! આ અમારા કરતાં તો ડીસ્ટ્રીકટ પ્લીડરો વકીલો સારૂ કમાય છે; આ સાલ્લુ વિલાયત વેઠયું એટલે મન પણ વિલાયતી બન્યું, ઘણું મળે નહી અને થોડું ભાવે નહી. ઘરની ગાડી મળે નહી અને ભાડાની ગાડીમાં બેસાય નહી; એટલે મીયા પડયા પણ તંગડી ઉંચી એવો ઘાટ અમારે થયો. સાલ્લુ તમાચો મારીને મોં રાતુ રાખવું પડે છે ! આય આખો દીવસ કોરટમાં આઇડલની માફક જઇએ છીએ અને ત્યાં મફતની ચેરમાં બેઠા બેઠા માંખો મારીએ છીએ ! મારૂ બેટું.સાંજ પડતાં પુરા પચીશ પણ ન મળે ત્યાં બારીષ્ટર થએ

વિલાયત વેઠે શું વળે! કેસ ભારે લેવા જઈએ પણ મળતર કાંઇ મલે નહી! એટલે નાસીપાસ થઈ પાછા પડીએ! તેમાંએ હાર જીતનો સવાલ ન્યાયાધીશની મરજી ઉપર! સાલ્લુ હવે તો જમાનામાં ઠોકર ખાઇને પાછું પડવું પડે છે. હવે કે બાઇ કે બારીષ્ટરો ઘણા થઇ ગયા, વકીલો પણ ઘણા વધી ગયા, ધંધાની રાઇવલરી હરીફાઇ ખરાબ રીતે વધી પડી. ધંધાનો ટેસ બગડી ગયો, ફકત પેટ કેમ ભરવું અને અસીલોને કેમ સમજાવવા તે જ હવે રહ્યું. બધી બાજી જુઠ્ઠાઈમાં રચાવા મંડાઇ; ઓલ ટુ ગેધર ધંધો જ વંઠી ગયો, તોબાહ તોબાહ, ગૉડ બી મરસીફુલ ઓન બારીષ્ટર્સ.!!"

"વેલ માઇ ડીઅર બારીષ્ટર ડોન્ટ બી સોરી એટ ઓલ! સેઇમ ઇઝ ધ કેસ વીથ ડોકટર્સ. જમાનો સઘળે સ્થળે સરખી રીતે ફરે છે. આ અમારી મેડીકલ લાઇન પણ ઢંગ ધડા વગરની થઇ ગઇ છે. સાલ્લુ પહેલાં વૈદ ગાંધી અને ડોકટર એ ત્રણનું સઈઆરૂં ચાલતું હતું પણ હવે કમનસીબે ત્રણમાં પણ સળો પેઠો છે. હીઅર શાર્પલી! જુઓ સાંભળો. આ વૈદને કોઇ ભારે ગંભીર કેસ તપાસવાનો આવે ત્યારે તે ઝટ લઇને પોતાની વગમાં ભળી જાય એવો કોઈ ડોકટર હોય તો તરત તે દરદીને સમજાવીને બોલાવરાવે; આ ડોકટર સાહેબ આવે એટલે તરત કેસ તપાસી દરદીને વૈદની દવા કરવાની ભલામણ કરે અને કહે કે વૈદરાજ ઘણા જ ચાલાક અને બાહોશ છે; તમે ધ્યાન દઇ ખાસ શ્રદ્ધાથી તેમની દવા કરજો. આપ જે દરદ છે તે ઘણું ગંભીર અને ડેન્જરસ છે; વળી તે ઉપરાંત તે અવધીયું છે એટલે

ખાસ તેની મુદત વીસ પચીસ દીવસની વીતસે એટલે ઝટ આરામ થવા માંડશે; હું વૈદરાજને એક બાટલી લખી આપતો જાઉછું, તે બજારમાંથી લાવીને દરદીને દુધની સાથે આપશે એટલે ઝટ આરામ થશે. બાવા હુંશિઆરી રાખો ગભરાશો નહી, અકળાશો નહી; કાળજા પર પત્થર મુકીને ટ્રીટમેન્ટ સારવાર કરો, સમજ્યા હ્યો વૈદરાજ સાહેબજી હું હવે રજા લઉંછું; આ પ્રમાણે જરા હીંમત ભર્યું લેકચર કર્યું કે તરત જ કન્સલટેશનની ફીના રૂપીઆ ત્રણ અને ગાડીભાડાના આના આઠ ખીસ્સામાં પડે; વૈદનું ખીસ્સુ પણ ભરાય અને ધંધાદારીનો ભાઇચારો વધે, ભલે પછી દરદીનું સાલ્લાનુ ગમે તે થાય પણ ડોકટરનું ખીસ્સું તો તર થાય. હવે અમે ડોકટર લોકો અમારા દરદીને ચાર પાંચ દીવસ દવા કરતાં થાય કે તરત જ અમે લોકો અમારા લાગતા વળગતા અર્થાત અમને દરેક બાટલીએ સારૂં કમીશન આપતા કેમીસ્ટ ડ્રગીસ્ટ દવા વેચનારને એક ચીઠ્ઠી પર બાટલી લખી સાઇન કરી મોકલી દઇએ એટલે દવા વેચનારના ચોપડામાં અમારૂં કમીશન ચઢતું થાય. બાટલી પણ ખાસ કરીને અઢી પોણાત્રણ રૂપીઆની લખી આપીએ એટલે ખાસ્સા ચારેક આના મળે, ઇસ્ટન સીરપ સાર્સા વગેરે કચરો તો કવચિત જ લખી આપીએ, ખાસ્સી રીતે માલ્ટાઇન કોડલીવર ઓઇલ, સ્ટર્નસનો કોડલીવર ઓઇલનો વાઇન, વીલ્કીશનના સાર્સા, પાર્ક ડેવીસના ડ્રગ્સ વીગેરે લખીએ એટલે અમારૂં ટટ્ટુ તેજમાં ચાલે ! માઇ ડીઅર બારીષ્ટર હવે આ મુલતરનો જમાનો પણ બદલાયો અને અરસપરસ ઓળખી કરવાનો, છીંડાં જોવાનો વખત આવ્યો; અધુરામાં પુરી

એલ એમ એન્ડ એસની પરિક્ષા પણ વરસમાં બે વાર થઇ અર્થાત છ છ મહીને છ છ મહીને નવા નવા એલ એમ એન્ડ એસ ડાક્ટરો સંખ્યાબંધ નીકળવા માંડયા એટલે ડાકટરો થયા સોંઘા; તેમાં પહેલાં વિલાયત કોઇ ભાગ્યે જ ડાકટર જતો હતો; હવે વિલાયત જવા લાગ્યા અને એલ. આર. સી. પી. એફ. આર. સી. એમ આર. સી. અને એમ. બી. ના બીલ્લા લઇ પ્રેકટીસ કરવા લાગ્યા; તેની જોડે ધર્માદા દવાખાનાં પણ સંખ્યાબંધ ઉઘડવા લાગ્યાં અને ઉંટવૈદોના પણ રાફડા ફાટયા; એટલે ધંધાનું નખોદ વળી ગયું; હવે બધ એ નવરા ધુપ જેવા દવાખાનામાં બેસી બેસી બીડીઓનાં ખોખાં ફુંકીએ છીએ અને ફેન્સી કબાટમાં ગોઠવેલી ચળકતી બાટલીઓ જોઇ હાયપટારો કરીએ છીએ. સાલ્લો ધંધાનો સંપ પણ તુટી ગયો, કન્સલટેશનના વળા પણ લુલા થઇ ગયા, અરે એક બીજાની ખોદણી કરવાનો વખત આવ્યો; આમ સાલ્લા એકાદ કેસમાં ડોકટર જોવા ગયા કે તરત કહેશે કે બાવા કોની દવા અત્યાર સુધી ચાલતી હતી; જો દરદીની સારવાર કરનાર કહેશે કે અમે તો દેશી વઇદની દવા કરતા હતા તો તરત જ ડોકટર સાહેબ મીજાજ ખોઇને કહેશે કે સાલ્લા વૈદે રસાયણ ખવરાવીને દરદીની ખરાબી કરી છે; વળી ભોગજોગે કહેશે કે ફલાણા ડાકટરની દવા કરતા હતા તો તરત જ ડોકટર મુંછમાં હસીને કહેશે કે આય ડોકટરે દરદ જ બરાબર પારખ્યું નથી ને એમને એમ દવા ઠોકી છે; વળી જો વૈદને વીઝીટ કરવા બોલાવવામાં આવશે તો તરત જ વૈદ નાડી જોઇને આંખનાં ભવાં ચડાવીને કહેશે કે તમે કોની દવા કરતા હતા; જ્યારે એમ

જવાબ મળશે કે ડાકટરની દવા કરતા હતા તો તરત જ કહેશે કે ડોકટરે દરદીને દારૂ આપી આપીને હાડકાંનો માળો બનાવી દીધો છે; તેની છાતીમાં છીદ્ર પડયાં છે અને કાળજે ચાંદુ પડયું છે; વળી કહેશે કે બીજા વૈદની દવા કરતા હતા તો તરત જ વૈદરાજ ઝાંજ ખાઇને કહેશે કે એ વૈદ વૈદામાં સમજે છે શું ? એ તે કીયા દહાડાનો મોટો ધન્વંતરીનો બેટો બની બેઠો છે? આ પ્રમાણે ધંધાનું ધતીંગ વધી પડયું અને નાહક ઝેર વેર કરવામાં બધા ડોકટર બગાસાં મારતા ગુચ્છે હાથ ફેરવતા થયા. બીજું ચેરીટેબલ ડીસ્પેન્સરીઓ થવાથી કમાણી જતી રહી, ચાર આનાની ફીના ચાર પૈસા થયા તો પણ દવા વેચનાર ડ્રગીસ્ટના દેવામાંથી મુક્ત ન થયા. ઓહ લોર્ડ બી કાઇન્ડ ટૂ પૂઅર ડોકટર્સ !!! ”

“ મી. સામળદાસ ધંધો તો તમારો યાર ધીકતો છે. છાપખાનામાં આજકાલ છન્નમછન્ના થાય છે.”

“ એ મહેરબાન એ બધું પહેલાં થતું હતું; હવે તો માથાના વાળ પણ પારકા થવાનો વખત આવ્યો છે. એ તો તમને પારકે ભાણે મોટો લાડવો દેખાય છે. ઉજળું એટલું દુધ તમને જણાય એ સ્વભાવિક છે, પરંતુ ઉંડા ઉતરીને દૃષ્ટિ કરો તો નફા ટોટાનો ખ્યાલ સારી રીતે આવે. કમાણી પહેલાં હતી પણ હવે નથી રહી. પહેલાં કમ્પોઝીટરો અને પ્રેસમેનો એક વચની અને ડાહ્યા મળતા હતા; હવે બધાની પૂઠે ભમરા થયા. ગાડાનું પૈડુ ફરતાં જેટલી વાર થાય એટલી વાર તેમને નોકરી ફેરવતાં થાય છે. વખત અને ધંધાના ચોર થયા; તેની સાથે હાડકાંના આખા થયા; આ કાંઇ

કામની કસુર સારૂ શેઠ બે અક્ષર કહેવા જાય તો તરત જ ગરમ થઇ-ને કહેશે કે શેઠ તમારી નોકરી ધરી રહી. આ મહીનાની નોટીસ શેઠને હાથમાં પકડાવી કે શેઠ બિચારા નરમ થઈ પલળી ગયા. પહેલાં છાપખાનાના માલિકને કામ સારૂ લોકોની દાઢીમાં હાથ ઘાલવા પડતા ન હતા, હવે શેઠને રૂલ મારનાર અને બીબાં ગોઠવ-નારની ઓશિયાળ કરવી પડે છે. હવે જમાનો વંઠયો તેની જોડે કામ કરનારનાં પણ મગજ ચસ્કી ગયાં; તેની જોડે છાપખાનાનાં પણ ઠાઠીઅ વધારે ને વધારે નીકળવા લાગ્યા એટલે કારીગર લોકો વ-ધારે વાયરે ચઢયા; મોંઘા થયા; અને કામના કસમાંથી ઉતરી બદામના થયા અર્થાત્ એકે ઠેકાણે ઠામ ઠરીને નોકરી કરતા ન થયા ઠેર ઠેર ઠીકરાં ફોડતા થયા. પહેલાં કારીગર માણસો ડાહ્યા, કામના કરવૈયા વખતના જાણનાર અને નિમકહલાલ મળતા હતા; હવેના જમાનામાં લાંઠ, કામના ચોર અને શેઠની ગેરહાજરીમાં આખુ છાપખાનું શકરવારમાં હુરાજ કરીને ખીસ્સા ભરનાર અઠ્ઠા મળે છે. અગાઉ કારીગર લોકોના સારા કામ ઉપર છાપખા-નાના માલિક છાતી ઠોકીને લોકો પાસેથી છાપવાનું કામ લેતા હતા અને મુકરર કરેલે વાયદે જ કામ પૂરૂં કરી આપી ઘરાકનું મનરંજન કરીને છપામણી ઉપર ઇનામ પાઘડી લેતા હતા; હવેના જમાનામાં વાયરે ચઢેલા કારીગર લોકાના કામ ઉપર શેઠને ડગલે ડગલે જૂઠું બોલવું પડે છે અને વગર ફીગરની છાપ ઉપર ઠપકો ખાવો પડે છે અને પુરા બીલનાં નાણાં અરધાં પણ મલતાં નથી અને લોકોને માલ આપવો પડે છે અને પાછળથી ગુમાસ્તા રાખી ઉઘરાણીમાં લોહીનું પાણી કરવું પડે છે. મહેરબાન હવે પેહાશ

જતી રહી, કામનો કસ ન રહ્યો, છાપની કીમત ન રહી સોંઘુ ભાડુ અને સિદ્ધપુરની જાત્રા લોકોને ગમવા લાગી. ધોળા ઉપર કાળુ કરી જલ્દી કામ આપ્યું કે આ ટટ્ટુ ચાલ્યું, હવે ભાવ પણ જોવાનો ન રહ્યો. કામ પણ જોવાનું ન રહ્યું; અને છાપ પણ જોવાની ન રહી, બસ હવે તો ફલાણો ફરમાના આટલા કહે છે; તમે આટલામાં કરી આપશો ? શેઠ બિચારો કામ વગર માંખો મારતો હોય અને કારખાનામાં હરમાન હડીઓ કાઢતા હોય ત્યાં આગળ તરત કંટાળીને કહેશે કે બાપા લાવો, બાળો, કહી કામ લેવાનો વખત રહ્યો ! વળી અધુરામાં પુરૂં સરકારના કાયદા પણ અમારે માટે જરા દબાણવાળા થયા એટલે અમારો તો દીનમાન જ હવે ઉઠી ગયો. લોઢા લાકડામાં નાંખેલો પૈસો હવે કઇ રીતથી ભેગો કરી શકાય તે જ જોવાનું રહ્યું. વ્યાજ ખાદ કોરે કરી ચીંથરી બાંધી દરીયામાં નાંખેલા પૈસા બાર આની ઉપજે તો પરમેશ્વરનો મોટો પાડ ! ! મહેરબાન હવે મામલો આવો થયો; ઘરડાનો છાતી પર ઘંટીના પડ મુકી એકઠો કરેલો પૈસો કાગળ રૂશનાઇ અને શીશામાં ગુમાવવાનો વખત આવ્યો ! ભગવાન હવે છાપખાનાના માલીકો ઉપર કાંઇ રહેમ કર રહેમ ! !"

"કેમ મી. એડીટર સાહેબ કેમ ચાલે છે તમારે ? તમારો છાપાનો ધંધો તો તેજ છે ને ?"

"સાહેબ અમારા છાપાનું તો નામ જ ન દેશો ! સો મણ તેલે અંધારૂ જોવું હોય તો અમારા પત્રકારની ઑફીસમાં પધારવું ! ઘર કયાં છે, બ્હાર કયાં છે, ઑફીસ કયાં છે છાપખાનું કયાં છે, કોણ લખે છે, કોણ વાંચે છે અને કોણ છાપે છે એની જો અમને

ખબર હોય તો જોઇએ છે જ શું ? ! આ તો વ્હારે ઘડીએ સર-
કાર બોલાવે એટલે રાત દીવસ કોરટમાં ધક્કા ખાનાર કોઇ
માણસ શોધી કાઢીએ અને એડીટેડ બાય હીમ કહીને છાપુ પ્રગટ
કરીએ અને ધંધો ચલાવીએ ! પણ કમાણી વગર અમે બધા
લુખ્ખા છીએ ! અમે કેટલુ બધું સાહસ અને જવાબદારી ખેડીએ
છીએ તેનો તો મારા સાહેબ તમે કાંઇ તોલ કરો ! એક દોઢ બે
રૂપીઆના લવાજમમાં પાંચ છ ફરમાનું છાપુ અને તેમાં ગામે
ગામ તથા દેશ પરદેશના સમાચાર, વાર્તા, કાવ્ય, ચર્ચા પત્રો
અને ધાર્મીક આર્થીક અને વૈદક વાંચન બારમાસ સુધી પુરૂં પા-
ડવું અને તે ઉપરાત બબે નવલ કથાઓની ભેટ આપવી એ તે
કાંઇ નાની સુની વાત છે ? આટલુ આટલુ કરવા છતાં પણ ઓફી-
સનું ખરચ ન નીકળે એ દુઃખ કોને કહેવું !! રીપોર્ટર રાખવા.
ગામ પરગામની જાહેર ખબર આપનાર એજન્ટો રાખવા, ફાલતુ
અંગ્રેજી કોલમ લખનાર, અઠવાડીક વાર્તા લખનાર, ભેટનાં પુ-
સ્તક લખનાર, પ્રુફ વાંચનાર અને પોષ્ટ કરનાર એટલાં લફરાંઓ
રાખવાં, છાપુ પ્રગટ કરવું અને વાંચનારને ઘેર પહોચાડવું; અને
લાયબ્રેરીઓમાં મફત મોકલવું એવું ખોટ ભરેલું અને ઘડીકમાં
ચાદર ઓઢાડે એવું સાહસ કરવું તેના કરતાં મરવું શું ખોટું છે
મારા મહેરબાન ? ? ? શું કરીએ, જખ મારીએ, હાથી દાંત નીકળ્યા
તે કાંઇ ન નીકળ્યા એવું કાંઇ થાય છે ? પટોળીએ ભાત પડી તે કાંઇ
ન પડી કહેવાય છે ? જ્યાં ત્યાં કરી કોઇની પાઘડી કોઇને માથે
મુકી આને આમ સમજાવી આને આમ સમજાવી કોઇને સોનાની
ચટલી દેખાડી તો કોઇને કાળી ડબલીનો રોફ દેખાડી સાચુ જૂઠું

કાળુ ધોળુ અને આડુ અવળું જેમ આવ્યું તેમ આંખ મીચી લખી છાપી છાપું તૈયાર કરીને ઘરાકોને બીડીએ અને તેમના માંડ માંડ વરસે બે વરસે મળતા લવાજમમાં બીડીઓ ફુંકીએ અને ચાહુના પ્યાલા ઉડાવી દીવસ ગાળીએ ! ! હવે છાપાની પેહાસ ગઈ. રાઇના પાડ રાતે વહી ગયાં. પહેલા જ્યારે કોઇ શેઠીઆ બેઠીઆ અને રાજા મહારાજાને અથવા કોઇ મોજીલા ધર્મ ગુરૂને છંછેડીને સારી રીતે ખંખેરતા ત્યારે અચ્છી રીતે માલ પાણી મલતાં ઘર મ્હાર ઉંચાં થતાં, ગાડી ઘોડા થતા અને છૈયાં છોકરાં સોના રૂપાના ઘુઘરે રમતાં; હવે તો મારૂ બેટું ડેફેમેશન જાગ્યું એટલે આવકમા રાખ ઉડી ગઇ અને બૈરાં છોકરાં વેચવાનો વખત આવ્યો ! ! આ કોઇનું કાંઇ છાપ્યું કે તરત ડેફેમેશન ! આ કોઈ ધંધાની સારી નરસી ટીકા કરી કે તરત નોટીસ; આ કાંઇ કોઈનું ચર્ચાપત્ર છાપ્યું કે તરત ઓફીસપર ધમાલ; આ કાંઇ સખત લીડર લખ્યો કે તરત સરકાર માબાપને ત્યાં જવાની તૈયારી થઇ, ભાઈ આ પ્રમાણે ડેફેમેશનનું વાદળ છાપાના માલેક ઉપર તુટી પડે ત્યાં જીવન, કીર્તી અને કમાણીની શી આશા રખાય ? હવે વળી પડયા ઉપર પાટુ, દાઝયા ઉપર ડામ અને વાગ્યા ઉપર લુણની માફક પત્રકારને પણ સરકારમાં જામીનગીરી આપવાની થઇ, આ પ્રમાણે અમારી હાલત થઈ છે સમજ્યા મારા શેઠીઆ ! હવે તો બે હાથ જોડી જગદીશ્વર પાસે માગીએ છીએ કે પ્રભુ હવે પત્રકાર ઉપર કાંઇ કરૂણા કરો કરૂણા ! ! !'

"વેલ મી. રામચંદ વીમાવાળા તમારે કેમ ચાલે છે હૈં ! હું ધારૂં છું કે તમારે ઠીક ચાલતું હોવું જોઇએ; કેમકે તમારે

બે મોં રહ્યાં! બીજા ધંધાવાળાઓને એક મોં હોય છે પણ વીમાવાળાને બે મોં હોય છે. જે બાજુએ બચકુ ભર્યું ત્યાંથી બમણો લાભ! આમ કંપનીમાંથી પગાર અને કમીશન ખાધું અને આમ પ્રીમીયમ ભરનારા પાસેથી પોલીસીનાં નાણાં ભર-પાઇ કરવાને વખતે ઈનામ અને પાઘડી ખાધી. જ્યાં ત્યાં ખાધે જ છુટકો! કોઇનું ઘર બળી જાય તો પણ તમને તેમાં લાભ અને કોઇનું સગું મરી જાય તો પણ તમને લાભ! આ મારૂ બેટુ લાહ્ય અને મોહોંકાણમાં તમને સવાયો લાભ મળે અને ખીસ્સા ખાસી રીતે ચીકાર થાય પછી કહો મારા મહેરબાન તમારો ધંધો તો ધીકતો કહેવાય ને?!!"

"મી. મુલચંદ એ તમારૂં કહેવું વ્યાજબી છે, પણ બધો એવડો તેવડો લાભ આગલા જમાનામાં જતો રહ્યો; હવે તો માંડ માંડ હેડ ઑફીસમાંથી ઑફીસ ખર્ચ પણ ઘણીજ મુશ્કેલીથી મળે છે. જ્યાં ત્યાં લોકોને વીમાની જરૂરીઆત બે હદ માથાફોડ કરીને સમજાવીએ છીએ; જ્યાં લોકોના મનમાં વીમો ઉતરાવાનું ઉતર્યું કે ત્યાં તરત બીજા વીમાવાલા એ લાભ લઇ જાય છે અને અમે હાથ ઘસતા રહીએ છીએ. અમારા ધંધામાં પણ સેંકડે નવાણુ હરીફો જાગ્યા છે. જ્યાં કોઇ ગૃહસ્થને ખાતો પીતો ધારી-એ અને ત્યાં પગ પેસારો કરી વીમા પુરાણ વાંચીએ અને તેને પલાળી તરત તૈયાર કરીએ ત્યાં તરત કોઇ કારમો હરીફ આવી ઘુસી જાય અને અમારી કંપનીમાં છીદ્ર બતાવી તેની કંપનીમાં તેનો વીમો ઉતારી બારોબાર કમીશન કાપી લેઇ! લ્હેર ઉડાવે સાળો આવો વખત હવે આવ્યો છે. નાહક માંહો માંહી ઝેર વેર

કરવાં પડે છે અને વિના કારણે જૂઠું બોલી એક બીજાની કંપનીઓની ખોદણી કરવી પડે છે. પહેલાં જ્યારે શહેરમાં એકાદ બે કંપનીઓ હતી, ત્યારે હાથ સારી રીતે વગર મહેનતે ભરાતો હતો. હવે ચકલે ચકલે અને બજારે બજારે વીમા કંપનીઓની ઓફીસો ખુલ્લી છે; એટલે એક એક કંપનીના બાર બાર એજન્ટો એ પ્રમાણે એજન્ટોનો કાફલો ગૃહસ્થ લોકો ઉપર કારમો તુટી પડે છે; અને ઘરના ઉમરા પણ બુટની એડીઓથી છોલી નાંખે છે; અને કોઇને કઇ કંપનીમાં વિમો ઉતરાવવો એ એક મહા ભારત સવાલ થઇ પડે છે. કોઇ બિચારો દશ રૂપીઆ મહીને કમાનો યુવક જરા ઠીક ઠાક કપડાં પહેરી બજારમાં જતો હોય તો આ તરત તેની કેડે એજન્ટો લાગ્યા, અને તેને ઓળખતા પણ ન હોય તો પણ સલામ કરી તેરગી પેઢીની ઓળખાણ કાઢી વીમો ઉતરાવવાનો ઉપદેશ કરે! તે યુવક એજન્ટનું બારમું ખાય તેવો યુવાન હોય તો પણ અસ્થિર જીંદગીનું મહાત્મ જણાવી તેને મરણ નજીક દેખાડી વીમો ઉતરાવાની ભલામણ કરે; જ્યારે પેલો યુવક થાકી બે હાથ જોડી તિરસ્કાર કરી એજન્ટને કહે કે બાવા તુમ ચલે જાઓ અમારી પાસ તો પયસા નહીં હય, ત્યારે એજન્ટ સાહેબ તેનો છાલ છોડે; આવી અવળી અવળચંડી હરીફાઈ અમારા ધંધામાં થઇ પડી છે; કહો સાહેબ હવે એમાં અમારૂં ટટ્ટુ શી રીતે ચાલે!! અમારા જીવનનો આધાર એક ફકત મીલોનાં ભુંગળા ઉપર રહ્યો છે; જ્યારે મીલ માલેક મીલની ખોટ ઉપર ઢાંક પીછોડા કરવા કાંઈ નવા જુની કરે ત્યારે જ અમારા એજન્ટના ભવનાં દળદર જાય, ખીસ્સા સારી રીતે ભરાય

અને વખતે ઘરના નેવાં પણ સોનાનાં થાય; જ્યાં મીલ માલેકને લાખ એ લાખ મળવાની વાત થાય ત્યાં કંપનીમાંથી અને મીલ માલેક પાસેથી રૂપીઆનો કારમો વરસાદ વરસે, અને એજન્ટના ખેતરમાં લીલા લ્હેર થઇ અઢાર આની પાક સારો ઉતરે અને અમન ચમન થાય, તે સિવાય અમારા જીવનનોઆધાર હવે રહ્યો નથી ! હે અવિનાશી હવે અમારા વિમા દલાલ ઉપર તું કાંઇ અમી નજર કર ! ! ”

“ કેમ મી. મીલમાલેક મનમોહનદાસ તમારે કેમ ચાલેછે ? હાઉ આર યુ ગોઇંગ ઓન ઇન યોર મીલના ધંધા ? ! હું ધારૂં છું કે આખી દુનિયામાં ચૌદ પેઢીનાં દળદર છેદનાર સોનાનો ધંધો ફક્ત એક મીલનો જ છે સૌથી વધારે સુખીમાં સુખી એક દેશનો રાજા કે બીજો મીલનો માલેક એજન્ટ ! ! પારકે પૈસે દીવાળી કરનાર મીલમાલેકના સુખની તો બલિહારી છે. શેરહો લ્ડરોના પૈસા ઉપર તાગડધીન્ના કરનાર મીલ માલેકો આખા દેશના હાકેમ કરતાં પણ હજાર ઘણો દમ મારીને ફરે છે. ડીપો ઝીટરોની ડીપોઝીટ ઉપર ગાડી ઘોડા ભર બજારમાં પંજાબ મેલની માફક દોડાવનાર દાના ડાહ્યા અને પ્રમાણીક મીલ માલેક તો આ જમાનામાં એકવાર રાજાને પણ બે કદમ પાછો હઠાડે છે, તો બાવા તમારો ધંધો તો આ જમાનામાં કાંઇ નિરાલો અને જાદુઇ જ છે ! ! ”

“ હા બાવા હા, તમારે જેમ ફાવે તેમ બોલો, અત્યારે બોલવાનો વખત છે. અત્યારે અમારા ઉપર ખુદ ઇશ્વર કોપા- યમાન થયો છે એટલે અમે ઘડાના કાટલાંની માફક આમ

તેમ અથડાતા ફરીએ છીએ. ફેમીનને લીધે બે ત્રણ વરસથી અમારે મીલ બધ કરવાનો વખત આવ્યો છે એટલે તમને હાંતીઆં કરવાં સુઝે છે અને અમારી મશ્કરીઓ કરવી પસંદ પડે છે; પણ મારા મહેરબાન હજુ એક વખત ભવિષ્યમાં એવો આવશે કે તમારા જેવા વ્યાજે નાણાં ફેરવનારના છોકરાને પણ મંમં સારૂ મીલમાં નોકરી કરવી પડશે; અને બી. એ., એમ. એ. અને મેટ્રીકવાળા નવાન યુવક વર્ગને જ્યારે જમાનાની જબરી ઝપટ લાગશે ત્યારે મીલ શિવાય તેમને કોઇ બીજુ ખાતું સંઘરનાર મળશે નહીં. તમે મશ્કરીમાં જે ઉદ્‌ગાર મીલના ધંધાને વાસ્તે કાઢોછો તે ઉદ્‌ગાર ખરેખર તેવા જ છે. વિલાયત અને જાપાન જેવા મહાન રાજ્યોની જો કાંઇ ઉન્નતી થઈ હોય તો તે બધી મીલના ધંધાની જ આભારી છે. બધી મીલના મીલ માલેકો તમે કહ્યા તેવા હોતા નથી; પણ કોક સોમાં એકાદ જ તેવો માલમ પડે છે. તમારા જેવા અદેખા અને ઇર્ષાળુની નજર અમારી મીલોને લાગી તેથી અમારી મીલો પડી ભાગી; મીલ માલેકોની કમાણીનો દીવસ હવે જતો રહ્યો. મીલ ઉદ્યોગનો ઉદય પ્રભાકર હવે જમાનાના રાહુથી ઘેરાવા લાગ્યો. પહેલાં શેર હોલ્ડરો ભાગ્યે જ શેર શું છે અને તેમનો મીલમાં કેટલો અખત્યાર છે તે બરાબર સમજતા; જો કોઇ પ્રમાણીક સાચા દીલનો ગૃહસ્થ માણસ શેર ભરાવા બજારમાં નીકળે તો લોકો શેર ભરાવનારની ખાનદાની જોઇને શેર ઝટ લઇને ખરીદી ખરીદી ભરી દેતા હતા; અને શેર ભરાવનાર ગૃહસ્થ કમીશન પ્રાપ્ત કરી પરીયાના પરીઆને મળે એવો ખજાનો મેળવી લ્હેર ઉડાવતો હતો. લોકો ભાગ્યે જ

મીલની સલામતી અને એજન્ટની કાર્ય દક્ષતા ઉપર પુરતો વિચાર બાંધતા. પહેલાં જમાનો એવો હતો કે જો કોઇ ગૃહસ્થના ઘરની માલ મિલ્કતમાં બે ચાર શેર હોય નહીં તો તે સાચો ગૃહસ્થ મનાતો નહોતો; અને અત્યારે જમાનો એવો છે કે જો પુંજીમાં ચાર પાંચ શેર નીકળ્યા તો તરત લોક કહેશે કે ભાઇ કાગળીઆમાં દીવાસળી મુકી પુંકી ખાઓ ! આ પ્રમાણે જમાનાના ફેરફારથી લોકોના મન ઉપર પણ અદભુત અસર થઇ ગઇ; અને તે અસરને લીધે મીલના ધંધાને આટલું બધું ખમવું પડયું. તમારૂં કહેવું ખરૂં છે દોઢ વાંક વગર લઢાઇ થાય નહીં અર્થાત મીલના એજન્ટને કોરટની મુલાકાત લેવી ન પડે, પછી પોણો વાક શેરહોલ્ડરનો હોય અને પોણો વાક મીલ માલેકનો હોય કે કા તો થોડો ઘણો અન્યો અન્યનો હોય તો પણ મીલ માલેકની બે દરકારીને લીધે મીલનો ગોટાળો છેવટે બહાર પડે અને બજારમા ભવાડા થાય; પણ કાંઇ બધા સરખા હોતા નથી. ગમે તે પક્ષના એક અંગારાથી આખી મીલ ભભુકો લઇને ઉઠે, અને લોકો મીલના નામથી ભડકી ભડકી બાર ગાઉ દુર નાસે તેમાં અમે શું કરીએ ? શહેરમાં મીલનાં ભુંગળાં પણ ઓછાં છે ? જેમ જેમ દીવસ જાય છે તેમ તેમ નવાં ને નવાં જ થતાં જાય છે. સાલી હરીફાઇ તે થોડી ઘણી છે ? આ એકે મીલ કરી એટલે બીજો તૈયાર થયો, અને બીજાએ ડીડ પ્રોસ્પેકટસ બહાર પાડી શેર દલાલો તૈયાર કરવા માંડયા આ પ્રમાણે એક ઇદ્રીના કારણથી મીલના ધંધામાં કમાણી ન રહી અને છેવટે મીલ એજન્ટોને મરવા જેવો વખત આવ્યો ! ”

" એટલે, એજન્ટ સાહેબ તમે એમ કહેવા માગોછો કે મીલનો ધંધો જ બધો લુખો છે!! "

" ના સાહેબ એમ કહેવા માગતો નથી કે મીલનો ધંધો લુખો છે. મીલનો ધંધો તો લીલો છે, પણ એ લાલાશના દશકા હવે જતા રહ્યા! કમાણી હતી પણ એ પહેલા હતી, હવે ના તમાચો મારી બાયડીઓનાં ઘરાણાં ગાંઠાં અને મકાન ગરુના છાનાં છપનાં ઘરાણે મુકી નામના ગાડી ઘોડા દોડાવવા પડે છ; અને જેને જોડા પાસે પણ ન બેસાડીએ તેને ઘોડાગાડીમા બેસાડી દીન ગુજારવા પડે છે. કમાણીના દશકામાં ક્યાં સુધી લાલાશ હતી કે જ્યાં સુધી ડીપોઝીટરો અને શેર હોલ્ડરોમાં પોતાની સત્તાની ઘોળાશ અર્થાત અજ્ઞાનતા હતી ત્યાં સુધી હતી! હવે તો ગમે તે શેર હોલ્ડર ટપ લેતોક મીલના કંપાઉન્ડમાં દાખલ થઇ શેઠની છાતી પર ઉભો રહે અને મીલના કબાટનાં તાળા તોડી મીલના ચોપડા તપાસે, અને જો ચોપડામાં કાંક શકા જણાય તો તરત જ એક રાતમાં શેર હોલ્ડરનો મીટીંગ ભરી મીલ એજન્ટને કોરટમાં ઉભા કરે અને સાત પડેડીની આબરૂને હલકી કરી દે; વખતે જો કોરટમાં ન જાય તો છાપામા પ્રગટ કરી ગામે ગામ ફજેતીના ફાળકા કરાવે અને અણચિન્તવી ડીપોઝીટરોની એકી વખતે ધાડ લાવી મીલ માલેકને ફી પોકરાવે! હવે જમાનો બગડી ગયો. પહેલા તો બિચારા શેર હોલ્ડરો ડેવીડેન્ડ ખાઇને નિરાંતે બેસી રહેતા હતા; અને ડીપોઝીટરો ડીપોઝીટનુ વ્યાજ ખાઇને લહેર કરતા હતા, વખતે જો વરસ રાશી ખરાબ આવે અને મીલ વ્યાજ પણ ન આપે તો પણ દમમાં કામ ચાલે

જતું હતું અને રેતમાં નાવ હંકારાતુ હતું પણ જમાને કરીને શેરહોલ્ડરો પોતાનો રાઈટ મીલમાં કેટલો છે તે સમજતા થયા, અને એથી વાયરે ચઢીને મીલ માલેકોને દમવા લાગ્યા. ગયા સુખી દશકામા મીલ એજન્ટોને ઘેર નાણાનો વરસાદ વરસતો હતો. સાલું મીલમા મીલ એજન્ટ અગાઉ એક બાજુ એક નવો બંગલો ઇજનેર સારૂ બાધે અગર બીજા કામ સારૂ બાંધે અને બીજી બાજુ શહેર બહાર હવા ખાવા સારૂ બંગલો બંધાવે, તે તમામનું ખર્ચ મીલને માથે પડે. મીલમાં જે જે નવા નવા સાચા મંગાવે, સ્ટોર મંગાવે અથવા મીલનો તમામ સામાન જે કોઇ વિલાયતથી મંગાવે તે તમામ પોતાના જમાઇ, ભત્રીજા અગર ભત્રીજાના નામની એક અલાયદી મીલ સ્ટોર સપ્લાઇંગ નામની નાની પેઢી કઢાવી તેની મારફતે મગાવી ડીસકાઉન્ટ બારોબાર હોઇઆં કરી જાય; મીલની પુંજીમાથી પોતાના લાગતા વળગતામાંથી ફાવે તેને ગમે તેટલાં નાણા ધીરે, મીલના સુતર કાપડમાથી ગમે તેને મરજી મુજબ આપે અને તે સઘળાનો હિસાબ પોતાનું દીલ ચ્હાય તે રીતે સરવૈયામા લખાવે. વરસ થયે ઓડીટરના કાન ઝાલી મરજી મુજબ હીસાબ દેખાડી સરવૈયામા સહી કરાવી સરવૈયાં બહાર પાડે અને શેર હોલ્ડરો તે સરવૈયાં રાજી ખુશીથી વાંચી પોતાનો સંતોષ દેખાડે; બીચારા; ડાયરેકટરો તો મીલ માલેકોના વગર પૈસાના હાજી હા કરનારા એટલે એજન્ટ જે કાઇ નવું કામ મીટીગમા મુકે તે તમામ મંજુર કરવું પડે અને જેમ એજન્ટ દોરે તેમ દોરાવું પડે! આ પ્રમાણે જ્યારે વહીવટ ચાલતો હોય તો મીલ એજ-

ન્ટોને ઘેર છનમછના થાય; પણ જ્યાં શેરહોલ્ડરો મીલમાલેકનો ઘાઘરો પકડતા થયા ત્યાં કહો મારા મહેરબાન હમારા ધંધામાં હવે શું કસ રહે ? હવે તો દીનદયાળ વિભુ કાંક મીલ એજન્ટો પર નીઘા કરે તો ઠીક થાય !"

"હયો બાવા હવે તમારા દુઃખનાં રોદણાં રડી રહ્યા ? હયો હવે આ ચાહ આવ્યો !"

"બાવા શું કરીએ ? જ્યાં ત્યાં દુઃખે સુખે દહાડા કાઢીએ ! સઇના દીકરા જીવે ત્યાં સુધી સીવે ! જયા જમાનો વંઠયો ત્યાં પછી શું કહેવું ? જ્યાં ઇશ્વર કોપ્યો ત્યાં પછી કયાં રહેવું ?"

"હયો સાહેબજી બાવા હવે બધુ જહાન્નમમાં ગયું, આય ચાહ ઠંડી થઈ જાય છે; હવે મહેરબાની કરી કપ ઉપરકપ લેવા માંડો નહીંનો ઠંડી થઇ જશે તો ટેસ જતો રહેશે !"

"અરે ગાર્ડનર આય ચાહ રાવને ત્યાંથી લાવ્યો છે ને !"

"હા બાપા !"

"એને સ્ટ્રોંગ બનાવવાનું કહ્યું હતુંને !"

"હા સાબ !"

"ઓલરાઇટ ; વેલ મી. ડૉકટર યુ ટેક યોર કપ, યુ મી. બારીષ્ટર ટેક ધીસ, યુ પ્લીઝ ટેક ઇટ, યુ જેન્ટલમેન હોલ્ડ ઇટ યુ માસ્તર કેચ ઇટ વેલ મી. એ યુ તમારૂં નામ ટેક ઇટ યુ કમ ઓન ટેક ઇટ."

"ઓહ થેન્ક યુ ! થેન્ક યુ !"

"વેલ મી. ડોકટર આય ચાહ આજ રોજ ઠીક બન્યો છે હો !!"

" યસ મીં બારીસ્ટર ઈટ ઈઝ વેરી સ્ટ્રોંગ એન્ડ નાઈસ હું ડે આજ તે [illegible]ત અને સુંદર ટેસદાર બન્યો છે."

" સાહેબજી આવા આજ તો અમારા સઘળાનાં નસીબ ચાહુમાં ભળ્યાં છે માટે તે બાસ કરીને સ્ટ્રોંગ બનવો જ જોઈએ !"

" [illegible]ની વકીલ હું તો દરરોજ રાવને ત્યાં ચાહ પીઉછું પણ આવો સ્ટ્રોંગ કોઈ દીવસ બન્યો નથી."

" હું બી અજબ થાઉછું કે રાવ કદી પણ આવો ટેસદાર ટી બનાવતો નથી !"

" અલ્યા માલી આન આવ !"

" આવ્યો સાબ, કહો શો હુકમ છે ?"

" આય ચાહ તું રાવને ત્યાથી લાવ્યોને ?"

" હા શાબ "

" પેલો ભદ્ર આગળ દુકાન રાખે છે તેને ત્યાંથીને ?"

" ના શાબ "

" ત્યારે કયાંથી લક્ષ્મી વિલાસ હોટલમાંથી લાવ્યો ?"

" ના શાબ "

" ત્યારે લાવ્યો કયાંથી."

" શાબ પેલા રૂસ્તમ ઈરાનીને ત્યાંથી !"

" અરે થુ, થુ, થુ, મારા બાપ વટલાવી માર્યા !"

" શાબ ખાટકી બજારમાંથી લાવ્યો, પેલા ઈરાનીના હોટલમાંથી લાવ્યો !"

" અરે તારૂ સત્યાનાશ જાય, મારા દીયર વટલાવી માર્યા!"

" શાબ બજારનો ને હોટલનો જે ચાહ પીએ તે બધા શાબ લોક જ કહેવાય !"

" અરે ચુપ બેવકુફ, ચલે જાઓ યાંસે ! ! "

" સાહેબજી બાવા, હવે જરા કાઇન્ડલી મુંગા મરો. "

" અરે શું મોકાણુ મુંગા મરીએ ! "

" બાવા પાણી પીને ઘર ન પુછીએ ! "

" બાવા તમારી સોબતે ચઢી પસ્તાયા ! "

" તો હવેથી નવો પાઠ શીખજો. "

" હયો બાવા હવે સીધા છાના માના ઘેર ચાલો, તેરી બી ચુપ ઓર મેરી બી ચુપ કરો "

" સાલ્લુ આપણે પણ ગ્રહણમાં ગ્રહણ કર્યું ! "

" ભાઇ ઘેર જઇને ગંગાજળ પીને દેહ શુદ્ધ પ્રાયશ્ચિત કરીશું."

" મી. તમને જો ઢેડનાં મફત ચાહ મળે તો તમે પણ પીઓ એવા જ છો ! "

" હા બાપા હા, તમે કેટલા ચોખ્ખા છો તે અમે જાણીએ છીએ ! "

" ઠીક ભાઇ ઠીક, હવે મુંગે મોઢે રસ્તો માપવામાં જ મઝા છે ! " આ પ્રમાણે કહી શોખીના એક પછી એક એમ ઘર ભણી જવા લાગ્યા. કેટલાક લાજ આબરૂવાળા શરમના માર્યા ઉતાવળા ઉતાવળા પગલાં ભરવા મંડયા અને કેટલાક ફક્કડો છાતી કાઢી હમામમાં ધીમે ધીમે સોટી ફેરવતા ચાલવા લાગ્યા; અને કેટલાક ચુપ ચુપ બોલતા ચાલતા ચાલવા લાગ્યા, છેવટે એક જણાના મોમાંથી નીકળી પડયું કે " આતે ધંધાના કઢાપા કે જમાનાના ઝપાટા ! ! "

પ્રકરણ ૭ મું.

પતિના વચનને વરતે એજ સતિ અને સતિના વ્હાલને વાંચે એજ પતિ !!

-:દોહરો:-

માંડયું તે છાંડે નહીં છાંડયું ન ઝાલે જેહ,
અડગ ટેકનાં દંપતિ અવિચળ રાખે સ્નેહ;

સંસારમાં નિરંતર એક સલુણી સુંદરી તેજ સાર રૂપ શોભે છે, કેમકે સ્ત્રી વિના એકલા પુરૂષથી યજ્ઞ થાય નહીં, સ્ત્રી વિના રાગ અર્થાત્ પ્રેમ કે ગાયન પામીએ નહીં, વળી સ્ત્રી વિના ઘર શોભે નહીં, તેમ સ્ત્રી વિના જગત શોભા પામતું નથી. સ્ત્રી વિના કોઈ વિશ્વાસ કરે નહીં, તથા સ્ત્રી વિના કોઇ વાંઢાને પાડોશમાં રાખે નહીં, સ્ત્રી વિના પિતૃઓ પ્રસન્ન રહે નહીં, વળી સ્ત્રી વિના ભોજન પણ કોણ રાંધી આપે ? સ્ત્રી વિના સંતતિ થાય નહીં અને સંતતિ વિના વંશ વધે નહીં અને વંશ વિના સ્વર્ગે જવાય નહીં માટે સલુણી સુંદરી એજ આ સંસારમાં સાર રૂપ છે !!

જગ સંપતિમાં જુવતિને સુખ નહીં જરી,
મન ગાડાને ગાળે સપતિ મળી મળી;
અથવા સંપતિ જગ ગાડામાં ધરી ધરી,
સુખ ભમરી સારૂ તુચ્છ એ ચંપા કળી કળી.

ચંદ્રમાની પેઠે આનંદ કરનારી, રેવતિના જેવી પ્રીતિની ... રાખવા વાળી, મદીરાની પેઠે મદ કરનારી, મિત્રની પેઠ હમેશા સાહ્ય કરનારી, મોહીનીની પેઠે મનને હરવાવાળી અને ચાકરની પેઠે નિત્ય મરજી મુજબ વરતનારી એવી સુખકર સુંદરી જો આ જગતમાં જગતપિતાએ સરજી ન હોત તો આ સંસારમા પુરૂષોનો કઠણ વખત કયમ કરીને જાત ?!!

* * * * *

"જે પતિને પજવે વચન વજ્ર તે બૈરૂં નવ કહેવું;
રહી રહીને રીબે ને કાન તોડે તે સોનું શાનું લેવું;
રંગ રૂપમાં હોય અનુપમ પણ પિતળ નહિ સોનું,
હોંશ કરી હૈયે ધરીએ તો વિશ્વે થાય વગોણું.
પુરણ કસોટી છેદન ભેદન તાવ્યાથી પણ તેવું,
કુંદન તે કુળવાન સમજવું ઘાટ ઘડાવી જોવું;
અણી વખતે જે જવાબ દેશે સો વરસે પણ તેવું,
સોના સમ શિયળવંતી તે ગૃહ ભૂષણ માની લેવું."

"ઓહો વિજયા બ્હેન આજતો કાંઈ ખુબ આનંદમાં ઞા ગોછો ? મીઠું મીઠું ગાવામાં જ આજ તો ગુલતાન બની ગયાં જણાઓ છો ?"

" આવો આવા કુસુમ બ્હેન આવો, આજતો મારે સોનાનો સુરજ ઉગ્યો મોતીના મેહુલા વરસ્યા, સાકરના કરા ખરીઆ, મારા લાડકવાયાં બ્હેન કુસુમ બા આજ તો તમારાં કંકુનાં પગલાં થયા, સોવાર ખોળા પાથરે એકવાર પણ ન આવે તે બ્હેન આજ અણચિન્તવ્યા ચાલી હાલી મારે આંગણીએ પધાર્યાં, ઓહો આજતો આનંદનો ઉદધી રેલ્યો, અમારૂં રાંકનું આંગણું પાવન થયું !"

" વિજયા બ્હેન હવે બહુ થયું બહુ બોલો માં ! ! તમારા જેવાં સાધવી સન્નારીને ત્યા આવવામા ખોળા શા પથરાવવા ? કુવાની છાયડી કુવામા સમાય મનની વાત મનને કહેવાય, હૃદય હૃદયને જ નિરખે અને ભાવ ભાવને જ પરખે, નયન નયનથી જ હરખે અને વાત પણ થાય સરખા સરખે ! ! "

" કુસુમ બ્હેન કહો ના કહો પણ કઇ તમારા હૃદયમાં ગુપ્ત ચિન્તા છે. વગર વૃષ્યાએ વૃષ્યા વરસે ત્યાં હૃદયોદ્યાન કયાથી વિકસે ? "

' બ્હેન મારે કોઇ પણ પ્રકારની ચિન્તા નથી. હું તો સર્વદા આનંદમાં જ છું મારે ચિન્તા શી અને મારે દુઃખ શું ? દુઃખ કોને ? ચિન્તા કોને ? અસંતોષીને ? લોભીને ! ઈર્ષાળુને ! "

' બ્હેન એ બધુએ વાણીમાં ! પાણીના ચમકારા તો કાંક ઓર જ છે. સનાથે નથાએલા જ નથાય છે. સતોષી જ સદા શેકાય છે.'

" એ બધા દૃષ્ટિપાત કર્મ વ્યવહારમાં સ્વબુદ્ધિ અનુસાર નિરખી શકાય છે. સુખ અને દુઃખ અને ચિન્તા તથા આનંદ એ

માનવામાં જ માનવ બુદ્ધિની ખુબી તથા ખામી રહેલી છે."

"કુસુમ બ્હેન હવે દીવસે દીવસે મધુકરભાઈનો સ્વભાવ કાંક બદલાતો જાય છે, ઘર વ્યવહારનો તમામ ભાર તમારા શીર પર લધાતો જાય છે; અને તેથી તમારૂં શરીર વખત જતાં ક્ષીણ થતું જાય છે!"

"શરીર ક્ષીણ થતાં એમને જો શાન્તી વળશે તો મારા શરીર ધર્યાનું સાર્થક થશે."

"બ્હેન આ જમાનામાં તમારા જેવાં સન્નારી મળવાં એ પણ પુરૂષોનું પરમ ભાગ્ય છે."

"હા આ જમાનામાં એમના જેવા સનાથ મળવા એ પણ સ્ત્રીઓનું પરમ ભાગ્ય છે."

"વાહ વાહ કુંદન તે કુંદન અને કથીર તે કથીર; જમાના ગમે તેટલા બદલાય પણ જાત ઉપર ભાત તો ન જ પડે!"

"વિજયા બ્હેન આ સંસારમાં પુરૂષને સુખનું સબળ સાધન સ્ત્રી છે અને સ્ત્રીને શાંતીનું સબળ સાધન પુરૂષ છે સ્ત્રીના સૌભાગ્યનો આધાર, શરીરનો શ્રૃંગાર અને જીવનનો હાર ફકત એક ભરથાર જ છે. પતિના સુખે પત્ની સુખી છે અને પતિના દુઃખે પત્નિ દુઃખી છે. જીવનની સાફલ્યતા, મનની પવિત્રતા અને તનની પતિ પરાયણતા ફકત પતિના પત્ની પ્રત્યેના મંદહાસ્ય પરજ રહેલી છે. પતિની પ્રસન્નતા એજ પત્નિનો ઉદયકાળ છે. પતિની કમાણી એ પત્નિનો આરામ છે, અને પતિનો પરદેશ એ પત્નિનું પિયેર છે. પતિની જીંદગી એ પત્નિનું સૌભાગ્ય છે અને પતિનો રાગ એ પત્નિનો સાચો વિલાસ બાગ છે!!"

"બ્હેન એ બધું સારા નરસા નાથની નાથેજ નથાએલું છે! સાંપ્રત સમયમાં તો પતિ સારો તો પત્નિ રૂડી અને પતિ નઠારો તો પત્નિ ભુંડી એજ વ્યવહાર આજકાલ ઘેર ઘેર નિરખાય છે."

"એ વ્યવહારમાંથી જે શિક્ષણ મળે છે તે શિક્ષણ સારા સારા વાંચનમાંથી પણ મળવું મુશ્કેલ થઇ પડે છે. સારામાં સર્વ કોઇ સારા થાય, સુખમાં સર્વ કોઇ ભાગીદાર થાય, અને સાહ્યબીમાં સર્વ કોઇ મળવા હળવા આવે એ સ્વભાવિક છે, પણ નરસામાં, દુઃખમાં અને ગરીબાઇમાં જે કોઇ સારૂ થાય તેજ ધન્યવાદને પાત્ર છે. દુનિયામાં જે કાંઇ દૃષ્ટાંત દેખાય છે તે અવગુણ ઉપર ગુણ કરનારનાજ દેખાય છે. આપે એને આપવું, ખવરાવે તેને ખવરાવવું, રક્ષે તેનું રક્ષણ કરવું અને મીઠું બોલે તેના ગુણ ગાવા એવું તો સર્વ કોઇ કરે છે પણ એથી ઉલટું નિષ્કામ કર્મ કરનારની જ જગતમાં બોલ બાલા બોલાય છે."

"ખરી વાત છે કુસુમ બ્હેન તમારૂં કહેવું દરેક રીતે સત્ય છે. ગુણવાન અને ધનવાન ધણીની દરેક બાઇડી ચાકરી કરે એ સ્વભાવિક છે પણ અવગુણી અને નિર્ધન ધણીની જે બાઇડી ચાકરી કરે તેનીજ બલિહારી છે."

"બ્હેન પતિની પુંઠ જોવી એ પત્નિનો ધરમ નથી પણ પત્નિની પાની જોવી એ પતિનું પરમ કરમ છે. નાથમાં છીદ્રો શોધવાં એ કામ કુલટાઓનું છે અને કેવળ ગુણને જ ગોતવા એ કામ સાધવીઓનું છે."

"ખરી વાત છે બ્હેન, આ સંસારમાં એક અજબ જ અને

નિરાલુ ધોરણુ માલમ પડે છે અને તે એ છે કે સારા વરને વહુ ઘણું કરીને નરસી જ હોય છે અને નરસી વહુને ઘણે ભાગ્યે સારો જ વર મળે છે. ”

“ એ ઉપરથી જ સમજવાનું છે કે સારા વરવાળી વહુ આર્ય ઘરસસાર વ્યવહારમા જેટલા જોઇએ તેવા યોગ્ય પ્રમાણમાં ઘડાએલી ઠાવકી નિપુણ અને દક્ષ હોતી નથી પણ કેટલીક રીતે ઓલી દોલી ભોળી, મુર્ખ અને વખતે નરસી પણ નીવડી આવે છે; અને નરસા વર વાળી વહુને શરૂઆતમાં જ માથા ઉપર જોડા પડવા માડે છે; વખતે શરૂઆતમા ખરાબ નિવડી પાછળથી ઠોકર ખાઇને પણ ઘડાએલી નીવડે છે અને તે એટલી હદ સુધી સારી નીવડે છે કે તેને માંથે વિતેલાં વિતકણુ અન્ય સ્ત્રીઓને કીમતી ધડો લેવા લાયક શાખામણ રૂપે થઇ પડે છે; અને તેથી તે સ્ત્રી ઘણી કાબેલ અનુભવી ડાહી અને ઘર રખી નીવડે છે. ”

“ હા બ્હેન ગરીબાઈમા પડેલુ શરૂઆતનું દુઃખ ભવિષ્યની જીદગીમા સુખનો સાગર રેલાવે છે, અને ગૃહસ્થાઇમાં સાંપડેલું કુદરતી સુખ ભવિષ્યનાં અનેક ઠોકરો અને જોડા ખવરાવે છે. ”

“ વિજયા આપણા આર્ય ઘર સસારમાં વ્યવહારમાં ‘વર’ અને ‘વહુ’ એ બે શબ્દ ઘણા જ કીમતી છે. સંસાર વ્યવહાર ધરાના એ બંને અચળ ધ્રુવ છે. એ બે ધરી ઉપર આખો સંસાર વ્યવહાર ફરી શકે છે. માનવ જીદગીની શરૂઆત અને અંત એ ઉભય શબ્દમાં સમાએલા છે. જીવનમુક્તિ અને વિદેહ મુક્તિ એ બંને શબ્દમાં રહેલી છે. સ્વર્ગીય સુખનું કોકડું એ બેમાં ગુંચાએલું છે. સંસાર બીજમાંથી ઉત્પન્ન થએલું વૃક્ષ લગ્ન છે;

અને લગ્ન વૃક્ષના ઉમદાં ફળ વર અને વહુ છે. માનવ જીંદગીની શરૂઆત એ બે ફળમાંથી જ થાય છે; અને તે શરૂઆતમાંથી સ્વર્ગ અને નર્કની સાહ્યબી માણી શકાય છે."

"કુસુમ બ્હેન જો આપણા આર્ય ઘર સંસાર વ્યવહારમાં સાચુ સુખ દૃષ્ટીગોચર થતું હોય તો તે પતિ પત્નિના પરમ પ્રેમમાં છે. અંગયોગ, લક્ષ્મીયોગ, અને પક્ષ્ત્રીયોગ એ સર્વ કરતાં શ્રેષ્ટ ગણાતો હૃદય યોગ છે. પતિ પત્નિના પરમશ્રેષ્ટ હૃદય યોગના વિસ્તારમાં અને તેની દાંપત્ય પ્રેમમય વૃત્તિમાં મોઘી અને સાચી ભકિતનો ખરો ધર્મ સમાએલો છે."

"વિજયા એ પ્રેમ એ ધર્મ અને એ ભકિત સાંપ્રત સમયના ઢીંગલા ઢીંગલીની માફક થતા મન અને ભાવ વગરના લગનમાં નિરખાતી નથી. ગાડીના પૈડાની માફક ફરતા ઘડી ઘડીના પતિ પત્નિના હૃદય ભાવમા એ હોતી નથી. એક ઉપર બએ અને ત્રણ ત્રિયા પરણનાર અને નાતરીઆ પથના પથીકોમાં એ સ્વપ્ને પણ માલમ પડતી નથી. પણ દાંપત્ય પ્રેમની ખાતર દેહદાન સમર્પણ કરનાર ધીરલા અને વિરલા નરનારીઓના હૃદય પ્રદેશમાં છવાએલી માલમ પડે છે"

"કુસુમ બ્હેન સહજ સહજમાં ઉડી જતા અને વધતા કસુંબાના રંગ જેવા દાંપત્ય પ્રેમને તમારા અલૌકીક દૃષ્ટાંત કદાપી કાળે પણ લાગુ પડશે નહીં; અને તમારૂં કહેવું અર્ધ દગ્ધ વિચારનાં દંપતીઓને સ્વપ્ને પણ ગળે ઉતરશે નહીં; પણ જે દંપતિઓ દીવ્ય ઘનશામ રંગી પ્રેમના ઉપાસક હશે તેજ તમારા કથનમાં આનંદી અને મસ્ત થઇને ફરશે."

" વિજયા આર્ય દંપતિઓના દીવ્ય પ્રેમને વાસ્તે પાશ્ચિમાત્ય પ્રદેશનો સમર્થ વિદ્વાન સ્કોટ સુંદર રીતે કવે છે કે,

" True love's the gift which God has given,
To man alone beneath the heaven.
It is not fantasis hot fire,
Whose wishes, soon as granted fly;
It liveth not in fierce desire,
With dead desire it doth not die,
It is secret sympathy,
The silver link, the silken tie,
Which heart to heart and mind to mind
In body and in soul can bind "

" કુસુમ બ્હેન ત્યારે આપણાં આર્યશાસ્ત્રો કયાં ઉતરે એમ છે! મહા ભારતના શાંતી પર્વમાં કહ્યું છે કે–

' ગૃહિણી સચિવઃ સખી પ્રિયઃ ।
પ્રિય શિષ્યા લલિત કલાવિધૌ ॥ '

આ સુત્રના સિદ્ધાંત સાથે પ્રસ્તુત સ્ટેન્ઝાનો ભાવાર્થ વાસ્તવિક લાગે એમાં નવાઈ નથી ! "

" વિજયા બ્હેન, સ્ત્રીઓનો શારીરિક બંધ અને માનસિક વ્યાપાર વિચારતાં તેને કોઇ કોમળ મૃદુકાર્યોને વાસ્તેજ સરજાવેલી જણાય છે. પુરૂષોનો શારીરિક બંધ અને માનસિક વ્યાપાર સ્ત્રીઓથી તદ્દન ઉલટો જ દૃષ્ટી ગોચર થાય છે. આવી રીતે સ્ત્રી પુરૂષોના શારીરિક બંધ તથા માનસિક વ્યાપાર જૂદી જૂદી કક્ષામાં

અટન કરનારા હોઇને તેઓના લક્ષ્યાર્થ સ્વાર્થ પણ એક એકથી જુદીજ પ્રકૃતિ ના હોય એતો વાસ્તવિક જ છે. કેટલાક દેશોમાં સ્ત્રીઓ જો કે પુરૂષ જેવા અને જેટલા જ હકકો વગેરે મેળવવા તૈયાર થઇ છે અને થાય છે, પણ તેથી તેઓના સ્વાર્થ એક એકથી જુદી પ્રકૃતિવાળા નથી, તેમ આપણે કદી કહી શકીએ નહીં, કારણ કે કોઇ પણ વાતનો વિચાર કરતા આપણે સ્થળ, કાળ અને પાત્રને સ્ત્રી પુરૂષે સરખા સ્વાર્થ રાખવા મેળવવા અનુસરતા હશે; પણ તે ઉપરથી તે એક વ્યકિતના દાખલા ઉપરથી આપણે સામાન્ય ધોરણ દુર કરી શકીએ નહીં; દરેક વાતમા અપવાદો હોય છે તેમ તેવા ભાગ્યે જ બનતા દાખલાને અપવાદ તરીકે ગણી લેવામાં પણ ખોટુ નથી; અર્થાત ટુંકમાં બીજા દેશોમા સ્ત્રી પુરૂષો ભલે સરખા સ્વાર્થો હકકો મેળવો પણ આર્ય ભૂમીમા તો દેશકાળ અને પાત્રને સ્ત્રી પુરૂષોને સરખા જ હકકો સ્વાર્થો પ્રતિકુળ જ છે; અને તે પ્રતિકુળતામાં જ આર્યોનુ શ્રેય છે; માટે આર્ય સ્ત્રીઓએ તો પોતાના સ્વાર્થને અનુકુળતાની કેળવણી લઇ પુરૂષોની વચ્ચે માથુ નાંખ્યા સિવાય પંડીતા, રસજ્ઞ, કુટુંબ પોષક, સ્વસ્થ, શરીરે બલવતી, રોગ હીન, સુંદર, યોગ્યતાના પ્રમાણમા કુટુંબના બંધનમાંથી મુક્ત થવાથી કુટુબની મૂર્ખ ઇચ્છાઓ અને કલેશોમાથી છુટી કુટુંબના ખરા કલ્યાણ કરવા શક્તીવાન ઉત્સાહી, બાળક વર્ગને પોષણ શક્તિ આપે તેવી, વૃદ્ધ વર્ગની કલ્યાણ વાસના તૃપ્ત કરે તેવી થાઓ! સર્વદા ગુણવાન, નિતીવાન ધર્મીષ્ટ અને આજ્ઞાંકીત થાઓ!!"

"કુસુમ બ્હેન આર્ય સ્ત્રીઓ જો તમારા કહેવા પ્રમાણે નીવડે

તો આપણો આર્ય ઘર સંસાર એટલો દીવ્ય મજબૂત અને પ્રેમાળ થાય કે તેથી ગૃહસ્થાશ્રમમાં ગોવિંદને પ્રેમી દંપતિનાં ઘર શોધતા આવવું પડે ! પ્રભાત સ્મરણીય મહા સતિ સીતાજી અનસૂયા અને સાવિત્રીએ પોતાના વિશુદ્ધ સ્નેહ ભાવથી જગતકર્તા અને જગત એ બને આધીન કરી લીધાં હતાં, એ શાના વડે ફક્ત એક પરમ પતિ પ્રેમથી, સતિત્વથી અને પતિવૃતથી ! ! એવી પતિવૃતાઓના પતિ પ્રત્યેના પરમ અને દીવ્ય પ્રેમથી જ પ્રેમ ગાન ગવાય છે કે, * * *

ગઝલ.

'તજાશે દેહના બંધો, તજાશે સ્નેહ સંબંધો;
હૃદયનાં મર્મ બંધનો કદી એ પ્રેમ નહીં છુટે.
જશે આ વિશ્વ ને માયા કરમાશે કનક કાયા;
હરાશે હામ ને હૈયાં કદી એ પ્રેમ નહીં છુટે.
કદી જો આગમાં બાળો બુઝાવી આગ એ દેશે,
ઉલેચી નીરને વ્હેશે કદી એ પ્રેમ નહીં છુટે;
જશે ઇન્સાન ને આલમ જશે સૌ ઇલમનાં પોથાં,
જશે સૌ બોલનારાઓ કદી એ પ્રેમ નહીં છુટે;
જડાયો જીવ સાથે એ નસોના રકતમાં વ્હે છે,
રમે છે રોમ રોમે એ કદી એ પ્રેમ નહીં છુટે;
સદા છે, છે અને રહેશે કદી એ પ્રેમ નહીં છુટે,
જશે નહીં એક એનો એ કદી એ પ્રેમ નહીં છુટે;
પ્રભુ એ પ્રેમને પુજે જગત સૌ પ્રેમથી ધ્રુજે,
ખરૂં એ શાસ્ત્રને સુજે કદી એ પ્રેમ નહિ છુટે.'

"બિજયા મનુષ્ય એક એકના સહવાસ વિના રહી શકતું

નથી, તો પુરૂષે પુરૂષને કે સ્ત્રીએ સ્ત્રીને જેવો સંબંધ થઇ શકે તે કરતાં સ્ત્રી અને પુરૂષનો સંબંધ અધિક રૂચી કર અને અધિક દૃઢતર થવાનો સંભવ છે; કારણુ કે સ્ત્રીના અને પુરૂષના સ્વાર્થ એક એકથી જુદી જ પ્રકૃતિના હોવાથી તેમની વચ્ચે વાંધો ઉઠવાનો કે હરીફાઇથી ઇર્ષા થવાનો સંભવ ઓછો છે, બલ્કે નથી જ. પુરૂષ પુરૂષનું અને સ્ત્રી સ્ત્રીનું અખંડ જોડું સંભવતું જ નથી અને તથી જ સ્ત્રી અને પુરૂષનો સંબંધ અધિક રૂચીકર અને દૃઢ થવાનો સંભવ છે તેમ કહેવું અક્ષરે અક્ષર ખરૂં છે"

"કુસુમ બ્હેન દીવ્ય પ્રેમની સંપ્રાપ્તીને માટે જ લગ્ન એક જ અને અખંડ થવું જોઇએ. સ્ત્રીને એકથી બીજો પુરૂષ કે પુરૂષને એકથી બીજી સ્ત્રી ઘટવી ન જોઇએ, આ નિયમ અખંડ જોઇએ, એટલે મરતાં સુધી કે તે પછીથી પણુ પુનઃર્લગ્નનો અવકાશ આવતો નથી. પુરૂષને એકથી બીજી સ્ત્રી ઘટવી ન જોઇએ; જમાનાના પરિબળમાં પુરૂષો પરણુવાની અંદર સ્વતંત્ર છે, સ્ત્રીઓ જો કે હલકી જ્ઞાતીમાં સ્વતંત્ર છે, પણુ બારીકાઇથી તપાસતાં તેઓને વડીલોની મરજી પ્રમાણે જ ચાલવાનું હોઇ પરતંત્ર છે. આવી પરતંત્રતામાંજ આર્યોનું હિત છે; માટે સ્ત્રીઓએ કદી પણુ સ્વતંત્ર આવી બાબતોમાં થવા ઇચ્છવું નહીં એ શ્રેયઃકર જ છે. અને તેવી જ રીતિ આર્ય સ્ત્રીને છાજે છે, રાજે છે અને શોભે શોભાવેછે."

"વિજયા સ્ત્રી પુરૂષનો આ જગતમાં જીવવાનો હેતુ તો પરમાત્મા સ્વરૂપની પ્રતિતી થવી એ **સિવાય અન્ય** હોવાનો સંભવ નથી; એવી પ્રતિતી થવા માટે જે પ્રેમભાવ જરૂરનો છે તેઉત્પન્ન કરવો, તેને જ ખીલવવો એ મનુષ્ય **માત્રનો** ધર્મ છે.

માબાપના હાથમાંથી છોકરૂં તાબેદારી, માન, નિયમ, વિનય વગેરે શીખીને છુટે છે, પછી સહજ મિત્રતા તથા ભાઇ ભાંડુની સાથે કેવી રીતે વર્તવું તે શીખે છે, અને ત્યારથી જ પ્રેમની ઉત્પતિ શરૂ થવા માંડે છે. પોતાને યોગ્ય રૂપ, ગુણ, વિદ્યાસંપન્ન સજાતીય મિત્ર મેળવવો ગળવો એ આ પ્રીતિના પ્રથમાંકુર ઉછેરવાનો ઉપાય છે. માણસનું મૂળથી સ્વાર્થ ઉપર લાગેલું ચિત્ત પારકાને પોતાનું કરી લેતી વખતે વિસ્તાર પામે છે; અને એમ આત્મવત્ સર્વ ભૂતની પોતાના સમાન સર્વને નિહાળવાની કેળવણી લેવા માંડે છે, આ સ્થિતી પરિણયની છે. સ્ત્રી અને પુરૂષ આ પ્રકારના અન્યો અન્ય હૃદયના ખીલવવા માટે ખાસ રીતે લાયક અને જરૂરનાં છે પુરૂષ વ્યવહાર બળમાં સબળ છે. સ્ત્રીનું બળ રંગેન્દ્રીય લાગણીમા રહેલું છે. આપ્રેમ બળ જો એક જ વિષયને લાગ્યું રહે, અને એકજ સ્ત્રી કે પુરૂષ પરત્વે રહે તો જ તે વિષય અને સ્ત્રી પુરૂષ સબળ વિચારશીલ, ડાહ્યો, ગંભીર ઉંડો અને ઘટ્ટ થાય છે પક્ષી પક્ષીમા સારસ અથવા ચક્રવાક બીજી પ્રીતિ નથી બાંધતાં પણ એક પાછળ એક જીવ આપે છે; તેને વાસ્તે સર્વાનુભવ રસિક લેખક કલાપી કહે છે કે,

* * * * *

'ન કિન્તુ સારસી આતો આવો માર્ગ કદી ગ્રહે,
એકને દીલ અર્પ્યું તે બીજા કોનું નહીં બને;
પ્રેમને કારણો સાથે સંબંધ કાંઇ એ નથી,
કારણ પ્રીતિનું પ્રીતી પ્રેમીની લક્ષ્મી તે બધી;
ઝુરી ઝુરી મરવામાં સ્નેહ સંતોષ માને,
નહીં કદી રસ શોધે સારસી અન્ય સ્થાને.'

" કુસુમ બ્હેન સત્ય છે જુઓ સાંભળો.

'પ્રેમીએ પ્રેમી જાતાં કો બીજાથી પ્રેમ જોડવો,
આવું કાંન કરે સોએ પ્રેમી જો કે મળે ખરો;
જોડવી એક જોડીને બેકો ખંડીત થાય તો,
બંનેના એક બીજાથી ઓછાં જેથી બને દુઃખો.

આવો અખંડ અભેદ પ્રેમ આર્યોમા પણ એક દીવસે હતો, અને હજી પણ ક્યાક ક્યાંક ગુપ્ત પ્રત્યક્ષ માલમ પડે છે, અને ઇશ્વર ઇચ્છાએ સ્થળે સ્થળે તેવો જ અખંડ અભેદ પ્રેમ જોવા ભાગ્યશાળી થઇશું."

" વિજયા એક વૃતવાળા સત્ય પ્રમની ઉપર આસ્થા જેઓને હોય છે તે તો એમ જ કહે છે કે,

* * * *

'વ્હાલી બ્હેની સહુન કરવું એય છે એક લ્હાણું,
માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું;
મૃત્યુ થાતાં તર્પણ કરવું ઇષ્ટનું એય લ્હાણું,
આશા રાખી મરણ પછીને જીવવું એય લ્હાણું;
છે વૈધવ્યે વધુ વિમલતા બ્હેન સૌભાગ્યથી કૈં ?'

પુરૂષોએ પણ સ્ત્રીના મૃત્યુ પછી શાસ્ત્રોક્ત રીતે લગ્ન વિધી કરી પરણવું અગર સોહંના સુત્રને ભણી સાંભળી પોતાની જીંદગી ઈશ્વર ભજનમાં ગાળવી એ જ શ્રેયંકર છે. પુનઃર્લગ્ન જેવો કુધારો જ્ઞાતીમાં કે દેશમા જ્યારે દાખલ થાય છે ત્યારે જ્ઞાતીની અને દેશની અધોગતિ ઘણી ત્વરાથી નજદીકમાં આવતી જાય છે. રોમ જેવું મોટું રાજ્ય જ્યારે તેની જાહોજલાલીની ટોચે હતું ત્યારે

પુનઃવિવાહનો ચાલ બહુ વધવાથી તેને દૂર કરવા ચાંપતા ઉપાયો લેવામાં આવ્યા હતા, તો પછી આવા સુધરેલા જમાનામાં તેમ કરવામાં જેટલી ઢીલ કરવી તે કેટલું ભયંકર છે? જો સાંભળ, 'Other causes nearer home were of dangerous omen, such as the shock to family life caused by the growing facility of divorce. He formed also great schemes for improving Rome, one of them is that he put check to the facility of divorce, and so the monogamy in its unfalsified form is the strongest support of pure morality and the greatest consolation in the sufferings of life and death, for love is heaven and heaven is love.' સુલા અને સીઝર જેવા રોમના મહાન નેત્તાઓએ પુનર્લગ્નને તાકીદે દૂર કરવાના ચાંપતા ઉપાયો લીધા તે રોમન ઇતિહાસમાંથી દૃષ્ટિગોચર થાય છે; અને તેથીજ સિદ્ધ થાય છે કે એક પત્નિવ્રત તેના શુદ્ધ સ્વરૂપમાં નીતિનું પોષક અને જન્મ મર્ણના દુઃખોમાં દિલાસા રૂપ છે, કારણ કે શુદ્ધ પ્રેમ સ્વર્ગ ઇશ્વર છે, અને ઇશ્વર પોતે શુદ્ધ પ્રેમ જ છે."

"કુસુમ બ્હેન તમે તો એક રત્ન જ છો. ખરેખર તમારા કુળમાં કુંદન બ્હેન અને તમે તો એક દીવ્યમણી છો, તમારા પ્રસંગમાં જે આવે ને કંચન સ્વરૂપે પ્રકાશી નીકળે એમાં સ્વલ્પ પણ અસત્ય નથી. તમારાં જેટલાં જેટલાં વખાણ મેં સાંભળ્યાં છે તે જ પ્રમાણે મન વચન અને કર્મથી તમે ઉત્તમજ છો. મને દીલગીરી માત્ર એટલી જ થાય છે કે તમારા લાયક વર તમને મળ્યો નહીં."

" વિજયા બોલતી બંધ થઇ જા. મને જે કાંઇ મળ્યો છે તે લાયક જ છે, સોનાનો છે, મારે એમના ગુણ દોષ જોવા નથી પણ મારે તો એમના પ્રત્યક્ષ દર્શન જોઇએ છીએ. હું એમના વૈભવની પ્યાસી નથી પણ તેમના પાદપંકજની સેવાની ઉપાસી છું. મને સુખ નથી ગમતું પણ દુઃખમાં જ મઝા પડે છે. કોઇ પણ મનુષ્ય મુઆ પહેલાં સુખી નથી અને મુઆ પહેલાં દુઃખી નથી. સુખ સ્ત્રીઓને વાસ્તે નથી પણ પુરૂષને વાસ્તે છે. બાઇડીના કર્મની બાજરી અને ભાયડાના કર્મનાં છોકરાં; અર્થાત વૈભવ પુરૂષનો અને રોટલા સ્ત્રીના. સ્ત્રીને વાસ્તે કુદરતી જ સુખ સરજાએલું નથી. ઇશ્વરે સર્વદા તેને દુઃખમા જ ડુબાવેલી છે. અતિશય પાપ કરે ત્યારે સ્ત્રીનો અવતાર આવે એવી આપણામાં લોક માન્યતા છે; અર્થાત કેટલીક સ્ત્રીઓ મશ્કરીમાં પણ કહે છે કે 'ભગવાન પાસે કઇ વાઝણીએ સ્ત્રીનો અવતાર માગ્યો હશે'! આ પ્રમાણે સ્ત્રીને વાસ્તે દુઃખ છે અને પુરૂષને વાસ્તે સુખ છે; પણ દયાળુ પ્રભુનો નિયમ એવો દયા ભરેલો છે કે સર્વના ઉપર દયા કરવી જ ! તે અનુસાર સ્ત્રી સર્વદા દુ:ખમાં જ રહે તો રીબાઇ રીબાઇને મરી જાય; તેમ પુરૂષ સર્વદા સુખમાં જ રહે તો ગર્વથી છલકાઇ જઇ પ્રભુને વિસરી જાય; માટે પુરૂષને ગર્વ થાય નહીં અને સ્ત્રીને દુ:ખમાં આંસુ ન આવે એટલા માટે બંને વ્યક્તિને લગ્નથી જોડયાં છે; અર્થાત સુખ દુ:ખનું મિશ્રણ સરખે સરખા ભાગમાં કરેલું છે; એટલે એક નરમ તો બીજું ગરમ સારાંશમા નરમ ગરમ અને સુખ દુઃખ ભર્યો આર્ય ઘરસંસાર-વ્યવહાર દરેક સ્ત્રી પુરૂષનો ચાલ્યો જાય છે. કુંવારા ત્યાં સુધી

સુંવાળા અને પરણ્યા એટલે પસ્તાયા એ પ્રમાણે જીંદગીની શરૂઆત લગ્ન સંધીમાં સંધાઇ માનવજીવન સંસાર વ્યવહારમાં આગળ વધે છે. કોઈ પણ ડાહી સ્ત્રીએ સ્વતંત્ર થવાની અને વરના કામમાં વાતે વાતે માથાં મારવાની ઇચ્છા કરવી જ નહીં. પરમાત્માએ સ્ત્રીને સરજાવતી વખતે જ તેને અનેક બંધને બાંધી છે અને અનેક છીદ્રે વીંધી છે, તેનું કારણ એટલું જ છે કે તે સ્વતંત્રતાને લાયક જ નથી, તેના ઉપર કાયમ અંકુશ જ જોઇએ છીએ. સ્ત્રીના સ્થુલ અને સુક્ષ્મ બંને બંધારણમાં દૃષ્ટીપાત કરતાં એ જ વિલોકાય છે કે સ્ત્રી સર્વ રીતે સારાપણાનો અને નરસાપણાનો એક સાગર છે. એક સારો ડુબકી મારનાર તારો સ્વબુદ્ધિ અને સ્વકર્મ અનુસાર સાગરમાથી યોગ્ય પુરૂષાર્થ વડે મોતી રત્ન અને કચરો પ્રાપ્ત કરી શકે છે, માટે ડાહ્યા પુરૂષ વડે સ્ત્રી ડાહી થાય છે અને ઘેલા પુરૂષ વડે સ્ત્રી ઘેલી થાય છે; એમાં સ્ત્રીની જાત ભાત ઉપર કાંઇ પણ આધાર રહેતો નથી, તે તો ડહાપણ અને અંકુશ વડે જ સારી થઇ શકે છે. ”

“ કુસુમ બ્હેન આપણા પવિત્ર અને પુરાણા ઘરસંસાર વ્યવહારના ધોરણ ઉપર નવિન સંસ્કાર પામતી કન્યા-વહુને વડીલોના, દાદા દાદીઓના હાથ તળે જો કેળવવામાં આવે તો અવશ્ય કરીને સ્ત્રી સારી જ નીવડે એમાં તલમાત્ર પણ શંસય નહીં. વડીલોના હાથથી તાલીમ લઇને તૈયાર થએલી સ્ત્રી ઘણી જ નિપુણ ડાહી ઘર રખી, ગંભીર પેટવાળી, સરલ સ્વભાવવાળી, અલ્પમાં વિશેષ છત દેખાડનારી અને કરકસરથી પુરૂષનો સંસાર એક સદગૃહસ્થ તરીકે ચલાવનારી સલુણી સુંદરી નીવડે !

વડીલોના હાથ તળે કેળવાએલાં વર વહુનો ઘરસંસાર ગોલોકરૂપે મનાતા ગૃહસ્થાશ્રમ રૂપ થાય; અને તેમની સંતતિ અનસુયા સીતા સાવિત્રી અને રામલક્ષ્મણ અને પરશુરામ જેવી પરાક્રમી અને દેવાંશી થાય. સ્વતંત્રતા પ્રાપ્ત કરતાં નરનારીઓની પ્રજા કદાપી કાળે આજ્ઞાંકીત વિનયી અને ધર્મીષ્ટ નીવડતી નથી પણ કેવળ અર્ધદગ્ધ સ્વચ્છંદી અને અનાચારી નીવડે છે જે સ્ત્રી પોતાના સ્વામીનું માનતી નથી તે સ્ત્રીના છોકરાની વહુ તેનું માનતી નથી. જે પુરૂષ પોતાના પિતાની આજ્ઞા માનતો નથી તેનો પુત્ર કદાપી કાળે પણ તેની આજ્ઞા માનતો નથી અર્થાત જે વર વહુ પોતાનાં સાસુ સસરા તથા વડીલોની આજ્ઞા માને છે અને તેમને ડારે છે તથા ઠરે છે, તેમના જ સંતાન અને પુત્ર વધુઓ તેમની આજ્ઞા પાળે છે અને ડારે છે તથા ઠરે છે. પુત્ર દુરાચારી થાય તેમા પિતાનો વાંક છે, અને પુત્રી દુરાચારી થાય તેમાં માનો વાંક છે. બાપનાં છીદ્ર દીકરાથી જોવાય નહીં, અને માના છીદ્ર દીકરીથી જોવાય નહીં; જો આથી ઉલટું વર્તન ઘરસંસારવ્યવહારમાં ચાલે તો વર વહુનો સંસાર દુઃખમય નીવડે એમાં કાંઈ નવાઇ જ નથી. મોટા કરે તે ન કરવું પણ મોટા કહે તે કરવું; માબાપ અને પતિના અવગુણ શોધવા એ કુલીન વહુનું કામ નથી પણ તેમનામાંથી ગુણને જ ગૃહણ કરવા તે કામ તેનું છે બોલકણી અને ચાવળી વહુ બનવું તેના કરતાં કહ્યાગરી અને મુંગી વહુ બનવું તે વધારે સારૂ છે. નાથના વૈભવમાં પ્રિયકર અને આજ્ઞાંકીત થવું એમાં કાંઈનવાઇ નથી પણ નાથના સંકટ સમયે અને ગરીબાઈમાં ઘર રખાં અને કહ્યાગરાં થવું એમાં નવાઈ છે.”

" વિજયા બ્હેન હવે જમાનો બદલાયો, તેની સાથે માણુસ પણ બદલાયાં; માણુસની સાથે તેમનાં મન પણ બદલાયાં, અને મનની સાથે કર્મ પણ બદલાયાં અને કર્મની સાથે નસીબ પણ બદલાયાં; અને નસીબ બદલાતાં આખો સંસાર દુઃખમય અને કંગાલ બન્યો. સાપ્રત સમયમાં જે જે કાંઇ અનાચાર દુઃખ અને કલેશ પ્રત્યેક ઘરસંસાર વ્યવહારમાં અવલોકાય છે તેનું મુખ્ય કારણ ઉપર કહ્યુ તે જ છે. વર વહુને ન ગણે અને વહુ વરને ન ગણે, દીકરો બાપને ન ગણે અને દીકરી માને ન ગણે આ પ્રમાણે જ્યાં દરેક ઘરમાં દરેકની અવગણના થઇ ત્યાં દરેકની ગણના મહત્તા અને આમન્યા નાશ પામી; અને આમન્યા નાશ પામતાં બધું એકાકાર થઇ ગયું; નાના મોટાનો ભેદ ટળી ગયો અને સર્વે જણાં સરખા હકમાં હકશાઇ કરતાં થયાં. દરેક જણાં અન્યો અન્યની પુંઠ પાછળ નિંદા કરતા થયા, આખો સંસાર મન અને ભાવ વગરનો લુખો અને નિસ્તેજ થઇ ગયો. મન, ભાવ અને પ્રેમ સંસ્કારહીન થતાં આચાર વિચાર હીન થયાં, અને આચાર વિચાર હીન થતાં ચોગરદમ ભટકવા લાગ્યાં, અને જ્યાં નજર ઠરે ત્યાં ઠરવા લાગ્યાં, આથી સ્નેહબંધન ઢીલું થઇ ગયું, અને હૃદય ગ્રન્થી છુટી જવાથી નરનારી અન્યોઅન્યથી વિખુટાં થઇ ગયાં, અને તેથી ઇર્ષા, કલેશ, કુસંપ અને કંગાલતા દરેકના ઘરમાં દાખલ થઇ અને આખો સંસાર વ્યવહાર દુઃખના દરિયા મય થઇ ગયો. "

" ખરી વાત છે કુસુમ બ્હેન તે જ પ્રમાણે આપણા ઘરબારની સ્થિતી થઇ ગઇ છે. આગળ આર્યપ્રજા ઉન્નતીના ઉચ શિખર

ઉપર આનંદ, વૈભવ અને ધર્મની જે કાંઇ અલૌકીક દીવ્ય અને મીઠી મઝા માણુતી હુતી, તે અત્યારે અવનતિની ભયંકર ખાઇમાં ક્લેશ, ઈર્ષા, કુસંપ અને અધર્મના પુરમાં ડુબકાં મારે છે !!"

"વિજયા બ્હેન હુવે આર્યપ્રજાને વાસ્તે ઉન્નતિનો એક જ આધાર છે તે એ જ છે કે પુત્રે પિતાની આજ્ઞા માનવી અને સ્ત્રીએ પતિની આજ્ઞા માનવી !! પિતુ સેવા અને પતિ સેવા એ જ આર્યોને સાચા સુખના મેવા દેનારી સેવા છે. કાળ બળે કરીને સિદ્ધ થયું છે કે જે દેશમાથી વડીલોનું માન પિતૃપુજન અને પતિપુજન નષ્ટ થયુ છે તે દેશ સંપૂર્ણ રીતે" ખરાબખસ્ત થઈ ગયો છે. ગુરૂભકિત, પતિભકિત, પિતૃભકિત અને સ્વદેશ ભકિત જે વ્યકિતમાંથી જે ઘરમાંથી અને જે દેશમાંથી નાશ પામી છે તે વ્યકિત, તે ઘર અને તે દેશ સર્વ રીતે નાશ થયેલો છે!"

"કુસુમ બ્હેન, આપણે સ્ત્રીઓને વાસ્તે તો એ જ ઉત્તમ છે કે આપણે મન કર્મ અને વચનથી પતિને પરમાત્મા માની તેની સર્વદા સેવા કરવી, અને તેથી જ સ્ત્રીઓને સાચો મોક્ષ અને કલ્યાણ છે !!"

"વિજયા બ્હેન, આપણે તો એક જ સુત્ર યાદ રાખવું કે "પતિના વચનને વરતે એ જ સતિ અને સતિના વ્હાલને વાંચે એ જ પતિ !!" આ પ્રમાણે વાણીવિનોદ કરી કુસુમ વિજયાની રજા લઇ ઘેર ગઈ; અને વિજયા કુસુમનાં વખાણુ કરતી કરતી ગૃહકાર્યમા ગુંથાવા લાગી !!

પ્રકરણ ૮ મું.

આશાની નિરાશા કે નિરાશાની આશા ?

ભુલવણી ભાવી તણી સુખમાં દુઃખના પ્હાડ,
માલમ ન પડે મનુષ્યને આંખે અજ્ઞની આડ.

વિદ્યા ફળતી નથી, તેમ પુરૂષાર્થ ફળ તો નથી, પણ હમેશાં પ્રારબ્ધ ફળે છે. સરખો યત્ન છતાં સમુદ્ર મંથનથી હરીને લક્ષ્મી પ્રાપ્ત થઇ અને શંકરને વિષ મળ્યું; એ પ્રારબ્ધની ખુબી છે. ઘણાઓ અથાક યત્ન ને અપાર ખર્ચ કરીને પરીપુર્ણ વિદ્યા પ્રાપ્ત કર્યા છતાં સુદામા જેવા રહે છે; ત્યારે કેટલાક કેવળ અક્કલ શુન્ય છતાં, વિદ્યા શુન્ય છતાં મહાન્ પદવી ભોગવે છે અથવા અઢળક લક્ષ્મીનું આધીપત્ય ભોગવે છે; અર્થાત્ પુરૂષાર્થ બળ કે વિદ્યાબળ પ્રારબ્ધ આગળ પાણી ભરે છે!

કર્મે કરે તે કોઇ ન કરશે મુરખ મથી મરશે,
ભલે બાંધીને નાંખો સાગરમાં કર્મે તાર્યો તરશે;
ઘંટીના ગાળેથી પણ જીવ કર્મે ઉગર્યો ઉગરશે,
સુખ દુઃખ શાળાના કર્મ મ્હેતાથી ઠોઠ નઠોર ન ડરશે.

લક્ષ્મી, કૌસ્તુભ, પારીજાતક એવા બધા ભાઇ મહા સમુદ્ર પિતા અને અતિ કૃપાથી મસ્તકે ધારણ કરેલો એવો ચંદ્ર તેને પણ હવે નીર્મળી ક્ષીણતા મુક્તી નથી, તો પછી દૈવની પ્રતિકુળતા સમયે સાનુકુળ કોણ થઇ શકે? અર્થાત્ કોઇ જ નહીં. ભાવી યોગે આવી પડેલી વિપત્તિના સમયે ગમે તેવા સહાયકારીઓ હોય તો પણ તેમની સહાયતા ખપ આવતી નથી, માટે પ્રારબ્ધ આગળ સર્વે પાંગળા છે.

* * * *

"ભુલ્યો મન મુસાફર ભમ્યો ભવ વગડે,
ભમ્યો ભવ વગડે ભુંડા જગતને ઝગડે:-૦
કંચન શી કાયા મિથ્યા મમત ને માયા,
જુઠી આ જંજાળ જાગી જોને જીવર ગડે:-૦
અવસર જાયે ભુંડા પછીથી પસ્તાયે,
કર તું કમાણી કાંઇ કરણી ન બગડે:-૦"

રજપુતાનાના રાજ્યોમા અમરગઢ પણ એક નાનકડું રાજ-તેજથી રાજતું અમરાપુરીનું માન મુકાવતું રાજ્ય છે. રાજવળાના નેક ટેક અને રીત રીવાજમા તે ઘણું અડગ ટેકી અને પુરાણી પરનાળિકાને અવલંબી રહેલું રાજ્ય છે. તેના મહારાણા ઉદયસિંહ પરમાર વંશથી ઉતરી આવેલ શુદ્ધ રાજબીજ છે. તેમને સંતાનમાં ફકત અમરસિંહ કરીને એક જ રાજકુમાર છે. ત્યારબાદ મહારાણાને એક બે સંતાન થએલાં પણ દૈવ ઇચ્છાથી બાલ્યાવસ્થામાં જ પરલોક વાસી થએલ હતા. મહારાણાનું જીવન,

રાજ્યનું તેજ અને મહારાણી કેસરબાનાં લોચન આદીમાં જે કાંઈ કહીએ તેમાં ફક્ત અમરકુમાર જ છે અમરકુમારને મહારાણાએ પ્રાચીન પદ્ધતિ પર રાજકીય કેળવણી આપેલી છે. ભાયાતો સરદારો અને પટાવતોની સલાહથી અમરકુમારને મહારાણાને અંગ્રેજી કેળવણી પોતાની પસંદગી વિરૂદ્ધ આપવાની ફરજ પડી છે. પાશ્ચિમાત્ય કેળવણીના સુધારાના પાસ શુદ્ધ રાજપુત્રને ન બેસી જાય તેની ખાસ કાળજી રાખી કુમારને કોલેજમા નહીં મોકલતાં એક સારા સદ્દગુણી અનુભવી અને આર્યોના પુરાણા રીત રીવાજોમાં રાજતા શિક્ષકને ભારે પગાર બાંધી આપી ખાસ રાજ્યમા રાખેલ છે; અને તેના હાથથી રાજકુમારને કેળવવાનું ઉચીત ધારેલ છે. આ પ્રમાણે અમરગઢ પ્રાચીન પદ્ધતી પર રાજતેજમા રાજતું એક નાનકડુ સ્ટેટ છે. વિબુધ વાંચક વૃંદને વધુ નહીં તલસાવતાં ટુંકમાં વિદીત કરવામા આવે છે કે શિક્ષક તરીકે પ્રસ્તુત નવલકથાના નાયક હીરાલાલનીજ નિમણુક અમરગઢમાં થએલી છે. હીરાલાલે અમર કુમારને અંગ્રેજી કેળવણી સારી રીતે આપવા માંડી છે, અને તેને સારી રીતે બોલતાં ચાલતાં લખતાં વાંચતાં ઘણાજ ટુક વખતમાં શીખવાડયું છે. હીરાલાલની રહેણી કરણીથી મહારાણા ઘણાજ પ્રસન્ન થએલ છે. તેની ટુંક સમયમાં શીખવવાની સરલ પદ્ધતીથી તેને સારો પગાર બાંધી આપી રહેવાને વાસ્તે દરબારી મકાન પણ આપેલ છે. આખા રાજ દરબારમાં હીરાલાલ ઘણોજ માનીતો અને જાણીતો થઇ પડેલ છે. રાજવળાના કાર્યમાં તેની વાતે વાતે સલાહ લેવાય છે. પર રાજ્યોનો તમામ પત્રવ્યવહાર તેના હસ્તથીજ ચલાવવામાં આવેલ છે. રાજા

અને પ્રજા વર્ગ બંને તરફની પસંદગી હીરાલાલ ઉપર સારી રીતે ઉતરેલી છે. રાજનું રમ્ય અને રસિક રમકડુ હીરાલાલ થઇ પડયો છે. આખા રાજ્યમાં માસ્તર માસ્તર તરીકે ઉપનામ મેળવતો હીરાલાલ ઉદયસિંહનો એક વિદ્વાન સલાહકાર થઇ રહ્યો છે. આજ કાલ આખો દરબાર હીરાલાલનો લગ્ન પ્રસંગ કેવી રીતે ઉજવવો તેની ધામધુમમાં ગુંથાએલ છે. ભાવનગરથી હીરાલાલ ઉપર લગ્ન મહુરતનો તાર આવ્યાને આજ પાંચ દીવસ થએલ છે. હીરાલાલનું લગ્ન વૈશાખ શુદ ત્રીજ ને સોમવારે નિરધારેલું છે. આજ રોજ શનિવારનો દીવસ છે. જાન રવિવારના પ્રભાતના પ્હોરમાં અમરગઢથી દરિયા માર્ગે વિદાય થવાની છે, એટલે સારી રીતે જાનની ધામધુમમાં અને માસ્તર વરરાજાને સારી રીતે શ્રૃંગારવામાં માહારાણા ગુંથાએલા છે. અમરકુમાર પણ માસ્તરને સારી રીતે પ્રસન્ન કરી રહ્યા છે. જાનની સર્વ પ્રકારની વ્યવસ્થા તથા માસ્તરની સરભરા કરવાનુ માન અમરકુમારને મહારાણા તરફથી મળેલું છે. રાજમહેલમાં પણ સારી રીતે રોશનાઇ થઇ રહેલી છે. કેસરબાનો હરખ માતો નથી. માસ્તરને પીઠી ચોળવાનું કાર્ય પણ તેમણે ઉપાડી લીધું છે. હીરાલાલને વાસ્તે રાજવંશી પોશાક સારામાં સારો મહારાણાએ તૈયાર કરાવ્યો છે. કુંદનના મામા અને માહારાણાના કારભારી મેરૂભા વચ્ચે લગ્ન સંબંધી ખાનગી પત્રવ્યવહાર આજ કાલ સારી રીતે ચાલી રહ્યો છે. બંને પક્ષ તરફથી વરઘોડીઆ ધામધુમ સારી રીતે થઇ રહી છે. રવિવારે પ્રભાતના માંગલિક પહોરમાં જાન લેઈ નીકળવાનું મુહુર્ત રાજ્ય જોશીએ આપેલ છે; એટલે આજ રોજ શનિવારના દીવસે સારી રીતે

માંગલિક આનંદ વરતાઇ રહ્યો છે હીરાલાલના મિત્રો પણ રાજનગરથી અમરગઢ આવેલ છે. તેઓ સર્વે હીરાલાલનું માંગલિક અંતરથી ઇચ્છી હીરાલાલને અભિનંદન આપી રહ્યા છે. રાજ્ય તરફથી હીરાલાલના મિત્રમંડળ તથા સગા વ્હાલાનો સત્કાર સારી રીતે થએલ છે. અમરકુમાર તથા રાણી રાજબાએ હીરાલાલના વડીલનું પદ ગૃહણ કરેલ છે કુંદન તરફથી મામા અમીધરપ્રસાદ અને હીરાલાલ તરફથી પ્રિન્સ અમરકુમાર તથા પ્રિન્સેસ રાજબા હીરા કુંદનના લગ્નનાં નેત્તાઓ તરીકે નિમાર્ણ થએલાં છે. આજ રોજ રાતના અમર વિલાસ પેલેસમાં કંચનીઓનો નાચ મજરો ખાસ હીરાલાલના લગ્ન પ્રસંગ સારૂ ઠરાવેલો છે. હીરાલાલ તથા અમરકુમાર પ્રિન્સના મિત્રો તથા માયા મહોબતવાળા સ્નેહી મંડળને નાચમા આવવાનાં ખાસ આમત્રણ પત્ર અપાએલ છે. આજરોજ અમરવિલાસ મહેલની બહાર પણ જુદી જ થઇ રહેલ છે. ટંકારખાનું નગારખાનું અને દીપમાળની રોશનાઇ સારી રીતે રાજમહેલના ખંડે ખંડે કરવામાં આવેલી છે બેન્ડ અને ટંકારખાનાના મધુર સરોદ અમરવિલાસ મહેલની તથા હીરાલાલની બંદગી ઉચ્ચારી રહેલ છે. બરાબર નવનો અમલ થતાં અમરવિલાસ મહેલમા રાજ પરોણાઓ તથા મિત્રમંડળની ગીરદી થવા માંડી; અને જોત જોતામાં મ્હેમાનોથી આખો મહેલ ભરાઇ ગયો; છેવટે હીરાલાલ, અમરકુમાર અને મેરૂભા સાહેબ ચાર ઘોડાની ફાઇટનમા બેસી મહેલમા પધાર્યા; વારાંગનાઓ કંચનીઓ અને નાયકાઓ પણ રાજમહેલમાં ટાઇમ થતાની સાથે દાખલ થઇ ગઇ; અને નાચરંગના મજરા અમરકુમારની આજ્ઞા થતાંની સાથે

થવા લાગ્યા ! ! શરૂઆતમાં કાશ્મીરની નાયકાઓએ કૈરવ નૃત્યના તોડા કલાવિધાનની ઉચ્ચ ખુબી સાથે કરવા માંડયા અને આખા ડાયરામાં આનંદ અને શાન્તિની અપૂર્વ અસર પ્રસરાવી દીધી; મેરૂભા સાહેબે નાયકાના કલાવિધાનથી પ્રસન્ન થઇ પોતાની અંગ પર ઓઢેલ કશબી સાલ શરપાવમાં આપી; ફરી એકવાર વધારે કૈરવ નૃત્યનો મજરો નાયકાએ કરવા માંડયો; અને ગાયન નૃત્ય અને હાવ ભાવ સાથે જીભથી મોતીની સેર પરોવા લાગી:—

* * * * *

"રંગે ગાઓજી ગાઓજી ગોપીના શામ (૩)
ગોપીના શામ નંદનંદન અભિરામઃ—રંગે.
વૃજ જન તારણ ગીરીવર ધારણ,
જશોદાના લાલાજી કુબજાના કામઃ-રંગે.
વન્દ્રાવન રાસ છાઇ યમુના ત્રટ બંસી વાઇ,
મોર મુગટ ધારી મોરારી ઘનશામઃ-રંગે."

ગાયન સાથે અદાભાવ કલાવિધાન અને મોતીની શેર પરોવાએલી જોઇને રજપૂત વર્ગ નાયકા પર સારી રીતે ખુશી ખુશી થઇ ગયો; અને જોત જોતામાં કાશ્મીરવાળી નાયકાઓએ સારી રીતે ઈનામ સત્કારમાં સારો પૈસો હાથ કર્યો ! ! ત્યારબાદ રાજ નાયકા કંચનીઓનો નાચ શરૂ થયો; તેમણે પણ રાજ મંડળને નૃત્ય ક્રિયાથી સારી રીતે પ્રસન્ન કરી દીધું; અને છેવટે ફકત અંગુઠા ઉપર તાંડવ નૃત્ય ક્રિયાના રસિક તોડા ગાવા માંડયા; અને તાન આલાપવા માંડયું;

*　　*　　*　　*

"સાંવરીઆ સાંવરીઆ સાંવરીઆરે,
કાહે મારે નજરીઆં... ... ...
મારે નજરીઆં કાહે મારે નજરીઆંરે-સાંવરીઆ૦
નીચે બહે ગંગા ઉપર બહે જમુનારે;
બીચમેં ઠાડો કનૈયારે—કાહે૦
ઇત ગોકુલીયું ઉત્ત મથુરા નગરી;
બીચમેં ઠાડી સુંદરીઆરે-કાહે૦"

પ્રિન્સ અમરસિંહે કંચનીઓને યોગ્ય સરપાવ આપી સારો સત્કાર કર્યો ! છેવટે પર રાજ્યોમાંથી આવલ વારાંગનાઓએ કુમારની પરવાનગી મેળવી નૃત્ય ક્રિયા શરૂ કરી; તેમણે પણ પોતાના અપૂર્વ નૃત્યથી એક એકથી ચઢીઆતું કામ બતાવી મહેમાનોને ખુશ કરી દીધાં; છેવટે એક હાથમાં દીપક અને બીજા હાથમાં નાનો અરીસો લઇ ફેરવના તોડા વગાડી કલાવિધાનનું અદ્દભૂત અને રસિક કામ કરી બતાવવા માંડયું:-

કવાલી.

"અગર હમ બાગ બા હોતે તો ગુલસનકું લુંટા દેતે,
પકડ કર દસ્ત મેં બુલ બુલ ગુલોસે જા મીલે દેતે:-૦
જો હોતે બાગ કે માલી લુંટાતે ફુલકી ડાલી,
ગુંથા કર હાર ફુલોકા વો દીલભરકું પેના દેતે:-૦
જો હોતા બાગકા ભંવરા કલી કે બીચ છુપ રહેતે,
મઝા ઉસ્કતકી લે લેકે સુબો હોતે નીકલ જાતે:-૦
હમારા દીલ પતંગ હોતા ઉડાતે ગમકે દોરેસે,
ચઢા કર ઇશ્કકા માંજા પતંગ ઉસ્કા કટા દેતે:-૦

આ પ્રમાણે ચડસા ચડસીમાં નૃત્ય ક્રીયાનું કામ મોડી રાત સુધી ચાલ્યું; છેવટે પાન ગુલાબ ચાહ પાણી દુધ કસુંબા વગેરે લઇ ડાયરો મોડી રાતે ખત્તમ થયો. હીરાલાલને દરેક જણે અંતઃકરણથી ઘણુંજ સારૂ માન આપ્યું; અને તેને ઇનામ સરપાવનો પણ પાર ન રહ્યો; છેવટે હીરાલાલ વિધીની અજબ લીલા ઉપર મનન કરતો કરતો પ્રિન્સ જોડે ફાઇટનમાં બેસી પોતાના રહેવાના દરબારી મકાન ભણી વળ્યો; મેરૂભા અને પ્રિન્સ હીરાલાલને ઘણાજ સ્નેહપૂર્વક નમન કરી છુટા પડયા; અને હીરાલાલ મકાનમાં જઇ કપડા ઉતારી હીંચકા ઉપર બેસી હીંચવા લાગ્યો; તેણે સૂવાનો પ્રયત્ન કર્યો પણ નિંદ્રા બિલકલ આવી નહીં; અને કાંક હરખ ઘેલછામા આ ી હરીની અકળ ગતિ ઉપર મનમા બોલવા લાગ્યો; ઘડીકમા લગ્ન પ્રસંગ સંબંધી ઉદ્ગાર કાઢવા લાગ્યો અને ઘડીકમાં રાજદરબાર પ્રસંગ સંબંધી બોલવા લાગ્યો, આવો અચાનક કુદરતનો ફેરવાએલો મામલો જોઇને તે તો અચંબામાં જ પડી ગયો, વિસ્મયતાની સાથે જ તેના મુખમાથી નીકળી પડયું કે,

શાર્દુલ વિક્રિડીત છંદ.

'સૌ આપે સન્માન દાનવળી જ્યાં મિષ્ઠાન મેવા મળે,
સાસુ સ્નેહ સહિત શબ્દ ઉચરે ત્યા તાપ ત્રણે ટળે;
સાળાની વહુ સાળીઓ હળી મળી હેતે કરે હાસ્યરે,
સ્વર્ગાવાસ સમાન સવ સુખ તે સંસારમાં સાસરે.'

આ પ્રમાણે ઉદ્ગાર કાઢી સારી રીતે ખડખડાટ હસી પડયો; છેવટે તેને તેના હવાઇ કીલ્લા બાંધતા મન ઉપર તિરસ્કાર આવ્યો

અને તિરસ્કારની સાથે જ મનને મજબૂત કરી થોડીકવાર સુધી મૂંગો મૂંગો એમને એમ બેસી રહ્યો; છેવટે ન રહેવાયું ત્યારે પાછો બડબડવા લાગ્યો;

"વિશ્વાધાર વિભુ તારી અજબ લીલા છે કયાં શ્રી રામને રાજ્યગાદી આપવાનો મહારાજા શ્રી દશરથનો રાતનો વિચાર અને કયાં શ્રી રામનો પ્રભાતમાં વનવાસ? કયાં બલિરાજાનું દાન અને કયાં શ્રી હરિના પાદ તળે ચંપાઇ પાતાળમાં વાસ? કયાં હરિશ્ચંદ્રનું વિશ્વામિત્રને રાજ્યદાન અને કયા તેનો મસાણમાં વાસ? કયાં યુધિષ્ઠિરની રાજ રમત જુગાર અને કયાં પાંચાળીનાં ભરી સભામાં વસ્ત્ર હરણ? કયાં મથુરામાં કૃષ્ણ બળદેવની મલકુસ્તીની રમત અને કયા કંસનો શિરચ્છેદ? કયાં અમરગઢનું રઢીઆળું રાજ્ય અને કયા મારો આ લગ્ન પ્રસંગ? કયાં મારૂ માંડવીની પોળનું ગરીબડું ઘર અને કયા મારો રાજમહેલમા વાસ? કયાં કુદનનો મોસાળમા વાસ અને કયાં મારી રાજવળાની નોકરી? હરી હરી જયાંથી વ્હાર ત્યાથી ધાડ અને જયાંથી ધાડ ત્યાથી વ્હાર? જે રક્ષક તે ભક્ષક અને જે ભક્ષક તે રક્ષક! જયાં સંભવ ત્યાં વેરાન અને જયા વેરાન ત્યા સંભવ!! વિભુ આ શો ચમત્કાર? આ લગ્ન પ્રસંગમાં તારો ગુપ્ત હેતુ શો હશે તે મારાથી કળી શકાતું નથી. મારા ભાગ્યનો રવિ આ રીતે ઉદય પામશે તેની તો મને સ્વપ્ને પણ આશા નહોતી! મારી મરજીની પૂરી દરકાર કર્યા વિના મામા અમીધરપ્રસાદે રાજ્ય અમાત્ય મેરૂભા સાથે ખાનગી મસલત ચલાવી માહારાણાને વચ્ચે પાડી આ લગ્ન પ્રસંગ રચાવ્યો તેમાં કુદરતનો જ કૃપાવંત કર હોવો જ

જોઈએ ! કુદરત વિના આ કામ પાર પડે જ નહીં. હું મામાના હાથમાંથી છટકયો ત્યારે મામાએ મને આખો ગળ્યો ! રાયજીની હાજરી વગર જે લગ્ન પ્રસંગ યોજાય છે તેમાં જ અન્યાય થાય છે ! મારૂં મન શંકાશિલ પ્રતિ પળે થયાં કરે છે તેનું સબળ કારણ રાયજીની ગેરહાજરી છે. મામાને હાથ તાળી આપી મેં ધમ હા ભાગી અમરગઢ આવ્યો તો સમુળગો સપડાઈ ગયો; ઓહો આતો અજબ સંસ્કાર થયો; કેમકે.

' કિટના ભયથી ભાગો સિંહના મુખમાં જઇ પડયો,
વાહ વિધાતા તુજ કૃત્તિનો અજબ દાખલો આવી ચડયો. '

હવે કરવું શું ? વિધા જેમ નચાવે તેમ નાચવું અને ફસાવે તેમ ફસાવું, રમાડે તેમ રમવું અને રોવરાવે તેમ રોવું ! ! વિધી વિધી તારી કળા અકળ છે ! હરી હરી તારી માયા અજબ છે; ત્રિભુવન ત્રિભુવન તારી જાળ જબરી છે; તેમાં જે જકડાયા તેનો જીવ ગયે જ છુટકો ! ! હમી હમીને મોઘમ મારનાર એક તુંજ છે ! મીઠા ફાંસીઓ તારા વિના બીજો કોઇ નથી. પ્યાલો પાસે ધરી અધવચ તલસાવનાર તારા જેવો તો કોઇ જોયો જ નથી. કુણીએ મધ ચોપડી કુણા હથોડે કુટનાર તારી તો બલિહારી છે ! ઘડીમાં ગાદી અને ઘડીમાં હાથમાં ઠારી લોટો એવો જગતમાં છે નહીં ત્રિભુવન તારો જોટો ! ! ત્રિભુવન તારી ખુબીની બલિહારી તો ત્રણે ભુવનમાં ન્યારી જ છે ! ઘડીમાં ઘાટે અને ઘડીમાં વાટે ઘડીમાં ઘરમાં તો ઘડીમાં બજારમાં પણ તારા ઉપાસકોને તું પકડી પળમાં પત્થર પર અફાળે કે હવામાં દડાની માફક ગોળ મટોળ વાળી અદ્ધર ઉછાળે; તારી મરજી વિરૂદ્ધ

વર્તનારને તો તું સપડાવે જાલીમ જાળે અને તારી સાથે ફંદ કરનારને તો તું કચરી નાંખે એક ફાળે ! ! બલિહારી બલિહારી હરી તારી કળાની તો બલિહારી,

* * *

'અતિ અકળ કળા હરી તારી,
બળીઆ બહુ નામી બલિહારી:-૦
શામ રંગ મૃગ મદનો કીધો તદપિ સુવાસ સબળ ગુણ દીધો;
રંગ રાગથી સારંગ વિંધ્યો કરી ઇક્ષુ અફળ અધિકારી:-૦
ભમરી યોગે યેળ ભમે છે અમળ કમળ દળ માંહ રમે છે;
પ્રથક પ્રથક રસ સ્વાદ જમે છે માધવ મધુ દેનારી:-૦
કાળ ક્રમણ નવ જાય કળાયુ પ્રતિ પળ ભક્ષે સૌનું આયુ;
વહન કરે આશાનો વાયુ દે કર સૌ દ' ધારી:-૦
નગ ખગમાંથી નિકળે પાણી પાણીની રચના સૌ જાણી;
જડ ચૈતન્યના યોગે વાણી એ કૃત્તિ ચિત હરનારી:-૦
નિશ દીન વાયુ વહન કરે છે રવિ શશિ તારા ફેર ફરે છે;
સાગર સરિતા ગુણ ઉચરે છે અદભુત નગ કૃતિ ન્યારી:-૦
ધાતુ રત્ન ધરામાં દાટી કર્મે પ્રયત્નની મેલી આંટી;
કીમતીની કિમત પણ માટી જન ભુલવણી ભારી:-૦
ત્રિગુણી માયા ત્રિગુણી કાયા ત્રિગુણી તત્વ મહત્વની છાંયા;
નિર્ગુણમાં ગુણ સર્વ સમાયા કો નર નપુંસક નારી:-૦
ઘાટ પ્રથક પ્રાણીના ઘડિયા કંઇ નાના મોટા નિવડીયા;
પેટ તણે આધિન સૌ પડિયા મન મોટપ અહંકારી:-૦
આવા ગમનનો એક જ રસ્તો કઠણ કસોટી લઇને કસતો;

નિકટ નિશાળો રહે છે વસ્તો ખટ પટ વિકટ વિચારી:-૦
યશ ઝળકે તુજ ઠામો ઠામે અવલોકયા એ મહાસુખરામે
નમન કરે નિશ દીન તુજ નામે ચરણ કમળ ચિત ધારી:-૦'

જગન્નાથ આ અનાથને હવે તું કેવી રીતે નાથીશ ? હર, હર, હર મધ્ય જામની તો વિતિ ગઈ, નક્ષત્રરાજ ત્વરાથી કદમ ઉપાડતો જાય છે. તારા ગણો ડોકીયાં કરી કુદરતની ઝાંખી કરે છે. ઘડીઆળમા પણ અઢી વાગ્યા. નિંદ્રા તો માની સાથે રૂશણું લઇ બેઠી છે. મગજમાં હવાઇ વિચારો ઠલવાય છે અને ભરાય છે. માહારાણાની કૃપા મારા ઉપર દૈવી અને અદભૂત છે. અમર કુમારની લાગણી કાંક અલૌકીક છે કેસરગાનો પ્રેમ માતૃ પ્રેમને એકવાર ભુલાવી દે તેવો છે. રાજબાળાનો ભાવ સગી બ્હેન કરતાં પણ ચઢીઆતો છે. આખુ અમરગઢ મારા તરફ માન અને સ્નેહની લાગણીએ મને નિરખે છે આ શુ ? આ કેવી પ્રકારનો અદભૂત ફેરફાર ? એકા એક અણુચિન્તવ્યુ આવતું સુખ ભવિષ્યના દુઃખની તો આગાહી નહીં કરતુ હોય ? વિચિત્ર રીતે બદલાતું વાતાવરણનું વાદળ પાછળથી મારા ઉપર કાંક ધાડ નહીં લાવતું હોય ? પરમાત્માની આ શું કૃપા હશે ? વિધ્રીની મારા ઉપર આવી દયા દૃષ્ટી હશે ? ગમે તેમ હો પણ પ્રભુ હું તારો છું. તારા વિના મારૂં બીજું કોઇ નથી. હું સુખમા છલકાતો નથી અને દુઃખમાં ગભરાતો નથી આવા કારમા લગ્ન પ્રસંગનો મને કીંચીત પણ આનંદ નથી અને કીંચીત પણ શોક નથી કુંદન અને મારા આ લગ્ન પ્રસંગમાં મામાએ શું રાયજીની સંમતિ મેળવી હશે? ગમે તેમ હો પણ મારે કુદરત જેમ દોરે તેમ દોરાવું એ જ

શ્રેયઃ કર છે. પરમાત્માના પ્રયત્ન આગળ મનુષ્ય યત્ન નકામો છે. જે કાંઇ થાય તે જોયા જ કરવું ! લાવ હવે જરા નિંદ્રા લઉં ! બે ઘડી તો પથારીમાં આળોટું ! વિચાર સાગરમાં તરંગે ચઢતા મગજને કાંક તો શાન્તિ આપું ! મારા આ પ્રસંગથી કુંદન કેવા આનંદમા ગરકાવ થઈ હશે ? ના, ના, કુંદન ઘણી વિચારશીલ ગંભીર અને ડાહી છે. આનંદના ઉછાળે કારમી ઉછળે એવી ઉન્નત નથી. મન ઘેલા મન હવે આ વલોપાત મુકી દે ! પ્રસંગ હવે નિકટ છે, દુર નથી; જે કાંઇ બને તે નિરાંતે નિહાળજે, ના હક અધીરૂં થઇશ નહીં; આ મધ્ય રાત્રે તો જરા જ પ ! આખુ વિશ્વ અત્યારે શાત થયું છે; તો તું શું કામ વૃથા વલખાં મારે છે. 'મામાનું ઘર કેટલે તો દીવો બળે એટલે' માટે જરા ધીરૂ પડ કેમકે,

'મન પોપટ માં ફુલ પઢીને પોથી પ્રેમની,
ડા'પણ કરીને ફુલ ડાહ્યા પિંજરમાં પડીશ.'

હવે તો જરા વિશ્રાન્તી લે; તલમાત્ર તો નિવૃત્તિમાં નિવાસ કર; પછી પ્રવૃત્તિનો પાર નહીં રહે ! દીન દયાળ વિભુ હવે હુ તારા ખોળે જ છું. મનુષ્ય માત્રને લગ્નના જેવો આનદ નથી છતાં હું આ કારમો પ્રસંગ જોઇ બહુ ગભરાઉં છું ! પ્રભુ હું તારો છું. તારા વિના મારૂં કોઇ નથી. હરી જો જો મને કારમી માયા બતાવી આશાના પર્વત ઉપર ચઢાવી નિરાશાના સાગરમાં ડુબાવતા ? મને બહુ જ ભય રહે છે. વિભુ તમારો આવી કારમી માયા જોઇ હું અતિશય વિસ્મય થાઉં છું; હે તાત ! હે ત્રીકમ હવે આ સ્તનુજને તારો;

* * * *

'હરી હવે હું તારોરે તારો કે મને મારોરે,
દીન બંધુ દાતા નથી નાસવા કાંઇ આરો:-૦
જૂઠી છે જગની માયા જૂઠી છે કંચન કાયા;
જૂઠી જંજાળે ઉગારોરે: ૦
વિનવું વિભુ હું કરજોડી મુજમાં મતિ છે અતિ થોડી;
અરજી આ અંતર ધારોરે:-૦

અરરર મનમન તું શા સંકલ્પ વિકલ્પે ચઢયું છે; આ પાણી પહેલાં મોજડાં શાં ઉતારવાં? આ નકામો લવારો શો! દુઃખ છે કયાં? સુખ કયાં છે? આતો વ્યવહારનાં વૃથા ભામાં છે! એમાં વિસામા શા? જન્મવું જોડાવું અને જવું એમાં વલોપાત શો? વચ્ચે વિભુ કયા આડે આવે છે, કે બધો બળાપાનો પોટલો એને માથે મુકવો? ખરેખર મનડું જ મસ્તીખોર છે; એ જ માર ખવરાવે છે; એજ ઉધમાતીયું સુખ દુઃખના હિંડાળે હડી કાઢીને દોડે છે ચડે છે અને પડે છે; એમા નાહક ઉપાલમ્ભ વિધીને અપાય છે! વિધી તો ન્યારો જ છે! જય જય નિરાધારના આધાર કરતાર આ રાંક ઉપર કરૂણા કરજે!!" આ પ્રમાણે ગાંડા ઘેલા ઘટતા અઘટતા વિચાર તરંગને ઉછાળે ચઢી હીરાલાલ છેવટે થાકીપાકી બિછાનામાં પડયો. જેવો પડયો એવો તરત જ જંપી ગયો! આ બાજુ હીરાલાલ જંપ્યો ત્યારે બીજી બાજુ પ્રિન્સ અમરકુમાર કારમો બિછાનામાંથી જાગ્યો; અને રાણી રાજબાળાને પણ જાગૃત કરી બિછાનામાંથી ઉઠાડી ઘડીઆળ ભણી દૃષ્ટિ કરી તો સાડાત્રણ વાગેલા જણાયા, કુમાર અને રાણી પ્રભાત ક્રિયામાંથી જેમ બન્ને

તેમ જલ્દીથી પરવારવા લાગ્યાં; કુમારને આનંદ હૃદયમાં સમાતો નથી. રાજબાળા પણ પોતાના પ્રિયતમના શિક્ષકના લગ્ન પ્રસંગે અપાર ઉમંગ લાવી પતિ પ્રિય કામ સેવા ઉઠાવી રહી છે, જોત જોતામાં રાજવંશી જોડુ કલાક દોઢ કલાકના વખતની અંદર ન્હાઇ ધોઇને તમામ માગલિક ક્રિયાથી પરવાર્યું. ત્યાં ઘડીઆળમાં પાંચનો ટકોરા થયો કે તરત જ અમરકુમાર રાજમહેલમાંથી એકદમ નીચે ઉતરી અશ્વશાળામાં જઇ અશ્વ ઉપર આરૂઢ થઇ મારને ઘોડે હીરાલાલ માસ્તરના દરબારી મકાનમાં ગયો. અને એક હાક મારી દરવાનને જાગ્રત કરી મકાન ખોલાવરાવી ઝડપબંધ માસ્તરના શયનભુવનમાં દાખલ થઇ ગયો. માસ્તર આ વખતે ભરનિંદ્રામાં પોઢતા હતા; એટલે રાજકુમાર આવ્યા તેની ખબર કાંઇ પડી નહીં. અમરકુમાર પણ માસ્તરના બિછાના આગળ પળવાર ઉભો રહ્યો; અને ધીમે ધીમે માસ્તરને સપ્રેમ હાક મારી જાગ્રત કરવા લાગ્યો.

" માસ્તર સાહેબ, માસ્તર સાહેબ જરા જાગ્રત તો થાઓ, પ્રભાત થવા આવ્યું!"

" ઓહો કોણ પ્રિન્સ અમરસિંહજી?"

" જી હા, ક્ષમા કરજો આપને નિદ્રામાંથી જાગ્રત કર્યા!"

" કુમાર, કુમાર તમારા દીવ્ય અલૌકીક અને અતુલિત પ્રેમનો બદલો મારાથી કદાપી કાળે વળશે નહીં. જો કે મારો તમારો સંબંધ, વ્યવહારમાં ગુરૂ શિષ્યનો છે છતાં પણ હું તમને તો મારા એક વડીલ બંધુ તરીકે જીવન વિભાગી શિરછત્ર તરીકે માનુંછું! ક્ષમા તમારે હોય કે મારે હોય? હું આપની ક્ષમા

માગું છું!!" કહી હીરાલાલ એકદમ કુમારના ચરણમાં પડયો!!

"અરે હાં હાં આતો અવિનય થાય છે; અવળી ગંગા વહે છે!" કહીને કુમાર હીરાલાલના ચરણમાં પડયો; બંને જણના પ્રણામનો થયો ભેઠો, અને ભેઠામાંથી સખાભાવ ઉત્પન્ન થયો; અને અન્યો અન્યના આંખમાંથી આનંદનાં આંસુ આવી ગયાં, અને સારી રીતે એક બીજાને ભાવે ભેઠી હળીમળી વાતચિત કરવા લાગ્યા.

"કહો સાહેબ હવે આપ જલ્દીથી પરવારી જાઓ, અને મારી સાથે બા મા સાહેબના મહેલમા ચાલો!"

"હા ચાલો હું જલ્દીથી પરવારી જાઉ છું!" કહી હીરાલાલ પ્રભાત ક્રિયાથી પરવારવા લાગ્યો, અને કુમાર હીંચકા ઉપર બેસી હીંચકા ખાવા લાગ્યો, અલ્પ સમયના હીરાલાલ ન્હાઇ ધોઇને પરવારી ગયો. અને કપડા પહેરી કુમાર સાથે માહારાણી કેસરણાના મહેલમા ગયો. રાજમાતા અને મહારાણાને બંને જણાએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા, રાજમાતાએ બંનેનાં ઓવારણાં લીધાં અને આશિર્વાદ આપ્યો. છનો અમલ થતાં નોબત વાગવા લાગી, અને જાનની સારી રીતે તૈયારી થવા લાગી. મહારાણી સાહેબે હીરાલાલ માસ્તરનાં તમામ કપડા કઢાવરાવ્યા અને પોતે જાતે પીઠી ચોળી વડારણો પાસે માંગલિક ક્રિયા કરાવા માંડી. મહારાણા સાહેબે ઘણો જ ઉત્તમ અને સુંદર રાજપોશાક માસ્તર સારૂં મંગાવરાવ્યો, અને તાકીદથી જાનની તૈયારી કરવા માંડી અને રાજદરબારી વરઘોડો ચઢાવવાનો તાકીદથી હુકમ આપ્યો. આખા રાજમહેલના રાજપ્રદેશમાં માંગલિક ગાનના માંગલિક

ધ્વની ઉચરાઇ રહ્યા. વડારણો મધુર અને પંચમ સ્વરથી લલકારવા લાગી.

*　*　*　*

મેંતો થાળ ભર્યો રે સગ મોતીએ;
હુંતો વર વહુ વધાવાને જાઇશ,
મારે સોના સમોરે સૂરજ ઉગીઓરે;
મારા ભાઇરે હીરાલાલ કેરે કારણેરે,
હુંતો લાવું લાખેણી લાડી આજઃ-મારે.
માર ઓરડે આજ અજવાળા રે,
મારે આંગણીએ ઝાક ઝમાળઃ-મારે.

જયાં ઘડીઆળમા સાતનો ડંકો થયો કે તરતજ હીરાલાલને માંગલિક લગ્નના પોશાકથી શ્રૃગારી રાજમહેલમાથી નીચે ઉતાર્યો ચોગાનમા આવતાં વાજીંત્રો વાગવા લાગ્યાં, અને જોત જોતામાં તમાગ સાજન મંડળ તયાર થઇ વરઘોડો નિશાન ડંકા સહિત ચાલવા લાગ્યો, હીરાલાલને જોશીએ મુહુર્ત જોઇ શુકન જોઇ ઘોડા ઉપર બેસાર્યો અને તમામ કામદાર વર્ગ નમન કરી સાજનમાં સામેલ થઇ ચાલવા લાગ્યો બે કલાકના અરસામાં વરઘોડો બંદર પર આવ્યો અને ઉતર્યો; મહારાણા સાહેબ, કુમારસાહેબ વરરાજા અને અન્ય રાજકીય પુરૂષો શામીઆનામાં આવી બીરાજ્યા અને અન્ય સંભાવિત ગ્રહસ્થોનો કારભારી સાહેબે સત્કાર કરી પાન ગુલાબ આપ્યાં; બરાબર દશનો અમલ થતાં નવીનગઢ તરફનું મોટું જબરૂં વહાણુ આવ્યું; ત્યાના ઉતારૂઓ બંદર પર આવી ઉતર્યા; અને રાજ તરફથી તૈયાર કરેલું વ્હાણુ રાજકીય ઠાઠમાઠ

અને સાજ સહીત તૈયાર થઇ ગોદીમાંથી કીનારા પર આવી લાંગર્યું !! શામીઆનામાંથી જાનમાં જનારા ગ્રહસ્થો કીનારા પર ગયા, અને જોડે વરરાજા તથા અન્ય રાજમંડળ ગયું; હીરાલાલ સહીત તમામ જાન વ્હાણમાં ચઢી અને યોગ્ય નિર્માણ કરેલા સ્થાને ગોઠવાઇ ગઇ, બંદર પર મહારાજા સાહેબ, મહારાણી સાહેબ અને પાછળના તમામ સાજન ગ્રહસ્થોએ વરરાજાને દીલોજાની ભર્યો આવકાર આપી સફરની ફતેહ ઇચ્છી આનંદ-ઘોષ કર્યો. તમામ જાને રાજા રાણીને હેત ભર્યા નમસ્કાર કર્યા. રાજા રાણીએ વંદન સ્વીકારી મલકાતે મુખડે વહાણ ચલાવવાની રજા આપી. નવીનગઢનું વ્હાણ પહેલાં ઉપડયું; અને ત્યાર બાદ તેની પાછળ અમરગઢનું વ્હાણ ઉપડવાની તૈયારી થઇ, વડારણોએ માંગલિક લગ્નગીત લલકારવા માંડયાં.

* * * *

સજની કન્યાને કાજે ચોળી ચુંદડી,
સજની વર વહુને કાજે ઝીણાં ચીરરે;
રંગીલી સજની રંગે ભર્યાં લાડીજી લાવીએ:-૦
સજની કન્યાને કાજે અમૂલખ ચુડલો,
સજની વર વહુને ઝાંઝરીઆંની જોડરે:-૦

લગ્નગીત સાંભળી અમરકુમારને હસવું આવ્યું. જોડે વ્હાણ પણ ચાલવા માંડયું અને તેની સાથે હીરાલાલનું મોં પણ મલકાઇ ગયું અને મલકાટ સાથે બોલાઇ જવાયું કે, “ આ તે આશાની નિરાશા કે નિરાશાની આશા ? ! ”

પ્રકરણ ૯ મું.

લગ્નનો રંગ કે રંગમાં ભંગ?

દોહરો.

પ્રેમે પોષ્યાં પંડ તે ચુસે પ્રેમ રૂધિર,
પ્રેમ તણો પાવક કદી ન શકે ઓલવી નીર.

થાપણ વ્યાજે મુકનારને વારંવાર ઘડીએ ઘડીએ નાણાની સલામતીનો જંપો અને અજંપો થયા કરે છે, રણસંગ્રામમાં સૈન્યને મોકલનાર નૃપતિને હરઘડીએ પરાજય અને વિજયના ભણકારા વાગ્યા કરે છે, સટ્ટાના વ્યાપાર કરનારને પળે પળે અધીરા બની તેજી અને મંદીના વિચાર આવ્યા કરે છે, તેમ પ્રેમીને ક્ષણે ક્ષણે પ્રેમીના હૃદય અને ભાવના વિચારો અંતરમાં ઉપજ્યા કરે છે.

પ્રીતિ રસાયણ વિશ્વમાં કોઇ વિરલા ખાઇ જાણશે,
કાયા બનાવી કનકની મીઠી મઝા નિત્ય માણશે;
સ્વારથ અને માયા તણા ઝગડા ઉરે નવ આણશે,
બની મસ્ત બંદા પ્રેમનાં તે પ્રેમ તત્વને તાણશે.

વીંછીની વેદના વીંછી જેને કરડે તે જ જાણી શકે છે, પતંગ દીવામાં કેમ બળી મરે છે તેનો ભેદ પતંગ જ જાણી શકે છે, અઢાર ભાર અને મારનો સુમાર ખમનાર જ જાણી શકે છે, અંગારાની મીઠી લ્હેજત ચાતક જ પારખી શકે છે, તેમ પ્રેમની ખરી ખુબી અને પીડા પ્રેમી જ જાણી શકે છે.

* * * *

'સખીરી લગનની અજબ બહાર: સખીરી.
જીવન આખું પલટી જાયે પરણતાં પલક મોઝાર:-સખી૦
કન્યા સૌભાગ્યવતી બની જાયે લગનની અજબ બહાર:-સખી૦
નાની મટી મોટી નારી ગણાએ પરણતાં પલક મોઝાર: સખી૦
એકલી બદલે જોડી કહેવાએ લગનની અજબ બહાર:-સખી૦
દુનિયાની નજરે બદલાયે પરણતાં પલક મોઝાર:-સખી૦

"બહુ સારૂ ડાહ્યા બા, તમે તો સદાએ મને પજવતા ને પજવતા? કોઇ દીવસ તમારા તરફની મારે નિરાંત નહીં!!"

"કુંદન બ્હેન હવે તો છેલ્લી તાપણી ને છેટલો તાપ જે ના તાપે તેનો હાડીઓ બાપ, માટે તમને તો અમે હવે છેલ્લી વારનાં જેટલા પજવાય તેટલા પજવી લઇએ, કેમકે ફરી ફરી પજવવાનું પર્વ નહીં મળે સમજયાં મારાં લાડકવાયા બ્હેન!!"

"હા, સમજી! ભાભલી તું તો સદાયે આડી ને આડી રહી! તારા અવળચંડા વેડા કોઇ દીવસ પણ ગયા નહીં!!"

"બ્હેન હવે જ તમે સારી રીતે સીધાં થશો!! અવનિમાં એકલડાં વાઘ થઇ આથડતાં હતાં, તે હવે બેકલડાં થશો એટલે

સારી રીતે ખબર પડશે ! વીંછીનો આકડો અદ્ધર ને અદ્ધર રહે છે તે જ્યારે ચીપીઆમાં પકડાશે ત્યારે જ વાંકો વળશે; સમજ્યાં મારાં બચુકડાં બ્હેન !"

"ટળો ને અંહીથી આવા ટચાકડા વેડા કરતાં આઘાં ! મને તો અકળાવી મારી બાપ ! હું તો તમારાથી ત્રાસી !!"

"બ્હેન અમારા સામી શું કામ ત્રાસી આંખ કરો છો ? સાસરે જાઓ ત્યારે કરજો ! આતો મહીઅર કહેવાય ! સહીઅરોમાં રહેવાનું એટલે સદાએ હાજી હાજી અને રાજી રાજી !! પીયરમા હાજી અને સાસરે ના જી કહીએ તો પોસાવાય સમજ્યાં મારાં ડાહ્યાં ડમરાં બ્હેન !"

"હાય હાય બાપ તમે તો મારો જીવ ખાધો ! મારો જ કેડો લીધો ! હું તમને ખોળા પાથરીને વિનવું છું કે ભાભી તમે મારી પત્તર ફાડવી મુકી ઘો !"

"હું પણ તમને બે હાથ જોડી વિનંતી કરૂં છું કે તમે આવા દાતીઆ કરવાં મુકી ઘો !!

"બહુ સારૂ દોઢ ડાહ્યલાં મુકી દઇ શું !!"

"બ્હેન આતો લગન એની ગમ્મત તો જુદી જ થાય !"

"થાય તમારૂં કપાળ !"

"કપાળે જ કંકુ લગાવાશે અને કપાળે જ ચાંલ્લા થઈ વરમાળા પહેરાવાશે !"

"તમે તમારે જેમ આવે તેમ બોલો હું તો મારે આ ચાલી !"

"અરે જાય કયાં ? એમ એકલાં એકલાં નાસી જવાતું હશે ! વરરાજા આવે એટલે એમની જોડે વ્હેલમાં બેસી જજો !!

" ઓ બાપરે, મને તો થકવી નાંખી તમે ! મારો છાલ છોડો !

" અમે શું થકવીશું ! થકવશે માંહ્યરામાં ફેરા ફરતાં વરરાજા તમને ! ! "

" બળ્યું આમ તે ચગાવલાવેડા શું કરતાં હશો ? ઘડી તો મને જપવા દ્યો ! "

" કુંદન બ્હેન તમે બધાંની મશ્કરીઓ કરતાં હતાં, હવે તમારો વારો આવ્યો છે; આમ છુટી પડે છુટકો નહીં થાય !! "

" સારૂ ડાહ્યા બા ! "

" જુઓ સાભળો,

*　　*　　*　　*

'પેલા ભવ્ય ગીરિવર ચરણે ‌‌ હતી મનહર ખીણુરે.
તેના ઉદરથી નીપજ્યું નાનકડુ શું વેણુરે.
અજબ તમાસો આ ! !

રમતી અવનિપર આળોટતી ચાલી સરિતા બાળારે,
જોતામાં થઇ આવડી મોટી જોબનવંતી રસમાળારે.
અજબ તમાસો આ ! !

રમ્ય નગર ઉન્નત ગીરિવરને વૃક્ષ ઘટા ઝુકી ઝાંખેરે,
ગગન જુવે ને તારા ધુવે મુખ નદી પણ નજર ન નાંખેરે.
અજબ તમાસો આ ! !

જોબન મદમાતી અલબેલી કયાં આ ચાલી જાયરે,
અંતર શી આશા ભરી એને મુજ મન વિસ્મય થાયરે.
અજબ તમાસો આ ! !'

" હું એક ને તમે ઘણાં. તમે જીત્યાં અને હું હારી ! હવે

મારૂં નામ મુકો !!"

"એમ તે ક્યાંઈ મુકાય? સાકર વ્હેંચો, ગોળ ધાણા વ્હેંચો, ખારેક ટોપરાં અને પતાસાં વ્હેંચો ત્યારે મુકાય?"

"તમારે જે લેવું હોય તે લ્યો પણ મને ન પજવો! હું બે હાથ જોડીને પગે લાગું છું!"

"અમને પગે લાગે શું વળશે! પાલવ ઝાલે એને પગે લાગજો એટલે તમારા ઉપર મહેરબાની થશે!!"

"અરે તને બોલતાં ન આવડયુ ઉમી; એમ કહે કે પાલવ ઝાલનારને પગે લગડાવજો એટલે ઝટ તમારે વશ થશે!!"

"અરે બોલતાં તો જરા લાજો! શરમ રાખો! આવડે એટલું શું બોલો છો?!'

"બ્હેન શરમ રાખીએ પીયરમાં કે જે કાંઈ આપે તેમાં સંતોષ રાખી ચું કે ચાં ના કરીએ; અને સાસરામાં જો શરમ રાખીએ તો ડોબામા ખપીએ અને ઘણા ગોદા ખાઈએ, તેમાએ પરણ્યા સાથે શરમ રાખીએ તો શરપાવમાં જોડા રળીએ, સમજ્યા મારાં સલક્ષણાં બ્હેન?"

મારે તમારી શીખામણ જોઈતી નથી! ભેંશ ભાગોળે છાશ છાગોળે અને ઘેર ધમા ધમ શી? આ ધાંધલ શી?"

"ખોટું, ખોટું કુંદન બ્હેન તમને બોલતાં ના આવડયું, એમ કહો કે મૂળમાં માંટી નહીં અને સાસરે સંદેશા શા?"

"ભાભલી તારી જીભડી જો બે આંગળ ભરીને કાપી નાંખી હોય તો પાપ ન લાગે!"

"ઓહો હો હો લ્યો કાપી નાંખો!"

" સખી કુંદન, બ્હેનપણીઓ જે કાંઇ કહે તે ઠાવકા મોંઢે મુંગાં રહીને સાંભળીએ; આમ ચપ ચપ ઉત્તર ન આપીએ ! ! સખીઓનાં કહેણુ એ તો ડહાપણના ટુચકા ! અને ભાભીના બોલ એ તો પ્રેમનાં પડીકાં ! વ્હાલાને વશ કરવાના મંતર ! સાસરામાં સમાવાની બાજી એ તો રાજી રાજી થઇ હાજી હા ભણી સાંભળીએ, શીખીએ અને શીખવાડીએ જો સાંભળ,

*   *   *   *

"સાહેલી નવ શરમાઇએ (૨)
રસ પાઇએ વળી પીએ,
પીને પ્રીતમ ગુણ ગાઇએ:-૦
ઝાઝુ કરીએ નવ સખી વાતે વાતે જોર,
વાત વચકતી જાણતાં ખેંચી લઇએ દોર.
ઉંહું કહીએ આઘાં જઇએ,
હસી હસીને તાળી દઇએ: ૦'

" તમે તો બધાં ભેગાં થઇને મને હવામાં અદ્ધર ઉડાડવા માંડી ! મારા ભોગ મળ્યા કે હુ તમારી સાથે વાતમાં રોકાણી ! જાઓ બાપા જાઓ તમે ઘરમાં જઈને ગાવા માંડો એટલે હું છુટી થાઉં ! ! "

" હું....જુઓ બ્હેનો કેટલો હૈયામાં પરણવાનો હરખ છે ! આ તો મોંની ના ના અને હૈયાની હા હા ! આમના ભેદ તે શી રીતે કળી શકાય ? આવાં ભણેલાં ગણેલાં અને પોકેલાંનો પાર તે શી રીતે પમાય ? "

" ખરી વાત છે ગોદાવરી ખરી વાત છે આતો-આવો ઘાટ

થયો જુઓ." * * *

વર વરવો સૌને ગમે ઉગે નવિનાંકુર,
ઉરમાં તો આતુર પણ વરવો ચહે ન ઉર.

"સારૂ તમે જેમ કહો તેમ પછી કાંઇ?"

"આ પછીમાં તમે પરણશો અને બે પગવાળાં મટી ચાર પગાં થશો!"

"ઠીક આ તો મને જાનવરમાં ઠરાવી!!"

"ના બ્હેન હજુ વાર છે; જ્યારે જાન આવશે ત્યારે જાનવરમાં ભળશો! માહ્યરામાં બેશસો અને ચોરીમાં ફરશો એટલે જાનવરમાં મળશો!"

"બળ્યું ભાભી આમ શું કરતાં હશો, હાડીઆને મન હસવું અને દેડકાનો પ્રાણ જાય એવી વાત તમે કરો છો!"

"બ્હેન હજુ હાડીઆ અને દેડકા થવાને ઘણી વાર છે. જ્યારે પીયરમાંથી હડીઓ કાઢો કાઢો સાસરે નાશસો એટલે હાડીઆ થશો અને જ્યારે નણંદ સાસુ પાસેથી કુદકા મારી વરની મેડીમાં જશો એટલે દેડકા બનશો સમજ્યા મારાં લટકાળાં બ્હેન!"

"બ્હેન ત્યારે જ કુંદનબાનો બહાર આવશે અને ત્યારે જ સાસરાનો તાપ જણાશે. પેલી કહેવત તું ભુલી ગઇ સાંભળ;

* * * *

'દેડકીજીરે દેડકીજી હાંજી (૨)
દેડકી તારી મા બોલાવે નાજી
દેડકી તારો બાપ બોલાવે નાજી
દેડકી તારી બ્હેન બોલાવે નાજી

દેડકી તારી સહી બોલાવે નાજી
દેડકી તારો વર બોલાવે હાંજી (૨)'

"સખીઓ તમારી તો ખુબી જ ઓર છે; તમારા જેવી ચકોર તો કોક જ હશે?"

"બ્હેન ખુબી અને ચકોરતા જોઈતી હોય તો ઝટ પરણો એટલે તરત આવશે; જગતમાં પરણ્યાની બલિહારી!!"

"હશે, કુવામાં હશે તો કોક દીવસે હવાડામાં આવશે!"

"બ્હેન સાસરામાં જતી વખતે કન્યાને ચતુરાઈનો પાઠ કન્યાની મા નથી ભણાવતી પણ કન્યાની બ્હેનપણીઓ ભણાવે છે."

"એ ચતુરાઇના પાઠમાં જ્યારે કન્યા પાસ થાય છે ત્યારે જ વરરાજા તેના પર પ્રસન્ન થાય છે અને વરના હૃદયમંદીરની કન્યા અધિકારીણી થાય છે!!"

"ઓહો બ્હેનો હું તો બધુ અત્યાર સુધી એમજ સમજતી હતી કે બધી ચતુરાઇ, ચકોરતા, ચાલાકી અને ચંચળાઇ કન્યાશાળાની ગેલેરીઓમાં ભરાઈ હશે પણ જ્યારે તમારા સહવાસમાં આવી ત્યારે એમ માલમ પડયું કે વડીલોના હાથ તળે સારી રીતે તાલીમ લઈ વિવાહીત થએલી બાળાઓમાં જે દક્ષતા સ્નેહ અને ચકોરતા માલમ પડે છે; તે વાંચન અને ભણતરથી ઘણી જ અધીક સારી અને સંસ્કારી હોય છે!!"

"બ્હેન હવે આગળ વધતા જમાનામાં જુનું એટલું ઢેમ ફુલ અને નવું એટલું વેરી ગુડ માનવાનું અજબ ધોરણ થયું છે! તમારા જેવાં ભણેલાં ગણેલાં બ્હેન આગળ તો અમે વગર ભણેલાં ડોબાં હોં!!"

" એ ડોબાએ જ મને તોબા તોબા પોકરાવી !! બ્હેનો મને કાંઈ તમારા જેવું ભણાવો !! "

" ત્યારે લ્યો હવે ભણવા માંડો, જુઓ સાંભળો;

*   *   *   *

"મહીઅરીએથી મલકતાં જવું સાસરે બ્હેન,
ઘુંઘટ તાણી પટ તણો જોવાં સઘળાં ચેન."

" જાઓ જાઓ ઘેલીઓ આવી તે હાંસી હોય ! "

*   *   *   *

"બની ઠણીને ચાલવું ભરી ભરી પગલાં ધીર,
મોં મલકાવી વંદવું જોવું સઘળું નીર."

" ઓહોહો મારૂં રડયુ કન્યાથી તે શી રીતે બધાનું નિર જોવાતું હશે ? "

" એ બ્હેન પુત્ર પરખાય પારણામાંથી અને વહુ પરખાય બારણામાથી !! "

" વારૂ પછી ? "

" જુઓ ત્યારે સાંભળો,   *   *   *

"નીચા જોયાં નવ થવું વદવું ન વધુ લગાર,
પૂછે તેનો પ્રેમથી ભણવો ધીમે હકાર."

" હવે કાંઇ ! "

" ધરો ત્યારે કાન ? "   *   *   *

'સાસુ નણદી સાથમાં કરવો ન વાદ વિવાદ,
જે સોંપે તે સ્નેહથી કરવુ આણી યાદ.'

" વાહરે તમારાં ડહાપણ, વારી જાઉં તમારા બોલ ઉપર ! "

" જુઓ સાભળો, "

*　　　*　　　*　　　*

'જવું મેડીમાં માનથી સાધી સમય એકાન્ત,
વર સંગાથે વ્હાલથી કરવી મીઠી વાત!!"

"અલ્યા તમારા ઢંગ લાજો જરા લાજો!"

"અરે હજુ સાંભળો તો ખરાં, ખરો રંગ તો હવે જ આવશે,

*　　　*　　　*　　　*

'હસવું ઝીણું હોઠમાં કરવી નયનથી વાત,
અદા ભાવથી આંજવો થનક થનક નિજ નાથ."

"મુઆં રોયા તમે તો ગજબ કરવા માંડયો!!"

"એ ગજબમા જ અજબ ક્રિયા શીખવાની છે; સાંભળો,

*　　　*　　　*　　　*

'મુંગે મોંઢે મારવો હસી હસી મોંઘમ માર,
ચટકે ચિત્તડું ચોરીને વશ કરવો ભરથાર!"

"સખીઓ તમને તો કોઇ ન પહોચે હો!!"

"બ્હેન હજુ ઘણું શીખવાનું છે, આ તો માત્ર શરૂઆત છે,

જુઓ,　*　　　*　　　*　　　*

'લટકેથી લોભાવવો, મટકે લેવો પાસ,
ઠમકેથી ખુબ ઠોકવો પામે પળમાં ત્રાસ."

"નવ ગજના નમસ્કાર સખીઓ તમને નવ ગજના નમસ્કાર!

"એમ નમસ્કાર કર્યે હુંશિઆરી ન આવે સાંભળો,

*　　　*　　　*　　　*

'નમને આંખ લડાવવી સાધવો સેવથી પ્યાર,
વચનેથી રસ રેડવો ચિત્તમાં કરી ચમત્કાર."

" આ તો ચતુરાઇના સ્તોત્રની ગંગા ચાલી !!"

" હા ઝટ લઇને ન્હાઇ લ્યો પુન્ય થશે, જુઓ.

* * * *

"મંત્ર ભણીને પ્રેમનો નાખવો ભુરકી ભાવ,
મોહનને કરી મોહની જીતવો પ્રીતિ દાવ."

" સખીઓ હું તો હવે કંટાળી !!"

" ત્યારે આ છેલ્લું સાંભળી લ્યો, જુઓ.

* * * *

'ઝાઝી રીસ ન રાખવી, ઝાઝુ ન ખાવું માન,
વખત વિચારી પલકમાં દેવું દીલનું દાન."

" અરે કુંદન બા, ઓ ગોદાવરી, તમે બધાં ત્યા રહીને કરે છો શું ? આવો અહીંઆં !"

" મામી હું ખોળા પાથરી પાથરીને મારી ભાભીને તે વિનવું છું પણ મને બધા બનાવે છે અને ખોટી કરે છે !!"

" જાઓ જાઓ વેવલીઓ આમ ઘેલાં શું કાઢો છો ? જાએ બધીઓ પણે જઇને ગાવા માડો ! આવો કુંદન બ્હેન હું તમને શણગાર સજાવું !!"

આ પ્રમાણે કુંદનની સખીઓને મામીએ ધમકાવી ગાણુ ગાણામાં ગુંથાવી અને પોતે કુંદનને પીઠી ચોળી નવરાવ શણગાર સજાવાની તાલમેલમાં પડી ! આ બાજુ મામા અમીધ લગ્ન મંડપ અને જાનીવાસાની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા બારી કાઇથી નિહાળવામાં રોકાયા; અને મામાનું મિત્રમંડળ જાનન સત્કાર સારૂ સામૈયુ તૈયાર કરવામાં ગુંથાયું ! અમરગઢથી ભાવ

નગર આવવાનો દરિયાઇ માર્ગ ત્રણ ચાર કલાકનો ગણાય છે; તેમાં જો પવન પ્રતિકુળ હોય છે અને વખતે દરિઓ તોફાની હોય છે તો છ સાત કલાકનો ખાચો થાય છે; અને વખતે એકાદ દીવસ નીકળી પણ જાય છે; અર્થાત્ તમામ આધાર પવનની અનુકુળતા ઉપર જ રહેલો ગણાય છે. વર અને કન્યા ઉભય પક્ષનાં માણસોથી આજ સવારથી દરિયાના પવનની સારી રીતે ઘડીએ ઘડીએ તપાસ થાય છે. અમરગઢ તરફથી દરિયાઇ પવનની સારી અનુકુળતા વિચારી જાનને વિદાય કરવામાં આવી છે; આ બાજુ ભાવનગર તરફથી દરિયાઇ પવનને શાંત જોઇ અતિ આતુરતનાથી જાનની રાહ જોવાય છે. મામાની હવેલીમાં આનંદ મંગળનાં ધોળ ગવાઇ રહ્યા છે, ડેલીમાં દરબારી ચોઘડીઆ વાગી રહ્યાં છે અને સામૈયાના સાજનની તૈયારીઓ થઇ રહી છે; માનુનિઓ સોળે શણગાર સજી બણી ઠણી વાંકી વળી વળી લગ્ન ગીત ગાઇ આનંદ છલકાવી રહી છે.

* * * * *

"છેક ઉંચો તે વર નવ જોશો દાદા ઉંચો તો તોરણ આંબશે,
છેક ઠીંગણો વર નવ જોશો દાદા ઠીંગણો તે ઠેશે આવશે;
છેક કાળો વર નવ જોશો દાદા કાળો તે કુટુંબ લજાવશે,
છેક ધોળો તે વર નવ જોશો દાદા ધોળો તે આપ વખાણશે.
કોઇ મૂરખ વર નવ જોશો દાદા મૂરખ વર દુઃખ આપશે,
એક કેડે પાતળીયો ને મુખડે શામળિયો, તે મારી સૈયરે
વખાણીઓ; (૨) એક પાણી ભરતાં પાણીઆરીએ વખાણીઓ,
ઘણેરો વખાણ્યોમારી ભાભીએ !"

આખું કુટુંબ વરઘોડીઆ આનંદમાં મસ્ત થઇ હરખને

હીંચોળે હીંચી રહ્યું છે, મામા અમીધર તમામ પ્રકારની લગ્ન વ્યવસ્થા સારી રીતે યોજાએલી જોઇ કાર્ય વાહકોને ધન્યવાદ આપતા અને હરખાતા મલકાતા હવેલીમાં આવ્યા; આ બાજુ મણીધરપ્રસાદ પોતાના મિત્રો સહીત પિતાની રજા લઇ જાનની સામા હોડીમાં બેસી દરિયાઇ સ્હેલગાએ નીકળવા લાગ્યો; અમિધરે આનંદથી જાનની સામા દરિયાઇ માર્ગે જવાની મણીધરને રજા આપી; અને તેની જોડે સમજાવટ પણ એવી કરી કે ઘણે ભાગે ખાડીમાં સ્હેલગા કરી જાનની રાહ જોવી; બનતાં સુધી મધ્ય દરીયે હોડીમાં જોખમ ખેડી જવું નહીં. પિતાની આજ્ઞા શિર પર સ્વિકારી મણીધર મિત્રો સહીત બંદર પર આવ્યો અને દરબારી હોડીમાં બેસી હોડી હંકારાવી !!

આમ બ્હેનપણીઓ સહીત કુંદન જાનને નિહાળવા સારૂ આતુરતાથી હવેલીના ચોથે માળે ઝરૂખા પર ચઢી, લગ્ન મંડપના ચોગાનમાં મામા અમીધર ખુરશી નંખાવી પોતાના મિત્ર સહિત પ્રાસંગિક વિનોદ વાર્ત્તામાં ગુંથાયા. ઝરૂખામાં કુંદન અને તેની સખીઓ હાસ્યવિનોદમાં મગ્ન થઇ, અને દરિયાઇ ખાડીમાં મણીધર હોડીની સ્હેલગામા ગુંથાઇ જાનની વાટ જોવા લાગ્યો !! વરકન્યાનું ભાવિ લગ્ન પ્રસંગમાં વિધી બળે સારી રીતે રમવા લાગ્યું !! કહ્યું છે કે, * * *

"ઘડીમાં હસાવે ઘડીમાં ફસાવે,
ઘડીમાં ઘડીને નવા રંગ લાવે;
કુલે માનવી ના શકે કોઇ ફાવી,
ભજાવે ભલા વેશ તું નિત્ય ભાવી."

" કુંદન બ્હેન અહીં બેઠાં બેઠાં જાન આપણાથી સારી રીતે જોવાશે હો ! ! "

" સખી માલતી, આજ તો કુંદનની શોભા કાંક ઓર જ બની છે ! ! "

" હા બ્હેન, કુંદન બા આજ તો બહુ જ રૂપાળાં અને સુંદર દેખાય છે ! "

" જો જો સખીઓ બ્હેનને કોઈની નજર ન લાગે ! ! "

" નજર તો એક જણની લાગી છે પણ બીજાની નજર તો ગાલે કાજળની શામ બિન્દી કરીને બાંધી છે ! ! "

" પાછી સાંણુસામાં મને પકડી કે ! તમે મારી વાત મુકી ફાવે તે વાત કરો ! ! "

" બ્હેન લગ્નનાં ગીત લગનમાં ગવાય, પ્રસંગની વાત પ્રસંગમાં જ થાય ! ! "

" સખી આજ તો કુંદનને જોઈને સર્વ કોઇ મોહ પામે એવાં બ્હેન બન્યાં છે ! ! "

" હા બા આજ તો કુંદન બા જોબન ઘેલાં બન્યાં, પછી લગન ઘેલાં બન્યાં અને હવે વરઘેલાં બન્યાં એટલે શી બાકી રહી !'

સખીઓ આજ તો આનંદમાં તમે અવધી કરી ? જાણે સર્વ પ્રકારના આનંદની અવધ અત્યારે અને આસ્થળે પૂરી ન થતી હોય ? ! "

" બ્હેન એ બધું એ ખરૂં પણ આજે તો તમે ખુબ બન્યાં છો હો જુઓ સાંભળો,

*   *   *   *

'ખીલી જુવાની સખી દીવાની હવે થવાની વર વરવા,
મદઝર માતી રસ ભર રાતી, વર વર ગાતી રતિ તરવા;
અણુવટ ઠમકે જોબન ઝમકે ચપળા ચમકે બિન પરવા,
અનંગ રંગે ઉગતા અંગે, ચઢી ઉમંગે મન હરવા."

"જાઓ જાઓ આમ છેક શું મને બનાવો છો?"

"અલી અલબેલી તું એકલી કુંવારી નથી, આમ વરઘેલી શું થાય છે. હજી તારા હૈયાનો હીરો તો દુર છે, વાહરે તારી લટક, આ તે ગાલ કે ગુલાબનું ફુલ?"

આ પ્રમાણે હાસ્ય કરતી માલતી કુંદનને બાઝવા ગઇ, કુંદન મંદહાસ્યથી તેની ઝડપ ચુકાવવા ગઇ, અને ઝડપ ચુકાવતાં વિધીની ગતિ કારમી થઇ; અને કારમી ગતી થતાં સુકુમારબાળા કુંદન ઝરૂખામાથી ઉથલી ચોગાનમાં મામાની ખુરશી આગળ પડી!! સખીઓએ કુંદન પડતાંની સાથે જ જબરો કોલાહલ મચાવી દીધો ખુમરાણ કરી દીધું. આમ મામા અમીધર કુંદનને પડી જોઇ હાય મારી બેશુદ્ધ બની ગયા; અને તમામ સ્ત્રી પુરૂષ રડાપીટ કરતાં આસપાસ વીંટાઇ વળ્યાં, અને કેટલાક વૈદ દાકતરને બોલાવવા મુઠીઓ વાળી નાઠા!! બીજી બાજુ ખાડીમાં મણીધરપ્રસાદ હોડીમાં બેસી જાનની વાટ જોવા લાગ્યો. રાએતા કરતાં વધુ વખત વિતવાથી તેણે છોકરમત ચલાવી પિતાની આજ્ઞા ઉલ્લંઘન કરી ભર દરિયામાં જાન સામે હોડી હંકારાવી; "પલકમાં પરમાત્મા જળને ઠેકાણે સ્થળ કરે અને સ્થળને ઠેકાણે જળ કરે; એ અનુસાર દરિયાઇ પવન એકદમ કારમો બદલાઇ ગયો અને

અવળી ગતિ ધારણ કરી પોતાની પ્રચંડ ગતિથી વાવા લાગ્યો. હોડી મધ્ય દરીયે ડામાડોળ થવા લાગી; એટલામાં નવિનગઢનું આગળ નીકળેલું વ્હાણ આવ્યું અને હોડીને માંડમાંડ સતત પ્રયત્નથી વ્હાણ સાથે બાંધી બંદર પર લીધી, અને બંદરના ખલાસીઓને ખબર આપી કે અમરગઢનું વ્હાણ જેમાં દરબારી જાન ભાવનગર આવે છે તે અધવચ પવનના સપાટામાં સપડાયું છે. આથી બંદર પરના મામાના માણસો ગભરાઇ ગયા આ ગભરાટની સાથે ઘેરથી ખબર મળી કે કુંદન ત્રીજા માળના ઝરૂખેથી પડી ગઇ છે. આથી બમણા ગભરાટમા પડી જીવ લઇને ઘર ભણી વળ્યા. ખાડીના બંદરમાંથી દરબારી વ્હાણો ઝડપબંધ સારી સંખ્યામાં દરબારી જાનને બચાવવા જોશભેર હુંકાવા લાગ્યાં. આમ મધ્ય દરીયે હીરાલાલની જાનનું વ્હાણ દરીયાના તોફાનમાં સારી રીતે સપડાયું. જાનનાં માણસો ગભરાઇ ગયાં, અતિશય છાતીફાટ રૂદન કરવા લાગ્યાં, અને પ્રીન્સ અમરકુમાર, પ્રીન્સેસ રાજબાળા અને હીરાલાલ માસ્તરની જીંદગીના બચાવ સારૂ ઇશ્વરોપાસના કરવા લાગ્યા, હીરાલાલની આંખમાંથી ચોધાર નિર વહેવા લાગ્યાં ! !

" હે પરમ કૃપાળુ પરમાત્મા આ રાક ઉપર દયા નજર કર! હે હરી અનાથના નાથ આ અનાથની વ્હાર કર ! ! હે કરૂણાળુ કેશવ આ રાજવંશી જોડાને મારી જીંદગીનો ભોગ લઇ બચાવી લે ! ! હે વરૂણ દેવતા આ પાપીનો ભોગ લઇ મારા બાળા રાજા તથા બેન રાજબાળાનું રક્ષણ કરો રક્ષણ કરો ! હે દિનદયાળ દામોદર આ દીનને તારા કદમમાં લઇ રાજવંશી જોડાને તથા

આણી જાનને ઉગારી લે ! ! જય જય પ્રભુ છેવટે મારા જેવા પામરને મધ્ય દરીયે ફસાવ્યો; હે માયાપતી માધવ મને આમ અધવચ મુંઝાવ્યો ! ! " આ પ્રમાણે હીરાલાલ પણ કરૂણાજનક રૂદન કરવા લાગ્યો અને પરમાત્માને વિનવવા મંડયો. ! ! "દૈવને દયા હોય નહી; જે કાળે જે થવાનું હોય તેજ થાય અને જે પળે જે જવાનું હોય તે જ જાય એ સૂત્ર અનુસાર આખુ વહાણ તોફાનમાં ઘેરાયું; અને જોતજોતામાં એક ખડક સાથે અથડાઇ ઉંધું પડયું; વહાણમાં બેઠેલાઓએ દરિયામાં પડતાં છાતી ચીરી નાંખે અને કાન ફાડી નાંખે તેવા દયાજનક શબ્દોમાં પોકાર કરી કરી પાણીમાં પડવા લાગ્યા, તરફડવા લાગ્યા અને કેટલાક બુડવા લાગ્યા; સો મરજો પણ સોનો પાળનાર મરશો નહીં એ પ્રમાણે ભાવનગરના દરબારી વહાણોના નાવિકોએ પોતાના જાનના જોખમે ભર દરીયામાં ઝુકાવી પ્રિન્સ અમરકુમાર તથા રાજબાળાને બચાવી લીધાં; કેટલાક નાવિકો તોફાનમા સપડાઇ ડુબી મરણ પામ્યા; કેટલાંક દરબારી વહાણો પવનની ઉલટી ગતિથી કયાંનાં કયાંય ઘસડાઈ ગયાં; કેટલાંક વહાણો ખડક સાથે અફળાઇ ભાગી તુટી ગયાં; અને કેટલાંક ડોલંડોલા થવા લાગ્યાં; પરમાત્માની પરમ કૃપાથી એક વહાણુ ભરદરિયાના દારૂણ તોફાનમાંથી માંડમાંડ અમરકુમાર પ્રિન્સ તથા રાણી રાજબાળાને લઇ પસાર થઇ ગયું; હીરાલાલ જાનનું વહાણુ ભાગતાંની સાથે ખડકની એક નાની સરખી ટેકરી ઉપર જઇ પડયો; પવન પોતાની પ્રચંડ ગતિથી વાવા લાગ્યો; દરિયાઇ મોજાં રાક્ષસી કદ ધારી ધારી ધસી ધસી હીરાલાલ ઉપર આવવા

લાગ્યાં; હીરાલાલ ફાટી આંખે, દયામણે ચ્હેરે, બે હાથ જોડી આકાશ ભણી જોઇ રૂદન કરતો વિભુને વિનવવા લાગ્યો;–

*　　*　　*　　*

ગજલ.

"વીધિ શા વાંકને માટે દાવાનળ દુખમાં દાટે,
ચડાવી ચાકની લાટે મરેલાને શું મારે છે!
અજબ રંગે રમાડીને ગજબ ગોથે ચડાવે છે,
અચાનક તું છડાવે છે મરેલાને શું મારે છે!
લખેલા છે જે તારા લેખ નહીં મારી શકે કો મેખ,
ન થાયે રજ કે કાંઇ રેખ મરેલાને શું મારે છે!
અમલ તારો અજબ દેખું, લખ્યું તેને ખરૂં લેખું,
સજડ મારી અરે મેખું મરેલાને શું મારે છે!
ઘણા ગ્રંથો વિલોકીને ખરે થાકયો હવે હું તો,
મળે પત્તો નહીં તું તો મરેલાને શું મારે છે!
કીધાં શાસ્ત્રો વિષે તારી ગતિ વિચરી રહી ભારી,
સૂઝે કરતાં કંઇ બારી મરેલાને શું મારે છે!
નથી પડતી મને કંઇ ગમ ડરૂં દેખી હું તારો દમ;
ભર્યાભેદો થકી તુજ ભ્રમ મરેલાને શું મારે છે!
પલકમાં પાદશાહને તું બુરી હાલત બતાવે છે,
ભિખારી ભોગ ઉડાવે છે મરેલાને શું મારે છે!
લતા લીલી જહાં દેખું ઘડીમાં ના કંઇ પેખું,
હતું તેનું નહિ લેખું મરેલાને શું મારે છે!
પડે પાસા બધા પોબાર ન હારે તું તો એકે વાર,
કરે ધાર્યું ખરે નિરધાર મરેલાને શું મારે છે!

ભલે વિષધર અધર લટકે, સુતો નીચે નહી છટકે;
ન ધાર્યું તે તો ત્યાં ન ટકે મરેલાને શું મારે છે !
ફરે ચોપાસ મારામાં દયા દીસે જો ત્હારામાં;
ધ્રુજારો છુટે ધારામાં મરેલાને શું મારે છે !
ભલે પુરી મુકે પાતાળ અનુકુળ હોય તો તું હાલ,
બંધનનો ત્યાં ખરે શું ખ્યાલ મરેલાને શું મારે છે !
પ્રતિકુળ તું પડ્યો જેના શરણ તેને જવું કો ના,
થયાં પાપો પ્રગટ તેનાં મરેલાને શું મારે છે !
જાદુઇ જાળ તારીમાં બધી દુનિયા ફસી આવી;
પાકો તું પારધી ભાવી મરેલાને શું મારે છે !
ખરો ખુની ગણું તો તું વળી ગુણી ગણું તો તું,
મહા મુનિ ગણું તો તું મરેલાને શું મારે છે !
ખરે ન્યાયી ગણું તો તું ભણું અન્યાયી તો પણ તું,
ગુણો ગાઇ ફરૂં તો તું મરેલાને શું મારે છે !
વીધિ મળવા વીધી શી તે બતાવે કોણ કે દેખું,
ઉભો નજરે હું તો પેખું મરેલાને શું મારે છે !
બધો ઉભરો આ અંતરનો તને મળતાં કરૂં ખાલી,
અરે આવું હું ક્યાં ચાલી મરેલાને શું મારે છે !
રહે છે પાસમાં તું રોજ વગર બોલે કરે તું મોજ,
અજબ આનંદ આપીને મરેલાને શું મારે છે !
નહીં આકાર તારો કાંઇ કરૂ ભ્રમણા ભિતરની માંહી,
ચલાવે રાજ તું બેશી ક્યાંઇ મરેલાને શું મારે છે !
વીધિ તું તો વીંધે પળમાં ખુબી તારી કઇ કળમાં,
ભુંડા હદ થઇ હવે છળમાં મરેલાને શું મારે છે !
જવા ધાર્યું ત્યાં આગળ તું છુપી રીતે મળે ચાલી,

છટકવા કૃત્ય છે ઠાલી મરેલાને શું મારે છે!
વળાવાની નથી મારે જરૂર જોઇતી કાંઇ અત્યારે,
કહું મોટા હું પોકારે મરેલાને શું મારે છે!
જઉં જ્યાં તું જવા દે તો અતિ ઉપકાર છે તારો,
હવે થા મુજથી ન્યારો મરેલાને શું મારે છે!
અકળાયો અમુઝાયો મુખો દુઃખો શીરે હું સાહીશ,
બધા હોંશો એ તુજને હરશે મરેલાને શું મારે છે!
મળે તું તો હું મૂકું નહીં ચલાવી જો હું ચુકું નહીં,
મને ભેળા કરી જો કાંઇ મરેલાને શું મારે છે!
ભુલ્યો આ શું અરે ભોળો અચાનક કાળમાં રોળ્યો,
મને લાગ્યો અજબ ઝોળો મરેલાને શું મારે છે!"

-:શંકર:-

જય જય વિશ્વાધાર હવે આ રંકને તારા કદમમાં લે! ઓહો હરી, "આ તે લગ્નનો રંગ કે રંગમાં ભંગ?" કહેતાની સાથે એક જબરૂં દરિયાનુ મોજું આવ્યું, અને હીરાલાલને દરિયામાં ઝપટ મારી ઘસડી ગયું; દરબારી વહાણો હાયની કારમી ચીસ પાડી ગભરાતાં ધ્રુજતાં તોફાનમાંથી માંડમાંડ પાછાં વળ્યાં અને ઘણાજ શ્રમે બંદરને કીનારે પહોચ્યાં અને રડતા હૃદયે વરરાજાના ડુબવાના માઠા સમાચાર બંદરનાં માણસોને કહ્યા; વીજળીના વેગે આ સમાચાર મામાને ઘેર ગયા; અને ત્યાંથી આખા ભાવનગરમાં ફરી વળ્યા, સર્વત્ર હાહાકાર થઈ રહ્યો અને મામાને ત્યાં જબરૂં છાતીફાટ કુટણું થઇ રહ્યું!! હરીની ગતિ અકળ છે!! રંગનો ભંગ થાય અને ભંગનો રંગ થાય!!

ચોથો ભાગ સમાપ્ત.

છપાય છે!　　છપાય છે!

કુંદન અને કુસુમ.

ભાગ ૫ મો.